ધી
પ્રેક્ટીકલ એસ્ટ્રોલૉજી

હી. શા. હોમીયાર,

ધી

પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી

યાને

દુઃખમાં દીલાસો, આફતમાં અગમચેતી,

ભવિષ્યમાં ભુસકો, યાને અંગ્રેજી જ્યોતીષ.

(૨૦૦ વર્ષનાં પંચાંગ સાથે, ચાર ભાગમાં કમ્પ્લીટ.)

જેમાં

ભાગ પહેલો **"નેટલ"** યાને માનવીનું પોતાનું તથા બીજા માનવીનું સર્વે દુઃખસુખ, ભુત ભવિષ્ય તપાસવાની તમામ બાબદ.

ભાગ બીજો **"હોરારી"** યાને હરકોઈ વખતે પુછેલા સવાલનું ભુત ભવિષ્ય જોવાની બાબદ.

ભાગ ત્રીજો **"મુન્ડેન"** યાને દેશ પરદેશ, પ્રજા સુખ, રેલ, આફત, આગ, ધરતીકંપ, ગ્રહણ, દુકાળ, લડાઈ વીગેરે બાબદ.

ભાગ ચોથો **"મેડીકલ"** શરીર વ્યાધી અને રોગ માટે તથા મોતને લગતી સર્વે બાબદ.

પ્રાચીન, અર્વાચીન, વિદ્વાનોની સાહેદતો સાથે.

રચનાર.

દી. શા. હોમીયાર.

તે

સાઇકો ટેલિગ્રાફ, પ્રેકટીકલ સાઇકોલૉજી વીગેરેના કર્ત્તા.

ઈંડસટ્રીયલ પ્રેસ, ૧૩, હમામ સ્ટ્રીટ, કોટ, મુંબાઈ મધે, પ્રીંટર,

બી. સી. પાવરીએ છાપ્યું છે.

આ ચોપડી દીનશા શાપુરજી હોમીયારે, નંબર ૪૯, મોદી સ્ટ્રીટ, કોટ
મધે પ્રગટ કીધી છે.

બીહીર લાપીકા–દોહરા.

——:0:——

દીન દયાળ પ્રભુ તમો, કરજો અતી કૃપાય;
નફી તમ કૃપા થકી, ગ્રંથ સંપુર્ણ થાય. –૧

શાસ્ત્ર વર્ણવું જોતીષીતણું, જ્ઞાન ગંભાર સ્વરૂપ;
હરકત હરજો ઈશ્વરા, માગું છું હું સુખ. –૨

સાચા જોષી જગત્તમાં, મળે ન વારંવાર;
પુરૂષ કોક આવી મળે, સાચાંનો કેહનાર. –૩

રદ તેને કરનારનો, નથી જગત્તમાં પાર;
જીતવા જોષીજણને, સર્વ કોઇ તૈયાર. –૪

હોય હામતો આવજો, કરવા ખોટો ગ્રંથ;
મીત્રતાથી વરતી કરી, સમજાવીશ હું તંત્ર. –૫

યાદ કરૂં દીન રાત હું, પુરૂષ પુરાણી એક;
રૂટણ નામ કરવા થકી, જગત્તમાં જીતે નેક. –૬

પી. એ. ભે.



1913.

D. S. HOMEYAR

અર્પણ પત્રીકા

મારાં કુટુંબનો

એક ગુમ થયલો ઝલકટો સેતારો

તે

મરહુમ બાઈ જરબાઈ

તે હમારા ભાઈ

બરજોરજી શાપુરજી હોમીયારનાં ધણીયાણીનાં

અકાળ મરણની દુઃખી યાદમાં

તથા

મરહુમની મારા કુટુંબ પ્રયતની અથાગ દીલસોજ લાગણી,

મારી ઉપરનાં **માત્રુભાવ** કાળજી અને પવિત્ર

પ્રેમની બીન બીન યાદમાં

આ ગ્રંથ

ઉપકારનાં ઉભરા અને અંતકરણપુર્વક માનની લાગણી સાથ

તેણીનાં અશો આત્તમાંને **શાંતિ** ચાહતાં

માનપુર્વક અર્પણ કરૂં છું.

કર્ત્તા.

પ્રસ્તાવના.

સર્વ શકિતમાન કુલ જગત્તનાં કર્ત્તા પાક દાદાર અહુરમજદે આ જેહાંન પેદા કરી, તેને હરેક રચનાથી રચી, પોતાની અદભુત કારીગીરીના આ નમુનાને ગ્રહ મંડળનાં સાંચા કામ સાથ જોડી, તેનું સમતોલપણું, અને ગતિ વીગેરે હરેક બાબદ જેવીકે મોત, જીવત, સુખ દુઃખ, એ સર્વેની કળ કુંચી પોતાને સ્વાધીન રાખી, નિશ્વાર્થે આ જગત્ત લીલાને નીહાલી રહી, સત્યને હમેશાં જય આપતો, હરેક દુઃખ્યાનું ટાળણ કરતો સર્વે જગ્યામાં વ્યાપી રહ્યો છે, તેવા અખંડ અને સર્વ જ્ઞાની કુદરતનાં સાહેબ પાક દાદાર અહુરમજદની મદદ સાથ આ ગ્રંથ લખવાને મારી અદના કલમ આગળ લંબાઉં છું.

જયોતીષ વિધ્યા આજે હીણાયલી અને હીનપસ્તીમાં આવી પડવાનાં ઘણાક કારણો છે, અને તેવાં કારણો અર્થે પહેલે હું પણ એ વિધ્યા તરફ કાંઈકિ અણગમો દેખાડી, મારા બીજા વિધ્યાઓનાં અભ્યાસ વખતે આ વિધ્યાનાં સિધ્ધાંતથી વેગળો રહ્યો હતો, અને તેનું મુખ્ય કારણ લેભાગુ જોશીઓએ વરતેલી કેટલીક ખોટી પડેલી બાબદનું હતું. પ્રીય વાંચક એટલું તો યાદ રાખશો, કે હું **એક સાધારણ અભ્યાસી છું, મારા અભ્યાસથી જે કાંઈ મે જોયું જાણ્યું, અને જે ચીજ હું માનું છું તેજ અત્રે લખું છું,** પણ તેથી એમ નહીં સમજવું કે હું મોટો વિધ્વાન જોશી છું, યા તો મોટો પંડિત થઇ બીજાઓને જયોતીષ શીખાડનાર ગુરૂ મહારાજ છું, એવો જરાક પણ વિચાર લાવશો નહીં.

આ ગ્રંથ રચવા અગાઉ મારા કુટુંબમાં મારા ભાઇનો નાનો સાળો, કોલાબા મધે લાગેલી આગમાં બળી જવા પછી, બે માસમાં મારા ભાઇની ધણ્યાની પણ સ્વર્ગવાસ થઇ. આ સંજોગોએ મને ઘણોજ મુંજવણમાં નાખ્યો, કારણ કે તે બેહેસ્તનશીન બાઈ મારી **ધર્મ માતા** હતી; મારા પીતાજીનાં મરણ વખતે હું તદન બાળક હતો, અને મારી નાની બાળવયમાં મારી માતાની માંદગીનાં સબબે મને ઉછેરનાર મારાં મમાઇ તથા તે સાથ મને રમાડનાર મારી એજ ધર્મ

માતા હતી, જે સબબથી બાળવયથીજ એક બીજાંનો અતી પ્રેમ અને પડોશ હતો, કે જે તે મરનાર બાઇએ અંતની ઘડી સુધી રાખ્યો હતો. એવી એક ધર્મ માતુશ્રીનો મરણ વ્યોગ, મારી મોટી ઉમર છતાં મારાં અંતઃકરણમાં જળતો અને જળતોજ છે. એવા સંજોગો વચ્ચે અનેક વારની તપાસમાં નીષ્ફળ નીવડેલા અનેક જોશીઓની ફરીને આ મરણ કારણ જાણવાની લાલચ થવે તપાસ લેવાનો વિચાર થયો, અને મોટી મોટી જાહેર છાપામાં જાહેરાત આપનારા, તથા ખુશામતથી મેળવેલી હજારો સરટીફીકેટ ધરાવનારાઓ માંહેલા કેટલાક પાસે હું ગયો, અને તેઓને મરનાર બાઇની જન્મ ઘડીપળ આપી અને જે કાંઇ સવાળ કરતો તેના એવા જવાબ મળતા કે મને કેટલીક વખતે ગુસ્સો, કેટલીક વખતે તેઓની મુર્ખાઇપર હસવું, અને ઘણીક વખત તેઓની ગજવું ભરવાની રૂઢી તરપ્ર તીરસ્કાર, અને તેઓનાં અજ્ઞાનપણા માટે દયા પણ આવતી હતી. અત્રે મારે કબુલ કરવું જોઇયે કે **"હીંદી જ્યોતીષ" ઘણુંજ મહાભારત, અને શ્રેષ્ઠ છે,** પણ તેનો કાર્ય સાધક ઉપ્યોગ કરવાને, તથા તે સંપુર્ણ રીતે સમજીને સમજાવવાને આજનાં મહાન ગણાતા જોશી માહારાજો શકિતવાન નથી, અને થશે પણ નહીંજ, કારણ જ્યાં જુવો ત્યાં હું મોટો પંડીત; બીજું તો શ્લોક વિધ્યાપર અર્થોની મારામાર; શ્લોક લખનારને રચનારનાં શું વિચાર હશે, અને શબ્દોની ગુઠણમાળામાં શું ભેદ તેને ગુંઠ્યા હશે, તે જાણવા વગર સીધ્ધું સાદું ભાષાંતર કરવું, અને મુખ્ય ભેદ, ભેદમાંજ ગયો; એ ઉપરાંત ગણીતમાં જો કોઇ સુધારો કરવા જાય તો કહેશે, "નહીં હમારા મુનેશ્વરો જે ગણત્રી આપી ગયા તેજ ખરી;" અને પશ્ચિમનાં વિધ્વાનોએ જે યંત્રો અને મોટી મોટી ઓબઝરવેટરી સ્થાપી તે તો નામની જોવાનીજ. વળી સૌથી નીચ કારણ તો એ કે ભોળાં લોકોને ગભરાવી, ભમાવી, પોતાના ધર્મથી ઉલટી ક્રિયાઓ કરવાનું સમજાવી, તેઓની ભોળાઇનો લાભ લઇ, પોતાનાં ગજવાં ભરવાની વિધ્યા સૌથી પ્રબળ લેખી છે. જ્યાં જોશો ત્યાં રાજજોશીઓ ઉભાઇ જાય છે, તો એ બધા રાજાઓનાં જોશીઓ મુંબઇમાંજ પઠંગો મારી બેઠા, તો બીચારા રાજાઓ પળે પળનાં મુરતો જોવાને ખોદા જાને પોતેજ ધન, મકર ને કુંભ કરતા હશે! જ્યાં જુવો ત્યાં ધુતારા રાજજોશીઓનાજ પાત્યાં, છાપામાં મોટી

મોટી સરટીફીકેટ સાથનીજ જાહેર ખબરો, અને તે જોઇ જાણીને તે ઉપર દોડાદોડી કરતાં ભોળા લોકોની મને ખરેજ દયા ઉપજે છે, તેઓને દોષ દેવો ફોકટ છે, દુઃખી માનવી, પોતાનાં દુઃખની રાહત અને **દીલાસા માટે,** અંતના ઉપાય તરીકે ખોદાને ત્યાનું ફરમાન ઉકલાવવા, આ કહેવાતા રાજજોશી મહારાજો આગળ નહીં જાય તો શું કરે. અને તેવાં ભોળાં નીરદોષ દુઃખીને નાચવીને ખીસું ભરનાર કોઇ રાજજોશી, કોઇ મહારાજજોશી કે કોઇ છત્રપતી જોશી, પેલા તપ, જપ, ને સમાધી પુરૂ જે મોટાં મોટાં દોરા ઘાલી અમુક ફળની પ્રાપ્ટી માટે, અમુક ક્રિયા કરવાને બ્હાને જે-ખીસું ભરવા માંડે છે, તે ભોળાંઓને ભમાવી, તેઓને પોતાનો શીકાર બનાવી, ખુલ્લી રીતે જાહેરાતમાં લુટ ચલાવે છે, તેઓ તરફ કયો સાચ્ચાં દીલનો શખ્સ તીરસ્કારની નજરથી નહીં જોશે. હશે કોઇક જોશી હશે, સાચ્ચું પણ વર્તતા હશે, સાચવતથી જે આપે તે મરજીનું પણ લેતા હશે, પણ તે લોકનો ધંધો તેઓને અંતે આ લાલચની જાલમાં ફસાવી ઉપર દરશાવેલા કહેવાતા રાજજોશીઓનીજ સંઘમાં મળે છે. મેં ઘણાક દાખલાઓ મેળવ્યા છે, ને નજરે જોયા છે. કોઇ જોશી ફરજંદ પુરા પાડવાની શકિત ધરાવે છે. તો કોઇ લગનની રાસ જોઇ લગન સાંધી આપનારા છે, અને છાપામાં તેઓની જાહેર ખબર વાંચી અભાગણી ભોળી સ્ત્રીઓ પોતાનું નખ્ખોદ વાળે છે. સેંકડે **રાસ જોવારી** થયેલાં લગનમાં ૪૦ ટકા ટુંક વખતમાંજ મરણ પામે છે, ૪૦ ટકા દુઃખી નીવડે છે, જ્યારે ભાયગે ૨૦ ટકા કોઇ સુખી લગ્નો નીવડયાં હોય. **વગર રાસનાં** લગ્નોમાં સેંકડે ૬૦ ટકા સુખી હોય છે, કારણ કે તે લાંબા વખતની ઓળખ અને અરસપરસનાં પ્રેમથી જોડાયલો ગાંઠ છે, ૧૦ ટકા દુઃખી નીવડે છે કારણ કે, તે નાદાનીયતની ભુલ અને પહેલી નજરનાં પ્રેમબાનની મોહકાણ છે, અને ૨૦ ટકા પોતાને નસીબે પડેલો ભાગીદાર ભલો કે ભુંડો પણ સાંખી લઇ પોતાનો સંસાર નીભાવે છે, જ્યારે ફકત ૧૦ ટકા અચબુચ મરણ કે, લાલચના ભોગથી ફસી પડનારાં લગ્નનાં દુઃખી સેતરમાં આવે છે.

આ સર્વે જે મેં ઉપર લખ્યું છે, એ મારા અભ્યાસનું અને તપાસનું પરીણામ છે, ભલે કોઇને તે ખોટું લાગે, ભલે કોઇનાં કાળાં

હૃદયમાં તેનો ગુસ્સો વ્યાપે, મેં અમુકને માટે નથી લખ્યું, **પણ સર્વેને** માટે જાહેર સાર ધાર્યો છે. વખતે હું ભુલતોબી હોઊં, દુન્યા કોઇ ચીજથી ખાલી નથી, વરસાદના વરતારાઓએ તો એ જોશી મહારાજોની પુરતી ફજેતી કરી છે, જ્યારે જોશી મહારાજ મેઘરાજને નહીં વરતી શકે તો ફરજંદની પ્રાપ્તી તે કયાંથી આપવાનો હતો. ક્ષમા કરો બાપુ ક્ષમા કરો, એ બાબદનો તોળ કરવાનું વાંચક વર્ગનીજ મુનસફીપર છોડેલું ઠીક લેખાશે. આ કંઇ ફકત હીંદુ જોશીઓ માટેજ નથી, પણ બીજી ગ્નાત અને જાતનાં અનેકો માટે છે. એ ટીકાથી કાંઇ એમ નથી ઠરતું કે હીંદી જયોતીષ ખોટું છે, ના, **હીંદી જયોતીષ તો એક ઉત્તમ ને શ્રેષ્ઠ છે,** પણ તે વિધ્યાનાં હાલના રક્ષકોએ મોટી ગોળાતી ખાધી છે. તેઓની ગ્રહ ગણીત પશ્ચિમની ગ્રહ ગણીતથી જુદી પડે છે, જે ગણીત તેઓ લાવે છે, તે પ્રમાણેનાં ગુણ દોષ કે દુઃખ દરદ માનવીને હોતાં નથી, પણ અંગ્રેજી ગણીત પ્રમાણે ગણવાથી **ગુણ દોષ ને શરીર વ્યાધી** ઉપરાંત ઘણીક બાબદોનો ખુલ્લો સત્ય જવાબ મળે છે, પશ્ચિમની રૂઢીનું શીક્ષણ સહેલ અને **કાર્યસાંધક** છે, પશ્ચિમનાં વરતારા મુખ્ય ભાગે ખરા પડે છે, જેના હજારો દાખલા છે, જ્યારે પુર્વનાં જયોતીષો તો હમેશાં પોતાની વિધ્યાને ઝાંખ લગાડતાજ આવ્યા છે.

આ ઉપળી સર્વે બાબદપર અજવાળું નાખવાને માટે, અંગ્રેજી વિધવાનોનાં પુસ્તકનો અભ્યાસ કરી, **તેનો અર્ક** વાંચનારી આલમ આગળ જયોતીષ વિધ્યાની સચ્ચાઈ, તેનું કાર્યસાંધકપણું, તેની અગમચેતી, તથા પોતાના ગુણ અવગુણ, દોષ, વીગેરેને પીછાણતાં શીખવાને બની આવે, એટલા માટે મારી અદનાં કલમથી, મારા અભ્યાસ દરમ્યાન જે જે સત્ય મળ્યું, તે સર્વે ખુલાસાવાર આ પુસ્તકમાં આપવાની તથા કોઈ પણ સચ્ચાઇના શોધકને તે વાંચવા પછી પ્રયોજય રીતે અમલમાં મુકી તેની તપાસ ચલાવી સત્યને જાહેરાત આપવાની, તથા નીચ અને લોભાગુ જોશીઓની જુઠ્ઠી જાહેરાતોને, પોતે મેળવેલા સત્ય ગ્નાન મારફતે તોડવાની, અને ભોળવાયલાંઓને, ભમાતું જોશીઓનાં હાથમાં ફસી પડતાં અટકાવી, ખુદ પોતાનેજ એ વિધ્યાનું ગ્નાન મેળવવાની ટક આપવાની મકસદથી, કાંઇપણ લોભ લાલચ કે કમાની કરવાની આશ

વગર, પશ્ચિમની જ્યોતીષ રૂઢીનાં મુળતત્ત્વોને ખુલ્લી સાદી ગુજરાતી ભાષામાં, બોલે બોલ પ્રયોજ્ય રીતે સમજાવવાની મેં કોશેષ કરી છે.

ફરીથી એકવાર આગ્રહ સાથ ધ્યાન ખેંચું છું કે હું કોઈ જ્યોતીષોનો પંડીત નથી, યાતો કોઇ વિધ્યા શિખવનારો કહેવાતો ઉસ્તાદ નથી, પણ ફક્ત **એક અદના અભ્યાસી છું**. મારા અભ્યાસથી મેળવેલો આ પુસ્તકમાં સર્વે અર્ક છે, કે જે મોટા મોટા વિધવાનોની શોધોનાં પરીણામોનાં સંગ્રહથી મેળવેલો છે, અને તેનું સત્ય તપાસેલું છે.

મારાં આ અને એ અગાઉ પ્રગટ થયલાં કોઇપણ પુસ્તક માટે ખુશામતી સરટીફીકેટોનો હું લોભ રાખતોજ નથી, મારાં પુસ્તકોની ખુબી ખામી તથા ગુણો દરશાવવાનું કામ મારૂં નથી, પણ વાંચક મંડળનું છે, જેઓએ આ પુસ્તકનું તોળ પોતે કરી લેવું.

આ વિધ્યાની તપાસ અને અભ્યાસ અર્થે મેં ઘણા ગુજરાતી તેમજ અંગ્રેજી પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો જેના થોડાંક નામો સ્વીકારમાં દરશાવ્યાં છે.

આ ચોપડીની ભાષામાં કાંઇ ભુલ ભરેલું જણાય અથવા બીજી હરકોઈ ખામી જણાય, અથવા કોઇ હીસાબી ભુલ માલમ પડે, તો તે સમજુ વાંચનાર ગુજરાતી ભાષાની કેટલીક નહીં મટે એવી અડચણો તથા આ અદના લખનારની અજ્ઞાનતા ધ્યાનમાં લઇને ક્ષમા કરશે એવી આશા રાખું છું.

આ પુસ્તક શરૂઆતના અભ્યાસ માટેજ ફકત રચવામાં આવ્યું છે, અને તેથી હરેક બાબદ શબ્દે શબ્દ પ્રયોજય બનાવવા માટે અલંકારીક અને અઘરી ભાષા વાપડવાની બીલકુલ કોશેષ ન કરતાં, ફક્ટ સાદી ભાષામાં તે સમજાવવાની કોશેષ કરી છે.

આ પુસ્તકને જાહેરાતમાં મુકવાને તે પરવરદેગાર મને આજે શકિતમાન કર્યો છે, કારણ કે આ પુસ્તક જાહેરમાં બાહેર પડશે એવો સંભવ હતો નહીં. મારી મુશકેલી વચ્ચે દુસ્મનાઈથી મારી મેનસક્રીપટો ચોરવામાં આવી હતી, જેથી લખાણો ફરીને રચવાને મને મહીનાઓ લાગ્યા હતા, એ અરસામાં મારી નોકરીની ફરજ મારે માથે બજાવવાની

હતી, પણ **મારા મહેરબાન શેઠો અને તેઓના ભાગીદારોએ** મને મારા કામ માટે જોઇતો પુષ્કળ વખત ફાજલ આપી **મને સર્વેથી મોટી મદદ કરી છે.** તે ઉપરાંત મારા બીજા **મીત્રો** તથા **સ્નેહીઓએ** આ પુસ્તક માટે જોઇતી શોધખોલ, અને તપાસ કરવા માટે, પોતાનાં પુસ્તકો આપી, તથા બીજી ચોપડીઓ મેળવી આપવાને જે મદદ કરી છે, તે માટે એ સર્વે મેહેરબાંનોનો આ જગ્યાએ અંત:કરણથી આભાર માનું છું.

જો કે જયોતીષ વિધ્યાને લગતાં હજારો પુસ્તકો આજ અગાઉ પ્રગટ થઇ ચુકયાં છે, પણ અંગ્રેજી જયોતીષનો **આવો ચાર ભાગનો તમામ પ્રયોજય સારાંશ આજ સુધી કોઇએ જાહેરાતમા આપ્યો હોય એમ જણાયું નથી,** જેથી આ ગ્રંથ એ બાબદનો **પહેલો પ્રયોજ્ય ગ્રંથ છે.** મારા અભ્યાસ દરમ્યાન ઘણીક ગુજરાતી જયોતીષનાં ગ્રંથો મારા હાથમાં આવ્યા છે, પણ તે સર્વે વહેવારૂ વાંચક વર્ગને તદનજ નકામાં છે, કોઇકમાં તો ફકત શ્લોકોને તેનાં ધડ પુછડાં વગરનાં અર્થોથી પાનાંઓ ભરી પોઠા બનાવ્યા છે, તો કોઇંકમાં અધડી ગુજરાતી ભાષામાં કાઇક સંસ્કૃત ભાષાના શબ્દો સાથે એવું દોહવી મુકેલું હોય છે કે, બાપડો વાંચનાર તેથી કંટાળી તે તજી દે છે, એ સર્વે ગુજરાતી પુસ્તકોમાં ભરૂચવાસી વકીલ શાકરલાલ શંભુલાલ દેશાઇનાં પુસ્તકો ગુજરાતી જયોતીષ શીખવાને ઘણી સારી સમજણ આપનારાં છે. આ જગ્યે વાંચક વર્ગનું ધ્યાન ખેંચીશું, કે ગુજરાતી જયોતીષ શિખવા આગમજ આ પશ્ચિમની સહેલ રૂઢીનો પહેલે અભ્યાસ કરવાથી ઘણીક બાબદનો સહેલથી ખુલાસો મળી શકશે. વળી અંગ્રેજી પંચાંગ અને તે માંહેલા ગ્રહ મોટી મોટી ઓબઝરવેટરીઓપરથી તપાસ કરીને પછીજ જાહેરમાં આવેલું સ્પષ્ઠ ગણીત છે, જયારે ગુજરાતી ગ્રહ ગણીત પોતાની કુંભકરણની ઉંઘમાંથી હજી સજાગ્રત થયું નથી, કારણ તેમાં મોટો ફરક અને મતભેદ છે, **એ સર્વે બાબદનું તોળ કરી સત્ય શું છે,** તે શોધી કાઢવાનું વાંચક મંડળની મુનસફીપરજ સોંપવું ઠીક થઇ પડશે.

આ પુસ્તક કાંઇ કહાંણી કીસ્સા જેવું રસીક તો નથીજ, પણ **જ્યોતીષ વિધ્યાની સચ્ચાઇની સાહેદતો અને દાખલા દલીલોથી** ભરપુર છે, અને જીજ્ઞાસુ વાંચક, એ પુસ્તકનો અભ્યાસ કરી ભોલવાયલાં લોકોને તેની સમજ આપતો રહેશે, તો મારી મેહનત અને રંજનો બદલો પુરતો વળી રહેશે.

મોદી સ્ત્રીટ,
કોટ, મુંબઇ.

દી. શા. હોશીયાર.

"Acknowledgment"

સ્વીકાર.

આં ગ્રંથ રચવા માટે નીચલા ગ્રંથકારોનાં પુસ્તકનો ઉપયોગ કર્યો છે, તથા સમજણ માટે કેટલાક દાખલા દલીલો ફેરફાર સાથે દરશાવી **છે, તે સર્વે ગ્રંથકારોની ફીલસુફીઓનાં એકનો અંશ હાલની પ્રજાને અનુસરતી રીતે, તથા તદન પ્રયોજ્ય** (Practical) અને કાર્યસાંધક રીત રૂઢીથી સમજાવવાની કોશીશ કરવામાં નીચલી જ્ઞાતાઓની **અમુલ્ય મદદ** મળી છે તે માટે તેઓ સર્વેનો અત્રે આભાર માનવાની રજા લઉં છું.

List of Authors and Books consulted in the Preparation of this Work with personal notes, etc.

1. Raphael's Guide to Astrology.
2. ,, Horary ,,
3. ,, Mundane ,,
4. ,, Medical ,,
5. Rosa Baughan's "Influence of the Stars."
6. William Lilly's "Grammar of Astrology."
7. Zadkiel's "Guide to Astrology."
8. Yarmo Vedra's Essentials of Solar Mentality.
9. Alan Leo's all Works and Manuals.
10. Alan Leo's Progressed Horoscope.
11. ,, ,, How to Judge a Nativity.
12. ,, ,, Astrology for all 2 Parts.
13. Old Moore's Manuals.
14. B. S. Row's Astrological Primer.

SUMMARY OF CONTENTS.

સાંકળીયું.

ભાગ બીજો—

ભાગ પહેલો.

"નેટલ" એસ્ટ્રોલૉજી.

જ્યોતીષ વિદ્યાનો ખુલાસો, કારણ અને સત્ય.

ખુલાસો.

કેટલાક લેભાગુ જ્યોતિષીઓ, ભોલાં લોકોને જુઠ્ઠા અને ખોટા વહેમો આપી, તથા ખાસ કરીને સ્ત્રી જાતીને, ઘણોક ભારે વહેમ આપી, તે વહેમનાં આધારે, પોતાનાં ખીસાં ભરી, માનવીની ઓલાદની ઉન્નતીને ધોકો પુગાડી, દલીદ્રતા અને વહેમોનાં ઊંડા દરીયામાં દોલતાં કરી મુકયાં છે. જ્યારે માનવીને સુખ હોય છે ત્યારે, તેને જ્યોતીષીની કે બીજી કોઇપણ બાબદની ઇચ્છા થતી નથી, તથા તેનું મન મધન રહે છે, પણ જ્યારે માનવીપર સંકત આવી પડે છે, ત્યારે તે સંકતમાં દીલાસો શોધવાને માટે માનવીઓ, શું નાનાં કે મોટાં, દરેક મુખ્ય ભાગે જ્યોતિષીની પાસે જઇ ખુલાસો માંગે છે, અને તેવા દગાબાજ અને લેભાગુ જ્યોતિષીઓ, ગલી ગલીએ, અને રસ્તે રસ્તે **"ફાળ દેખનેવાલા"** અને **"સાચ્ચા પ્રશ્ન જોવાનાં અને કેહવાનાં"** એવી બુમો પાડતા, હરદમ નજરે આવે છે, કે જેઓ આગળ સ્ત્રી જાતીઓ, કોઇ હાથ દેખાડીને, કોઈ પ્રશ્ન પુછીને, અને કોઇ જનમોત્રી દેખાડીને સલાહ લે છે, અને એ સાધુનાં વેષમાં ફરતા તથા પેઢીઓ માંડી જાહેરાત આપતા ધુતારાઓ સાચ્ચી સલાહ ધર્મ, દેશ અને જ્ઞાન અનુસાર આપવાને બદલે, પુંજા, દાન, ધુપ અને દોરા ચીઠી, એવી બાબદોનાં વહેમો લગાડી તે બાંહણે, ગરીબડાંઓને દેખાદેખીત લુટે છે, એ સર્વે બાબદો આજલગણ આપણે જોતા આવ્યા છીએ. અલબત ઘણાક અભ્યાસી ને શીખેલ જ્યોતિષીઓ પણ છે, કે જેઓ પોતપોતાની અમુક રીતો અને રૂઢીઓ

તથા જ્ઞાન મારફતે સારો વરતારો કાઢી શકે છે, તેમજ રૂડી સલાહ પણ આપે છે. એ સર્વે બાબદ તરફ જોતાં તથા માનસીક વિધ્યાઓનો મને ઘણા વર્ષોનો અભ્યાસ હોવાથી, તથા માનસીક વિધ્યાને જયોતિષ વિધ્યા સાથે સંબંધ હોવાથી, કેટલોક વખત એ વિધ્યાનો અભ્યાસ ચાલુ રાખી, ગુજરાતી તેમજ અંગ્રેજી રૂઢીથી જયોતિષી તપાસ અને પ્રયોગો કરી, તેને લગતા ઘણાક પુસ્તકોનો ખંતથી અભ્યાસ ચલાવી, તે માંહેલી સર્વે સચ્ચાઇ, આ નાનાં પુસ્તકમાં એક જયોતિષ વિધ્યાનાં અરક તરીકે, સાદી ભાષામાં, અને સાધારણ જ્ઞાનવાલો માનવી પણ સમજી શકે તેવી સરલ ભાષામાં. તથા મુખ્યત્વે અંગ્રેજી રૂઢી અને હીસાબ પ્રમાણે, હરકોઇ માનવી, પોતાનાં જન્મ વખતનાં ગ્રહ મારફતે, પોતાની ખાસીયતો, સુખ દુઃખ, લાભ ખોટ, વીગેરે સર્વે બાબદ જોઇ જાણી શકે, તથા વખતની કુંડલી પ્રમાણે, તથા પોતાનાં ગ્રહોની અસર પ્રમાણે, ચેતીને ચાલી શકે. અથવા આવી પડેલાં, અથવા આવી પડનારાં સુખ દુઃખો માટે ચેતેલાં રહે, એટલા માટે આ પુસ્તક, જેમ બને તેમ પ્રયોજય બનાવવાની કોશેષ કરી છે. અત્રે જણાવવાની રજા લઉં છું કે મહેરબાન વાંચકોએ, વહેમ અને ધુતારાઓનાં હાથમાં ફસવા કરતાં, આ નજીવાં પુસ્તક માંહે, પોતાનાં સુખ દુઃખની સલાહ પુછવી, યાને તમારી જનમોત્રીમાંથી ગ્રહોની તપાસ આ ચોપડી મારફતે કરી અનુમાન કરવું, અને તે ઉપર જો ભરૂસો નહીં બેસે તોજ, પછી કોઇ વિદ્દવાન જયોતિષી પાસેથી ખુલાસો મેળવી, તમારાં બાંધેલાં અનુમાન સાથ સરખાવી, જે તમુને રૂચે તે ઉપર ધ્યાન પુગાડવું, કે જેથી ખોટા વહેમો અને જાદુઓનાં અને નજીસ વિધ્યાઓથી દુર રહી, તે તમારી ઉન્નતીને વધારી શકાશે, તથા ઠગારાઓને હાથ તમારો પૈસા લુંટાશે નહીં. આ નાનું પુસ્તક જોકે જયોતિષી વિધ્યાના આજ અગાઉ નીકલેલાં હજારો પુસ્તકોમાં એક નજીવું છે, છતાં, તેની અંદર પ્રયોજય રીતો અને ઘણીજ સાદી ભાષામાં અને સરલ રીતે જેટલું જ્ઞાન સમાવેલું છે, તેટલી બાબદ, બીજાં પુસ્તકોમાં જવલેજ સમાવેશ કરવામાં આવી હશે. એક "**નોવીસ**" યાને એ બાબદની અજ્ઞાનતા ધરાવનારો શખ્સ પણ, એક વખત આ ચોપડીનો અભ્યાસ કરવે, જયોતિષીઓની માફક સર્વ ફળ જોઇ જાણી શકે છે.

આ પુસ્તક બાહેર પાડવાની મતલબ એજ છે કે, ગરીબ બાપડી સ્ત્રી જાતી, અને તેવાજ નબલા વિચારવાલા અને રોગ તથા દુ:ખથી વીપત્તીમાં આવી પડેલા, અને દુ:ખથી કંટાલેલા શખ્સો, લુચ્ચા અને લેભાગુ જ્યોતિષીઓએ, તેઓનાં મગજમાં આપેલા જુઠ્ઠા વહેમોથી, પોતાનાં મનમાં, તે ને તેજ વિચારો ચાલુ રાખી (સાઇકીક સાયન્સ) યાને માનસીક વિધ્યાનાં ચોક્સ કાયદાઓ પ્રમાણે, પોતાનાં મગજની સ્થીતીને ખરાબ કરી, જે ચીજ નહીં બનવી ઘટારત તે ચીજને, તાંણી તોડીને વહેમથી, તથા ચાલુ તેનુંજ મનંન કરવાથી ઉત્પન્ન કરે છે. કે જેથી તેઓ સુખને બદલે દુ:ખ સહેવતાં થાય છે, અને તેનું પરિણામ નીપજાવવાને માટે, મોટા ગુનેહગારો જોકે પેલા વહેમ આપનારા જ્યોતિષીઓજ છે, પણ તે સાથે ખુદ તે ધણી પોતે પણ, પોતાનાં દુ:ખોનો કર્ત્તા લેખાય છે, તથા મનપર થયલી અસરથી માનવી પોતાનું શરીરિક, સંસારીક અને આત્તમીક સુખ ખોઇને દુ:ખનાં દરીયામાં ડુબી મરે છે. એ તદન દાકતરી વિધ્યાથી, આત્મજ્ઞાનથી, તેમજ સાધારણ વિચારથી સત્યજ છે, તો તેવા અજ્ઞાન અને ભોલાંઓને ચેતેલાં રાખવાને, તેમજ તવંગર કે મુફ્લેસ સર્વને માફક આવી શકે. તેવી તદન નજીવી કીમતે આ પુસ્તક પ્રજા સનમુખ બાહેર પાડવાની હીંમત કરી છે.

(૨) જ્યોતિષ વિદ્યા ખરી છે કે ખોટી.

કેટલાક હાલના સુધારાવાલાઓ જ્યોતિષ વિધ્યાને ધુતારી તથા વાહીયાત અને ઠગારી છડે ચોક જાહેર કરે છે, પણ તે ભલા માણસો પોતાનાં મગજના ધુંધને ઠેકાણે રાખી વિચાર પુગાડશે, તો માલમ પડશે કે વિધ્યા યાને સાયન્સ, હમેશ સચ્ચાઇનાંજ પાયાપર રચાયલી હોય છે. જયાંલગણ વિધ્યાને ઉભું રેહવાને પાયો નહીં હોય તો પછી તે વિધ્યાજ શાની કેહવાય ? દુન્યામાં માનવીની હસ્તીની સાથેજ એ વિધ્યાની શરૂઆત થયલી છે. ગયોમર્દ (Adam) ના વખતથી એ વિધ્યા શરૂ થયલી ગણાય છે, અને ત્યારથી અસલી પ્રજાઓ એ વિધ્યા જાણતા આવ્યા છે. પેગમ્બર હઝરત જરથોસ્ત સ્પેતમાન અનુસેહ રવાન કે જેઓ એ વિધ્યાનું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હતા, અને જેઓની પાસે જ્ઞાન મેળવવાને બીજા મુલકે મુલકનાં વિદ્વાનો આવતા હતા, તેઓએ એકવીસ નુશકમાં એક

નુશક એ વિધ્યાનો પણ રચ્યો હતો, અને તેઓ પહેલો દરજ્જો ભોગવે છે, ત્યાર પછીથી તવારીખના પાંના ફેરવતાં એક પછી એક પ્રજાઓ, એ વિધ્યાનેજ મુખ્ય ગણી ગઈ છે. હીંદુઓમાં વિક્રમાદીત્ય, યાહુદીઓમાં જુસફ, બેરોશશ, ગ્રીકોમાં થેલ્સ (Thales B. C. 640) કે જેને પહેલવહેલું ગ્રહણ શોધી કાઢયું હતું, એ પ્રમાણે ગ્રીક યુનાની, તથા તેઓ આગમજ થઇ ગયલી ચેલદીયન અને મીદીયન પ્રજાઓ, બેબીલોનીયન પ્રજા અને ઇજીપશીયનસ વીગેરે એ વિધ્યાની માન્યતા ધરાવતા હતા, તથા તેઓએ એજ વિધ્યાની શોધખોલો મારફતે મહાભારત કામો કર્યાં હતાં, કે જે આજે પણ તવારીખમાં મોજુદ છે. મહાન ફીલસુફો જેઓનાં નામો નીચે પ્રમાણે છે, તેઓ સર્વે એ વિધ્યાના અભ્યાસી હોવાથીજ, માણસાઇ રીતી નિતી, ધર્મ અને જ્ઞાનનો ફેલાવો કરી, દાનાઇનાં મોતી આ દુન્યામાં, પોતાની કલમથી લખાયલાં પુસ્તકોનાં આકારમાં મેલી ગયા છે, તેઓ સર્વે જ્યોતિષને માનનારા, જાણનારા અને તે મારફતે હરેક ચીજનું તોલ કરનારા હતા. દુન્યાની શરૂઆતથી નીચલાં નામો, એ વિધ્યાને માનનારાઓના, ઇતીહાસ મારફતે જણાયલા છે :—

ગયોમર્દ નર અશોનાં વખતથી નીચે ઉતરતાં પેગમ્બર હઝરત જરથોસ્ત સ્પેતમાન અનુસેહ રવાંન (Zoroaster), મરકયુરીયસ ત્રીસમેજીસ્તસ (Mercurius Trismegistus), પાઇથેગોરાસ (Pythagoras), હીપોક્રેત (Hippocrates), થેલસ (Thales), એનેક્ષામાન્ડર (Anaxamander), એરીસતોતલ (Aristotle), સીસરો (Cicero), સોક્રેતીસ (Socrates), એરીપીદીસ (Euripides), ગ્લેન (Glain), કલૅાડીયસ પોતોલમી (Claudius Potolemy), જોસફ (Josephus), પોલીદોરસ (Polydoras Virgil).

આ ઉપલા ફીલસુફો ઇસ્વી સન પુર્વ થઇ ગયા છે, અને ત્યાર પછી :—

૮૪૪ ઇસ્વીમાં અબુમાજર (Albumager), ૧૨૮૦ માં રોજર બેકન (Roger Bacon), ૧૨૮૪ માં ગુઇદો બોનાસ (Guido Bonatus), ૧૪૮૬ માં સર હેનરી કોરનીલીસ એગ્રીપા (Sir Henry Cornelius Agrippa), ૧૪૯૭ માં ફીલીપ મેલેંચતોન (Philip Melanchthon), ૧૫૦૧ મા એચ. કારદન (H. Cardan), ૧૫૨૩ માં વેલનતાઇન નોબાદ (Valentine Nabod), ૧૫૩૪ મા તો. બો. કારદન

(T. B. Cardan), ૧૫૫૦ માં જે. કેપલર (J. Kepler), ૧૫૫૧ માં સર એડવર્ડ કેલી (Sir Edward Kelly), ૧૫૫૩ માં મીચેલ નોસ્ત્રદેમાસ (Michall Nostradamus), ૧૫૬૧ માં સર ક્રીસ્ટોફર હાઈડન (Sir Christopher Heydon), ૧૫૬૧ માં ફ્રાનસીસ બેકન (Lord Francis Bacon), ૧૫૭૪ માં રોબર્ટ હોલ (Robert Hall, Bishop), ૧૫૭૯ માં ડોકટર જયોફ્રી (Dr. Geoffry Le Neve), ૧૫૮૦ માં જેમ્સ યુશર (James Usher), ૧૫૮૩ માં જે. બી. મોરીનસ (J. B. Morinus), ૧૫૮૮ માં હોબ્સ (Hobbs), ૧૬૦૧ માં જોન બુકર (John Booker), ૧૬૦૨ માં રેવરંડ જોન હેન્ડરસન (Rev. John Henderson), ૧૬૦૨ માં વીલીયમ લીલી (William Lilly), ૧૬૧૬ માં ડૉકટર નીકોલસ (Dr. Nicholas culpepper), ૧૬૧૭ માં સર થોમ્સ ગ્રેશામ (Sir Thomas Gresham), જોન મીલતન, થીઓફ્રેસ્તસ, પેરેસેલસસ, સર રીચર્ડસ્તીલ, સર જયોર્જ વાહરતન વીનસેન્ટ વીંગ (Vincent Wing), ૧૬૨૦ માં મરકેતર (Mercator), ૧૬૨૬ માં ડૉકટર બટલર (Dr. Buttler), ૧૬૨૬ માં રોબર્ટ ટરનર (Robert Turner), જોન ડ્રાઈડન (John Dryden, poet laureate), ૧૬૨૯ માં મી૦ જોન હાઈડન (Mr John Heydon), સર રોબર્ટ હોલબર્ન, સર કે. દીગબી, મી૦ થોમસ સામસન, ૧૬૪૬ માં મી૦ ફ્લેમસ્ટેડ, પહેલા રાજ જ્યોતિષ (Mr. Flamstead, first Astronomer Royal), ૧૭૨૮ માં જયોરજ વીચેલ (Geo. Witchell, Astronomer Royal Portsmouth), ૧૭૫૧ માં ડૉકટર એબનઝર સીબલી (Dr. Ebenezer Sibley), ૧૭૫૬ મા જોન વરસડેલ (John Worsdale), ૧૭૫૭ મા મી૦ બ્લેક (Mr. Blake), ૧૭૫૯ માં રાઈટ ઑનરેબલ વીલીયમ પીત (Right Hon. Wm. Pitt), ૧૭૭૫ માં જે. પી. કેલરમેન (J. P. Kellerman, Due-de-Valney), ૧૮૦૦ મા ડોકટર વીલીયમ શામન, મી૦ ઓક્ષલી, ૧૮૪૮ માં ચરૂબેલ (Charubel).

એ ઉપરાંત દેશ પરદેશનાં ઘણાક ગ્રીક, લેતીન, અને જરમન સાવાંઓ, તથા બીજા હાલમાં જીવતા એસ્ત્રોલૉજીનાં પ્રોફેસરો જેવા કે ઝેડકીલ, રાફાએલ, એલનલીઓ, મરકયુરી, વીગેરે એ સર્વે ફીલસુફો જયોતિષ વિધ્યાની સચ્ચાઇની શોધખોલના કરનારા, તેને માનનારા, તથા તે મારફતે અદભુત અગમચેતીઓ કરનારા, એવા હજારો થઈ ગયા છે; ને હાલમાં છે, કે જેઓનો મુખ્ય ભાગ યુરોપ, ઇરાન, હીંદુસ્તાન વીગેરેમાં હજી જલવાઇ રહ્યો છે, તેમજ પશ્ચીમમાં પણ તેઓ મોજુદ છે.

હવે જયોતીષ વિધ્યાને નહીં માનનારાઓને, એટલુંજ પુછીશું, કે ઉપર લખેલા શખ્સો માંહેલા પહેલી પકતીનાં નરો, ફકત જયોતીષો નહી, પણ મોટા ફીલસુફો તથા પેગમ્બરો જેવા હતા, તો શુ તેઓ

સર્વે એ વિદ્યા ફ્રૉકટ માટે જાણતા હતા. અથવા તો એ વિધ્યાને સ્વપના જેવી હસી કાઢનારા હતા? જો તેમ હતે, તો તેઓ મોટી મોટી વિધ્યાઓ, ગણત્રીઓ, તથા માનવીના ખવાસો વીગેરેનાં સાહીત્યો શોધી કાઢવાને કદીપણ શક્તિવાન નીવડી શકતે નહીં. એક પણ એવો ફીલસુફ છે કે જે પુરવાર કરે, કે સેતારાઓને તથા તેઓની ચાલણને તથા ગતિને, આપણી દુન્યા તથા તે માંહેલી હરેક વસ્તુ સાથે સંબંધ નથી? કોઇ લેભાગુ જુઠ્ઠી દલીલોથી વખતે ઘડીભર, ખરાં સત્યની ગેરહાજરીમાં, અજ્ઞાન માનવીઓને એવું સમજાવાને ફત્તેહમંદ પણ નીવડે, કે જયોતીષ તો વહેમ છે, અને ગ્રહ સેતારાને માનવી સાથે કશો સંબંધ નથી, પણ વિધ્યાનાં ધરખમ સત્ય (Sterling facts) મારફતે તે પણ આપણે ખુલાસો આગળ જતાં આપી સત્ય જાહેર કરીશું.

દરેક વિધ્યાઓની ઉતપત્તી આગમજ, આખી જગત્તમાં સર્વેથી સર્વોપરી, જયોતીષીજ વિધ્યા હતી, એમ મોટા મોટા અભ્યાસીઓએ દુન્યાની શરૂઆતની વસ્તીનાં ટાઇમથી તે લગભગ ૧૭મી સદીનાં મધ્ય સુધીનાં વર્ષોમાં એજ વિધ્યાને સર્વેથી વધુ માન અને મરતબો આપ્યો છે, તથા એ વિધ્યાએ ફક્ત એક માણસની નહીં, પણ હજારો માણસની બનેલી પ્રજાઓ, તથા રાજાઓની હાલતોને ફેરવી નાખી છે. દરેક પ્રજા કે જેની ઉતપત્તીનો ઈતીહાસ આજે મોજુદ હશે, તે દરેક પ્રજાની હીસ્તરીમાં પહેલવેહલી વિધ્યા તે "એસ્ટ્રોલૉજી" યાને જયોતિષ વિધ્યાનુંજ જ્ઞાન છે. "જયોતિષ વિધ્યાની સચ્ચાઇ માટે જરા પણ બેવિશ્વાસ થવું એ ખુદ ખુદાની હસતી નાકબુલવા જેટલુંજ નાષ્ટીક ગણાય." (To doubt the influence of the stars is to doubt the wisdom and providence of God). કુદરતનાં ચૈતન્યમાંથી "નેબ્યુલસ મેટર" (Nebulous matter) ઉત્પન્ન થઇ, તેમાંથી સુર્ય, અને સુર્યમાંથી ગ્રહો સેતારાઓ, અને દુન્યાઓ ઉત્પન્ન થઇ, "ઇથીરીઅલ નેચર" (Athereal nature) મારફતે આખી દુન્યાપર પંથરાયલી પંચભુતી વસ્તુઓ પેદા થઇ છે, અને તેઓને "એતોમીક" (Atomic) કાયદા પ્રમાણે એક બીજા સાથે સંબંધ છે, તથા તેઓ એક બીજાપર પોતાની ગતીને આધારે અસર કરતાં છે, જેમકે સુર્ય પોતાના ફરવા સાથે ફક્ત રૂતુનોજ ફેરફાર કરતો નથી, પણ હરેક

જીવદાર પ્રાંણી તેમજ વનસ્પતીનાં બીયાંને ઉત્રતી આપે છે, છોડવા-ઓની કલીને ખીલતી કરે છે, અને ઝરાનાં પાણીઓને સ્વચ્છ બનાવે છે, તથા તે ઉપરાંત પોતાની ગતીનાં બળથી, ઉજાસ, ગરમી, ભીણાસ, સુકાસ, અને ઠંડી એ સર્વેની ઉતપત્તીનું કારણ ભુત થાય છે. સુર્ય-માંથી નીકલેલા અનેક ગ્રહ, સેતારા અને દુન્યાઓ, જેમ સુર્ય પુર્વથી પશ્ચીમ ફરે છે, તેમ તેથી ઉલટી ગતિમાં પશ્ચીમથી પુર્વ તરફ ફરતા રહે છે, તથા તેઓની એ ગતિનાં ખેંચાણ, ધ્રુજણી, તથા અસરો એક બીજાને આપતા રહે છે, તેમજ આપણી પૃથ્વી પણ એક ગ્રહ હોવાથી, તેવા સમાગમમાં આવે છે, તથા હરેક ગ્રહોની ગતિથી તેઓ-માંથી ઉત્પન્ન થયલા ચંદ્રો પણ ગતિ મેળવી ચાલુ ચૈતન્યમાં પોતાની ગતિનાં મોજાની ધ્રુજણી કર્યાજ કરે છે, એવી રીતે આપણો ચંદ્ર, બીજા ગ્રહો કરતાં દુન્યાની નજદીક હોવાથી, તે ઉપર વધુ અસર કરે છે. ખગોળ વિધા, અને વાયુચક્રશાસ્ત્ર તથા ઓબઝરવેટરીઓ અને તે માંહેલાં અખુટ યંત્રો મારફતે, તથા ખુલ્લી આંખે, મોટા મોટા વિદ્વા-નોએ, પહેલે પોતાની ખાત્રી કરી, ભરૂસેદાર સચ્ચાઇની સાહદનો સાથ પુરવાર કર્યું છે, કે ઉપર પ્રમાણે ગ્રહોની અસરો થાય છે, તેમજ ચંદ્ર કે જે એક નજીવો દુન્યાનો ઉપગ્રહ, દરીયામાં ભરતી અને ઓટ થવાનું પોતાની ચાલણ અને ગતિ ઉપર રાખે છે, તો જે સાહેબો જ્યોતીષ વિધ્યાને માનતા નહીંજ હોય, તેઓને આપણે સવાળ કરીશું કે :—

"હજારો માઇલનાં વિસ્તારવાલા આપણી દુન્યાના દરીયાઓ તથા તે માંહે સમાયલાં હજારો ફેંધંમ ઊંડા અને અબજોનાં અબજો તન વજણદાર ભારી પાણીને, ફકત પોતાની ચાલણ, ગતિ, અને હીલ-ચાલથી, ચંદ્ર જેવો નાનો ઉપગ્રહ, ઉછાલી અફાળી, તોફાન કરી, તથા ભરતી ઓટનાં મોજાઓથી, નહીં ધારેલી અદભુત ગતિ ઉત્પન્ન કરે છે, તો આપણ જેવાં એક નાચીજ માનવી, ઉપલા દરીયાઓનાં પાણીનાં જોર, વજન આગળ ઘાસનાં તનખાં સમાન પણ નથીજ, તો એજ ચંદ્ર પોતાની ગતિ અને પોતાની ધ્રુજણીથી આપણને (માનવીને) આપણી તંદરૂસ્તી, શરીરિક--સંસારીક તેમજ આત્તમીક શકિતઓપર કેટલું દબાણ અને કેટલી અસર કરી શકે?

આ સવાલનો એકજ જવાબ છે કે "ગ્રહ તથા સેતારાઓ હરેક ચીજપર અસર કરે છે, પંચભુતી તત્વથી કંઇપણ ચીજ નીરાલી નથી, અને જો એ વાત ખરીજ છે, તો ગ્રહ તથા સેતારાઓને લગતી વિધ્યા યાને જયોતિષ વિધ્યા, હાલ ભણેલ (પણ કહરેલ નહીં) સુધારક શખ્સો કહે છે તેમ, હંબગ અને નોનસન્સ નહીં, પણ ખરીજ વિધ્યા છે, કે જે વિધ્યાની ઉતપત્તી પછીથીજ બીજી વિધ્યાને સાયન્સો જાહેરાતમાં એક પછી એક આવી છે. ગ્રહો એક કરતાં અનેક એક બીજાથી વધારે મોટા તથા ખુબી અને અસરોથી ભરેલા છે, અને તેઓ માનવીનો તેમજ આખી જગત્તનાં બંધારણને, તથા ખુદ કુદરતની ઉન્નતી તેમજ નાશની ચાવી સમાન છે, માટેજ એ ગ્રહો અને સેતારાઓની ઉપરજ, અસલી આર્યનો, તથા આખી દુન્યામાં સર્વેથી વધારે જાહોજલાલી ભોગવી ગયલી ખરી ઇરાંની, કયાંની પ્રજાઓ, તથા ત્યાર પછી ચેલડીયન ઇરાંની પ્રજાઓ, અને બાબીલોનીયનો, ઇજીપશીયનો, ગ્રીકો, તેમજ પુર્વ તરફ હીંદીઓ અને બીજા ધર્મવાલાઓનો મુખ્ય આધાર, ગ્રહ સેતારાની ચાલની ગણત્રી ઉપરજ હતો, અને છે. માટે જે શખ્સો તાસુબીથી એ વિધ્યાને ખોટી લેખતા હોય, તેઓ આ બાબદની ધરખમ સચ્ચાઇથી પોતાની ભુલ સુધારી શકશે, પછી તો વાંચનારના વિચાર અને મુનસફી ઉપરજ એ વિધ્યાનું ખરૂં તોલ કરવાનું સોંપી આગળ ખુલાસો લખવા માંડીશું.

(૩) જ્યોતિષ વિધ્યા જુઠ્ઠી ઠેરવવાનું કારણ.

જ્યોતીષ વિધ્યા એ એક આત્તમીક વિધ્યા સાથ સંબંધ ધરાવનારી મુખ્ય વિધ્યા છે, અને જેને એક વિધ્યા તરીકેજ ગણવામાં આવે છે, તો તે ખોટી તો હોયજ નહીં. જ્યોતીષીઓથી કહેવામાં આવતી બાબદો ખોટી ઠરવાનાં પરીણામે આવું મત ઊચરાય છે કે:—"જ્યોતીષ જોવું એ હંબગ છે." પણ તે બીલકુલ વાજબી નથી. જ્યોતિષીઓથી કહેવામાં આવતી બાબદો ખોટી ઠરવાનાં ઘણાંક કારણો છે, તેમાં મુખ્ય તો એ છે કે:—

૧. જ્યોતીષ વિધ્યાનું પુરૂ જ્ઞાન નહીં હોવાથી.

૨. જન્મ વખતનો ટાઇમ બરાબર નહીં હોવાથી.

૩. જ્યોતીષીએ ગણીતમાં ભુલ કરવાથી.

૪. જયોતીષનાં જ્ઞાન સાથે સાધારણ વેહવાર સંસારીક અનુભવ નહીં હોવાથી.

૫. જાત પ્રજાત, રીતી નિતી, ઊંચ નીચ, લાયકાત વીગેરેનો ખ્યાલ નહીં હોવાથી.

૬. પૈસા કમાવાની મતલબથી ઠગાઇ કરનારા લેભાગુ જયોતીષોથી.

૭. મતફેર અને જયોતીષોનાં માંહોમાંહે અદેખાઇ અને અંતસનાં મતભેદથી.

આ પ્રમાણે આ મુખ્ય સાત કારણોને લીધે, જયોતીષ વિધ્યા આજે સદંતર હીણાઇને જુઠ્ઠી ઠેડવવામાં આવે છે, પણ સત્યને કદી આંચ આવતી નથી.

હાલમાં હિંદુસ્તાનમાં ચાલતી જયોતિષ વિધ્યાની ગણત્રી તથા ગણીત સંસ્કૃત અને ગુજરાતી રૂઢીઓ જોકે **ઘણીજ શ્રેષ્ટ છે,** પણ તે સાધારણ રીતે અને સહેલાઇથી શીખી શકાય તેવી નથી, વળી જયોતીષીઓએ હીંદુસ્તાનમાં હજારો વર્ષની વાતપર ગ્રહોની કરેલી ગણત્રીનેજ આજ સુધી કાયમ રાખેલી છે, જેથી ગ્રહોની ગણત્રાનાં ફળ ધારેલી બાબદમાં મુખ્ય ભાગે નિર્થક કરે છે. વળી અસલના જ્ઞાનીઓ, પોત પોતાની મોહટાઇ જાલવી રાખવાને તથા પોતાના જ્ઞાનથી પોતાનો ટેક સર્વોપરી રાખવાને લીધે, એ વિધ્યા એક બીજાને ભેદી શ્લોકનાં આકારમાં, મોઢેથીજ શીખવવામાં આવતી, કે જેથી એક જ્ઞાનીના મરવા સાથે તેની અરધી ઉપર સમજ, તે જ્ઞાની કબરમાંજ લઇ જતો. ચેલો બીજા જ્ઞાનીઓને શીખવતો, તેપણ તેમાંથી થોડુંજ શીખવતો, ને બાકીનું કબરમાં સાથે જતું, એવી રીતે એ વિધ્યાનું શીક્ષણ નબળું પડતું ગયું. વળી ગ્રહોની ગણત્રી સ્થુલ થતી ગઇ, **રવીનાં મદાચમાં** ફરક થતો ગયો, અને આજે જે ગણત્રી ચાલુ છે, તે મુખ્ય ભાગે કઠણ, નહીં સમજી શકાય તેવી, તેમજ પુષ્કલ ગુંચવાડો કરનારી તથા એકમેકનાં મતોને ઉલટાં પાડી નાખનારી છે, જેથી મુખ્યત્વે ધારેલી બાબદનો ખરાં ગણીતની ગેરહાજરીમાં ગ્રહનું ફળાદેશ સાચ્ચું પડતું નથી.

મહાન પેગમ્બરોના પેગમ્બર અને ફીલસુફોનાં ફીલસુફ અશો જરથોસ્ત સ્પેતમાન અનુસેહ રવાંન સાહેબનાં જમાનાને હજારો વર્ષો વહી ગયા

પછી, હખામનીશ, અને સાસાનીયન ઇરાંની વંશજોએ, તે અસલ જમાનાની વિધ્યાને ફરીથી તાજી કરી, તેનાં પુસ્તકો "પરસી પોલીસ"ના તે વખતનાં સર્વેથી મોટાં કેતાબખાનાંમાં જાળવી રાખી હતી, પણ કમતાલેનાં શીકંદરે તેને બાલી નાંખ્યા પછીથી. જે કાંઇ કટકા ભુકલા બચ્યા હતા, તે બાબીલોનીયનો, અને ગ્રીકો તથા અરબોનાં હાથમાં આવ્યાથી, તેને પોતાની ભાષામાં ફેરવી નાંખી જાળવી રાખ્યા, કે જે જમાનાનાં વહેવા સાથે બીજા ફીલસુફોએ, પશ્ચીમ મુળક તરફ જાહેરાતમાં લાવી, સદી પછી સદીઓ સુધી, તેની ઉપર મુજાહેમત અને અખતરાઓ અજમાવી, પશ્ચીમની શોધો સાથે આગળ વધારી, તેને લગતી "ઓબઝરવેટરીઓ" સ્થાપી, તથા ચોપડીઓમાં પોતાના અખતરાઓનાં પરીણામો જાહેર કરી, આજે કંઇક ખરી ગણત્રી ઉત્પન્ન કરી છે, કે જેને આધારે ગ્રહણ, ધરતીકંપ, રૂતુનાં ફેરફાર, તેમજ માનવીના ભવીષ્યની કંઇક બાબદો લગોલગ ખરી દેખાડવાને લગતાં સાંધણો મોજુદ રહ્યાં છે, જે સર્વે સાંધનોને સાથે, કડી પાછળ કડી જોડીને, આ નાનાં પુસ્તકમાં, તે મોટા પોથાઓનો અર્ક સમાવ્યો છે, તથા તેને ભાષાનાં સણગારની જરા પણ દરકાર વગર. એક સાદી સમજ પડે તેવી સરલ ભાષામાં, તથા સહેલથી અનુંગ્રહ થાય તેવી રીત રૂઢીઓ સાથે લખી છે. મેં જે કાંઇ અત્રે લખ્યું છે, તે દુન્યાનાં સર્વેથી મોટા એ વિધ્યાનાં પ્રોફેસરોના પોથાઓ તથા જ્ઞાનોનો અર્ક, વાંચનારી પ્રજાને અનુસરતી રીતે મારા અભ્યાસ પ્રમાણે જાહેર કર્યો છે.

(૪) માનવીનો ખવાસ અને જ્યોતિષ.

દુન્યાની સર્વેથી જુનામાં જુની અને પહેલામાં પહેલી આજ વિધ્યા હતી, એ આપણે ઉપર પુરવાર કર્યું છે, વળી તેની અસર પણ હરેક ચીજો ઉપર મવકુલ છે, એ પણ દેખાડયું છતાં, હજી કંઇક સંશય હોય તો તે કાઢી નાંખવાને થોડુંક વધુ વિવેચન કરેલું વ્યર્થ જશે નહીં. દુન્યામાં સર્વે ઠેકાણે મુખ્ય ભાગે "અસંતોષ" (the great unrest) જમાનાઓથી ચાલુજ છે, માનવીની ઓલાદ કંઇક ઉંચાઇએ પુગી એ બંધનમાંથી છુટવાને તરફડયાં મારે છે. દુન્યાની

આ પહેલી અને મુખ્ય વિધ્યાને તરછોડતાં, આજ સુધી આપણે હમણા વેપાર વર્ધાનાં તખક્કા ઉપરજ આવી પુગતાં સાથે, કંટાલી જઇ ફરીથી એજ વિધ્યાની સહાયતા લેતા, તથા સેતારાઓની ચાલને તપાસવા લાગ્યા છીએ. જ્યોતીષ વિધ્યા કંઇ બીજી ફાલ જોવાની હંબગ રૂઢીઓ જેવી ઠગ વિધ્યા નથી, પણ ફકત ગણીતશાસ્ત્રપર રચાયલી, સંપુર્ણ સત્ય ગણીત છે, કે જેનો પક્કો અભ્યાસ કરવાથી માનવીની ઓલાદની ઉન્નતી, અને સુધરતી દુન્યાની મોહટાઇ મેળવી શકાય છે. જ્યોતીષ વિધ્યા માનવીને સત્યનો રસ્તો દેખાડે છે, અંધારા ખાડામાં એક દીવારૂપ છે, કે જે મારફતે જોઇ જાણી અગાઉથી સાવચેત રેહવાને ચેતવણી મળે છે. ખાસ કરીને આવી પડનારી અડચણોની સામે થવાને તેને વધુ હીંમત અને વધુ સખ્ત પગલાંઓ ભરવાની સવલતા થાય છે, કે જે મારફતે પોતાના વિચાર આચાર અને કાર્યથી, સુલીનું વધન કાંટે નીવેડન કરે છે. કેટલાક માનવી પોતાની લાયકાત ન હોવા છતાં, વિચારો અથવા તો વળણોથી દોરવાઇ જઇ કાંઇક કામ કરે છે, કે જે માટે તેનાં ભેજાંની શકતી, અથવા શરિરીક બાંધો અનુકુલ હોતો નથી, છતાં તે કામ કરવા માંડે છે, હીંમતથી ઘણો આગળબી વધે છે, પણ અંતમાં તે નીષ્ફલ જવે નાસીપાસ થઇ જાય છે, પણ આ વિધ્યા તો તમુને તમારી લાયકાત, તમારી નીષ્ફળતાઓને સુધારવાનો રસ્તો, તમારા રસ્તામાં પડેલી ઠોકરો, તમારા રાહઘાટમાં મલનારી મદદો, તમારી સામે થનારી નડતલો, અને તેને જીતવાના રસ્તાઓ એ સર્વે બાબદ કોઇપણ જાતની વેહમીલી, કે વાંમમારગી વિધ્યા સીવાય, ફકત ગ્રહ સેતારાની ચાલને આધારે, પોત પોતાને થયલાં એ વિધ્યાનાં જ્ઞાનનાં પ્રમાણમાં ખુલ્લી જાહેર કરી, જેમ કુદરતમાં રૂતુ, વરસાદ, ધર્તીકંપ, તોફાન, વીગેરે થવા આગમજ ફેરફારોથી અગમચેતી કરે છે, તેવીજ રીતે તમારી જીંદગીમાં થનારા શરિરીક, સંસારીક, અને આત્તમીક એ સર્વે ફેરફારોની સારી માહી અગમચેતી કરનારી છે. માનવીની ઓલાદ બાતેનનો ભેદ જાણવાને પહેલવહેલા પેદા થયલા "આદમ"નાં વખતથીજ વજવીજ કરી રહી છે, કે જેનાં દાખલા અસળવારેથી આજ સુધી થઇ ગયલી દરેક પ્રજનમાં મોજુદ છે, અને ફકત જ્યોતિષ વિધ્યા મારફતેજ તેની કેટલીક શોધ કરી શકાય છે. જ્યોતિષનુ ખરૂં ગણીત અને સાયન્ટીફીક જ્યો-

તિષ વિધ્યા મારફતે, કેટલીક બાબદની તદન આગમજથી પુરેપુરી અગમચેતી કરવામાં આવે છે, કેટલીકમાં સાધારણ હદ સુધી અગમચેતી ખરી પડે છે, પણ જ્યોતિષની ખરી ગણીત વિધ્યાથી મેળવેલી હકીકત એક અટકલ નહીં, પણ વજુદદાર અગમચેતીજ લેખાય છે. જેમ એક ખગોળ વિધ્યાના પુરાવા અને રસાયણશાસ્ત્રનાં પ્રયોગો, જેવી રીતનાં ધરખમ પરિણામો નીપજાવે છે, તેમજ સાયન્ટીફીક જ્યોતિષ વિધ્યા તેટલેજ દરજ્જેની ધરખમ અગમચેતી આપેલી આજ અગાઉ હજારો વખત અને હજારો જાત પ્રજામાં નોધાયલી છે. આપણો પોતાનો અવિશ્વાસ—આપણો પોતાનો દુશ્મન બને છે (Our doubts are traitors), અને બાજે વખત એક ભલી ચીજની કોશેષ કરતાં અટકાવીને, આપણું સારૂં થતું પણ ભુંડું કરી નાખે છે. ફીલસુફો કહી ગયા છે કે:—

"*Know then thyself: Presume not God to scan;*
"*The proper study of mankind is man.*"

"એ માનવી તું પોતે પોતાને ઓળખતાં શીખ, કારણકે માનવીનાં ગુણદોષ જાણવાનો કોપ ખુદ માનવી પોતેજ છે."

દુન્યામાં માનવીઓ કોઇ કંઇ, અને કોઇ કંઇ કામે લાગેલા છે, કોઇને કંઇ શોખ છે, પણ તેને બદલે તે કંઇક બીજીજ ચીજપર મંડેલો છે; જે માનવીનો બાંધો તથા ભેજાંની શકિત અને જ્ઞાન, જે ચીજ માટે સરજાયલી છે, તેને બદલે તે ભલતીજ ચીજનું જ્ઞાન પ્રાપ્ત કરવાનાં ફાંફાં મારે છે, જેનું ભેજું ડાકટરી વિધ્યાને માટે નીપુંણ હોય, તે ધણી વકીલ થઇ, તે ધંધામાં ફાંફાં મારી નીષ્ફળ નીવડે છે, જે માનવીને મીલ કામદારને લગતી ફેકલટી હોય, તે પોતાની ફેકલટી તે કામમાં રોકવાને બદલે, લખેસરી લેખકમાં ખપવાની કોશેષો કરે છે, મોચી સુથાર થવાને ફાંફાં મારે છે, તો સુથાર પોતાના હુન્નરને ધીરધારી વેપારનાં ફાંફાં મારે છે. એવી રીતે માનવી પોતે પોતાને પીછાણ્યા વગર બીજા માનવીને પોતાનાં કામમાં આગળ વધેલો જોઇ, તે પાછળ મંડે છે. જો તેનું પંચભુતી તત્વ તેવાજ પ્રમાણનું બનેલું હોય છે, તો લાભ થાય છે, નહીં તો તે વધુ હેરાન થાય છે, એ પ્રમાણે માનવી પોતાને પીછાણવાને બદલે, ભલતા વેપારથી પોતાને હાંણીમાં

નાંખે છે, તેવે વખતે આ પુરાણી વિધ્યા તે માનવીનાં જન્મ વખતે, જેવો તે આ જગત્તમાં જીવદાર પ્રાંણી તરીકે, હવા પહેલવહેલી દમમાં લે છે, તેજ વખતે, ગ્રહ સેતારાઓ પોતાની જે ચાલમાં અસર કરતા હોય, તે ચાલનાં પ્રમાણમાં તે માનવીની હરેક ફેકલટીનો હમેશનો પરવાનો મુકરર કરે છે, અને તે જાણી પીછાણી જે બાબદમાં તે માનવીની શકિત અનુકુલ હોય, તેને તેજ લાયકનાં કામમાં નાખવે સુખી નીવડે છે. જ્ઞાનીઓ કહી ગયા છે કે :—"તું પોતે પોતાને પીછાણીને બેસી ના રહેતો, બીજાઓને પણ પકી રીતે પીછાણતાં શીખ કે પસ્તાવું નહીં પડે."

"Know then thyself does not suffice
Know others-well, that's my advise."

આ જીંદગીમાં જીવેલું શું ખપ લાગવાનું છે, કે જયારે આપણે જાણી નહીં શકયે કે, બીજાં માનવીઓમાં આપણો મીત્ર કોણ અને શત્રુ કોણ છે. આ દુન્યામાં કોઇ માનવી એશ આરામ અને વેપારની પત્તેહમાં ડુબેલો છે, તો કોઇ સદાની કંગાલ્યતમાં ડુબેલો દેખાય છે, જોકે ડુબેલો શખ્સ, પહેલાં કરતાં વધુ ભણેલ તેમજ સર્વે વાતે શ્રેષ્ટ હોવા છતાં, તે પોતાને, પોતાનાં ગુણદોષને પીછાણી નહી શકવાથી, તેમજ બીજા માનવીનાં શત્રુભેદને નહીં સમજવાથી, એવી સ્થીતીએ પ્હોંચે છે, પણ આ વિધ્યા ખુલ્લી રીતે, સત્ય રીતે અને ખરી સાયન્ટીફીક રૂઢીથી શીખવામાં આવે તો, તે મારફતે માનવી પોતે પોતાને ઓળખતાં શીખે છે, પોતાનાં ગુણ અવગુણ અને લાયકાત જાણે છે, તેમજ બીજાઓને જાણી શકે છે, મીત્રો, શત્રુને પીછાણી શકે છે, પોતાની ઠોકરો માટે આગમજથી સાવચેત રહે છે, જેમ થતાં તે કેટલેક અંશે સુખી નીવડે છે. કુદરતનો ભેદ અજબ છે, કુદરતે પોતાનાં બંધારણનાં એકેએક અણુઓને (Atoms) એવી રીતે ગુંથી લીધાં છે, કે તે અણુઓનું જ્ઞાન થતાં, તે મારપ્તે માનવી એક પછી એક કડી ઊમેરીને, ભેદની ચાવી મેળવવાને શકિતવાન થાય છે, જ્યારે આટલું બધું છે, તો શું જ્યોતીષ વિધ્યા બપની નથી ? વહેમો આપી લુટનારા તેમજ મતલબીઆ અને દગાબાજ લોભીઓએ, એ વિધ્યાને ચુંથી નાંખી, તેમાં અનેક જાતની ખંધાઇ ને લુચ્ચાઇનો ભેળ કરી, પોતાની મતલબ કાઢી લઇ, ખીસાં ભરવાની મકસદથી, એ વિધ્યાને

નામોશીમાં નાંખી છે, પણ સત્યનાં શોધકો, એ વિધ્યાની ખરી હકીકત, રૂઢી અને ગણીતથી એટલી બધી તો પોતાની ખાત્રી કરી શકશે, કે જેથી તે પોતાને કંઇ પણ ગેરલાભ કરવાને બદલે, પુષ્કલ લાભ કરી સુખ મેળવી શકશે. માનવી ખોદાની પેદાયશનું સર્વેથી ઉમદા ઝવેરાત છે, જેની ઉતપત્તી પછી જેમ જેમ તે મોટું થતું જાય છે, તેમ તેમ તેના કૃત્યો પાછળ ભુતકાલનાં પડછાયા જેવાં વીસરાતાં જાય છે, પણ આગળ હવે પછી તેનું શું થવાનું છે, તે જાણવાની, તેના ભેદ ખોલી કાઢવાની, તથા તે ભેદ નહીં જાણવાથી ઉત્પન્ન થતી બીહીક, ધાસ્તી, ફીકર ચીંતા અને જીજ્ઞાસા તૃપ્ત કરવાની કાલજી વધે છે, અને દગાબાજ સંસારનાં ભવીષ્યના પરદા પાછળ, તેને માટે શું શું તૈયાર ઉભેલું છે, તે જાણવાને માટે ફક્ત આજ એક રસ્તો છે, કે જે સર્વ શકિતમાન ઇશ્વરે પોતાની જગત્તલીલા તથા માનવીની પેદાશ, ઉત્પન્ન કરતીજ વખતે ગ્રહો અને સેતારાઓની ચાલની જાહેરાત મારફતે, માનવીને હર પગલે ને હર ડગલે, પોતાનાં કૃત્યો સંપુર્ણ કરવાને આપી છે. આપણે રોજ જોઇયે છીએ કે આપણી પાસે અને આજુબાજુ ફરતાં હજારો લોકોમાં, કેટલાક માનવીઓ તો તદન સંસારથી કુએલાં, કોઇ મીત્રમંડળથી તજાયલાં, કોઇ વ્યસનમાં ડુબેલાં તો કોઇ કંઇ અને કોઇ કંઇ આફતમાં, સારી કે માઠી હાલતમાં હોય છે, કોઇ પોતાની શરિરીક નબલાઇમાંજ બદાવાન છે, તો કોઇ પોતાનાં જોરપર ઝાલેમ બને છે, કોઇ પોતાનાં પૈસાના જોરથી દરેક બાબદમાં ફાવી જાય છે, તો કોઇ પોતાની સાદાઇથી પોતાનો હરદમ બચાવ કરતો નજરે પડે છે, એવા એક આ દુન્યાવી નાટક તખ્તાપર તમુને શું શું પાદ ભજવી બતાવાનાં છે, તો તે જાણવાને શું આપણી પાસે કંઇ હથ્યાર નથી? આ સવાળનો જવાબ ફક્ત એક અને એકજ વિધ્યા, કે જે વર્ષો બલકે સદીઓ આગમજનાં સર્વેથી મહાન પુરૂષો, કે જેઓની બરાબરી આજના વખતમાં કોઇ પણ સાથે સરખાવી શકાતી નથી, તેવા પંડીતોએ વખાણેલી, ઉપયોગમાં લીધેલી, અને તે મારફતે ભેદો જાણી, ઘણીક બાબદોનું અજવાળુ પાડયું છે, તે વિધ્યા તે જ્યોતિષશાસ્ત્ર છે, તો તેવી પ્રબળ વિધ્યા શીખવાને કોઇપણ જ્ઞાની અને સમજુ શખ્સ કદી પણ ના કહે એ બનવુ કઠણ છે. એ વિધ્યાનાં કેટલાક ઠગારાઓ અને પૈસાના લોભાઓની જુઠી ઠગબાજીથી

એ વિધ્યા હાલ હીણાયલી છે, તેથી કાંઇ એમ ઠરતું નથી કે એ વિધ્યા ખોટી છે. **સુખમાં** ઝુલા ખાતો માનવી કદી એકવાર એ વિધ્યા સામે બેવિશ્વાસ થાય છે, પણ જ્યારે તેવા માનવીપર આફત આવી પડે છે, ત્યારે તેનાં વિચાર મંડળમાં **એક** મોજો એવો પણ આવી જાય છે, કે જ્યારે, તે જો ખોદાને નહીં યાદ કરતો હોય તોબી અંદરનાં અંતઃકરણનાં પુકારથી, તેની ગમે તેવી મગરૂરી, અહંકાર, અને તુમાખી છતાં "**ઓ ખુદા**" એવા શબ્દ નીકળે છે, અથવા તો "**ઓ નસીબ**" એવા શબ્દ બાહેર આવે છે, એ શબ્દરૂપ પડઘા અંતરથી કહે છે, કે નસીબ જેવી બાબદને પીછાણવાને, સેતારાની ચાલની ગણીત કરવી જરૂર છે. વળી કોઈ વિદ્વાન સાહેબો કહેશે, કે માણસનું નસીબ તો માનવી પોતે ખીલવે છે. માનવીનું સુખ દુઃખ માનવીના પોતાનાંજ હોય છે, ને નસીબ તથા ગ્રહની ચાલ જેવું કંઇ નથી. અલબત એ દલીલમાં કેટલીક વજુદ છે, કે માનવી પોતાની રીતી નીતીથી, અરસપરસની લાગણીથી, અને શીક્ષણથી, સહેજ તેવો ફેરફાર કરી શકે છે, પણ બીજી સંગીન રીતે જોતાં તે દમ વગરનું ગણાય છે. જો નસીબને સર્વે માણસ પોતપોતાની મરજી માફક ફેળવી શકતું હતે, તો આ જમાનામાં સૌ કોઇ પોતાનું નસીબ સારૂં બનાવવાનીજ કોશેષ કરતે, ને તેથી જો હરેક ચીજનું સારૂંજ થતે, અને સૌ કોઇ પોતાને તવંગર બનાવી દેતે. સૌ કોઇ તાબેદારીમાંથી મુક્ત થવા માંગતે, દુઃખીઓ કોઇ રહેતે **નહીં, અને** એકમેકની ગરજ કોઇને પડતે નહીં, તો આ દુન્યાની રચના ચાલતેજ કયાંથી? અલબતાં વિધ્યા પુરવાર કરે છે કે માનવી પોતાનાં તકદીરને કેટલેક દરજ્જે, પોતાની અક્કલ હુશીયારી અનુભવ વીગેરે મારફતે, સુધારી શકે છે, મગર તેથી કાંઇ એમ ઠરતું નથી, કે નસીબનો પાયોજ તેઓ પોતે રચનાર છે. ગુપ્ત વિધ્યાથી સીદ્ધ થયું છે, કે માનવીનાં કૃત્યો પ્રમાણે તેની ઉપાધી ફેરવાતી જાય છે. તેનાં કર્તુકો પ્રમાણે તેની રૂવાંની ફેરવાતી જાય છે, અને તેજ પ્રમાણે તેનાં શબ્દો અને કાર્યોનો બીજાઓ તોલ કરતા જાય છે, એ સર્વેને ગ્રહ સેતારાઓનાં માહા મોટાં લોહચુંબીક આકર્ષણ સાથે સંબંધ છે. એ **સંબંધ** એવી રીતે જોડાયલો છે. ધારો કે એક બચ્ચું જનમતાં તેનો બાપ

મરી જાય, તેની માય વિધવા થતાં જલાપો કરે, અને તે બચ્ચું માતાનાં હાથમાં હસી હસી ખુશાલીનાં ઉછાલા મારે, તે નિરદોષ્ટાનો નમુનો, શું પોતાનું એવું હીણભાગ્ય પોતે બનાવવા બેઠું હતું કે? શું તે વિધવા સ્ત્રીએ પોતાનું નસીબ, પોતાનાં ધણીનાં મરણથી શોકમાં લાવી મુકવાને, તથા પોતાનું ગુજરાન કરનારા છત્રરૂપી ધણીને મરી જવા જેવું નસીબ પોતે બનાવેલું કે? કદી નહીં, એ બનાવો બનવાનાં ભેદ પાછળ કુદરતે **વખત** અને **સંજોગ,** સંજોગ તે કાંઇ સાદા સંજોગો નહીં, પણ મહાન ગ્રહોનાં આકર્ષણથી ઉત્પન્ન થયલા **સંજોગો** છે. ખુદ જગત્ત, નેબ્યુલીમાંથી સુર્ય, અને સુર્યમાંથી સર્વે ગ્રહ અને દુન્યા પેદા થઈ છે, અને દુન્યાવી માનવી તથા હરેક ચીજોને એ રીતે ગ્રહોનાં આકર્ષણ સાથે સંબંધ છેજ. સુખીઓ દુ:ખીઆની વાત જાણતો નથી, તે પોતે પોતાનાં સુખોથી એમજ સમજે છે કે, તેનામાં કાંઇ ખામી નથી, અને ગ્રહની કાંઇ અસરથી નહીં પણ પોતાની બુદ્ધી બળથીજ તે સુખી છે. તે કહે છે કે:—

"*I shall not be moved for I shall never be in adversity.*"

"મને જરા પણ અળવળ લાગવાની નથી, કારણ હું કદી પણ કોઇ જાતની નાચારી અને દુ:ખમાં આવી પડવાનો નથી."

આ શબ્દો કેટલા અહંકારથી ભરેલા છે, પણ કહેવત છે કે:— સદા ઝડપથીજ શરત જીતાતી નથી, જોરથીજ લડાઇ જીતાતી નથી, અક્કલમંદજ ભુખો મરે છે, અક્કલની દોલતવાલાને પૈસા મલતા નથી, હુન્નરનીજ કાંઇ સદા કદર બુજાતી નથી, પણ ફકત **"વખત અને ચાન્સજ"** તેઓમાં ફેરફાર કરે છે, યાને એ સર્વે બાબદોનો સારો તેમજ માઠો **ચાન્સનો** એક **વખત** આવે છે. ગ્રહ સેતારાની અસરથીજ તમામે તમામ કાર્ય માનવીઓ કરે છે, અથવા બનાવો બને છે, એવું ચોક્કસ અનુમાન થયું નથી. સત્ય તો એજ છે કે ગ્રહ તથા સેતારાઓ પોતાનાં ખવાસ અને તે વખતનાં વાઇબ્રેશનો પ્રમાણે, તે માનવીને તેવા વિચારો તરફ દોરવે છે, અગર માનવી જો સત્યને ચાહી સારી અથવા તો નાબ્દીક થઇ બુરી બાજુઓપર ઢળે છે, તો તેનો જવાબદાર તે પોતે છે. સત્ય એ છે કે:—

Stars act or incline but never compel.

(૫) રાશીઓની સમજણ.

રાશી મંડલ યાને બાર રાશીનાં વરતુલને અંગ્રેજીમાં **જોડીક** કહે છે. એ બાર રાશીઓનાં ચકરાવાની ૩૬૦° ડીગ્રી યાને અંશ છે, અને તેને બાર ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યા છે, તે દરેક ભાગને ઘર અથવા ભુવન કહે છે, એ બારે રાશીનો કોઠો નીચે પ્રમાણે જુદી જુદી ભાષાનાં તેનાં નામો સાથનો છે.

બારે રાશીઓના નામો.

	ગુજરાતી.	અંગ્રેજી.	સંસ્કૃત.	ફારસી.	અરબી.	ઝંદ.	દશાતીર.	લૅટીન.	અંગ્રેજી નીશાન.	શરીરનાં ભાગ.	ઇજીપશીયન.
૧	ઘેટું	ઍરીસ	મેષ	બરે	હમલ	ફરવરદીન	ચમકાટ	મીનરવા	♈	માથું મોઢું	Cohiac.
૨	ગાય	ટૉર્સ	વરખ	ગાવ	સૌર	અરદીબહેશત	ગામ	વીનસ	♉	ગળું	Tybi.
૩	જોડમુર્તિ	જીમીની	મિથુન	દોપેકર	જોવઝ	ખોરદાદ	દામરીર	સૅાલ	♊	ફેફસાં તથા હાથ	Mechir.
૪	કરચલો	કૅનસર	કર્ક	ખરચંગ	સરતાન	તીર	મરચંગ	મરકયુરી	♋	આંચળ	Phamenoth.
૫	સીંહ	લીઓ	સિંહ	શીર	અશદ	અમરદાદ	સાર	જ્યુપીટર	♌	હોજરી હાર્ટ	Pharmonti.
૬	કન્યા	વીરેગો	કન્યા	ખુશે	સોમબોલ	શહેરેવર	અદશેહ	સીરસ	♍	આંતરડાં અને પેટ	Pashons.
૭	કાંટો	લીબરા	તુલા	ત્રાજુ	મીજાંન	મહેર	તુલાર	વલકન	♎	કમ્મર અને ગુરદા	Payni.
૮	વીચ્છુ	સ્કોરપીઓ	વૃશ્ચિક	કઝદુમ	અકરબ	આંવાં	કાઝામ	માર્શ	♏	છુપી ઇંદ્રી	Epiphi.
૯	કામઠું	સૅગીતેરીસ	ધન	કમાન	કૌશ	આદર	ગમાર	દીએનાં	♐	જાંગ	Mesori.
૧૦	જંગલી બકરો	કેપ્રીકૉર્ન	મકર	બોઝ	જધ્ય	દેહે	મઝદ	વેસ્તા	♑	ગુડણ	Thoth.
૧૧	ડોલચું	એકવીર્શ	કુંભ	દુલ	દલવ	બહમન	દાલ	જુનો	♒	પગનાં ટેટાં	Paophi.
૧૨	માછલી	પીશીશ	મીન	માહી	હુત	અસપંદારમદ	રમીમ	નેપચુન	♓	પગનાં તળીયાં	Athyr.

ગુજરાતી પંચાગો વીગેરે સાધારણ વપડાસમાં હાલનાં સમે આપણે સંસ્કૃત નામો સાધારણ રીતે વાપડયે છીએ, જેથી આ પુસ્તકમાં સર્વ ઠેકાણે રાશીઓનાં નામ **મેષ, વરખ, મિથુન, કર્ક, સીંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, મીન**, એ પ્રમાણે રાખ્યાં છે.

બારે રાશીઓનાં રૂપ, રંગ, ખાસીયત, વીગેરે.

	રાશી નામ	જાત.	ખવાસ.	વખતનું અનુમાન.	અસર.	રંગ.	પંચાંગમાં નીશાન.
૧	મેષ	મરદ	આતશી	ટુંકો	ચર	સફેદ	♈
૨	વરખ	ઓરત	ખાકી	ટુંકો	સ્થીર	સફેદ અને પીળો	♉
૩	મિથુન	મરદ	પવન	ટુંકો	નપુષ્ક, દ્વિસ્વભાવ	લાલ	♊
૪	કર્ક	ઓરત	પાણી	લંબાણ	વૃધી કરનાર, ચર	લીલો અને ભુરો	♋
૫	સિંહ	મરદ	આતશી	લંબાણ	નપુષ્ક, સ્થીર	લાલ અને લીલો	♌
૬	કન્યા	ઓરત	ખાકી	લંબાણ	નપુષ્ક	કાળો અને બ્લુ	♍
૭	તુલા	મરદ	પવન	લંબાણ	ચર	લાલ અથવા કીરમજો	♎
૮	વૃશ્ચિક	ઓરત	પાણી	લંબાણ	વૃધી કરનારી, સ્થીર	ભુરો રંગ	♏
૯	ધન	મરદ	આતશી	લંબાણ	દ્વિસ્વભાવ	પીળો અને લાલ	♐
૧૦	મકર	ઓરત	ખાકી	ટુંકો	ચર	કાળો બ્રાઉન	♑
૧૧	કુંભ	મરદ	પવન	ટુંકો	સ્થીર	બ્લુ	♒
૧૨	મીન	ઓરત	પાણી	ટુંકો	વૃધી કરનાર, દ્વિસ્વભાવ	સફેદ	♓

રાશીઓ માટે આગળ જતાં વધુ ખુલાસો તથા ફળાદેષ લખ્યો છે.

(૬) ગ્રહો તેનાં જુદી જુદી ભાષામાં નામો.

	ગુજરાતી.	અંગ્રેજી નીશાન.	અંગ્રેજી.	ફારસી.	દશાતીર.	અરબી.	સંસ્કૃત.	હીબ્રુ.
૧	નેપચ્યુન	♆	નેપચ્યુન	....	....	......	......	....
૨	હરશલ	♄	હરશલ	....	....	......	......	....
૩	શની	♃	સેટર્ન	કેવાન	સનાશીર	ઝોહલ	મંદ	અશ–શેએ
૪	બ્રેષ્પટી	♂	જ્યુપીટર	અહુરમઝદ	બરહસ્ત્રી	મોશતરી	ભુસ્પતિ	કીમ–અંશ
૫	મંગળ		માર્શ	બેહરામ	બલરામ	મરીક	ભોમ્ય	અશ–લીશ
૬	સુર્ય	☉	સન	ખોરશેદ	હરામીદ	શમ્સ	અદીત્ય	અશ–શેદ
૭	શુક્ર	♀	વીનસ	નાહીદ	બનીદ	ઝોહરે	ભ્રુગુ	અશ–ઇશ
૮	બુધ	☿	મરક્યુરી	તીર	કલંગ	ઓતારદ	સૌભ્ય	અર–રાએ
૯	ચંદ્ર	☽	મુન	માહ	ફ્રામશીદ	કમર .	ઈંદુ	અશ–તીમ
	રાહુ	☊	મુનસનૉડ	....	....	......	......	....
	કેતુ	☋	મુનશટેલ	....	....	......	......	....

રાહુ તથા કેતુ કાંઇ ગ્રહો નથી પણ ફ્કત પૃથ્વીનાં ઉત્તર તથા દક્ષીણ ભાગનો કાલ્પીત છાંયો છે.

ગ્રહોનો વીસ્તાર.

ગ્રહ.	સુર્યથી છેટો મૈલ.	વીસતાર મૈલ.	કેટલા દીવસનું ગ્રહની ચાલનું વર્ષ.	ગ્રહનો એક દીવસ કેટલા કલાકનો હોય છે.	પોતાની. ઓરબીતમાં કલાકની ચાલ.	ગ્રહોનાં ઉપગ્રહ અથવા ચંદ્રો.
				કલાક મી૦	રેવોલ્યુશન	
બુધ	૩૫૩૯૨૦૦૦	૩૦૫૮	૮૮ દીવસ	૨૪—૫	૧૦૫૦૦૦	૦
ગુરૂ	૪૭૫૬૯૨૦૦૦	૮૪૮૪૬	૪૩૩૩ ,,	૯—૫૫	૨૮૭૪૪	૪
શુક્ર	૬૬૧૩૪૦૦૦	૭૫૧૦	૨૨૫ ,,	૨૩—૨૧	૭૭૦૫૦	૦
શની	૮૭૨૧૩૭૦૦૦	૭૦૧૩૬	૧૦૭૫૯ ,,	૧૦—૨૯	૨૧૨૧૧	૯
મંગળ	૧૩૯૩૧૧૦૦૦	૪૩૬૩	૬૮૭ ,,	૨૪—૩૭	૫૩૦૯૦	૨
હરશલ	૧૭૫૩૮૬૯૦૦૦	૩૩૨૪૭	૩૦૬૮૭ ,,	૯—૩૦	૧૪૯૬૮	૪
નેપચ્યુન	૨૭૪૫૯૯૮૦૦૦	૩૭૨૭૬	૬૦૧૨૭ ,,	…………	૧૧૯૫૮	૧
દુન્યાં	૯૧૪૩૦૦૦૦	૭૯૨૬	૩૬૫¼ ,,	૨૪—૦	૬૫૫૩૩	૧

ગ્રહોની બીજી વધુ વીગતો તથા ગુણદોષ અને ફળાદેષ આગળ આપી છે.

ગ્રહોની દૃષ્ટી યાને "એસપેકટસ."

આ ઉપર દરશાવેલા કોઠાવો માંહેલી ગ્રહોની અંગ્રેજી નીશાન તથા રાશીઓની અંગ્રેજી નીશાનો વીગેરે, તેમજ આ નીચે દરશાવેલી **એસપેકટસોની** નીશાની તથા સમજણ વીગેરે સર્વે બાબદ અભ્યાસીએ ઘણી ધ્યાનથી ગોખી રાખવી, કે જેથી કરીને, તેને આગળ જતાં તે યાદ રહેવાથી દરેક બાબદ તુરત સમજ પડે, કારણકે એ નીશાનીઓ મારફતેજ અંગ્રેજી પંચાંગ વાંચી શકાય છે, તથા ગ્રહોનાં અંશ અને તેની દૃષ્ટીઓ જાણવાથીજ સર્વે ભુત ભવિષ વર્તી શકાય છે, માટે એ બાબદ પુષ્કલ ધ્યાનમાં ગોખી રાખવાની જરૂર છે.

(૭) ગ્રહોની એસપેક્ટસો.

રાશી તથા ગ્રહોની ડીગ્રી (અંશ) તથા તેની દૃષ્ટી યાને એસપેક્ટસનો કોઠો.

એસપેક્ટસ.	દૃષ્ટીની ડીગ્રી.	પંચાગમાં નીશાન.	ફળ.	કેટલાં ભુવણનો તફાવત.
સેમી-સેક્ષતાઇલ	૩૦°	⊻	હમેશાં સારૂં	૧
સેમી-કવીનતાઇલ	૩૬°	⊥	જરાક સારૂં	૧ ૧/૫
સેમી-સ્કવેર	૪૫°	∠	હમેશ બુરૂં	૧ ૧/૨
સેક્ષતાઇલ	૬૦°	*	હમેશ સારૂં	૨
કવીનતાઇલ	૭૨°	Q	જરાક સારૂં	૨ ૧૨/૩૦
સ્કવેર	૯૦°	□	મહા બુરૂં	૩
ત્રાયન	૧૨૦°	△	ઘણુંજ સારૂં	૪
સેક્ષવી કવોડરેટ	૧૩૫°	⊡	ખરાબ	૪ ૧/૨
બાયકવીનતાઇલ	૧૪૪°	±	સહેજ સારૂં	૪ ૨૪/૩૦
કવીનકયુન	૧૫૦°	⊼	અસંભવીત	૫
ઓપોઝીશન	૧૮૦°	☍	મહા બુરૂં	૬
કંજંકશન	૩°	☌	સારૂં તેમજ માઠું ગ્રહનાં ગુણ પ્રમાણે	સમાગમ
પેરેલલ		P		એકજ અંશે સામંત્ર થાય.

આ એસપેકટસો બાબેની સમજણ નીચે પ્રમાણે છે :—

રાશી મંડલનાં વરતુલને અંગ્રેજીમાં "**જોડીક**" કરીને કહે છે, અને તેના ચકરાવાને **બાર ઘર** અથવા **ભુવન** કહેવામાં આવે છે. એ આખ્ખા ચકરાવાની ૩૬૦° (અંશ) છે, યાને દરેક ઘર ત્રીસ અંશનું હોય છે. પહેલાં ભુવનથી બીજું ભુવન તેને "**સેમી-સેક્ષટાઈલ**" (Semi-sextile) કહે છે, (જુવો ઉપલો કોઠો) તેમાં એ ૩૦નાં આંકને અંગ્રેજી નીશાન ⊻ મારફતેજ ઓળખવામાં આવે છે, તે પ્રમાણે અમુક ડીગ્રીનાં જુદાં જુદાં નામો અને નીશાનો ઉપલા કોઠામાં લખેલાં છે, જેનો ઉપયોગ આગળ જતાં સમજાવીશું, તેટલા તે ખુબ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

પેરેલલ (Parallel)=કોઇ પણ ગ્રહ બીજા ગ્રહની સીધી લીટીમાં, ઉત્તર તરફ અથવા તો દક્ષીણ તરફ જતો, એક સરખે અંશે (યાને એક સરખી ડીગ્રીની લેતીત્યુડમાં આવે) તેને **પેરેલલ** કહે છે.

કંજંકશન (Conjunction) એની અંગ્રેજી નીશાન ☌ આવી છે. એને સમાગમ અથવા સંયુતી કહે છે, જ્યારે સમાગમ થાય છે, ને તેમાં એક ગ્રહ બીજા ગ્રહની વરતુલની હદમાં આવે છે, ત્યારે તે લોકનો સમાગમ અથવા સંયુતી થાય છે, જે કેટલીક વખતે સારા ગ્રહો સાથે હોય છે, તો અતી સારૂં ફળ આપે છે, અને બુરા ગ્રહો વચ્ચે થાય છે, તો નેહેષ્ટ ફળ આપે છે. કંજંકશનો મુખ્ય કરીને નેહેષ્ટ ફળ આપે છે, અને સારાં કંજંકશનો તો ફકત થોડાજ છે, જે નીચે લખ્યાં છે.

ગુરૂ	સાથે	હરશલનું	કંજંકશન.
ગુરૂ	,,	રવી	,,
ગુરૂ	,,	શની	,,
ગુરૂ	,,	શુક્ર	,,
ગુરૂ	,,	બુધ	,,
ગુરૂ	,,	ચંદ્ર	,,
શુક્ર	,,	બુધ	,,
શુક્ર	,,	ચંદ્ર	,,
બુધ	,,	ચંદ્ર	,,

આ ઉપર લખેલાં કંજંકશનો સીવાય બીજાં હરેક કંજંકશનોનું ફળ ઘણુંજ ખરાબ જાણવું, અથવા સહેજ કોઈ વાર લાભ કરતુંબી હોય છે.

ઉપલા કોઠાની **એસપેકટસો** યાને દ્રષ્ટીઓમાં "**ઓપોઝીશન**" (Opposition) યાને સામસામી દ્રષ્ટીનું ફળ હમેશાં ઘણુંજ ખરાબ ગણવું, ઓપોઝીશનથી ઉતરતું ફળ હરેક જુદી જુદી એસપેકટસોનું છે, તેમાં મેષ, કર્ક, તુલા, મકર, આ ચાર રાશી માંહેલી કોઇબી રાશીમાં, કોઈપણ સારી કે માંઠી દ્રષ્ટી યાને એસપેકટસ કે સમાગમ

થાય, તેનું બળ સર્વોપરી, તેનાં સારા કે માઠાં ગુણ પ્રમાણે આપે, તેથી ઉતરતું ફળ વરખ, સીંહ, વૃશ્ચિક, કુંભ એ રાશીઓનું છે, અને તેથી પણ ઉતરતું ફળ મીથુન, કન્યા, ધન, મીનનું છે. દાખલા તરીકે "સ્કુવેર" યાને ૯૦° અંશની એસપેકટ જો મેષ, કર્ક, તુલા, કે મકર રાશીમાં થઇ હોય તો તેનું ફળ, મીથુન, કન્યા, ધન, મીનમાં થયલાં "ઓપોઝીશન" ની ખરાબમાં ખરાબ અસરની બરાબરી કરી શકે છે.

એક ગ્રહ બીજા ગ્રહથી કેટલી ડીગ્રી અથવા અંશ અને કેટલાં ઘરને તફાવટે છે, તે તપાસવાનો દાખલો :—

જેમ કે મેષ રાશી ૫° અંશની છે તો ત્યાંથી વરખ રાશી ૫° અંશની હોય તો, ૩૦° યાને એક ઘરનો તફાવત થયો, તો તેને સેમી-સેક્ષટાઇલ કહે છે. તેમજ વરખ રાશી ૨૦° અંશે હોય તો, ત્યાંથી ચોથી રાશી કન્યાં ૨૦° અંશે, ૧૨૦° અંશ અથવા તો ચાર ભુવનને તફાવતે છે, તેને "ત્રાયન" કહે છે, એ પ્રમાણે ગ્રહો કેટલે તફાવતે એક રાશીથી બીજી રાશીમાં બેઠા છે, અને તેનું ફળ તે સારૂં અથવા નઠારૂં આપશે, તે પીછાણવા માટે ઉપર લખ્યા પ્રમાણે ઉપળા કોઠામાં જણાવેલી એસપેકટસોનો ઉપ્યોગ કરવો, તથા તે ખુબ ધ્યાનમાં રાખી વિવેચન કરવું.

કંજંકશન (Conjunction) યાને એક ગ્રહ બીજા ગ્રહ સાથે સમાગમમાં કેટલે અંશે આવેલા હોય ત્યારે યુત્તી કરે, તેની ગણત્રી રાશીનાં અંશ ઉપર નહીં, પણ ગ્રહનાં પોતાનાં અંશબળ યાને ડીગ્રી ઉપર રહે છે. હરેક ગ્રહનાં કંજંકશન માટેનો તેની લાઇટનો છેટો તથા વરતુલ જુદો જુદો હોય છે, જે વરતુલનાં પ્રકાશને **"ઓરબ્સ"** (Orbs) કહે છે, હરેક ગ્રહનાં કંજંકશન માટેના તફાવટની ડીગ્રીનો **"ઓરબ્સ"** (Orbs) યાને, તે ગ્રહની લાઇતનાં વરતુલનો ઘેરાવો જુદો જુદો રહે છે. તે નીચે પ્રમાણે છે :—

હરશાચલ	૮°	અંશ	બુધ	૮°	અંશ
શની	૮°	,,	ગુરૂ	૧૦°	,,
મંગળ	૮°	,,	રવી	૧૭°	,,
શુક્ર	૮°	,,	ચંદ્ર	૧૨°	

જન્મપત્રીકા માટે જન્મ કુંડલી કાઢે છે, તે વખતે દરેક રાશીની ડીગ્રીનો અંશ કાઢવા ઉપરાંત ગ્રહનો પણ અંશ યાને ડીગ્રી કાઢેલી હોય છે, જેમ હરેક રાશી ત્રીસ અંશ બળ ધરાવે છે, તેમ હરેક ગ્રહ પણ ત્રીસ અંશ બળ ધરાવે છે, હવે કંજંકશન કયારે થાય છે, તેનો દાખલો :—

જ્યારે એક ગ્રહ ફરતો ફરતો બીજા ગ્રહની નજદીકમાં આવે છે, ત્યારે તેઓની લાઇટનો ઓળો એક બીજાપર પડે છે તેને કંજંકશન કહે છે, હવે ધારો કે જન્મ કુંડલીમાં સુર્ય ૧૭° અંશનો છે, અને બુધ તેની નજદીક આવીને કંજંકશન કરે છે, તો ઉપર લખેલા ગ્રહનાં "ઓરબ્સ" (Orbs) પ્રમાણે, સુર્યની ૧૭° હોય છે, તેની સાથે બુધની ૮° એ બેઉનો સરવાળો કરવો, તો ૧૭° × ૮° = ૨૫° થયાં, હવે એને અરધા કરી નાખવા, અથવા બે એ ભાગી નાખવા, તો સાડાબાર ડીગ્રી અથવા અંશ થઇ, હવે જ્યારે બુધ ફરતો ફરતો સુર્યથી સાડાબાર ડીગ્રી જેટલે છેટે, નજદીક આવી લાગે, ત્યારે કંજંકશન શરૂ થયલું કહેવાય અને સાડાબાર ડીગ્રીથી વધારે ડીગ્રી જ્યારે આગળ અથવા પાછળ જે કોઇ ગ્રહ જાય, ત્યારે **"સેપરેશન"** (Separation) યાને કંજંકશનનો છુટકારો થયલો જાણવો, એજ પ્રમાણે જેબી કોઈ ગ્રહ એક બીજા ગ્રહની પાસે આવી કંજંકશન કરતો હોય તો, **તે બેઉ ગ્રહના ઓરબ્ની ડીગ્રીઓનો સરવાળો કરી, તેના અરધા ભાગે, જ્યારે તે ગ્રહ નજદીકમાં આવે, ત્યારે કંજંકશન થયલું જાણવું.**

ચેતવણી :—આગળ આપેલી હરેક **નીશાનો** અને કોઠાઓ, તથા સર્વે બાબદો, વાંચનારે પકી રીતે અભ્યાસ કરી મનમાં ઠસાવી મેળવી, કારણકે આગળ જતાં એ બાબદો વારંવાર આવ્યા કરશે, તે વખતે એક બાબદ અને એક ગુણ, બીજી બાબદ અને બીજાજ ગુણમાં ભેલમભેલ નહીં થઇ જવા પામે, તથા જ્યોતીષીથી ભવિષ્ય બરાબર રીતે જોવાઇ શકાય, માટે એટલી બાબદોની **"ટેકનીકલ"** નીશાનો તથા તેનાં ગુણદોષની તથા આગળ આપેલાં રાશી અને ગ્રહ તથા એસપેકટસોના કોઠાઓની પુરતી માહીતી મેળવ્યા પછી,


આગળ અભ્યાસ વધારવો, નહીં તો પાછળ ઘણી ગુંચવણો ઉપજવાનો સંભવ રહેશે, માટે એ બાબદો ખુબ ધ્યાનમાં ઉતારી લેવાની જરૂર છે.

(૮) જ્યોતીષ કુંડલી તથા તેનાં બાર ભુવનો.

જન્મપત્રીકામાં હાલની રૂઢીએ ઘણીક ચીજો લખેલી હોય છે તેમાં મુખ્ય પહેલે તો જન્મ દીવસ, વાર, જન્મનો વખત વીગેરે લખેલો હોય છે, એ કુંડલી અંગ્રેજી પ્રમાણે એ ઢપની બનાવવામાં આવે છે, અને તેમાં બાર ભુવનો યાને બાર ઘરો દેખાડવામાં આવે છે, એ કુંડલીનાં વીસ્તારમાં જન્મો જન્મથી ગ્રહો ફરતા રહેલા છે, તથા માનવીના જન્મ વખતે, તેઓ જે જે ભાગમાં હોય, તે ભુવનમાં તેમની હકુમત થાય છે, કુદરતમાં ગ્રહો એ આસમાંનનાં બારે બુરજોમાં પોતપોતાની માલેકી ધરાવે છે, અને ઘણીક વખતે ફરતાં ફરતાં તેઓ પોતાના ભુવન અને ત્યાંથી નીકળી, મીત્ર તથા શત્રુ ભુવનોમાં ફરીને, પોતાનો ફેરાવાનો ચક્ર પુરો કરે છે, એ પ્રમાણે આકાશને બાર ભાગમાં વ્હેંચી નાંખી તેને રાશી મંડલ યાને "જોડીયાક" એવું નામ આપ્યું છે, તે રાશી મંડલનાં દરેક ભાગને તેની રાશીનું મથક ઠેરવેલું છે, જે રાશીઓને લગતો કોઠો વાંચવાથી માલમ પડશે. એ રાશીઓનો જે નકશો જન્મ વખતે બનાવવામાં આવે છે, તેને હોરોસકોપ યાને ટપકો કહે છે, તેનાં બે આકાર હોય છે, કોઇ સવળતા માટે ગોળ અને કોઈ ચોરસ રીત પસંદ કરે છે, અત્રે સવળતાને અર્થે ગોળ કુંડલી પસંદ કરવામાં આવી છે.

કુંડલીની સમજણ:—આવી રીતે ગોળ કુંડલી દોરવાથી વધારે સવળતા પડે છે. વચલા મધ્ય કુંડાલામાં જન્મનો વખત લખવામાં આવે છે, તેની સાથેજ તારીખ તથા વર્ષ અને બની શકે તો નામ પણ લખવામાં આવે છે, તેની આગળનાં ચક્રમાં ૧ થી ૧૨ સુધીનાં અંક છે તે બારે ભુવન દેખાડે છે, તેની પછીનાં મોટા ભાગનાં ચકરાવામાં ગ્રહો લખવામાં આવે છે, અને સૌથી બાહેરનાં ગોળ ફેરાવાની અંદર દરેક લાઇન કે જે દરેક ભુવનનો કશ ગણાય છે, તે કશની લાઇનને છેડે રાશીઓ લખાય છે.

આકૃતિ પહેલી.



આ ઉપર પાડેલી આકૃતિમાં બાર વિભાગ કર્યા છે, જ્યારે રોજ પુર્વમાં સુર્યનો ઉદય થાય છે, ત્યારે તે પહેલા નંબરવાલા ઘરમાં, બારમાં અને પહેલાં ભુવન વચ્ચે જે આડી દબલ લીટી છે, તેને પહેલાં ભુવનનું **કશ** કહે છે, ત્યાં ઉગે છે, અને દુન્યાનાં ફરવા સાથે તે આપણને આગળ વધતો બારમાં ઘરપર દેખાય છે, પછી અગ્યારમાં અને પછી જ્યારે દશમાં ભુવનમાં આવે છે ત્યારે મધ્યાંન બપોર યાને **મેરીડીયન** ઉપર આવે છે, અને એજ પ્રમાણે સુર્ય સાંજે અસ્ત

પામતી વખતે, સાતમાં ભુવનમાં યાને પશ્ચિમ દીશામાં આવે છે, તે રાતનાં બાર વાગે બરાબર ઉત્તર એટલે ચોથાં ઘરમાં હોય છે, અને સહવારે પાછો પુર્વ તરફ આગળ વધતો, પહેલાં ઘરમાં જેવો દેખાય છે, તેવો સુર્ય ઉદય થયો એમ કહેવાય છે. જોકે દેખઇતી રીતે તો જાણે સુર્ય ફરતો અને ભુવનો બદલાતો માલમ પડે છે, પણ ખરી રીતે તો આપણી દુન્યાનાં ફરવાથી એમ લાગે છે. હવે બાળકનાં જન્મ વખતે, જન્મ કુંડળી કાઢવા અથવા તો કોઈ એકાએક કંઈ જ્યોતીષીને સવાળ પુછે, તે વખતની કુંડળી **અટકલે કાઢવા માટે** ઉપલી રીત સાધારણ અને સરળ છે, પણ તેમાં ચોક્કસ અંશ કે ડીગ્રીનું પ્રમાણ મળી શકતું નથી, પણ સહેજ સાધારણ ગ્રહો અમુક સ્થાને છે, એટલુંજ માલમ પડી શકે છે. ધારો કે એક બચ્ચાંનો જન્મ સહવારે દશ વાગે થયો, તો રવી તે વખતે આ દશ ભુવનમાં કેવે ઠેકાણે હોવો જોઇયે. જ્યારે સહવારે રવી ઉદય થાય ત્યારે ઉદયના વખતથી બે કલાક સુધી, તે પોતે જે રાશીનો હોય તે રાશી સાથે પહેલાં ભુવનમાં બે કલાક રહે, પછીથી બે કલાક બારમાં ભુવનમાં અને પછીથી અગ્યારમાં ભુવને રહે અને મધ્યાંન થતાં બરાબર બારને ટકોરે મધ્ય આસમાનમાં કુંડલીનાં દશમાં ભુવનમાં આવે જ્યાંથી બે કલાક રહી આગળ જતાં, એવી રીતે ચોવીસ કલાકમાં તે પાછો પોતાનાં ઉદય થવાની જગ્યાએ આવી, બીજે દીવસે ઉદય થાય છે. એ બાબેની સમજણ આગળ જતાં વધુ ખુલાસાથી આપીશું. એ બારે ભુવનો યાને ઘરો શું શું બાબદો દરશાવે છે, તથા તે ભુવનો મારફતે શું શું બાબદો જોવી તેની સમજણ પહેલાં લેવાની જરૂર છે, જે નીચે પ્રમાણે છે :—

(૯) બાર ભુવન અને તેની સમજણ.

પહેલું ભુવન:—આ ઘરની હકુમત જે કોઈ માણસની જન્મ કુંડલી અથવા ટપકો હોય, તેનું પોતાનું શરીર, સ્વરૂપ, વીગેરે દરશાવે છે. વળી એ ઘરમાં જેમ સુર્ય દુન્યામાં ઉગે છે તેમ માનવીનો સુર્ય યાને જીવ જન્મ રૂપ લે છે, અને જેમ સુર્ય મધ્યાંનમાં જાય છે તેમ તે માનવી પોતાની કીર્તીએ ઉંચાણમાં ચઢે છે, જ્યારે સુર્ય જેમ અસ્ત થાય છે, તેમ માનવીની જીંદગીનો પણ અસ્ત થઈ અંત આવે

છે, ત્યારે તે માનવી મરણ પામે છે. એ ભુવનની હકુમત તેનાં ખવાસ, મનશક્તિ વીગેરેપર પણ અસર કરે છે, અને ખાસ કરીને એ ભુવનને **જન્મ લગ્ન** કરીને પણ કહે છે, તથા "તનુંભુવન" કહે છે, યાને શરીરને લગતું ભુવન પણ કહે છે. એ ભુવનમાં જન્મકાળે જે રાશી આવે, તે રાશીનાં જે ગુણદોષ આગળ આપ્યા છે, તેવા ખવાસવાલું, અને રીત રૂઢી તથા વિચાર આચારવાલું, તથા કદ સાઇઝ વીગેરે તે રાશીનાં જણાવેલા ગુણ પ્રમાણેનુંજ હોય છે, પણ જો કોઇ ગ્રહ તે રાશીમાં બેઠેલો હોય છે, ત્યારે તે ગ્રહને લગતી ખાસીયતો, તે માનવીમાં ઉતરે છે, જે તે રાશીમાં આવેલા ગ્રહને લગતી જે બાબદો આગળ આપી છે. તેપરથી જોવી. વળી કોઇ પાપ ગ્રહ જેવો કે શની, મંગળ, રાહુ એવા ગ્રહ જો પહેલાં ભુવને જન્મકાળે આવે તો, મોઢાંપર કે માથાંપર કંઈ તળ નીશાન, ઘા, અથવા લાંછન હોય છે, એ પ્રમાણે અમુક રાશીમાં અમુક ગ્રહ જે અસરો આપે છે, તે પાછળ લખ્યું છે. એ ભુવન મારફતે, રૂપ, લક્ષણ, રંગ, સ્વભાવ, ગુણ અને સુખ દુઃખ, તથા પોતાની દેહને લગતી સર્વે હકીકત, અકસ્માત, વીગેરેને લગતા જવાબો મળે છે, તે ઉપરાંત ભાઇઓનાં મીત્ર, રાજાઓનાં બાપ, દુશમનો અથવા ભાગીદારોની સ્ત્રી, નોકરનું મોત, પોતાનાં ફરઝંદની લાંબી મુસાફરી, ભાઇઓનાં દોસ્તો, અને ખુદ પોતાનાં વીચારો વીગેરે બાબદને લગતી સર્વે બાબદનું ભવીષ્ય એ ભુવનથી વર્તી શકાય છે, એને અંગ્રેજીમાં **એસેનડંત** કહે છે.

બીજું ભુવન :—આ ઘર પૈસા સંબંધીનું છે, એ મારફતે ધન દોલત, કુટુંબ, મુખ, વાણી, જમણી આંખ, વિદ્યા, તેમજ ગરીબાઇ, ખોટ, લાભ, ધીરધાર, દુશમનોની દોલત, તથા ખોટ, ભાઇ બેનનાં ખાનગી દુશમનો, બાપનાં મીત્રો, વેપાર, અને બચ્ચાંઓની આબરૂ, બૈરીનું મોત, ધણીનો ભાગ્યો અથવા જાહેર દુશમન વીગેરે બાબદોને લગતા સર્વે જવાબો મળે છે, એ ભુવનને **"ધન ભુવન"** કહે છે.

ત્રીજું ભુવન :—આ ભુવનમાં વડા ભાઇ ભાંડું, પાર પડોશી, પ્રાક્રમ વીષે, ઔષધ વિષે, સહાયતા વીષે, ગળાં અને છાતી વીષે, જમના કાન વીષે, ટુંક મુસાફરીઓ, કાગજ પત્રનાં વહેવાર વીષે,

અક્કલ વીષે, ખુવાબ વીષે, દેવ દેહડાં, મહેતા મુનશી વીષે, દોસ્તદારનાં બચ્ચાં વીષે, પોતાનાં બચ્ચાંનાં મીત્રો વીષે, કાસદ ખેપ્યા વીષે, નોકરના રોજગાર વીષે, રાજાઓની માંદગી વીષે, તથા બાપનાં ખાનગી દુશ્મનો વીષે, જોવામાં આવે છે, તથા તેને લગતા સર્વે ખુલાસાનો જવાબ મળે છે, એ ભુવનને "**ભાંડુસ્થાન**" અથવા "**પ્રાક્રમભુવન**" પણ કહે છે.

ચોથું ભુવન:—આ ભુવનમાં ઘર ખેતર બાપ (અંગ્રેજી પ્રમાણે આ ભુવનમાં બાપને લગતું અને ખાસ કરીને બાપને અસર કરનારૂં લેખવામાં આવે છે) સ્થાનક વૃધ્ધી વીષે, ભોજન વીષે, ગાડી ઘોડા પાલખીનાં સુખ વીષે, હરૂદય વીષે, આસન અથવા બેઠક વીષે, સુખ વીષે, જમીન ખેતર, શહેર, ગામ, છુપો ખજાનો, બાગ બગીચો, તેમજ દરેક કાર્યનું શું સેવટ આવશે તેનો જવાબ, પહેલા ભાઇ અથવા પહેલી બેનની દોલત, પોતાનાં બચ્ચાંનાં છુપા દુશમનો, વર અથવા બાયડીનાં જાહેર દુશમન, તથા વેપાર, વારસો હીસ્સો અથવા મુવેલાંનો માલ, દોસ્તોની માંદગી, નોકરોનાં મીત્ર, વીગેરે બાબદોનો ખુલાસો મળે છે. એને "**સુખ ભુવન**" કહે છે.

પાંચમું ભુવન:—પુત્ર વીષે, બુદ્ધી વીષે, મંત્ર વીષે, ભોજન વીષે, હૃદય વીષે, ગર્ભ વીષે, બાપની દોલત વીષે, પહેલાં ફરઝંદની તંદરૂસ્તી તથા દેખાવ વીષે, ખેપ્યા અથવા કાસદની ફત્તેહ વીષે, મોજ મજાહ વીષે, ચાલચલણ વીષે, સોરતી સટ્ટા વીષે, જુગાર વીષે, ઘોડાની અથવા દોડવાની સરત વીષે, ગાણુતાણુ, વાજીંત્ર વીષે, ઢોંગીલાપણા, રમુજ, નાટક, પાનાંની રમત વીગેરે વીષે, બીજા ભાઇ વીષે, અથવા બીજી બેન વીષે, રાજાઓનાં મોત વીષે, અને નોકરોનાં ખાનગી દુશમન વીષે, દરેક ખુલાસો મેળવી શકાય છે. એને **પુત્રસ્થાન** પણ કહેવામાં આવે છે.

છઠું ભુવન:—આ ભુવનમાં રોગ, શત્રુ, દુ:ખ દરદ, મોશાળ પક્ષ, ચોર, વીંધન, કલેશ, ઘા લાગવા વીષે, ખાધાનાં ટેસ્ત વીષે, નોકર ચાકર, તથા હાથ નીચેનાં માણુસો વીષે, હલકા માણુસો વીષે, નાનાં જાનવરો વીષે, કાકાઓ વીષે (ગુજરાતી પ્રમાણે મામાઓ વીષે), કાકીઓ વીષે, ભાડુત વીષે, ખેડુત વીષે, પહેલાં ફરઝંદની પૈસા

સ્થીતી વીષે અને દરેક મજદુરી વીષેનાં સવાળોનાં જવાબ આ ઘર મારફતે મેળવી અને જાણી શકાય છે. એને રોગ શત્રુનું ઘર પણ કહે છે.

સાતમું ભુવન:—આ ભુવનમાં લગ્ન વિવાહ, સ્ત્રી, જવા આવવા વીષે, ખોવાયલી ચીજ વીષે, કોર્ટ દરબારનાં કજ્યા વીષે, દરેક પ્યારની બાબદ વીષે, બૈરી અથવા વરની ખાસીયત અને ગુણ વીષે, ચોરી ચગારી વીષે, નાસભાગ વીષે, મોટાબાવા વીષે, કન્ત્રાકટ, ભાગીદારી, દંડ, શેર સટ્ટાની દલાલી વીષે, કેસ કોણ જીતશે તે જોવા વીષે, લડાઇ વીષે, ત્રીજા ભાઈ અથવા બહેન વીષે, બીજાં ફરઝંદ વીષે, ડોકટર વીષે, જે માણુસ સાથે કંઇબી વહીવટ કે બાબસતા રાખ્યે તેના વીષે, જાહેર દુશમનો વીષે, ભાઇનાં બચ્ચાં વીષે, બાપનાં ઘરબાર વીષે, ગરીબ લોક અથવા નોકરોની એરંકેયામત વીષે, રાજાઓનાં માન વીષે, દોસ્તોનાં ધર્મ વીષે, અને દોસ્તોની લાંબી મુસાફરી વીષે, સર્વે બાબદનો ખુલાસો મળે છે. એને **સ્ત્રી ભુવન** કહે છે.

આંઠમું ભુવન:—આ ભુવનમાં મોત વીષે, કષ્ટ દુઃખ વીષે, વારસા હીસ્સા વીષે, જીંદગીની લંબાઇ વીષે, છુપા ભાગ વીષે, મોતનાં કારણ વીષે, મોતની જગ્યા વીષે, આપઘાત વીષે, બૈરીનાં પૈસા વીષે, વીલ, ભાગીદારની દોલત, નોકર ચાકરનાં ભાઇ બેન વીષે, ત્રીજા ભાઇની દોલત વીષે, પહેલા ભાઇ કે બેનની માંદગી વીષે, ધર્મગુરૂનાં દુશમનો વીષે, રાજાના મીત્રો વીષે, જડજ અને મોટાં માણુસ અથવા શેઠનાં મીત્રો માટે, ખાનગી દુશમનોના ધર્મ માટે અને બીજી બાબદોનાં જવાબ મેળવી શકાય છે. એને **અષ્ટમેષ** અથવા **આયુષ્યસ્થાન** પણ કહે છે.

નવમું ભુવન:—આ ભુવનમાં ભાગ્ય, ધર્મ દાન, તથા ગુરૂ, લાંબી મુસાફરી, પરદેશ, ધર્મગુરૂ, ચોપડી, લાભ, છાપકળા, ઈન્શયુરન્સ, વિદ્યા, સાયન્સ, ભક્તિ, ખુવાબ, અપસગન, પોતાનો ધર્મ, ત્રીજું ફરઝંદ, તથા પહેલા ભાઇના જાહેર દુશમનો, કોર્ટ કજ્યા, ભાગીદારી અને બાપની માંદગી, બાપનાં નોકર ચાકર કે ભાડુત, સાળા કે સાળી, નોકર ચાકર કે ભાડુતનું સુખ, જાહેર દુશમનોનાં ભાઇ વીષે, દોસ્તદારોના મીત્રો વીષે, રાજાનાં ખાનગી દુશમનો વીષે, અને એવીજ બીજી બાબદોનો ખુલાસો જણાય છે. એ ભુવનને **ભાગ્ય ભુવન** પણ કહે છે.

દશમું ભુવન:—આ ભુવનમાં રાજા, જડજ, સરકાર, કર્મ, કીર્તિ, માન ઇજત, આબરૂ, રાજયલાભ, ધંધો રોજગાર, નોકરી, માતા વીષે (અંગ્રેજી પ્રમાણે માતા અને ગુજરાતી પ્રમાણે બાપનું એ ભુવન લેખાય છે). રાજા, અમીર, સસરા, ચોરો જે કાંઇ ચોરી લઈ ગયા હોય તે વસ્તુ, સાતમાં સ્ત્રી ભુવનનાં બાપ અથવા ઘર વીષે, બાપનાં જાહેર દુશમનો વીષે, પહેલા ભાઇ અથવા બેનનાં મોત વીષે, નોકર કે ભાડુતનાં પહેલાં ફરઝંદ વીષે, પોતાનાં પહેલાં ફરઝંદની માંદગી વીષે, મીત્રોનાં ખાનગી દુશમનો વીષે, તેમજ પોતીકા ખાનગી દુશમનોનાં મીત્રો વીગેરે, સર્વે બાબદ જોવામાં આવે છે. એ ભુવનને **કર્મ ભુવન** પણ કહેવામાં આવે છે.

અગ્યારમું ભુવન:—આ ભુવનમાં લાભ, આશા, અકસ્માત, સંજોગ, ઇચ્છા, પગ, ડાબો કાન, મોટાઈ, મીત્રો, સલ્લાહકાર, રાજાની દોલત, પહેલા ભાઇ કે બેનનો ધર્મ વીચાર, પોતાની પાંચમી બહેન અથવા ભાઇનું રૂપ રંગ, ખવાસ, બાપનું મોત, પોતાનાં છોકરાંના જાહેર દુશમનો, પોતાનાં દીકરાની સ્ત્રી, તથા ભાગ્યો વિગેરે, સાવકાં બચ્ચાં, ભાઈ અથવા બેન અથવા પાર પડોશીની લાંબી મુસાફરી વીગેરે સર્વે બાબદોનો ખુલાસો આ ઘર મારફતે મેળવી શકાય છે. એને **લાભ ભુવન** પણ કહે છે.

બારમું ભુવન:—ખરચ, નુકસાન, હાંની, ખાનગી દુશમન, દંડ, કેદ, ચોર લુટારાનો ભય, દોજખ, ડાબી આંખ, સુવાનું ઠેકાણું, બેઉ પગના તળીઆં, દલગીરી, આફ્ત, અદેખાઇ, દુશમની, આપઘાત, રાજદ્રોહી, ખુન વીગેરે, તેમજ પહેલા ભાઇનો ધંધો, બૈરી અથવા વરની સીકનેસ, બાપનાં ધર્મ વીચાર, બચ્ચાંનું મોત, રાજાનાં ભાઇબંધો, બાપની લાંબી મુસાફરી વીગેરે સર્વે બાબદોનો ખુલાસો આ ઘર મારફતે મેળવી શકાય છે. એને **ખર્ચ ભુવન** કહે છે.

એ પ્રમાણે ઉપલાં બાર ભુવનો મારફતે સર્વે જાતનાં સવાળો જોવામાં આવે છે, તથા તેનું ભવીષ્ય વર્તવામાં આવે છે.

પહેલું ભુવન તન સુખ, બીજું પૈસા, ત્રીજું ભાઇબંધ, ચોથું માબાપ, પાંચમું ફરઝંદ, છઠું માંદગી, સાતમું સ્ત્રી, આંઠમું મોત, નવમું ભાગ્ય, દશમું કર્મ, અગ્યારમું લાભ અને બારમું ખર્ચ ભુવન છે, તે **જન્મકાળે** જે માનવીની જન્મ કુંડળી કાઢયે તે માનવીને માટે સર્વે બાબદો જોવી, જેમકે જન્મેલાં બાળકની જન્મ ઘડી પળ પ્રમાણે કુંડળી કાઢી, ગ્રહ વીગેરે સર્વે તેમાં ગોઠવ્યા પછી બચ્ચાંની જીંદગી માટે જોવાનું છે, તો પહેલું ભુવન તે બચ્ચાંનું શરીર, આંઠમું તે મોત અને છઠું તે માંદગી એ ત્રણે ભુવનનો વીચાર, તેમાં રહેલા ગ્રહ રાશી વીગેરે તથા તેઓને થતી **એસપેકટસો** મારફતે જોવું. એ પ્રમાણે ધારો કે તેના મીત્ર માટે જોવું છે, તો અગ્યારમું ભુવન જાણવું, જો તેના ખાનગી દુશમન જોવા હોય તો બારમું, જો બચ્ચાંનું સુખ જોવું હોય તો પાંચમું, ધંધો જોવો હોય તો દશમું અને પૈસા સંબંધી જોવું હોય તો બીજું ભુવન, એ પ્રમાણે જોવું. **પશ્નનકાળે** જેબી કાંઇ ચીજ અથવા સવાળ પુછયો હોય તો, જે પહેલું ભુવન તે ખુદ. સવાળનું તન યાને બંધારણ, બીજું ભુવન તે, તે સવાળ સંબંધી પૈસાની સ્થીતી, ત્રીજું ભુવન તે સવાળની બાબદ માટે કરવામાં આવેલાં લખાણપત્ર, એ પ્રમાણે સર્વે બીના **હોરારી એસ્ટ્રોલોજીમાં** આપી છે, તે પ્રમાણે જોવું.

એ પ્રમાણે કુંડળીમાં દેખાડેલાં બાર ભુવનો, હરેક માનવીની જન્મ કુંડળીમાં હોય છે, અને તેમાંથી તે માનવીને લગતી સર્વે, ઉપર દરશાવવા મુજબ, ઉપલાં બાર ભુવનમાં દરશાવેલી બાબદોનો ખુલાસો, તે ભુવનોમાં રહેલી રાશીઓ, તેમજ તે ભુવનોમાં રહેલા ગ્રહો, તથા તે ગ્રહોની દૃષ્ટી અથવા **એસપેકટસોના** સારાં નરસાં ફળ પ્રમાણે કહેવામાં આવે છે. એ સર્વે બાબદ કેમ જોવાની તે આપણે આગળ સવાળનાં પ્રકરણમાં લખીશું, તેમજ **હોરારી** સવાળોનાં જવાબોમાં ભાગ બીજામાં જોવું.

(૧૦) બાર ભુવનોનાં નામની સમજણ.

પહેલું, ચોથું સાતમું અને દશમું, એ ભુવનોને **કીનદ્રસ્થાન** (Angles) કહે છે અને તેઓ એક બીજાથી ૯૦° અંશપર આવેલાં

છે. એને અંગ્રેજીમાં **એનગલ્સ** કહે છે, અને એ ઘણાં બળવાન ભુવનો છે, ખાસ કરીને પહેલું તથા દશમું ભુવન ઘણાંજ જરૂરનાં છે.

પહેલું, પાંચમું અને નવમું એ ત્રીકોણ યાને ૧૨૦° અંશપર એક બીજાથી છે કારણકે પેહેલા ઘરથી પાંચમું ૧૨૦° અંશે છે, અને પાંચમાંથી નવમું ૧૨૦° અને નવમાંથી પહેલું ૧૨૦° અંશ એમ ૩૬૦° નું આખ્ખું જોડીકનું સરકલ પુરૂં થાય છે.

ત્રીજું, છઠું નવમું અને બારમું, એ ભુવનોને **અપોકલીમ** ભુવન કહે છે, તથા અંગ્રેજીમાં એને **કેદંતસ** (Cadents) કહે છે.

બીજું, પાંચમું આંઠમું અને અગ્યારમું, એ ઘરોને **પણફર** યાને અંગ્રેજીમાં **સકસીદનટસ** (Succeedents) ભુવનો કહે છે.

પહેલું, ચોઠું, સાતમું અને દશમું, એ ઘરોમાં જો સારા ગ્રહો જેવા કે ગુરૂ, શુક્ર, ચંદ્ર, બુધ બેઠા હોય તો સારૂં ફળ આપે, ને પાપગ્રહ હોય તો સારા નહીં. ચોથામાં શુક્ર અથવા ચંદ્ર બળવાનગણાય છે.

છઠું, આઠમું અને બારમું. એ ખાડાનાં ઘર ગણાય છે, એને નેહેષ્ટ સ્થાન કહે છે, અને એમાં ગ્રહો પડેલા ફળ આપતા નથી. સાતમાં ભુવને શની બળવાન કહેવાય છે, દશમાં ભુવને મંગળ તથા રવી ઘણાંજ બળવાન ગણાય છે.

પહેલું, પાંચમું અને નવમું, એ સારા ગ્રહો સારૂં ફળ આપે છે, દશમું ભુવન, જેને મેરીદીયન યાને મધ્ય આકાશ કહે છે, અને જે કોઇ ગ્રહ આકાશનાં મેરીદીયનની નજદીમાં હોય તેટલો સારો ગણેલો છે. પાપગ્રહ પણ સારૂં ફળ થોડો વખત આપે છે ને પછી પડતી દશા કરે છે.

(૧૧) ગ્રહોનું ઊંચ નીચ બળ.

દુન્યાનાં રાશી મંડળનાં બાર ભુવન છે, તે બારે રાશીઓનાં માલેક યાને ધણી ગ્રહોને નેમવામાં આવેલા છે, તે ગ્રહો, ચોક્સ ભુવનનો ચોક્સ ગ્રહ માલેક છે, અને એ ગ્રહો પોતાનાં ભુવનથી સાતમે ભુવને જે રાશીમાં આવે તે રાશી તેઓના શત્રનું ભુવન ગણાય જેથી તેઓ ત્યાં ખાડામાં પડેલા જેવા જાણવા. દરેક ગ્રહને પોતાને માટે બે ભુવનો આપેલા છે, ફકત રવી અને ચંદ્રને એકેકુંજ ભુવન છે. જુવો કોઠો :—

ઊંચ નીંચનો કોઠો.

રાશી.	ઊંચના ગ્રહ.	માલિક ગ્રહ.	ત્રીપ્લીસીટી.	ટર્મ્સ (Terms.)					ફેસીસ (Faces.)			અસ્ત.	નીંચ.
મેષ	રવી ૧૯°	મંગળ	રવી ગુરૂ	ગુરૂ ૬°	શુક્ર ૧૪	બુધ ૨૧	મંગળ ૨૬	શની ૩૦	મંગળ ૧૦	રવી ૨૦	શુક્ર ૩૦	શુક્ર	શની ૧૫°
વરખ	ચંદ્ર ૩°	શુક્ર	શુક્ર ચંદ્ર	શુક્ર ૮	બુધ ૧૫	ગુરૂ ૨૨	શની ૨૦	મંગળ ૩૦	બુધ ૧૦	ચંદ્ર ૨૦	શની ૩૦	મંગળ	કેતુ ૩° હરશાચલ
મીથુન		બુધ	શની બુધ	બુધ ૭	ગુરૂ ૧૪	શુક્ર ૨૧	શની ૨૫	મંગળ ૩૦	ગુરૂ ૧૦	મંગળ ૨૦	રવી ૩૦	ગુરૂ	
કર્ક	ગુરૂ ૧૫°	ચંદ્ર	મંગળ મંગળ	મંગળ ૬	ગુરૂ ૧૩	બુધ ૨૦	શુક્ર ૨૭	શની ૩૦	શુક્ર ૧૦	બુધ ૨૦	શની ૩૦	શની	મંગળ ૧૭°
સીહ		રવી	રવી ગુરૂ	શની ૬	બુધ ૧૩	શુક્ર ૧૯	ગુરૂ ૨૫	મંગળ ૩૦	શની ૧૦	ગુરૂ ૨૦	મંગળ ૩૦	શની	
કન્યા	બુધ ૧૫°	બુધ	શુક્ર ચંદ્ર	બુધ ૭	શુક્ર ૧૩	ગુરૂ ૧૮	શની ૨૪	મંગળ ૩૦	રવી ૧૦	શુક્ર ૨૦	બુધ ૩૦	ગુરૂ	શુક્ર ૯°
તુલા	શની ૨૧°	શુક્ર	ચંદ્ર બુધ	શની ૬	શુક્ર ૧૧	ગુરૂ ૧૯	બુધ ૨૪	મંગળ ૩૦	ચંદ્ર ૧૦	શની ૨૦	ગુરૂ ૩૦	મંગળ	રવી ૧૯°
વૃશ્ચિક	હરશાચલ	મંગળ	મંગળ મંગળ	મંગળ ૬	ગુરૂ ૧૪	શુક્ર ૨૧	બુધ ૨૭	શની ૩૦	મંગળ ૧૦	રવી ૨૦	શુક્ર ૩૦	શુક્ર	ચંદ્ર ૩°
ધન		ગુરૂ	રવી ગુરૂ	ગુરૂ ૮	શુક્ર ૧૪	બુધ ૧૯	શની ૨૫	મંગળ ૩૦	બુધ ૧૦	ચંદ્ર ૨૦	શની ૩૦	બુધ	રાહુ ૩°
મકર	મંગળ ૨૮°	શની	શુક્ર ચંદ્ર	શુક્ર ૬	બુધ ૧૨	ગુરૂ ૧૯	મંગળ ૨૫	શની ૩૦	ગુરૂ ૧૦	મંગળ ૨૦	રવી ૩૦	ચંદ્ર	ગુરૂ ૧૫°
કુંભ		શની	શની બુધ	શની ૬	બુધ ૧૨	શુક્ર ૨૦	ગુરૂ ૨૫	મંગળ ૩૦	શુક્ર ૧૦	બુધ ૨૦	ચંદ્ર ૩૦	રવી	
મીન	શુક્ર ૨૭°	ગુરૂ	મંગળ મંગળ	શુક્ર ૮	ગુરૂ ૧૪	બુધ ૨૦	મંગળ ૨૬	શની ૩૦	શની ૧૦	ગુરૂ ૨૦	મંગળ ૩૦	બુધ	બુધ ૧૫°

શની ને મકર તથા કુંભ એ ભુવનો, ગુરૂ ને ધન તથા મીન, મંગળ ને મેષ તથા વૃશ્ચિક, શુક્ર ને વરખ તથા તુલા, બુધ ને મિથુન તથા કન્યા એ પ્રમાણે એક રાતનું ઘર અને એક દીવસનું ઘર એ પ્રમાણે બબે રાશીઓ ગ્રહોને આપી છે. હવે ગ્રહોને ઊંચની પદવી આપી છે, જે કોઠામાં ઊંચની કોલમ હેઠલ જોવામાં આવશે, કે જ્યારે મેષ રાશીમાં રવી ૧૯°નો થાય ત્યારે તે સંપુર્ણ ઊંચનો ગણાય. ૩° ચંદ્ર વરખનો થાય ત્યારે સંપુર્ણ ઊંચનો કહેવાય, એજ પ્રમાણે કોઠામાં નીચનાં ગ્રહોની કોલમ આપેલી છે, જેમાં મેષ રાશીમાં જ્યારે શની ૧૫° યાને અંશનો થાય ત્યારે સંપુર્ણ નીચનો ગણાય, એ પ્રમાણે શુક્રનો ગ્રહ જ્યારે મેષ રાશીમાં આવે ત્યારે તે બળહીન ગણાય, કારણકે શુક્રનું પોતાનું ઘર તુલા રાશીનું છે, ને મેષ રાશી બરોબર તેનાં ઘેરની સામે ૧૮૦° અંશને છેટે ઓપોઝીશનમાં હોવાથી, શુક્ર પોતાનાં શત્રનાં ભુવનનો કહેવાય, કે જ્યાં દુશમનનાં ઘરમાં તેનું કાંઈ જોર ચાલી શકે નહીં. ત્યાર પછીની કોલમમાં **ત્રીપ્લીસીટી** યાને અગ્ની (Fiery) ખાસીયતની ત્રણ રાશી મેષ, સીંહ ને ધન એ અગ્ની તત્વવાલી; વરખ, કન્યા, મકર એ ખાકી (Earthy) તત્વવાલી; મિથુન, તુલા, કુંભ, એ પવન (Airy) તત્વવાલી અને કર્ક, વૃશ્ચિક ને મીન એ પાણીનાં (Watery) તત્વવાલી **ત્રીપ્લીસીટીઓ** છે. હવે ત્રણ રાશીનાં ત્રીકનો માલેક હોય છે, કોઇનાં બે અને કોઇનો એક જેમકે કોઠામાં આપવા પ્રમાણે કર્ક, વૃશ્ચિક અને મીન રાશીની ત્રીપલીસીટીનો માલેક એકલો મંગળ છે, દીવસે તેમજ રાત્રે એ રાશીની ત્રીપલીસીટીઓપર ફકત મંગળનોજ અમલ છે, એ પ્રમાણે વરખ, કન્યા, મકર રાશીની **ત્રીપ્લીસીટીનો** માલેક શુક્ર દીવસનો અને ચંદ્ર રાતનો છે, એમ હરેક ત્રગડી માહેલી હરકોઇ રાશીનાં જુદા જુદા નેમેલા છે, તે ત્રીપલીસીટીની કોલમમાંથી જોઇ લેવા, તેની પછીની કોલમમાં **ટર્મ** (Term) યાને ચોક્કસ અંશે ચોક્કસ રાશી થાય ત્યારે તેની ઉપર ગ્રહ લાગુ થાય છે, જેમકે મેષ રાશી ૬ અંશે થાય ત્યારે ગુરૂનો અમલ ખલાસ થાય, યાને એક અંશથી ૭ અંશ સુધીમાં મેષ રાશીનો ઉપરી ગુરૂ, ૬ થી ૧૪ અંશ સુધીનો શુક્ર અને ૧૪ થી ૨૩ નો બુધ તથા

૨૧ થી ૩૦ નો શની એમ જાણવો. વલી એ ટર્મસને લગતા કોઠામાં જે અંશ આપેલા છે, તથા જે ગ્રહ લખેલા છે, તે ગ્રહો એ ટર્મસનાં અંશ જેટલા અમુક રાશીમાં થાય, ત્યારે તેવો નીંચનાં કે બળહીન ગણાંતા નથી, પણ સેજ બળ મેલવે છે. તે પછીની કોલમમાં **ફેસ** (Face) યાને જ્યારે મેષ રાશી ૧૦ અંશ સુધી હોય ત્યારે તેનો ફેસ (Face) મંગળનાં જેવો, દશથી વીસમાં રવીનાં જેવો, અને વીસથી ત્રીસમાં શુક્રનાં જેવો જાણવો, યાને મેષ રાશીનાં અંશનાં ત્રણ ભાગ કરી તે દરેક ભાગ ઉપર ચોક્કસ ગ્રહોની હકુમત આપી છે. ત્યાર પછીની કોલમમાં **દેત્રીમેન્ટ** (Detriment) યાને નીરબળતા અથવા શત્રુનાં ભુવનમાં જઇને ગ્રહનું બેસવું, જેમકે મેષમાં શુક્ર, વરખમાં મંગળ વીગેરે નીંચનાં ગ્રહ જાણવા, તે પછીની કોલમમાં **અસ્તનાં ગ્રહ** યાને મેષમાં શનીનો સંપુર્ણ અસ્ત તથા નીંચબળ થાય છે વીગેરે ઉપલા કોઠામાંથી જોઇ જાણી લેવું, કે ગ્રહો ઉંચનાં હોય તે તથા પોતાની માલેકીની રાશીમાં સવગ્રહી થઈ રહ્યા હોય તે પુરતું સારૂં ફળ આપે, તેથી ઉતરતું ફળ **ત્રીપ્લીસીટી** (Triplicity) અને તેથી ઉતરતું ફળ **ટર્મ** (Term) તેથી ઉતરતું ફળ ફેસ (Face) આપે, બાકી પછી તો નીંચનાં અને બળહીન હોય તે કાંઈ ફળ આપતા નથી, ખરાબી કરે છે. એ પ્રમાણે ઉપલા કોઠા ઉપરથી સર્વે જાણવું.

રાશીનો માલેક=જે રાશી, જે કોઇ ભુવને જન્મકાળે અથવા પ્રશ્નકાળે આવી હોય, તે રાશીનો કોઠામાં જણાવેલો માલેક જો કુંડળીમાં પોતાનીજ રાશીનો થઇને બેઠો હોય તો તે ઘણો સારો જાણવો.

ઊંચનો ગ્રહ=કોઠામાં દેખાડવા પ્રમાણે જે ગ્રહ પોતાની રાશીનો નહીં પણ ઊંચનો થઇને રહ્યો હોય, જેમકે રવી મેષનો, ચંદ્ર વરખનો, ગુરૂ કર્કનો, બુધ કન્યાનો, શની તુલાનો, હરશચલ વૃશ્ચિકનો, મંગળ મકરનો, શુક્ર મીનનો તો તે ગ્રહ, જે ભુવનમાં બેઠો હોય, તે ભુવનને લગતું સંપુર્ણ સુખ આપે, પણ જો કોઇ બીજા પાપગ્રહનાં સમાગમમાં આવે તો તે પ્રમાણેનું ફળ વધુ ઓછું સારૂં નરસું તેનાં ગુણ પ્રમાણે થાય, એમ જાણવું.

નીંચનો ગ્રહ=જે ગ્રહ કોઠામાં નીંચનો જણાવ્યો છે, યાને કુંડળીમાં નીંચનો થઇને બેઠો હોય, જેમકે મેષનો શની, વરખનો હરશચલ, કર્કનો મંગળ, કન્યાનો શુક્ર, તુલાનો રવી, વૃશ્ચિકનો ચંદ્ર, મકરનો ગુરૂ, મીનનો બુધ નીંચનો કેહવાય છે. જે રાશીમાં જે ગ્રહ ઊંચનો ગણાય તે રાશીથી સાતમે સામાં ઓપોઝીશનની રાશીમાં તેજ ગ્રહ નીંચનો ગણાય છે.

ખાડાનો બળહીન ગ્રહ=જે ગ્રહ પોતાની માલેકીની રાશીથી સાતમી રાશીએ આવે, યાને શત્રની રાશીનો થાય ત્યારે તે તદન બળ-હીન થાય છે.

ઊંચનો ગ્રહ સારૂં ફળ આપે, નીચનો ગ્રહ કમજોર ગણાય, પણ ખાડાનો ગ્રહ તો સૌથી વધારે નીર્બળ ગણાય છે.

ફાયદો કરતા ગ્રહ=જેમકે કર્કનો શુક્ર, ધન અને સીંહનો મંગળ, તુલા અને કુંભનો બુધ, તુલા અને કુંભનો ગુરૂ, કુંભનો શની, તુલાનો હરશચલ, ધનનો રવી, મીનનો ચંદ્ર એ પ્રમાણે જ્યારે ગ્રહો બેઠેલા હોય તો, તે ગ્રહો સહેજ સારા ગણાય છે, કારણકે તેઓ જે જે રાશીમાં બેઠેલા છે, તે તે રાશીઓ, તેઓના ખુદ ગુણદોષ તથા અસરને બરોબર મળતી હોવાથી ફાયદો કરતા ગણાય છે.

અચુક ઊંચપણું=ચોક્કસ ભુવનમાં ગ્રહ આવવાથી તેનું બળ વધે છે, તેને અચુક ઊંચ ગ્રહ કહે છે, પહેલું તથા દશમું ભુવન સૌથી વધારે બળવાન છે, તેથી ઉતરતું સાતમું, અગ્યારમું અને ચોથું છે. સર્વેથી નીંચનું અને ખાડાનું ઘર તે છઠું ભુવન છે, એ પ્રમાણે ભુવનોમાં ગ્રહો આવે તો તેઓ પોતાનાં ભુવનની જગ્યાનાં બળથી વધુ બળવાન બને છે, વળી કેટલીક વખતે ચોક્કસ ગ્રહો ચોક્કસ પોઝીશન-માંજ વધારે બળવાન બને છે, જેમકે રવી, મંગળ, ચંદ્ર અને ગુરૂ દશમાં ભુવનમાં, શની અને બુધ પહેલા ભુવનમાં, બુધ ને ત્રીજું ભુવન પણ ઘણું સારૂં છે, શુક્ર સાતમાં ભુવને અને હરશચલ નવમાં ભુવને ઘણાં સારાં લેખાય છે.

બાળકનાં જન્મ ટાઇમનો વખત.

બાળકનો જન્મ થતાંજ તેનો વખત જોઇને, તે વખતે રાશી મંડલમાં ગ્રહો કેઇ કેઇ રાશીમાં હતા, તેની એક કુંડળી ગણીત

મારફતે ગણી કાઢવામાં આવે છે, તેને જન્મ કુંડળી કહે છે, હવે એ બાબદ માટે ઘણું ચોક્કસ રહેવાની જરૂર છે. મુંબઇમાં જો જન્મ થયો હોય તો, મુંબઇનાં ટાઇમ પ્રમાણે ગણીત કરવાની જરૂર છે, વળી ટાઇમ જન્મ વખતે આપણાં ઘડીયાલમાં બરાબર હતો કે નહીં, તેની તપાસ અત્રેની જાણીતી ઘડીયાલીની મોટી અંગ્રેજી પેહડી લુન્ડ એન્ડ બલોકલીને ત્યાંથી બરોબર ચોખ્ખો વખત હર કોઇ મુળકનો મળી શકે છે, માંટે બાળકનો જન્મ થતાં આપણાં ઘડીયાલ પ્રમાણે ટાઇમ જોઇ, તુરત ઉપલી પેઢીવાળાને ત્યાં જઇ ટાઇમ સરખાવી, ચોખ્ખો ટાઇમ મેળવવાની જરૂર છે, વળી બાળકનો જન્મ થયો તેનો કયો ચોક્કસ ટાઇમ લેવો, તે ઉપર ધ્યાન આપવાની જરૂર છે, કારણકે બાળક કોઇ વખતે જન્મતાં વીસ ત્રીસ મીનીટ લે છે, કોઇ બચ્ચું ગર્ભસ્થાનમાં અટકી રહે છે, કોઇ બચ્ચાનાં પગ પહેલા બાહેર નીકળે છે, ને માથું ઘણેક વખતે બાહેર આવે છે, એવા ઘણા અનધારીઆ સંજોગો બને છે, તે વખતે બચ્ચાંનાં જન્મનો ટાઇમ લેવામાં ઘણી ભુલ પડે છે. માટે સર્વેથી સહેલો અને ખરો ઇલાજ એજ છે કે બચ્ચું આખું બાહેર આવ્યા પછી **તુરત રડે છે. એ રડવાનાં પહેલા અવાજનો વખત, તે બાળકનાં જન્મનો ખરો વખત જાણવો,** કારણ કે વિધ્યા મારફતે એવું સીદ્ધ થયલું છે કે, બાળક જેવું પેદા થઈ, આ જગત્તમાં અજવાળું જોઇને, **જે પહેલો દમ ખેંચે છે, તે પહેલા દમ સાથેજ, તે ઘડી પળનાં સીતારાઓનાં વાઇબ્રેશનો યાને અસર, તે બચ્ચાંમાં આમેજ થાય છે, એવી રીતે વિધ્યાને આધારે ઉપળી રીત ઘણી ચોખ્ખી** અને ખરી છે.

હવે જન્મ કુંડલી કાઢવા માંટે પંચાંગની જરૂર છે, માંટે દર સાળનું અંગ્રેજી પંચાગ યાને "એફીમરી" (Ephemeris) અંગ્રેજી પુસ્તકવાળાઓને ત્યાંથી મેળવવી જોઈયે.

એ "એફીમરી" યાને અંગ્રેજી પંચાંગમાં ઘણી બાબદો છે, જે પંચાંગ અંગ્રેજીમાં છાપેલું હોય છે, પણ તે વાંચવાની સમજણ હમો આગળ આપીશું, જેથી ગુજરાતી વાંચનાગઓ પણ, જો તેઓએ આ પુસ્તકમાં આગળ લખેલી રાશી ગ્રહ તથા અસપેકટસોના નીશાનીઓ

ધ્યાનમાં પુખ્ત રીતે ઉતારી હશે, તેઓ તે પંચાગ, અમારી લખેલી સમજણ પ્રમાણે ઉકલાવી શકશે.

(૧૨) એફીમરી (Ephemeris) યાને અંગ્રેજી પંચાંગ.

અંગ્રેજી પંચાંગ ઘણા જ્યોતીષોના આવે છે, જે માહેલાં ઝેડકીલ અને ગફાએલના સૌથી સરસ લેખાય છે, અને ખાસ કરીને રાફાએલની એફીમરી જે અત્રે બુકસેલરોને ત્યાં મળે છે, જે જ્યોતીષનો શોખ ધરાવનારને તથા સાધારણ માણસને પણ ઘણી ઉપયોગી થઇ પડે છે; અને જે વાપડવાને અત્રે ભલામણ કરવામાં આવે છે. એ બુક અંગ્રેજીમાં છાપેલી છે, અને તેની સમજણ અત્રે સંપુર્ણ રીતે આપી છે, જેથી અંગ્રેજી નહીં જાણનારા પણ ફક્ત તે માંહેલા અંગ્રેજી આંકડાઓ જોઇને પોતાનું કામ ચલાવી શકે તેમ છે.

એ એફીમરીમાં અંગ્રેજી ઓબઝરવેટરીમાંથી તપાસ કરીને **ગ્રીનીચની** લેટીત્યુદ પ્રમાણેનાં ગ્રહોની ચાલ, ગતી વીગેરે તથા લેટીત્યુદ, લૉંજીત્યુદ અને દેકલીનેશન વીગેરે, સર્વે નોંધેલું હોય છે. એ ચોપડી વગર કદીપણ જ્યોતીષની ગણત્રી કોઇબી રીતનઃ થઇ શકતી નથી, માટે દરેક માણસે દર વર્ષે એક એફીમરી ખરીદવાની જરૂર છે, જે તેને ઘણીજ ઉપયોગી થઇ પડે છે.

એફીમરીની સમજણ.

રાફાએલની એફીમરીનાં પહેલાં પાનામાં મથાલે નેપચ્યુન, હરશચલ, શની, ગુરૂ, મંગળ, શુક્ર, બુધ તથા રાહુ વીગેરે ગ્રહોનાં દેકલીનેશન અને લેટીત્યુદનાં દરેક તારીખનાં અંશ યાને ડીગ્રી નોંધેલી છે. તથા આખ્ખા માસમાં તેઓ એક બીજા સાથે શું એસપેકટસમાં આવે છે, તે સર્વે બાબદ નોંધેલી છે, પણ તેની સાથે સાધારણ શીખાઉને કશું કામ નથી, માટે તે પડતું મુકી, તેની જે મ્યુચીઅલ એસપેકટસ (Mutual aspects) છે, તે જોવામાં કામ લાગે છે, કારણકે ગ્રહો એક બીજા સાથે જે એસપેકટસ કરે છે, તે જાણવી જરૂર છે, એસપેકટસો તેની અંગ્રેજી નીશાન પ્રમાણે ટુંકમાં જમણી સાઇડે મથાલે નોંધેલી છે. વળી દેકલીનેશન પણ ગણત્રીમાં લેવાને કામ લાગે છે. એ પાનાનાં નીચલા ભાગમાં પહેલી કોલમમાં મહી-

નાની દરેક તારીખ, બીજી કોલમમાં અઠવાડીયાનાં દીવસો, ત્રીજી કોલમમાં **સાઈડરીયલ ટાઇમ**, ચોઠી કોલમમાં **રવીની** લૉંજીત્યુદ, રાશી, અને અંશ, પાંચમી કોલમમાં **રવીનું** દેકલીનેશન, છટ્ઠી કોલમમાં **ચંદ્રની** લૉંજીત્યુદ, રાશી, અંશ, સાતમી કોલમમાં ચંદ્રની લેતીત્યુદ, આંઠમી કોલમમાં ચંદ્રનું દેકલીનેશન, નવમી તથા દશમી કોલમમાં ચંદ્રનું મધરાતનું દેકલીનેશન તથા લૉંજીત્યુદનાં અંશ આપેલા છે, તેની પાસેના પાનામાં ચાલુ પહેલી કોલમમાં તારીખ, બીજી કોલમમાં નેપચ્યુન પલેનેટની લૉંજી-ત્યુદનાં અંશ, ત્રીજી કોલમમાં હરશચલ, ચોઠી કોલમમાં શની, પાંચમી કોલમમાં ગુરૂ, છટ્ઠી કોલમમાં મંગળ, સાતમી કોલમમાં શુક્ર, આઠમી કોલમમાં બુધ એ પ્રમાણે ગ્રહોની લૉંજીત્યુદ યાને રોજની ચાલનાં અંશ ડીગ્રીઓ તથા રાશીઓ જણાવેલા છે, એ રાશીઓમાંની કોલમમાં જે ઠેકાણે (R) લખેલો હોય તે ગ્રહ **રીટ્રોગ્રેડ** (Retrograde) યાને **વકરી** સમજવો, અને જ્યાં (D) લખેલો હોય, ત્યાં **ડાઇરેક્ટ** (Direct) યાને સીદ્ધી ચાલનો થયલો જાણવો નવમી કોલમમાં **લ્યુનર એસપેક્ટસ** (Lunar aspects) આપેલી છે, જેમાં ચંદ્ર દરેક ગ્રહો સાથે પોતે તે દીવસે કેવી કેવી એસપેક્ટસ અને દૃષ્ટી કરે છે, તે તુરત માલમ પડે છે, સાઇડ્રલ ટાઇમ ગ્રીનીચનાં બપોરનાં મધ્યાન બાર વાગાનો આપેલો હોય છે, જેથી દરેક મુળક-વાળાએ પોત પોતાનાં ટાઇમ પ્રમાણે તેમાં કલાકોનો ફરક ઉમેરી કે બાદ કરીને કુંડળી કાઢવાનાં ઉપયોગમાં લેવામાં આવે છે, જે આગળ સમજાવીશું રવીની કોલમમાં તેનાં અંશ અને રાશી. દેકલીનેશનનાં અંશ તેમજ ચંદ્રની કોલમમાં ચંદ્રની રાશી અંશ જોવા, તથા ચંદ્રની મધરાતની કોલમનું અભ્યાસીને ઘણું કામ નથી, કારણકે **લૉગેરીથમ** (Longarithms) નું કોષ્ટક આપ્યું છે, તેમાં દીવસના ચંદ્રની કોલમ પ્રમાણેનાં અંશ લઈ કોઇ પણ વખતનો ચંદ્ર કેઇ રાશીમાં છે, તે ગણી કાઢી શકાય છે, બીજી કોલમમાં બીજા ગ્રહોનાં અંશ રાશીઓ જોઇ લેવી, કે જેથી કુંડળીમાં તમો ગ્રહો તેની અમુક જગ્યા અને રાશી પ્રમાણે ગોઠવી શકો.

એફીમરીનાં ૨૬માં પાનામાં દર મહીનાની દરેક તારીખે મુખ્ય ગ્રહોની કેટલી **ગતિ** હતી, યાને આખ્ખા ચોવીસ કલાકમાં તેઓ

કેટલી ડીગ્રી ચાલ્યા તે નોંધેલું છે, ૨૯ માં પાનામાં ગ્રહો ઇકવેતર યાને દુન્યાની મધ્યરેખાથી, કેટલા દુર છે, નજદીક છે, વીગેરે (ફીનોમીના Phenomena) દરશાવેલું છે. પાને ૩૦માં દરરોજની કલાકે કલાકની ગ્રહોની એસપેકટસ નોંધેલી છે, જે હરપલનાં મુરતો તથા સારૂં માઠું જોવાને ઘણી ઉપ્યોગની છે, જે કલાકે G લખેલો હોય છે, તે ઘણું સારૂં સમજવું, નાનો g લખેલો હોય તો સહેજ સારૂં સમજવું, મોટો B લખેલો હોય તો ઘણું બુરૂં જાણવું, નાનો b લખેલો હોય તો સહેજ બુરૂં જાણવું. હવે જો દશ વાગે એક એસપેકટ સારી થતી હોય અને ત્યાં મોટો G લખેલો હોય અને તેની પછી સાડા દશ વાગે એક ખરાબ એસપેકટસ થતી હોય ને ત્યાં મોટો B લખેલો હોય, તો જાણવું કે જેબી કાંઇ કામ દશ વાગે કરવા ધારેલું હોય તેનો અંજામ બુરો આવશે. હવે એ પ્રમાણે મુરત જોવું, પણ એ તો સાધારણ દુન્યાવી, દરરોજનાં ગ્રહની ચાલનું મુરત થયું, જેથી કાંઈ હરેક વખત તેમાં જોયલું ઠીક પડે નહીં, વખતે મુરત જોનારનાં જન્મકાળનાં ગ્રહો કાંઇ સારી અસર તે વખતે કરતા હોય તો ફળ આપવામાં ફરક પડે, માટે વિચાર પુગાડીને કામ કરવું. ૩૮માં પાનાંમાં, ચંદ્ર તથા રવી કેઇ તારીખે, કયા મહીનામાં, કેઇ રાશીમાં, કેટલે વાગે દાખલ થાય છે, તેનો કોઠો આપેલો છે. ૩૯માં પાને મોટી એસપેકટસો જેવી કે કંજંગશનો તથા ઓપોઝીશનો લખેલાં તથા તેઓ કેટલો વખત અમલ કરશે, તે જણાવેલું છે. ૪૨માં પાનેથી લંડન, લીવરપુલ, ન્યુયોરક વીગેરે મુળકોની કુંડળી કાઢવાનું **લગ્નપત્રુ** લખેલું છે અને બીજા મુળકોનાં **લગ્નપત્રુઓની** ખાસ રાફાએલે બીજી ચોપડી પ્રગટ કરેલી છે, જેમાં મધરાસ, કલકત્તા, વીગેરેની પણ લેટીત્યુદના લગનપત્રુઓ આવે છે, છેલ્લાં પાનાંમાં **લૉગેરીથમનું** કોષ્ટક આપેલું, જે અત્રે હમોએ આ પુસ્તકમાં પણ વધારા સાથે આપ્યું છે, કે જે મારફતે ગ્રહ અમુક વખતે કયા સ્થાનમાં અને કેટલા અંશે હતો તેનો હીસાબ કરી શકાય છે, જે આગળ સમજાવીશું.

આ પ્રમાણે અંગ્રેજી પંચાંગનો ખુલાસો છે, જે ખુલાસો ખુદ પંચાંગમાં વટીક આપવામાં આવ્યો નથી, જેથી અત્રે લખવાનું વાસ્તવીક વીચાર્યું છે. એ પંચાંગ દરેક માણુસે પોતાની પાસે નોંધ

બુકમાં રાખવાથી હર વખતે સારૂં નરસું વાર વખત જોઇ શકાશે. હીંદુસ્તાન માટે ૨૨°-૩૩′ અંશાશનું **લગ્નપત્ર** અત્રે આ પુસ્તકમાં આપેલું છે.

(૧૩) જન્મ કુંડળી કાઢવાની રીત.

પહેલે રાપ્રાએલની એફીમરીમાંથી અથવા કોઇ બીજી એફીમરીમાંથી જે દીવસ, ને જે મહીનાની કુંડળી કાઢવી હોય તેનો **સાઇડ્રીઅલ** ટાઇમ શોધીને જુદો માંડવો, પછી જો જન્મ બપોરના બાર વાગ્યાની આગમજ થયો હોય તો, બાર વાગવાને જેટલો વખત હોય તેટલો વખત સાઇડ્રીઅલ ટાઇમમાંથી બાદ કરવો, અને જો બપોરનાં બાર વાગ્યાની પછીનો જન્મ હોય તો, બાર વાગ્યાથી જેટલા કલાક વધુ થયા હોય, તેટલા ક્લાક સાઇડ્રીઅલ ટાઈમમાં ઊમેરવા. જો બાદ કરતી વખતે બાદબાકી નહીં થતી હોય તો, ૨૪ કલાક વધુ લેવા યાને ઉમેરવા ને તેમાંથી પછી બાદ કરવું, વળી ઉમેરતાં જો ૨૪ કલાક કરતાં વધુ થાય તો, તેમાંથી કલાક ૨૪ બાદ કરીને બાકી રહે તે ખપમાં લેવું.

દાખલા તરીકે:—તારીખ ૨૧મી માર્ચ ૧૯૧૧ને દીને સુર્ય અસ્ત થયા પછી રાત્રે ૧૦ કલાક ને ૪૬ મીનીટે એક બાળકનો જન્મ થયો, તેની કુંડળી નીચે પ્રમાણે ગણવી:—


	ક૦ મી૦ સે૦
તા૦ ૨૧મી માર્ચ ૧૯૧૧ ને દીને પંચાંગમાં સાઈડ્રીઅલ ટાઇમ.	૨૩–૫૧–૩૨
હવે બપોરના બાર પછી ૧૦–૪૬ કલાકે જન્મ થયો તેથી બપોરના બારથી ૧૦–૪૬ સુધીનો તફાવત ઉમેરીઓ.	૧૦–૪૬– ૦
*હવે સાઇડ્રીઅલ ટાઇમ અને જન્મનાં મીનટાઇમ વચ્ચે કલાકનો દશ સેકન્ડનો ફરક છે જેથી તે ફરક ઉમેરી સાઇડ્રીઅલ ટાઇમ બરોબર કરવો.	૦– ૧–૪૪
	૩૪–૩૯–૧૬
હવે ૩૪–૩૯–૧૬ કલાક ચોવીસ કલાકથી વધુ છે જેથી ૨૪ કલાક બાદ આપ્યા.	૨૪– ૦– ૦
RAMC=(રાઇટ એસેનશન ઓવ ધી મેરીદીયન) જન્મનો સાઇડ્રીઅલ ટાઇમ થયો.	૧૦–૩૯–૧૬

* ઉપલી ગણીતમાં ફરક ઉમેરીઓ છે તેનો ખુલાસો આગળ આપ્યો છે. જો પુર્વનાં મુલક હોય તો ફરક **બાદ** કરવો, અને પશ્ચીમનાં મુલક હોય તો ફરક **ઉમેરવો.** વધુ ખુલાસો **ટાઇમ** બાબદનાં પ્રકરણમાં જુવો.

હવે જન્મનો સાઇડ્રીઅલ ટાઇમ લગ્નપત્રનાં સાઇડ્રીઅલ ટાઇમનાં કયા અંકમાં સમાય છે તે શોધવું. દેશેદેશ ને મુળકે મુળકની લેટીત્યુદ પ્રમાણેનાં લગ્નપત્રુની બુક જુદી મળે છે, પણ સવળતાને માટે આ પુસ્તકમાં પહેલા ભાગના છેડે અત્રે હીંદુસ્તાન માટે સાઇડ્રીઅલ ટાઇમ કલકત્તાનાં ૨૨°–૩૩′ અંશાશનું લગ્નપત્રુ આપેલું છે તેમાં જોવું કે, આપણે ઊપર શોધી કાઢેલો જન્મનો સાઇડ્રીઅલ ટાઇમ ૧૦°–૩૯′–૧૬″, લગ્નપત્રુના કયા અંકમાં સમાય છે. જે અંકમાં તે સમાય, તે અંકની સીધી લાઇનિમાં જે કોલમો છે, તે માંહેથી જોઇને બાર ભુવનવાલી કુંડળી પાડી તેમાં લગ્ન (યાને પહેલાં ભુવનની રાશી) વીગેરે માંડવું.

એ લગ્નપત્રુનાં ૧૦°–૪૨′–૨૫″ અંકમાં, આપણે ઉપજાવેલો જન્મનો સાઇડ્રીઅલ ટાઈમ ૧૦°–૩૯′–૧૬″ સમાય છે, જેની પાસેની કોલમમાં ૧૦ માં ભુવનને માટે રાશી ને તેનો અંશ (કન્યા ૯°) લખેલો છે, પછી તેની પાસેની કોલમમાં ૧૧ માં ભુવનમાં આવેલી (તુલા ૧૧°) રાશી તથા તેનો અંશ, પછીની કોલમમાં ૧૨ માં ભુવનની રાશી (વૃશ્ચિક ૯°) અને તેનો અંશ, તેની પછીની કોલમમાં (Ascendent) એસેનદંત યાને **જન્મ લગ્ન**, પહેલાં ભુવનની રાશી (ધન ૩°–૩૧′) અને તેનો અંશ લખેલો છે, તેની પછીની કોલમોમાં બીજા તથા ત્રીજા ભુવનની રાશી (મકર ૪° તથા કુંભ ૫°) તથા તેનાં અંશ લખેલા છે, જે નીચે પ્રમાણે એ ૭ ભુવનોની રાશી તથા અંશ કુંડળીમાં માંડવા, અને તેની સામેનાં ૭ ભુવનોમાં તેની સામેની ૭ રાશી તેટલાજ અંશે માંડવી, જેમકે પહેલાં ભુવનની રાશી ધન ૩°–૩૧′ છે, હવે પહેલાં ભુવનની સામે સાતમું ભુવન આવે છે, માટે સાતમાં ભુવનમાં ધન રાશીની સામેની રાશી એટલે મિથુન રાશી તેટલાજ અંશની માંડવી, એજ પ્રમાણે બીજાં ભુવન સામે આંઠમું, ત્રીજા સામે નવમું, ચોથા સામે દશમું, પાંચમા સામે અગ્યારમું, અને છઠાં સામે બારમું ભુવન જાણવું, અને પહેલાં એક, બે અને ત્રણ તથા દશ, અગ્યાર અને બાર એ ૭ ભુવનોમાં લગ્નપત્રુ પ્રમાણે રાશી તથા અંશો માંડી, તેજ અંશો તેની સામેનાં ભુવનોનાં માંડવા. નીચલી આકૃતિમાં રાશીઓ બાહેરનાં પહેલા કુંડાળામાં માંડી છે.

આકૃતિ બીજી.



આ પ્રમાણે તા૦ ૨૧મી માર્ચ ૧૯૧૧ ની રાતનાં ૧૦–૪૬ કલાકે જન્મેલાં બાળકની કુંડળીનું લગ્ન આવ્યું. ગુજરાતી ટપકાઓમાં મથાળે પહેલું ભુવન ગણવામાં આવે છે, પણ અંગ્રેજી પ્રમાણે જ્યાં પુર્વ કરીને લખ્યું છે ત્યાંથી પહેલું ભુવન શરૂ કરતાં જમના હાથ તરફ હેઠે ઉતરતાં ભુવનો ગણવામાં આવે છે.

હવે એ પ્રમાણે જો સહવારનાં ૧૦ ક. ૪૬ મી. નો જન્મ થયો હતે તો, સાઇડ્રીઅલ ટાઇમમાંથી બપોરનાં ૧૨ અને ૧૦–૪૬ વચ્ચેનો તફાવત યાને ૧–૧૪' બાદ કરતે અને જે આવતે, તે આંક

લગ્નપત્રમાં જોતે. વર્ષો વર્ષનો સાઇડ્રીઅલ ટાઇમ એકજ હોય છે, તેમાં ફેરફાર થતા નથી ; કોઈપિણ દીવસનો સાઇડ્રીઅલ ટાઇમ શોધવાનો કોઠો નીચે પ્રમાણે છે :—

સાઈડ્રીઅલ ટાઈમ એફીમરી વગર જાણવાનો કોઠો.

ગ્રીનાચ સાઇડરીઅલ ટાઇમ દરેક એફીમરીમાં આવે છે, અને દર-રોજનો તે લખેલો હોય છે. તે જે વખતે નહીં લખ્યો હોય તો, કોઇપિણ મહીનાની કોઇપણ તારીખે સાઇડ્રીઅલ ટાઇમ શું છે તે જાણવા માટે નીચલો કોઠો મુકયો છે.

તારીખ તથા મહીનો.	સાઇડ્રીઅલ ટાઇમ.	તારીખ તથા મહીનો.	સાઈડ્રીઅલ ટાઈમ.
	ક. મી. સે.		ક. મી. સે.
૨૨ મી માર્ચ	૦—૦—૦	૨૧ મી સપટેમ્બર	૧૨—૦—૦
૨૨ મી એપ્રીલ	૨—૦—૦	૨૧ મી અકટોબર	૧૪—૦—૦
૨૨ મી મેહે	૪—૦—૦	૨૧ મી નવેમ્બર	૧૬—૦—૦
૨૨ મી જુન	૬—૦—૦	૨૨ મી ડીસેમ્બર	૧૮—૦—૦
૨૨ મી જુલાઇ	૮—૦—૦	૨૧ મી જાનેવારી	૨૦—૦—૦
૨૨ મી આગષ્ટ	૧૦—૦—૦	૨૦ મી ફેબ્રુઆરી	૨૨—૦—૦

આ ઉપળા કોઠામાં આપેલી તારીખોએ કોઇપણ વર્ષનો સાઇડ્રીઅલ ટાઇમ હોય છે, એ તારીખો પછી જેટલા દીવસ વધુ હોય તેટલા દીવસ માટે, **દર એક દીવસની ૪ મીનીટ વધારવી.** આ કોઠો એફીમરીની ગેરહાજરીમાં અટકલે સાઇડ્રીઅલ ટાઈમ ગણવા માટે ઉપયોગી થઇ પડશે. કેટલીક વખતે કુંડળીમાં રાશીઓ ગોઠવતાં એક ભુવ-નમાં બે રાશીનો અમળ સાથે આવે છે, જેને **ગલીતભાવ** કહે છે, તેવે વખતે જે રાશી **કશ** ઉપર નહીં આવે, તે રાશી તે ભુવનનાં મધ્યમાં મુકવી, એમ થવાનું કારણ એ છે કે નોર્થ લેટીત્યુદ તરફની ડીગ્રીનું લગ્ન કાઢતાં મોટે ભાગે બે રાશીનો અમળ એક ભુવનમાં આવી પડે છે. એ પ્રમાણે જન્મ લગ્ન માંડયા પછી જન્મ કુંડ-ળીમાં ગ્રહો ગોઠવવા.

(૧૪) જન્મ કુંડળીમાં ગ્રહો ગોઠવવાની સમજણ.

ગ્રહો ગોઠવવાને માટે જે મુળકને લગતી કુંડળી હોય, તે મુળકનો ટાઈમ લેવાની જરૂર છે, કારણકે એફીમરીમાં ફકત ગ્રીનીચ ટાઈમથી ગ્રહો ગણેલા હોય છે, અને દેશ પરદેશનાં ટાઇમમાં ફરક હોવાથી દેશ પરદેશનાં ટાઇમનો જે કોઠો આપેલો છે, તે પ્રમાણે તે મુળકનાં ટાઇમને ગ્રીનીચ ટાઇમમાં ફેરવવો જોઇએ. ઘણું કરીને એફીમરીમાં લખેલા તે દીવસનાં ગ્રહોનાં અંશમાં એથી સહેજ સહાજ ફરક પડે છે, પણ ખાસ કરી ચંદ્ર કે જે બીજા ગ્રહો કરતાં ચાર ઘણી વધારે ઝડપથી ચાલે છે, તેથી તેનો ફરક વધારે હોય છે, ચંદ્ર આખા દીવસમાં ૧૩° થી ૧૪° અંશ ચાલે છે, અને દર કલાકે લગભગ ૩૨ કલાક જેટલો ચાલે છે. રવી અને બીજા ગ્રહો કાંઈ ઘણો ફરક આપતા નથી, જેથી સાધારણ હરેક બાબદ માટે ગ્રીનીચનાંજ ગ્રહો જે એફીમરીમાં લખ્યા હોય તેટલી ડીગ્રીનાં કુંડળીમાં નોધવામાં કાંઇ હરકત નથી, સીવાય કે ચંદ્ર. હવે ખાસ ચોખ્ખા ગ્રહની ગણીત કરવાને માટે ગ્રહનું ગણીત કરવું પડે છે. એફીમરીમાં ગ્રીનીચ ટાઇમથી ગ્રહોની લેટીત્યુદ, લૉંજીત્યુદ અંશ વીગેરે સર્વે ગણીને તૈયાર આપેલું છે, જે ગ્રીનીચ બપોરનાં મધ્યાન બાર વાગ્યાનાં વખતનું છે, જે ઉપરથી ત્રીરાશી કરીને જેબી વખતનાં ગ્રહ ગોઠવવા હોય તે ઘણી સહેલ ગણત્રીથી ગોઠવી શકાય છે.

પહેલે જે દીવસનાં જે કલાકની ગ્રહ ગણીત કરવી હોય, તે દીવસનાં જો બપોરના બાર વાગ્યાની અગાઉનો ટાઈમ હોય અથવા જન્મ થયો હોય તો, તે દીવસની આગમજનાં દીવસનાં ગ્રહોની લૉંજીત્યુદ જન્મ દીવસનાં ગ્રહની લૉંજીત્યુદમાંથી બાદ કરવી, જે ફરક આવે, તે, તે ગ્રહની તે દીવસના ૨૪ કલાકની ગતી સમજવી, જો બપોરનાં બાર વાગ્યા પછી જન્મ થયો હોય તો, જન્મનાં દીવસનાં ગ્રહની લૉંજીત્યુદનાં અંશ, જન્મ પછીનાં બીજા દીવસનાં ગ્રહની લૉંજીત્યુદનાં અંશમાંથી બાદ કરવા, જે ફરક આવે તે ૨૪ કલાકની તે દીવસની ગતી સમજવી. દાખલા તરીકે તા. ૨૧ મી માર્ચ ૧૯૧૧ની રાતનાં કલાક ૧૦°-૪૬'નાં વખતની આપણે કુંડળી ઉપર કાઢી છે, હવે ૧૦°-૪૬' રાતનાં હોવાથી ઉપર લખવા પ્રમાણે તા. ૨૨ મી માર્ચનાં

રવીની લૉંજીત્યુદનાં મેષ રાશીનાં ૦°-૪૪'-૫૩" અંશમાંથી તા. ૨૧મી માર્ચનાં રવીની લૉંજીત્યુદનાં મીન રાશીનાં ૨૯°-૪૫'-૨૦" અંશ બાદ કરતાં, બાકી ફરક ૦°-૫૯'-૩૩" કલા વીકલાનો આવ્યો, જે તા. ૨૧ મીના રવીની ૨૪ કલાકની ગતી થઇ. (જે જો ગણુવા બદલ આઇતીજ રીતે મેળવવી હોય તો, એફીમરીમાં ૨૬ માં પાનેથી ૨૮માં પાનાં સુધીમાં મુખ્ય ગ્રહોની ગતી આખ્ખાં વર્ષની દરેક તારીખની તૈયાર આપેલી છે તેમાંથી જોઇ લેવું.) હવે ગ્રહ ગણુવાને માટે ત્રીરાશી માંડવી, કે ૨૪ કલાકમાં ૦°-૫૯'-૩૩" ગતી છે, તો ૧૦°-૪૬'-૦" કલાકમાં કેટલી? જવાબ ૦°-૨૬'-૨૧"; જે તા. ૨૧ મી માર્ચ ૧૯૧૧ નાં દીવસે રવીની લૉંજીત્યુદનાં અંશ ૨૯°-૪૫'-૨૦" **મીન રાશીમાં,** ત્રીરાશીથી મેળવેલી (અંશ, કલા, વીકલા) ૦°-૨૬'-૨૧" ઉમેરતાં, તા. ૨૧ મી માર્ચ ૧૯૧૧ રાતનાં ૧૦°-૪૬' કલાકે **મેષનો રવી** ૦°-૧૧'-૪૧" અંશનો ચોખ્ખો થયલો જાણવો. એ પ્રમાણે ચંદ્ર, તેમજ બીજા બધા ગ્રહોની પહેલે ૨૪ કલાકની ગતી શોધી કાઢીને ત્રોરાશી મારફતે જેટલી ગતી બાર વાગ્યાની અગાઉ અથવા પછીથી વધુ કે ઓછી થઇ હોય, તે પ્રમાણે જાણવી. ચોક્કસ ખરી ગણીત માટે ઉપલી ત્રીરાશીની રીતજ હમેશાં લેવી પણ ચાલુ ઉતાવળ માટે જયોતીષની ખરી અંગ્રેજી ગણીત યાને **લૉગેરીથમની** સહેલ રૂઢી છે તે વાપડવી.

(૧૫) લૉંગેરીથમ (Longarithm).

લૉંગેરીથમ (Longarithm Proportion) કે જેનો કોઠો પહેલા ભાગનાં છેલ્લા પાનાંઓપર આપવામાં આવ્યો છે, તે કોઠાની ગંણત્રીથી તદન સ્પષ્ટ ગ્રહ મીનીટે મીનીટનાં મેળવી શકાય છે, જે ચોક્કસ જયોતીષ ગણત્રી કરવાને માટે, તે મારફતે ગણેલા ગ્રહો સ્પષ્ટ હોય છે. જે રીત નીચે પ્રમાણે છે:—

એ માટે જુવો **પ્રોપોરશનલ લૉંગેરીથમનો** કોઠો, એ કોઠામાં મથાળે ૦ થી ૨૩ નો અંક લખેલો છે, જે આંક **ડીગ્રી** અથવા **કલાક** સમજવા. પેહેલી તેમજ સર્વેથી છેલ્લી કોલમો જેની ઉપર **મીનીટ** લખી છે, તે આંક ૫૯ સુધી છે, તેને **મીનીટ** અથવા **કલા** સમજવી.

હવે આપણે તા. ૨૧ મી માર્ચની રવીની ગતી ૫૯′–૩૩″ કલાની યાને ૫૯ મીનીટ ને ૩૩ સેકન્ડની જે ગણીને મેળવી છે, તે એ કોઠામાં જોઇને તેને લગતો આંક જુદો માંડવો. જેમકે ૫૯ મીનીટ કોઠાની સૌથી છેલ્લી લીટીમાં છે, હવે એ કોઠામાં ઉપર કલાકો આપેલા છે પણ આપણને તો કાંઇ કલાક માટે જોવું નથી, પણ ૫૯ મીનીટ ને ૩૩ સેકન્ડ માટે જોવું છે, હવે ૩૦ સેકન્ડ જ્યારે હોય ત્યારે તે ગણવી નહીં પણ જો ૪૦ ની ઉપર સેકન્ડ હોય તો તેને એક મીનીટ ગણવી, એ પ્રમાણે આપણને ૫૯ મીનીટ ને ૩૩ સેકન્ડને બદલે ૫૯ મીનીટ પુરી લેવી પડે છે, હવે કોઠામાં ૫૯ મીનીટનું લૉગેરીથમ જોવાનું છે, જેથી મીનીટની ઉભી કોલમને છેક છેડે ૫૯ મીનીટ છે, તથા એના કોઇ કલાક નથી, જેથી મથાળેની આડી કોલમમાં જ્યાં કલાકો છે. ત્યાં ૦ વાલી કોલમમાં જ્યાં ૫૯′ નો આંક છે, ત્યાં એ મથાલેનાં ૦ તથા જમણા હાથનાં ૫૯′ એ બન્ને વચ્ચે જે આંક આવેલો છે (૧·૩૮૭૫) તે જુદો માંડવો, જો ૬૦ મીનીટ કરતાં વધારે હોતે તો આપણે એક કલાકવાલી બીજી કોલમમાં જોતે, ને તે આંક લેતે, પણ અત્રે તો ફક્ત ૫૯ મીનીટ હોવાથી ઉપલો આંક લેવો, હવે એમાં જેટલા કલાક જન્મ થયો હોય તેનો આંક કોઠામાંથી મેળવવો, જેમકે રાતનાં ૧૦°–૪૬′નો ટાઇમ છે, હવે કોઠામાં પહેલી લાઇનમાં કલાકો છે, તેમાં દશ નંબરની કોલમમાં જુવો અને ઉભી લીટીમાં મીનીટ છે, તેથી ૪૬ મીનીટવાલી કોલમમાં જોતાં ૧૦°–૪૬′ નો આંક ·૩૪૮૧ છે, એ બેઉ લૉગેરીથમનાં આંકનો સરવાળો કરો જેમકે :–

૧·૩૮૭૫ + ·૩૪૮૧ = ૧·૭૩૫૬ થયા

હવે એ સરવાળો કરતાં મેળવેલા આંક ૧·૭૩૫૬ તે પાછો લૉગરીથમનાં કોઠામાં જુવો, કે એ (૧·૭૩૫૬) કયા અંકમાં સમાય છે, અને તેના કલાક અથવા ડીગ્રી, અને કલા અથવા મીનીટ કેટલાં છે, જુવો કોઠાની બીજી કોલમમાં, ૨૬ મીનીટની પાસે ૧·૭૪૩૪ છે, તેને મથાલે છેક ઉપર ૦ અંશ છે, અને એ આંકમાં આપણો સરવાળો ૧·૭૩૫૬ સમાય છે, જેથી ૨૬ કલા આવેલી જાણવી, હવે એ ૨૬′ કલા યાને મીનીટ, જે સુર્યના તે દીવસની લૉંજીટ્યુદનાં રાશી

અંશમાં ઉમેરી દેવા, અને જે આવે તે રાશી અંશ કુંડળીમાં જોઇને માંડવા એ પ્રમાણે દરેક ગ્રહની પહેલે **ગતી** કાઢવી અને પછી **લૉંગેરીથમથી** અથવા તો **ત્રીરાશીનાં** પદ માંડીને જન્મ વખત અને બપોરનાં બાર વાગ્યાના ગ્રીનીચ ટાઇમ વચ્ચે, જેટલો ફરક હોય તેટલા ફરકમાં, તે ગ્રહ કેટલો ચાલ્યો તે મેળવી, એફીમરી યાને પંચાંગના તે દીવસે આપેલા તે ગ્રહનાં અંશ કલામાં ઉમેરી દેવાથી સ્પષ્ટ ગ્રહ થશે. **મોત** અને અગત્યનાં સવાળ સીવાય સાધારણ કામ માટે લૉંગેરીથમ ગણીત ઘણું સહેલ ને સારૂં છે, ચોક્કસ ગણીત માટે તો ત્રીરાશીથી દરેક, કલા, વિકલા, પણ મેળવવી જરૂરની છે. અત્રે આ ચોપડીમાં જે દાખલાઓ, અને ગણીતો આપી છે, તે ફક્ત પ્રાઇમરી શીખાઉને સમજ પાડવાને માટે છે, **જેથી તે તદન સ્પષ્ટ કરવામાં આવી નથી.** અંગ્રેજી શાસ્ત્રમાં વીકલા જો ૩૦ થી ઉપર ગઇ હોય તોજ તેનો અડસટો લેવામાં આવે છે. એ ઉપળી સમજણ પ્રમાણે લૉંગેરીથમનાં કોઠામાંથી અત્રે દરશાવેલી ૧૦°-૪૬′-૦" કલાકની રાતની કુંડળીને લગતા ગ્રહો નીચે પ્રમાણે ગણેલા છે:—

ક. મી. સે.

* **રવી** તા. ૨૧ મી માર્ચ ૧૯૧૧ ની રાત્રે ૧૦°-૪૬′-૦″

કલાક = ·૩૪૮૧ લૉંગેરીથમ.

તા. ૨૧ મી માર્ચ ૧૯૧૧ રવીની **ગતી**

૫૯′-૩૩″ = ૧·૩૮૭૫ „

૧·૭૩૫૬ „

આ આંક ૦°-૨૬′ ૦″ વાલા લૉંગેરીથમમાં સમાય છે, હવે એ દીવસે રવી બપોરે ગ્રીનીચ ટાઇમ મીન રાશી ૨૯°-૪૫′-૨૦″ અંશનો હતો, તેમાં લૉંગેરીથમ ૦°-૨૬′-૦″ ઉમેરતાં, મેષ રાશી ૦°-૧૧′-૨૦″ થયા. હવે આપણે રવીનાં અંશ ગ્રીનીચ ટાઇમનાં એફીમરીમાંથી લીધા છે, અને ગણત્રીનો જન્મ ટાઇમ તો લોકલ મીન ટાઇમ છે, યાને ઘડીયાલનો વખત છે, જેથી લોકલ મીન ટાઇમ અને ગ્રીનીચ ટાઇમ એ

* અતરે આપેલી ગ્રહ તથા રાશી વીગેરેની સર્વે ગણત્રી, શીખનારને સમજણ આપવા માટે, સાધારણ તેની **રૂઢી** દેખાડવા ગણીત કરી છે, જે **સ્પષ્ટ નથી.** વધુ વીગત આગળ સમજાવી છે.

બન્ને વચ્ચે દર કલાકની લગભગ દશ સેકન્ડનો તફાવત છે, જેથી આગળ સમજાવ્યા પ્રમાણે જન્મનાં ટાઇમ ૧૦°–૪૬′–૦″ નો ગ્રીનીચ ટાઇમ કરવા માટે કલાકની દશ સેકન્ડ લેખે, અત્રેનાં મેળવેલા રવીનાં અંશમાંથી ફરક ૧૦૮ સેકન્ડ બાદ કરવી જેમકે :—

લૉગેરીથમથી ૧૦°–૪૬′–૦ નો મેળવેલો રવી, મેષ રાશી ૦°–૧૧′–૨૦″
તેમાંથી બાદ લોકલ મીન તથા ગ્રોનીચ ટાઈમનો ૧૦–૪૬′–૦″
કલાકનો ફરક ૦– ૧′–૪૮
ક. મી. સે.

તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ની રાત્રે ૧૦–૪૬′–૦″ રવી મેષનો ૦-૯-૩૨ થયો.

એજ પ્રમાણે બીજા ગ્રહો ગણવા જેમકે :—

ચંદ્ર ક. મી. લૉગેરીથમ.
વખત ૧૦–૪૬′= ·૩૪૮૧
ગતી ૧૧°–૪૯′–૫૦″=·૩૦૭૧

·૬૫૫૨= ૫°–૧૮′–૦″

તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ ચંદ્ર બપોરે ધન રાશી ૧૩–૧૬–૪૬

૧૦°–૪૬′ ચંદ્ર થયો ૧૯– ૪–૪૬
ટાઇમનો ફરક બાદ ૦– ૧–૪૮

તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ ચંદ્ર ૧૦–૪૬ રાત્રે ૧૯°–૨′ ૫૮″ ધન રાશીનો થયો.

મંગળ
વખત ૧૦°–૪૬= ·૩૪૮૧
ગતી ૦°–૪૫′=૧·૫૦૫૨

૧·૮૫૩૨= ૦°–૨૨′–૦″

તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ બપોરે મંગળ કુંભ રાશી ૫°–૩૩–૦

„ રાત્રે ૧૦°–૪૬ „ ૫–૫૩–૦
ટાઇમનો ફરક બાદ... ૦–૧–૪૮

તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ મંગળ ૧૦–૪૬ રાત્રે ૫–૫૧–૧૨ થયો.

બુધ

વખત ૧૦-૪૬ = ·૩૪૮૧
ગતી ૨°-૦-૦" = ૧·૦૭૯૨

૧·૪૨૭૩ = ૦°-૫૩-૦"
મંગળ બપોરે મેષનો ૦-૪૩-૦

૧૦-૪૬ રાત્રે મેષનો ૧-૩૬-૦
વખતનો ફરક બાદ ૦-૧-૪૮

તા. ૨૧-૩-૧૧ બુધ મેષ રાશી ૧-૩૪-૧૨ થયો.

ગુરૂ વખત ૧૦—૪૬ = ૩૪૮૧
(વકરી) ગતી ૦—૩' = ૨·૬૮૧૨

૩·૦૨૯૩ = ૦°-૧'—૦"

હવે ગુરૂ વકરી છે, અને લૉગેરીથમનાં કાયદા પ્રમાણે જે ગ્રહ વકરી હોય તો જે તેની ચાલ આવે તે બપોરનાં ૧૨ વાગ્યાનાં તેનાં અંશ કલામાથી બાદ કરવા, કારણ કે વકરી ચાલ હમેશાં ઉલતી ચાલે છે, જેથી :—

ગુરૂનાં તા૦ ૨૧મી માર્ચ ૧૯૧૧ બપોરે વૃશ્ચિક રાશી ૧૩°-૫૫'-૦" વકરી છે
તેમાથી બાદ ગતી ૦-૧—૦

તા૦ ૨૧મી માર્ચ ૧૯૧૧ ને ૧૦°-૪૬ રાત્રે ગુરૂ વૃશ્ચિક રાશીનો ૧૩°-૫૪-૦
વકરી થયો મીન ટાઇમનો ફરક બાદ ૦-૧-૪૮

તા. ૨૧-૩-૧૧ ગુરૂ વૃશ્ચીક રાશીનો ૧૩°-૫૨'-૧૨"

શુક્ર વખત ૧૦'-૪૬' = .૩૪૮૧
ગતી ૧'-૧૩'-૦" = ૧.૨૯૫૦

૧·૬૪૩૧ = ૦-૩૨'-૦
બપોરે શુક્ર મેષનો ૨૬—૫૯૦

રાત્રે ૧૦-૪૬ શુક્ર મેષનો ૨૭°-૩૧'-૦"
વખતનો ફરક બાદ ૦—૧—૪૮

તા. ૨૧-૩-૧૧ શુક્ર મેષનો ૨૭-૨૯-૧૨ થયો.

હવે **શની, હુરશચલ,** અને **નેપચ્યુન,** વીગેરે ગ્રહો ૨૪ કલાકમાં ઘણુજ જુજ ચાલે છે, જેથી તેઓ એફીમરીમાં જેટલા અંશે તે દીવસે લખેલા હોય તેટલા અંશે ગોઠવી દેવા. હવે રાશી માંડેલી આગળ બતાવેલી કુંડળીમાં ગ્રહો ગોઠવી દેવા, જેમકે **રવી** મેષ રાશીનો છે, અને મેષ રાશી કુંડળીનાં પાંચમાં ભુવનનાં કશપર ઉપર ૧૧° અંશની છે, હવે રવી અત્રે મેષ રાશીનો ૦''–૯'–૩૨'' નો છે, જેથી ઓછો હોવાને સબબે ચોઠા ભુવનેમાં રવીને મુકવો, ને તેનાં અંશ તેની બાજુએ લખવા **ચંદ્ર** ધન રાશીનો ૧૯–૨–૫૮ નો છે, અને પહેલાં ભુવનનો **કશ** ફકત ૩° અંશનો છે, એટલે ચંદ્ર પહેલાં ભુવનનો અંશ કુદાવીને તે ભુવનમાં આગળ વધેલો છે, તેથી ચંદ્ર પહેલાં ભુવનમાં મુકવો, એ પ્રમાણે સર્વે ગ્રહ ગોઠવવા. હવે જેઓને બીલકુલ ગણીત કોઇબી જાતનું કરવા ને આવડતું હોય નહીં, તો તેવાઓને ફકત મોઢેથી ગણી લેવા માટે ગ્રહોની ચાલ દર કલાકનો આશરો નીચે પ્રમાણે લખ્યો છે, રવી દર કલાકે ૨॥ મીનીટ જેટલો લૉંજીત્યુદમાં ચાલે છે, ચંદ્ર દર કલાકે ૩૦ થી ૪૦ મીનીટ જેટલો લૉંજીત્યુદમાં ચાલે છે બીજા ગ્રહો માટે એફીમરીમાં જોવાની તથા ગણવાની જરૂર છે કારણ કે તેઓ કેટલાક વખતે સ્થુલ થાય છે, વકરી થાય છે અને પાછા હઠે છે, ખાસ કરીને મોઢેનો હીસાબ એ રાખવો કે જે ૨૪ કલાકમાં એક અંશ ચાલે તે દર કલાકે અઢી **કલા** યાને મીનીટ ચાલે, જે અરધો અંશ ૨૪ કલાકે ચાલે, તે દર કલાકે સવા **કલા** ચાલે, જે બે અંશ ૨૪ કલાકે ચાલે તે, પાંચ **કલા** એક કલાકમાં ચાલે, એ પ્રમાણે અડસટો લેવો.

જુવો આકૃતિ બીજીમાં સર્વે ગ્રહો તેનાં અંશ સાથે ગોઠવીને માંડયા છે.

(૧૬) ગ્રહોની ડેકલીનેશન.

હવે ઉપર પ્રમાણે સર્વે રાશી તથા ગ્રહ તથા તેનાં અંશ આકૃતિમાં દેખાડવા પ્રમાણે ગોઠવવા. કેટલીક વખતે એક ભુવનમાં બે રાશી આવી જાય છે, યાને **ગલીતભાવ** થાય છે. એમ થવાનું કારણ દુન્યાની ગોળાઇને લીધે છે, અને નોર્થ લેટીત્યુદનાં મુળકોની

ડીગ્રી અંશ એવી રીતે ગલીતભાવ ઘણી વખતે કરે છે. જો કોઇ વખત એ પ્રમાણે એક ભુવનમાં બે રાશી આવે, તો જે રાશી ગલીત થઇ હોય તે રાશી તે ભુવનનાં મધ્ય ભાગમાં લખવી અને તેજ પ્રમાણે સામેનાં ભુવનમાં પણ એક રાશી ગલીત થશે, તે જાણવું.

હવે ગ્રહની લૉંજીત્યુદનાં અંશ સાધારણ કામ માટે હમેશાં લૉંગેરીથમથી જોઇ કાઢવા, જો અંશ, કલા, વીકલા સર્વેની જરૂર હોય તો, ત્રીરાશીની રીત પ્રમાણે કાઢવા. હવે એજ પ્રમાણે ગ્રહોની લેટીત્યુદ **ડેકલીનેશન** પણ કાઢવાની જરૂર છે, રવીની લેટીત્યુદ હોતી નથી, બીજા ગ્રહોની હોય છે, જે એફીમરીનાં ઊપરનાં ભાગમાં આપેલી છે, તે પ્રમાણે તપાસવી. તા. ૨૧ મી માર્ચ ૧૯૧૦ ને દીને બપોરે નેપચ્યુન પલેનેટની ડેકલીનેશન ૨૧°-૩૧' ની છે, અને તે છેક ૨૫ મી માર્ચ લગણ તેટલીજ રહેશે, એટલા માટે એફીમરીમાં જે ડેકલીનેશન છે, તેજ રાખવી; કારણકે નેપચ્યુન ઘણું કરીને રોજ ૨૪ કલાકે થોડી વીકલા યાને સેકન્ડ ચાલે છે, માટે નેપચ્યુનનું ડેકલીનેશન તે દીવસનું જે હોય તેજ માંડવું, હરશચલ ગ્રહ ઘણું કરીને ૨૪ કલાકે અરધી કલા યાને અરધી મીનીટ ચાલે છે, જેથી તેની પણ અંશ કલા જે હોય તેજ ડેકલીનેશન માંડવી. તથા એ ડેકલીનેશન (N) નોર્થ કે (S) સાઉથ છે તે પણ માંડવું. શની ફક્ત ૨૪ કલાકે બે કલા જેટલો ડીકલાઇન થાય છે, જેથી તેનો, તેમજ ગુરૂ કે જે પણ ફક્ત ૨૪ કલાકમાં થોડી કલા જેટલોજ ચાલે છે, જેથી એ બન્ને પણ જે અંશ કલાના હોય તે અંશ કલામાં જો નોર્થમાં (ઉત્તર) હોય તો ૨૪ કલાકની એક કલાને હીસાબે ઉમેરવું, અથવા જો સાઉથના (દક્ષીણના) હોય તો બાદ કરવું કારણકે સાઉથનાં ડેકલીનેશનમાં અંશ ઓછા થતા આવે છે. એ પ્રમાણે ૨૧ મી માર્ચ ૧૯૧૧ ને દીને એ ચાર ગ્રહનું ડેકલીનેશન નીચે પ્રમાણે હતું:—

ડેકલીનેશન (Declination) નેપચ્યુન ૨૧°-૩૧' N, હરશચલ ૨૦°-૫૭' S, શની ૧૧°-૧' N, ગુરૂ ૧૪°-૪૩' S, મંગળ ૧૯°-૪૯' S.

હવે રવી, ચંદ્ર, મંગળ, બુધ, શુક્ર એઓનાં દેકલીનેશન ગણવાની જરૂર છે કારણ કે, એઓ પોતાની ચાલમાં વારે વારે ફરક કરે છે.

મંગળ ઘણું કરીને ૧૪' કલા જેટલો ચાલે છે, તેથી ત્રીરાશી પ્રમાણે ગણવું. જેમ ગ્રહની લૉંજીત્યુદ માટે આપણે ત્રીરાશી ગણ્યે છીએ, તેમ તા૦ ૨૧મી તથા તા૦ ૨૨મી નાં મંગળનાં ડેકલીનેશનનાં અંશમાંથી બાદ કરતાં ૧૦' કલા યાને મીનીટ ૫૨ક રહે છે, માટે એ ગતી ૨૪ કલાકે ૧૦' કલાની થઇ. હવે ત્રીરાશી ગણવી કે, જો ૨૪ કલાકમાં ૦°–૧૦'–૦" તો ૧૦°–૪૬'માં (કે જે જન્મનો વખત છે) કેટલી ? જવાબ આવે તે ૨૧મીનાં ડેકલીનેશનના અંશમાં ઉમેરી દેવા, જે આવે તે ડેકલીનેશન ગણાય, જેમ કે :—

મંગળનું ડેકલીનેશન = **ત્રીરાશી** = ૨૪ : ૧૦'–૪૬ : : ૧૦' = ૪'–૨૫"

અથવા મંગળનું ડેકલીનેશન **લૉંગેરીથમના** કોઠા પ્રમાણે :—

લૉંગેરીથમ	ડેકલીનેશન મંગળનાં અંશની ગતી ૧૦' =	૨·૧૫૮૪
	જન્મ વખતનાં કલાક ૧૦'–૪૬' =	૦·૩૪૮૧
		૨·૫૦૬૫

હવે ૨.૫૦૬૫, લૉંગેરીથમનાં કોઠાની ૪' મીનીટવાલી કોલમમાં સમાય છે, એટલે ૪' કલા ડેકલીનેશન આવ્યું, જે તે દીવસનાં મંગળના ડેકલીનેશન ૧૯°–૫૩' માંથી ૪' કલા બાદ કીધી, કારણકે ડેકલીનેશન (S) સાઉથનું છે, જેથી ગતી ઓછી થતી જાય, એટલે મંગળનું નક્કી ડેકલીનેશન તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ની રાત્રે ૧૦°-૪૬' વાગે ૧૯°–૪૯' અંશ કલાનું થયું, જે ઉપર જેમ હરશચલ, શની વીગેરે ગ્રહોનું માંડેલું છે તેમ માંડવું. એજ પ્રમાણે બુધ, શુક્ર ને ચંદ્રનાં ડેકલીનેશન કાઢવાં. ગમે તો ત્રીરાશીથી કાઢવાં, અને ગમે તો લૉંગેરીથમનાં કોઠા પ્રમાણે કાઢવાં, અને સર્વે ગ્રહોની સાથે તે પણ માંડવાં. હવે કુંડલીની નીચે એક કોઠો બનાવી તેમાં બધા ગ્રહોની એસપેકટસો તથા ડેકલીનેશન તથા પહેલાં અને દશમાં ભુવનનાં અંશ પણ માંડવા. એ પ્રમાણે અંગ્રેજી **હોરોસકોપ** યાને ટપકો નીચે પ્રમાણે માંડવો :—*

* મુલક–લેટીત્યુદ તથા વખત ચોકસ કરીને સ્પષ્ટ ગણીત, ગુંચવાડાને લીધે અતરે આપ્યું નથી, પાછલ દરશાવ્યું છે. જુવો ભાગ બીજો. અતરે ફકત **રૂઢી યાને રીત** સમજાવી છે.

હોરોસકોપ Horoscope.

નંબર..............તારીખ=૨૧ મી માર્ચ ૧૯૧૧ વાર=મંગળ

નામ.............. ....મરદ/ઓરત= { છોકરાનો જન્મ / ....


ડેકાણું (મુળક)=..............(Lat.) લેટીટ્યુડ=... ....

જન્મનો તાઈમ= { ક. મી. સે. / ૧૦–૪૬–૦ રાત્રે (R. A. M. C.) જન્મનો

સાઈડીયલ તાઈમ=૧૦°–૩૯′–૧૬″

ASC જન્મ લગ્ન=૩°–૩૧′ ધન રાશી;

MC ૧૦મું ભુવન=૯° કન્યા રાશી.



ડેકલીનેશન.

નેપચ્યુન.	હરશચલ.	શની.	ગુરૂ.	
૨૧″–૩૧′ N	૨૦°–૫૭′ S	૧૧°–૧′ N	૧૪°–૪૩′ S	
મંગળ.	**રવી.**	**શુક્ર.**	**બુધ.**	**ચંદ્ર.**
૧૯°–૪૯′ S	૦°–૯′ N	૧૦°–૨૪′ N	૦°–૧′ N	૧૪°–૨૩′ S

એસપેકટસ.

નેપચ્યુન =૧૨૦° રવી, પેરેલલ હરશચલ,

હરશચલ =૪૫° ચંદ્ર, ૪૫° શુક્ર, કંજંગશન મંગળ, P નેપચ્યુન, P મંગળ.

શની =૧૩૬° ચંદ્ર, ૩૦° બુધ, કંજંગશન શુક્ર, ૩૦° રવી, ૯૦° મંગળ, P શુક્ર.

ગુરૂ =૩૬° ચંદ્ર, ૪૫° બુધ, ૯૦° મંગળ, ૧૪૪° રવી,

મંગળ =કંજંગશન હરશચલ, ૯૦° શની, ૬૦° બુધ, ૯૦° ગુરૂ, P હરશચલ.

રવી =કંજંગશન બુધ, ૩૦° શુક્ર, ૩૦° શની, ૪૫° રાહુ, ૧૨૦° નેપચ્યુન, ૯૦° હરશચલ, P બુધ.

શુક્ર =કંજંગશન શની, ૪૫° હરશચલ.

બુધ =૪૫° રાહુ, કંજંગશન રવી, ૬૦° મંગળ, ૩૦° શની, ૪૫° ગુરૂ, P રવી.

ચંદ્ર =૪૫° મંગળ, ૧૩૬° શની, ૧૪૪° રાહુ, ૩૬° ગુરૂ.

એ પ્રમાણે ગ્રહ તથા તેની ડેકલીનેશન, કુંડલીનાં ચક્રની નીચે માંડવા તથા તેમાં સાથે સાથે ગ્રહની એસપેકટસ પણ માંડવી. ગ્રહની એસપેકટસને લગતો કોઠો આપેલો છે, તેમાં જોવાથી ગ્રહોની દૃષ્ટિ તુરત માલમ પડે છે. સાધારણ કામ માટે તો એક ભુવનમાં ગ્રહો સાથે હોય તો તેઓને એક બીજાંનાં **કંજંગશન**માં જાણવા, જો એક ઘરને છેટે હોય તો **સેમી-સેક્ષતાઇલ** યાને ૩૦°ની દૃષ્ટિ અથવા એસપેકટસ જાણવી, જો સાતમાં ભુવને હોય તો **ઓપોઝીશન** યાને ૧૮૦°ની એસપેકટ જાણવી, જો ચોઠે ભુવને હોય તો ૯૦° અંશની

પાપ દૃષ્ટિ જાણવી એ પ્રમાણે અડસતો ગણી લેવો, નહીં તો **એસપેકટસ જોવાનાં કોઠામાં** જોઇને એસપેકટસો ગોઠવવી, અથવા તો ડીગ્રીએ ડીગ્રીનો છેટો ગણવો. જેમકે :—તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ની રાત્રે ૧૦°–૪૬′ કળાકની કાઢેલી કુંડલીમાં **ચંદ્ર ૧૯°** ધન રાશીનો છે, અને હરશચલ ૨૮° મકરનો છે, એટલે ચંદ્રને હરશચલ ગ્રહ તરફ જવાને ૩૯°–૩૦′ અંશનો છેટો છે, હવે ૩૯°–૩૦′ અંશની કોઇ એસપેકટ થતી નથી, એટલે ચંદ્ર હરશચલ સાથે કંઇ એસપેકટ કરતો નથી એમ જાણવું, જો કે દેખઇતી રીતે તો તેઓ ૩૦ અંશની એક ધરની દૃષ્ટિ કરતા છે, પણ જ્યારે ચંદ્ર ૨૯° નો થશે તે દીવસે તેઓ એક બીજા સાથે ૩૦ અંશની દૃષ્ટિમાં આવેલા કહેવાશે, કારણ કે હરશચલ ગ્રહ ઘણોજ ધીમો છે, અને ચંદ્રની ચાલ ઝડપી છે તેથી એફીમરીમાં જોતાં જન્મ પછી બીજે દીવસે રાત્રે બાર વાગે ચંદ્ર હરશચલ સાથે **સેમી-સેક્ષતાઈલ** થશે, જેનું ફળ એ જન્મેલાં બાળકને તેનાં બીજાં વર્ષની અધવચ્ચે દાઇરેકશનથી મળશે, એ પ્રમાણે જન્મ કાલે ચંદ્ર હરશચલ સાથે કંઇ એસપેકટ કરતો નથી, કારણકે જન્મની પાંચ કલાક અગાઉ ચંદ્ર તથા હરશચલ એક બીજાથી ૪૫ ડીગ્રીએ **સેમી-સ્કવેરની** એસપેકટ કરીને છુટા પડયા છે, હવે ચંદ્રથી મંગળ ૪૬ ડીગ્રીપર છે એટલે ૪૫ ડીગ્રીની **સેમી-સ્કવેર** એસપેકટ થઇ. એસપેકટ ગણવાનાં કોઠામાં જુવો ચંદ્ર ૧૯ ડીગ્રી ધનનો છે, તેની સીધી લાઇનમાં ૪૫ ડીગ્રીની એસપેકતની કોલમમાં મકર-તુલા **કુંભ**-વૃશ્ચિક લખેલાં છે, તેમાં કુંભ રાશી જણાવેલી છે, મંગળ કુંભ રાશીમાં છે જેથી ચંદ્ર મંગળને ૪૫° ની દૃષ્ટિ થઇ, હવે એ દૃષ્ટિ બરાબર છે કે, તે અંશ તપાસી જોવી, જેમકે એજ કોળમની નીચે અંશો છે, તેમાં ૧૯°માં અંશની સીધી લાઇનમાં જોતાં કુંભની ઉભી લાઇનમાં ૪° લખેલા છે, એટલે કે ૧૯° અંશનો ધન રાશીનો ચંદ્ર ૪° અંશે કુંભ રાશી સાથે ૪૫ ડીગ્રીની સેમી-સ્કવેર એસપેકટ કરે છે. હવે ચંદ્ર રવીથી ૧૦૧° અંશે દુર છે જેથી કંઇ એસપેકટ કરતો નથી, બુધ પણ ૧૦૨° દુર છે, એટલે કંઇ એસપેકટ કરતો નથી. શુક્ર ૧૨૭° ડીગ્રી દુર છે, એ ૧૨૦° ગણાય નહીં, શની ચંદ્રથી ૧૩૬° અંશ દુર છે, એટલે સેક્ષવી-કવોડરેટની

એસપેકટ થઇ છે. રાહુ ૧૪૪° અંશ દુર છે એટલે બાઇકવીનટાઇલ થાય છે, એ પ્રમાણે ચંદ્ર બીજા ગ્રહો સાથે ઉપર પ્રમાણે એસપેકટમાં છે. એ પ્રમાણે એસપેકટ ગણવાનાં કોઠાપરથી દૃષ્ટિ ગણવી.

હવે ચંદ્ર પછી બુધની એસપેકટસો ગણવી. એસપેકટ ગણવાનાં કોઠામાં બુધ મેષ રાશીનો જોતાં મીન તથા વરખ સાથે ૩૦° અંશની એસપેકટ કરે છે, પણ કુંડલીમાં મીનમાં કોઇ ગ્રહ નથી અને વરખમાં રાહુ છે, પણ ૧૨° અંશનો છે, અને બુધ તો ફકત કુંડલીમાં ૧° નો છે, એટલે રાહુ ૪૨° અંશ દુર છે, એટલે ૪૫° ગણાય. બુધ અને રવી એકજ રાશીમાં સાથે એકે અંશે છે એટલે કંજંગશન થયું એમ જાણવું. મંગળથી બુધ ૫૭° છે એટલે મંગળની લગભગ ૬૦°ની દૃષ્ટિ બુધપર પડે છે. બુધથી શની ૩૫° પર છે એટલે ૩૦° ની એસપેકટ થઇ. બુધ અને શુક્ર જોકે એકે રાશીમાં છે, અને બુધ કંજંગશન કરવા માટે શુક્ર તરફ એપ્લાઈ થાય છે, પણ લગભગ ૨૫° અંશનો ફરક છે, એટલે કંજંગશન કહેવાય નહીં. એ પ્રમાણે બુધની એસપેકટસો થઇ છે, જે ઉપર લખી છે.

હવે શુક્રની એસપેકટસો ગણવી. શુક્રથી શની ૭° દુર છે, હવે શુક્રનો તથા શનીનો ઓરબ ૮° નો છે, બેઉનો તોટલ કરી તેનાં અરધા કરતાં ૮° આવે છે, જેનાં કરતાં શનીનાં અંશ ઓછા છે એટલે શુક્ર શનીનું કંજંગશન થયું. એજ પ્રમાણે શુક્રથી હરશચલ ૪૫° સેમી-સ્કવેર થાય છે. એ પ્રમાણે સર્વે ગ્રહોની એસપેકટસો ગણવી, એ પછી રવી, મંગળ, ગુરૂ, શની, હરશચલ એ સર્વેની એસપેકટસો ગણીને માંડવી.

આ પ્રમાણે કુંડળીની સર્વે એસપેકટસો કાઢવી, પછી તેનાં ફળ શુભ કે નેહેષ્ટ જે હોય તે પ્રમાણે જોઇને અનુમાન કરવું.

હવે કયા ગ્રહો એક બીજા સાથે પેરેલલ છે તે, તેના ડેકલીનેશનનાં અંશ ઉપરથી જોવા, જે ગ્રહો એક બીજાના સરખે અંશે હોય અથવા એકુ અંશનો હેરફેર હોય તેઓ એક બીજા સાથે પેરેલલ એસપેકટમાં ગણાય છે.

નેપચ્યુન તથા હરશચલ લગભગ એકજ અંશે છે તેથી તેઓનું પેરેલલ થયલું જાણવું. વળી મંગળ અને હરશચલ લગોલગ એકેજ

અંશે સરખા છે તેથી તેઓનું પેરેલલ થયલું જાણવું, એજ પ્રમાણે શની, શુક્ર, રવી, બુધ, પેરેલલો થયાં છે, જે સર્વે એસપેકટસો સાથે ઉપર માંડયાં છે. એ પ્રમાણે આપણે તા. ૨૧મી માર્ચ ૧૯૧૧ ના દીવસે રાત્રે ૧૦°-૪૬′ કલાકે જન્મ થયલાં બાળકની **કુંડલી**, પહેલે તેનું **એસેનડંટ** (Asc.) યાને **જન્મ લગ્ન** એફીમરીમાંથી સાઇડ્રીયલ ટાઇમ મારફતે મેળવી, તેમાં **ગ્રહોને** તેનાં અંશો સાથે ત્રીરાશી અથવા તો લૉગેરીથમથી ગણીને ગોઠવ્યા છે, ત્યાર પછી તેઓ એક બીજા સાથે કેવી દૃષ્ટિ કરે છે, તથા કેવી કેવી સારી માઠી એસપેકટસોમાં આવે છે, તે સર્વે એસપેકટસો, ડેકલીનેશન, પેરેલલ, વીગેરે સર્વે કેવી રીતે ગણવું તે સમજાવ્યું છે.

નોધ:—આ સર્વે કુંડલીની **ગણીત** વીગેરે **ફક્ત સાધારણ** પ્રાઈમરી શરૂઆતનાં જ્ઞાનને માટે, જેમ બને તેમ સહેલ રૂઢીથી સમજાવવાની કોશેષ કરી છે, એ ગણીત જો તદન સ્પષ્ટ રીતે* અને ઘણીજ સાયન્ટીફીક રીતે ગણવું હોય તો તે માટે બીજી ઘણી જુદી જુદી રીતો છે, જે ચઢતા અભ્યાસને લગતું સર્વે પાકું ગણીત અત્રે જગ્યાની કોતાઇને લીધે, તેમજ આ પુસ્તક પ્રાઇમરી જ્ઞાન માટે સાધારણ અભ્યાસીઓને માટે હોવાથી અઘરાં ગણીતથી, શીખાઉ વાંચક વર્ગને ગુચવણમાં નહીં નાખવા માટે આપવામાં આવી નથી. બીજા પ્રસંગે તેને લગતું પુસ્તક વેલાતના નામાકીત જયોતીષોની મદદ સાથે તૈયાર કરવા માંડયું છે, જે આ પુસ્તક પ્રગટ થયા પછી થોડા વખતમાં બાહેર પાડવાનો વીચાર રાખ્યો છે. આ છેલ્લાં પ્રકરણમાં જે ગણીત કરવામાં આવી છે તે **સાધારણ** છે પણ **સ્પષ્ટ** નથી. અભ્યાસીને ભલામણ કરવામાં આવે છે કે, દરેક શરૂઆતના કોષ્ટકો, તથા તેનાં નામ, નીશાન, ઉપ્યોગ, ગુણ, દોષ વીગેરે સર્વે બાબદ ઘણાજ ધ્યાનથી શીખવાની જરૂર છે, કારણકે આ સાહીત્યમાં એ સર્વે નીશાનો હરદમ જુદી જુદી ઢપે આવ્યા કરે છે, તથા તેના ગુણદોષ વીગેરેપર મોટો આધાર રાખવામાં આવે છે. વળી કેટલાક શબ્દો ગુજરાતી ભાષાની સંકડાસને લીધે અંગ્રેજી લખવામાં આવ્યા છે, જેથી ખાસ ભલામણ કરવામાં આવે છે, કે **આ પુસ્તકમાં જે (ગ્લોસરી (Glossary) આપવામાં આવી છે, તેમાં સર્વે ખુલાસો**

---

* વખતનું સ્પષ્ટ ગણીત ભાગ બીજાની શરૂઆતમાં આપ્યું છે.

વીસ્તારથી લખ્યો છે, તે જરૂર વાંચીને ધ્યાનમાં રાખવાની જરૂર છે. એ પ્રમાણે ચોકસાઇથી અભ્યાસ કરવે, કોઇપણ માનવી સાધારણ રીતે સર્વે બાબદનું ખાત્રીપુર્વક અનુંમાન કરી શકશે, અંગ્રેજી જયોતીષ ફકત અંશ કલા અને ગતીનાં હીસાબ ઉપરજ છે, તથા ગતીનું પ્રમાણ મોટી મોટી ઓબઝરવેટરીઓ મારફતે, અંગ્રેજી પંચાંગ યાને એફીમરી મારફતે આપણને ઘણી સહેલાઇથી વગર મેહેનતે મળે છે, જે ગણત્રી ભરૂસેદાર છે, અને તે પ્રમાણે જે કંઇ જયોતીષી ફળ આપવામાં આવે છે, તથા વર્તારા કાઢવામાં આવે છે, તે લગોલગ ખરા પડવાની વકી રખાય છે, છતાં અત્રે મારા અભીપ્રાય પ્રમાણે જણાવું તો, "જયોતીષ વિધ્યા તથા ગ્રહોની અસર માનવીની મનોવૃતિને ચોક્કસ બાબદપર ખેંચે છે, જેમકે ગ્રહોની સારી દૃષ્ટિ સારી બાબદોની મનોવૃતિ આપે છે, ને નેહેષ્ટ દૃષ્ટિ યાને એસપેકટો, તેના ગુણ પ્રમાણે માઠી મનોવૃતિ તરફ માનવીને ખેંચે છે, જેથી જો માનવી એ બાબદનું જ્ઞાન મેળવી, સારી અસર તરફ પોતાના **વીલપાવરથી** વળગી રહે, તો તે માનવી પોતાની ઉપર થતી ગ્રહોની માઠી અસરને તોડી શકે છે, અને ભલી તથા બુરી અસરો ઉપર સમતોલપણું મેળવી, કરમનાં કાયદાને તોડીને, સારાં કરમો મારફતે આગળ વધી શકે છે, એ નિશ્ચય છે."

(૧૭) જન્મ વખતે જે રાશી એકલી પહેલાં ભુવનમાં (એટલે જન્મ લગ્નમાં) આવે છે, તે રાશી કેવી જાતનો ખવાસ, રૂપ રંગ, અને ખાશીયત, તે જન્મેલાં બચ્ચાંમાં આપે છે, તેની વીગત.

મેષ=જો મેષ રાશી **જન્મ લગ્ને** યાને પહેલાં ઘરમાં, જન્મ વખતે પડી હોય તો, તે માણસ સાધારણ, જરા પતલો, લાંબું મોઢું અને ગરદન, મજબુત અવ્યવો, હેઝલ (Hazel) રંગની આંખો, સહેજ ખરબચડા બાળ, કાળું સહોરાયળું અથવા લાલ મોઢું, અને ઝડપી નજરનો, ખવાસ ગુસ્સાવાલો, કજ્યાખોર, લોભી, મક્કમ વીચારનો અને ઝડપ્યો હોય છે.

વરખ=જો વરખ રાશીનું લગ્ન હોય તો ઠીંગણો, જાડો, ભરેલો ચેહરો, ટુકી જાડી ગરદન, મોટું નાક અને મોઢું, બેડોલ ધાટગટમ, પહોળાં મજબુત ગોળ ખભાં, કાલી આંખ, કોઇ વખત કરચલીદાર બાળ. જો સ્ત્રીની જન્મ કુંડળીએ વરખ લગ્ન હોય તો તે સ્ત્રી ખુબસુરત વધારે હોય, પણ સહેજ જાડી ને ફુલેલી, તથા કાળા કરચલીદાર બાળ અને આંખ તથા સાધારણ ખુબસુરત દેખાવ હોય. વરખ રાશીવાળાનો ખવાસ, સહેજ ગુસ્સાવાલો, બેદરકાર, ખાધરો, પોતાનીજ સગવડ જોનારો, જરા દારૂડી ને છાકટો, તથા ધણી કે સ્ત્રી સાથ ખટપટ કર્યા કરનારો હોય છે.

મીથુન=ઉંચો સીધો દેખાવ, લાંબા હાથ, ચહેરો સહેજ સામળો અને ઠરેલ કાળા ભુરા બાળ, હેઝલ આંખ, ઉતાવળી નજર, ઝડપી ચાલ, ખવાસ,—વીદ્વાન તથા વાંચનનો શોખીન, માન મેળવવાનો લાલચુ, મીતાહારી, સાધારણ ખાનાર પીનાર, મુખ્ય કરીને આબરૂ-વાળો અને સોસાયટીમાં ભેલાનારો હોય.

કર્ક=મધ્યમ કદનો, મોઢું ગોળ વાતલા જેવું, ચહેરો સફેદ પણ ફીકાસદાર, નાનો ચહેરો, સહેજ બળુ આંખ, નબલો બાંધો, બીહીકણ, આળસુ, બેદરકાર, કોઇને નુકસાન નહીં પુગાડનારો, અને દયાળુ હોય છે.

સીંહ=મોટાં હાડકાંનો, પ્હોળો, અને દમામદાર ઉંચો, પ્હોળાં ખભાં, ગ્રે કલરની આંખ, ઉતાવળી નજર, ફીક્કા ભુરા બાળ અને ભવાં, મોટું માથું અને ગોળ, લાલ અને ઠરેલ ચહેરો, ખવાસમાં બહાદુર, મક્કમ ઠરાવનો, ઉદાર દીલનો, અને આગળ વધવાને આતુરતાવાળો, નરમાસવાલો, છુટા વીચારનો, ઉતાવળે ઉશકેરઇ જનારો, પણ તુરત નરમબી પડી જનારો, રમત ગમત અને કસરતનો શોખીન, ઘણા મક્કમ વીચારનો, અને ઉદયોગી હોય છે.

કન્યા=જો કન્યા રાશીનું લગ્ન યાને પહેલું ઘર હોય તો, પાટલું દુબળું શરીર, સહેજ સાધારણ ઊંચાઈનો, લાલ ચહેરાનો જરા સામળો, ચહેરો ગોળ, કાળા બાળ, કાળી આંખ, સારા છોગ-વાલો, પણ કઈ ખુબસુરત નહી, ખવાસમાં ચતુર, અગતયબ વસ્તુ

અને વીધ્યાનો શોખીન, ઉધ્યોગી, દરેક ભાષાનો અભ્યાસ કરનારો, મીઠાં વચન બોલનારો, અને મધુર હોય છે.

તુલા=જો તુળા રાશીનું જન્મ લગ્ન હોય તો, તે માણસ લાંબા ઉંચ્ચાં કદનો, જરા કાવળો, સુવાલા ભુરા બાળનો, કોઇ વખત તદન કાળા બાળનો, ગોળ ચહેરો, શોભઇતો નીરમળ ચહેરો, કાળી આંખ. જો આ રાશીમાં સ્ત્રીનો જન્મ હોય તો તે સ્ત્રી ખુબસુરત હોય, સ્વભાવ ઘણો બોલકનો, ઉત્સાહી, મીત્ર અને ઓળખાણ પીછાણનો શોખીન, અને સમતોલ સ્વભાવનો હોય છે.

વૃશ્ચિક=જો આ રાશીમાં જન્મ થયલો હોય તો, તે માણસ મધ્યમ કદનો, જાડો, ભરેલાં આંગનો, મજબુત ને જોરાવર, ચહેરો મોટો અને ગોળ, સામળો ચહેરો, કાળા ભુરા ઘણા જડામાં અને વીતવાલા બાળ. ટુકી જાડી ગરદન, બેડોલ પગ, કેટલીક વખત પગ ગુથણ આગળથી તીરની કમાન માફક વળેલા, સ્વભાવ એકમારગી, ગુસ્સાવાલો, અને ઉશકેરાય તો મારફાડ કરનારો, લુચ્ચાઇમાં હુસ્યાર, તાલતલાવટ કરવામાં એકકો, કપટી, બહાદુર, હુલ્લડ અને સખ્ત હૈયાંનો હોય છે.

ધન=આ રાશીનું જો જન્મ લગ્ન હોય તો તે માણસ જરા ઉંચો, ઊંચું કપાલ, લાંબુ નાખ, ઘાટઘટમવાળો, ખુબસુરત, હેઝલ કલરની આંખ, રતાશદાર સહેજ ચહેરો, હસમુખો અને ભોલો દેખાવ, સુનેરી અથવા ફીક્કા ભુરા બાળ, મોઢુ લંબાચું, ખવાસમાં બહાદુર, ઉદયોગી, ભોલો, ઉદાર, ખુલ્લાં દીલનો અને ભોલાં જીગરનો, કસરત, અને મોજમજાહનો શોખીન, માનપાન મેળવવાને ઊમેદવાર, ભલાં કામ કરનારો, હક વાજબી, અને ભરૂસો મુકવા લાયકનો હોય છે.

મકર=ઠીંગણો, પાતળો દેખાવ, બેડોલ, પતલું બેઠેલું ડાચું, પતલી દાહડી, અનીવાલી હડપચી, લાંબા કાળા બાળ, સાંકડી છાતી, લાંબી નાની ડોક, નાકોવત ગુઠણો, અને ચાલવામાં ઢંગઢડા વગરનો, ખવાસમાં ચાલાક, ચપળ, શોખીન, અદેખો, દગાખોર, મતલબી અને ધચુપચુ મનવાળો હોય છે.

કુંભ—સાધારણ કદનો, મજબુત બાંધાનો, જોરાવર, લાંબા હાડકાંનો, દરેલ ચહેરાનો, નરમ અને લાઇત કલરનાં બાળવાલો, કાળી

આંખ, ઘણું કરીને સોહામણાં ચહેરાવાલો, ખાસ કરીને જો કુંભ રાશીનું જન્મ સ્ત્રીનું હોય તો, તે સ્ત્રી ઘણી સોહામણી હોય છે, ખવાસમાં માયાલુ, જ્ઞાની, વીધ્યાનો શોખીન, દરેક ચીજ શીખવાનો શોખીન, મોજમજાહ અને ફરવા હરવાનો શોખીન, ભલો અને સમતોલ સ્વભાવનો હોય છે.

મીન=આ રાશીમાં જન્મ હોય તો જાડો, ઠીંગણો, બેડોલ ચહેરાનો, ભરેલાં માસવાલો ચેહરો, જુકતી આંખ, સહેજ ભુરા બાળ, હાથ ને પગ ટુંકા, પગની પાટલી મોટી, નબલા અને સીકલી બાંધાનો, ખવાસમાં આળસુ, બેવકુફ, બેદરકાર, પોતાનુંજ સુખ જોનારો અને અયાસી હોય છે.

આ ઉપર લખેલી સર્વે રાશીઓ જયારે માણુસની જન્મ કુંડલીનાં પહેલાં ઘેરમાં, જન્મ વખતે આવી હોય, અને તે ઘેરમાં કોઈપણ ગ્રહ બેઠો નહીં હોય, ત્યારે ઉપર દરશાવેલાજ ગુણદોષનો તે માણસ હોય છે, પણ જો તેમાં કોઇ ગ્રહ બેઠેલો હોય છે, તો ઉપર દરશાવેલા ગુણદોષમાં ફરક પડી જાય છે.

(૧૮) જુદી જુદી રાશીઓમાં ગ્રહોની અસર.

જુદી જુદી રાશીઓમાં જન્મ વખતે, **જન્મ લગ્નમાં** બેઠેલા ગ્રહો, માનવીને કેવો દેખાવ, તથા સ્વભાવ આપે છે, તેની વીગત.

"મેષ રાશીમાં ગ્રહો."

મેષમાં હરશચલ=જો મેષ રાશીમાં હરશચલ ગ્રહ જન્મ લગ્નમાં એકલો બેઠો હોય તો તે માણસ, જરા ઊંચો, પતલો, ઘટમદાર, ફીક્કા બાળ, બળુ અથવા ગ્રે આંખ, લાલ ચહેરો, મજબુત બાંધાનો, લોભી અને ઉતાવળે ગુસ્સે થનારો હોય છે.

મેષમાં શની=મધ્યમ કદ, લાલ ચહેરો, મોટાં હાડકાં, પતલો બાંધો, કાળા બાળ, નાની આંખ, વાદવીવાદ અને ખટપટમાં ઉતરી પડનારો ફેસાદ કરનારો હોય છે.

મેષમાં ગુરૂ=મધ્યમ કદ, જરા પાતલો, લાલ ચહેરો, લંબાચો ઘાત, સુવાળા બાળ, ઉતાવળી નજર, ઉંચું નાક, ભોળો, પરગજુ અને માયાળુ હોય છે.

મેષમાં મંગળ=સાધારણ મધ્યમ કદ, મોટા હાડકાં, કરચલીવાળા બાળ, ગ્રે આંખ, ચોક્કસ નજર, ગુસ્સા અને પ્રાંટાબાજ, કજયાખોર, અને મારામારીમાં ઉતરી પડનારો. કે જેમાં તે હમેશાં ફત્તેહમંદજ નીવડે છે.

મેષમાં રવી=જરા ઠીંગણો, ડોલદાર, સારો ચહેરો, ઘઊં વરનના બાળ, ઘણોજ ઉદાર, દુશ્મન તરફ પણ ઉદાર અને મોટું દીલ, બહાદુર અને વિશ્વાસુ હોય છે.

મેષમાં શુક્ર=મધ્યમ કદ, જરા પાતળો, સારો દેખાવ, બળુ આંખ, ઉતાવળ્યો, બેચેન, ધચુપચુ મનનો, વ્યભીચારી અને ઉતાવળે અભાડો બાળનારો હોય છે.

મેષમાં બુધ=જરા ઊંચો, પતલો, લાંબી ગરદન, લંબાચો ગોળ ચહેરો, કરચલીવાળા બાળ, બેચેન, ખવાસનો લોભી, જુઠો, ચોર, હાજર જવાબી, અઠંગ બોલનાર, અને નાટકબાજ. વીધવાનોના મત છે કે મહાન નાટક લખનાર શેક્ષપીઅરની જન્મ કુંડલીમાં મેષ રાશીમાં બુધ હતો.

મેષમાં ચંદ્ર=ગોળ ચહેરો, ફીક્કા ભુરા બાળ, ગ્રે આંખ, બેડોલ કદ, સારો ચહેરો, સ્વભાવમાં અચોક્કસ અને ધચુપચુ, મુસાફરીનો શોખીન અને બેચેન હોય છે.

"વરખ રાશીમાં ગ્રહો."

વરખમાં હરશચલ=વરખ રાશી જો જન્મ લગ્ને હોય ને તેમાં હરશચલ ગ્રહ એકલો પડયો હોય તો, ઠીંગણો, જાડો, કાળા બાળ, કાળી આંખ, જરા ભરાવદાર ફીકકો ચહેરો, ટુકી ગરદન, ઊંડી આંખ, હવસી, દફાંસ્યો, કીનાખોર, લુચ્ચો, ઉડાઉ અને છાલકો હોય છે, એવાં માણસથી હમેશ દુર રહેવું.

વરખમાં શની=કાળો ચહેરો, ખરબચડી ચામડી, મધ્યમ કદ, કાળા બાળ, હાથ પગ બેડોળ, આળસુ, ઘણોજ કીનાખોર, અને બાતેનમાં હૈયાંનો મેલો ને ખારીલો હોય છે.

વરખમાં ગુરૂ=મધ્યમ કદ, ઠાવકો કાળો ચહેરો, ભુરી આંખ, કાળા બાળ, ટુકી જાડી ગરદન, સ્વભાવ સારો, ભોળો, ઉદાર અને મક્કમ વીચારનો હોય છે.

વરખમાં મંગળ=મધ્યમ અને જરા ઠીંગણું કદ, ગ્રે આંખ, ગોળ ચહેરો, લાલ દેખાવ, કાળા બાળ, ખુલ્લા હોઠ, હવસી, ખાધરો, અદેખો, મારફાડ કરનારો અને બાતલ, ખરાબ સ્વભાવનો હોય છે.

વરખમાં રવી=ઠીંગણો, ફીક્કા ભુરા બાળ, ગ્રે આંખ, મોટું નાક, મોટું મોઢું, ઉતાવળું મત બાંધનાર, મગરૂર, વીચાર વગરનો અને બહાદુર હોય છે.

વરખમાં શુક્ર=ખુબસુરત ચહેરો, મધ્યમ ભરાવદાર, ઘણોજ ખુબસુરત, ગોરો, ઠરેલ ચહેરો, ફીક્કા ભુરા બાળ, સ્વભાવ સારો, મન જીતી લેનારો, સ્ત્રીઓમાં ભેલાનારો, કે જેઓ તરફથી ઘણો પ્યાર અને માન મેળવનારો, દારૂડી અને મોજીલો હોય છે.

વરખમાં બુધ=મધ્યમ કદ, ભરેલો ચહેરો, ભુરા બાળ, ગ્રે અને હેજલ આંખ, ખવાસમાં બોલકનો, પોતાનીજ મોજ જોનારો, અને ઘણોજ દારૂડી હોય છે.

વરખમાં ચંદ્ર=જરા ઠીંગણો, મજબુત. ફીકકો ચહેરો, ભુરા બાળ, ગ્રે આંખ, નરમ અને ભોલા તથા પરગજુ ખવાસનો, ઘણું કરી મોભા અને માનવાલો, પણ જરા વ્યભીચારી હોય છે.

"મિથુન રાશીમાં ગ્રહો."

મિથુનમાં હરશચલ=ઉંચો, પાતલો, ગ્રે આંખ, ફીક્કા ભુરા બાળ, ઘટમદાર કદ, ઉતાવળે ચાલનારો, ઉત્તસાહી, ચાલાક, વિધ્યાનો શોખીન, સારા સ્વભાવનો, કોઇક વખત ચસકેલો, શોધક બુદ્ધીવાલો, અને પરગજુ ભોલો ભલો હોય છે.

મિથુનમાં શની=જરા ઉંચો, લંબગોલ ચહેરો, કાળા ભુરા બાળ, જુસ્સાદાર ચહેરો, ચાલાક, દુન્યાઇ ચીજોનો શોખીન.

મિથુનમાં ગુરૂ=ઘટમદાર શરીર, ઉંચો, ઠાવકું મોઢું, ભુરા બાળ, ભરેલી આંખ, છુટા વિચારનો અને સભ્યતાવાળો ભોલો, વિધ્યા અને સોસાયટીનો શોખીન હોય છે.

મિથુનમાં મંગળ=જરા ઉંચો, ભુરા બાળ, ગ્રે આંખ, લાલ અને દમામદાર ચહેરો, મજબુત શરીર, મોટાં હાડકાં, લાંબા હાથ, હુલડ, છુટા વિચારનો, ભોલો, અને ઉત્તસાહી હોય છે.

મિથુનમાં રવી=ઘટમદાર શરીર, ઠાવકો ચહેરો, ફીક્કા ભુરા બાળ, મોટી ગ્રે આંખ, સારો સ્વભાવ, સારો ખવાસ, સભ્યતાવાળો, વિધ્યાનો શોખીન અને પારકાનું ભલું કરનારો હોય છે.

મિથુનમાં શુક્ર=મધ્યમ કદ, પતલો ખુબસુરત ચહેરો, ખુલ્લા ભુરા બાળ, અને મુખ્ય કરીને બળુ આંખ, સ્વભાવ નરમ અને સારો, માયાલુ અને છુટા વીચારનો, ઘણા લોક તેને ચાહે ને માન આપે એવો હોય છે.

મિથુનમાં બુધ=ઊંચો પાતળો, પણ સરખો, કાળા ભુરા બાળ હેજલ રંગની આંખ, ઉંચું નાક, લાંબા હાથ, ને પ્હોંચા, તથા લાંબા આંગળાં, ઘણોજ ઉતાવળ્યો, ઘણોજ વિધવાન, અને ભાષણ કર્ત્તા, હુન્નરમંદી અને ચીત્રકળાનો શોખીન, વિધ્યા અને ભાષાઓનો શોખીન, અને સાધારણ સારા ખવાસનો હોય છે.

મિથુનમાં ચંદ્ર=ઘટમદાર શરીર, જરા ઊંચો, ભુરા બાળ, સારો દેખાવ, જરા ફીકકો, લાયક અને ઓલીદરાજ, ઘણોજ હુશ્યાર અને ચંચલ, કોઇ વખત ઠાવકો અને સાવચેત હોય છે. જો એવી વખતે મિથુનનો ચંદ્ર જો ફકત શનીનીજ દ્રષ્ટીમાં હોય છે, તો એ માણસ ઘણો મીંઢો, ચોક્કસ અને સાવચેત હોય છે.

"કર્ક રાશીમાં ગ્રહો."

કર્કમાં હરશચલ=ઠીંગણો, જાડો, અને ફીકકા ચહેરાવાલો, કાળા ભુરા બાળ, ગ્રે આંખ, દારૂડી, તોફાની, ચક્રમ, અને હુલડ સ્વભાવનો હોય છે.

કર્કમાં શની=મધ્યમ કદ, પતલો, કાળા બાળ, સીકલી અને નબળા બાંધાનો, બેવિશ્વાસુ, લુચ્ચો, ખરાબ ચાલચલણનો, દારૂડી અને કમનસીબ કંગાળ માણસ હોય છે.

કર્કમાં ગુરૂ=મધ્યમ કદ, ફીકકો ચહેરો, લંબગોળ મોઢું, કાળા ભુરા બાળ, ભુરી આંખ, સખી અને પરગજુ, માયાળુ, સભ્યતાવાળો, પણ જરા વહેમીલો, નબળા બાંધાનો, અને સીકલી હોય છે.

કર્કમાં મંગળ=બેડોલ શરીર અથવા નાના મોટાં બેડોલ કદનો ફીક્કો ચહેરો, ભુરા બાળ, ગ્રે આંખ, ભારી આંગ, ચોર, છાકટો દગાબાજ, અને વેરી હોય છે.

કર્કમાં રવી=ઠીંગણો, સીકલી, ફીકકો ચહેરો, ભુરા બાળ, ગ્રે આંખ, વ્યભીચારી, ઐરાંઓમાં ભેલાનારો, મોજ મજાહનો શોખીન, પણ ખુલ્લાં ભોલાં જીગરનો, ઘણોજ ભોળો અને દારૂ પીને તદન બેશુદ્ધ છાકટ થનારો હોય છે.

કર્કમાં શુક્ર=ઠીંગણો, જરા ભરેલો, ગોળ અને ફીકકો ચહેરો, બળુ આંખ, દેખાવળો, ખુબસુરત, માયાળુ, ભલો, પણ કમઅકળી અને ભોલો, બેદરકાર, વ્યભીચારી અને દારૂડી હોય છે.

કર્કમાં બુધ=ઠીંગણો, ફીક્કો ચહેરો, કાળા બાલ, પતલો ચહેરો, ખુબસુરત નાક, જીની આંખ, ઘડીઘડીમાં વીચાર ફેરવનાર ને ડામાડોલ વીચારનો, અસંભવીત, સખ્ત લખાણુ કરનારો હોય છે.

કર્કમાં ચંદ્ર=મધ્યમ કદ, શોભીતો દેખાવ, ભરેલો ચહેરો, ગોરૂં શરીર, ગોલ ચહેરો, જરા ફીકકો, બ્રાઉન બાળ, મળતાવડા ખવાસનો, હસમુખો, માયાળુ, બધા તરફ દીલસોજ, નિર્દોષ અને આબરૂવાલો હોય છે.

"સીંહ રાશીમાં ગ્રહો."

સીંહમાં હરશચલ=મોટું કદ, પ્હોળી મજબુત બાજુ, ફીક્કા ભુરા બાળ, ખરબચડા ગુચ્છા, ઠરેલ ચાલનો, સ્વભાવ ઉદાર અને ખુલ્લો, જરા ચકાસેલા વીચારવાળો, લશ્કરી ધમછપવાળો, જરા મગરૂર અને હુજતી હોય છે.

સીંહમાં શની=મોટું કદ, મજબુત મોટાં ખભાં, ભુરા બાળ, મોટાં હાડકાં, પતલું શરીર, સ્વભાવમાં ખારીલો, હવસી, લુચ્ચો અને દપ્રાંસીઓ હોય છે.

સીંહમાં ગુરૂ=મજબુત અને ઘટમદાર બાંધો, ઉંચો, અને ફીક્કા ભુરા બાળનો, દમામદાર ચહેરાનો, ભરેલી આંખોવાલો, ઉદાર, ભોલા અને હીંમતવાન સ્વભાવનો લાયક શખ્સ હોય છે.

સીંહમા મંગળ=ઉંચો, લાંબા અવ્યવો, જોરાવર તથા ખમતર, લાલ ચહેરાનો, ફીક્કા બાળ, મોટી ગ્રે આંખ, સ્વભાવમાં ગુસ્સાવાલો પણ ભોલો, ભલો, ઉદાર, જરા મગરૂર, અને લડાયક ચીજોનો શોખીન હોય છે.

સીંહમાં રવી=મજબુત, ઘટમદાર કદ, સફેદ સોહામનો ચહેરો ફીક્કા સુનેરી અથવા ખરબચડા બાળ, મોટી આંખ, મોટું મોઢું, વિશ્વાસુ, સાચ્ચો, ઉત્તસાહી, જરા મગરૂર, ચોક્કસ અને ભલો હોય છે.

સીંહમાં શુક્ર=જરા ઉંચો દેખાવ, ગોળ મોઢુ, ભરેલી આંખ, સફાઇદાર ચહેરો, સુવાલા બાળ, જરા હવસી પણ ઉદાર અને ખુલ્લાં જીગરનો, ઘણોજ માયાળુ, જરા હઠીલો અને મગરૂર હોય છે.

સીંહમાં બુધ=મોટું કદ, જરા પતલો, મોટી આંખ, ગોળ ચહેરો, ફીક્કા ભુરા બાળ, પ્હોળું અને મોટું નાક, સ્વભાવમાં ઉતાવળ્યો, ગડબડ કરનારો, મગરૂર અને લોભી હોય છે.

સીંહમાં ચંદ્ર=ઊંચો, મોટાં હાડકાનો, ડોલદાર કદનો, મક્કમ ચહેરાનો, ભુરા બાળ, મોટી આંખ, મોટાઇનો શોખીન, સાવચેત અને ઉત્તસાહી હોય છે.

"કન્યા રાશીમાં ગ્રહો."

કન્યામાં હરશચલ=ઠીંગણું કદ, કાળા બાળ, કાળી આંખ, પતલું શરીર, લાંબા અવ્યવો, વિચારમાં ચક્રમ, નવાઇની ચીજો અને અજબ ચીજોનો શોખીન, વિધવાન, પણ હલકા અને નીંચ ખવાસનો, ભેદી અને દુન્યાની ચીજોનો લાલચુ હોય છે.

કન્યામાં શની=ઊંચો, દાર્ક બ્રાઉન બાળ, અથવા કાળા બાળ, દલગીરીભરેલો ચહેરો, ઊદાસી, ગુસ્સાને દાબી દઇને તેમાં બર્યા કરવાનો ખવાસ, વિચીત્ર વીચારનો, વીધ્યાનો અને શીક્ષણ મેળવવાને આતુર હોય છે.

કન્યામાં ગુરૂ=કાળા બાળ, લાલ ચહેરો, ભરેલું કદ, લાલચુ, ઉત્તસાહી, મતલબી, અને ડક્કાંરચો હોય છે.

કન્યામાં મંગળ=મધ્યમ કદ, સમતોલ બાંધો, કાળા ભુરા બાળ, લાલ ચહેરો, ગ્રે આંખ, ગોળ મોઢું, ઘણો ધાંટાબાજ, ગુસ્સાવાળો, ઉતાવળ્યો અને વેરી, અને કુતરાંના જેવો ભસ્તો સ્વભાવ હોય છે.

કન્યામાં રવી=ઊંચો, સાધારણ કદ, જરા પાતળો, ખુબસુરત ચહેરો, ભુરા બાળ, ગ્રે આંખ, ઉત્તસાહી, અક્કલમંદ, ખુશ મીજાજ, શોધક બુધ્ધીવાળો, વિધવાન અને ખુલ્લા વિચારનો હોય છે.

કન્યામાં શુક્ર=ઊંચો, સમતોલ કદ, ભુરા બાળ, લંબાચો ગોળ ચહેરો, લાલ ભરૂસેદાર દેખાવ, બોલવામાં ઉતાવળ્યો, ચાલાક, ગીત, રંગરાગનો શોખીન, અને આબરૂવાળો હોય છે.

કન્યામાં બુધ=ઊંચો, પાતળો, કાળા ભુરા બાળ, અથવા કાળા બાળ, લાંબુ મોઢું, કાળી જીણી આંખ, ઊતાવળ્યો, ચંચળ, વિધવાન અને વિધ્યાઓનો શોખીન, ઘણું શીખેલો, ઘણી ભાષાઓ જાણનારો, સારો ભાષણ કર્ત્તા, તથા પોતાનો દરેક લાભ સાચવનારો તથા લાભ જોનારો હોય છે.

કન્યામાં ચંદ્ર=મધ્યમ કદ, ફીક્કો ચહેરો, કાળા ભુરા બાળ, અથવા તદન કાળા બાળ, મોટા માણસમાં ખપવાનો શોખીન, કોકટ સ્વભાવનો, અને દરેકમાં હુંપણું કરનારો હોય છે.

"તુલા રાશીમાં ગ્રહો."

તુલામાં હરશચલ=મજબુત, ભરેલા દેખાવનો, ગોળ મોઢું, ખુલ્લા બાળ, વિધવાન, ઉત્તસાહી, લાલચુ, જલદી તપી જાય તેવો સ્વભાવ, અને વિચીત્ર રીતભાતનો હોય છે.

તુલામાં શની=ઊંચો, જરા ખુબસુરત, સુનેરી બાળ, લંબાચુ ગોળ મોઢું, લાંબુ નાક અને ઉંચું કપાલ, મગરૂર, સાવચેત અને વાદવીવાદ કરવાનો શોખીન હોય છે.

તુલામાં ગુરૂ=સરખું શરીર, જરા ઊંચો અને પાતલો, ભરેલી આંખો, ખુલ્લા ભુરા બાળ, સાફ ચહેરો, ખુલ્લો સ્વભાવ, ઉદાર જીવનો, ઉમંગી, અને સર્વેનું કામ કરનારો હોય છે.

તુલામાં મંગળ=સાધારણ ઊંચો, લંબાચો ગોળ ચહેરો, લાલ

મોઢું, જલદી તપી જનારો, પણ ખુશનુમાં સ્વભાવનો, લાલચુ, અને મોજશોખ અને રમતગમતનો શોખીન હોય છે.

તુલામાં રવી=મધ્યમ કદ, ગોળ ચહેરો, લાલ મોઢું, ભરેલી આંખ, ખરચાળુ, હીમતવાન, ઉદાર, હાથનો ઘણો છુટો, મગરૂર, પોતામાં ઘણો વીશ્વાસ, ને મોટાં માણસમાં ખપવાનો અભખરો હોય છે.

તુલામાં શુક્ર=ઊંચો, ખુબસુરત, સર્વેને મદદ આપનારો, નરમ ખવાસનો, લોકનો ચાહ મેળવનારો અને આબરૂવાળો હોય છે.

તુલામાં બુધ=સમતોલ કદ, ગ્રે આંખ, લાલ દમામદાર ચહેરો, ઉમંગી, ચાલાક અને ચપલ, હસમુખો, વાકયચાતુર, બોલીદરાજ, તથા વિધ્યા હુન્નરનો શોખીન હોય છે.

તુલામાં ચંદ્ર—સમતોલ કદ, ખુલ્લા ભુરા બાળ, લાલ મોઢું, તથા સાધારણ સારો દેખાવ, સ્વભાવમાં માયાલુ, મલતાવડો અને નરમ, રમુજ કરવાનો શોખીન, સર્વેનો વ્હાલો અને માન પામનારો હોય છે.

"વૃશ્ચિક રાશીમાં ગ્રહો."

વૃશ્ચિકમાં હરશચલ=ઠીંગણો, જાડો, પ્હોળાં ખભાંવાલો, અને બેડોલ હાથનો, કાળો ચહેરો, કાળા બાળ, કાળી આંખ, અદેખો, દગાબાજ, લુચ્ચો, દારૂડી અને છંડી તથા દરેક રીતે બદમાસ હોય છે.

વૃશ્ચિકમાં શની=ટુકું શરીર, જાડો, મજબુત બાંધાનો, પ્હોળાં ખભાંનો, કાળી ઝીણી આંખનો, અદેખો, તોફાની, ચોર, અને ફેસાદી માણુસ હોય છે.

વૃશ્ચિકમાં ગુરૂ=મધ્યમ કદ, કાળા બાળ, ભરેલો ચહેરો, ઉંધનસી દેખાવ, સ્વભાવમાં ઉલટમંદ, ઉમંગી, લાલચુ પણ મોટામાં ખપવા માંગનારો હોય છે.

વૃશ્ચિકમાં રવી=ચોરસ કદ, ભરેલું મોઢું, ખુલ્લા હોઠ, કાળો ચહેરો, ભુરા બાળ, સાધારણ માસવાળો, ઉમંગી, ચાલાક, લોભી, ડાકતરી અથવા દવા દારૂનાં કામમાં હુસ્યાર અને ડાકતર વિધ્યામાં પ્રુવીણ હોય છે.

વૃશ્ચિકમાં મંગળ—મધ્યમ સાધારણ સાફ કદ, પ્હોળો ચહેરો, કાળો દેખાવ, કરચલીવાળા કાળા બાળ, હવસી, ઉતાવળ્યો, વેરી, લોભી તથા દરેક કામમાં ફત્તેહ પામનારો તથા પુઠ પકડી કામ પાર પાડનારો હોય છે.

વૃશ્ચિકમાં શુક્ર—સાધારણ શરીર, પ્હોળો ચહેરો, ભુરા બાળ, બળુ અથવા બે આંખ, દારૂડી, છંડી, ખરાબ સંગતમાં ફરનારો, અને પોતે પોતાની આબરૂ તથા લાભનો દુશ્મન થાય તેવા સ્વભાવનો હોય છે.

વૃશ્ચિકમાં બુધ—ટુંકુ શરીર, પ્હોળાં ખભાં, જુઠો અને દારૂડી, ચોર, તથા દુન્યાને હાંની કરનારી ઘણી બાબદોનો ખવાસવાલો, અને દવા દારૂનું સારૂં જ્ઞાન ધરાવનારો હોય છે.

વૃશ્ચિકમાં ચંદ્ર—બેડોલ કદ, ટુંકો, જાડો, ભરેલા માંસનો, કાળા બાળ, ઘણીક ખરાબ ચાલચલણવાલો, હવસી અને પુષ્કળ વ્યભીચારી હોય છે.

"ધન રાશીમાં ગ્રહો."

ધનમાં હરશચલ—લાંબો, ફીક્કા બાળ, ભુરી આંખ, ઉંચું કપાળ, સારો દેખાવ, સ્વભાવમાં ખુલ્લો, ઉદાર, રમતગમતનો શોખીન, અને ઉત્તસાહી અને ઉત્તેજક હોય છે.

ધનમાં શની—મોટું કદ, ભુરા બાળ, જરા ખુબસુરત, પણ પતલો, લાલ ચહેરો, એકમાર્ગી, પરોપકારી અને ઠંડા સ્વભાવનો હોય છે.

ધનમાં ગુરૂ—ઊંચો, સાચ્ચો, સુનેરી બાળવાળો, લાલ ચહેરાનો, ગોળ લંબાચો દેખાવ, ભુરી આંખ, ખુબસુરત, નાજુક અને મન જીતી લેનારો, ખવાસમાં માયાળુ, ઉદાર તથા નીચ ખવાસને ધીક્કારનારો, સારાં કામ કરનારો, રમતગમત અને કસરતનો શોખીન હોય છે.

ધનમાં મંગળ—જરા ઊંચો, સમતોલ શરીર, લાલ મોઢું, ભુરા બાળ, ખુલ્લો દેખાવ, ઝડપી આંખ, ઉતાવળ્યો સ્વભાવ ભોળો, ઉદાર તથા ચોપગાં જાનવર, ઘોડા, ગાય, વીગેરેનો વેપાર કરનારો હોય છે.

ધનમાં રવી=ઊંચો, મધ્યમ ગોળ લંબાચો ચહેરો, ફીક્કા ભુરા બાળ, ઊંચા અને ઉમંગી તથા મોટા મોટા વીચારવાળો, ઉલટમંદ, પરગજુ, ઉદાર અને ભલો હોય છે.

ધનમાં શુક્ર=મધ્યમ કદ, સાફ દેખાવ, ભુરા બાળ, ઉંચો ગોળ ચહેરો, જરા લંબાચો, ઉદાર, ભલો, પરોપકારી, અને મોજમજાહનો શોખીન હોય છે.

ધનમાં બુધ=ઊંચો, સારા દેખાવનો, મોટાં હાડકાંનો, ભુરા બાળ, લાલ ચહેરો, મોટું નાક, હવસી, પણ હવસને મારનારો, ઉતાવળ્યો અને હુજતી હોય છે.

ધનમાં ચંદ્ર=ખુબસુરત, લંબાચો ચહેરો, રતાસદાર દેખાવ, ગ્રે આંખ, ભલો, ઉદાર, પરોપકારી, જુસ્સાવાળો પણ માફ કરનારો, લોભ્યો પણ ભલો હોય છે.

"મકર રાશીમાં ગ્રહો."

મકરમાં હરશચલ=મધ્યમ કદ, સારો બાંધો, ટુંકી ગરદન, પ્હોળી પેશાની, કાળા બાળ, જુકતી આંખ, મગરૂર, લુચ્ચો અને ધ્રણીક વાતની ખરાબ ચાલનો હોય છે.

મકરમાં શની=પતલો, ઠીંગણો, ખરબચડી ચાંમડી, કાળો ચહેરો ઝીણી આંખ, લાંબો ચહેરો, દલગીર દેખાવ, બેવીશ્વાસુ, લોભી, અને ગંભીર દેખાવનો હોય છે.

મકરમાં ગુરૂ=ટુંકા પાતલાં અને ફીક્કા ચહેરાનો સીક માંદો, નાનું માથું, કાળા બાળ, અશકત અને નબળો, મુખ્યત્વે બધી રીતનો દુ:ખી હોય છે.

મકરમાં મંગળ=ટુંકુ કદ, પતલો ચહેરો, જરા રતાશવાળો, નાનું માથું, કાળા બાળ, ઉમંગી, બહાદુર, ચાલાક, અકકલવાળો અને મક્કમપણે કામ કરનારો, પકકા વીચારનો હોય છે.

મકરમાં રવી=નાજુક બાંધો, ફીકકો ચહેરો, ભુરા બાળ, લંબાચો દેખાવ, પતલું શરીર, સાચ્ચો, ભલો, આબરૂદાર અને હસમુખો, તથા રમુજ કરી માન મેળવનારો હોય છે.

મકરમાં શુક્ર=ઠીંગણો, સીકલી ફીકકા ચહેરાનો, પતલો ચહેરો, કાળા બાળ, બળુ આંખ, નરમ સ્વભાવ, માયાલુ અને પરોપકારી, વ્યભીચારી અને વ્યભીચારમાંજ પોતાનો નાશ કરનારો હોય છે.

મકરમાં બુધ=હલકો દેખાવ, પતલો ચહેરો, ભુરા બાળ, પગનો ફુલ્લો, કેટલીક વખતે લંગડો થાય, જ્યારે હરશચલ, શની કે મંગળના સમાગમમાં આવે ત્યારે જરૂર લંગડો કરે, ખવાસમાં ચીરડાઉ, ચંચળ, ઉતાવળ્યો, તથા ભીત્તરમાં આગળ વધનારો હોય છે.

મકરમાં ચંદ્ર=ઠીંગણો, નીચો અને બેડોળ, મોઢું અને શરીર પાતળું, કાળા ભુરા બાળ, નબળાં ગુઠણુ, ચંચળ, હલકા સ્વભાવનો, નીંચ અને વ્યભીચારી હોય છે.

"કુંભ રાશીમાં ગ્રહો."

કુંભમાં હરશચલ=મધ્યમ કદ, ભુરી આંખ તથા બાળ, ખુબસુરત પ્હોળો ચહેરો, ઘણોજ હુશીયાર, હુન્નરમંદ, વિધ્યા તથા હુન્નરનો શોખીન, વીચીત્ર ચીજોનો શોખીન, સારા સ્વભાવનો અને વીજળીક ઝડપવાળો, પણ વિચારમાં વીચીત્ર હોય છે.

કુંભમાં શની=મધ્યમ કદ, મોટું માથું અને પ્હોળો ચહેરો, કાળા ભુરા બાળ, મોટી આંખ, મીતાહારી, અકકલવાળો, વિધ્યાનો શોખીન, ઉપયોગી અને ખંતથી કામ કરનારો હોય છે.

કુંભમાં ગુરૂ=મધ્યમ કદ, સફાઇદાર ચહેરો, કાળા ભુરા બાળ, ખુશ મીજાજનો અને પરગજુ, કોઇને પણ દુઃખ નહીં દેનારો, સાચ્ચો, માયાળુ અને મોજશોખનો શોખીન હોય છે.

કુંભમાં મંગળ=મધ્યમ કદ, સારો બાંધો, જરા રતાશદાર બાળ, રતાશદાર સફાઇદાર ચહેરો, ઘણો ગુસ્સાવાળો અને તાબે નહીં થઇ શકે તેવો સ્વભાવ, અને તકરાર તથા વાદવીવાદ કરનારો, પણ ભોળો, ઉદાર અને સાચ્ચો હોય છે.

કુંભમાં રવી=મધ્યમ કદ, શોભઇતા ઘાટઘટનો ગોળ ચહેરો, ફીક્કા ભુરા બાળ, સફાઇદાર ચહેરો, સાચ્ચો, ભલો, પરગજુ, જરા મગરૂર અને ઉદાર ખવાસનો હોય છે.

કુંભમાં શુક્ર=ખુબસુરત, ઘાટમદાર ચહેરો, સારા દેખાવનો ભુરા બાળ, નરમ સુવાળાં જુલફાં, ખુલ્લા, પરગજુ અને ભોળા સ્વભાવનો, માયાળુ અને માન પામેલો હોય છે.

કુંભમાં બુધ=અચોકસ કદ, સારો દેખાવ, કાળા બાળ, ભરેલો ચહેરો, ઉપયોગી, શોધક બુધ્ધીવાળો, વિધ્યા, હુન્નર તથા આર્ટનો શોખીન, વિધ્યાનો અભ્યાસી, શોધક અને ઇનવેનશન તથા નવી ચીજો શોધી કાઢનારો, તર્ક શાસ્ત્રમાં હુશીયાર, હાજર જવાબી, અને ઉંડાંણ સમજશક્તિ ધરાવનારો, મહા વિદ્વાન હોય છે.

કુંભમાં ચંદ્ર=મધ્યમ કદ, સારો બાંધો, ભુરા બાળ, સફાઇદાર ચહેરો, ઉમંગી, ઉત્તસાહી, સભ્યતાવાળો, નીર્દોષ, ઉમંગી, શોધક બુધ્ધીનો માણસ હોય છે.

"મીન રાશીમાં ગ્રહો."

મીનમાં હરશચલ=હલકો, નીચું કદ, માંદો, ફીકકો ચહેરો, કાળા બાળ તથા આંખ, બેડોળ હાથ પગનો, બેડોળ ચાલન, સ્વભાવમાં આળસુ, અઇયાસી, ધીક્કારવા તથા તુચ્છકારવા જોગ હોય છે.

મીનમાં શની=ટુંકુ કદ, ફીકકો ચહેરો, કાળા બાળ, મોટું માથું, મોટી આંખ, હૈયાંનો દાઘેલ, અદેખો, દગાબાજ, નાદાર અને ચોરીનાં ખવાસવાળો હોય છે.

મીનમાં ગુરૂ=મધ્યમ કદ, માસવાળો ચહેરો, ફીક્કા ભુરા બાળ, ચોક્કસ, પરગજુ, ખુલ્લાં જીગરનો, મુસાફરીથી લાભ મેળવનાર, પૈસાવાળો અને ફત્તેહમંદ હોય છે.

મીનમાં મંગળ=નીચું કદ, ઠીંગણો, ભરેલો, ભુરા બાળ, કદરૂપો ચહેરો, મોટી આંખ, હવસી ખવાસ, આળસુ, મારામારી અને હરામખોરીનાં કામો કરનારો બાતલ માણસ હોય છે.

મીનમાં રવી=જરા ઠીંગણો, ગોળ મોઢું, ફીક્કો માંદો ચહેરો, ગ્રે આંખ, ભુરા બાળ, સ્ત્રીયારબાજ, વ્યભીચારી, જુગારી, દારૂડી, અને મોજશોખ, વ્યભીચાર અને ઉડાઉપણાંથી પોતાનો નાશ કરનારો હોય છે.

મીનમાં શુક્ર=મધ્યમ કદ, સહેજ ઠીંગણો, ભરેલો અને સારા દેખાવનો, ફીક્કા ભુરા બાળનો, બળુ આંખનો, ગોળ મોઢું, સારા

સ્વભાવનો, સાચ્ચો, હરેક કામમાં સાચવત જાળવનારો અને આબરૂદાર હોય છે.

મીનમાં બુધ=નીચું કદ, ભુરા બાળ, પતળો ચહેરો, માંદો દેખાવ, **શરીરપર** વધારે બાળ, બેવકુફ, દારૂડી, **અને** બેચેન હોય છે.

મીનમાં ચંદ્ર=ફીકકો ચહેરો, ગોળ મોઢું, પોતાનું સુખ જોનારો, રંડીબાજ, અને વ્યભીચારી હોય છે.

ચેતવણી.

આ ઉપર લખેલો **હરેક** રાશીમાં **હરેક** જુદા જુદા ગ્રહને લગતો ખુલાસો ઘણો જરૂરનો છે, જે માનવીની જન્મ કુંડળીમાં પહેલાં ઘરમાં, **જો ફકત રાશીજ હોય તો** તે માણુસ **તે રાશીની ખાસીયત,** ગુણ અને સ્વરૂપનો હોવો જોઇયે, પણ જો **તે રાશીમાં કોઇબી ગ્રહ બેઠા હોય** તો, તે માનવી **તે** ગ્રહ**નાં રૂપરંગ** અને ગુણવાળો પોતે હોવો જોઇયે. જો એ પ્રમાણે મળતાપણું નહીં આવે, તો જાણવું કે જન્મકાળની ઘડીમાં, અથવા તો જન્મ પત્રીકા બનાવવામાં ભુલ હોવી જોઇયે. હવે કોઈની જન્મ પત્રીકા નહીં હોય તો, તે માનવી જે વખતે જ્યોતીષને, પોતાને માટે કંઇપણ સવાળ પુછે, તે વખતે પંચાંગ (એફીમરી) માંથી તે વખતની **પશ્નન કુંડળી** કાઢવામાં આવે છે, (જુવો ભાગ બીજો) અને તે પશ્નન કુંડળીનાં પહેલાં ઘરમાં જે રાશી આવે તેવા ખવાસનો, તે સવાળ કરનાર માનવી હોવો જોઇયે, અથવા તો તેમાં જે ગ્રહ બેઠા હોય, તેવા સ્વભાવ, ગુણ, રંગ કે રૂપનો તે હોવો જોઇયે. જો તેમ નહીં હોય તો, જાણવું કે સવાળ કરનાર માણુસનું મન, સવાળ કરતી વખતે ઘણું ઘચુપચુ, અને ડામાડોલ અચોક્કસ હોવું જોઇયે, અને તેટલા માટે, તે વખતે કાંઇપણ ફળ કહેવું, તે અચોક્કસજ નીવડશે, માટે કુંડળીનો ધણી, અથવા પશ્નનનો ધણી, જો જન્મ લગ્નની રાશી અથવા ગ્રહનાં ગુણદોષવાળો હોય, અને તેનું ફળ જો કહેવામાં આવે તો તે તદન ખરૂંજ પડે છે.

વળી આ રાશીઓનાં લખેલા ગુણદોષ અને ખવાસ, તેમજ અમુક રાશીમાં અમુક ગ્રહનું જે જે ફળ અને રંગ રૂપ ખવાસ લખ્યા છે, તે બીજી રીતે પણ ઘણુાજ ખપના છે. દાખલા તરીકે

જો કોઇ શખ્સ પોતાના ભાઇ, મીત્ર, કે નોકર, દુશ્મન, વીગેરે માટે કાંઇ સવાળ કરે, તો તે મીત્ર, નોકર કે દુશ્મનનાં જુદાં જુદાં ભુવનોમાં, જે જે રાશી બેઠેલી હોય, તે પ્રમાણેના, અથવા તો તે રાશીમાં બેઠેલા ગ્રહનાં ગુણદોષ પ્રમાણેનાં હોય છે. જો તે ભુવનમાં ઘણા ગ્રહો જો સાથે બેઠેલા હોય, તો તે ગ્રહોમાં જે બળવાન અથવા ઊંચનો હોય, અથવા પાપ દૃષ્ટિથી મોકળો હોય, તે ગ્રહનાં જેવા ગુણદોષવાળો હોય છે, એવી રીતેઃ—પહેલા ભાઇ માટે ત્રીજા ભુવનમાં, બીજા ભાઇ માટે પાંચમાં ભુવનમાં, ત્રીજા ભાઇ માટે નવમાં ભુવનમાં, ચોથા ભાઇ માટે અગ્યારમાં ભુવનમાં, પાંચમાં ભાઇ માટે પહેલાં ભુવનમાં અને છઠ્ઠા ભાઇ માટે ત્રીજા ભુવનમાં એમ જોવું. તેજ પ્રમાણે નોકર માટે છઠ્ઠા ભુવનમાં, મીત્ર માટે અગ્યારમાં ભુવનમાં, જાહેર દુશ્મન માટે સાતમાં ભુવનમાં, બાતેન દુશ્મન માટે બારમાં ભુવનમાં, અને એ પ્રમાણે બારે ભુવનને લગતી જે કાંઇ બાબદ માટે સવાળ પુછવામાં આવે તે, તે ભુવનમાં જોવાથી જવાબ માલમ પડે છે. એજ પ્રમાણે બૈરી માટે સાતમાં ભુવનમાં, બૈરીનાં બાપ માટે દશમાં ભુવનમાં, બૈરીનાં ભાઈ માટે નવમાં ભુવનમાં, અને એજ પ્રમાણે જેમ ખુદ ધણીની કુંડળી ઉપરથી, જેમ બારે ભુવનને લગતી બાબદોનું સુખ દુઃખ જોવામાં આવે છે, તેમ તેજ કુંડળી-પરથી, તેનાં સગાંસ્નેહી, મીત્ર દુશ્મન કે તેને લાગતાવળગતાઓનું પણ ફળ જોઈ શકાય છે, માટે જે કોઈ બાબદ માટે જોવું હોય, તે બાબદનું ભુવન ચોકસ શોધી કાઢવા પછીજ, તેમાં રહેલી રાશી, ગ્રહ, **તેમજ તે ગ્રહ સાથે થયલા બીજા ગ્રહોનાં સમાગમથી ઉપજતાં ફળો,** વીગેરે જોઇ તપાસી, તેમજ અવળથી વીચાર પુગાડીને ફળ કહેવું, કારણકે (લૉ ઑફ એસોસીએશન) **જાતી ભેદનો કાયદો** ઘણી બાબદમાં લાગુ પડે છે, જેમકે રાજાને ત્યાં ફરઝંદ થાય તો તે રાજાજ થાય, પણ જો તેવાજ ગ્રહમાં કોઈ નીચ હલકાંને ત્યાં ફરઝંદ થયું હોય તો, તે કાંઇ રાજા થઇ શકતો નથી, પણ પોતાનાં ઊંચા ગ્રહ ફળને આધારે, પોતાની જાતમાં, અથવા પોતાનાં ધંધામાં, રાજ્યવંશી જેવી ઊંચી પદવી ધરાવી શકે છે. એવી રીતે **સમજ શક્તિ, તર્ક શક્તિ** અને **પશ્નનકારની હાલત, જાત,** વીગેરે **સર્વે બાબદનો** વીચાર કરવા પછીથીજ ફળ જણાવવું, નહીંતો ફળા-

દેષ ખોટું ઠરશે, અને વિધ્યા સાચ્ચી અને ખરી હોવા છતાં, મનમાં મુજવન, અને અસંતોષ ઉત્તપન્ન થશે, માટે આ ચેતવણી ઉપર ખુબ ધ્યાંન પુગાડયા પછીજ, સવાળોનાં જવાબો કહેવાને ભલામણ કરવામાં આવે છે.

(૧૯) ગ્રહોની ખાશીયતો.

ગ્રહોની પોતીકી ચોક્કસ ખાશીયતો અને અસરો હોય છે, અને જ્યારે માનવી જન્મે છે, તે વખતે ગ્રહો જેટલા બળના હોય છે તેટલાં બળનાં પોતાના ગુણદોષની અસરની ધુરજણી માનવીમાં થાય છે, જેથી તેનું બંધારણ અને ગુણદોષ, તેવીજ રીતે આગળ વધે છે, તે જન્મ કુંડળી અથવા પ્રશ્નન કુંડળીનાં **સમાગમો,** અથવા **એસ-પેકટસો** પ્રમાણે સમજી લેવું.

હરશચલ.

આ ગ્રહ ઠંડો, પુરૂષત્તત્વવાળો, પાપી છે, અને મધ્યમ કદ, મજબુત નાના હાડકાંઓવાળો, ખાસ કરીને શરીરનો નીચલો બાંધો મજબુત, ઉંચું કપાળ, કાળા બાળ, જીની તેજ આંખ, નાના કાન, પતળી દાઢી, અને ચહેરાનો દેખાવ, છુટાપણું અને દમામદાર, મત બાંધવામાં ચોક્કસ, મનંન કરનારો, કોઇનાં પણ તાબામાં નહીં રહે એવો, ઘણો મોભાવાળો, દોસ્ત કે દુશ્મન કોઇનીબી પરવા વગરનો, માબાપ અને સગાંવ્હાલાંથી છુટો, ભેજાં ફાતેલ, અને જરાકમાં તપી જનારા ખવાસનો બનાવે છે. જો પાપ ગ્રહોની સાથે ખરાબ એસ-પેકટસમાં બેઠો હોય, તો ઘણો પાપી, ખુની વીચારનો, ઘાતકી, અને હરેક જાતની બદી કરનારો અને ઉતાવળ્યો અને દરેક રીતનું નખ્ખોદ વાલનારો હોય છે પણ જો સારી એસપેકટસમાં હોય તો, વીધ્યાનો અભ્યાસી, યોગવિધ્યાપર શોખ રાખનારો, બાતેનનાં ભેદ મેળવનારો, અને વિચીત્ર અને અજાયબ ચીજોનો શોખીન હોય છે, એ ગ્રહ જ્યોતીષ અને યોગ કર્ત્તા છે, કારણકે માનવીનાં ભેજાં ઉપર એની પુષ્કળ અસર છે, અને ભેજાં માહેલાં અજાયબી, ઉંચા વીચાર, અને અદભુત જ્ઞાનને લગતાં જ્ઞાનતંતુઓ ઉપર એની ખાસ અસર હોય છે.

દરદો=હરશચલ ગ્રહ જેબી કંઇ જાતનું દરદ ઉત્તપન્ન કરે છે, તે દરદ કોઇથી પારખી કે સારૂં કરી શકાતુંજ નથી. દરેક ગુંચવણવાળાં દરદો, અને ખાસ કરીને પેટનાં સાંચાકામનો બગાડો, અને પવનનાં દરદો ઉત્તપન્ન કરે છે, એ દરદોનો ઇલાજ મેસમેરીઝમ અથવા સાઇકીક વિધ્યાથીજ કરવાથી દરદ સારૂં કરી શકાય છે.

ધંધો=દરેક જાતનો વિચીત્ર ધંધો, જેવો કે નજુમી, જ્યોતીષી, મેસમેરાઇઝર, ફ્રેનોલૉજીસ્ત યાને મસ્તક વિધ્યા જાણનારો, ગાંધી, કોતરકામ કરનારો, અને ગુપ્ત વિધ્યા અને યોગ સાંધન કરનારો હોય છે, ચઢતી કળાનાં વીજલીક સાંચાકામ અને યંત્રોને લગતો ધંધો હોય છે.

રહેઠાંણ=રેલવે સ્ટેશન, મેડ હાઉસ, સ્ટીમ એન્જીન હોય તેવી જગ્યાઓ, ગ્યાસ બનાવવાનાં કારખાનાં, અને હરેક જગ્યા કે જ્યાં કાંઇબી એનજીનને લગતું કામ ચાલતું હોય છે, અથવા કોઇ એકાંત વિચીત્ર જગ્યા હોય છે.

શની.

શની=ઠંડો, સુકકો, પાપી, દલગીર, ખાકી, પુરૂષ, એકલવાયો, એવા તત્વનો છે, અને એ ગ્રહ બધા ગ્રહોમાં સર્વેથી નીંચ, પાપી અને હલકો ગ્રહ ગણાય છે. દેખાવમાં મધ્યમ કદ, કાળો ચહેરો, કાળી જીની ગુરકતી આંખ, નીંચાં ભવાં, જાડું નાક અને જાડા હોઠ, મોટા કાન, કાળા બાળ, પ્હોળાં ખભાં, પતળી દાઢી, ટુંકી જાંગ અને ટુંકા પગ, અને બરીએલ ખવાસ આપે છે, જો ઉંચનો હોય તો, અથવા સારા ગ્રહોનાં સમાગમમાં આવેલો હોય તો, સારાં તેમજ માઠાં બેઉ કાર્યો ચાલુ કર્યા કરે, અદેખાઇ તેમજ ભલાઇ પણ કરે, ગંભીર, મીતાહારી પણ ચોક્કસ નજરનો અને બુધ્ધીવાળો, ઉંડાણ ભેદ જાણનારો, હઠીલો, અને લોભી હોય છે. જો નીંચનો કે ખરાબ એસપેકટસોમાં બેઠો હોય તો, નીંચ, હલકો, અદેખો, હીંચકારો, જુટ્ઠો, દગાબાજ, ઠોઠ અને અભણ, દરેક ચીજની ઉલટીજ બાજુ પકડનારો, કંઇપણ સારૂં તેનાથી થાયજ નહીં, બ્હીકનો વહેમી, બેવિશ્વાસુ, વેષધારી, હલકો, તુચ્છ, કર્પીણુ, અધમ અને બરીએલ ખવાસનો હોય છે.

શરીરમાં શનીનો અમલ, તલ્લી, જમનો કાન, હાડકાં તથા પ્રતીબંધન કાર્યો ઉપર છે.

દરદો=શનીનાં મુખ્ય ભાગે દરદો સર્દી, ઠંડક અને પસીનાનાં અટકાવથી થતાં દરદો, દલગીરી તથા ગમથી ઉત્તપન્ન થતાં દરદો, ફીફરૂં, કાળો કમળો, ખરપસું, ભગંદર, સંધીવા, ગાઉત, બ્હેરાપણું, મેદનેસ, રૂમેતીઝમ, હાથપગની કલતર, રગોની કમતાકતી, બોબરાપણું અને મુગો હોય છે.

ધંધો=ચપરાસી, ખેડુત, જમીનની ભીત્તરમાં ખોદાણુ કરનાર, પત્રાંનું કામ કરનાર, કુંભાર, ઝાડુવાળો, નળવાળો, ઈંટ બનાવનાર, ઘાટ કરનાર, ચીમની સાફ કરનાર, દેવળનો રખેવાળ, ખાંપ્ગો, ગાડાંવાળો, બાગબાન, કાળાં કપડાં રંગનારો, ભરવાડ, ભંગી, ઘોડાવાળો, મીણબત્તી બનાવનાર વીગેરે ધંધો અથવા ખાસ કરી **નોકરી** કરનારો હોય છે.

રહેઠાંણ=જંગલ, ખેતર, ખીણ, ગુફા, ખાડા ખબોચ્યા, પહાડ, અથવા કબ્રસ્તાન, ખંડીયરો, કોલસાની ખાણો, અને દરેક દુર્ગંધી અને વાસ મારતી જગ્યાઓમાં રહેવાનો શોખ હોય છે.

ગુરૂ.

બ્રેસપતી બીજા બધા ગ્રહોમાં સર્વેથી જોરાવર અને **શુભ** ગ્રહ છે. ગરમ, તેમજ હવાયલો અને ચોક્કસ અને દીલસોજ ગ્રહ છે. દેખાવ સીધ્ધો, ઉંચ્ચો, સારા ચહેરાનો, લંબગોળ, ઉંચું કપાળ, ભરેલી ગ્રે અથવા ભુરા રંગની આંખ, જાડા બાળ, ખુબસુરત પણ મજબુત, અને જો ઉંચનો હોય તો, ઘણો દીલ લોભાવનારો, અને મળતાવડા સ્વભાવનો, મોભાવાળો, સાચ્ચો અને એકવચની હોય છે. જો નીંચનો કે પાપ ગ્રહની દૃષ્ટિમાં આવેલો હોય તો, વેષધારી, કાજીજી કહેનેકે પણ કરનેકે નહીં તેવો દપ્રાંસ્યો, હવસી, આળસુ, જુલમી, મગરૂર, ગરમ સ્વભાવ, અને ખરચાળુ, ખુશામતીઓ, અને અભીમાની હોય છે.

એનો અમલ શરીરમાં, ફેફસાં, કલેજું, નસો, લોહી, પાચનશકિત અને શરીરની ગતીઓ છે.

દરદો=અંદરનાં ભાગોનો બીગાડો, દરેક લોહીનાં બગાડાથી થતાં દરદો, અનિયમીતપણાંથી થતાં દરદો, ફેફસાંનાં દરદો, માથે લોહી ચઢવું, લોહીની નસોને લગતાં દરદો, અને બરદાને લગતી વ્યાધીઓ થાય છે.

ધંધો=જડજ, કાઊન્સીલર, વકીલ, પાદરી, ધર્મગુરૂ, ડાકટર, સીવીલ સરવંત, વિદ્વાન, માસ્તર, પંડીત, કોલેજનો વિધ્યાર્થી, કપડાંનો ધંધો કરનારો, અને ગરમ કાપડનો વેપાર કરનાર, અને બેરીસ્ટર વીગેરે એવા ઉંચી કેળવણીનાં અને રાજવંશીઓની નજદીકમાં રહેનારા, તેમજ રાજ્ય કે ધર્મને લગતી નોકરી કરનારા હોય છે.

રહેઠાંણ=દેવળો, ધર્મની જગ્યાઓ, જાહેર મોટાં મકાંનો, કોલેજો, કોર્ટો, ભાષણ કરવાની જગ્યાઓ, મીજલસો, મેળાવડાઓ, અખાડાઓ, મંડળીઓ, એસોસીએશનો, પારલામેન્ટ, અને ધર્મની સભાઓ વીગેરે છે.

મંગળ.

મંગળનો ગ્રહ ગરમ, આતશી, સુક્કો, પુરૂષ, ઋતુની એવા તત્વનો છે, અને દેખાવ, મજબુત, સારો બાંધો, મધ્યમ કદ, જાડો નહીં, પણ ગાંઠદાર, મોટાં હાડકાંનો, ઘઉં વરનનો, બહાદુર ચહેરો, લાલ અથવા રતાસદાર ભુરા બાળ, તેજ આંખ, જ્યારે ઉંચનો હોય ત્યારે, બહાદુરી, ભય વગરનો, દુશ્મનોને જીતનાર, મોભાને દમામવાળો, તેમજ ખાનગી બાબદોમાં અક્કળ રાખનારો, લડાઇમાં બેધડક આગળ વધનારો હોય છે; પણ જ્યારે નીંચનો કે બીજા પાપ ગ્રહોનાં સમાગમમાં હોય છે ત્યારે, અથવા શની કે હરશચલનાં સમાગમ કે દૃષ્ટિમાં આવેલો હોય ત્યારે, જુસ્સાદાર, ભયંકર દેખાવનો, નિતીની દરકાર વગરનો, સારા ખવાસને બાજુ મુકનારો, મારફાડ, દગો ફટકો, ચોરી, લુચ્ચાઈ, ખુના મરકી, રાજદ્રોહ અને દરેક જાતનું ઘાતકીપણું અને માણસ કે ખોદાથી પણ નહીં ડરનારો હેરેમંદો થાય છે.

શરીરમાં એનો અમલ પીત્ત, મોઢું, ડાબો કાન, ડાબો હાથ, નાકની ઇંદ્રી અને તર્કશાસ્ત્ર, લાંબી પ્હોંચ વીગેરેપર છે.

દરદો=તાવ, પ્લેગ, સોજાનાં દરેક દરદો, પીત્તવીકાર, કમળો, ઉડતા રોગો, ઉડતી જાતનાં ચામડીનાં દરદો, મીઠ્ઠી પીસાબ, પીસાબ ટીપે ટીપે થાય તેવાં દરદો, કાપ, ઘા, ઘસાડા, અને જખમ વીગેરે છે.

ધંધો—ઇજનેર, લશકર ખાતાંમાં, જેનરલ, કમાન્ડર, કેપટન, અથવા લશકરનો ઉપરી, દરેક રીતે લશકરને લગતીજ અને લડાઇને લગતીજ બાબદોના ઓધ્ધાઓ, ડાકટરી, વહાડકાપનો ડાકટર, વઇદ,

દવા વેચનાર, તોપ ખાતાંમાં નોકરી, કસાઇ, બેલીફ, ફાંસીગર, ચોરીનો ધંધો, લુહાર, પદરખાનાંવાળો, બખ્તર બનાવનારો, ઘડીઆલી, તળવાર, છરી વીગેરે વેચનારો, હજામ, રંગારો, ભઠીયારો, બબરચી, સુથાર, શીકારી, ચમાર, જાસુસ, ચપરાસી વીગેરે મંગળ જેમ ઉંચ કે નીંચનો હોય, તેમ ઉંચ નીચનો ધંધો આપે.

રહેઠાંણુ—કારખાનાં, લોહારની ભઠ્ઠી, બાવરચીખાનું, કસાઇખાનુ, ઈંટની ભઠ્ઠી, નાલબંધીનાં કારખાનાં, ઈનજીન, લડાઇનાં મેદાન, લડાઇની છાવણી વીગેરે છે.

રવી.

રવી=પુરૂષ, ગરમ અને સુકકો, અને ઘણું કરીને મોટાં હાડકાંવાળો, અને મજબુત શરીરનો, છાલકા ચહેરાનો, ઊંચા કપાળનો, કરચલીવાળા બાળનો, જુવાનીમાં બાળ ખરી જાય, ખુબસુરત હેજલ રંગની આંખ, લાંબા અબ્યવો અને ઘટમદાર દેખાવ હોય છે. જો ઉંચનો કે સારા ગ્રહોનાં સમાગમવાળો રવી હોય તો, ખવાસ ઘણોજ ઉદાર, દમામદાર, છુટા હાથનો, માનસાઇ ખવાસનો, પરગજુ, સાચ્ચી મીત્રતાવાળો, સાચ્ચો ને સુધ્ધો, વચન પાળનારો, પણ વચન ધીમે ધીમે પાળે, ઘણો વીચારવંત, ભેદી, એકમાર્ગી, રાજવંશી દમામવાળો, મોહટાઈ અને મોટાં માણુસોનાં જેવી ખાસયતને રોપ, તથા દેખાવ રાખવાને તત્પર રહેનારો, દરેક ખરાબ, જુઠ્ઠી અને નિતીથી ઉલટી ચીજોને ધીક્કારનારો હોય છે. જો રવી નીંચનો કે પાપ ગ્રહોની દૃષ્ટિમાં સપડાયલો હોય તો, ખરચાળુ, ભરમભોલ ને માંહેપોલ, મગરૂર, બેચેન, ટંટાખોર, ડામાડોલ વીચારનો, ઘાતકી, તોફાની, કઢંગા સ્વભાવનો, પોતાનાં શેઠોની ખુસામત તથા દલાલી કરનારો, તેમજ વળી તે લોકોને અંદરખાંનેથી ધીક્કારનારો હોય છે.

રવીનો અમલ હૃદય, બરડો, જમની આંખ પુરૂષની, અને દાબી આંખ ઓરતની, તથા ગુરદા અને કમરનાં પાછલા ભાગો ઉપર છે.

દરદો=હૃદયનાં ધપકારા, હાર્ટદીઝીઝ, નજરમાં ખામી, તાવ, ભેજાંનાં દરદો, આંકરાં, ગળાં અને મોઢાંનાં દરદો અને બેફામી, બેસુધ્ધી, વીગેરે છે.

ધંધો=રાજા, રાજકુંવર, ગવરનર, અર્લ, લોર્ડ, લેફ્ટનન્ત, માજીસ્ત્રેટ, ગ્રહસ્થ, દરબારી. નવાબ, મેયર, શેરીફ, કમીશનર, મોટા રાજવંશીઓ અથવા પૈસાવાળાનો કારભારી, સોની, કસારો, માસ્તર, પીત્તલનો સામન બનાવનાર, વીગેરે છે.

રહેઠાંણ=દરબાર, મહેલો, નાટકશાળાઓ, અને મોટી મોટી દમામદાર બીલડીંગો, જમવાનાં રૂમો, મોટા દેવાનખાનાંઓ અને જાહેર દમામદાર ભપકાવાળી જગ્યાઓ છે.

શુક્ર.

શુક્ર=ઠંડો, ભીનો, સ્ત્રીઆકાર, ખુબસુરત, સારા બાંધાનો, શોભીતી બળુ આંખ, ખુબસુરત ચહેરો, સુનેરી બાળ, અને મધુર અવાજવાળો હોય છે, જ્યારે ઉંચનો હોય છે ત્યારે, શાંત, ખેંચાણુ-કારક, મધુર ખવાસ, ઘણોજ હુશીયાર, ચંચળ, તથા ઘણી ચીજો જાણનારો, મળતાવડો, સ્ત્રીઓની મંડળીનો શોખીન, સ્ત્રીઓમાં છુટથી ભેળાનારો, અને મોજશોખમાં એકકો હોય છે; પણ જ્યારે નીંચનો અથવા બીજા પાપગ્રહોનાં સમાગમનો હોય છે, ત્યારે બેતુંભા, આબરૂની દરકાર વગરનો, દારૂડી, વ્યભીચારી અને વ્યસની થાય છે.

શુક્રનો અમલ ગુરદા, બરડાનો કાંઠો, ગર્ભસ્થાન, ગળું, ગરદન, અને આંચળ તથા છાતીનો ભાગ, વીગેરેપર છે.

દરદો=બરડાનાં દરદો, ગુરદાનાં દરદો, છાતીમાં દાજ, છાતીના ધબકારા, અવયવોનું મોરચાવું, તથા ખાસ કરીને વ્યભીચાર અને દારૂડીપણાથી તેમજ ખરાબ સંગતમાં થતાં હરેક જાતનાં દરદો છે.

ધંધો=ગવૈયો, જુગારી, રેશમી કાપડનો વેપારી. સુતરાઉ કાપડનો વેપારી, પેન્ટર, ઝવેરાત વેચનાર, એકટર, ભરતકામ કરનારો, બૈરાંનાં કપડાં સીવનાર, દાઇનો ધંધો કરનાર, ધવાડનારી, કુમારીકાઓ, સારંગી વગાડનાર, વાજાંવાળા, વીગેરે હોય છે. વળી જ્યારે ચંદ્રની સાથે હોય છે, ત્યારે સેન્ટ અત્તરનો વેપારી, દરજણ કપડાં વેતરનાર, આર્ટીસ્ટ, એનગ્રેવર, મોજાંની દુકાનવાલો તથા બૈરાંને લગતી સર્વે ચીજો, તથા બૈરાંના ચ્હેરા અને ખુબસુરતીને લગતી ચીજો, તથા બૈરાંને કામની અને ઉપયોગની હરેક ચીજો વેચનારો હોય છે.

રહેઠાંણ—નાટકશાળા, સબીની દુકાનો, મોજમજાહનાં ઠેકાણાઓ, તાડી, દારૂની દુકાનો વીગેરે છે.

બુધ.

બુધ—ઠંડો, સુકકો, અને ગંભીર દલગીરીભરેલો ગ્રહ છે, દેખાવ ઊંચ્ચો, સીધો, પાતલો, લાંબુ મોઢું, લાંબુ નાક, પાતલા હોઠ અને પાતલી દાઢી, અણીવાલી દાઢી, ઘઊં વરનની ચામડી, હેજલ રંગની આંખ, તથા અવયવો દરેક લાંબા તથા પાતલા હોય છે. જો ઉંચનો હોય છે તો, મજબુત ઊંડાણ વીચારવાળો, ઘણાજ બોહળાં જ્ઞાનવાળો, બેસુમાર અક્કલવાળો, અને ભેદ ભરેલી યાદદાસ્ત શકિતવાળો, પણ જો બુધ નીંચનો અથવા પાપગ્રહોના સમાગમવાળો હોય તો, અલપ બુધ્ધી, ભેજાંમાં ભુસું, નિંદાખોર, દફાંસ્યો, જુઠો, ખુશામતીઓ, અને ખાસ કરીને નાની નાની ચોરી લુચ્ચાઇ કરનારો હોય છે.

એનો અમલ ભેજાંપર, જ્ઞાનતંતુઓપર, હાથ અને પગપર છે.

દરદો—દરેક ભેજાંનાં દરદો, યાદદાસ્ત શકિતને લગતાં દરદો, બોલવાને લગતાં દરદો, માથાંના દુઃખારાઓ, ગાઉત અને જ્ઞાન તથા અભ્યાસ અને ભેજાંની દરેક ખાસીયતોને લગતાં દરદો થાય છે.

ધંધો—દરેક અભ્યાસી, લખવા વાંચવાનો ધંધો, **મહેતાગીરી**, ફીલસુફ, હીસાબશાસ્ત્રી, વેપારી, સેક્રેટરી, વેટર, કવી, ભાષણકર્ત્તા, વકીલ, સ્કુલ માસ્તર, પુતલાં કોતરનાર, કમીશનર, છાપાખાનાવાળો, મની ચેનજર, સોલીસીટર, નાની ચોરીઓનો કરનારો, એકાઊનટંટ, ટપાલખાતાંવાળો, ચીઠ્ઠી લાવ લઇજાવ કરનારા સીપાઇ, મહેતાજી, ચપરાસી, ચોબદાર વીગેરે છે.

રહેઠાંણ—નિશાળો, મકતબો, મદરેસાઓ, ભાષણની જગ્યાઓ, તથા એકેદમીઓ, મંડલીઓ ને કમીટીઓની જગ્યાઓ છે.

ચંદ્ર.

ચંદ્ર—ઠંડો, ભીનો, સ્ત્રી આકાર, પાણીવાળો, તથા ભવીષ્ય જોવામાં અને ભવીષ્યની વાત કહેવામાં આ ગ્રહ, બીજા ગ્રહો કરતાં ઘણોજ કામનો છે. દેખાવ, ખુબસુરત ચહેરો, ગોળ મોઢું, ગ્રે આંખ, ટુંકા હાથ, જાડા હાથ અને પગ, અને બેડોલ. ધંગધડા વગરનું

શરીર, અને જો સુર્યની દૃષ્ટિથી દબાયલો હોય તો આંખનો અચોક્કસ, તથા આંખમાં ખામી હોય છે. જો ઊંચનો ચંદ્ર હોય તો દીલ જીતી લેનારો, જરા જરામાં બીહનારો, સારા ખવાસનો, અજાયબ ચીજોનો શોખીન, અને મુસાફરી કરનારો હોય છે. નીંચનો હોય તો આળસુ, છાકટો, ભીખારી, નોકરી નહીં કરનારો, અને નીચ ખવાસનો હોય છે.

એનો અમલ ભેજાંપર, પેટપર, આંતરડાંપર, ડાબી આંખ પુરૂષની, તથા જમણી આંખ સ્ત્રીની ઉપર છે.

દરદો=દરેક જાતનાં રૂમેટીઝમ, સંધીવા, ખદી, આંતરડાંની અને ઝાડાની બીમારીઓ ને દરદો. નારગોળ, પેટમાં પાણી, જલંદર, ભગંદર, ઘેલાપણું, તથા બચ્ચાંઓને થતાં હરેક જાતનાં દરદો છે.

ધંધો=રાણી, કાઉન્ટેસ, લેડી, અને દરેક જાતની ઓધેદાર અને ગ્રહસ્થી સ્ત્રીઓને લગતાં કામ, મુસાફર, જાત્રાલુ, ખલાસી, માછીમાર, દારૂની ભઠ્ઠીવાળો, દારૂવાળો, ઘોડાવાળો, શીકારી, દર્યાવર્દીખાતાંનો અમલદાર, દળનારો, દારૂડી, માછણ, સ્ત્રી તાઇપીસ્ત, વેશીયા સ્ત્રી, દાઈ, આયા, તથા દરેક સ્ત્રી જેઓ કંઇપણ ધંધો કરતી હોય તે, ભીસ્તી, ભાડુતી ગાડીવાળો વીગેરે એ પ્રકારના ધંધા અને હાલતવાળાં માણસો હોય છે.

નોંધ:—આ ઉપર લખેલા સર્વે ગ્રહો જે ભુવનમાં જે રાશીમાં ઊંચ કે નીંચનાં બેઠેલા હોય, તે તે પ્રકારનાં તે તે ભુવનને લગતી ખાસીયત માનવીમાં ઉત્તપન્ન કરે છે. **ખાસ કરીને જો એ ગ્રહો પહેલાં ઘરમાં હોય છે, તો આ સર્વે લખેલાં સીધ્ધાંત પ્રમાણેના ગુણદોષ તે માનવીમાં મુખ્ય ભાગે હોય છે.** અથવા જો કુંડળીનાં બીજાં ભુવનોમાં હોય છે, તો તે પ્રમાણે તે ભુવનને લગતા આસામી કે ચીજને માટે એને લગતા ખવાસ કે ગુણદોષ જાણવા.

(૨૦) રાશીઓનો શરીરનાં અવ્યવોપર અમલ તથા તેના રંગો.

મેષ રાશી=માથું તથા ચહેરો. રંગ સફેદ રતાશ સાથ મળેલો.

વરખ=ગરદન તથા ગળું. રંગ સફેદ, પીલાસ સાથ જરા મળેલો.

મિથુન=હાથ, પોંહોચા, અને ખભાં. રંગ સફેદ લાલ સાથ મળેલો.
કર્ક=છાતી અને પેટ. લીલો રંગ.
સિંહ=પાંસરાં અને બરડાનો ઉપલો ભાગ. રંગ લાલ અથવા લીલો.
કન્યા=પેટ અને આંતરડાં. રંગ કાળો સહેજ બળુ સાથ મળેલો.
તુલા=ગુરદા અને બરડાનો પાછલો ભાગ. રંગ કાળો અને ઘેરો લાલ.
વૃશ્ચિક=શરીરના છુપા ભાગ તથા ઇંદ્રીઓ. રંગ બ્રાઉન.
ધન=જાંગ અને જાંગની પાછળનો ભાગ. રંગ પીળો.
મકર=ગુઠણ અને તેની ઉપરનો ભાગ. રંગ કાળો, જાંખો ભુરો.
કુંભ=પગ અને ગુટાંની નીચેનો ભાગ. રંગ આસમાની બળુ.
મીન=અંગુઠો અને પગનાં તળીઆં. રંગ સફેદ.

રાશીઓનાં દરદો તથા જગ્યાઓ અને દીશાઓ.

મેષ રાશી=દીશા પુર્વ. **દરદો**–ફુલ્લા, સોજો, ખીલ, શીતલા, સ્ત્રીનાં ગર્ભસ્થાનમાં **પોલીપસ** યાને ગાંઠ થાય છે તે, દરાજ, ફીફરૂં, મગજે લોહી ચઢવું, દાંતનો દુઃખાવો, માથાંનો દુઃખાવો અને બોડકું માથું હોય છે.

રહેઠાંણ=ગાય બકરાંનાં કોઢારાં, રેતાલ અથવા **પાહડી** જમીન એકાંત જગ્યાઓ, રેહવાના ઘરો, તુરતનું ખેડેલું ખેતર, નવી જમીન, અથવા તો ચુનો કે ઇંટ પકાવવાની જગ્યાઓ.

વરખ=દીશા દક્ષીણ અથવા દક્ષીણ પુર્વ. **દરદો**–લકવો, ગળાંનો સોજો, ગળાંના હરેક દરદો, ભરણીધરો વીગેરે છે.

રહેઠાંણ=ઘોડાના તબેલો, નીચાં ઘર, ખેડુતોના કોઢારાં, જાનવરોને ચરવાની જગ્યાઓ કે જયાં ઘરો બાંધેલા નહીં તેવી, મેદાનો, ખેતરો, નીચા ઓરડાઓ, ભોયરાંઓ વીગેરે છે.

મિથુન=દીશા પશ્ચિમ અને જરા દક્ષીણ તરફ. **દરદો**–નાના અકસ્માતો, હાથની ખોડ, ખભાં, હાથ, બીગડેલું લોહી, નસોમાં પવનનું ભરાવું, વિચારોમાં બેભાન જેવો, અને રગોની કમતાકાતી વીગેરે છે.

કર્ક=દીશા ઉત્તર. **દરદો**–આખાં શરીરમાં વ્યાધી, છાતી, પેટ, આંચલ વીગેરેનાં દરદો, નબલી પાચનશકતી, પેટમાં સરદી, ખહી,

બલગમ, જુનો ઠાંસો, પેટમાં પાણી, પેટનો ગુરગુરાટ, તથા ઘણુાખરાં મુખ્ય કરીને છાતીનાં દરદો હોય છે.

સિંહ=દીશા ઉત્તર પુર્વ. **દરદો**–પાંસરાં અને છાતીની પતીઓમાં થતાં દરેક જાતના દરદો, ફેફસાંમાં પરૂં પાકવું, ઊપળ્યું, બેસુધ્ધી, બરડામાં દુઃખાવો, ગુસ્સામાં ધ્રુજવું અથવા હૃદયનું કાંપવું, સુજેલી આંખ, પ્લેગ, પીળો કમલો, અને દુન્યામાં આવી પડતી આફતોનાં ઉડતા રોગો વીગેરે છે.

કન્યા=દીશા દક્ષીણ જરા પશ્રિમ તરફ. **દરદો**–કરમ, પવન, ચુંકો, આંતરડાંને લગતાં સર્વે દરદો, છુપા ભાગની ગોળીને લગતાં દરેક દરદો તેમજ ઇંદ્રીના દરદો વીગેરે થાય છે.

તુલા=દીશા પશ્ચીમ. **દરદ**–પથરી, રેતી વીગેરે પીસાબમાં થાય છે તે દરદો, ગુરદાનાં દરેક જાતના દરદો, મીઠ્ઠી પીસાબ, કમરનાં દરદો, ધાતને લગતાં દરદો, ગરમીના દરદો, ઈંદ્રી અને ગુરદામાં પડતાં નાસુરો, પીસાબના ફુક્ક્ા તથા ઈંદ્રી અને બરડાના પાછલા ભાગમાં થતી અનેક વ્યાધીઓ તથા લોહીનો બગાડો વીગેરે છે.

વૃશ્ચિક=દીશા ઉત્તર જરા પુર્વ તરફ. **દરદો**–રેતી, પથરી, ગોળીના અને દરેક છુપા ભાગના દરદો, સ્ત્રીનાં દરદો, દસ્તાનના મરજો, ભગંદર, અંતરગળ, મસા, આંતરડાંનું પીસાબની કોઠલીમાં ઉતરી પડવું, મરદ તેમજ સ્ત્રીનાં છુપા ભાગોનાં અનેક દરદો, ગર્ભ-સ્થાનના દરદો વીગેરે છે.

ધન=દીશા પુર્વ પણ જરા દક્ષીણ તરફ. **દરદો**–ભગંદરો તથા ઝાડાના માર્ગોમાં થતાં દરદો, લોહીનું ગરમ થવું, ઘોડાપરથી પડી જવું, અને તેથી દરદ થવાં, ચારપગી જંગલી જાનવરોથી હેરાંન થવું, આંગથી બળવું, ગરમીના દરદ તથા પુષ્કલ મેહનતથી થાક ચઢીને થતાં દરદો છે.

મકર=દીશા દક્ષીણ. **દરદો**–પગનાં ગુંઠણના દરદો, અને પગનાં ગુંઠણ આગળના સાંધાઓમાં અતી મેહનત, અથવા ઘસારા કે કોઈ-પણ પ્રકારથી ઉપજતાં દરદો, ખરપસું, ખુજલી, અને બેદરકારી, તથા અસ્વચ્છતાથી થયલાં લંબાણ દરદો છે

કુંભ=દીશા દક્ષીણ-ઉત્તર. **દરદો**–પવનનાં દરદો, આંકરાં આવતાં દરદો, રગોમાં ધ્રુજરી થતાં દરદો, તથા પગનાં અંગુઠાની નીચે પગનાં ટેટાં-ઓમાં થતાં દરદો, તથા તે ભાગની ખોડખાપણ વીગેરે છે.

મીન=દીશા ઉત્તર-પશ્ચીમ. **દરદો**–પગનાં તળ્યાંનાં દરદો, ગાઉત, પગનું લંગડાપણું, ધાતનું જવું, બલગમ પડવા, ઝાડા વાટે અથવા પગનાં તળ્યાંમાંથી રસી ઝરવી, ધર ગુમડાં, ખુજલી, સરદી અને ઠંડકનાં દરદો, પેટના ભાગના દરદો, લોહીનાં બીગાડાના દરદો વીગેરે છે.

નોંધ=જન્મ કુંડળીમાં પહેલાં ઘરમાં તેમજ છઠા ઘરમાં ઉપળી રાશીઓ માંહેલી કોઇપણ રાશી એકલી બેઠી હોય, તો તેને લગતી દીશા, અને દરદો જાણવાં, પણ જો તેમાં કોઇ ગ્રહબી બેઠો હોય તો, એ દીશા અને દરદો ઉપરાંત, ગ્રહ જે હોય, તેની દીશા તેમજ દરદો પણ જરૂર ગણત્રીમાં લેવાં.

(૨૧) ગ્રહોનું દરેક ભુવને જુદું જુદું ફલ.

હરશચલ.

પહેલાં ભુવનમાં=જો પહેલાં ભુવને યાને જન્મ લગ્ને હરશચલ મેષ સીંહ કે ધન રાશીમાં બેઠેલો હોય તો, તે માણસ ઘણું હુલડ, ભેજાં ફાટેલ, લોભી, વિચીત્ર ચીજો અને અજાયબ ચીજોનો શોખીન, બેચેન, જયોતીષ વિધ્યાનો શોખીન, તથા મોટાઇ અને મોટા કામોનો અભ-ખરો રાખનારો, શોધક બુધ્ધી, તથા વાદવીવાદનો શોખીન હોય છે. જો મિથુન, તુલા, કુંભ, એ રાશીઓમાં હરશચલ બેઠો હોય તો, ઘણો હુસ્યાર. શોધક બુધ્ધી, ઉંડાણ ભેદ જાણનારો, વિધવાન, વિધ્યા-ઓનો શોખીન, ખાસ કરીને ઓકલટ યાને આસમાની અને ગેબી વિધ્યાઓ શીખવાનો શોખીન, સાચ્ચો અને મગરૂર હોય છે. જો વરખ, કન્યા કે મકર રાશીનો હોય તો, ભેજાં ફાટેલ, દગાખોર, લુચ્ચો, જનાવરની હેવાન્યતભરી ખાસીયતવાળો, ખાધરો, અને ઘણો લુચ્ચો હોય છે. જો કર્ક, વૃશ્ચિક અને મીન રાશીમાં હોય તો દારૂડી, તથા ઘણો નીંચ ખવાસનો, છાલકા મનનો, બેવકુફ, અદેખો. પોતાનો સ્વાર્થ સાંધનારો, બદમાસ, વ્યભીચારી હોય છે. ઘણું કરીને હરશચલ પહેલાં ભુવને હોય તો તે માણસ ઘણો જીતીલો, હુલ્લડ, કંઇક ચાલાકી

ને સમજવાળો, મગરૂર, બોલીદરાક, અદેખો હોય છે, તથા ઘણું કરીને એવો માનવી પોતાનાં કુટુંબ સાથ તરછોડ કરીને, એખલો અટુલો અને ભટકતી જીંદગી ગુજારનારો હોય છે.

બીજા ભુવનમાં=એકાએક પૈસા જતા રહે, અથવા તો એકાએક પૈસાનો લાભ આપે, તથા પૈસા સંબંધી ઘણો ઘોંટાલો કરાવે, તથા પૈસાની મોટી ખોટો આપે, અને અસાધારણ તથા એકાએક પૈસા સંબંધી ફેરફાર કરી નાખે.

ત્રીજા ભુવનમાં=હરશચલ ત્રીજા ભુવને બેઠો હોય તો વિધ્યાનો ઘણો શોખીન, જયોતીષ વિધ્યા જાણનારો, ગાયેબની વિધ્યા તથા આસમાનની વિધ્યા શીખનારો, વિચીત્ર ચીજો અને વિચીત્ર કેતાબોનો સંગ્રહ કરનારો, ઘડી ઘડી પોતાનું રહેઠાંણ ફેરબદળ કરનારો, તથા નાની નાની રેલવેની મુસાફરીઓ કરનારો હોય છે, તેમજ એ માણસ કાગળ પત્રના લખાણ બાબે વરવાંધામાં તથા ખટપટમાં આવી પડે છે.

ચોથાં ભુવનમાં=માબાપ સાથ ખટપટ થાય, તથા જમીન જગ્યા અને માલમીલકત માટે વાંધો ઉઠે, તથા પાછલી જીંદગીમાં ઘડપણ વખતે હાડમારી અને તંગીમાં આવી પડે.

પાંચમાં ભુવનમાં=ફરઝંદ થાય નહીં, અથવા જો થાય તો મરી જાય, ફરઝંદો તરફથી ઘણી હાડમારી પડે, સરત, સોરતી, સટો વીગેરેમાં હમેશાં ખોટ અને નુકસાન થાય. જો સ્ત્રીને જન્મ કુંડળીએ હરશચલ પાંચમે ભુવન પડયો હોય તો નાની ઉમ્મરથીજ તે સ્ત્રી આફતમાં આવી પડે.

છઠાં ભુવનમાં=આ ભુવનમાં કાંઇ ઝાઝી અસર કરતો નથી, પણ ચાકરો અને હલકા માણસોથી દુઃખ ખમવું પડે, નોકરો લુચ્ચા નીવડે. જો વરખ રાશીમાં હરશચલ છઠાં ભુવને હોય તો દીપડેરીઆ (Diphtheria) યાને ગળાંનો સોજો તથા ગળાંનું દરદ થાય.

સાતમાં ભુવનમાં=હરશચલ સાતમે ભુવને ઘણોજ ખરાબ, લગ્ન થવામાં ઘણીજ અડચણો, બૈરી સાથે અણબનાવ; વખતે છુટા છેડા પણ થાય, બૈરી અથવા મરદ જેને કોઇને સાતમે હરશચલ પડયો હોય તો તે લુચ્ચો, છીનારવો અને ખુની ઘાતકી હોય, ખાસ કરીને

ગુસ્સાવાળો તો જરૂરજ હોય, વળી મોટા જોરેમદ દુશ્મનોથી પણ દુઃખ ખમવું પડે, તથા જાહેરાતમાં લોકો સાથે ખટપટ થાય. હરશચલ સાતમે હોય તો તે સ્ત્રી અથવા મરદને ઘણુંજ ખરાબ છે.

આંઠમાં ભુવનમાં=ધણી અથવા બૈરી પૈસો ઉડાવે, ફાલો હીસ્સો મળે નહીં, વારસો મેળવવામાં અડચણ પડે, અને મુવેલાંનાં માલ દોલત બાબદ બહુજ ખટપટમાં ઉતરવું પડે.

નવમાં ભુવનમાં=વિધ્યા તથા જયોતીષ શાસ્ત્રનો શોખીન થાય, તથા ગુપ્ત વિધ્યા શીખે, મોટો નજુમી થાય, મુસાફરી કરે, વિધ્યાનો શોખ ધરાવે, ધર્મ સંબંધી ઘણાજ વિચીત્ર વીચારો રહે, હુજતી અને હઠીલો હોય છે.

દશમાં ભુવનમાં=ચઢતી તેમજ પડતી આપનારો છે, જેટલી ચઢતી કરે તેટલીજ પડતી કરે, લોકોમાં માન અપાવે, ને પછી અપજસ કરાવે. મોટાં માણુસો સાથે, શેઠ સાથે ખટપટ કરાવે, મુસાફરીમાં ભટકયા કરે, અને ધંધો રોજગાર એક જાતનો કરે નહીં, અને હરઘડી નવો નવો ધંધો કર્યા કરે, તેમાં કોઇ વખત મોટો લાભ મેળવે, તો કોઇ વખત મોટી ખોટ આવે. મેરીદીયનનાં એ ઘરમાં હરશચલ સારો નહીં.

અગ્યારમાં ભુવનમાં=દોસ્તો મદદ કરનારા હોય, તેમ વળી કેટલાક દોસ્તો મદદ માંગવાબી આવે, ઓળખાણ પીછાણુવાળાંઓથી હેરાનગતી થાય, અને જેટલાં પીછાણુવાલાં ઓછાં હોય તેટલાં સારાં, નહીં તો તેઓ ખોટમાં લાવી નાંખશે.

બારમાં ભુવનમાં=ખાનગી દુશ્મનો ઘણા હોય, ને તેઓ છુપી રીતે નુકસાન પુગાડે, તથા ખરચ ઘણો થાય, અને દુશ્મનોથી ઘણું નુકસાન પુગે.

નોધ:—આ સર્વે ફળ હરશચલ જે જે ભુવને એકલો બેઠો હોય, તે તે ભુવનમાં ઊપર લખ્યા પ્રમાણેનું ફળ આપે છે. પણ જો બીજા ગ્રહોનાં કંજંગશનમાં બેઠો હોય તો તે ગ્રહનાં કંજંગશન પ્રમાણેનું ફળ આપે છે.

શની.

પહેલાં ભુવનમાં=પહેલાં ભુવનમાં શની હોય તો તે માણસ હીચકારો, અવિશ્વાસુ, બ્હીકણો. એકમાર્ગી, વીચારવંત, અદેખો, કીનાખોર, અને લોભી હોય છે. જો મેષ, સીંહ કે ધન રાશીનો હોય તો જરા સારો છે, કારણકે તેથી તે માણસ જરા ખુલ્લો, સીધો તથા સાચ્ચો, પણ તકરારીઓ, હુલડ અને કડક સ્વભાવનો હોય છે. જો વરખ, કન્યા કે મકર રાશીમાં હોય તો, દગાબાજ, મીંઢો, બેવકુફ, હઠીલો, ચોર, લુચ્ચો અને વહેમીલો હોય છે. જો મિથુન, તુલા કે કુંભ રાશીનો હોય તો વીચારવંત, મનંન કરનારો, ઘણો કંજુસ, અને ધર્મને લગતી બાબદો જાણનારો, અને પાદરી અથવા બ્રાહ્મણ કે મોબેદીનો ધંધો કરનારો થાય. જો કર્ક, વૃશ્ચિક કે મીન રાશીનો હોય તો, લોભી, આળસુ, નાઊમેદ, ગમગીન, લુચ્ચો, દગાબાજ, વેપધારી, તથા ધર્મને લગતી ખટપટો કરનારો, એકાંતવાસ તથા બરીએલ સ્વભાવનો હોય છે. ખાસ કરીને શની પહેલાં ભુવનમાં એકલો પડયો હોય તો તે માણસ, શરમાળ, તથા એકાંતવાસ પસંદ કરનારો, મંડળીમાં નહીં ભેળાનારો, મનંન કરનારો, આકરા સ્વભાવનો, કંજુસ, ગમગીન, કપટી, દગાબાજ, ધર્મને લગતા વિચીત્ર વીચાર ધરાવનારો, પોતાનું તથા પોતાનાં કુટુંબનોજ લાભ સાચવનારો, સ્વારથી, જીતીલો, તથા કેટલીક વખતે જબાનનો બોબરો પણ હોય છે.

બીજાં ભુવનમાં=પૈસાની પુષ્કળ તંગી આપે, પૈસા ખોવડાવે, તથા વેપારમાં બીલકુલ લાભ નહીં આપે.

ત્રીજાં ભુવનમાં=મુસાફરીમાં ભય રખાવે, મુસાફરીમાં મારામારી, ખટપટ તથા જીવ રંજીદા કરે, અને નાણું ખોવડાવે, ભાઇ બાઇ તથા પાડપડોશી પૈસાની ખોટમાં લાવી નાંખે, ગુપ્ત વિધ્યાનો શોખીન રહે, ઘણો વીચારવંત અને ગંભીર થાય.

ચોથાં ભુવનમાં=માબાપને ભારી છે, વખતે બાપ ઘણો સીક પડે અથવા તો મરી જાય, જો ઊંચનો હોય તો જરૂર મા કે બાપને મારે, યાને મોત કરે, પણ જમીન ખેતરનું સુખ આપે.

પાંચમાં ભુવનમા=બચ્ચાં ફરઝંદોને મારી નાંખે, અથવા દુઃખી દરદી કરે, કુટુંબમાં દુઃખ ઉપજાવે, તથા શેર સટ્ટા અને સોરતી સરતમાં ખોટ આપે.

છઠાં ભુવનમાં=જો વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશીમાં હોય તો રેતી, પથરી, હાર્ટડીઝીઝ, ગુરદાને લગતાં દરદો, ગળાંને લગતાં દરદો આપે છે. જો મિથુન, કન્યા, ધન, મીન એ રાશીમાં હોય તો દમ, હાંફણ, ખહી કરે છે. મેષ, કર્ક, તુલા, મકર એ રાશીમાં શની છઠે ભુવન બેઠો હોય તો, છાતીમાં દુઃખાવો, આંતરડાંનાં દરદ, રૂમેટીઝમ નીચલા ભાગોમાં, એવાં દરદો આપે છે. વળી છઠે ભાગેં શની નોકરોનું સુખ આપતો નથી, નોકરો લુચ્ચા, ચોર અને દગાબાજ નીવડે છે.

સાતમાં ભુવનમાં=ઘણા જાહેર અને દગાબાજ દુશમનો હોય, તથા એ માણસનો ખાવીંદ અથવા સ્ત્રી ગમગીન, સર્દીની દહેવાલી, એકમાર્ગી હોય, અને જો સાતમાં ભુવનમાં મિથુન, કન્યા, ધન કે મીન રાશીમાં હોય તો ધણી કે મરદ મરે, અથવા બે સ્ત્રી અથવા બે મરદ સાથ લગ્ન કરે, અથવા તેબી મરે તો ત્રીજીવાર પણ લગ્ન કરે. જો ઊંચનો હોય તો લગ્નથી પૈસા મળે, અથવા જાગીરી મળે, માલમીલકત મળે, નીંચનો હોય તો રંડાયલી સ્ત્રી સાથ લગ્ન કરે, અથવા તો ઘરડો નપુષ્ક ખાવીંદ મળે.

આંઠમાં ભુવનમાં=લગ્નથી કંઇપણ હાંસળ મળે નહીં, તથા વારસો હીસ્સો મેળવવામાં અડચણો પડે. જો ઊંચનો હોય તો સહેજ સારો લાભ આપે.

નવમાં ભુવનમાં=ઘણો ધર્મી, વીચારવંત, એકમાર્ગી અને મનંન કરનારો, ગુપ્ત વિધ્યાનો શોખીન, જાદુગર, તથા વિચીત્ર ચીજોનો જાણનારો, વામમાર્ગી થાય છે, અને લાંબી મુસાફરીમાં તેમજ પાણીની મુસાફરીમાં નુકસાન પુગાડે છે, ઘાત કરે છે.

દશમાં ભુવનમાં=જીંદગીમાં ફત્તેહ આપે, તેમજ આફત અને નાસીપાસીમાં પણ લાવી નાંખે, ધંધામાં આંત ખરાબ કરે, માબાપને દુઃખી કરે અથવા મારે, યાને મોત કરે, એકાએક ઊંચી સ્થીતીએ ચઢાવે ને એકાએક સત્યાનાસ વાલી નાંખે.

અગ્યારમાં ભુવનમાં=જુઠ્ઠા, લુચ્ચા, મતલબી મીત્રો હોય છે, અને તે દોસ્તોથી તેનું સત્યાનાસ થઇ જાય છે.

બારમાં ભુવનમાં=ખાનગી પુષ્કળ દુશમનો હોય છે, જે છુપું ઘણું નુકસાન પુગાડવાની કોશેષ કરે છે, કેટલીક વખત તેમાં ફાવે છે, છુપું ઝેર લાગવાનો પણ સંભવ રહે છે, તથા મીત્રોથી ઘણીજ ખોટ ખમવી પડે છે.

નોધ:—એ પ્રમાણે શની દરેક ભુવનમાં એકલો હોય ત્યારે ફળ આપે છે.

રવી.

પહેલાં ભુવનમાં=જો રવી પહેલાં ભુવનમાં હોય તો તે માણુસ પક્કો, ઉદાર, ઉંચા ખવાસનો, જરા મગરૂર, રોબાબવાળો, તથા નીચ અને હલકા વીચાર તથા કામોને ધીક્કારનારો, પોતામાં વિશ્વાસ રાખનારો, સાચ્ચો અને ઘણો ભલો માણુસ હોય છે. જો મેષ, સીંહ કે ધન રાશીમાં હોય છે તો, પોતાનાં કુટુંબ કબીલો, તથા ઓળખાણ પીછાણવાળાંઓમાં પોતાનું માન વધારવાને ખંતીલો, તથા રાજા સમાન માબ્બો તેઓ વચ્ચે ધરાવનારો, થોડું બોલનારો, અને કામ પુરતુંજ બોલનારો હોય છે. વરખ, વશ્ચિક કે કુંભ રાશીમાં હોય છે, તો તે માનવી જરા વધારે મગરૂબ હોય છે, તથા પોતાનાં ખ્યાલી, પોતાવતનાં વીશ્વાસથી હસી મશકેરીમાં આવી પડે છે, યાને મોટા માણુસમાં ખપવા જતાં ખાસરાં ખાય છે. કર્ક કે મીન રાશીમાં પોતે વેષધારી થાય છે, તેમજ પોતાની નામરજી છતાં વ્યભીચારી બને છે, તથા સ્ત્રી લંપટી હોય છે. વૃશ્ચિક રાશીમાં ડાકતરી અથવા હકીમુ અને ગાંધીને લગતું કામ ઘણી બાહોશીથી જાણી શકે છે, અને તેમાં નામના કાઢે છે. ખાસ કરીને રવી જેને પહેલાં ઘરમાં હોય છે તે માણુસ ઘણું કરીને હમેશાં નસીબદાર અને સાધારણ રીતે દરેક બાબદમાં ફત્તેહમંદ જીંદગી ગુજારે છે.

બીજાં ભુવનમાં=પોતાના પૈસા ખર્ચી નાંખે, ઘણોજ ઉડાઉ, પૈસાની બાબદમાં અવીચારી થઇને સર્વે પૈસા તથા માલ મીલકત ઉડાવી નાંખે છે.

ત્રીજા ભુવનમાં—વિધ્યા તથા હુન્નર અને કારીગરીનો ઘણો શોખીન હોય છે, મત બાંધવામાં એકકો હોય છે, તથા પોતાનાં ઘર અને પોતાનાં મુળકથી કવચીતજ બાહેર જાય છે. જો કર્ક, વૃશ્ચિક, મીન રાશીમાં હોય છે, તો ઘણી નાની દરીયાની મુસાફરી કરે છે, અને જો મેષ, કર્ક, તુલા, મકર, એ રાશીનો હોય છે તો ઘણી રેલવેની ટુકી મુસાફરીઓ કરે છે.

ચોથાં ભુવનમાં—બાપનું સુખ વધારે આપે છે, તથા માબાપ ઉંચા ખાનદાન અને મોભ્ભાવાળાં તથા પૈસાથી સુખી હોવાં જોઇએ. ખાસ કરીને રવી ઉંચનો હોય તો એમજ થાય છે.

પાંચમાં ભુવનમાં—ફરઝંદ થતાં નથી, પણ જો કર્ક, વૃશ્ચિક, કે મીન રાશીમાં હોય છે તો બચ્ચાં થાય છે, પણ તે બચ્ચાં સીકલી, ટુંકી જીંદગીનાં, અને નબળાં બાંધાનાં હોય છે, પણ જો રવીની સાથે ગુરૂ, શુક્ર, અથવા ચંદ્ર પણ પાંચમે બેઠો હોય છે, તો બચ્ચાં તંદરૂસ્ત અને સારાં નીવડે છે. આ માણસ શેર સટ્ટો તથા સરતમાં પૈસા ખોહે છે, મોજમજાહમાં પણ પૈસો ખોહે છે.

છઠાં ભુવનમાં તબીયતને માટે ખરાબ છે. ઘણી લાંબી બીમારી ભોગવાવે. જો વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશીમાં હોય છે, તો ગળાંના દરદ, છાતીનું દરદ, ઠાંસો, દમ, રેતી, પથરી, હાર્ટડીઝીઝ, કમર અને સાંધાની નબળાઇ, વીગેરે દરદો કરે છે. જો કન્યા કે મીન રાશીમાં હોય છે, તો દમ લેવામાં અડચણ કરે છે, ફેફસાંના દરદ કરે છે, ખાસ કરીને ખહીનો રોગ લાગુ પાડે છે. અને જો મેષ, કર્ક, તુલા, મકર, એ રાશીઓમાં રવી છઠ્ઠા ભુવને બેઠો હોય તો, છાતી નબળી કરે છે, પેટને લગતાં તથા હોજરીનાં દરદો કરે છે, તથા માર વાગવાથી અથવા જખમ પડવાથી ઇજા થાય છે, તેને દુઃખ લાંબો વખત સુધી ખમવું પડે છે.

સાતમાં ભુવનમાં=જે મરદ ઓરતને સાતમાં ભુવનમાં રવી પડયો હોય, તે મગરૂબ હોય છે, તોપણ દયાલુ અને આબરૂદાર હોય છે, ઉંચા ખવાસનાં હોય છે, અને ઘણા ભલાં હોય છે, પણ ઘણા જોરેમંદ અને મોટાં માણસો તેનાં જાહેર દુશમન થાય છે, ને તેથી તેને ઘણી નડતલો ખમવી પડે છે.

આઠમાં ભુવનમાં=ખાવીંદ અથવા મરદ પૈસા પુષ્કળ ખરચે છે, તથા ઉડાવે છે. જો રવી મંગળની સાથે અથવા તો મંગળની પાપ દૃષ્ટિમાં હોય છે, તો એકસીદંતથી અથવા કાંઇક ભયભીત રીતનું મોત કરે છે.

નવમાં ભુવનમાં=આબરૂદાર, માન પામેલો, ઠરેલ, કહરેલ, સાચ્ચો તથા પ્રમાણીક હોય છે, મોબેદી અથવા ધર્મગુરૂનો ધંધો કરનારો હોય છે. જો કર્ક કે મીન રાશીમાં હોય છે તો ઘણી લાંબી દરીયાની મુસાફરી કરનારો થાય છે.

દશમાં ભુવનમાં=હરેક કામમાં તથા જીંદગીમાં ફત્તેહ મળે છે. ઘણોજ ભાગ્યશાળી, રાજદ્વારી મોટો માનપાન મેળવનારો, તથા આપખુદ અને આપઅખત્યાર વૈભવ ભોગવનારો, મોટા માણસોમાં બેસનારો, હરેક કામમાં ફત્તેહ મેળવનારો થાય છે.

અગ્યારમાં ભુવનમાં=ઘણાજ વિશ્વાસુ અને સાચ્ચા મીત્ર હોય છે. જો ઊંચનો રવી, અગ્યારમાં સ્થાનમાં હોય છે, તો તે માણસને મીત્રો તરફથી ઘણોજ લાભ થાય છે, તેના મીત્રો રાજવંશી જેવા હોય છે, મોટા માણસો હોય છે. અને તેઓથી પુષ્કળ લાભ તે મેળવી શકે છે.

બારમાં ભુવનમાં=જો રવી બારમાં ભુવનમાં પાપગ્રહની દૃષ્ટિમાં સપડાયલો હોય તો તે માણુસ બંદીખાને જાય છે, તે સીવાય જો રવી ઉંચનો કે સારી દૃષ્ટિનો બારમે બેઠો હોય તો, રોગશત્રનો નાશ કરી, ફત્તેહ આપનારો છે.

નોંધ :—આ ઉપર પ્રમાણે રવીની અસર હમેશાં જાણવી, પછી સાથે બીજા ગ્રહ હોય કે નહીં હોય, તોપણ જન્મકાળનો રવી જે સ્થીતીમાં, માનવીની કુંડળીમાં પડેલો હોય, તેવોજ તે માનવી ખાસ કરીને વૈભવ ભોગવે છે. રવી તો જીંદગીનો રાજા છે, રવીના ઉદય થતાં માનવી પેદા થઇ. રવીનાં અસ્તે માનવી મરે છે, માટે અંગ્રેજી જયોતીષનો મોટો આધાર ખાસ રવી ઉપર રાખેલો છે. તેટલા માટે રવીનું ફળ અંશે અંશનું હવે પછી આગળ આપેલું છે, તે જેટલા અંશનો જે રાશીનો રવી હોય, તેટલા અંશનું તે રાશીનું ફળ તેમાં જોવાથી માલમ પડશે, અને તે ફળ જીંદગીમાં હમેશાં પુરેપુરૂં મળશે, એ નક્કી જાણવુ.

ગુરૂ.

પહેલાં ભુવનમાં=જો પહેલા ભાવે ગુરૂ, મેષ, સીંહ કે ધન રાશીમાં આવે તો ઘણો ઉદાર, ભલો, હીમતવાન અને ફત્તેહમંદ તથા દોસ્ત અને દુશ્મન બેઉનું ભલું ચાહનારો, જરા ટેકવાળો, સહેજ મગરૂબ, કસરતનો શોખીન, ઉમંગી અને વીશ્વાસ લાયક પ્રમાણીક હોય છે. જો વરખ, કન્યા, કે મકર રાશીમાં હોય તો, ભેદી, ખાનગી, અને લોભી, મગરૂબ અને છાલકાં મનનો હોય છે. જો મિથુન, તુલા, કુંભ રાશીમાં હોય તો, સાચ્ચો, ઉદાર, અને ઘણી સારી ચાલચલણનો હોય છે, તથા પ્રમાણીક અને મદદ કરવાને તૈયાર, પરગજુ, અને ઘણું કરીને નસીબદાર હોય છે. જો કર્ક, વૃશ્ચિક કે મીન રાશીમાં હોય છે, તો મોજીલો, શોખીલો, ખાવા પીવાનો શોખીન, રમતગમતનો શોખીન, પૈસાનો ખુબ ખરચ કરનારો, પણ ઘણોજ ઘણોજ નસીબવંત યાને ફત્તેહમંદ હોય છે. ખાસ કરીને ગુરૂ જો માનવીને પહેલાં ભુવને હોય, તે માણસ, બહાદુર, ભોળો, ભલો, ઉદાર, અક્કલમંદ, સાવચેત, સાચ્ચો, પ્રમાણીક, ધર્મી, અને ભલાંજ કામ કરનારો થાય છે.

બીજાં ભુવનમાં=પુષ્કળ પૈસા આપે, અને જીંદગીમાં ઘણું સુખ આપે, પૈસાવાળો થાય, આબરૂ ઘણી વધે, અને લોકોમાં વખણાય, માન મળે, પ્રખ્યાત અને ફત્તેહમંદ માણસોની કુંડળીમાં હમેશાં ગુરૂ ઉંચનો બીજે કે દશમે ભુવને હોય છે.

ત્રીજાં ભુવનમાં=ભાઇ બેનનું સુખ, તથા નાની રેલવેની મજાહ સાથની મુસાફરીઓ કરે.

ચોથાં ભુવનમાં=બુઢાપામાં ઘણું સુખ મળે, અને ગુરૂ ઉંચનો કે સારી દૃષ્ટિનો હોય તો જાણવું કે માબાપનું સુખ સારૂં રહે.

પાંચમાં ભુવનમાં=જે માનવીને પાંચમાં ભુવને ગુરૂ ઉંચનો હોય તેનાં ફરઝંદ ઘણા મોટા માણુસ નીવડે, અને ફરઝંદથી ઘણું સુખ મળે, તેમજ તે માણસને સોરતી, સટ્ટો, સરત, અને વેપારમાં ઘણો લાભ મળે.

છઠાં ભુવનમાં=સાધારણ તબીયત ઘણી સારી રાખે, રોગશત્રુનો નાશ કરે, જો મિથુન, કન્યા, ધન કે મીન રાશીનો હોય તો,

પેટમાં દરદ કરે, છાતી નબલી કરે, ફેફસાંનું દરદ કરે છે. નોકર ચાકરનું સુખ સારૂં આપે, ને નોકરો પ્રમાણીક નીવડે.

સાતમાં ભુવનમાં=કોર્ટના કેસ કજયામાં ફત્તેહ મળે, જાહેર દુશ્મનોપર ફત્તેહ મળે, અને લગ્નનું સંપુર્ણ સુખ આપે.

આંઠમાં ભુવનમાં=લગ્નથી પૈસા મળે, બૈરીને પૈસા મળે, અને જો ગુરૂ ઉંચનો હોય તો કોઇનો ફાળો હીસ્સો પણ મળે.

નવમાં ભુવનમાં=ઘણોજ ધર્મી, ઘણોજ નીતિમાન અને પહરેજગાર, ઘણોજ આબરૂવાળો, દયાળુ અને ઘણોજ નેક માણસ થાય છે.

દશમાં ભુવનમાં=દરેક બાબદમાં ફત્તેહ, વેપારમાં ફત્તેહ ને મોટો લાભ, મોટું માન મળે. સરકારી માન મળે, જે માણસને દશમે અથવા બીજે ભુવન ગુરૂ હોય તે માણસ નસીબવંત અને દરેક કાર્યમાં ફત્તેહમંદ નીવડે છે.

અગ્યારમાં ભુવનમાં=ભલા અને પ્રમાણીક મીત્રો હોય છે, કે જેઓ મારફતે ઘણી સારી મદદ મળે છે, કે જેથી તે માણસનું ઘણું સારૂં થાય છે.

બારમાં ભુવનમાં=થોડા ખાનગી દુશમનો હોય, જેઓ કદીબી ફાવે નહીં, તેમજ દુઃખ પુગાડે નહીં, એ માણસ પોતાનાં દોસ્તોનેજ પોતાના દુશમન ગણવાનો ધખારો રાખે છે.

નોંધ :—આ ગુરૂનું ફળ જયારે દરેક ભુવનમાં ગુરૂ એકલો હોય, અને ઉંચ કે નીંચનો હોય, તે પ્રમાણે સારૂં નરસું ફળ જાણવું. પણ જયારે બીજા ગ્રહોની સાથે હોય ત્યારે તે પ્રમાણે કંજંગશનનાં ફળમાં જોઇને ફળાદેશ વીચારવું.

મંગળ.

પહેલાં ભુવનમાં=જે માણસને પહેલા ભુવનમાં મંગળ કોઇબી રાશીમાં પડયો હોય, તો તે માણસ ઘણો હીમતવાન, મક્કમ વીચારનો, ખમતર, કોઇની પણ દરકાર વગરનો, યાને બેતુંભા ; હદબહારની હીમતવાળો, જરા ઝાકટ અને સ્ત્રીબાજ. ખુનામરકી જોવાને તથા તેમાં હાથ અજમાવવાને તયાર, લશકરી સીપાહી મરદની હીમત

જેવો બહાદુર, કસરતમાં એક્કો, માથાંપર કે મોઢાંપર કંઇ ઘા અથવા નીશાન કે તલ હોય, લોભી, બેદરકાર અને તુફાની તથા છેડતી કરનારો હોય છે.

બીજા ભુવનમાં=પુષ્કળ ખરચાળુ, પૈસા ઉડાવી દેનારો, પણ મક્કમપણે પૈસા મેળવવાનોજ દ્રઢ વીચાર રાખનારો, તથા પુષ્કળ ઊદાર અને મોટાં દીલથી પૈસા લોકોને આપનારો, અને પૈસાની દરકાર કર્યા વગરનો હોય છે.

ત્રીજા ભુવનમાં=ઘણો તુફાની, કડક સ્વભાવનો, ભાઈ બેન સાથે અણબનાવ રાખનારો, નાની રેલવે મુસાફરીથી નુકસાન મેળવનારો, હઠીલો અને સહેજમાં ઉશકેરાઇ જનારો હોય છે.

ચોથાં ભુવનમાં=માબાપનું સુખ નહીં, મા કે બાપ મરે, ખાસ કરીને બાપ સાથે કજયો થાય, અને પાછલી જીંદગીમાં બીલકુલ સુખ મળે નહીં ને હાડમારી બુઢાપામાં પડે.

પાંચમાં ભુવનમાં=તોફાની, નાતાબેદાર ફરજંદ, કેટલાક ફરજંદ મરી જાય, શેર. સટ્ટો, સોરતી, સરત, જુગારનો શોખીન, જો મંગળ ઊંચનો અને સારો હોય તો લાભ આપે, નહીં તો પૈસા ખોહે. સ્ત્રીની જન્મોત્રીમાં પાંચમાં ભુવને મંગળ હોય તો ઘણો ખરાબ, તે સ્ત્રી જુવાન વયમાંજ આફતમાં આવી પડે છે.

છઠ્ઠાં ભુવનમાં=જો વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશીમાં મંગળ છઠ્ઠા ભુવનમાં પડેલો હોય તો ગળાનાં દરદ, રેતી, પઠરી, છાતીનાં દરદ, હાર્ટદીઝીઝ, છાતીમાં પરૂ વીગેરે દરદો કરે છે. જો મીથુન, કન્યા, ધન, મીન એ રાશીનો હોય તો જરૂર ખઇનો મરજ લાગુ પાડે છે, છાતી તથા ફેફસાંનાં દરદ આપે છે. જો મેષ, કર્ક, તુલા, મકર રાશીનો હોય તો દાઝવાથી ઇજા પામે, ગુરદાના દરદ થાય, મીઠ્ઠી પીસાબનાં દરદ થાય, રૂમેતીક તાવ આવે, મસા થાય, એવાં દરદો આપે છે. નોકર ચાકરનું સુખ નહીં, નોકરો ચોટ્ટા ને ચોર મળે, જેઓ પૈસા ખાઇ જાય, ને નુકસાન પુગાડે છે.

સાતમાં ભુવનમાં=પરણેલી જીંદગીમાં ખટપટ હોય, ધણી ધણ્યાણીને ચાલુ ખટપટ અને બોલાચાલી થયા કરે, મન પસંદ

જોઈ હોય નહીં. જાહેરમાં ઘણાં દુશ્મનો હોય જેઓથી ઘણું નુકસાન પુગે. બે સ્ત્રીનો જોગ થાય, સ્ત્રીને દસતાનનો મરજ થાય છે.

આઠમાં ભુવનમાં=ધણી અથવા સ્ત્રી પુષ્કળ ખરચાળુ નીવડે, કોઇ વખત એકસીદંતથી મોત થાય છે.

નવમાં ભુવનમાં=ભેજાં ફાટેલ, હુજતી, અદેખો, અને જુઠો હોય, અધર્મી અને લુચ્ચો હોય. જો મંગળ કર્ક કે મિન રાશીનો હોય તો દરીયાની મુસાફરી અને લાંબી મુસાફરીમાં જરૂર નુકસાન કે અડચણ કરે અથવા એકસીદંત કરે.

દશમાં ભુવનમાં=હીંમતવાન અને હુજતી, મત્ત ઊચ્ચારવામાં ઉતાવળો, ઘણો હવસી અને પોતે લાયક હોય કે નહીં હોય તોપણ લોક નીંદામાં આવી પડે, બધાં સાથે કજીઓ કંકાસ થયા કરે. માબાપ સાથે ખટપટ થાય.

અગ્યારમાં ભુવનમાં=લુચ્ચા અને દગાબાજ મીત્રોનાં હાથમાં દબાયલો રહે, તથા તેઓ તેને દબાવીને પૈસા ખાય, તથા તેનું નુકસાન કરે, લુચ્ચા, દગાબાજ, રંડીબાજ મીત્રો હોય.

બારમાં ભુવનમાં=બંદીખાને જવાનો ભય રહે, છુપા દુશ્મનો ઘણા હોય, તથા તે દુશ્મનોનાં કાવતરાંમાં ફસી પડે, ને હેરાન થાય, બારમે મંગળ ઘણોજ ખરાબ જાણવો.

નોંધ:—મંગળ જ્યારે એખલો હોય ત્યારે એવી રીતે દરેક ભુવનનું ફળ આપે, એમ જાણવું.

બુધ.

પહેલાં ભુવનમાં=જો પહેલાં ભુવનમાં બુધ હોય તો તે માણસ ઘણો ચતુર હોય છે. જો મેષ, સીંહ, કે ધન રાશીનો હોય તો, ચતુર, આકરા સ્વભાવનો ગુસ્સાવાળો, નાટકનો શોખીન, તથા તર્ક બુધ્ધીશાળી હોય છે. ખાસ કરીને મેષ અને સીંહમાં એવા ગુણ ઘણા હોય છે, કારણકે એ રાશીઓમાં તે ચપળ, ઉતાવળો, અને હદબાહેર બહાદુર હોય છે, તેમજ સહેજ તોછડો પણ હોય છે. જો વરખ કે મકર રાશીમાં હોય છે તો આળસુ, ખાધરો, લોભી, અદેખો, લુચ્ચો, ભેજાં ફાટેલ, તથા પોતાનુંજ સુખ જોનારો હોય છે. જો

મિથુન, કન્યા, તુલા, કુંભ, એ રાશીમાં હોય છે, તો ઘણોજ બુધ્ધીશાળી, પ્રોફેસર, વિદ્વાન, ચાલાક, ઉંડાણ સમજ ધરાવનારો, ભાષણ કર્ત્તા, અને સાયન્સનો શોખીન, તથા જેબી વિધ્યા શીખવા ચાહે તે જલદી શીખે તેવો હોય છે. જો વૃશ્ચિક રાશીમાં બુધ હોય તો, મોટો હકીમ થાય, દવાદારૂનું કામ જાણે, ડાકટરી વિધ્યામાં નામ કાઢે, અખતરા અજમાવવાને ઘણો શોખીન, પણ મીઠો ને લુચ્ચો હોય છે, એવાં માણસથી ચોંકીને ચાલવું જોઇએ. જો કર્ક કે મિન રાશીનો હોય તો જાણવું કે બેવકુફ, છાલકાં મનનો, અક્કળ વગરનો, વિધ્યા વગરનો, જબાનનો બોબરો, ધચુપચુ વિચારનો, પોતાને વાસ્તે પોતે ઘણો મોટો વીચાર ધરાવનારો, એવાં માણસપર બીલકુલ વિશ્વાસ રાખવો નહીં.

બીજાં ભુવનમાં=કાંઇ આ ભુવનમાં બુધ ઉપ્યોગી નથી, પણ જો સારા ગ્રહોની દૃષ્ટી અને સમાગમમાં બેઠો હોય તો પૈસાનો સહેજ લાભ આપે છે.

ત્રીજાં ભુવનમાં=વિધ્યા શીખવે, હુન્નર આવડે, તથા કલમ બાજ હોય, દરેક રીતનાં લખાંણ સારાં કરી શકે, કલાર્કનો ધંધો કરે, ઘડીઘડી મુસાફરી કરે, મનનો ધચુપચુ, એક ચીજ પુરી કરે નહીં તેટલાં બીજી ચીજ પકડે એવા ઊતાવળ્યા ખવાસનો હોય છે.

ચોથાં ભુવનમાં=બુધ ચોથાં ભુવનમાં કાંઇ ખાસ ફળ આપતો નથી, કોઇ વખતે વિધ્યા શીખવે છે.

પાંચમાં ભુવનમાં=મિથુન, સીંહ કે કન્યારાશીમાં ફરજંદ આપતો નથી, ને આપે તો એક આપે છે, અથવા તો ફરજંદનો નાશ કરે છે. જો કર્ક, મિન, કે વૃશ્ચિક રાશીમાં હોય તો લંગડાં, લુલા, અને એબીયલ બચ્ચાં આવે. પાંચમે બુધ હોય તો તે માણસ શેર, સટ્ટો, જુગાર, સરત વીગેરે કરવાનો ઘણો શોખીન હોય છે.

છઠ્ઠાં ભુવનમાં=લુચ્ચા અને દગાબાજ તથા બોલીદરાજ નોકરો હોય છે. જો બુધ પહેલાં ઘરનો માલેક હોય, અને ત્યાં નહીં બેસતાં, જન્મ કુંડળીમાં છઠ્ઠા ભાવે ધન કે મિન રાશીનો થઇને બેસે તો જરૂર ખહીનો રોગ આપે, ને ખહી થાય, અને છાતી, ફેફસાંના દરદ આપે, ને જીંદગીભર તબીયત માંદી રાખે.

સાતમાં ભુવનમાં=ઘણા જાહેર દુશમનો હોય છે. સ્ત્રી ઓશીદરાઝ હોય છે, જેથી સંસાર ખટપટીઓ જાય છે.

આઠમાં ભુવનમાં=બુધ કાંઇપણ વાસ્તવીક ફળ આપતો **નથી.**

નવમાં ભુવનમાં=મુસાફરીનો શોખીન બનાવે છે, વિદ્વાન બનાવે છે, અજાયબ વિધ્યા અને ચીજોનો શોખીન હોય છે, ચાલાક, ચપળ અને હાજર જવાબી તથા હસમુખો હોય છે.

દશમાં ભુવનમાં=વેપારમાં ઘણો લાભ આપે, અથવા તો રાજદ્વારી બાબદમાં વકીલ બારીસ્ટર થાય, અથવા તો ભાષણકર્તા થાય, વિદ્વાન પ્રોફેસર થાય, શોધક બુધ્ધી હોય, વિધ્યાથી ધન મેળવે, અને ઘણો ભાગ્યશાળી થાય.

અગ્યારમાં ભુવનમાં=મોટા વિદ્વાન મીત્રો હોય, અને જો બુધ ઊંચનો હોય તો તે મીત્રો જરૂર મદદ કરનારા અને સારા નીવડે.

બારમાં ભુવનમાં=છુપા દુશમનો ઘણા હોય, રાજદ્રોહી ભાષણો કરનારો, તથા લબાસ હાંકનારો હોય, છુપા દુશમનોથી હેરાન થાય, ખરાબ ચાલનો નીવડે. એવું બુધનું ફળ જાણવું.

શુક્ર.

પહેલાં ભુવનમાં=જો પહેલાં ભુવનમાં શુક્ર હોય તો સ્ત્રીઓ તે માનવીને ઘણો ચાહે, તથા સ્ત્રીજાતી સાથે સારૂં લેહણું હોય અને તેથી લાભ પણ થાય. મોજમજાહનો શોખીન હોય છે, હસમુખો, ઉદાર, સારા ખવાસનો, અને ગાયણકળામાં હુસ્યાર હોય છે. જો શુક્ર મંગળનાં કંજંગશનમાં હોય છે, અથવા સારી દૃષ્ટિમાં હોય છે, તો આર્ટીસ્ટ અથવા પેન્ટર અથવા ચીત્રકળામાં હુસ્યાર હોય છે. એ માણુસનું આયુષ્ય ઘણું લાંબુ રહેતું નથી, તથા શરીરનો બાંધો પણ કાવળો અને સ્ત્રી જેવો હોય છે, સરોદ ઘણો મધુર હોય છે, સ્ટેજ ઉપર તેઓ માન મેળવી શકે, તથા જાહેર મેળાવડા અને રમતગમત જયાં થતાં હોય, ત્યાં તે માણુસ ઘણો વખણાય છે.

બીજા ભુવનમાં=ધંધા વેપારમાં અને જીંદગીમાં ફાયદો આપે, પૈસા આપે, સારાં કપડાં તથા ઘરેણાં પહેરવાને મળે, અને કપડાં

તથા ઘરેણાં પાછળ પુષ્કળ પૈસા ખરચે, ઉડાઉ અને મોજમજાહ પાછળ પૈસા ખરચે. જો શુક્ર ઊંચનો હોય તો એ સર્વે ખરચ પુરતું મળ્યા કરે, પણ જો નીંચનો કે પાપગ્રહથી ઘેરાયલો હોય તો કદી પણ પૈસાવાળો થાય નહીં.

ત્રીજા ભુવનમાં=હસમુખો, ઢોંગીલો, તથા હાસ્યરસભરેલાં લખાણો કરનારો, ભાઇ બેનનાં સુખવાળો, તથા ભાઇ બેન અને લાગતાંવળગતાંઓથી મદદ મેળવનારો, તથા નાની રેલવે મુસાફરી ફત્તેહમંદીથી કરનારો યાને ફાયદો મેળવનારો થાય છે.

ચોથાં ભુવનમાં=પાછળી જીંદગી ઘણી ફત્તેહમંદ અને સુખા નીવડવાનો સંભવ રહે છે. બાપ તરફથી સારો લાભ મળે છે, અને બુઢાપાના વખતમાં શાંત અને સુખવાસી જીંદગી ગુજારે.

પાંચમાં ભુવનમાં=જુગાર, શેર, સટ્ટો, સરત, પાનાંની રમત, અને મોજમજાહ કરનારો હોય છે. મુખ્ય ભાગે ફરઝંદમાં છોકરીઓ ઘણી અવતરે, ફરઝંદો તાબેદાર હોય, અને પાછળ સુખ દેખાડે. જો શુક્ર ઉંચનો હોય તોજ, શેર, સટ્ટો, અને સરતમાં જીતારે, અને લાભ આપે.

છઠ્ઠાં ભુવનમાં=તબીયત સારી રાખે, પણ શુક્ર છઠ્ઠા ભુવનમાં કાંઇ વધારે ફળ આપતો નથી, સીવાય કે, તે માણસનાં નોકરો તાબેદાર અને સારાં નીવડે.

સાતમાં ભુવનમાં=નાનપણમાં લગ્ન થાય, તથા પરણેલી જીંદગી સુખા નીવડે, અને સંસાર ઘણોજ આણંદમાં ગુજારે, વળી જાહેર દુશમનો મારફતે લાભ થાય.

આંઠમાં ભુવનમાં=લગ્ન કરવાંથી પૈસા મળે, અથવા સ્રીને ફાળો મળે, અથવા તો કોઇ મરતો માણુસ દોલત આપી જાય.

નવમાં ભુવનમાં=મોટી મુસાફરી કરે, ધર્મ ઉપર પુરો એતેકાદ રાખે, અને જો દશમા ઘરનાં કક્ષ (Cusp)થી શુક્ર ઘણો દુર હોય, તો મોટાં ખાનદાનમાં તેની શેહાદી થાય, અને પૈસો મળે, અથવા પોતાનાં કરતાં ઘણો ઉંચ કળાનો મરદ કે સ્રી મળે.

દશામાં ભુવનમાં=જીંદગીમાં ફત્તેહ, ભાગ્યશાળી નીવડે, જાહેરાતમાં મોટા માન એક પછી એક મલ્યાંજ જાય, સારા ખવાસનો, મોજીલો શોખીલો, માયાળુ, તથા મોટાં ખાનદાનમાં પરણે, લગ્નથી લાભ મેળવે, અને સ્ત્રીઓમાં ઘણું માન મેળવે તથા તેઓથી ઘણો લાભ થાય.

અગ્યારમાં ભુવનમાં=ઘણા સારા મીત્રો હોય, તથા ખાસ કરીને સ્ત્રી મીત્રોથી ઘણો ફાયદો થાય.

બારમાં ભુવનમાં=ઘણા ખાનગી દુશમનો હોય, ખાસ કરીને ખાનગી સ્ત્રી દુશમનો ઘણી હોય, ખાસ કરીને જો શનીનાં દૃષ્ટિ બારમાં સ્થાનનાં શુક્ર ઉપર પડતી હોય તો જરૂર સ્ત્રી દુશમનોથી હેરાન થવું પડે. શુક્ર બારમે કાંઇ ઘણી અગત્યતા ધરાવતો નથી, પૈસા આપે, ખરચ સારે માર્ગે કરાવે.

નોધ :—એ પ્રમાણે **શુક્ર** દરેક ભુવનમાં એકલો હોય ત્યારે ફળ આપે છે.

ચંદ્ર.

પહેલાં ભુવનમાં=જો ચંદ્ર પહેલા ભુવનમાં હોય તો તે માણસનું મન ભમતું રાખે, એક જગ્યાએ બેસે નહીં, સ્ત્રીઓ તરફથી માન મેળવે, ને સ્ત્રીઓથીજ ફાયદો થાય; સારો ખવાસ રાખે, સભામાં વખણાય, મંડળીઓમાં ભેળાય, પોતાનું સુખ જોવાને તત્પર, મહેનત કરે નહીં, ભેજાંના ખુલ્લાં વીચારનો, તથા બધાનું ભલુ કરવાનાં મોટા મોટા વીચાર ધરાવનારો, ખાસ કરીને આવો માણસ હલકાં માણસો, યાને કામદાર મજુર વર્ગનાં માણસોમાં ઘણો માનીતો થાય છે. ચાળાક, ઉતાવળ્યો, માયાળુ, પણ લોભી અને સહેજ ઉદાર પણ રહે છે. મેષ રાશીમાં લોભી અને મન ફેરવી નાખનારો હોય છે, વૃશ્ચિક કે મકર રાશીમાં હુજતી, આળસુ, વ્યભીચારી, બેઆબરૂ, બેશરમ, હલકાં લોકોમાં વસનારો નીંચ હોય છે. જો મિથુન, કન્યા, તુલા, કે કુંભ રાશીનો હોય છે તો વિધ્યાનો શોખીન, તથા નજુમીનો શોખીન અને જ્યોતિષ વિધ્યા શીખનારો થાય.

બીજાં ભુવનમાં=જો ઊંચનો થઇને બીજા ભાવે બેઠો હોય તો ઘણોજ સારો, ફત્તેહ આપે, પૈસા આપે, બીજી કોઇબી રાશીમાં સાધારણ પૈસા આપે, જો કોઇની પાપ દૃષ્ટિમાં હોય તો સારો નહીં.

ત્રીજાં ભુવનમાં=રેલવેની નાની મુસાફરીઓ ઘણી કરે, વિધ્યાનો શોખીન હોય, ગુપ્ત વિધ્યા શીખે, અને જો ઊંચનો હોય તો ભાઇબેનથી ફાયદો મેળવે.

ચોથાં ભુવનમાં=જો ઊંચનો ચંદ્ર ચોથાં ભુવનમાં હોય તો ખેતીવાડીમાં લાભ આપે, માબાપનું સારૂં સુખ આપે, પણ એ માણુસ ઠર પડીને એક ઠેકાણે રહે નહીં, પોતાનું રહેઠાણ બદલ્યા કરે.

પાંચમાં ભુવનમાં=જુગારી અને મોજ મજાહનો ઘણો શોખીન અને લછનીઓ હોય છે, ઘણાં છોકરાં થાય, જો મિન રાશીમાં હોય તો વખતે જોર છોકરાં સાથે થાય.

છઠ્ઠાં ભુવનમાં=તબીયત ઘણી નાદરૂસ્ત રાખે, ઘણી લાંબી માંદગી આપે, મિથુન, ધન, કે મિનનો ચંદ્ર હોય તો છાતીનાં દરદ કરે, ફેફસાંનાં દરદ આપે, વરખ, સીંહ, વૃશ્ચિક, કે કુંભ રાશીમાં હોય તો, ગળાંનાં દરદ, છાતીનાં દરદ, રેતી, પથરી, કે ગુરદાનાં દરદો આપે, હાંસો ચાલુ કરે. જો છઠ્ઠાં ભુવનમાં ચંદ્ર ઊંચનો હોય તો દુઃખ કમતી કરે અને શત્રુનો નાશ કરે.

સાતમાં ભુવનમાં=પરણેલી જીંદગીનું સારૂં સુખ આપે, ચંદ્ર જે રાશીમાં હોય, તે રાશીનાં ખવાસનો ધણી અથવા સ્ત્રી મળે, ભાગીદારીમાં ફાયદો થાય, અને મુસાફરીએ ઘડીઘડી જવાનું થાય.

આંઠમાં ભુવનમાં=જો ઉંચનો હોય તો લગ્ન થવાથી પૈસા આપે, જો શની કે મંગળ સાથે કંજંગશનમાં હોય તો ગંભીર અકસ્માતીક મોત કરે.

નવમાં ભુવનમાં=લાંબી મુસાફરીએ જવું પડે. જો ઉંચનો હોય તો તેથી ફાયદો મળે, વિધ્યાનો શોખીન હોય, ધર્મ સંબંધી હુજત કરનારો, અને ચશકેલા વીચારનો હોય છે.

દશમાં ભુવનમાં=જાહેરાત અને જીંદગીમાં ફત્તેહ આપે, કુટુંબનાં મોટાં માણસોથી મદદ મળે. જો ઉંચનો હોય તો જાહેર લોકોથી માન મળે, અને કીર્તીવાન, ધનવાન થાય.

અગ્યારમાં ભુવનમાં=ઘણા સારા ફ્રેન્ડો હોય છે, જો નીચનો હોય તો મીત્રો ઘણા ખરાબ મળે, અને તે મીત્રો નુકસાન પુગાડે.

બારમાં ભુવનમાં=સ્ત્રી દુશ્મનો ઘણા હોય, તથા સ્ત્રીઓનાં હાથથી નુકસાન પુગે, સ્ત્રીઓ છેતરે, અને વિશ્વાસઘાત થવાનો સંભવ રહે છે.

નોધ:—ચંદ્ર ઘણી ઝડપી ચાલનો છે, અને તેથી અઢી દીવસમાં એક રાશી પસાર કરી જાય છે, જેથી ત્રાનજીતમાં ચંદ્ર ઘણા ગ્રહો ઉપરથી પસાર થાય છે, તેવે વખતે, તે હરેક ભાવમાં પોતાની અસર તે દીવસે કરે છે. જે અંગ્રેજી પંચાંગ યાને એફામરીમાં દરરોજની તારીખમાં આપેલું હોય છે.

(૨૨) ગ્રહોની એસપેકટસોના ફળો.

કંજંગશનોના ફળો.

કંજંગશન=એટલે **સંયુતી,** સંજોગ, સમાગમ વીગેરેને કંજંગશન કહે છે, એ બાબદની સમજણ આગળ ખુલાસાથી આપેલી છે. હવે કંજંગશનોનાં સારાં માઠાં ફળ નીચે દર્શાવ્યાં છે. એટલું ધ્યાનમાં રાખવું કે જે ફળ કંજંગશન આપે, તેવુંજ ફળ **પેરેલલ** ગ્રહો પણ આપે છે. માટે જે કંજંગશનો નીચે લખ્યાં છે, તેઓ જયારે પેરેલલ પણ થાય, ત્યારે તેજ જાતનું ફળ આપે છે એમ જાણવું. સારા ગ્રહો પેરેલલ હોય ત્યારે સારૂં ફળ આપે, એ યાદ રાખવું.

ગુરૂ ઠ શની=વારસો હીસ્સો મળે, માલ મીલકત મળે, લગ્નથી પૈસો મળે, મીત્રો તરફથી મદદ મળે, મોટો ધર્મગુરૂ થાય, અને ઘણું માન અને મરતબો વધે. હવે આ ફળ માંહેથી જે જે ભુવનમાં કંજંગશન થાય, તે તે ભુવનને લગતું ફળ જાણવું, જેમકે નવમે ભુવન થાય તો, મોટો વિધવાન ધર્મગુરૂ થાય, સાતમે કે બીજે, અથવા આંઠમે હોય તો લગ્ન થવાથી પૈસા મળે, દશમે હોય તો મોટું માન અને રાજદવારી ઓધ્ધો મળે. એ પ્રમાણે જે ભુવનમાં કંજંગશન થાય, તે તે ભુવનની ખાસીયત પ્રમાણેનું ફળ વીચારી લેવું.

શની ૮ મંગળ=ઘણો ગરમ સ્વભાવ કરે, ખરાબ છે, ખુની બનાવે, મારામારી કરે, ચોરી લુટફાટ કરાવે, કેદખાને જાય, ખાસ કરીને શની અથવા મંગળ દશમે હોય અથવા લગ્ને હોય તો જરૂર કેદખાને જાય.

શની સાથે રવી=એની અસર તબીયતપર ઘણી છે. જો એ કંજંગશન મિઠુન, કન્યા, ધન, મીન એ રાશીમાં થાય તો જરૂર છાતી ખરાબ કરે, ખહીનો મરજ થાય, ફેફસાંનો ભાગ બગાડે, અને જરાજરામાં સરદી લાગી જાય. જો વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશીમાં થાય તો, ડુબી મરે, ગુંગળાઇને મરે, પડી જાય, અથવા એકસીદંટ થાય. અને જો મેષ, કર્ક, તુલા, મકર રાશીમાં થાય તો વેપારમાં ઘણી મોટી ખોટો જાય, ને પૈસાનું ભારે નુકસાન થાય, જો સ્ત્રીની કુંડળીમાં થાય તો ધણી મરે. અને જો શની એક્રી વખતે રવી તથા બીજા ગ્રહોનાં કંજંગશનમાં હોય તો એથી ત્રણ ધણી સાથે તે સ્ત્રી લગ્ન કરે.

શની સાથે શુક્ર=પ્યારમાં હાર મળે, ધારેલી સ્ત્રી સાથ લગ્ન નહીં થાય, સ્ત્રીઓ સાથે ખટપટ થાય, અને નુકસાન થાય, છુપી કુટેવ હોય, ગાળગળોચ કરે, લુચ્ચાઇ અને બેવફાઇ કરે, ખાસ કરીને એ સર્વે મરદોને વધારે અસર કરે છે.

શની સાથે બુધ=ખરાબ કડવો સ્વભાવ થાય, અદેખો અને નીંદાખોર થાય, ઘણી વખત બોલવામાં જબાન ખેંચાય, અને પોતાનાં ગુસ્સાદાર સ્વભાવથી ઘણા દુશમનો ઉભા કરે, ને તેનેથી પોતે હેરાન થાય. જો ત્રીજાં ભુવનમાં જો સંયોગ થાય તો ગુપ્ત વિધ્યા શીખે, અને પ્રયોગો કરવામાં ઘણો બેદરકાર રહે, વળી સહેજ હાથની ચાલાકી વાળો રહે, અને નાની વસ્તુ કે ચાજોનો ચોરી પણ કરે.

શની સાથે ચંદ્ર=આખી જીંદગીભર પૈસાની તંગી પડે અને પૈસો ખોહી બેસે, ઉડાઉ, ઝનુંની, વહેમીલો હોય છે. જો સાતમે હોય તો સ્ત્રી મરે. જો મિઠુન, કન્ય, ધન કે મીન રાશીમાં હોય તો ઘણી સ્ત્રી સાથે લગ્ન કરે, છાતી નબળી કરે, પડવાનાં એક્સીદંત કરે, પાણીમાં એકસીદંત કરે, જો અગ્યારમે હોય તો, દોસ્તો લુચ્ચા

નીવડે ને દોસ્તોથી આફતમાં આવી પડે, દોસ્તો છેતરી જાય, સ્ત્રીઓને એ કંજંગશન ઘણુંજ ખરાબ છે. આખી જીંદગી માંદગી અને દલીદ્રતામાં જાય.

શની સાથે હરશચલ=જો બીજાં, સાતમાં, અથવા દશમાં ભુવનમાં થાય તો તે ઘણા ખરાબ જાણવાં, કારણકે બીજામાં પૈસાની ભારી હાડમારી, સાતમામાં લગ્નનું સુખ નહીં, દશમાંમાં નાલેસી અને બેઈજતી ને બંદીખાનું તથા બીમ્મારીપણું. પહેલે ભુવને, ખુની, અદેખો, દગાખોર ને લુચ્ચો હોય.

ગુરૂ સાથે હરશચલ=ફાળો મળે જો બીજે કે આંઠમે હોય તો સારો, નવમે હોય તો ધર્મનાં કામમાં ફત્તેહ આપે.

ગુરૂ સાથે મંગળ=બેસુમાર ખરચાળુ, ઘણોજ ઉદાર, ભેજાં ફાતેલ, બેવકુફ અને જીતીલો, મારામારીમાં જીપલાવનારો તથા લાંબી સમજદારી નહીં વાપડનારો હોય છે.

ગુરૂ સાથે રવી=જીંદગીમાં ફત્તેહ, તથા મોટા અને રાજવંશી માણસો સાથે મેલાપ કરાવે, પૈસા અને મોટાઇ પામવાની આ એક સાહેદત છે, ખાસકરીને પહેલા ભુવને અથવા તો દશમાં ભુવને હોય તો ઘણોજ સારો. સ્ત્રીનાં જન્મ વખતે એ સંયોગ હોય તો તે સ્ત્રી કોઇ મોટાં માણસ સાથે તથા પૈસાવાળા સાથે પરણે. એ કંજંગશનથી માઠું ઘણું તપે છે, અને માથે લોહી ચઢવાની બીહીક રહે છે, કારણકે એવાં કંજંગશનવાળાં માણસો ઘણું કરીને માથે લોહી ચઢવાથી મરે છે.

ગુરૂ સાથે શુક્ર=પ્યારમાં ફત્તેહ આપે, સારાં કપડાં અને જણસ પહેડાવે, તથા સાધારણ સુખ સારૂં આપે, પણ કપડાં અને એસ્કાઈ પાછળ પૈસો ખુબ ખરચાવે.

ગુરૂ સાથે બુધ=વિચારશક્તિ અને અક્કળ ઘણી સારી હોય, વીધ્યા તથા શીખવા ભણવામાં પંડીત થાય, અને તેથી પૈસા ઘણા મેળવે, ખુલ્લાં દીલનો અને ઉદાર હોય, પણ પોતાની રીતભાતમાં ઘણો સાવચેત અને સાદો હોય, જો ગ્રહો ઉંચનાં હોય તો એવું સર્વે સારૂં ફળ આપે.

ગુરૂ સાથે ચંદ્ર=આ કંજંગશન ઘણુંજ, ઘણુંજ સારૂ જાણવુ. કારણકે બેસુમાર પૈસો અને આખી જીંદગીભર ફત્તેહ તથા સુખ આપે છે. સ્ત્રીની કુંડળીમાં હોય તો, ઘણું સુખ, અને સારી તંદરૂસ્તી રાખે.

રવી સાથે શુક્ર=સ્ત્રીબાજ થાય, અને બૈરાંઓની સાથે ઘણી દોસ્તી રાખે, અને વ્યભીચારી નીવડે, બૈરાંઓને લગતી ચીજનાં વેપારમાં ફાયદો થાય, જો કર્ક કે મીન રાશીમાં હોય ને દારૂડી છાકટો થાય, ગવૈયો થાય, અને દરેક જાતનાં નાજુક હુન્નરમાં પુર્વીણ થાય, સબી પાડનાર થાય, આર્ટીસ્ટ થાય, જો બીજાં ભુવનમાં હોય તો, એ માણસ સ્ત્રીઓ પાછળ પોતાનો પૈસો ખરચે ને ખરાબ કરે.

રવી સાથ બુધ=ઘણોજ પાક્કો વેપારી બચ્ચો નીવડે. વેપારમાં ઘણી સમજ હોય, હીસાબમાં એક્કો હોય, મતલબ્યો હોય, લોકોનાં દીલ જીતી લેનારો હોય, પણ જો મીન રાશીમાં હોય તો બેવકુફ, કંઇપણ પકકુ શીખે નહીં, બોલીદરાજ અને મુર્ખો તથા ઢચુપચુ મનનો હોય છે. એ સર્વે અસરો જયારે ૧, ૩, ૯, ૧૦, એ ભુવનોમાંજ ઉપર પ્રમાણેનું ઘણું ફળ આપે, બીજાં ભુવનોમાં સહેજસહાજ સારૂં ફળ આપનારાં છે.

રવી સાથે ચંદ્ર=જીંદગીમાં ફત્તેહ આપે, જો ચંદ્ર ઉંચનો હોય તો, કોઇ સ્ત્રી મારફતે લાભ થાય, અને માનમર્તબો તથા ઓધ્ધો મળે, જો પાણીની રાશીમાં યાને કર્ક કે મીન રાશીમાં હોય તો દારૂડી ને છાકટો હોય ને તેથી તબીયતનું નુકસાન કરે.

રવી સાથે મંગળ=ઘણોજ હીમતવાન, ઘણોજ હુજતી અને હુલ્લડ, મક્કમ વીચારનો, બીહીક વગરનો, અને બેધડક આફતમાં ધાસ્તી વગર ઝીપલાવી દેનારો, મીજાજનો કડક અને જલદીથી તપી જનારો, પણ ભોળો અને ઉદાર તથા માયાળુ હોય છે. એ માણસને તાત્ર ઘણીક વખત આવે અથવા કાંઇક ગંભીર બનાવથી મોત થાય, ઘણો મજબુત અને સંગીન પેહલવાની બદનનો થાય.

મંગળ સાથે શુક્ર=રંડીબાજ અને વ્યભીચારી, બેઈજતી અને આબરૂ વગરનો, છાકટો અને વ્યભીચારમાં પૈસા ગુમાવનારો, જો સ્ત્રીનાં

જન્મે એવો સંયોગ હોય તો તે સ્ત્રી મોટી વ્યભીચારણી થાય, અને તે ધંધો કરે. એ માટે બીજા ગ્રહો પણ જોવા.

મંગળ સાથે બુધ=મારામારી ને ભાંજગડનો શોખીન, બોલી-દરાજ, જુઠું બોલનારો, ચોરી કરનારો, ખોટી સહી કરનારો, અને એવી નખ્ખોદ વાળનારી અનેક ભુંડી ટેવવાળો થાય, તથા દરેક ભલી કે ભુંડી હરકોઇ ચીજમાં પહેલો આગેવાન થાય. ગણત્રીબાજ હોય, સારૂં અનુમાન કરી શકનારો હોય, પણ તે સારે માર્ગે વાપડે નહીં, અને નજીવી બાબદમાં ગુસ્સે થઇને ફનાફાત્યો કરી નાખે.

મંગળ સાથે ચંદ્ર=ઘણોજ ભેજા ફાતેલ, ચીરડાઉ ખવાસનો, ઘણો બેતુંભા અને હુલ્લડ, સારાં કે નરસાં દરેક કામમાં આંખ વીચીને ઝોંકાવી દેનારો, સ્ત્રીજાતીનો શોખીન, યાને રંડીબાજ, કે જેમાં પૈસા, આબરૂ તથા તંદરૂસ્તીનું નખ્ખોદ વાળનારો, ઘણો ચપળ અને ચાલાક, પણ જુઠો, હીમતવાન અને ભોળો હોય છે.

મંગળ સાથે હરશચલ=ઘણોજ અદેખો, લોહીનો તરસ્યો, અને બહાદુર, હીમતવાન, ચોર અથવા લુટારો, અને બંદીખાને જાય, જયારે ૩, ૯ કે ૧૦ માં ભુવનમાંજ સંયોગ થાય, ત્યારે એ ફળ જાણવું, જો સાતમાં ભુવને થાય તો લગ્નમાં નખ્ખોદ વળે, છુટાછેડા થાય, અથવા તો ખુન થાય.

હરશચલ સાથે શુક્ર=જો પહેલાં ભુવનમાં થાય તો, તે માણસ એકટર થાય અથવા ગવૈયો થાય, ને તેમાં મોટું નામ કાઢે, અથવા તો આર્ટીસ્ટ થાય, અને નામના મેળવે, પણ ઘણીક બાબદોમાં રંડીબાજ, દારૂડી, વ્યભીચારી હોય, જો પહેલાં ઘરમાં નહીં અને તે સીવાયનાં કોઈ ભાવમાં સંયોગ થાય તો, પ્યારમાં ખલ્લ પડે, અને ધારેલી મોહરદાર નહીં મળે, તથા પરણ્યા પછી પણ બીજી સ્ત્રી કે મરદ સાથ આડા વહેવાર કરે, સાતમાં ઘરમાં હોય તો જો મરદની કુંડળીમાં હોય તો સ્ત્રી તેવું કરે, અને જો સ્ત્રીની કુંડળીમાં હોય તો તેનો મરદ તેવું કરે. જો મીડહેવન યાને દશમાં ઘરમાં એ સંયોગ થાય તો, કોઇ મોટા માણસની સ્ત્રી મારફતે અથવા કોઇ રાજવંશી સ્ત્રી મારફતે ભાગ્યનો ઉદય થાય.

રવી સાથે હરશચલ=પહેલાં ઘરમાં થાય તો બહાદુર, હીમતવાન અને આબરૂદાર બનાવે. જો બીજાં ભુવન અથવા દશમાં ભુવનમાં સંયોગ થાય તો, કોઇ વખત બેસુમાર પૈસો આપે ને વળી કોઇ વખત ઘણોજ ભીખારી પણ બનાવી દે. સ્ત્રીની કુંડળીમાં આ સંયુતી ઘણીજ, ઘણીજ ખરાબ જાણવી એવી સ્ત્રીઓ ઘણી વખતે દેખતાંદેખત વ્યભીચાર કરે છે, અથવા તો જીવતો ધણી મુકી, બીજા સાથે નાસી જાય છે.

હરશચલ સાથે ચંદ્ર=ખાસ કરીને પરણેલી જીંદગી માટે છે, જેમ રવી તથા હરશચલની સંયુતી, સ્ત્રીને વ્યભીચારી તથા પોતાનાં ખાવીંદ તરફ બેવફા બનાવે છે, તેમ મરદની કુંડળીમાં આવો સંયોગ, તે મરદને પોતાની સ્ત્રી તરફ બેવફા અને વ્યભીચારી ઠેડવે છે, તોપણુ ખાસ કરીને એ સંયુતીથી મરદ ઘણો વ્યભીચાર કરતો નથી, પણ પોતાની સ્ત્રી સાથ રોજ મારફાડ અને કજ્યો કરે છે, અને અંતમાં તલાક લઇ છુટો પડે છે. એવો માણુસ પુષ્કળ મુસાફરી કરે છે, તથા પોતાનું રહેઠાણુ એક જગ્યાપર કાયમ રાખતો નથી.

હરશચલ અને બુધ=જો પહેલાં ભુવનમાં થાય તો, તે માનવી મોટો પંડીત અને વિદ્વાન પ્રોફેસર થાય, અને મોટી નામના મેળવે, તથા પૈસો મેળવે, અને હુન્નરમંદીમાં ઘણો હુશીયાર હોય છે, જો ત્રીજે ભુવન કે નવમે ભુવન સંયુતી થાય તો નજુમ અને જ્યોતીષી વિધ્યા શીખે, ગુપ્ત વિધ્યા શીખે, પણ ચાલચલણુમાં જરા વિચીત્ર હોય, તથા દરેક વીચાર અને દાખલા દલીલમાં અક્કળમંદી વાપડે, પણ કેટલીક વખતે લોકોની જાહેરાત નિંદામાં આવી પડે. જો મીન રાશીમાં એ સંયુતી થાય, તો તે માણુસ તદન દફાંસ્યો અને કોડીને પણ કામનો નહીં એવો બેવકુફ સમજવો.

ચંદ્ર અને શુક્ર=દુન્યામાં ફત્તેહ આપે, એરકી કપડાં અને સારા દેખાવનો શોખીન રહે, બૈરાંઓથી ફાયદો થાય, લગ્નનું સંપુર્ણ સારૂં સુખ મળે.

શુક્ર અને બુધ=શોખીલો, મોજીલો, ગવૈયો અને ચાલાક થાય, જો પહેલાં ભુવનમાં થાય તો મોટો કવી થાય, અને મોટો પંડીત અને

સાએરાન સાએર અને, પણ જો ત્રીજાં અથવા નવમાં કે દશમાં ભુવનમાં એ સંયુતી થાય તોપણ એવીજ રીતે ફીલસુફ બને પણ પહેલાં ભુવનનાં જેટલો નહીં, યાને ફળ થોડું ઓછું આપે. વળી એ માણસ જુવાન સ્ત્રી સાથે પરણી શકે, અને સુખી નીવડે.

(૨૩) સારી એસપેકટસોનાં ફળો.

એસપેકટસો યાને દૃષ્ટિઓ સારી તેમજ માઠી હોય છે એટલા વાસ્તે સારી એસપેકટસોનું ફળ પહેલે લખી નઠેષ્ટ ફળ પછીથી લખ્યું છે. સારી એસપેકટસો, જેવી કે ૩૦°, ૩૬°, ૬૦°, ૭૨°, ૧૨૦°, ૧૪૪°, આ છ જાતની દૃષ્ટિ સારી લેખેલી છે, જેનું તોલ આગળ કોષ્ટકમાં આપેલું છે, તે પ્રમાણે નીચલાં ફળાદેશનું પ્રમાણ વધારે કે ઓછું સારૂં જાણવું :—

હરશચલ ગુરૂ સાથે સારી દૃષ્ટિમાં=જુઓ ગુરૂ હરશચલનું કંજંગશન, તેવુંજ ફળ આપે.

હરશચલ મંગળ સાથે સારી દૃષ્ટિમાં=હીમતવાન, પોતાપર ભરૂસો રાખનારો, ભેજાં ફાતેલ, ઝનુની, ઉદાર, બહાદુર, ઘણો હુસ્યાર સરજ્યન અથવા તો લશકરી સીપાઇ થાય, અને નામના મેળવે. જો મંગળ અથવા હરશચલ ઊંચના હોય તોજ એવું સારૂં ફળ જાણવું.

હરશચલ રવી સાથે સારી દૃષ્ટિમાં=કોઈ રાજવંશી અથવા મોટા માણસથી દોસ્તી થાય, અને તેની મહેરબાનીથી પૈસો તથા આબરૂ મેળવવા પામે. ઘણાક રાજદુવારી અને વખણાયલા નરોની જન્મ કુંડળીમાં રવી અને હરશચલની ૧૨૦ અંશની દૃષ્ટિ હોય છે.

હરશચલ શુક્ર સાથે સારી દૃષ્ટિમાં=પ્યારમાં ફત્તેહ મળે, સ્ત્રીજાતીની મહેરબાની મેળવે, ચીત્રકળા, વાજીંત્ર અને સંગીતમાં હુસ્યાર હોય, જો **શુક્ર** અથવા **હરશચલ** ઉંચનાં હોય તો એવું ફળ ઘણું આપે.

હરશચલ બુધ સાથે સારી દૃષ્ટિમાં=પહેલાં, ત્રીજાં અથવા નવમાં ભુવનમાં જો બુધ અને હરશચલની સારી દૃષ્ટિ થાય તો, તે

માનવી વિદ્વાન થાય, અને અદ્દભુત અને વિચીત્ર વિધ્યાઓનો શોખીન થાય, ને તેમાં નામનાં મેળવે.

હરશચલ ચંદ્ર સાથે સારી દૃષ્ટિમાં=વ્યભીચારી થાય, અને તે કારણે સ્ત્રી સાથ કજ્યો કરી છુટા છેડા કરવા પડે. પહેલે, ત્રીજે, નવમે કે દશમે હોય તો પુષ્કળ મુસાફરી કરે ને લાભ તેમાં આપે, તેમજ વ્યભીચારીપણાપર પણ સહેજ અંકોશ રહે છે.

શની અને ગુરૂની સારા દૃષ્ટિ=જુવો શની ગુરૂનું કંજંગશન.

શની અને મંગળની સારી દૃષ્ટિ=હીમતવાન, બહાદુર, સીપાહ બચ્ચો, તેમજ કસાઇનાં ધંધામાં ફાયદો અને લાભ આપે, ઘણો મક્કમ વીચારનો અને જ્તીલો, એ સર્વે ફળ એક, ત્રણ, નવ અથવા દશમાં ભુવનમાં હોય તો વધારે આપે.

શની અને રવીની સારી દૃષ્ટિ=ઘણોજ ગંભીર, સાવચેત, અને હુશ્યાર હોય, જીંદગીમાં ઘણી ફત્તેહ મળે, આબરૂ વધે, અને સારાં માણસોથી લાભ અને ઇજત મળે.

શની અને બુધની સારી દૃષ્ટિ=ઘણી અક્કળ હુશ્યારી હોય, વિધ્યામાં નીપુણ થાય, પોતાનાં કામોમાં ઘણો સાવધ અને ચેતેલો રહે, અને ઘણો ગંભીર, વિચારવંત હોય.

શની અને ચંદ્રની સારી દૃષ્ટિ=પૈસો સારો મળે, તથા હરેક કામમાં ફત્તેહ આપે, સ્ત્રીની કુંડળીમાં તંદરૂસ્તી સાદી રાખે અને પુરતું સુખ આપે, ઉમંગી બનાવે અને સમજદાર બનાવે.

ગુરૂ અને મંગળની સારી દૃષ્ટિ=હીમતવાન, ઉદાર, ભોળો, અને હરેક માણસને મદદ આપનારો હોય છે.

ગુરૂ અને રવીની સારી દૃષ્ટિ=પુષ્કળ પૈસો, ઘણી ફત્તેહ, લાંબી જીંદગી અને મોટા માણસોથી લાભ અને ઇજત મળે. ખાસ કરી પહેલાં, ત્રીજાં, નવમાં કે દશમાં ભુવને હોય તો ઘણોજ સારો.

ગુરૂ અને શુક્રની સારી દૃષ્ટિ=જુવો ગુરૂ શુક્રનું કંજંગશનનું ફળ.

ગુરૂ અને બુધની સારી દૃષ્ટિ=જુવો ગુરૂ બુધનું કંજગશનનું ફળ.

ગુરૂ અને ચંદ્રની સારી દૃષ્ટિ=જુવો ગુર અને ચંદ્રનાં કંજંગશનનું ફળ.

રવી અને મંગળની સારી દૃષ્ટિ=ભોળો, ભલો, ઉદાર, બહાદુર, હીમતવાન, ઘણોજ જોરેમંદ, અને મજબુત બાંધાનો, લાંબી જીંદગી, લશકરી નોકરી કરનારો, તથા તેમાં મોટું માન મેળવી મોટો હોદેદાર થનારો હોય છે. ખાસ કરીને ગ્રહો ઊંચનાં હોય તો એવું સંપુર્ણ ફળ આપે છે.

મંગળ અને શુક્રની સારી દૃષ્ટિ=ઘણો ખરચાળુ, સ્રીબાજ, તથા સ્રીઓ સાથ ઘણો લાગવગ ધરાવનારો, તથા સ્રીઓ તરફથી માન મેળવનારો, દારૂડી, છાકટો, અને પૈસાનાં ખરચની દરકાર વગરનો હોય છે.

મંગળ સાથ બુધને સારી દૃષ્ટિ=ઘણોજ હુશ્યાર હીસાબ કરનારો, ઘણીજ બારીક ને પક્કી ગણત્રી કરનારો, તથા પુષ્કળ ભેજાંનો પાવર રાખનારો. ઘણી સ્રોંગ વીલ પાવરનો, ચાલાક પણ જલદીથી તપી જનારો, ડાકટરી વૈદાંમાં પુર્વીણ, અને દરેક હાથ ચાલાકીનાં હુન્નરમાં તથા બોલીદરાજીમાં પુર્વીણ હોય છે.

મંગળ સાથ ચંદ્રની સારી દૃષ્ટિ=ઘણોજ હીમતવાન, અને મક્કમ વીચારનો, પૈસો મેળવનારો, મોજીલો, ખાનારપીનાર અને સર્વે મોજશોખનાં વૈભવ ભોગવનારો હોય છે.

રવી સાથે ચંદ્રની સારી દૃષ્ટિ=પુષ્કળ પૈસો આપે, ઉમંગી રાખે, ફત્તેહ આપે, દરેક ચીજમાં આગળ પડે, મોટા માણસોની દોસ્તી અને મદદથી સુખ, પૈસો અને આબરૂ મળે.

શુક્ર અને ચંદ્રની સારી દૃષ્ટિ=જુવો ચંદ્ર શુક્રનાં કંજંગશનનું ફળ.

બુધ અને ચંદ્રની સારી દૃષ્ટિ=જુવો બુધ અને ચંદ્રનાં કંજંગશનનું ફળ.

શની અને શુક્રની સારી દૃષ્ટિ—જો સ્રીની કુંડળીમાં થાય તો તે પતી તા જાણવી.

(૨૪) કુદૃષ્ટિ યાને નહેષ્ટ એસપેકટસોના ફળ.

હરશચલ અને શનીની સુ દૃષ્ટિ—હરશચલ અને શની સુ દૃષ્ટિમાં હોય, કે સારી દૃષ્ટિમાં હોય, તોપણ તેનું ફળ હરશચલ અને શનીનાં કંજંગશન પ્રમાણે જાણવું.

હરશચલ અને મંગળની સુ દૃષ્ટિ—જુવો હરશચલ તથા મંગળનું કંજંગશન.

હરશચલ અને રવીની સુ દૃષ્ટિ—હરેક બાબદમાં ઘણીજ ખટપટ અને હાડમારી, બેઇજતી થાય, આખ્ખી જીંદગીભર તે માણુસ દુઃખ અને દલીદ્રતામાં રહે, અને નાસીપાસી અને નામુરાદી તેનો સાથી થાય. જો સ્ત્રીની કુંડળીમાં હરશચલ તથા રવીનું સ્કવેર યાને ૯૦ અંશની પાપ દૃષ્ટિ થઇ હોય તો, તે માહા બુરૂં સમજવું અને તેનું ફળ પણ કંજંગશનનાં જેવુંજ જાણવું.

હરશચલ અને શુક્રની સુ દૃષ્ટિ—પ્યારમાં હાર મળે, અદેખાઇ ઉત્તપન્ન થાય, સ્ત્રીઓ તરફથી ધીક્કાર મળે, તથા નીચ સ્ત્રીની સંગતમાં ખુવાર થાય, જો ૧, ૨, ૫, ૯, ૧૦ એ ભુવનોમાં હોય તો ઘણો ખરાબ જાણવો.

હરશચલ અને બુધની સુ દૃષ્ટિ—છાપવાની કળામાં નીષ્ફળતા, ઘણો ઝનુની, બેવકુફ અને ગમે તેવા સારા ગુણ છતાં હાડમાર થાય.

શની અને ગુરૂની સુ દૃષ્ટિ—પૈસાની ખોટ જાય, કોર્ટ કેસ થાય, માલમીલકત જતી રહે. જો સાતમાં ભુવનમાં હોય તો, તે માણુસ પૈસાવાળી સ્ત્રી સાથ પરણવાને ઇચ્છા રાખે, પણ તેમાં ફત્તેહમંદ નીવડે નહીં.

શની અને મંગળની સુ દૃષ્ટિ—જુવો એઓનાં કંજંગશનનું ફળ.
શની અને રવીની સુ દૃષ્ટિ— " " " "
શની અને શુક્રની સુ દૃષ્ટિ— " " " "
શની અને બુધની સુ દૃષ્ટિ— " " " "
શની અને ચંદ્રની સુ દૃષ્ટિ— " " " "

ગુરૂ અને મંગળની સુ દૃષ્ટિ—જુવો એઓનાં કંજંગશનનું ફળ.
મંગળ અને રવીની સુ દૃષ્ટિ— ,, ,, ,, ,,
મંગળ અને શુક્રની સુ દૃષ્ટિ— ,, ,, ,, ,,
મંગળ અને બુધની સુ દૃષ્ટિ— ,, ,, ,, ,,
મંગળ અને ચંદ્રની સુ દૃષ્ટિ— ,, ,, ,, ,,

રવી અને ચંદ્રની સુ દૃષ્ટિ—પૈસાની તંગી, નોકરી ચાકરી કરવામાં મુશકેલી, શેર, સટો તથા સ્ત્રી છંદથી પૈસાની ખુવારી, દહેની નબળાઇ, તથા સરદીનું વધારે જોર હોય છે.

ગુરૂ અને રવીની સુ દૃષ્ટિ—પૈસાની ખુવારી, આખ્ખી જીંદગી લગી કમભાગ્ય રહે, તથા કોર્ટ કેસ અને કજ્યાઓ પાછળ પોતાની સર્વે મીલકત ખુવાર કરે, અને કજ્યો હારી જાય, અને બેદરકાર બને.

ગુરૂ અને શુક્રની સુ દૃષ્ટિ—પોતાની હાલત કરતાં, વધારે મોટાઇમાં રહે, તેમાં પૈસાની ખુવારી કરે, મગરૂબી અને મોટાઇમાં ખુવાર થાય.

ગુરૂ અને બુધની સુ દૃષ્ટિ—ખોટું મત આપનારો, બેઇનસાફી, અને દરેક ચીજની ઉળટી સમજ લેનારો, ધર્મ ઉપર વીશ્વાસ નહીં, તથા પસાની ખુવારી કરનારો હોય છે.

ગુરૂ અને ચંદ્રની સુ દૃષ્ટિ—ઘણોજ ઉડાઉ અને પુષ્કળ ખરચાળુ જેથી બધી દોલત અને માલમીલકત ફના કરી નાખે.

શુક્ર અને ચંદ્રની સુ દૃષ્ટિ—ફાટાં તુટાં કપડાં પહેડનારો, બેદરકાર, ખરચાળુ, છાકટો હોય છે. સ્ત્રીની કુંડળીમાં, સ્ત્રીને ગર્ભસ્થાનનાં તથા દસ્તાનનાં રોગો આપે છે. આળસુ બનાવે છે.

બુધ અને ચંદ્રની સુ દૃષ્ટિ—નિંદાખોર, અદેખો, ચપળ, લુચ્ચો, તેમજ સર્વે સારા ગુણોને ખરાબ માર્ગે વાપડનારો, ચોરી કરનારો, અને આડે માર્ગે જનારો હોય છે.

નોધ:—આ પ્રમાણે સારી અને નહેષ્ટ દૃષ્ટિનાં ફળ જાણવાં. નહેષ્ટ દૃષ્ટિ ૪૫ અંશની, ૯૦ અંશની ઘણીજ ખરાબ, ૧૩૫ અંશની, અને ૧૫૦ અંશની સાધારણ ખરાબ જાણવી.

ઓપોઝીશનો, યાને ૧૮૦ અંશની સ્રુ દૃષ્ટિ, શુભ કે પાપ કોઇપણ ગ્રહ વચ્ચે હોય તેનું ફળ નહેઇ જાણવું.

(૨૫) જન્મપત્રીકા જોવા તથા ફળ કહેવાની સમજણ.

જન્મપત્રીકા હીંદુસ્તાનમાં ગુજરાતી, સંસકૃત અથવા તો મારવાડી કે ફારસી મુસળમાની ભાષામાં બનાવવામાં આવે છે, જેમાં ખાસ કરીને મુખ્ય ભાગે, ગુજરાતી જન્મોત્રી ઘણી હોય છે. એ જન્મપત્રીકા અથવા ટપકામાં ઘણીક જાતની જુદી જુદી કુંડળીઓ હોય છે, તથા દશા વીગેરે ઘણી બાબદો લખેલી હોય છે, જે ગુજરાતી ગણીત અને ગુજરાતી જયોતીષ વિધ્યાને લગતાં છે, જેની સમજણ અત્રે આપવાથી આ પુસ્તકનું દલ ઘણું મોટું થઇ જાય, અને અત્રે ફક્ત અંગ્રેજીજ રૂઢી આપેલી હોવાથી, એ ગુજરાતી જન્મપત્રીકા, અંગ્રેજી રૂઢી પ્રમાણે કેમ જોવો, તથા તેનું ફળ કેવી રીતે જાણવું તે લખ્યું છે.

હવે **ગુજરાતી જન્મપત્રીકામાં** ખાસ કરીને **જે જન્મ કુંડળી** યાને પહેલું ચક્ર કાઢેલું હોય છે, તે તપાસવું. તે ચક્રમાં, મથાળે પહેલું ભુવન, અને ત્યાંથી ડાબા હાથ ઊપર બીજું, તેનાં ડાબા હાથ પર ત્રીજું એમ જાણવું. હવે એ ભુવનમાં, પહેલે પહેલું ભુવન યાને જન્મ લગ્ન ખુબ બારીકીથી જોવું, તે ભુવનમાં જે આંકડો માંડેલો હોય, તે આંકડો તેટલાંમી રાશીનો જાણવો, જેમકે મેષ રાશી માટે એક, વરખ માટે બે, મિથુન માટે ત્રણ, કર્ક માટે ચાર, એ પ્રમાણે હોય છે. હવે વિચાર કરવો કે પહેલાં ભુવનમાં યાને જન્મ લગ્ને, જે આંકડો હોય, તેને લગતી રાશી જો એકલી પડી હોય, યાને તે ભાવમાં કોઇ ગ્રહ નહીં હોય, તો તે રાશીનાં ગુણ, રૂપ રંગ જેવો તે માણુસ હોવોજ જોઇયે. અને જો કોઇ ગ્રહ તેમાં બેઠેલો હોય, તો તે રાશી અને તે ગ્રહ એ બેઉને લગતી ખાસીયત ને રૂપ રંગનો તે હોવો જોઇયે. જો ઘણા ગ્રહો પહેલાં ભુવનમાં સાથે પડયા હોય તો, જે ગ્રહ ઊંચનો અને બળવાન હોય, તે ગ્રહને તે રાશીનાં જેવો તે શખ્સ હોવો જોઇયે. જો એ ઊપર પ્રમાણે તે શખ્સનો ચહેરો, કદ

અને રૂપ રંગ નહીં હોય તો, પહેલાં ભુવનની રાશીનાં કેટલા અંશ છે, તે અંશ જોવા, અને તે અંશમાં ૨૨°-૩૫′ અંશ ઊમેરવા, અને જે રાશી આવે, તે રાશીનાં જેવું રૂપ રંગ જરૂર માલમ પડશે. તે ઉપરથી અનુમાન પણ કરી શકાશે, કે તે ટપકો ખરો છે, યા ખોટો છે. ૨૨°-૩૫′ અંશ તે રવીનો મંદોચ ગુજરાતી ગ્રહને અંગ્રેજી ગ્રહમાં ફેરવવા માટે છે.

૧ ઉદાહરણ :—એક માણુસનાં ટપકામાં જન્મ લગ્ન યાને જન્મ કુંડળીનાં પહેલાં ભુવનમાં, ધારો કે ૧૦ નો આંક માંડેલો હોય, તો દશમી રાશી મકરનું જન્મ લગ્ન જાણવું. હવે એ મકર રાશીનાં અંશ જન્મકાળે જો સાતની અંદર હોય તો, તે માણુસ મકર રાશીનાં રૂપ રંગ અને ખવાસનો જાણવો, પણ જો સાત અંશથી વધારે હશે તો, તેમાં અંશ ૨૨°-૩૫′ ઊમેરતાં, તે કુંભ રાશીનાં કેટલાક અંશે, જન્મ જાણવો અને તે શખ્સ કુંભ રાશીનાં રૂપ રંગ દેખાવનોજ નીવડવાનો. અથવા તે માંહેલા ગ્રહની ખાસીયતનો નીવડવાનો. જો તે શખ્સ તેવો નહીં માલમ પડે, તો પછી પહેલાં ભુવનની જે રાશી હોય તે રાશીનો માલેક જે રાશીમાં પડયો હોય તેના જેવો દેખાવ હોય, જો તેમ પણ નહીં હોય તો, તે ટપકો વખતે ખોટો હોય અથવા તો જન્મ ઘડીમાં ફરક હોય, એમ જાણવું. એવી રીતે ગુજરાતી ટપકો અંગ્રેજી રૂઢીથી જોવો.

નોધ :—જો ગુજરાતી ટપકાનું જન્મ લગ્ન કોઇપણ રાશીનું એકથી પાંચ અંશની અંદર હોય, અથવા તો કોઇબી રાશીનું ૨૬ થી ૩૦ અંશની અંદર હોય તો, જરૂર ઉપર પ્રમાણે વીચાર કરીને રાશીનું બળ જાણવું, અને તે પ્રમાણે તે માણુસનો રૂપ રંગ, ગુણ, ખામી, ઓળખવી, તો તમુને હરેક બાબદનો પકો ખુલાસો સત્ય મળશે, એજ પ્રમાણે બીજાં ભુવનોનાં પણ અંશ જોઈ તેમાં જો ૨૨°-૩૫′ અંશાશ ઊમેરવો ઘટે તો, ઊમેરીને પછીજ તે ભુવનનું બળ નક્કી કરી, તે ભુવનનું ફળ જોવું, તોજ તે ભુવનનો ફાયદો, ગેરલાભ વીગેરે જણાશે. ઘણાક શખ્સો પોતાનાં જન્મ વખતે ઘણા સારા ગ્રહો છતાં, તેમજ ભાવચલીત અને નવમાંસની ગુજરાતી કુંડળીઓમાં પણ ઊંચ થઇને બેઠા છતાં, તેવુ કશુ ફળ તે લોકને મળતુ નથી, ત્યારે

તેઓ જયોતીષીને ફળ દેખાડે છે, તે જ્યોતીષીઓ પણ સારૂંજ ફળ દર્શાવે છે, પણ તે ફળ નહીં મળવાથી, તે માનવી જ્યોતીષ વિધ્યાને જુઠી અને ઠગારી લેખે છે. પણ જો ઉપળી અંગ્રેજી રૂઢી પ્રમાણે જોવામાં આવે તો, કેટલીક વખતે જન્મકાળે બેઠેલા ઊંચનાં ગ્રહો, તદન બદલાઇને નીચનાં, અને નીચનાં ગ્રહો વખતે ઊંચના થઇ જાય છે, ને તે પ્રમાણે દરશાવેલું ફળ ખરૂં ઠરે છે.

૨ ઉદાહરણ:—ધારો કે એક માણસનો જન્મ મિથુન રાશીનાં છેલ્લા અંશમાં યાને ૨૭ થી ૩૦ લગીનમાં થયો, તો તે માણસ ઘણું કરીને તેની પછીની કર્ક રાશીને લગતા ગુણો વધારે પ્રમાણમાં પોતાનામાં જોશે. અથવા જો ધારો કે એકથી પાંચ અંશની અંદર કર્ક રાશીમાં જન્મ થયો, તો તે માણસમાં કર્ક રાશીનાં સહેજસહાજ ગુણો ઉપરાંત અમલ કરી ગયલી મિથુન રાશીના મુખ્ય ભાગે ગુણદોષ હોવા જોઇયે. ગુજરાતી ટપકાઓ જોવાના અનુભવપરથી, મુખ્ય ભાગે સત્ય ઉપર પ્રમાણેજ માલમ પડે છે.

એ પ્રમાણે પહેલા પાંચ અને છેલ્લા પાંચ અંશે કોઇપણ રાશીમાં જન્મ થયો હોય તો, વિચાર પુગાડીને જન્મ લગ્ન માંડવું. જો કોઈ પણ રાશીનાં મધ્યમ અંશે જન્મ થયો હોય તો તેવે વખતે એકબારગી જન્મમાં પાંચ મીનીટનો પણ ફરક પડી જાય તો કાંઇ ઝાઝો ફરક પડતો નથી, પણ પહેલા અને છેલ્લા અંશે લગ્ન આવે તો તે વખતે ખુબ વીચારીને ફળ જણાવવાની જરૂર છે.

હવે પહેલાં ભુવનનો માલેક યાને પહેલાં ભુવનમાં જે રાશી બેઠી હોય તેનો માલેક તથા તે કુંડળીનાં કયાં ભુવનમાં, કેવી રાશીમાં, અને શુભ કે પાપગ્રહની દ્રષ્ટિમાં બેઠો હોય તેનો પણ વીચાર પુગાડવો.

(૨૬) જીંદગી માટે જોવાની રીત.

પહેલે તો એક બચ્ચાંનો જન્મ થતાં, તેની જન્મ કુંડળી કાઢી તેમાં પહેલી ચીજ એજ જોવાની કે તે બચ્ચું જીવશે કે? એટલા વાસ્તે તે કુંડળીનું પહેલું ભુવન, પહેલાં ભુવનની રાશીનો માલેક, ચંદ્ર, તથા પહેલાં અને આંઠમાં ભુવનમાં પડેલા ગ્રહો તપાસવાની જરૂર છે.

જો પહેલાં ઘરમાં પાપગ્રહ હોય, તથા ચંદ્ર જન્મ કુંડળીમાં નીંચનો નબળો કે પાપગ્રહની દૃષ્ટિનો છઠ્ઠાં, આંઠમાં કે બારમાં ભુવનમાં બેઠો હોય, તો તે બચ્ચું તુરત મરે.

જો પાપગ્રહ જન્મ લગ્નમાં હોય, અને તેને આંઠમાં ભુવનના માલેકની ખરાબ દૃષ્ટિ હોય, અને ચંદ્ર પણ સુર્યથી ઘેરાયલો હોય તો તે બચ્ચું જીવે નહીં. જો પહેલાં ભુવનની રાશીનો માલેક છઠ્ઠાં ભુવનમાં પડયો હોય તો તે બચ્ચું સીકલી રહે. જો તેને આંઠમાં ભુવનનાં માલેક સાથે પાપદૃષ્ટિ હોય અને બીજા શુભ ગ્રહની મદદ નહીં હોય તો અંતે તે બચ્ચું મરી જાય, પણ જો શુભ ગ્રહની મદદ હોય તો જીવે. ચંદ્ર અથવા સુર્ય એમાંથી એક પણ જો કેનંદ્ર સ્થાને હોય, અને તેની સાથે કોઇપણ પાપગ્રહ બેઠો હોય, અથવા સુર્ય, ચંદ્ર, કોઇ પાપગ્રહની પકી દૃષ્ટિમાં આવે, અને કોઇપણ સારા ગ્રહની દૃષ્ટિ નહીં હોય, તો તે બચ્ચું જીવતું જન્મે, પણ થોડા વખતમાં મરી જાય. જો પહેલાં અને આંઠમાં ઘરનાં સ્વામીઓ નીચ રાશીનાં હોય તો બચ્ચું જીવે નહીં. જો પહેલાં ભુવનનો માલેક આંઠમાં ભુવને, અને આંઠમાં ભુવનનો માલેક પહેલા ભુવને હોય, અને ચંદ્રમાં પાપદૃષ્ટિ અને પાપગ્રહોથી ઘેરાયલો હોય તો તે બચ્ચું જીવે નહીં. જો રવી, મંગળ, છઠ્ઠાં ભુવને, આંઠમાં ભુવને, અથવા બારમાં ભુવને સાથે હોય, અને જન્મ લગ્નનો માલેક નીચનો હોય તો બચ્ચું જીવે નહીં, તુરત મરે. પહેલાં, ત્રીજાં, છઠ્ઠાં, નવમાં, એ ઘરોનો માલેક ચંદ્ર હોય, અને તેનાં ઉપર કોઇ પાપગ્રહની દૃષ્ટિ હોય તો તે બાળકના આવરદા ટુંકા જાણવા.

જો આંઠમાં ભુવનનો માલેક નીંચનો હોય, અને પહેલાં ભુવનનો માલેક પાપગ્રહ સાથે બેઠો હોય, તથા ચંદ્ર પણ કોઇબી સ્થાને પાપગ્રહનાં કંજંગશનમાં હોય તો ટુંકા આવરદા જાણવા.

જો આંઠમાં ભુવનનો માલેક નીંચનો હોય અને છઠ્ઠાં અથવા બારમાં ભુવનમાં બેઠો હોય, અને તેજ કુંડળીમાં જો ગુરૂ અથવા ચંદ્રની બીજાં ભુવન તથા આંઠમાં ભુવનપર શુભ દૃષ્ટિ નહીં હોય, તો તે બચ્ચું તુરત મરે.

એ પ્રમાણે અનેક બીજા યોગો છે, તે સર્વે લખવાને અત્રે પુરતી જગ્યા નથી.

સુર્ય અને ચંદ્ર એ બેઉ જીંદગી આપનારા છે, માટે જે કુંડળીમાં સુર્ય અથવા ચંદ્ર, ૧, ૭, ૯, ૧૦, ૧૧માં ભુવનમાંથી કોઈબી ભુવનમાં બળવાન ઊંચનાં થઇને બેઠા હોય, અથવા તો બીજે કોઇ ભુવન બેસી ઉપળાં ભુવનો ઉપર પોતાની સારી દૃષ્ટિ નાખતા હોય તો જીંદગી લાંબી જાણવી. પહેલાં ઘરનો સ્વામી બળવાન હોય, અથવા તેની પેહલાં ઘરપર શુભ દૃષ્ટિ હોય તો લાંબી જીંદગી આપે.

(૨૭) માબાપને લગતા સવાળો વિષે.

અંગ્રેજી જ્યોતીષ પ્રમાણે ચોથું ઘર બાપનું અને દશમું ઘર માનું લેખવામાં આવે છે. ગુજરાતી પ્રમાણે દશમું ભુવન બાપનું અને ચોથું ભુવન માનું લેખવામાં આવે છે. હવે અનુભવપરથી માલમ પડે છે કે એ બેઉ ભુવનો માબાપનાં સુખ દુઃખ માટે જોવાનાં છે. એ ભુવનોમાં પાપગ્રહ હોય ને તેને શુભ ગ્રહો દેખતા નહીં હોય, અથવા તે ભુવનોના માલેક નીંચનાં થઇ પાપગ્રહની સાથે અથવા દૃષ્ટિમાં ફસેલા હોય તો, માબાપનું સુખ નહીં જાણવું. ચોથાં કે દશમાં ભુવને હરશચલ, શની, મંગળ, રાહુ, કેતુ, નીચનો બુધ એવા પાપગ્રહો હોય, તો તે માબાપને હાંણીકર્તા છે. .બાપના આવરદા વીષે શની તથા રવી જો ઊંચના થઇને અથવા બળવાન થઇને ચોથાં અથવા દશમાં ઘરમાં હોય તો બાપના આવરદા ઘણા લાંબા જાણવા. માતા માટે શુક્ર અને ચંદ્ર જો ઊંચનાં બળવાન થઇને દશમે ભાવ હોય તો તેની માતાનું સુખ વધારે હોય, યાને માતાની જીંદગી લાંબી જાણવી. ઉપળા ગ્રહોની જો આંઠમાં, છઠ્ઠાં અથવા અગ્યારમાં ભુવન ઉપર વેરભાવ નજર હોય તો, માબાપ કંગાળ અને સીક તથા જંજાલામાં જીંદગી કાઢે, અથવા મરે, પણ જો તેઓ શુભ દૃષ્ટિ ઉપલાં ભુવનોમાં નાંખતા હોય તો લાભ કરે, જીંદગી ટકાવી રાખે, તથાં તેઓને દેહનું સુખ આપે.

(૨૮) રોગ તથા તંદરૂસ્તી વીષે.

મરદને તંદરૂસ્તી આપનારો સુર્ય છે, અને ઓરતને ચંદ્ર જાણવો. જ્યાંલગી એ બે માહેલો એક નીર્બળ થાય નહીં અથવા બીજા કોઇ ગ્રહની પાપદૃષ્ટિમાં હોય નહીં ત્યાંલગી તંદરૂસ્તીને અલવલ આવે નહી. જો રવી અથવા ચંદ્ર, શનીનાં સમાગમમાં આવે અથવા દૃષ્ટિમાં આવે તો તબીયત જરૂર બગાડે, તે માણસ સીકલી હોય. રવી સાથે મંગળ હોય તો ઘણી તંદરૂસ્તી ને જોર આપે, પણ પીત્તો ફાટવાથી અથવા માથે લોહી ચઢવાથી એકસીદંત કરે, ને મરે. જો રવી સાથે ગુરૂ હોય તો રસ્વીકાર કરે, લોહી બગાડે, ફીફરં થાય.

એજ પ્રમાણે સ્ત્રીની તંદરૂસ્તી માટે રવીને બદલે ચંદ્રને ઊપર પ્રમાણે તપાસવો.

જો રવી અને બીજા ગ્રહો મુખ્ય ભાગે ૬, ૭, ૮ માં ઘરમાં પડેલા હોય તો લાંબી માંદગી ભોગવાવે, જે માણસનો જન્મ દીવસના સુર્ય ઉદયથી સુર્ય અસ્તની અગાઉ થયો હોય, તે માણસ સારી તંદરૂસ્તી ભોગવી શકે છે, પણ જો તે સુર્યને કોઇ પાપગ્રહનું કંજંગશન હોય છે, તો અકસ્માતીક મોત કરે છે. રોગ માટે જાણવું કે છઠ્ઠાં ભુવનમાં જે રાશી જન્મે હોય, તે રાશી શરીરનાં જે ભાગ ઉપર અમલ કરતી હોય, તે ભાગમાં દરદ થાય, તથા જે ગ્રહ છઠ્ઠાં ભુવને બેઠો હોય તે ગ્રહ પોતાનું દરદ આપે. જેમકે વરખ રાશી ગળાંના દરદો, જેવાં કે ગળાંનો સોજો, સરદી, ઠાંસો, ગાંઠ, વીગેરે. સીંહ રાશી અને કુંભ રાશી છાતીનાં દરદો ઉતપન્ન કરે છે, યાને હાર્ટદીઝીઝ વીગેરે થાય છે. વૃશ્ચિક રાશી પીસાબને લગતાં અનેક દરદો કરે છે. મિથુન તથા ધન રાશી કમતાકાતી, નબળાઇ, તથા ગ્નાનતંતુને લગતાં (Nervous) દરદો આપે છે. કન્યા તથા મીન રાશી બદી કરે છે, ખાસ કરીને મીન રાશી છઠ્ઠાં ભુવનમાં જરૂર બદીનો રોગ ઉત્તપન્ન કરનારી છે. મેષ રાશી માથાંનાં, ભેજાંનાં, ઘેલાપણાંનાં દરદો તથા ભેજાંની તાવ વીગેરે આપે છે. કર્ક તથા મકર રાશી, હોજરી પેટ, આંતરડાં વીગેરેનાં દરદો આપે છે. તુલા રાશી બદનની નબળાઇ આપે છે. રવી અને શની જન્મ લગ્ને પાપદૃષ્ટિના હોય તો દમ હાંફણ કરે,

ખાસ કરીને મિથુન, કન્યા, ધન કે મીન લગ્નમાં હોય તો. જો ગ્રહો બધે વીખરાઇને છુટા છુટા કુંડળીમાં પડયા હોય તો, છઠ્ઠાં ભુવનની રાશી, તથા શની અને મંગળ જે ભુવનમાં હોય તેઓની રાશી જોવી, ને તેને લગતાં દરદો પીછાણવાં, જેમકે મંગળ સીંહ રાશીમાં હોય તો જાણવું કે છાતીનું દરદ હોવું જોઇયે, જો શની વૃશ્ચિક રાશીનો હોય તો જરૂર રેતી અથવા પઠરીનું દરદ આપે. જે રાશી છઠ્ઠાં ભુવનમાં હોય તે રાશી બદનનાં જે ભાગપર અમલ કરતી હોય, (જુવો કોઇક પહેલું) તે ભાગને લગતાં દરદ તે માણુસને થાય છે, અથવા થશે, એમ જાણવું. દરદોને લગતી બાબદોનું વધુ જ્ઞાન આ પુસ્તકના ચોથા ભાગમાં **મેડીકલ એસ્ટ્રોલૉજીને** લગતી બાબદોમાં ખુલાસાથી મળશે.

(૨૯) પૈસા સંબંધી નશીબા વિષે.

પૈસા માટે ખાસ બીજાં ભુવનમાં જોવાનું છે, અને બીજાં ભુવનનો માલેક ઊંચનો, મીત્ર દૃષ્ટિનો અથવા કુંડળીમાં સારે સ્થાને બેઠેલો હોય તો પૈસો સારો આપે. પહેલાં ઘરનો સ્વામી સુર્ય અથવા શુક્રની સારી દૃષ્ઠિમાં હોય અને જન્મ કુંડળીમાં આંઠ ભાવે બેઠો હોય, તો સારી દોલત મળે. પહેલાં ઘરનો સ્વામી બળવાન હોય, તથા ઊંચનો થઇ બીજાં, પાંચમાં કે દશમાં ભુવનના માલેક સાથે બેઠો હોય, અથવા તો પહેલાં ઘરનો સ્વામી સવરાશીનો પાંચમાં ઘરનાં સ્વામીની સાથે, ગુરૂની શુભ દૃષ્ઠિમાં હોય, અથવા ગુરૂની સાથે બેઠો હોય તો સારો પૈસો આપે. પૈસા માટે ખાસ પહેલાં ઘરનો માલેક અને બીજું ભુવન બળવાન જોઇયે, અથવા તો રવી, ચંદ્ર કે ગુરૂની સારી દૃષ્ટિમાં હોવું જોઇયે. ગુરૂ અથવા ચંદ્ર દશમાં ભુવને અથવા બીજાં ભુવને કંજંગશનમાં હોય તો પૈસાવાળો થાય. જો શની બીજાં ભુવનનો માલેક હોય, અથવા શની બીજાં ભુવને વકરીચાલનો થઇને રહેલો હોય, તો તે માણુસ ગરીબ અને પૈસાની તંગીવાલો રહે. જો મંગળ બીજાં ભુવને બેઠો હોય તો પૈસો ખુબ ઉડાવે ને તેથી નાચાર થાય. એ પ્રમાણે પૈસાને લગતું સુખ જોવું.

(૩૦) ફરઝંદની બાબદ વિષે.

ફરઝંદ વીષે પાંચમાં ભુવનમાં જોવાની જરૂર છે. જો પાંચમાં ભુવનમાં તેમજ અગ્યારમાં ભુવનમાં જે રાશી હોય તેનાં પ્રમાણમાં બચ્ચાંનો જોગ હોય છે. જો ઉપલાં ભુવનોમાં મેષ રાશી હોય તો ફરઝંદ થાય નહીં, અને થાય તો એક અથવા બે થાય, વરખ રાશી હોય તો ત્રણ અથવા ચાર, મિથુન રાશી બે અથવા ત્રણ, કર્ક રાશી પાંચ અથવા છ, અથવા કોઇ વખતે સોળથી પણ વધારે, સીંહ રાશી હોય તો બીલકુલ ફરઝંદ થાય નહીં. કન્યા રાશી એ બે અથવા ત્રણ, તુલા રાશીએ ત્રણ અથવા ચાર, વૃશ્ચિક રાશીએ ચાર અથવા પાંચ, ધન રાશીએ ત્રણ અથવા ચાર, મકર રાશીએ બે અથવા ત્રણ, કુંભ રાશીએ ફરઝંદ થાય નહીં, મીન રાશીએ સાત અથવા આંઠ જાણવા, પણ યાદ રાખવું કે પાંચમાં ભુવને કોઈ ગ્રહ નહીં હોય, તેમજ અગ્યારમાં ભુવને કોઇ ગ્રહ નહીં હોય તોજ ઉપર પ્રમાણે ફરઝંદનો આંક કહેવો. જો રવી, બુધ, શની, મંગળ, હરશચલ એવા પાપગ્રહો હોય તો તે લોક બચ્ચાંનો ઘટાડો કરે છે, પણ જો ચંદ્ર, ગુરૂ, શુક્ર હોય છે, તો ઉપર લખવા કરતાં પણ વધારે ફરઝંદ થાય છે. ખાસ કરીને જો ચંદ્ર પાંચમાં ભુવને કર્ક અથવા મીન રાશીનો હોય તો ઘણા ફરઝંદ થાય છે. કન્યા રાશીનો ચંદ્ર હોય તો જોડ છોકરાં અવતરે, એમ જાણવું. જો પાંચમાં સ્થાનમાં ચંદ્ર, શુક્ર અથવા ગુરૂ હોય તો છોકરાં તાબેદાર નીવડે ને માબાપને સુખ આપે, પણ જો પાપગ્રહો હોય તો, તોફાની, નાફરમાન, સીકલી અથવા માબાપને સંતાપ આપનારાં નીવડે. વળી સારા ગ્રહો પાંચમાં અથવા અગ્યારમાં ભુવનમાં હોય ને તેની ઉપર પાપગ્રહોની દૃષ્ટિ હોય તો, કેટલાંક ફરઝંદ મરે, ને કેટલાંક જીવે. એક માણસને ઘણા ફરઝંદ હોય, તો તે દરેક ફરઝંદ માટે પાંચમાં ભુવનમાં જોવું નહીં, પણ પહેલું ફરઝંદ તે પાંચમાં ભુવનમાં જોવું, બીજું ફરઝંદ (તેનેથી ત્રીજું યાને) સાતમાં ભુવનમાં જોવું, ત્રીજું ફરઝંદ (તેનેથી ત્રીજું યાને) નવમાં ભુવનમાં જોવું, ચોથું ફરઝંદ એ પ્રમાણે અગ્યારમાં ભુવનમાં, પાંચમું ફરઝંદ પહેલાં ભુવનમાં, એ પ્રમાણે હરેક બાળક જે જન્મેલું હોય, તે પ્રમાણે અનુક્રમે તેનું સુખ દુઃખ જોઇ શકાય છે. ચંદ્ર ચોથાં ભુવને હોય,

ને તેનાં ઓપોઝીશનમાં દશમાં ભુવને શની શુક્ર સાથ બેઠો હોય તો ફરઝંદનો નાશ કરે. બુધ પહેલાં કે બીજાં ભુવનમાં ઊંચનો હોય તો ફરઝંદ આપે. પાંચમાં ભુવને મિથુન, સીંહ, અથવા કન્યા રાશી હોય તો તેના ફરઝંદ જીવે નહીં, અથવા ફરઝંદ થાય નહીં. એ પ્રમાણે ફરઝંદ વીચાર જાણવો. જો પાંચમાં અથવા અગ્યારમાં ભુવને શની અથવા મંગળ હોય તો જાણવું કે ફરઝંદો ઘણો વખત જીવશે નહીં. જો રવી પાંચમે હોય અને પાપગ્રહ સાથે હોય તો એકબી બચ્ચાંને જીવવા દે નહીં. જો શની, રવી અને બુધ દશમાં ભુવને કંજંગશનમાં હોય અને ચંદ્ર સાથે સ્કવેર કે ઓપોઝીશનમાં હોય તો ફરઝંદ મરે. મંગળ ગુરૂનાં ઓપોઝીશનમાં હોય તો ફરઝંદને મારે અથવા તો તે ફરઝંદનું ઘણું ખરાબ રીતે મોત આવે. એજ પ્રમાણે ગુરૂ અને શનીનું ઓપોઝીશન પણ જાણવું, કારણકે તેથી ઘણા ફરઝંદોના મોત થાય. જો પાંચમાંનો માલેક પાપગ્રહ સાથે કંજંગશનમાં હોય, અથવા તો આંઠમાં ભુવનનાં માલેક સાથે પાપદૃષ્ટિમાં હોય અથવા કંજંગશનમાં હોય તો ફરઝંદ મરે.

(૩૧) ધંધા રોજગાર તથા નોકરી બાબદ.

ધંધા રોજગાર માટે પહેલું ભુવન તથા દશમું ભુવન તથા રવી અને રવીની નજદીકનાં ઉદયનાં ગ્રહો જોવા જોઇયે. વળી પહેલાં તથા દશમાં ભાવની જે રાશી હોય, તે પણ ધંધા વેપાર માટે જોવાની છે. જો પહેલાં અથવા દશમાં ભુવનમાં મેષ, વરખ, સીંહ, અથવા મકર રાશી હોય તો, લોખંડ વીગેરે ધાતુનો, ઘર બાંધવાનો, લુહારનો, સાંચાકામનો વીગેરે ધંધા કે નોકરી કરે. જો મિથુન, તુલા, કુંભ એવી રાશી હોય તો, કલાર્કની ચાકરી, અથવા લખનાર, અને વિધ્યા તથા શીક્ષણને લગતી બાબદો કરે છે. કર્ક, વૃશ્ચિક, અને મીન રાશી હોય તો, ધર્મશાળાનો ઉપરી, દારૂની ભઠ્ઠીવાળો, ખલાસી, દારૂનો વેપારી, માછલીનો વેપાર, તથા જાહેર દારૂની દુકાનવાળો હોય. જો કન્યા કે ધન રાશી હોય તો, ચોપડી વેચનાર, છાપખાનાવાળો, સ્ટાંપ કોતરનાર, અને સંદેસા પુગાડનાર થાય છે. વરખ, કન્યા અથવા મકરને ખેતી સાથે પણ ભાગ લેહણું છે. મેષ, સીંહ અને ધન રાશીને આતશ, લોખંડ તથા જોખમકારી કામો પસંદ હોય છે.

મિથુન, તુલા, કુંભને કાપડની દુકાન, ચોપડીની દુકાન વીગેરે એવો શોખ હોય છે. હવે જો એ રાશીઓમાં ઘણા ગ્રહો એકઠા મળે તો તે રાશીની ખાસીયતવાળો ધંધો કે નોકરી તે માણસ કરી શકે. ગ્રહો પણ પોતાની મુખ્ય અસર કરે છે, જે ગ્રહ પહેલાં કે દશમાં ભુવનમાં ઘણો બળવાન થઈને રહ્યો હોય, તેનાં ગુણ પ્રમાણે નોકરી કે ધંધો કરે. જેમકે **બુધ** હોય તો લખનારો થાય, લેખક થાય, હીસાબી મેહતો થાય, શીક્ષક થાય, ચોપડી તથા લખવાની ચીજોનો વેપારી થાય, અને જો નીંચનો હોય તો ગુલામગીરી જેવી લખવાની કે મેહતાગીરીની નોકરી કરે. જો **શુક્ર** હોય તો, દારૂનો, ગવૈયાનો, નાટકનો, પરફ્યુમરીનો, ફુલનો, ઝવેહરાતનો, સ્ત્રીને લગતાં કપડાંનો, રેશમી કાપડનો વીગેરે ધંધો કરે અથવા તેવા કામની નોકરી બજાવે, જો **મંગળ** અને **શુક્ર** બેઉ સાથે દશમે ભાવે હોય તો બબરચી થાય, કસાઇ થાય, સુથાર થાય, લશકરી સીપાઇ થાય. જો **મંગળ** એકલો હોય તો લશકરમાં અથવા સાંચાકામમાં અને જ્યાં આગ તથા લોખંડનું કામ હોય તેમાં નોકરી કરે, જેમકે ઇન્જીન ડ્રાઇવર, મીલમાં સાંચાકામ વીગેરે ઉપર એવી નોકરી કરે. દશમાં સ્થાને **ગુરૂ** હોય તો વકીળ થાય, બારીસ્ટર, દીવાન, ધર્મગુરૂ, કપડાંનો વેપારી, દરજી, મહેસુલીખાતામાં નોકરી, જડજ, અથવા જાહેર મોટા ઓદ્ધાની નોકરી મળે. જો **શની** હોય તો, ખેતીનો ધંધો કરે, છાપાખાનાવાળો થાય, અને કોઇ વખત ગંભીર ધર્મગુરૂ થાય. **હરશચલ** જો દશમાં કે પહેલાં સ્થાને હોય તો તે માણુસને નજુમનો શોખ હોય, ને ખાસ કરીને જો નવમાં કે દશમાં સ્થાને હરશચલ હોય તો તે માણુસ જયોતીષીનો ધંધો કરે, વીચીત્ર ચીજોનો ધંધો કરે, વિચીત્ર ચીજોનો સંગ્રહ કરે અથવા મ્યુઝીયમોમાં નોકરી કરે, એ પ્રમાણે અનેક ગ્રહો પોતાનાં બળ પ્રમાણે જુદા જુદા ધંધા આપે છે. હવે રવી પણ ધંધા નોકરી માટે જોવાની જરૂર છે. જો રવી મંગળ સાથે હોય તો લોખંડનો, સાંચાનો, વાસણનો એવા ધાતુની ચીજોનો ધંધો કરાવે અથવા ફીટર, ટરનર કે લુહારની નોકરી કરે. જો રવી સાથે ગુરૂ હોય તો જરૂર વકીલાત કરે. રવી સાથે શુક્ર હોય તો, સ્ત્રીને લગતી ચીજોનો અથવા કપડાંનો વેપાર કરાવે. મંગળ સાથે બુધ હોય તો

દાક્ટરી ધંધો કરે અથવા હકીમ બને. મંગળ શુક્ર કંજંગશનમાં હોય તો રંગારો થાય, અથવા તો ગવૈયાનો ધંધો કરે. જો પાપગ્રહો જેવા કે શની, હરશચલ, મંગળ અને તેઓની સાથે બુધ પણ હોય તો, ચોરીનો ધંધો કરે, અથવા મોટો લુટારો થાય. એ પ્રમાણે નોકરી ધંધા બાબદ વીચાર પુગાડી, બાળકને તે ધંધાને લગતી બાબદમાં નાખ્યો હોય તો, પુર્વીણ થઇ સુખી થાય છે.

(૩૨) પુરૂષ માટે લગ્ન સુખનો વીચાર.

અંગ્રેજી પ્રમાણે પુરૂષને લગ્નનો વીચાર ચંદ્ર તથા શુક્ર ઉપર રહે છે. જો ચંદ્ર અથવા શુક્ર ૧, ૪, ૭, ૧૦ એ ભુવનોમાં રહેલો હોય તો નાની ઉમરમાં લગ્ન થાય, શુક્ર અથવા ચંદ્ર જો શનીની દૃષ્ટિમાં હોય તે જલદી લગ્ન થાય નહીં, ને જો શની, ચંદ્ર અથવા શુક્ર કરતાં બળવાન હોય તો લગ્નનો સંભવ રહે નહીં, યાને લગ્ન થાય નહીં. જો શની ચંદ્રને પાપદૃષ્ટિથી દબાવતો હોય અને ચંદ્ર નીરબળ હોય તો સ્ત્રી મરે. અને જો પુરૂષને ચંદ્ર, મિથુન, ધન કે મીન રાશીનો હોય તો ઘણી સ્ત્રીનો જોગ થાય, અને ખાસ કરીને જો ચંદ્ર બીજા ગ્રહોનાં કંજંગશનમાં હોય તો જરૂર એકથી વધુ સ્ત્રીઓને પરણે. શુક્ર અને શની એ બે વચ્ચે દૃષ્ટિ હોય તો, તે પુરૂષને પ્યાર અને મહોબતમાં હાર મળે. જો શુક્ર તથા હરશચલને એક બીજાંપર દૃષ્ટિ હોય તો, પ્યારમાં અદેખાઇ, બેવિશ્વાસ અને ખટપટ ઉત્તપન્ન થાય. વળી ચંદ્ર અને શુક્ર એ બેઉ એક બીજાપર પાપદૃષ્ટિ નાંખતા હોય તોપણ લગ્નમાં વાંધા પડે. ચંદ્ર અને શુક્ર જો પુરૂષને મિથુન, સીંહ, કન્યા રાશીમાં હોય તો લગ્ન થાય નહીં. જો ચંદ્ર અથવા શુક્ર ૬, ૮, ૯, ૧૨ એ ભુવનોમાં નીચનાં થઇને બેસે તો આખ્ખી જીંદગીમાં લગ્ન થવાનો જોગ નથી. ચંદ્ર છઠે અથવા આંઠમે રવીની દૃષ્ટિમાં હોય તો લગ્ન થવામાં હરકત નડયા કરે, હરશચલ સાતમે નીંચનો હોય તો લગ્ન થાય નહીં, હરશચલ જો પહેલાં ભુવને નીંચનો થયો હોય તો સ્ત્રીને મારી નાંખે, અથવા છુટાછેડા કરાવે. કોઇબી ભુવને શુક્ર જો ઊચનો કે પોતાની રાશીનો હોય અને તેની ઉપર સુર્યની શુભ દૃષ્ટિ હોય તો, પોતાનાં કરતાં સારાં અને મોટાં પૈસાવાળાના ખાનદાનની છોકરી સાથે પરણે ને લાભ મેળવે.

(૩૩) સ્ત્રીઓ માટે લગ્ન વિચાર.

સ્ત્રી માટે રવી તથા શુક્ર જોવો, જે પ્રમાણે ચંદ્ર શુક્રનો જોગ પુરૂષ માટે જોવામાં આવે છે, તેવીજ દરેક રીતે ચંદ્રને બદલે રવીને ગણવો અને જોવું. જો રવી છઠ્ઠાં, આંઠમાં કે બારમાં ખાડાનાં ઘરમાં હોય તો સ્ત્રી ઘણી મોટી ઉમરે પરણે. જો રવી, મિથુન કે કન્યા રાશીનો હોય તો લગ્ન થાય નહીં, અડચણ નડે. જો સ્ત્રીને મંગળ ૧, ૪, ૭, ૧૦ એ ભુવનમાં હોય તો, તેને બે ત્રણ ધણીનો જોગ થાય. દશમે મંગળ સ્ત્રીને ઘણોજ ખરાબ જાણવો, જો તે મંગળને સામે કોઇ પાપગ્રહની દૃષ્ટિ હોય તો, તે સ્ત્રી વ્યભીચારની નીવડે. સ્ત્રીને સાતમાં ભુવનમાં મંગળ કે રાહુ હોય તો ધણી સાથે ખટપટ થયા કરે, એક કરતાં વધુ વખત પરણે, તથા તે સ્ત્રીનો ગર્ભસ્થાનનો ભાગ દુઃખ દરદથી બગડે. સ્ત્રીને ચંદ્ર, શુક્ર, મંગળ ત્રણે સાથે સાતમાં ભુવને હોય તો તેનો વર ખરાબ ચાલનો મળે, તેમજ તે પોતે પણ તેવીજ હલકી ચાલની નીવડે. જે સ્ત્રીને પહેલાં ભુવનમાં કે સાતમાં અથવા નવમાં ભુવનમાં શુક્ર સાથે ગુરૂ, શની અને બુધ, અથવા ફક્ત ગુરૂ અથવા શની અથવા બુધ જો કંજંગશનમાં હોય તો, તે સ્ત્રી જોગન બને, કદી પરણે નહીં. જો સાતમાં ઘરમાં કુંભ અથવા મકર રાશી હોય તો તે સ્ત્રી મોટી ઉમરે કોઇ ઘરડા પુરૂષ સાથે પરણે, જો સ્ત્રીનાં સાતમાં ભુવનમાં શની તથા બુધનું કંજંગશન હોય તો, તેનો ધણી નપુંક્ક નીવડે છે.

(૩૪) પરણેલી જીંદગીનું સંસાર સુખ ફળ વિશે.

સંસાર સુખ, યાને પરણેલી જીંદગીનાં સુખનો મોટો આધાર રવી, ચંદ્ર, શુક્ર, હરશચલ, અને ખાસ કરીને સાતમાં ભુવન ઉપર છે. મંગળ અથવા હરશચલ જો સ્ત્રી કે પુરૂષને સાતમાં ભુવને હોય તો, સંસાર કદી સુખી જાય નહીં, ધણી ધણ્યાણીને રોજ ખટપટ થયા કરે. શનીની પણ તેવીજ અસર જાણવી, પણ શની ઠંડો ગ્રહ હોવાથી, હરશચલ અને મંગળનાં જેટલી ખુનામરકી કરતો નથી, જેથી હરશચલ અને મંગળ તો માહા બુરા જાણવા. પુરૂષનાં ટપ-કામાં ચંદ્ર સાથે હરશચલ પાપદૃષ્ટિમાં હોય, અથવા સ્ત્રીનાં ટપકામાં

રવી અને હરશચલ પાપદૃષ્ટિમાં હોય તો સંસાર કદી સુખી જાય નહીં, અંતે તળાક લેવો પડે. પુરૂષની જન્મ કુંડળીમાં હરશચલ, ચંદ્ર અથવા શુક્રની સાથે સારી દૃષ્ટિમાં હોય, તો તે મરદ પરણ્યા છતાં, બાહેર બીજી સ્ત્રીઓમાં છુપી રીતે ભટકે; જો નહેઇ દૃષ્ટિમાં હોય તો, જાહેરાતમાં એવી નાલેસ ચાલ ચલાવે, ને વ્યભીચારી નીવડે. સ્ત્રીની કુંડળીમાં જો રવી, હરશચલનાં કંજંગશન, સ્કવેર, અથવા ઓપોઝીશનમાં આવ્યો, ને તેને કોઈબી સારા ગ્રહની દૃષ્ટિ અથવા ગુરૂની મદદ નહીં હોય તો, તે સ્ત્રી પરણેલી છતાં, બીજા કુંવારા જવાનો સાથ વ્યભીચારમાં પડે. શુક્ર પણ જો તેવી ખરાબ દૃષ્ટિથી હરશચલનાં બળ તલે દબાયજો હોય તો, તે સ્ત્રી વ્યભીચારની થાય; સ્ત્રીના પતીવ્રત માટે ખાસ કરીને રવીને સારા ગ્રહોની મદદ હોવી જોઇયે, અથવા રવી ઊંચનો થઇનેપાપગ્રહોથી દુર રહેવો જોઇયે, કારણકે રવી અને ગુરૂ એ બે ગ્રહો ઉપર સ્ત્રીનાં પતીવ્રતપણાંનો મોટો આધાર રહે છે. શની જો શુક્ર સાથે સ્ત્રીની કુંડળીમાં સારી દૃષ્ટિમાં હોય તો, તે સ્ત્રીને પતીવ્રત બનાવે છે. મરદની કુંડળીમાં જો ચંદ્ર સાથે હરશચલને કંજંગશન હોય અથવા પાપદૃષ્ટિ હોય તો, તે માણસ કુંવારો છતાં, પરણેલી અને વૃદ્ધ સ્ત્રીઓ સાથ વ્યભીચાર કરે. જો શુક્ર અને હરશચલની પાપદૃષ્ટિ મરદની કુંડળીમાં થાય તો, તે મરદ જુવાન કુમારીકાઓ સાથ વ્યભીચાર કરે. એજ પ્રમાણે જો રવી ઓરતની કુંડળીમાં હરશચલની પાપદૃષ્ટિમાં હોય તો, અથવા તો મંગળ કે શની સાથે પાપદૃષ્ટિમાં હોય તો ધણી મરે, અથવા ધણીને ઘણુંજ નુકસાન થાય, એજ પ્રમાણે જો ચંદ્ર સાથે હરશચલ, મંગળ, શની કે બુધનું જોડાણ થાય તો, અને ચંદ્ર તે વખતે ખાસ કરીને મિથુન, ધન કે મીન રાશીમાં હોય તો બૈરી મરે. શુક્ર શની સાથે સારી એસપેકટમાં હોય તો પરણેલી જીંદગી સુખી જાય, જો ગુરૂ અને શુક્ર સાતમાં ભુવને હોય તો સંસાર સુખ સારૂં જાણવું, જો રવી, બુધ, અથવા ચંદ્ર સાતમે હોય તો, તે પણ સારા ગણાય, પણ પાપદૃષ્ટિથી નીચલા જોઇયે, જો રવી અને શની સ્ત્રીનાં ટપકામાં અને ચંદ્ર અને શની મરદનાં ટપકામાં એક બીજા સાથે સારી એસ્પેકટસમાં હોય તો સંસાર સારો જાય અને પતીવ્રત રહે, પણ જો શનીનું કંજંગશન હોય તો હમેશાં કજ્યો કંકાસ થયા કરે, ખાસ કરીને જે સ્ત્રીનાં

જન્મે રવી શની સાથે કંજંકશનમાં અથવા ખરાબ દૃષ્ટિમાં હોય તો તે સ્ત્રી કદી પણ પરણેલી જીંદગીમાં ધણીથી સુખી નીવડતી નથી, અને ધણીની નીંદા કરવામાં અને વાંક કાઢવામાંજ હમેશાં કજીયો કરનારી થાય. સ્ત્રીની ખાસીયત રંગ રૂપ જાણવાની રીત એ કે, જે ગ્રહને ચંદ્ર પહેલો જઇને મળતો હોય, તે ગ્રહની ખાસીયત રૂપ રંગ જેવી સ્ત્રી મળે, જો ચંદ્ર કોઇબી ગ્રહને મળતો નહીં હોય યાને એપલાઇ થતો નહીં હોય, તો પછી સાતમાં ભુવનના કસપર જે રાશી હોય તેવી તે ધણીને સ્ત્રી મળે એમ જાણવું, અથવા તો સાતમાં ભુવનમાં જે ગ્રહ બેઠો હોય તેવી તેની સ્ત્રી મળે. જો ચંદ્ર પહેલે શુક્ર સાથે એપલાઇ થતો હોય તો સ્ત્રી ખુબસુરત મળે, જો બુધ સાથે હોય તો હુસ્યાર, શ્યાની, અને ભણેલી સ્ત્રી મળે, પણ સેજ ડફાંસ મારનારી હોય, જો ચંદ્ર મંગળ સાથે એપલાઈ થાય તો, હીમતવાળી તીખા સ્વભાવની હોય, જો ગુરૂ સાથે એપલાઇ થાય તો હસમુખી, દયાળુ, ભલમણસાઇવાળી હોય, જો શની સાથે હોય તો ગંભીર, પોતાનાં કામકાજપરજ ધ્યાન આપનારી, જરા નીંચ ખવાસની, એક-માર્ગી હોય, જો રવી સાથે હોય તો ઉદાર, ઊંચા ખવાસની, સ્ત્રેટ-ફોરવર્ડ ખવાસની, મક્કમ વીચારવાળી હોય. જો સાતમાં અથવા આંઠમાં ભુવનમાં શુભ ગ્રહ હોય અથવા શની હોય, અને ગુરૂ સાથે સારી દૃષ્ટિમાં હોય તો પરણવાથી પૈસા મળે ને લાભ થાય. જો શની અથવા ગુરૂ સાતમાંના માલેક હોય તો લગ્નથી પૈસો મળે, સ્ત્રીની કુંડળીમાં રવી સાથે ઉપલા સર્વે ગ્રહને એપલાઇ થતા જોવા, અને મરદને ચંદ્ર સાથે જોવો.

(૩૫) લગ્ન થાય નહીં થાય, લગ્ન થવાનો વખત, મરદ કે સ્ત્રી કેવી મળશે તે વીગેરે બાબદો.

શેહાદી બાબદનાં સંજોગો સર્વે તપાસવાની ઘણી જરૂર છે, સાતમું ભુવન, તેનો માલેક અને તેમાં રહેલા ગ્રહ તથા તેઓ કેવા સંજોગોમાં છે તે સર્વે જોવાની જરૂર છે, અને ખાસ કરીને શુક્ર અને ચંદ્ર જો મિથુન, સીંહ, કે કન્યા રાશીમાં અથવા ૬, ૯, ૧૨ માં ભુવનમાં અથવા આંઠમાં ભુવનમાં હોય તો કુંમારી જીંદગી ગુજારે

અથવા તો પરણ્યા છતાં, વેગળાં પડે, આ બાબદમાં ખાસ શની હોય અને શની બળવાન દૃષ્ટિ નાખતો હોય તોજ એમ થાય, પણ જો ચંદ્ર અને શુક્ર બળવાન હોય અને શુભ દૃષ્ટિની મદદમાં હોય તો એમ થવાનો સંભવ નથી, એટલા માટે જે શખ્સની કુંડળીમાં શની ઘણો બળવાન હોય અને ચંદ્ર શુક્રને શુભ ગ્રહની મદદ નહીં હોય તો તે માણસ કુંમારી જીંદગી ભોગવે. જો ચંદ્ર વૃશ્ચિક રાશીમાં, શનીનાં સ્કવેરમાં હોય, અથવા શનીની સીંહ કે વરખ રાશીમાં હોય, ચંદ્ર રવીથી જલીત હોય, અને શનીનાં સ્કવેર કે ઓપોઝીશનમાં હોય, અથવા જો ચંદ્ર મકર રાશીમાં હોય, અથવા કુંભ કે તુલા રાશીમાં હોય, તો તે માણસના લગ્ન થતાં નથી, કંઇને કંઇ બહાણે પણ વાંધો પડ્યાજ કરે. શની અને શુક્ર એકબીજા સાથે સ્કવેર કે ઓપોઝીશનમાં આવે તો ઘણું કરીને જીંદગી કુંમારી જાય. સાતમાં ભુવનની રાશી શુભ રાશી હોય, સાતમાંનો માલેક શુભ ગ્રહ હોય, અને સાતમાં ભુવનમાં શુભ ગ્રહ આવેલા હોય, ચંદ્ર અને શુક્ર કર્ક, વૃશ્ચિક કે મીન રાશીમાં હોય, અથવા ૧, ૫, ૧૦, ૧૧માં ભુવને હોય, લગ્નનો માલેક સાતમાંના માલેકને એપલાઇ થતો હોય, અથવા તેઓ વચ્ચે રીસેપશન થતું હોય, તો લગ્ન કરવાનો વીચાર થાય, અને પરણે. એ પ્રમાણે કંઇપણ જોગ થતો હોય તો માણસ પરણે, અથવા પરણવાનો જોગ થાય. જો ચંદ્ર ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૨ ભુવને હોય, તો નાનપણમાં લગ્ન થવાનો સંભવ છે, અથવા તો જુવાન ઉમરે લગ્ન થાય, અથવા તો મોટપણમાં કોઇ જુવાન સ્ત્રી સાથે સંબંધ થાય, જો સાતમાંનો માલેક અથવા ચંદ્ર ૧, ૨, ૩, ૭, ૮, ૯માં હોય તો, લગન ઘણી મોટી ઉમરે થાય, અથવા તો પોતાની જુવાનીમાં કોઇ ઘરડી અથવા મોટી ઉમરની વિધવા સાથે લગ્ન કરે, જો સાતમાંનો માલેક ઝડપી ચાલનો હોય તો લગ્ન જલદી થાય, વકરી હોય તો મોટી ઉમરે થાય, જો શુક્ર ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૨ ભુવને હોય અને ઉંચનો હોય, અને ગુરૂ સાથે એસપેકટસમાં હોય તો સ્ત્રી પોતાનાં ધણીપર હકુમત કરે, જો શુક્ર છઠે હોય તો પોતાની હાલત કરતાં હલકી હાલત અને હલકાં ખાનદાનની સ્ત્રી સાથે પરણે, શુક્ર જો ચોથાં ભુવને હોય અને કુંભનો ચંદ્ર જો સ્કવેર કે ઓપોઝીશનમાં હોય તો

તેની સ્ત્રી છકેલ નીવડે, જો શુક્ર કર્ક રાશીનો હોય અને એ પ્રમાણે થાય તો, તે માણસ ઘણો વ્યભીચારી થાય. શુક્ર સાતમાં ભુવને વૃશ્ચિક, કર્ક કે મકર રાશીનો હોય તો તે માણસ ઘણો મોડો પરણે તથા જુવાનીમાં વ્યભીચારી હલકી સ્ત્રીઓના ફાંદામાં ફસેલો રહે. શુક્ર ૧૧માં ભુવને હોય તો ઘણો ખરાબ છે, કારણ ચોક્કસ સંજોગો વચ્ચે એ માણસ બચ્ચાંવાળી સ્ત્રીઓ સાથે આડો વહેવાર રાખે, **આ બાબદો ઘણી સંભાળભરી ગણત્રી પછીજ વર્તવી,** અને કોઇને માટે ખોટું મત બાંધી દેવા આગમજ ખુબ ચોક્કસ ગણત્રીઓ કરવાની જરૂર છે. જે શખ્સને ૧૦ માં ભુવને શુક્ર હોય તેને ઘણી પતીવ્રતા સ્ત્રી મળે, ને જો ગુરૂની તે પર દૃષ્ટિ હોય તો ઘણુંજ સારૂં થાય, જો શુક્ર પહેલાં ભુવને શનીની સાથે હોય અને શની પોતાનાજ ઘરનો થઇને બેઠો હોય અથવા તો શુક્રના ઘરનો થઇને બેઠો હોય, તો તે ધણીને ઘરડી, ઉમરે પુગેલી અથવા બેવફા નીંચ પેસો કરનારી સ્ત્રી મળે. શુક્ર જો બુધ સાથે ચોથે ભુવને હોય, અથવા તો બુધનાં પોતીકા ઘરમાં હોય, શની જો દશમે પડેલો હોય તો તેને સ્ત્રી તદન બેવકુફ અને નકામી જેવી મળે, જો મંગળ તેવામાં કાંઇ દૃષ્ટિ શુક્રપર નાંખતો હોય તો લુચ્ચી હોય અને જાદુ કોતલ કરનારી હોય. એ સંજોગો જો કર્ક કે મકર રાશીમાં હોય તો સ્ત્રી તદન વ્યભીચારી અને નીંચ પેસો કરનારી હોય, જો ચંદ્ર ચોથાં ભુવને અને દશમાં ભુવનમાં શની તથા શુક્ર સાથે હોય, તો તે સ્ત્રી વાંઝણી રહે તેને ફરઝંદ થાય નહીં, અને તેનું કારણ મોટી ઉમરે લગ્ન થવાનું અથવા તો કંઇકિ દુઃખને સબબે વાંઝણી રહે. શુક્ર અને શની જો સાતમાં ભુવને સાથે હોય તો તે મરદ નપુસ્ક હોય, અને ફરઝંદ થાય નહીં. જે કુંડળીમાં શુક્ર, શની અથવા ગુરૂનાં કંજંગશનમાં હોય અથવા બુધના કંજંગશનમાં હોય, તો તે સ્ત્રી ઘણી ઘરરાખુ, અને પતીવ્રત તથા ધણીપર જાનફેસાન કરનારી હોય. શુક્ર જો મંગળ સાથે હોય તો, તે સ્ત્રી ઘણી આકરા સ્વભાવની અને બેદરકાર ધણીઆણી નીવડે. જે સ્ત્રી અથવા પુરૂષની કુંડળીમાં જો શુક્ર તથા ચંદ્ર, હરશચલની દૃષ્ટિમાં સપડાયલા હોય તે પુરૂષ અથવા સ્ત્રી છુપી રીતે પણ આડે માર્ગે અથવા વ્યભીચારમાં ફસે.

ચેતવણી :—આ ઉપર લખેલા સર્વે યોગો, જેઓ જયોતીષનું પુરૂં જ્ઞાન ધરાવતા હોય, તેઓએજ ગણુત્રી કરીને તથા પુખ્ત વિચાર પુગાડીનેજ જાણવા, કારણકે ગમે તેવી ખરાબ ગ્રહની ચાલ છતાં, શુભ ગ્રહોની સહેજ પણ મદદથી ઘણો ફેરક પડી જાય છે, જેથી ઉતાવળા થઈ, એકાએક ઉપળી બાબદ વાંચી, અનુમાન કરવું નહીં, પણ ઘણીજ ચોકાસીથી એવા વ્યભીચારી યોગો ખાનગીથી જોવા, અને સંસાર સુખની સુખસંપતી જળવાય તેવી રીતે વર્તવા.

મરદને સ્ત્રી અથવા સ્ત્રીને પુરૂષ કેવાં ખાનદાનના અને કેવો મળશે તે જોવા માટે નીચલી થોડી બાબદોપર ધ્યાન આપવું :—

સાતમાંનો માલેક બારમાં ભુવને અથવા બારમાંનો માલેક સાતમાં ભુવને હોય,° તો ગરીબ કુટુંબનો, અભણ અને લાયકાત વગરના ખાનદાનની સ્ત્રી મળે. સાતમાંનો માલેક દશમે ને દશમાંનો સાતમે હોય તો ઘણી સારી સ્ત્રી મળે. એજ પ્રમાણે બીજા ભુવનનો માલેક સાતમે અને સાતમાંનો બીજે હોય તો તેથી ઘણોજ સારો. ચંદ્ર, શુક્ર અને ગુરૂ એકબીજાની સાથે સારી દૃષ્ટિમાં અથવા તો રીસેપશનમાં હોય તો, પૈસાવાળી અને રૂડી સ્ત્રી મળે, અને સંસાર સુખી જાય. જો સાતમાંનો માલેક સાતમેજ બેઠો હોય તો ઘણી સદગુણી, વફાદાર સ્ત્રી મળે. જો સાતમાંનો માલેક આંઠમે સ્થાને બેઠો હોય ને ઊંચનો હોય તો સ્ત્રી તરફથી પુષ્કળ પૈસો મળે. ઉપર ચેતવણીમાં જણાવ્યા પ્રમાણે આ નાજુક બાબદ ઘણી સંભાળથી જોવી તથા વીચારવી, **ઉતાવળું અનુમાન કદીપણ બાંધવું નહીં,** કારણ તેમ કરવાથી ગણુત્રી ખોટી પડે છે, **માટે વીચાર, વખત, કારણ, સર્વે જોઈ તપાસીને પછીજ ફળ કહેવું.**

(૩૬) દોસ્ત અને દુશ્મન.

દોસ્ત માટે કુંડળીના અગ્યારમાં ભુવનમાં, જાહેર દુશ્મન માટે સાતમાં ભુવનમાં અને ખાનગી છુપા દુશ્મનો માટે બારમાં ભુવનમાં જોવું. જો રવી, ગુરૂ કે શુક્ર ૧૧ માં ભુવને બળવાન હોય અને સારી દૃષ્ટિમાં હોય, તો ઘણા સારા મીત્રો અને તેઓની તરફથી મદદ મળે.

પણ જો પાપદૃષ્ટિમાં ફસેલા હોય તો મીત્રથી ખોટ ખમવી પડે. ચંદ્ર અથવા બુધ જો સારી એસપેકટસમાં ૧૧ માં ભુવને હોય તો સારા, પણ જો ભુવનના બળથી અથવા નીંચના હોય, અથવા પાપદૃષ્ટિમાં ફસેલા હોય, તો મીત્રોથી નુકસાન પુગે. જો શની કે મંગળ અથવા હરશચલ પ્લેનેત ૧૧ માં ભુવને હોય તો, મીત્રો તરફથી ઘણી ખોટ અને દગો થાય. ચંદ્ર જો શની સાથે પાપદૃષ્ટિમાં કોઇપણ ભુવને હોય તો, જાણવું કે જુઠા મીત્રો મળવાના, ને તેથી ખોટ ખમવી પડવાની. જો સારા ગ્રહો ચંદ્ર સાથે હોય તો સારૂં, જો લગ્નની સામે પાપગ્રહ હોય તો બુરો, જાહેર દુશ્મનો ઘણા હોય, દાખલા તરીકે લગ્ને મંગળ હોય ને સાતમે ભુવને રવી હોય તો, મોટાં માણુસો તરફથી ઘણી મુસીબતો ખમવી પડે, રવી મોટા અને ઉમરાવી દુશ્મનો દેખાડે છે કે જેઓ મારફતે ઘણી આફત અને દુઃખ તથા ખોટ ખમવી પડે. ચંદ્ર અને બુધનો મુખ્ય આધાર તેઓ કેવી દૃષ્ટિમાં છે તે ઉપર જાણવો. શની, મંગળ, અથવા હરશચલ બારમાં ભુવને હોય તો ઘણા છુપા દુશ્મનો હોય, અને તેઓ ઘણાજ ખરાબ, અદેખા, દગાબાજ અને છુપેથી નખ્ખોદ વાળવાને ટાંપી રહેનાર નીંચ હોય. જો ચંદ્ર બારમે હોય તો સ્ત્રી દુશ્મનો ઘણી થાય, જો રવી, ગુરૂ અથવા શુક્ર હોય તો છુપા દુશ્મનોનું જોર કમતી હોય, બુધ પાપદૃષ્ટિમાં હોય તો ઘણા દુશ્મનો જાણવા, લગ્નની રાશી તથા ગ્રહો જુદે જુદે સ્થાને હોવાના સમાગમથી પણ મીત્રતા અને દુશ્મનાઇ થાય છે, જેમકે એક જાતની ત્રીપલીસીટીમાં જન્મેલાં લોકો જેવાં કે મેષ, સીંહ ને ધન એકબીજા સાથે મીત્રતા રાખે, જેઓ વરખ, કન્યા ને મકરના લગ્નમાં જન્મે તેઓ એકબીજા સાથે મીત્રતા રાખે, જેઓ મિથુન, તુલા ને કુંભ, તેમજ કર્ક, વૃશ્ચિક અને મીનમાં જન્મેલાં હોય તો, તેઓ એકબીજા સાથે મીત્રતા રાખે. જયારે બે જુદા જુદા ધણીના જન્મ લગ્નની રાશી એકબીજાની કુંડળીમાં જો ૯૦° અંશની એસપેકટમાં આવે અથવા તો કંજંગશન કે ઓપોઝીશનમાં આવે તો જાણવું કે મીત્રાચારીભર્યો વહેવાર કદી રેહશે નહીં. સ્કવેર કરતાં ઓપોઝીશન તો એ બાબદમાં ઘણું ખરાબ સમજવું, જેમકે એક માણુસ જો મેષ રાશીમાં જન્મયો હોય તો તુલા રાશીમાં જન્મેલાં સાથે કદી મીત્રતા રાખે નહીં, તેમ

કર્ક કે મકર રાશીવાળા સાથે પણ દુશ્મનાઇ રહે, વળી રવી તથા ચંદ્ર, જો એકની કુંડળીનો બીજાની કુંડળીમાં એકબીજા સાથે કંજંક્શનમાં યાને એક સરખી રાશીનો હોય, અથવા તો મીત્ર દૃષ્ટિનો હોય તો મીત્રતા સારી રહે, પણ જો સ્કવેર કે ઓપોઝીશનમાં હોય તો દુશમની, મારામારી, ને તકરાર જલદીથીજ થાય. જેઓની કુંડળીઓમાં રવી અથવા તો ચંદ્ર પેરેલલ યાને એકે અંશે ડેકલીનેશનમાં આવ્યા હોય તો, તેઓની દોસ્તી ઘણી મક્કમ રહે, વળી ગ્રહોની પણ જગ્યા બેઉની કુંડળીમાં સરખાવી જોવી, કે જો એકની કુંડળીમાં ચોક્કસ રાશીનો શની છે, અને બીજાની કુંડળીમાં તેજ રાશીનો રવી હોય, તો જેને શની છે, તે શનીવાળો શખ્સ, પેલા રવીવાળા તરફથી ઘણો ફાયદો મેળવે, તેમજ રવીવાળો પુરૂષને કાંઇ ખાસ કરીને શનીવાળાથી ઇજા થાય તેમ નથી. મીત્રોને નુકસાન કયારે પુગે કે જ્યારે એકની કુંડળીના ગ્રહો ઘણી ખરાબ એસપેકટમાં ફસેલા હોય, અને તેથી તે મીત્રનું મન કાંઇક ડામાડોળ થાય, જેથી કાંઇ ખટપટ થાય. મંગળ અને શુક્ર એ બે ગ્રહ સ્ત્રી તથા મરદની મીત્રતા માટે જરૂર જોવાની અગત છે. જો સ્ત્રીની કુંડળીમાં શુક્ર આવેલો હોય તો તે સ્ત્રી મરદને એક વખત નજર મળતાં સાથેજ એક બીજાને ઘણી મીત્રતા બંધાય. જો મંગળ એકની કુંડળીમાં બીજાની કુંડળાના શુક્ર સાથે સ્કવેર કે ઓપોઝીશન કરતો હોય, તો તે સ્ત્રી પુરૂષ એક બીજાને ધીક્કારે, અને જો મીત્રતા હોય તો તે પણ તુરત દુશ્મનાઇ થાય. મરદ ઓરતનાં લગ્નો સાંધતી વખતે જે રાસ જોવામાં આવે છે, તે બરાબર નીવડતી નથી, પણ જો અંગ્રેજી પ્રમાણે રાસ જોઇ હોય તો, તે ઘણીજ ખરી પડે છે. લગ્નનું સારું થવા અગાઉ બેઉ સ્ત્રી પુરૂષના ટપકામાં જોવું, કે ચંદ્ર અને રવી એક બીજાની કુંડળીમાં મીત્રતાભર્યો સંબંધ ધરાવે છે કે. જો વરનો ચંદ્ર, સ્ત્રીની કુંડળીમાંના રવી સાથે ૧૨૦° અંશે અથવા તો ૬૦° અંશે હોય તો ઘણો સારો સંપ ને સુખ રહે. જો ૯૦° કે ૧૮૦° અંશે હોય તો મહા બુરો જાણવો, કજ્યો, કંકાસ, કુસંપ અને છુટાછેડા થાય, જો તેમાં કોઇ પાપગ્રહ જેવો કે શની, મંગળ, કે હરશચલ દૃષ્ટિ નાખતો હોય તો ઘણું બુરું જાણવું. એકનો ચંદ્ર અથવા રવી બીજાની કુંડળીના કોઇ પાપગ્રહ સાથે દૃષ્ટિ કરતો

હોય તો તે પણ ખરાબ જાણવું. જો પાપગ્રહો સાથે શુક્ર પણ દૃષ્ટિ કરે તો વ્યભીચાર બાબદના તોહમતથી છુટાછેડા થાય, જો ગુરૂ અથવા ચંદ્ર એક બીજાની કુંડળીમાં સારી એસપેકટસમાં હોય તો ઘણું સુખી જોડું નીવડે.

(૩૭) અકસ્માત મોત વીગેરે.

એ બાબદ જે ગ્રહ મોતનું કારણરૂપ થઇ પડે છે, તે ઉપરથી જોવામાં આવે છે, તેમજ છઠ્ઠાં ભુવનને લગતી બાબદો પણ જોવાની જરૂર છે, કારણકે તેથી માંદગી વીગેરે માલમ પડે છે, એ માટે ભાગ ચોથો વધુ વીગત માટે જુઓ.

શની=ખહી, સરદી, રૂમેટીઝમ, તાપ, તલ્લી અને જલંદર, લકવો, વીગેરે દરદોથી નાશ કરે છે.

ગુરૂ=ફેફરૂં, સોજો, લોહીનો જુસ્સો, ફેફસાં, લીવર તથા હૃદયને લગતાં દરદો આપે છે, ને તેથી મરણ નીપજે છે.

મંગળ=તાવ, જખમ, ગુરદા, પીસાબ, દાઝવાથી, લોહી ઓકવાથી, લોહી જવાથી, અધુરે બચ્ચું જણવાથી, ગોવરૂં, શીતળા વીગેરેથી મોત કરે છે. જે રાશીમાં એ ગ્રહો બેઠલા હોય, તેમજ છઠ્ઠાં ભુવન, અને આંઠમાં ભુવનોનાં કસપર જે રાશીઓ હોય તે જોવી. વરખ, સીંહ, વૃશ્ચિક તથા કુંભથી મોત ગુંગળાવાથી થાય છે, તેમજ હાર્ટદીઝીઝ, ફેફસાંની નળીનો દાંસો, પીસાબનાં દરદો, બરડાના કાંદાના દરદો વીગેરેથી મોત થવાનું કારણ મળે છે. મેષ, કર્ક, તુલા, મકર એ રાશીઓ સરદી, રૂમેટીઝમ, લકવો, બેસુદ્ધી, ફેફરૂં, લોહીનો જુસ્સો, હોજરીને લગતાં દરદો મારફતે મોત લાવે છે. મિથુન, કન્યા, ધન, મીન એ રાશીઓ ખાસ કરીને ખહીના દરદો, હાંફણ, દમ, કલેજાંના દરદો, જલંદર, મીઠ્ઠી પીસાબ વીગેરેના દરદોથી મોત લાવે છે, એ પ્રમાણે કુદરતી મોત, રાશીઓ પ્રમાણે આવે છે, અને મોત વખતે, તે રાશી અથવા ગ્રહના ગુણ પ્રમાણેની અસર તેના મોતનું કારણ થાય છે. જ્યારે રવી અથવા ચંદ્ર જો **મંગળ** સાથે સ્કવેર, ઓપો-

ઝીશન વીગેરે પાપદૃષ્ટિમાં હોય, તો મોત ઘણું ભયંકર રીતે દુઃખી થઇને મરે; વળી જો ૧, ૬, ૮ કે ૧૦માં ભુવનમાં રવી કે ચંદ્ર જો મંગળ સાથે કંજંગક્ષનમાં હોય તો ઘણુંજ બુરી રીતે ભયંકર મોત થાય, જો શનીની એવી કુંડળીમાં ખરાબ દૃષ્ટિ કરતો હોય તો માહા બુરૂં પરીણામ નીપજે. શની જો દશમાં સ્થાને રવીના ઓપોઝીશનમાં હોય તો ગુંગળાઇ જવાથી અથવા ઘર પડી તેમાં દટાઈ મરવાથી મરણ નીપજે. હરેક વખતે રવી, ચંદ્ર, મંગળ અને શનીની રાશી જરૂર જોવી. કારણકે મેષ, કર્ક, તુલા, મકર એ રાશીઓ જાહેરાતમાં મોત કરે છે, જેવું કે ખુન, બંદુકની ગોળીથી, વીજળીથી, આગથી, રેલવે અકસ્માતથી એવી રીતે મોત થાય. વરખ, સીંહ, વૃશ્ચિક ને કુંભ રાશી, ગુંગળાવાથી, ફાંસી જવાથી, ડુબી મરવાથી. તેમજ મિથુન, કન્યા, ધન, મીન રાશીઓ આપઘાત, ઝેર, સ્ટીમરમાં ડુબી મરવાથી અથવા હડખું લાગવાથી તથા સાંપ કે કોઇ જાનવરના કડવાથી મરણ થાય છે. હરશચલ ગ્રહ અચબુચ મોતનો કરનારો છે, તથા મોત તેની અસરથી વિચીત્ર રીતેજ આવે છે.

(૩૮) મનશક્તિ અને લાયકાત.

લગ્ન, રવી, બુધ અને ચંદ્ર એટલા મુખ્ય જોવા, જોકે બીજા ગ્રહોની પણ મનશક્તિપર અસર છે, પણ એઓ મુખ્ય છે. મિથુન રાશી તથા કન્યા, તુલા અને કુંભ રાશી સાયનસ અને શોધક બુદ્ધી, તથા ઉત્તસાહ આપનારી છે. મેષ, સીંહ, ધન, મોહટાઇ મેળવવાની લાલચ. ઘણું ઉંચું મત, ઊંચી બાબદોનો વિચાર, તેજી, ગુસ્સાદાર, સહેજ અભીમાની, કસરતબાજ તેમજ લડાયક બાબદોનો શોખીન બનાવે છે. કર્ક અને મકર રાજદ્વારી, અને મોહટાઈ મેળવવાનો ખવાસ આપે છે. વૃશ્ચિક દાકટરી, વૈદું, ગાંધી, અને છુપી શોધો વીગેરેનો ખવાસ આપે છે. અને વરખ તથા મીન મોજીલો શોખીલો, આળસુ, વેરી, અયાસી ને પોતાનુંજ સુખ ને સવળતા જોનારો બનાવે છે, જો એ રાશીઓ માંહેલી કોઇમાં ઘણા ગ્રહો બેઠેલા હોય તો, એવી સંપુર્ણ ખાસીયત આપે. કર્ક અને મીન રાશીમાં જો બુધ હોય તો તે ઘણોજ

ખરાબ, કારણકે બુધનો એ રાશીઓમાં ક્ષય થાય છે, ને જેથી માનવીને છાલકાં મનનો, ધચુપચુ વીચારનો અને તદ્દન બેવકુફ બનાવે છે. સૌથી સરસ રાશીઓ મિથુન, તુલા, કન્યા, કુંભ એ રાશીઓ ઘણીજ સારી મગજશક્તિ આપનારી છે, તથા વિધ્યા હુન્નર અને સાયનસમાં ઘણી તેજ હોય છે, તથા વિચારો ઘણાજ ઓરીજીનલ હોય છે. મેષ તથા ધન રાશી હુલ્લડ અને ઝનુની બનાવે છે, ને જો મંગળ તેવા સાથ પાપદૃષ્ટિમાં હોય તો જુઠામાં જુઠો માનવીનો ખવાસ થાય છે. વરખ તથા મકર, દગાબાજ, વેરી, એકલપેટો, અદેખો બનાવે છે, અને સીંહ રાશીવાળાઓ ઘણાજ સ્ટ્રેટ ફોરવર્ડ હોય છે. વૃશ્ચિક રાશી ખાનગી, મીઠો, છુપેથી તુકસાન કરનારો અને ડબલ ડોળ ઘાલુ હોય છે. જો બુધની સાથે મંગળની એસપેકટસ હોય તો, તે માણસ જુઠાઈ, ચોરી, થાપબાજી, લુચ્ચાઇ, ચંચળાઇ, હીસાબી, હુજતી અને કાબુમાં નહી રહે એવો ખવાસ થાય છે. જો શની ને બુધની સાથે એસપેકટસ હોય તો, સ્થીર, મક્કમ વીચારનો, છુપો ભેદ રાખનારો, ભેદી, તથા ખુદાઇ અને આસમાની વિધ્યાનો શોખીન હોય છે. જો ગુરૂ અને બુધને એસપેકટ હોય તો સાચ્ચો, તથા ઘણોજ અક્કલમંદ હોય છે, જો બુધ ને હરશચલ સાથે એસપેકટ હોય તો, ઘણો કઢંગા સ્વભાવનો હોય છે, પણ નજુમી અને શોધક બુધ્ધીવાળો પણ અદેખો ને વેરી સ્વભાવનો હોય છે. માનવીના ખવાસની મુખ્ય વળણુ રવી અને ચંદ્રથી માલમ પડે છે, અને જ્યારે તેઓ મંગળની સાથે એસ-પેકટમાં હોય છે, ત્યારે ભોળા અને ખુલ્લો તથા ઘણોજ ઉદાર ખવાસ બનાવે છે. ગુરૂ સાથે મધ્યમ ઉદાર, પણ શની અને હરશચલ સાથે તો ઘણોજ નીંચ અને કંજુસ ખવાસ રાખે છે, જો મંગળ અને શુક્ર કુંડળીમાં બળવાન હોય તો ઘણો ઊદાર અને મોજશોખવાળો હોય. બુધ અને શની માણસને એકમાર્ગી બનાવે છે, અને હરશચલ ગ્રહ કોઇવાર એકદમ ઉદાર તો કોઈવાર તદન કંજુસ બનાવે છે. રવી પહેલાં બુધને ઘણો સારો ખવાસ આપે છે, પણ જો શની સાથે એસપેકટસમાં આવ્યો હોય તો, તે માણુસ ઘણો દુન્યાની ચીજોનો શોખ રાખે યાને મતલબી, તથા ઘણોજ સાવચેત રહે અને સર્વે પોતા માટે એકઠું કરવાનો શોખ રાખે.

(૩૯) સ્થુલ સેતારાઓ (The Fixed Stars).

આસમાનમાં ગ્રહ ઉપરાંત બીજા ઘણાક સેતારાઓ છે, જે માંહેલા કેટલાક મોટા સેતારાઓ કે જેઓ, આસમાનમાં એકબીજાથી હમેશ એકસરખેજ છેટે પ્રકાશે છે, અને તે દરેક તારાનો ખવાસ અને ખાસીયત ઘણું કરીને મોટા ગ્રહોની અસર જેવી રહે છે, નીચે એ સર્વે મુખ્ય સ્થુલ સેતારાઓનો કોઠો આપેલો છે, જે માંહેલા એક અને બે મેગનીટ્યુડવાળા સેતારાઓજ આપણને ઘણી અસર કરે છે, જે તારાની "મેગનીટ્યુદ" ચાર છે, તે તદન થોડી અસર કરે છે, એ તારાઓનો ઉદય તથા અસ્ત મુળકે મુળકમાં તે ભુમીની લેટીટ્યુદ પ્રમાણે હોય છે. તેઓની ચાલણની લોંજીટ્યુદ દર વર્ષે ૫૦ સેકન્ડ યાને વીપળ હોય છે, અને તેમાં કંઇક જુજ ફરક પડે છે. એ ફીક્સ સેતારાઓની ગતી અંગ્રેજી પંચાંગમાં આપેલી હોય છે. એ સેતારાઓનાં ગુજરાતી નામો નહીં મળવાથી તેઓને અંગ્રેજી નામથીજ અત્રે જણાવ્યા છે. હાલના અંગ્રેજ જ્યોતીષો એ સેતારાઓની અસરની દરકાર કરતા નથી, પણ અસળ જમાનામાં તેઓની અસરને સ્વીકારવામાં આવી હતી, અને હજી પણ અસળી વીચારવાળાઓ તેજ પ્રમાણે ગણે છે. જ્યારે આ નીચલા કોઠા માંહેલો કોઇ તારો, જન્મ કુંડળીનાં કોઇપણ ભુવનનાં કશથી પાંચ ડીગ્રી જેટલે છેટે આવેલો હોય, અથવા કોઇપણ ભુવનનાં કશથી પાંચ ડીગ્રીએ ઉદય કે અસ્ત થતો હોય તો, જેમ બીજા ગ્રહો દરેક ભુવને મુકવામાં આવે છે તેમ એ તારાઓ પણ તે તે ભુવનમાં મુકવાની જરૂર છે, અને તેઓનું ફળ તે તારાઓ જે ગ્રહનાં જેવા ગુણદોષ ધરાવતા હોય, તે ગ્રહની ખાસીયતો પ્રમાણે જાણવું. ઝેડકીલની એફીમરીમાં એ તારાઓની દર વર્ષની લોંજીટ્યુદની ડીગ્રીઓ અને રાશીઓ વીગેરે નોંધેલું હોય છે, તેપરથી જોવું.

જોકે એ સ્થુલ તારાઓની અસરને હાલના જમાનામાં ઘણી માનવામાં આવતી નથી, પણ ચોક્કસ પોઝીશનમાં જ્યારે એ તારાઓ આવે છે, ત્યારે એઓની અસર ઘણી પ્રબળ હોય છે. એ તારાઓ ફકત કંજંગશન અને ઓપોઝીશનથીજ દૃષ્ટિ અમલ કરે છે, તે સીવાય કોઇબી બીજી એસપેકટસોમાં એઓની અસર થતી નથી.

જ્યારે એક સ્થુલ તારો, જન્મકાળના રવી સાથે કંજંગશન કરે, ત્યારે ઘણો ફેરફાર દર્શાવે છે, દાખલા તરીકે જ્યારે **એલદીબરાન** (Aldebaran), **હરકયુલ્સ** (Hercules), **એનતેરીસ** (Antares) અથવા કોઇબી બીજા સ્થુલ તારા સાથે જન્મનો રવી કંજંગશન કરે છે, ત્યારે ઘણું ભયંકર રીતે મોત થાય છે, અથવા તો ચાલુ સીકનેસ થાય છે. રવી સાથે જો **પલીએડીસ** (Pleiades), **કેસ્તર** (Castor), **પોલક્ષ** (Pollux), અથવા **પ્રેસોપી** (Presepe), વીગેરે તારાઓ હોય છે, તો તે માણસ ઘણો ઘાતકી, ભેજાં ફાટેલ હોય છે, ને તેનું મોત ઘણુંજ ભયંકર અને ગંભીર રીતે થાય છે. **એરીસ્તા** (Arista)નો તારો જ્યારે રવીની સાથે હોય છે તો, તે માણસને ઘણોજ નસીબવંતો બનાવે છે.

દરેક શનીની ખાસીયતવાળા સ્થુલ તારાઓ જ્યારેબી રવીની સાથે આવે ત્યારે જાણવું કે, તે માણસને આફત, બેઇજતી વીગેરે ઘણું દુઃખ ખમવું પડશે. જો એ તારાઓની લેટીત્યુદ ચંદ્રની લેટીત્યુદની લગોલગ હોય, અથવા તો તેઓ ચંદ્ર સાથે કંજંગશનમાં હોય છે, ત્યારે ઘણી અસર કરે છે. જેમકે જ્યારે ચંદ્ર, **એલદીબરાન** (Aldebaran) અથવા તો **પોલક્ષ** (Pollux) તારા સાથે કંજંગશન કરે છે, ત્યારે ગંભીર મોત નીપજે છે, જ્યારે **પલીએદીસ** (Pleiades) તારો ચંદ્ર સાથે આવે છે, ત્યારે આંખને નુકસાન પુગાડે છે, અથવા તો અંધાપો કરે છે. જ્યારે ચંદ્ર, **એનતેરીસ** (Antares)ના તારા સાથે આવે છે, ને જો શની તેઓની સામે ઓપોઝીશનમાં બેઠો હોય તો, તે માનવીનું મોત ગુંગળાઇ મરવાથી અથવા ફાંસી જવાથી જાણવું. જો ચંદ્ર, **એલદીબરાન** (Aldebaran) અથવા **એનતેરીસ** (Antares) સાથે જો પહેલાં ભુવનમાં અથવા દશમાં ભુવનમાં હોય તો, ઘણું માનપાન અપાવે, પણ ઘણી આફતો, ઝેહમતો, અને કટોકટીના વખતમાંથી તે માનવીને પસાર થવું પડે, અને ત્યારેજ તેની ફત્તેહને જશ તેને મળે. સાતમાં ભુવનના કસપર જો પહેલી મેગ્નીત્યુદનો કોઇપણ તારો હોય તો જાણવું કે તે માણસની સ્ત્રી પૈસાવાળી મળશે, પણ તેણીનો ખવાસ અને સ્વભાવ, તે કસપર આવેલા તારાને લગતા ગ્રહોની અસરવાળો રહેશે. **ફોમાહંત** (Fomahant) અને

રીગેલ (Rigel)નો તારો જો લગ્ને કે દશમે ભુવને હોય તો મરણ પછી વાખવાખી થાય. જો **સાઇરીયસ** (Syrius) અથવા તો **ડોગ સ્તાર** (The Dog Sa), રવી સાથે કંજંગશનમાં આવે અને જો લગ્ને કે દશમે ભુવને હોય તો રાજવંશીઓ તરફથી માન મળે. જો **કેપુતએલગોલ** (Caputalgol) રવી સાથે આઠમાં ભુવનમાં કંજંગશન કરતો હોય તો, તથા મંગળ સાથે ૯૦° અંશને તફાવતે હોય તો, તે માણસ કતળ થઇને મરે. એ પ્રમાણે અસળના વખતમાં એ તારાઓને **દેવતા** સમાન માનીને ગ્રીક તથા ઇજીપશીયન લોકો તેઓની અસરના ગુણદોષ પારખીને ફળ કહેતા હતા, માટે આ નીચલા કોઠામાં જે તારાઓ અંગ્રેજીમાં દર્શાવેલા છે તથા તેઓની અસર જણાવી છે, તે તારાઓ નંબર પ્રમાણે તપાસી લેવા, તથા તેઓ માંહેલા મુખ્ય તારાઓ પંચાંગમાં તેની રાશી અંશ સાથે આપેલા હોય છે, તે **નોટીકલ અલમાનેકમાં** જોઇ લેવા, અને તે પ્રમાણે તેનું ફળ પણ જરૂર જોવું. કારણકે કેટલીક વખતે ઘણા સારા ગ્રહ ગુણવાળી કુંડળીનું ફળ સારૂં નહીં મળતાં માઠું મળે છે, તેવે વખતે એવો કોઇ તારો નડતલ કરનારો માલમ પડી આવવે, તેનું કારણ મળે છે. એ તારાઓનો કોઠો અંગ્રેજીમાં આપ્યો છે, તથા જે તારાઓ આગળ * સ્તારના જેવી નીશાન મુકી છે, તેઓની સમજણ ગુજરાતીમાં ઉપર હું લખી ગયો છું, તે પ્રમાણે તપાસીને જોવી.

(૪૦) સ્થુલ તારાઓનો કોઠો.

	તારાનું નામ.	મેગનીત્યુદ.	ખવાસ.
1	South End of the Tail of Whale, સાઉઠ એન્ડ ઓફ ધી તેલ ઓફ વેહેલ	૨	શનીના જેવા ગુણ.
2	The Star in the Wing of Pegasus, ધી સ્ટાર ઇન ધી વીંગ ઑફ પીગાસસ	૨	મંગળ અને બુધ.
3	The Head of Andromeda, ધી હેડ ઑફ એનડ્રોમીડા	૨	ગુરૂ અને શુક્ર.

	તારાનું નામ.	મેગનીટ્યુડ.	ખવાસ.
4	The Whale's Belly, ધી વેહેલસ બેલી.	૪	શની.
5	The Gridle of Andromeda, ધી ગ્રીડલ ઑપ્ર એનડ્રોમીડા	૨	શુક્ર.
6	The Bright Star in the Head of Aries, મેષ રાશીનાં માથાંનો સ્ટાર	૩	શની અને મંગળ.
7	The Left Foot of Andromeda, ધી લેફ્ટ ફુટ ઑફ એનડ્રોમીડા	૨	શુક્ર
8	The Bright Star in the Jaw of the Whale, ધી બ્રાઈટ સ્ટાર ઇન ધી જૉ ઑપ્ર ધી વેહેલ	૨	શની.
* 9	Caput Algol, કેપુટ એલગોલ ...	૨	શની અને ગુરૂ.
*10	The Pleiades or Seven Star, ધી પ્લીએદીસ યાને સાત તારા ...	૫	મંગળ અને ચંદ્ર.
11	The Middle Star in the Pleiades, પ્લીએદીસનો વચલો તારો	૩	મંગળ અને ચંદ્ર.
12	Oculus Taurus, ઓકયુલસ તોરસ..	૧	શુક્ર.
*13	Aldebaran, એલડીબરાન ...	૧	મંગળ.
*14	Rigel, રીગેલ	૧	ગુરૂ અને શુક્ર.
15	The foremost shoulder of Orion, ધી ફોરમોસ્ટ શોલડર ઑફ ઓરીયન.	૨	મંગળ અને બુધ.
16	The She Goat, ધી શી ગોટ ...	૧	બુધને મંગળ.
17	The Middle Star in Orion's Belt, ધી મીડલ સ્ટાર ઇન ઓરીયન્સ બેલ્ટ	૨	ગુરૂ અને શની.

	તારાનું નામ.	મેગનીત્યુદ.	ખવાસ.
18	The Highest Star in the Head of Orion, ધી હાઇએસ્ટ સ્ટાર ઇન ધી હેડ ઑફ ઓરીયન	૪	શુક્ર અને શની.
19	The Star in the Horn of the Bull, ધી સ્ટાર ઇન ધી હોર્ન ઑફ ધી બુલ	૩	મંગળ.
20	Propus, પ્રોપસ	૪	મંગળ.
21	The Right Shoulder of Auriga, ધી રાઇટ શોલડર ઑફ ઓરીગા ...	૨	મંગળ અને બુધ.
22	The Foot of Gemini, મીથુન રાસીનો પગ	૨	બુધ અને શુક્ર.
*23	Castor, કેસ્ટર	૨	મંગળ, શુક્ર અને શની.
*24	Pollux, પોલક્ષ	૨	મંગળ.
*25	The Smaller Dog star, ...	૨	બુધ અને મંગળ.
*26	Pracsepe પ્રેસપી, કરકનો તારો ..	૧	મંગળ અને ચંદ્ર.
27	North Aselhis, નોર્થ એસીલસ ...	૪	મંગળ અને રવી.
28	South Asellus, સાઉથ એસીલસ ...	૪	મંગળ અને રવી.
29	Cor Leonis or Regulus, કોર લીયોનીશ, રીગ્યુલસ	૧	મંગળ.
30	Heart of Hydra, હાર્ટ ઑફ હાઇડ્રા	૧	શની અને શુક્ર.
31	Vindemiatrix, વીનદીમીએત્રીશ ...	૩	શની, શુક્ર અને બુધ.
32	The Back of the Lion, ધી બેક ઑફ ધી લાયન	૨	શની અને શુક્ર.
33	The Tail of the Lion, ધી ટેલ ઑફ ધી લાયન	૧	શની, શુક્ર અને બુધ.

	તારાનું નામ.	મેગનીત્યુદ.	ખવાસ.
34	Crater, ક્રેટર	૪	શુક્ર અને બુધ.
35	Arcturus, આરક્તુરસ ...	૧	ગુરૂ અને મંગળ.
36	The Virgins Spike or Arista, ધી વરજીન્સ સપાઇક, એરીસતા.	૧	શુક્ર અને મંગળ.
37	The South Balance, દક્ષીણ તુલા રાશી	૨	શની અને શુક્ર.
38	The North Balance, ઉત્તર તુલા રાશી	૨	ગુરૂ અને મંગળ.
39	The Left Hand of Ophiucus, ધી લેફ્ટ હેન્ડ ઑફ ઓફીયુકસ ...	૩	મંગળ અને શની.
40	The Highest Star in the Head of Seorpis, વૃશ્ચિક રાશીનો સૌથી ઉંચો તારો ...	૨	શની અને શુક્ર.
41	The Left Knee of Ophieus, ધી લેફ્ટ નીઉ ઑફ ઓફીકસ ...	૩	શની અને શુક્ર.
42	Cor Scorpio, કોર સ્કોરપીઓ ...	૨	મંગળ અને ગુરૂ.
*43	Antares, એનતેરીસ ...	૧	મંગળ.
44	The Right Knee of Ophiucus ધી રાઇટ નીઉ ઑફ ઓફીકસ ...	૩	શની અને શુક્ર.
45	The Bright Star of the Vulture ધી બ્રાઇટ સ્ટાર ઑફ ધી વલચર	૨	શની અને બુધ.
46	The Mouth of Pegasus, ધી માઉઠ ઑફ પીગેસસ ...	૩	શુક્ર અને બુધ.
47	The Tail of the Goat, ધી ટેલ ઑફ ધી ગોટ	૩	શની.

	તારાનું નામ.	મેગનીત્યુદ.	ખવાસ.
48	Marchab, મારચ એબ ...	૨	મંગળ અને બુધ.
49	Fomahant, ફોમાહંત ...	૧	શુક્ર અને બુધ.
50	Scheat-Pegasi શીત પીગાસી...	૨	શની.

આગળ પ્રમાણે ફીક્ષ તારાઓનો વિચાર કરવો, ૧ અને ૨ મેગનીત્યુદવાળા તારાઓની મુખ્ય અસર હોય છે તે ધ્યાનમાં રાખવું.

(૪૧) કલીમેકત્રીકલ (Climacterical.) વરસો.

કલીમેકત્રીકલ વરસોનો ખુલાસો એ છે કે, દર સાત કે નવ વર્ષે ચંદ્ર, માનવીની જીંદગીમાં, ચંદ્રની ચાલણુ પ્રમાણે મોટા ફેરફાર કરે છે, એ વખતે ચંદ્ર યાને સાત દીવસે ચંદ્ર પોતે પોતાની જન્મકાળે રહેલી જગ્યાથી ૯૦° અંશે આવે છે, યાને જન્મકાળે રહેલો ચંદ્ર ફરતા ચંદ્રની સાથે ૯૦° અંશ એટલે સ્કવેરની એસપેકટસ કરે છે, અને નવમે દીવસે ૧૨૦° અંશની એસપેકટસમાં આવે છે, જે હીસાબે ૭મું, ૯મું, ૧૪મું, ૧૮મું, ૨૧મું, ૨૭મું, ૨૮મું, ૩૬મું, ૪૨મું, ૪૫મું, ૪૯મું, ૫૪મું, ૫૬મું તથા ૬૩મું વર્ષ કલીમેકત્રીક કહેવાય છે, અને એ વર્ષોમાં સારા અથવા માઠા મુખ્ય બનાવો બને છે. એ વર્ષોમાં ૪૯મું વર્ષ તથા ૬૩મું વર્ષ ઘણુંજ ભારી જાણવું, કારણકે એ વખતે કલીમેકત્રીક વર્ષ ડબલ કલીમેકત્રીક થાય છે, યાને ૭×૭=૪૯, અને (૯×૭)=૬૩, જો એ વર્ષમાં કંઇ આસમાની ગ્રહોમાં, અથવા તો જન્મકાળનાં ચાલતા ગ્રહોનો, ડાયરેકશન મારફતે કોઇ પાપદૃષ્ટિ અથવા ખરાબ એસપેકટસ થઇ તો મોત નક્કી જાણવું. ૬૩મું વર્ષ તો ઘણુંજ કઠણ ગણાય છે, કારણકે જો ધ્યાન કરીને આપણે દુન્યામાં જોઇશું તો ૫૦ થી ૮૦ વર્ષની ઉમરમાં મુખ્ય ભાગે ૬૩ માં વર્ષેજ અથવા તો ૬૩ માં વર્ષની સહેજ આજુબાજુમાંજ મરે છે. કેટલાકો કહે છે એ સાત વર્ષનાં કલીમેકત્રીક વર્ષ **શનીનાં** ગ્રહની ચાલથી થાય છે, કે જયારે સાત વર્ષે શની સ્કવેર કે ઓપોઝીશન અથવા કંજંગશનમાં, જન્મકાળની પોતાની જગ્યાની સાથે એસપેકટસ કરે છે, પણ ઘણું કરીને એ બાબદ ચંદ્રને વધુ લાગુ પડતી છે, કાર-

ણુકે ચંદ્ર ઘણા ફેરફારો કરનારો અને ઝડપી ગ્રહ છે, અને શની કરતાં બધી ચીજોને રોજબરોજ ઘણી અસર કરનારો છે. કેટલીક વખતે તો શની અને ચંદ્ર એ બેઉ ગ્રહો સાથે મળીને કલીમેકત્રીક બનાવો ઉત્તપન્ન કરે છે, કારણકે તેઓનો સાતવડયો હીસાબ સરખો છે, તોપણ શનીનો હીસાબ સાડાસાત વર્ષપર જાય છે, એટલે શનીનું કલીમેકત્રીક બીજું વષ, જન્મનાં નવમે વર્ષે ગણાય. એ પ્રમાણે બચ્ચું જયારે ૧૪ વર્ષની ઉમરનું થાય કે જે પછી તે છોકરવન વયમાંથી આગળ વધે છે, ને ત્યાર પછીનાં દરેક સાત વર્ષે, કલીમેકત્રીક વર્ષ આવતાં, મોટો ફેરફાર થતો જાય છે. છોકરા અને છોકરીઓના શરીરિક બાંધા પ્રમાણે જયારે તેઓ ૨૧ વર્ષનાં થાય છે ત્યારે છોકરવાદી ખાસીયત નાબુદ થઇ મરદ કે ઓરતનાં તબક્કા ઉપર આવે છે, અથવા તે વખતે તેનું નસીબ ઘણું સારૂં ફળ આપે છે, અથવા તો મહા કષ્ટમાં નાખે છે. વરખ, કન્યા અને મકર રાશીઓમાં જન્મેલાં માણસો પોતાની જુવાની ઘણો વખત ટકાવી રાખે છે, તેઓ ૨૮ મે વર્ષે પોતાની જીંદગીનો સફો શરૂ કરે છે, તથા તેઓનો ચહેરો, દેખાવ અને બાંધો જુવાન લાગે છે. તેઓનાં નસીબોનાં બનાવો એ પ્રમાણે સાત વર્ષ મોડે બાહેર જણાય છે, એવા શખ્સોનું નસીબ અને મુખ્ય બનાવો ૩૫, ૪૨, ૫૬ વીગેરે વર્ષો ભારી વર્ષો લેખાય છે. એ પ્રમાણે બીજા ગ્રહોની પણ ચાલુ મુખ્ય અસર રહે છે, અને જીંદગી ઊપર તેઓની મુખ્ય અસર થાય છે, જન્મથી પહેલાં ચાર વર્ષમાં ચંદ્રનો અમલ છે, તેવે વખતે જો જન્મકાળે, ત્રાનજીતમાં, અથવા દાયરેકશનમાં ચંદ્ર ખરાબ સંજોગો અને એસપેકટસમાં આવે તો ઘણું ખરાબ પરીણામ નીપજાવે, રીષ્ટકારી નીવડે. એ પ્રમાણે ચોથાં વર્ષથી દશમાં સુધી બુધ, ૧૦ માંથી ૧૮ સુધી શુક્ર, ૧૮ થી ૩૭ સુધી રવી, ૩૭ થી ૫૨ સુધી મંગળ, ૫૨ થી ૬૪ સુધી ગુરૂ અને ત્યાર પછીના બીજાં વર્ષો અંત સુધીમાં શની અસર કરતા છે. હરશ્ચલ ગ્રહ પણ સાત વર્ષે એક રાશી ચાલે છે, જેથી સાતમે વર્ષે ૩૦°, ૬૦°, ૯૦° કે ૧૨૦° અંશની દૃષ્ટિ, પોતાની જન્મકાળની જગ્યા સાથ કરે છે, જેથી ઘણાક પરીણામો નીપજે છે. એ કલીમેકત્રીક વર્ષો, ધ્યાન આપીને તપાસવાની જરૂર છે.

(૪૨) જુદા જુદા વારે, દીવસનાં ૨૪ કલાકો ઉપર જુદા જુદા ગ્રહનો અમલ.

*** પહેલો કલાક સુર્ય ઉદયથી ગણવો. ***

	દીવસનાં બાર તથા રાતના બાર કલાક.	રવી.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શની.
સુર્ય ઉદયથી આથમતાં	૧	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની
	૨	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ
	૩	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ
	૪	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી
	૫	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર
	૬	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર	શુક્ર	બુધ
	૭	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર
	૮	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની
	૯	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ
	૧૦	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ
	૧૧	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી
	૧૨	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર
આથમ્યાથી ઉગતા રાત.	૧૩	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ
	૧૪	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર
	૧૫	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની
	૧૬	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ
	૧૭	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	મંગળ	બુધ
	૧૮	ચંદ્ર	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર
	૧૯	શની	રવી	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની
	૨૦	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ
	૨૧	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર
	૨૨	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની
	૨૩	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ
	૨૪	બુધ	ગુરૂ	શુક્ર	શની	રવી	ચંદ્ર	મંગળ

આ ઉપલા કોઠામાં દીવસ ઉગતાં રવીવારે પહેલા કલાક ઊપર રવીનો અમલ, બીજા કલાકે શુક્રનો, ત્રીજા કલાકે બુધનો એજ પ્રમાણે બારમાં કલાકે શનીનો, અને બપોરના બાર વાગી ગયા પછી એક

ત્યારેથી ૧૨માં કલાકે ગુરૂનો અમલ થાય છે. જ્યોતીષી જાણનારાઓને એ દરેક કલાકનુ શુભ અશુભ ગ્રહ પ્રમાણે, ચોક્કસ બાબદો જાણવામાં ખપ આવે છે, તથા કેટલીક ક્રીયાઓમાં એ ખપનું છે. અત્રે વાંચકવર્ગ માટે ફકત પોતાનું કામકાજ શુભ ગ્રહના અમલવાળા કલાકે કરવાથી ફત્તેહ મળી શકે છે.

(૪૩) **નસીબ** (The Part of Fortune).

આ એક એવી જગ્યા છે કે જે કુંડળીમાં ગણત્રી કરીને મેળવામાં આવે છે. ખાસ કરીને એનો અમલ પૈસા ટકાની તથા ધંધારોજગારની બાબદ ઉપર છે, અને તંદરૂસ્તી તથા મોત સાથે એને લાગતુંવળગતું નથી. જન્મ કુંડળીમાં એ નીચે પ્રમાણે ગણીને મુકવામાં આવે છે :-

મેરીદીયનનાં અંશકળામાં ૯૦° ઉમેરવાં કે જેથી તાત્કાળીક જન્મ લગ્નના અંશ થશે, અને તેમાં ૩૬૦° ઉમેરીને પછી રવીના અંશ કળા બાદ કરવા, અને તેમાં પછી ચંદ્રનાં અંશ ઉમેરવા. એટલે **નસીબ** યાને (The Part of Fortune) આવશે, જેનો પુનમ અગાઉ જન્મ થયો હોય તો દશથી ચોથાં ઘર સુધીમાં આવે છે, અને જો પુનમ પછી જન્મ થયો હોય તો ચારથી દશ સુધીમાં આવે છે. હવે ઉપર આવેલી અંશ કળામાંથી મેરીદીયનના ઉપલા કે નીચલા જે ભાગમાં, પુનમની આગમજ કે પાછળ જન્મ થયો હોય તે પ્રમાણે તેની અંશ કળા આગળા કે પાછળા ભુવનોમાં બાદ કરી જે રહે તે અશે. કુંડળીમાં આમેજ કરવું.

ખાસ હાલના વિદ્વાનો જન્મ કુંડળીમાં એવી રીતે **નસીબને** મુકે છે, પણ **ખાસ કરીને હોરારી વિધ્યામાં નસીબની જગ્યા જરૂર જોવી જોઇએ,** કારણકે તેથી પૈસા સંબધી સ્થીતી ઘણી સારી રીતે જાણી શકાય છે. **નસીબ** (The Part of Fortune) ગણવાની સહેલ રીત નીચે પ્રમાણે છે :—

કુંડળીનું લગ્ન અને ચંદ્રના અંશ એક બીજામાં ઉમેરવા, જેમાંથી રવીના અંશ બાદ કરવા જે બાકી રહે તે **નસીબ** અથવા (The Part of Fortune). હવે એની અંગ્રેજી નીશાન ⊕ આવી છે, અને એને એક ગ્રહની માફક જે રાશીમાં એ આવે તે રાશીમાં ગોઠવે છે,

હમેશાં નસીબ (The Part of Fortune) રાશી, અંશ, કળા સાથે ગણવું. દાખલા તરીકે ધારો કે મેષ રાશીનું જન્મ લગ્ન, ૨° અંશ ને ૩૦′ કળાનું છે. અને ચંદ્ર છઠ્ઠી રાશીનો ૧° અંશ ને ૩′ કળાનો છે. એ બેઉનો ટોટલ કર્યે, ને તેમાં જન્મના રવીનાં રાશી અંશ જે ધારો કે બીજી રાશી ૧૨° અંશ ને ૨૬′ કળા છે તે ઉમેર્યે જેમકે :—

	રાશી	અંશ	કળા
જન્મ લગ્ન......................	૦	૨	૩૦
ચંદ્રની લોંજીત્યુદનાં અંશ જન્મકાળે	૬	૧	૩
સરવાળો	૬	૩	૩૩
તેમાંથી બાદ જન્મનાં રવીનાં અંશ	૨	૧૨	૨૬
નસીબનાં રાશી અંશ	૩	૨૧	૭

એ પ્રમાણે ત્રીજી રાશીનાં ૨૧° અંશ ૭ નું નસીબ (The Part of Fortune) થયું, જે કુંડળીનાં તે ભુવને કે જ્યાં ત્રીજી રાશી હોય તેમાં ⊕ આવી નીશાની માંડીને તેનાં રાશી અંશ કળા માંડવા.

હવે હોરારી સવાળની બાબદોમાં એ ભાગ પુષ્કળ કામનો છે, કારણકે ખોટ, નફો, પૈસા ટકા, ધંધો વીગેરે બાબદોનો ખુલાસો એથી ઘણો સરસ મળી શકે છે.

(૪૪) નસીબનું ફલ.

૧. જો ⊕ નસીબ શનીનાં સ્કવેર, કંજંગક્ષન કે ઓપોઝીશનમ આવે તો જાણવું કે પોતાની દોલત, ઘરબાર વીગેરે સર્વે જુગારમ અથવા તો ચોરાઈ જવાથી અથવા તો શનીની ખાસીયતવાળા લોકોથ સર્વે દોલત ખોહી બેસે. જો શની સાથે ત્રાયન, સેક્ષતાઇલ વિગે સારી એસપેકટસો જો થાય તો, વારસા હીસ્સાથી અથવા તો કો વૃદ્ધ માણસોથી, ઘરનાં બાંધકામથી, ખેતીવાડીથી, અથવા તો દરીયા વેપારથી અને હીરોના વેપારથી લાભ થાય.

૨. **જો નસીબ મંગળ** સાથે પાપદૃષ્ટિમાં (☌ □ ☍) હોય તો, ચોરાત્સા ચાકરોથી, લશકરીઓથી, ચોરોથી, આગથી, કજયો કંકાસથી, કોર્ટ દરબારથી, પૈસા તથા દોલતની સર્વે વાતે હાંની થાય. જો શુભ દૃષ્ટિમાં હોય તો હથ્યારના વેપારથી, લડાયક માણસોથી, ઘોડાઓથી, દરીયાની મુસાફરીથી તથા જાનવરોનાં સાધારણ વેપારથી ફાયદો મળે.

૩. જો **નસીબ ગુરૂ** સાથે પાપદૃષ્ટિમાં હોગ તો, તે ગ્રહસ્થ આદમીથી તેમજ ધર્મગુરૂઓથી, વકીલોથી, કંઈક ધંધાના પડી ભાગવાથી, તથા પૈસાની નાણમેદીથી સર્વે રીતનું નુકસાન થાય, પણ જો શુભ દૃષ્ટિમાં (⚹ △ ☌) હોય તો ઇનામ, બક્ષેસ, વેપાર ધંધાની ફતેહથી, તથા ખુશ મીજાજી ને શોખીલાં માણસો તરફથી બેસુમાર લાભ થાય.

૪. **જો નસીબ રવી** સાથે શુભ દૃષ્ટિમાં હોય તો, મોટા માણસોથી, મીત્રોથી ઘણો ફાયદો થાય, પણ પૈસા બહુ ખરચે કંઇ બચે નહીં, અને જો પાપદૃષ્ટિ હોય તો, સરકાર દરબારથી, કોર્ટ કેસ કર્યાથી તેમજ જુઠ્ઠી નીંદાથી, મોટા માણસોની અદેખાઇથી સર્વે રીતે નુકસાન થાય, ધંધો પડી ભાગે. જો **નસીબ** અને **રવીનું** કંજંગશન થયું હોય તો તે માણસ પોતે પૈસા ઉડાવે તથા પોતાના પૈસા આબરૂ દરકારથી ખોહે યાને પૈસા જતા રહે, પણ આબરૂ રહે.

૫. જો **નસીબ શુક્ર** સાથે શુભ દૃષ્ટિમાં હોય તો, મોટા લોકની સ્ત્રી તરફથી અથવા મોભાદાર બાનુઓ તરપથી ઇનામ કે બક્ષેસ મળે, કપડાં અને ઝવેરાત પાછળ ખરચ કરે અને વેપારમાં ઘણો લાભ આપે, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો સ્ત્રીઓ પાછળ પૈસા ખરાબ કરે, પ્યાર મોહબતનાં પછાડા મારે, અદેખાઈ થાય, અને બેવકુફીથી સર્વે દોલતને ખર્ચી નાંખી કંગાળ બને.

૬. જો **નસીબ બુધ** સાથે શુભ દૃષ્ટિમાં હોય તો કંત્રાકટથી ફાયદો થાય, વિધ્યા, હુન્નર, હીસાબ કીતાબ, વેચાણ સાટાં, સરકારી કાયદાથી, યુનીવરસીટીની ડીગ્રીથી, કાંઇક નવી શોધથી, લખાણથી, પોતાની જાતી મહેનતથી, ઉદયોગથી, કાંઇક વારસા હીસ્સાથી અથવા મુસાફરી અથવા દરીયાની લાંબી મુસાફરીથી ફાયદો થાય, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો, ખોટા હીસાબથી, કોઇના છેતરવાથી, વકીલ કે શીખેલા માણસથી, જુવાન મીત્રોથી, જુઠ્ઠી સાક્ષીથી, અથવા તો કોર્ટ

દરબારમાં હારી જવાથી, પોતાની આબરૂને ધોકો પુગાડે, પૈસા ખોહે, પોતે બેવકુફ બને અને નુકસાનમાં જાય.

૭. જો **નસીબ ચંદ્ર** સાથે સારી દૃષ્ટિમાં હોય તો મીત્રોથી, સ્ત્રીઓથી, સાધારણ પ્રજાથી ઘણો નફો મેળવે, મોટી લાંબી મુસાફરીથી અને ચાલુ ધંધામાં ગુંતાયલા રહેવાથી દોલત ને સુખ મળે, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો કંટ્રાકટમાં ખોટ જાય, હલકા માણસોથી દગો થાય, કોઈ મોટાં ખાનદાનની સ્ત્રીની અદેખાઇ અને દુશ્મનાઇથી, ખલાસીઓથી, લાંબી મુસાફરીથી, બેસુમાર કરજથી અને કોર્ટ દરબારથી દોલત, ઇજત અને સર્વે રીતની પાયામાળી થાય.

હરશચલ ગ્રહની અસર સારી તેમજ માઠી, ખુબ શનીની ભેળ અસર જેવી જાણવી, પણ એકાએક અને અચોકસ સમજવી. રવી અને ચંદ્ર જો હરશચલ સાથે એ ભાગમાં હોય તો વિચીત્ર ચાલચલણનો થાય, તથા છાપા અને લખાણપત્રની બાબદોથી ઘણો હીણાય, અને મુશકેલીમાં આવે.

(૪૫) વખતનું ગણીત અને તેની સમજણ.

જ્યોતીષ વિધ્યામાં વખત અને ઘડીપળ ઉપર મોટો આધાર રહે છે, જેથી તેને લગતી બીનાં ઉપ્યોગી થઇ પડશે.

કોઠક.

૬૦ સેકન્ડ..................	૧ મીનીટ.
૬૦ મીનીટ..................	૧ કલાક.
૨૪ કલાક..................	૧ સાધારણ દીવસ.
૭ દીવસ..................	૧ અઠવાડયું.
૪ અઠવાડયાં ૨૮ દીવસ...	૧ ચંદ્રનો મહીનો.
૫૨ અઠવાડયાં ૧ દીવસ અથવા ૧૩ ચંદ્રનાં મહીનાં ને એક દીવસ.	૧ વર્ષ.
૩૬૫ દીવસ ૬ કલાક........	૧ જુલીયન વર્ષ.
૩૬૫ દીવસ ૫ કલાક ૪૮ મીનીટ ૫૭-૩૯ સેકન્ડ	૧ સુર્યનું વર્ષ.

સાઇડીયલ દીવસ=હમેશાં એકજ સરખો હોય છે, લાંબો ટુંકો થતો નથી. એનો વખત ૨૩ કલાક ને ૫૬ મીનીટ જાણવો.

એસ્ટ્રોનોમીકલ દીવસ=યાને જ્યોતીષ ગણીતનો દીવસ. યાને સુર્યનું બે વખત મેરીદીયનપર આવવું થાય, તેની વચ્ચેનો વખત, તેને જ્યોતીષી દીવસ કહે છે. એ સાઇડ્રીયલ દીવસ કરતાં ૪ મીનીટ વધારે છે, અને દરેક રૂતુમાં તે વધઘટ થાય છે.

મીનસોલર દીવસ=યાને ૨૪ કલાકનો સાધારણ દીવસ, ગીન ગ્રીનીચ ટાઇમ, એફીમરી પ્રમાણેનો.

ચંદ્રનો મહીનો=(Lunar or Synodic Month) યાને દુન્યાની એક બાજુએ ચંદ્ર તથા સુર્ય બે વખત મળે, યાને કંજંગશન કરે, તેની વચ્ચેનો વખત.

કેલન્ડરનો મહીનો=યાને પંચાંગમાં જેમ ૩૦ કે ૩૧ દીવસનો અથવા ફેબરૂઆરી ૨૮ કે ૨૯ દીવસનો આવે છે તે.

સાઇડ્રીયલ વર્ષ=દુન્યાનું સુર્યની આસપાસ સંપુર્ણ એક વાર ફરી જવું તે વખતને સાઇડીયલ વર્ષ કહે છે.

સુર્યનું વર્ષ=(Tropical or Solar Year) સુર્યનું એક ચોક્કસ જગ્યાપર બે વખત આવવું થાય, તેની વચ્ચે જે ટાઇમ રોકાય તેને સુર્યનું વર્ષ કહે છે. સાઇડીયલ વર્ષ, સુર્યનાં વર્ષ કરતાં લગભગ ૨૦ મીનીટ ને ૨૦ સેકન્ડ વધુ છે.

જુલીયન વર્ષ=જુલીયન સીઝરનાં વખતમાં ગોઠવેલું ૩૬૫¼ દીવસનું વર્ષ.

કોઇપણ મુળકનો લોકલ તાઇમ જાણવો હોય તો, એફીમરીના ગ્રીનીચ તાઇમમાં નીચે પ્રમાણે **ઉમેરવા** કે બાદ કરવાથી નક્કી થાય છે.

૧ કલાક	દર	૧૫°	લોંજીત્યુદ	માટે.
૪ મીનીટ	,,	૧°	,,	,,
૪ સેકન્ડ	,,	૧′	,,	,,

જો **ઇસ્ટ લોંજીત્યુદ હોય** તો ગ્રીનીચ તાઇમમાં **ઉમેરવા** ને જો **વેસ્ટ** લોંજીત્યુદ હોય તો બાદ કરવા. યાને જે મુળકની કુંડળી કાઢવી હોય, તે મુળકનો લોકલ તાઇમ યાને ત્યાં વપરાતો ચાલુ તાઇમ જે હોય તે તાઇમ અને ગ્રીનીચ તાઇમ વચ્ચે જેટલો વધ કે ઘટ હોય તે પ્રમાણે પુર્વ કે પશ્ચિમ મુળક પ્રમાણે ઉમેરવા કે બાદ કરવા.

મીન તાઇમ અને સાઇડીયલ તાઇમનો ફરક ગણવાનો કોઠો, દર એક ડીગ્રીએ ૯.૮૬ સેકન્ડ પ્રમાણે.

	કલાક.		મીનીટ.				સેકન્ડ.			
મીન ટાઇમ.	ફરક સાઇડીયલ ટાઇમ.		મીન ટાઇમ.	ફરક સા.ટા.	મીન ટાઇમ.	ફરક સા.ટા.	મીન ટાઇમ.	ફરક સા.ટા.	મીન ટાઇમ.	ફરક સા.ટા.
કલાક.	મીનીટ	સેકન્ડ	મીનીટ	સેકન્ડ	મીનીટ	સેકન્ડ	સેકન્ડ	સેકન્ડ	સેકન્ડ	સેકન્ડ
૦	૦	૦·૦૦	૦	૦·૦૦	૩૦	૪·૯૩	૦	૦·૦૦	૩૦	·૦૮
૧	૦	૯·૮૬	૧	૦·૧૬	૩૧	૫·૦૯	૧	૦·૦૦	૩૧	·૦૮
૨	૦	૧૭·૭૧	૨	૦·૩૩	૩૨	૫·૨૬	૨	·૦૧	૩૨	·૦૯
૩	૦	૨૯·૫૭	૩	૦·૪૯	૩૩	૫·૪૨	૩	·૦૧	૩૩	·૦૯
૪	૦	૩૯·૪૩	૪	૦·૬૬	૩૪	૫·૫૯	૪	·૦૧	૩૪	·૦૯
૫	૦	૪૯·૨૮	૫	૦·૮૨	૩૫	૫·૭૫	૫	·૦૧	૩૫	·૧૦
૬	૦	૫૯·૧૪	૬	૦·૯૯	૩૬	૫·૯૧	૬	·૦૨	૩૬	·૧૦
૭	૧	૯·૦૦	૭	૧·૧૫	૩૭	૬·૦૮	૭	·૦૨	૩૭	·૧૦
૮	૧	૧૮·૮૫	૮	૧·૩૧	૩૮	૬·૨૪	૮	·૦૨	૩૮	·૧૦
૯	૧	૨૮·૭૧	૯	૧·૪૮	૩૯	૬·૪૧	૯	·૦૨	૩૯	·૧૧
૧૦	૧	૩૮·૫૭	૧૦	૧·૬૪	૪૦	૬·૫૭	૧૦	·૦૩	૪૦	·૧૧
૧૧	૧	૪૮·૪૨	૧૧	૧·૮૧	૪૧	૬·૭૪	૧૧	·૦૩	૪૧	·૧૧
૧૨	૧	૫૮·૨૮	૧૨	૧·૯૭	૪૨	૬·૯૦	૧૨	·૦૩	૪૨	·૧૧
૧૩	૨	૮·૧૩	૧૩	૨ ૧૪	૪૩	૭·૦૬	૧૩	·૦૪	૪૩	·૧૨
૧૪	૨	૧૭·૯૯	૧૪	૨·૩૦	૪૪	૭·૨૩	૧૪	·૦૪	૪૪	·૧૨
૧૫	૨	૨૭ ૮૫	૧૫	૨·૪૬	૪૫	૭·૩૯	૧૫	·૦૪	૪૫	·૧૨
૧૬	૨	૩૭·૭૦	૧૬	૨·૬૩	૪૬	૭·૫૬	૧૬	·૦૪	૪૬	·૧૩
૧૭	૨	૪૭·૫૬	૧૭	૨·૭૯	૪૭	૭·૭૨	૧૭	·૦૫	૪૭	·૧૩
૧૮	૨	૫૭·૪૨	૧૮	૨·૯૬	૪૮	૭·૮૮	૧૮	·૦૫	૪૮	·૧૩
૧૯	૩	૭·૨૭	૧૯	૩·૧૨	૪૯	૮·૦૫	૧૯	·૦૫	૪૯	·૧૩
૨૦	૩	૧૭·૧૩	૨૦	૩ ૨૯	૫૦	૮·૨૧	૨૦	·૦૫	૫૦	·૧૪
૨૧	૩	૨૬·૯૯	૨૧	૩·૪૫	૫૧	૮·૩૮	૨૧	·૦૬	૫૧	·૧૪
૨૨	૩	૩૬·૮૪	૨૨	૩·૬૧	૫૨	૮·૫૪	૨૨	·૦૬	૫૨	·૧૪
૨૩	૩	૪૬·૭૦	૨૩	૩·૭૬	૫૩	૮·૭૧	૨૩	·૦૬	૫૩	·૧૫
૨૪	૩	૫૬·૫૬	૨૪	૩·૯૪	૫૪	૮·૮૭	૨૪	·૦૭	૫૪	·૧૫
૨૫	૪	૬·૪૦	૨૫	૪·૧૧	૫૫	૯·૦૩	૨૫	·૦૭	૫૫	·૧૫
૨૬	૪	૧૬·૨૬	૨૬	૪·૨૭	૫૬	૯·૨૦	૨૬	·૦૭	૫૬	·૧૫
૨૭	૪	૨૬·૧૩	૨૭	૪·૪૪	૫૭	૯·૩૬	૨૭	·૦૭	૫૭	·૧૬
૨૮	૪	૩૬·૦૦	૨૮	૪·૬૦	૫૮	૯·૫૩	૨૮	·૦૮	૫૮	·૧૬
૨૯	૪	૪૫·૮૬	૨૯	૪·૭૬	૫૯	૯·૬૯	૨૯	·૦૮	૫૯	·૧૬
૩૦	૪	૫૫·૭૧	૩૦	૪·૯૩	૬૦	૯·૮૬	૩૦	·૦૮	૬૦	·૧૬

આ ઉપળા કોઠા મારફતે જે મુળકમાં જન્મ થયો હોય, અને તે મુળકનો જે લોકલ તાઈમ હોય, તે લોકલ તાઇમ ગ્રીનીચ તાઇમ કરતાં જેટલો વધારે કે ઓછો હોય, યાને ઇસ્ટ લોંજીત્યુદ (પુર્વ) અથવા તો વેસ્ટ લોંજીત્યુદ (પશ્ચિમ)પર આવેલો હોય, તેને લગતા વધઘટના કલાકો નીચલા તાઇમનાં કોષ્ટકમાંથી જોઈ, તે કલાકોનો ફરક ઉપલાં કોષ્ટકમાંથી કલાક તેમજ મીનીટ અને સેકન્ડનો તપાસી તે ઉમેરવા ઘટે તો ઉમેરવો અથવા બાદ કરવો.

(૪૬) જુદા જુદા મુલકોના (સ્ટેનડર્ડ) તાઇમનું કોષ્ટક.

			ક.	મી.	સે.	
ગ્રેટબ્રીટન.	(ગ્રીનીચ ટાઈમ.)					
આયરલેન્ડ	ગ્રીનીચ ટાઇમથી.		૦	૨૫	૨૧	સ્લો (Slow) યાને ઓછો.
ફ્રાનસ	,,	,,	૦	૯	૨૧	ફાસ્ટ (Fast) યાને વધુ આગળ.
સ્પેન	,,	,,	૦	૦	૦	
પોર્ટુગલ	,,	,,	૦	૦	૦	
હોલેંડ	,,	,,	૦	૦	૦	
ઈટાલી	,,	,,	૧	૦	૦	ફાસ્ત
નોરવે	,,	,,	૧	૦	૦	,,
સ્વીડન	,,	,,	૧	૦	૦	,,
સ્વીટઝરલેનડ	,,	,,	૧	૦	૦	,,
ઓસ્ત્રીયા હંગરી	,,	,,	૧	૦	૦	,,
રૂશીઆ	,,	,,	૨	૧	૦	,,
બલગેરીઆ	,,	,,	૨	૦	૦	,,
ટરકી	,,	,,	૨	૦	૦	,
રૂમાલીઆ	,,	,,	૨	૦	૦	,,
દેનમાર્ક	,,	,,	૧	૦	૦	,,
મોરીસીયસ	,,	,,	૪	૦	૦	,,

ગ્રેટબ્રીટન.	ગ્રીનીચ	ટાઇમથી.	ક.	મી.	સે.	ફાસ્ટ.
સીચીલીસ	,,	,,	૪	૦	૦	,,
આર્ચીપેલેગો	,,	,,	૫	૦	૦	,
હીંદુસ્તાન	,,	,,	૫	૩૦	૦	,,
પુર્વ હીંદુસ્તાન	,,	,,	૬	૩૦	૦	,,
ચીન	,,	,,	૮	૦	૦	,,
જાપાન	,,	,,	૯	૦	૦	,
ફીલીપાઇન આયલંડ	,,	,,	૯	૦	૦	,,
હોંગકોંગ	,,	,,	૮	૦	૦	,,
બોરનીઓ	,,	,,	૮	૦	૦	,,
ઇજીપ્ટ	,,	,,	૨	૦	૦	,,
ત્રાનસવાલ	,,	,,	૨	૦	૦	,,
નેટાલ	,,	,,	૨	૦	૦	,,
અમેરીકા.						
E થી ૬૭½ W	,,	,,	૪	૦	૦	સ્લો
૬૭½ થી ૮૨½ W	,,	,,	૫	૦	૦	,,
૮૨½ થી ૯૭½ W	,,	,,	૬	૦	૦	,,
૯૭½ થી ૧૧૨½ W	,,	,,	૭	૦	૦	,,
૧૧૨½ થી W	,,	,,	૮	૦	૦	,,
પશ્ચિમ ઓસ્ટ્રેલ્યા	,,	,,	૮	૦	૦	ફાસ્ટ
દક્ષીણ આસ્ટ્રેલ્યા	,,	,,	૯	૩૦	૦	,,
વીકટોર્યા	,,	,,	૧૦	૦	૦	,,
ન્યુઝીલેન્ડ	,,	,,	૧૧	૩૦	૦	,,

હીંદુસ્તાનનાં થોડાંક મુખ્ય શહેરની લોંજીત્યુડ તથા લેટીત્યુડ. E પુર્વ, W પશ્ચીમ, N ઉત્તર, S દક્ષિણ.

શહેર.	લોંજીત્યુડ.	લેટીત્યુડ.
પેશાવર	૭૧°–૩૬′ E	૩૪°– ૧′ N
અમરીતસર	૭૪°–૫૫′ E	૩૧°–૩૭′ N
સીમલા	૭૭°–૧૧′ E	૩૧°– ૬′ N

શહેર.	લાંજીત્યુડ.	લેટીત્યુડ.
દીલ્હી	૭૭°–૧૬′ E	૨૮°–૩૯′ N
આગ્રા	૭૮°– ૫′ E	૨૭°–૧૦′ N
લખનો	૮૦ –૫૮ E	૨૬°–૫૨′ N
અલાહબાદ	૮૧°–૫૫′ E	૨૫°–૨૬′ N
કાનપુર	૮૦°–૨૪′ E	૨૬°–૨૮′ N
બનારસ	૮૩°– ૩′ E	૨૮°–૧૮′ N
દેરાદુન	૭૮ – ૬ E	૩૦ –૨૦ N
અલીગઢ	૭૮°– ૬′ E	૨૭°–૫૫′ N
ગાયા	૮૫°– ૩′ E	૨૪°–૪૮′ N
મયમનસીંગ	૯૦°–૨૭′ E	૨૪°–૪૬′ N
હુબલી	૮૮°–૪૫′ E	૨૨°–૪૫′ N
કલકત્તા	૮૮°–૨૪′ E	૨૨°–૩૪′ N
નવગોંગ	૯૨°–૪૮′ E	૨૬°–૧૬′ N
ઝાંન્સી	૭૮°–૩૭′ E	૨૫°–૨૭′ N
ગોરકપુર	૮૩°–૨૩′ E	૨૬°–૪૪′ N
હોશંગાબાદ	૭૭°–૪૧′ E	૨૦°–૪૫′ N
નાગપુર	૭૯°– ૭′ E	૨૧°– ૯′ N
આકોલા	૭૭°– ૨′ E	૨૭°–૪૨′ N
ઉમરાવતી	૭૭°–૪૭′ E	૨૦°–૫૬′ N
અમદાવાદ	૭૨°–૩૮′ E	૨૩°– ૧′ N
વડોદરા	૭૬°–૪૦′ E	૨૯°– ૯′ N
ભરૂચ	૭૩°– ૨′ E	૨૧°–૪૩′ N
સુરત	૭૨°–૩૨′ E	૨૧°–૧૦′ N
મુંબઈ	૭૨°–૫૪′ E	૧૮°–૫૫′ N
અહમદનગર	૭૪°–૫૫′ E	૧૯°– ૫′ N
પુના	૭૩°–૫૫′ E	૧૮°–૩૧′ N
શોલાપુર	૭૫°–૫૪′ E	૧૭°–૩૯′ N
ધારવાડ	૭૫°– ૩′ E	૧૫°–૨૭′ N
બેંગલોર	૭૭°–૩૫′ E	૧૨°–૫૭′ N

શહેર.	લોંજીત્યુદ.	લેટીત્યુદ.
હૈદરાબાદ દખણ	૬૮°–૨૫' E	૨૫°–૨૩' N
માઇસોર	૭૬°–૪૦' E	૧૨°–૧૮' N
મદ્રાસ	૮૦°–૧૭' E	૧૩°– ૪ N
નીલગીરી	૭૬°–૧૮' E	૧૧°–૧૨' N
તાનજોર	૭૯°–૧૦' E	૧૦°–૪૭' N
કોલંબો	૭૯°–૫૯' E	૬૫°– ૬' N

(૪૭) સ્પષ્ટ કુંડળી કોઇપણ મુળકની કાઢવાની રીત.

૧. સ્ટેન્ડર્ડ ટાઇમ જે મુળકનો જન્મ હોય ત્યાંનો લેવો, અને તેને લોકલ મીન ટાઇમમાં ફેરવી નાંખવો.

૨. ભુવનોનાં કસની રાશીઓ, **લોકલ મીન તાઇમ** પ્રમાણેનો સાઇડ્રીયલ ટાઇમ મેળવી, તે પ્રમાણે ગોઠવવી.

૩. ગ્રહો ફકત **ગ્રીનીચ મીન ટાઇમ પ્રમાણેજ** ગોઠવવા. આ ત્રણ કાયદા મુખ્ય છે અને તેમાં કશો ફેરફાર કદીબી થઈ શકતો નથી.

હવે પાને ૪૨ માં જે આપણે જન્મ કુંડળીની ગણીત આપી છે, **જે સ્પષ્ટ નથી.** તથા તેમાં ફકત રીત અને રૂઢીજ દેખાડવામાં આવી છે, માટે આંક અને બીજી બાબદનાં ગણીતમાં સહેજ ફરક છે, પણ પ્રાયમરી શીખાઉને તે સાથે કંઇ ઘણો ફરક પડતો નથી. હવે જો સ્પષ્ઠ કોઇ મુળકની કુંડળી કાઢવી હોય તો, ઉપળા કાયદાઓ પ્રમાણે તથા વખતનું અનુમાન કરીનેજ કાઢવી.

૧. પહેલે તો જે મુળકમાં જન્મ થયો હોય તે મુળકની લેટીત્યુદ અને લોંજીત્યુદ, અંગ્રેજી ભુગોળનાં નકશામાંથી જોઇને લેવી. જેમકે મુંબઇની લેટીત્યુદ ૧૮°–૫૫' N (ઉત્તર) અને લોંજીત્યુદ ૭૨°–૫૪' E (પુર્વ) છે. (બીજા મુળકોની લોંજીત્યુદ એજ પ્રમાણે હીંદુસ્તાનના શહેરો માટે આપી છે) હવે એ મુંબઇનો ટાઇમ વેલાતના ગ્રીનીચ ટાઇમ કરતાં કેટલો વધુ કે ઓછો છે, તે કલાક, ગણવા:—જેમકે આગળ આપેલાં કોઠક પ્રમાણે દર પંદર ડીગ્રી લોંજીત્યુદે એક કલાક જાણવો, જેથી ૭૨°–૫૪' E લોંજીત્યુદ મુંબઇની છે, તેને પંદરે

ભાગતાં ૪ ક. ૫૧ મી. ૩૬ સે. આવે છે, યાને ગ્રીનીચ ટાઇમ કરતાં મુંબઈ પુર્વ હોવાથી, ૪ ક. ૫૧ મી. ૩૬ સે. ટાઈમ વધારે ઝડપી છે, યાને ગ્રીનીચમાં જયારે બપોરે મધ્યાન બાર વાગે, ત્યારે મુંબઇમાં સાંજના ૪ ક. ૫૧ મી. ૩૬ સે. થાય છે. ધારો કે અહમદનગરની લેટીત્યુદ ૧૯°–૫′ N (ઉત્તર) અને લોંજીત્યુદ ૭૪°–૫૫′ E (પુર્વ) છે, તો ૧૫° લોંજીત્યુદ એક કલાકની બરાબર છે, જેથી પંદરે ભાગતાં જવાબ ૪ ક. ૫૯ મી. ૨૦ સે. આવશે, જેટલો વખત અહમદનગરનો ટાઇમ ગ્રીનીચ ટાઇમ કરતાં વધારે છે. એ પ્રમાણે હરકોઇ મુળકનો **લોકલ તાઈમ** બનાવવો.

૨. **લોકલ તાઇમ એટલે શું ?**—લોકલ તાઇમ એટલે કે જે મુળક, જે લોંજીત્યુદપર આવેલો હોય, તે લોંજીત્યુદપર જયારે રવી મધ્યાનમાં બપોરે બાર વાગે મેરીદીયનમાં આવે, તેને તે મુળકનો લોકલ ટાઇમ જાણવો, જેમકે "ગ્રીનીચ"માં બપોરે મધ્યાન બાર વાગે રવી અંગ્રેજી ગણત્રી પ્રમાણે બરોબર ૦° મધ્યાનમાં મેરીદીયનપર આવે છે, હવે આપણો મુળક યાને ધારો કે હીંદુસ્તાન, અને તેની રાજધાની કલકત્તા શહેર ૮૮°–૨૦′ E લોંજીત્યુદ (પુર્વ)પર આવેલું છે. હવે દુન્યાની ગોળાઇને લીધે જયારે રવી મેરીદીયનપર ગ્રીનીચમાં ૦°પર હોય, તો એ ૦° થી ૧૮૦°પર જે મુળક આવ્યો હોય તે મુળકમાં મધરાતના બાર વાગવાજ જોઇયે, કારણકે તે મુળકની ડીગ્રી ૩૬૦°ના ચકરાવાનો બરોબર અરધો ભાગ છે, અને રવી ૦° ની મેરીદીયનમાં હોવાથી તે મુળક ૧૮૦° ઊપર છે, તેથી રવી દુન્યાના તે ભાગને બીલકુલ દેખાતો નથી કારણકે રવી તે ભાગની બરોબર પછવાડે છે, એટલે એવી રીતે બરોબર બાર કલાકનો ફરક યાને દર કલાકે ૧૫° ને હીસાબે ૧૮૦° થઇ. એ હીસાબ પ્રમાણે જે જે મુળકો ગ્રીનીચની પશ્ચિમે કે પુર્વે જેટલી ડીગ્રીપર આવેલો હોય, તે પ્રમાણે તેનો વખત ઓછો કે વધતો આગળ સમજાવ્યા પ્રમાણે થાય છે. એ પ્રમાણે કલકત્તા શહેર જે ગ્રીનીચથી ૮૮°–૨૦′ E લોંજીત્યુદ પુર્વે આવેલું છે, તેથી તેનો ટાઇમ ઊપલા હીસાબ પ્રમાણે ૫ ક. ૫૩ મી. ૨૦ સે. આગળ છે. યાને ગ્રીનીચમાં મધ્યાન બપોર થાય, ત્યારે કલકત્તામાં સાંજે ૫ ક. ૫૩ મી. ૨૦ સે. ટયલી જાણવી.

એ પ્રમાણે ઈક્વેશન (Equation of Time) નો તફાવત ઉમેરવો, ઇક્વેશન યાને સુર્યનાં ફેરાવાથી અને જુદે જુદે ઠેકાણે તેના દેખાવા પ્રમાણેનો ટાઇમ. અને ગ્રીનીચ મધ્યાન ટાઇમ વચ્ચેનો ફરક. એ ફરક ધર્તીપરથી સુર્યને ફરતો જોવાથી થાય છે.

૩. મીન ટાઇમ અને સાઇડ્રીયલ ટાઇમ વચ્ચેનો ફરક એક કલાકની દશ સેકન્ડ પ્રમાણે ગણવામાં સાધારણ રીતે લેવાય છે, જયારે ખરો તફાવત તો ૯·૮૬ સેકન્ડનો છે, જેને લગતું કોઇક આગળ આપ્યું છે, તે હમેશાં ઉપયોગમાં લેવું.

રાફેલની એફીમરીમાં સાઇડ્રીયલ ટાઇમ દરરોજનો આપેલો છે, તે ગ્રીનીચનાં ટાઈમ પ્રમાણેનો છે. જેથી દરેક મુળકની લોંજીત્યુદ પ્રમાણે તેનો ફરક લેવો જોઇયે. ઉપર જણાવવા પ્રમાણે જે મુળકને લગતી કુંડળી કાઢવી હોય તે મુળકની લોંજીત્યુદનાં અંશ લેવા અને તેને પંદરે ભાગીને અથવા તો દર ચાર મીનીટની એક ડીગ્રીનાં હીસાબે, તેના કલાક બનાવવા, અને તે કલાક જેટલા ગ્રીનીચ ટાઈમ કરતાં વધારે કે ઓછા હોય, તે પ્રમાણે, દર કલાકની ૯·૮૬ સેકન્ડના ફરકને હીસાબે ઉમેરવા કે બાદ કરવા. જો પુર્વ તરફની લોંજીત્યુદ હોય તો એફીમરીનાં સાઇડ્રીયલ ટાઈમમાંથી બાદ કરવા, અને જો પશ્ચિમ તરફની લોંજીત્યુદ હોય તો ઊમેરવા. જો તે વખતે ૯·૮૬ સેકન્ડ પ્રમાણેનું કોષ્ટક નહીં હોય તો, અટકળે દર કલાકની દશ સેકન્ડ પ્રમાણે ગણવું.

૪. જન્મનો તાઈમ જે હોય, તેને ગ્રહ ગણવાની આગમજ ગ્રીનીચ ટાઇમમા ફેરવવોજ જોઇયે, કારણકે ગ્રહો ગ્રીનીચ ટાઇમ પ્રમાણેજ ગણવા જોઇયે.

ગ્રહ ગણવા માટે જન્મનો ટાઇમ લઇ, જન્મની જગ્યાની લોંજીત્યુદ જેટલા કલાક ગ્રીનીચ ટાઇમ કરતાં આગળ કે પાછળ હોય, તેટલો વખત ઊમેરવો કે બાદ કરવો, અને પછી ગ્રહ ગણવા, જેમકે મુંબઇની લોંજીત્યુદ ૭૨°–૫૪′ E છે, જેના કલાક ૪–૫૧–૩૬, ગ્રીનીચ ટાઇમ કરતાં આગળ છે, અને મુળક પુર્વનો છે, તેથી જન્મનો ટાઇમ ૧૦–૪૬ રાતનો છે, તેમાંથી કલાક ૪–૫૧–૩૬ બાદ કર્યે તો સાંજના કલાક ૫–૫૪–૨૪ થયા, જે કલાક પ્રમાણે એફીમરીમાંથી

ગ્રહ ગણવા તો સ્પષ્ટ ગ્રહ જન્મના થશે. **આગળ જે ગ્રહ ગણાય છે, તે ફકત ગ્રહ કેમ ગણવા તેની રીત દેખાડવા માટે ગણ્યા છે, જે સ્પષ્ઠ નથી,** કારણકે તે લોકલ ટાઇમથી ગણ્યા છે. **ગ્રહ હમેશાં ગ્રીનીચ ટાઇમ પ્રમાણેજ ગણવા જોઇયે.** સ્પષ્ટ ગ્રહ એક બીજી કુંડળીના ગણેલા છે જે આગળ જતાં માલમ પડશે.

૫. યાદ રાખવું કે ઉપર દરશાવ્યા પ્રમાણે **જન્મનાં સ્પષ્ઠ ગ્રહ ગ્રીનીચ ટાઇમ પ્રમાણેજ ગણવા.** અને બારે ભુવનોની **રાશી તથા તેનાં અંશ જન્મનાં લોકલ ટાઈમ પ્રમાણે ગણવા,** જેમકે:—જન્મ ૧૦-૪૬ રાત્રે મુંબઇમાં થયો છે, જેથી મુંબઇની લોંજીત્યુદ ૭૨°-૫૪′ E ડીગ્રી છે, જેના કલાક ૪-૫૧-૩૬ થયા જેનો ફરક દર કલાકની ૯.૮૬ સેકન્ડ પ્રમાણે ૪૮ સેકન્ડ થયો. (જુઓ કોઇકમાં) તે જન્મનાં ૧૦ ક. ૪૬ **મી.** માંથી બાદ કરવો, કારણકે મુંબઇ ગ્રીનીચની પુર્વેનો મુળક છે, બાદ કરતાં ૧૦-૪૫-૧૨ કલાક થયા, હવે એ આંક જુદો રાખવો, એ જન્મનો સ્પષ્ટ લોકલ ટાઇમ થયો. પછી એફીમરીમાંથી જન્મના દીવસ તા. ૨૧-૩-૧૧ નો સાઈડ્રીયલ ટાઇમ ૨૩°-૫૧-૩૨ લેવો; તથા મુંબઇની લોંજીત્યુદના ગ્રીનીચ ટાઇમ કરતાં વધારાના કલાક ૪-૫૧-૩૬ ને દર કલાકની ૯.૮૬ સેકન્ડ પ્રમાણે ૪૮ સેકન્ડ બાદ કીધા, એટલે ૪-૫૦-૪૮ થયા. હવે એ બેઉ રકમો જો બપોરના બાર વાગ્યાની આગમજનો જન્મ હોય તો સાઇડ્રીયલ ટાઇમમાંથી જન્મ ટાઈમ બાદ કરવો, ને જો રાતનો યાને બપોરનો બાર વાગ્યા પછીનો જન્મ હોય તો ઉમેરવા, જે રકમ આવે તે લગ્નપત્રુના અંશમાં જે આંકમાં સમાય તે આંકમાં જોવી, **ને ભુવનો તેટલા અંશે માંડી દેવાં.**

૬. હવે ભુવનોને અંશ કળા-વીકળામાં ગણવાની જરૂર છે, જે ત્રીરાશીથી મેળવી શકાય છે. અંશ તો લગ્નપત્રમાંથી મળે છે, પણ કળા વીકળા નીચે પ્રમાણે કાઢવાની જરૂર છે. હવે ઉપળી રીત પ્રમાણે મેળવેલા જન્મનાં સાઇડ્રીયલ ટાઈમ ને લગ્નપત્રુનાં જે અંકમાં તે સમાતો હોય તે અંક, તથા જે અંકનો તે પોતામાં સમાવેશ કરતો હોય તે અંક, એ પ્રમાણે બે અંક લેવા, યાને જન્મનો સાઇડ્રીયલ ટાઈમ જે હોય, તેનેથી વધતો આંક અને તેનેથી ઓછો આંક,

એફીમરીના લગ્નપત્રમાંથી લેવા, કારણકે લગ્નપત્રમાં જન્મના સાઈડ્રીયલ ટાઇમની તદન બરાબરનો અંક આવતો નથી. એ પ્રમાણે બે આંક લીધા પછી, એ બે રકમ માંહેલી જે વધુ હોય તેમાંથી ઓછી બાદ કરવી, જે જવાબ આવે તે અળગ રાખવો, ને તેને (A) કરી જાણવો ઉપલા બે આંકમાંથી જે નાની રકમ છે તે જન્મના સાઇડ્રીયલ ટાઈમમાંથી બાદ કરવે, જે જવાબ આવે તે જુદો માંડવો, તેને (B) કરી જાણવો. હવે **દશમાં ભુવનનાં કશની કળાવીકળા જાણવા માટે** (B)ને ૬૦ ગુણવા અને (A)થી ભાગી નાંખવા, જે જવાબ આવે તેટલી મીનીટ જાણવી અને તે, લગ્નપત્રમાંથી મેળવેલો જે સાઇડ્રીયલ ટાઇમ, જન્મના સાઇડ્રીયલ ટાઇમ કરતાં ઓછો હોય, તેની સામેની કોલમમાં. દશમાં ભુવનને લગતા કશના, જે અંશ લખેલા હોય તેમાં ઉમેરવી, જે આવે તે સ્પષ્ટ દશમાં ભુવનના કશપરની રાશીનો અંશ કળા કહેવાય.

હવે જો જન્મલગ્ન યાને એસેનડંતની કળાવીકળા કાઢવી હોય તો, ઉપલા બે અંકમાંથી જે અંક જન્મના સાઇડ્રીયલ ટાઇમ કરતાં લગ્નપત્રમાં ઓછી હોય, તેની સામી કોલમમાં પહેલાં ભુવનની અંશ કળા આપેલી હોય તે અંશ કળા લેવી અને તેને તેની ઉપરની વધારાવાળી લગ્નપત્ર માંહેલી સાઇડ્રીયલ ટાઇમની સામેની કોલમમાં, જે પહેલાં ભુવનને લગતી રાશી અંશ આપેલા હોય તેમાંથી બાદ કરવી, જે જવાબ આવે તેને (B)વાળી રકમથી ગુણવો, અને (A)વાળી રકમથી ભાગવો, જે જવાબ આવે તે, ઓછા સાઇડ્રીયલ ટાઇમવાલી કોલમની સામે, પહેલાં ભુવનના જે અંશ હોય તેમાં ઉમેરવા, એટલે **જન્મ લગ્નનાં** સ્પષ્ટ અંશ કળા થયા એમ જાણવું.

૭. એ પ્રમાણે હમેશાં (૧) કુંડળીનાં બારે ભુવનના કશ અને તેની રાશીનું ગણીત, જન્મ મુળકના **લોકલ ટાઈમ** પ્રમાણેજ કાઢવું. (૨) અને કુંડળીનાં ગ્રહોનું ગણીત **ગ્રીનીચ ટાઇમની** બરાબર લોકલ ટાઇમને ફેરવી નાખીને, ગ્રીનીચ ટાઇમ પ્રમાણેજ કરવું. એ પ્રમાણે સ્પષ્ઠ કુંડળીનું ગણીત ગણવું.

સાધારણ શીખાઉને તદન સ્પષ્ઠ ગ્રહ કુંડળી કાઢવાની કાંઇ જરૂર નથી, કારણકે ઘણો મોટો ફરક સાધારણ કુંડળીમાં પણ આવતો નથી.

સ્પષ્ટ ગ્રહ ગણીત હરેક કાર્યને વખત ચોક્કસ કરવા માટે ઘણુંજ જરૂરનું છે. આ પુસ્તક તદન શીખાઉ શરૂઆતનાં અભ્યાસીને માટે છે, એટલે તેમાં સંપુર્ણ ગણીતશાસ્ત્ર આપવામાં આવ્યું નથી. ગણીતને લગતી બાબદ આ પુસ્તકમાં જગ્યાની કોટાઇને લીધે આપી નથી, પણ બીજે પ્રસંગે તેને લગતું બીજું પુસ્તક તયાર કરી પબલીશ કરીશું. **હાલમાં આ પુસ્તકમાં જે કાંઈ ગણીત કર્યું છે, તથા ગણીતનીજ સમજણો આપી છે, તે ધંધાદારીને માટે નહીં, પણ ફકત શીખાઉ અને જયોતીષ વિધ્યાની શરૂઆતનો અભ્યાસ કરનારાજ શખ્સો માટે છે, જેથી તેમાં વિશેષ બારીક અને સ્પષ્ઠ ગણીત આપી નથી.**

(૪૮) ત્રાંન્ઝીત (Transit).

દરેક માણસની જીંદગીના સારા તથા માઠા બનાવોનો અડસટો ત્રાંન્ઝીત મારફતે ઘણી સારી રીતે જાણી શકાય છે તેમાં ખાસ કરીને મુખ્ય ગ્રહો જેવા કે ગુરૂ, મંગળ, શની, હરશચલ, એઓ, જે જે તારીખે ચોક્કસ ભુવનોમાંથી પસાર થાય છે, તે વખતે તેઓ અસર કરે છે. ત્રાંન્ઝીત એટલે કે ચાલુ એફીમરીમાં નોંધેલા ગ્રહો દરરોજની પોતાની ચાલ મારફતે જન્મકાળની કુંડળીનાં જુદા જુદા ભુવનો ઉપરથી પસાર થાય છે, તે વખતે, તે તે ભુવનને લગતી અસરોને ઓછાં વધતાં પ્રમાણમાં તેજ કે મંદ કરે છે. જેનાં પગીણામે, માનવીનું સુખ યા દુઃખ વર્તી શકાય છે, જે મોટે ભાગે ઘણું ચોક્કસ નીપજવાની વકી રહે છે.

શની જે જે ભુવનોમાંથી પસાર થાય છે, તે તે ભુવનોનાં કાર્યને મંદ કરી નાખે છે, ગુરૂ જે ભુવન ઉપરથી પસાર થાય ને ભુવનને લગતી બાબદની વર્ધી કરે છે, મંગળ ઉતાવળે ઉશ્કેરણી કરે છે, અને હરશચલ અચોક્કસ એકાએકી લાભ કે ગેરલાભ આપે છે. હવે ત્રાંન્ઝીતનો ઉપયોગ અને ફળ જો ડાઇરેકશન અને પ્રોગ્રેસ હોરસકોપની સાથે સાથે જોયો હોય તો તુલોતવીલ તદન સાચ્ચું ફળ દેખાડે છે, પણ ડાયરેકશન અને પ્રોગ્રેસ વગર પણ ફળ જોઇ શકાય છે પણ તે સાધારણ જાણવું, અને ડાયરેકશનના ફળ કરતાં તેનું ફળ ઓછું

જાણવું. જો પ્રયરેકશન સારું હોય અને ત્રાંન્ઝીતમાં ફળ નઠેષ્ટ હોય, તો તેની અસર નહીં સારી કે નહીં નરસી એમ જાણવું, કારણકે, તેઓ એક બીજાની અસરને મારનારાં છે, પણ જો બેઉની અસર સારી કે માંઠી એકસરખી અથવા તો લગોલગ હોય તો તેની અસર સંપુર્ણ કરે છે, જુદા જુદા ભુવનોમાંથી ચારે ગ્રહો પસાર થાય છે, તેની ત્રાંન્ઝીતનાં ફળ નીચે લખ્યાં છે, જે ઉપરથી એક સાધારણ ટપકો હાથમાં લેતા સાથે, પંચાંગના ચાલુ ગ્રહો, જન્મની કુંડળીનાં ગ્રહો-પર અને ભુવનોમાં કેવી અસરની ત્રાંન્ઝીત કરે છે, જે જોઇને મોંઢે-થીજ તુરત ભવીષ્ય કહી શકાય છે, તેમજ ભવીષ્યનાં આવતાં વર્ષોમાં કેવી કેવી ત્રાંન્ઝીતો, જન્મ કુંડળીના કેવાં કેવાં ભુવનોપરથી પસાર થશે, તેની મોંઢે ગણત્રી કરીને ફળ દર્શાવવામાં આવે છે, શની અઢી વર્ષે એક રાશી યાને ત્રીસ વર્ષે આખું "જોડીક" યાને બાર રાશી ફરે છે, ગુરૂ વર્ષે એક રાશી અને બાર વર્ષે "જોડીક" પુરૂં કરે છે, મંગળ ૪૫ દીવસે એક રાશી અથવા તો લગભગ બે વર્ષે આખું "જોડીક" પુરૂં કરે છે, અને હરશયલ ગ્રહ સાત વર્ષે એક રાશી અને ૮૪ વર્ષે આખું જોડીક ફરે છે, એ હીસાબે કલેમેટીક વર્ષોની ત્રાંન્ઝીત, ભવીષ્યનાં બનાવો સારી રીતે દરશાવી શકે છે.

(૪૯) શનીની ત્રાંન્ઝીત.

૧. શની જો જન્મ કુંડળીનાં પહેલાં ભુવન ઉપરથી પસાર થતો હોય તો, મંદ ગતિ ઉત્તપન્ન કરે છે, અને તે માનવીનાં મનને દલગીર અને દબાયલા જેવું નિરાશ બનાવે છે, જો તે માનવી ઉલટમંદ ખવા-સનો હોય તો, તેની ઉંપર જોખમદારીઓનું સંકટ આવી પડે છે, અને સંતોષી અથવા સાવચેત માણસની કુંડળીમાં તે માણસ, જરા એક-માર્ગી અને ચોકાસીવાળો બને છે.

૨. શની બીજાં ભુવન ઉપરથી પસાર થતાં, આવકમાં ઘટાડો, પૈસા સંબંધી તંગી અને ફીકર ચીંતા કરાવે છે, અને જો જન્મકાળે પણ તેવીજ અસર તે ભુવનની હોય તો જોર પ્રબળ હોય છે. પણ જો પૈસાના સારા જોગ દેખાડનારની કુંડળીનાં બીજા ભુવનપરથી શની જો પસાર થાય તો, તે માણસ જરા કંજુસ થાય અને કરકસર કરે

તથા આપવા લેવામાં ઘણો હાથ ખાંચે અને જરૂર અને દયા તથા ઇનસાફ જેમાં સમાયલો હોય તેમાંજ પૈસા ખરચવાની જરારતી લાગણી દેખાડે.

૩. **શની ત્રીજા** ભુવનમાંથી પસાર થાય તો મુસાફરીમાં વધન પડે, સગાંવહાળાંથી નાઉમેદી ને નાસીપાસ થવું પડે, જન્મકાળે સારી અસરવાળી કુંડળીવાળો માણસ આ ત્રાંન્ઝીતથી જરા ગંભીર અને સાવચેત બને છે, તથા ઘણી ઊંડાણ વિચારશકિત તથા અભ્યાસમાં રોકાય છે, અથવા તો માનસીક અને આત્તમીક વિધ્યાની શોધખોળ અને અભ્યાસ કરે.

૪. **શની ચોથાં** ભુવનમાં, ઘર સંસારી તકરાર, દલગીરી, શોક, અને ઘણા ધખારા અને ગેરલાભ આપનારા બનાવો ઉત્તપન્ન કરે, અથવા તો એકાંતવાસમાં જાય, અથવા તો તેથી ઉલટુંજ ઘરસંસારી જંજાળ વધે, ઘેરનો બંદોબસ્ત કરવા પાછળ દીલ લાગે, તથા પાછળા દીવસો માટે સગવડ કરવાની જોગવાઈ અથવા તો વીલ વસીયત કરી પોતાની આખેરી પછી પોતાની મીલકતની વ્યવસ્થા સંબંધી સર્વે કાર્ય કરે.

૫. **શની** જો **પાંચમાં** ભુવનમાંથી પસાર થાય તો નાસીપાસી આપે, સરત, જુગાર, સટ્ટા વીગેરેમાં હાર આપે, બચ્ચાંની ખુવારી કરે, પૈસા ટકાના લાભને ઓછો કરે, રોકેલાં નાણાંની સ્થીતી આડકતરી રીતે ગેરલાભમાં નાખે, પણ જો જન્મકાળે સારા ગ્રહો એ ભુવને બચાવતા હોય તો, તે માણસ ચોખ્ખી નીટાવાળો, ભલો, અક્કલવાળો અને મહોબતવંતો થાય, તથા સાવચેતીથી નાણાં રોકી નફો મેળવે, તથા શેર સટ્ટા કરવાને લગતી બાબદોમાં સાવચેત રહે, અને બચ્ચાંઓ માટે સારો બંદોબસ્ત કરે.

૬. **શની** જો **છઠાં** ભુવન ઉપરથી ત્રાંન્ઝીત કરે તો, તબીયતને બીગાડે, સરદી કરે, જીવન શકિત ઓછી કરે, દેહને નબળી પાડે, નોકર ચાકરો સાથે કજીયો કરાવે, જેઓનો શની જન્મકાળે નબળો હોય તેઓએ પોતાનો ખોરાક ખાવામાં ઘણીજ સંભાળ રાખવી, તથા રૂતુના ફેરફાર વખતે શરીરની ઘણી સંભાળ રાખવી, તથા નોકર

ચાકરો સાથે અક્કળમંદીથી અને સમજુતીથી કામ લેવું, તેમજ સગાં સ્નેહીમાં કાકા-કાકી, મામા-મામી અથવા બધાં સગાંઓથી સંભાળીને અને વિચાર પુગાડીને ચાલવું, કારણકે શનીને લીધે અણગમો, દલગીરી વીગેરે પુગવાનો સંભવ છે.

૭. **શની સાતમાં** ભુવનેથી પસાર થતાં, સંસારમાં દલગીરી, ઘણી ગેરસમજુતી, છુટાછેડા અથવા દલગીરી ઉત્તપન્ન થાય છે, પણ જેઓને એ ત્રાંન્ઝીત જો અસર નહીં કરે તેવાં ડાઇરેકશન જો સાતમાં ભુવનમાં થતા હોય તો, તે માનવી પોતાની સ્ત્રી અને સંસાર સુખને વધારે તથા તેમાં ઘણું સુખ મેળવે, પ્યાર વધે, તથા લખત અને કબાળાઓ પ્રમાણે પ્રમાણીક રીતે ચાલે, તેમજ સાચ્ચી મીત્રતા અને સાચ્ચો સંબંધ વધારે.

૮. **શની આંઠમાં** ભુવનેથી પસાર થતો હોય તો, ભાગીદારોથી, વારસા હીસ્સાથી ખટપટ જાગે, સારી દૃષ્ટિમાં હોય તો ગુપ્ત વિધ્યા શીખે, તથા મરણ પછીની હાલતનો ખ્યાલ ઉત્તપન્ન થાય, અંતકરણની લાગણીઓમાં ફરક પડે.

૯. **શની નવમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો કોર્ટ દરબારની મુશકેલી આવી પડે, સગાં સ્નેહી ઓળખાણ પીછાણ ભાઇબંધ વીગેરે સાથે ટંટો થાય, મુસાફરીમાં વધન પડે, જો જન્મકાળે સારો સંબંધ કરતો હોય તો તે માનવી મોટો ધર્મગુરૂ થાય, તથા ગંભીર અને ગુપ્ત વિધ્યા શીખે તથા એકાગ્રહતાના પ્રયોગો કરે, ઊંડાણ વિચાર શકિત થાય, અને ઘણો ગંભીર ઘોર કરનારો થાય.

૧૦. **શની દશમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો વેપારમાં ખોટ, દરેક કામમાં હાર, નિંદા, ફજેતી, મોટા માણસોથી, ધણીથી, વિશ્વાસઘાતનો આરોપ પડે, આબરૂ જાય, જો સારી દૃષ્ટિમાં આવે તો, ગંભીર અને વીચારવંત થાય, અક્કળ વધે, સાવચેત બોલવું થાય, મોટી જોખમદારીનાં કામો કરે, અને નિતીવાન થાય, અને નિતીની કસોટી પર કસાવું પડે.

૧૧. **શની અગ્યારમાં** ભુવનમાં ત્રાંન્ઝીત કરે તો, મીત્રો દુશ્મન થાય, દરેક ઇચ્છામાં નિષ્ફળતા મળે, ઘણીક વખતે બુઝર્ગ માણસોની

સંઘમાં બેસવાને લાયક થાય, બુઝર્ગોનો મરતબો જાળવે, વિધ્યા હુન્નર તરફ ધ્યાન દોડાવે, મીત્રોનું તોલ કરનારો થાય, મીત્રતા જોડવામાં ઘણો સાવચેત રહે.

૧૨. શની બારમાં ભુવનમાં ત્રાંન્ઝીત કરે, તો ઘણી દલગીરી ઉત્તપન્ન થાય, છુપા દુશ્મનો ઘણા થાય, જેલખાનું વખતે ભોગવવું પડે, ગુપ્ત વિધ્યાનાં શોખીનોને એ ત્રાંન્ઝીત સારી છે, કારણકે છુપી અને ભેદી વિધ્યાઓ શીખે તથા શોધખોળ કરે, ગઇ ગુજરી બાબદો ઉપર ગંભીરતાથી વીચાર પુગાડે, અને ગુપ્ત વિધ્યામાં આગળ વધે.

એ પ્રમાણે બારે ભુવનોપરથી યાને જન્મકાળની રાશીઓ ઉપરથી જે જે ભુવનપરથી શની પસાર થાય તે તે ભુવનમાં તે અઢી વર્ષ જેટલી મુદત કાઢે છે, અને તે વખતે જન્મના ગ્રહોની સાથે તથા ખાસ કરીને ચંદ્રની સાથે જે જે એસપેકટસો કરે, તે તે એસપેકટસો પ્રમાણેનું, દરેક ભુવનને લગતું ફળ આપે છે. જે માનવી બેદરકાર છે તેને એ ત્રાંન્ઝીતની સારી કે નરસી કોઇપણ અસરની દરકાર નથી, પણ જે માણસ ઠરેલ અને ડાવકો છે, તે માણસ શનીની ત્રાંન્ઝીતનો સમો સમજીને સારી તેમજ નરસી બાબદો ઉપર ખુબ ધ્યાન પુગાડી ફાયદો મેળવે છે, કારણકે શની આડકતરી રીતે કેટલીક વખતે ઘણી ફાયદાકારક ટક આપે છે, જે વખતે તે જે ભુવનમાં ત્રાંન્ઝીત કરતો હોય તે ભુવનને લગતી ભલી ચીજોનો અરક મેળવી શકે છે.

જ્યારે શની સુર્ય અથવા ચંદ્ર જન્મકાળે જે રાશીમાં હોય તે રાશીવાળાં ભુવનમાંથી ત્રાંન્ઝીત કરે છે, અથવા તો જન્મના રવી કે ચંદ્રની સાથે પાપદૃષ્ટિમાં આવે છે, તો મામલો ઘણો ગંભીર કરે છે, જેમકે જો ૯૦° અંશની સ્કવેર એસપેકટમાં આવે, અથવા ૧૮૦° અંશથી ઓપોઝીશનમાં અથવા તો કંજંગશનમાં રવી કે ચંદ્ર સાથે આવે તો તે વખતે જીવનશકિતને ઓછી કરે છે, તબીયતનો ગંભીર બીગાડો કરે છે, વેપારમાં નુકસાન કરે છે, અને ખાસ કરીને શની જે ભુવનમાંથી પસાર થતો હોય તે તથા ચંદ્ર કે રવી જે ભુવનમાં હોય તે ભુવનને લગતી બાબદોમાં નુકસાન આપે છે. શનીની ત્રાંન્ઝીત જ્યારે રવી કે ચંદ્રની એસપેકટમાં થાય છે, ત્યારેજ મોટો ફેરફાર થાય છે, બાકી ખાલી ભુવનોમાંથી પસાર થતાં તે કાંઇ ઝાઝી અસર કરતો

નથી. મુખ્ય તો જ્યારે ૧, ૪, ૭, ૧૦ એ ભુવનોમાંથી જ્યારે શની પસાર થાય ત્યારે ઘણીજ જોખમદારી વધે છે. પહેલું ભુવન જે તનું ભુવન છે, જેથી શરીરમાં તમામ સરદી પેવસ થાય છે, અને જો તેવે વખતે ડાઇરેકશન પણ જો પાપદૃષ્ટિનું હોય તો જીવલેણ થઈ પડે છે. જો ચોથે કે દશમે ભુવને એમ થાય તો ધંધા વેપારનું નખ્ખોદ વાળી નાખે, આંટ તુટે અને બેઇજ્જતી થાય, જ્યારે સાતમાં ભુવનેથી પસાર થાય ત્યારે, જાહેર દુશ્મનોથી ઘણું હેરાન થવું પડે, અને ઘણી આપ્તો આવી પડે. ચોથાં ભુવનની ત્રાંન્ઝીતમાં જુવાનીના વખત કરતાં ઘડપણના વખતમાં ઘણી અસર કરે છે, અને તે છતાં, જ્યારેબી એ ભુવનમાં શની ત્રાંન્ઝીત કરે ત્યારે ઘરબારથી વીખુટો કરે, અને એજ બાબદનો સંતાપ આપે. શનીનું કામ દરેક ચીજનો જથ્થો કરવાનું અને તેને નકર તથા કઠણ બનાવવાનું છે, યાને જીંદગીના બનાવોને તથા જીંદગીની જુગતીઓનો અરક એકઠો કરવાનું છે. તથા દરેક ચીજનો પાકો અનુભવ આપવાનું છે, જેથી એ ત્રાંન્ઝીતના વખતમાં કેટલીક વખતે છેલ્લે ઘણી સખત અને ધરખમ રીત રૂઢી અને વીચાર આપે છે, જે લાંબો કાળ સુધી વીસરાતાં નથી.

(૫૦) ગુરૂનું ત્રાંન્ઝીત.

ગુરૂનું દરેક ભુવનોમાંથી પસાર થવું એ એક વધતા કે ઓછા આશીરવાદ સમાન છે, કારણકે ગુરૂ શુભ ગ્રહ હોવાથી કંઇને કંઈ સારોજ લાભ આપે છે. જન્મકાળે ગુરૂ જેવી એસપેકટમાં કમજોર કે બળવાન હોય તે પ્રમાણે ત્રાંન્ઝીતમાં વધુ કે ઓછું ફળ આપે, તથા ત્રાંન્ઝીત વખતે ગુરૂ જે ભુવનમાંથી પસાર થતો હોય તે ભુવનને લગતી બાબદોને ઉશ્કેરી તેનું સારૂં ફળ આપે છે.

૧. **ગુરૂ પહેલાં** ભુવન ઉપરથી પસાર થાય તો તંદરૂસ્તી વધારે, તાકાત આપે, ખુશાળ રાખે, મોજીલો બનાવે, અને દરેક બાબદમાં આગળ વધારે, તથા પોતાના જાતી ગુણને સંપુર્ણ રીતે અજમાવવાની ટક આપે.

૨. **ગુરૂ બીજાં** ભુવનમાં ત્રાંન્ઝીત કરે, તો જરૂર પૈસા મળે અથવા તો પૈસા કમાવાની ટક આપે, તથા દરેક રીતે આવકમાં

વધારો કરે, પણ તેનું પ્રમાણ ગુરૂ જન્મકાળે જેવી દૃષ્ટિમાં હોય તે ઉપર આધાર રાખે છે.

૩. **ગુરૂ ત્રીજા** ભુવનમાં ત્રાંન્ઝીત કરે, તો મનના વીચારોને સુધારે, મુસાફરીથી લાભ આપે, સગાં સ્નેહીઓ તથા ઓળખાણ પીછાણવાળાંમાં ધાડો મેળાપ અને મીત્રાચારી વધારે, તથા માનસીક અને સર્વે મનને લગતી વિધ્યા અથવા લખાણપત્ર, મુસાફરી વીગેરેમાં ફત્તેહ આપે.

૪. **ગુરૂ ચોથાં** ભુવનેથી પસાર થાય તો ઘરસંસારી ઘણું સુખ આપે, તથા જે કામ ઘણો વખત થયો પાર પડતું નહીં હોય તે પાર પાડવાનો ચાન્સ મળે છે.

૫. **ગુરૂ પાંચમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો, શેર સટ્ટામાં ફાયદો કરે, તથા કામ ધંધામાં ફાયદો કરી આપે, પ્યાર મહોબતમાં જશ આપે, લગ્ન થાય, માયા મહેરબાની વધે અને સુખ આપે.

૬. **ગુરૂ** જો **છઠાં** ભુવનમાં ત્રાંન્ઝીત કરે તો તબીયત સારી રાખે, દુઃખનો નાશ કરે, નોકરોથી અને મહેનત મજુરીથી ફાયદો થાય. એજંટો, નોકરો અને હલકાં માણસોથી ફાયદો મળે, દરેક ક્રીયાકર્મ કરવામાં ફાયદો હાંસલ કરે, દુરના સગાં સંબંધી, કાકા-મામા વીગેરે સર્વે સાથે સારૂં હોય.

૭. **ગુરૂ** જો **સાતમાં** ભુવનેથી પસાર થતો હોય તો શેહાદી થાય, દરેક રીતનું જોડાણ, ભાગીદારી વીગેરે સર્વેમાં ઘણો ફાયદો થાય, આ વખતે ગુરૂ મારફતે હરેક જાતનું જોડાણ થાય છે, મીત્રાચારી, ભાગીદારી, લગ્નનાં જોડાણ, વીગેરે સર્વે ઘણા સારાં સમજવાં, કજ્યો અને સરકાર દરબારમાં પણ ફત્તેહ આપે, પણ તેને લગતી બાબદ બીનસ્વાર્થી અને સાચ્ચી હોવી જોઇયે, જે માણસો ઇનસાફી હોય અને ઇનસાફને ચાહનારા હોય, તેવા આસામીઓથી ઘણો ફાયદો મળે.

૮. **ગુરૂ આંઠમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો વારસો હીસ્સો મળે, અથવા તો ભાગીદાર તરફથી પૈસા મળે, લગ્નથી રીતભાત સારી થાય, તેમજ દરેક ગુપ્ત વિધ્યા અને આસ્માની વિધ્યા શીખવાને માટે સારો છે, ખુવાબ અને તેની તાસીર તથા બીજા બાતેનના ભેદો સારી રીતે

સમજી શકે. મરતાં માણુસને શાંતિ અને સુખમાં મરે, તેમજ હલકી મનશકિતનાં માનવીઓને ધર્મ સંબંધી કાંઇક જાણુવાજોગ ખેંચાણુ થાય.

૯. **ગુરૂ નવમાં** ભુવનેથી પસાર થાય તો, મનશકિતને વધારે છે, તથા સારા વિચારો, ધર્મ તરફ દીલસોજી તથા ફીલસુફી શીખે, દરેક પરદેશી બાબદ અને પરદેશને લગતા સવાળો માટે ઘણો સારો છે, તેમજ બાહેર પરદેશ તરફથી ફાયદો મળે, અને જો ડાયરેકશન નવમાં ભુવનમાં સારાં હોય તો, લાંબી મુસાફરી અથવા તો દરયાની સફર કરાવે.

૧૦. **ગુરૂ જો દશમાં** ભુવનેથી પસાર થાય તો આબરૂ ઇજત મળે અને મોભો વધે, અને જો જન્મકાળે શુભ ડાઇરેકશન થતું હોય તો, ઘણો માનમરતબો વધે ને જાહેરમાં આવે, અને ભવીષ્ય સારૂં કરે, અને ફાયદો આપે.

૧૧. **ગુરૂ** જો **અગ્યારમાં** ભુવનમાં ત્રાંન્ઝીત કરે તો, મીત્રો સાથે સારૂં જોડાણુ થાય, મીત્રો તરફથી લાભ થાય, અને કાંઇક અંતરજ્ઞાનનો અનુભવ થાય, મન શાંત રહે અને દરેક રીતે ખુશાલી ઉપજે.

૧૨. **ગુરૂ બારમાં** ભુવનેથી પસાર થાય તો, છુપા દુશ્મનો મારફતે નધારેલી ફત્તેહ તમુને મળે, તમારૂં બુરૂં કરનારા તરફથીજ તમારૂં ભલું થઇ આવે, અને દરેક આફતોનાં અંતમાં ઘણો લાભ થઇ આવે. ગુપ્ત વિધ્યા અને આસમાની ભેદો જાણુવા માટે ઘણુંજ સારૂં પોઝીશન છે, કાંઇ વિચીત્ર અનુભવ અને જ્ઞાન સંપાદન કરે.

ગુરૂની ત્રાંન્ઝીતથી એક કમનસીબ કુંડળીને પણુ ફાયદો થાય છે, અને તેટલો વખત તે માનવીની કમનસીબીને દુર રાખી તેને શાંતિ બક્ષે છે, માટે હરેક માણુસે ગુરૂની ત્રાંન્ઝીત દર વર્ષે તપાસી તેને લગતા સારા ગુણો ગ્રહણુ કરવાથી ઘણા ફાયદા થાય છે. ગુરૂ કાંઈ ઉપર ટપકેની અસર કરતો નથી, પણુ માનવીનાં ભીતર અને અંત-કરણુમાં અસર કરે છે, જેથી ખરાં જીગર અને ખરી આસ્થા મારફતે જો ગુરૂની ત્રાંન્ઝીત તપાસીને તેના વાઇબ્રેશન ગ્રહણુ કરવામાં આવે તો બેસુમાર ફાયદો થાય છે. અસળનાં માજીઓ તથા ઇરાનની અને

ઇજીપ્ત, [illegible] ગ્રીસની, હજારો વર્ષની આગમજ, થઇ ગએલી પ્રજાઓ, ગુરૂનાં વાઇબ્રેશનનો ઉપયોગ કરી, હરેક ફાયદા મેળવતા હતા, જેને લગતી રીત રૂઢીઓ ઘણીજ સહેલ અને કોઇપણ ધર્મનાં બાધ વગરની છે, તથા જે માનવી તેના ફાયદાનો અભ્યાસ કરી, વપડાસમાં લે છે, તે હરેક રીતે ફતેહમંદ નીવડે છે, એવું સાયન્સ, વિધ્યા, અને પ્રયોજક બાબદોથી અનુભવી જોયું છે. આસ્થા (faith) સર્વેથી મુખ્ય ભાગ ભજવે છે, તથા હાલનાં જમાનાની સાચ્ચી સાહદત પુરી પાડે છે. મારકોની ગ્રામમાં દુન્યાવી પદાર્થોની વીજળી કામ કરે છે, જ્યારે એ બાબદમાં માનસીક આત્તમીક અને કાયીક વીજળીઓ મારફતે વાઇબ્રેશનોનું જોડાણ કરવામાં આવે છે, જેની હજારો વર્ષપર વપડાતી અસળ રૂઢી ઘણીજ સહેલ છે.

ગુરૂ અંતઃકરણપર અસર કરી તે મારફતે ફતેહ અને સુખ આપે છે, અને બાહેરથી તે કદીબી કોઈ ચીજનો લાભ આપતો નથી, એના વાઇબ્રેશનની અશર આસ્થા ઉશકેરે છે, જેથી આશાનાં કીરણ પ્રગટે છે, તે આશા ઉપર હામ ભીડી મહેનત કરવાથી તેના ફળઅંતમાં રૂડા અને ફળરુપ નીવડે છે. કહેવત છે કે "દાતા જીસ્કો દેત હય વાંહકો ભર ભર દેત" (To him who hath shall be given) યાને નસીબ, નસીબને વધારે છે, એટલે કે જે કોઇ સમો તપાસ્યા કરે અને શુભ સમો હાથ આવવે રૂડા કામ કરે, તે અખુટ ફાયદો મેળવી શકે તેમ છે.

ગુરૂ જ્યારેબી ચંદ્ર કે રવી જન્મકાળે જે રાશીમાં હોય તે રાશીમાંથી પસાર થાય ત્યારે ઘણુંજ સુખ આપે, અને તે વખતે જે જે શુભ તકો મળે છે, તેવી કોઈપણ બીજે વખતે મળવી મુશકેલ છે. ગુરૂનું ફળ હમેશાં ઘણા પ્રમાણમાં મળે છે, તથા ભરપુર રીતે મળે છે.

(૫૧) મંગલનું ત્રાંન્ઝીત.

મંગળનો ગ્રહ જ્યારે ત્રાંન્ઝીતમાં જે કોઈ ભુવનેથી પસાર થાય, ત્યારે તે ભુવનને લગતું ફળ, ઉતાવળ્યું, જલદી, અધકચરૂં, અને કવચીતજ સંપુર્ણું આપે છે, કારણકે મંગળનો ગ્રહ ઉતાવળ્યો, આકરો, ગરમ અને ઉછાછળો છે, તથા કંઈપણ બાબદમાં હદની અંદર રહેતો

નથી, કારણકે એ જુસ્સાને ઘણો ઉશ્કેરનારો છે, તથા ગુરૂની માફક કોઇપણ રીતે ઠંડો કે સંપુર્ણ સુખ આપનારો નથી. એના એવા આકળા અને ઉતાવળ્યા ગુણને લીધે ઘણીક વખત નહીં ધારેલા, નહીં મનમાં ચીતામાં તેવાં કાર્ય કરવાનો એકદમ જુસ્સો ઊત્તપન્ન કરે છે, અને એક તોપનાં ગોળાની માફક એની અસર ધડાકા ભડાકા અને દોડધામ સાથે થાય છે. કેટલીક વખતે ઘણાજ ઠંડા સ્વભાવનાં માણસોને જ્યારે એવી અસર થાય છે ત્યારે તેઓ ઉલટમંદ થઇને કામ કરે છે, જે વીચારો મનવંતરમાં દાબી રાખીને ગોખ્યા કીધા હોય તો તે વિચારોને ફળદુપ કરવાને જાહેરાત આપી દે છે, સાધારણ કુંડળીનાં માણસોને બાજે વખત એ ગ્રહની ત્રાંન્ઝીત ઉતાવળ્યો, ઉછાછળો અને ખુબ ઊમંગી બનાવી વગર વિચારે ઉતાવળ્યાં કામ કરવાને ઉશ્કેરે છે, પણ ઠરેલ અને ઠંડા સ્વભાવવાળો માનવી એ જુસ્સાઓને દાબી દઇ ઘણીક વખતે એવું ઠરેલ પગળું ભરે છે કે જેથી ફકત એની અસર કામ કરવાની ઉલટ સીવાય બીજાં કશાંમાં સમાતી નથી. મંગળનો ગ્રહ જ્યારે બીજાં ભુવનોમાંથી પસાર થાય ત્યારે તેની અસર કંઇ ઝાઝી થતી નથી પણ જ્યારે એ ગ્રહ ચંદ્ર કે રવી ઉંપરથી પસાર થાય છે, ત્યારે ઘણી અસર કરે છે.

૧. **મંગળ પહેલાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો ઉછાછળો અને આકરો સ્વભાવ કરે, કામ કરવાને ઉલટમંદ બનાવે અને ઇચ્છા પુર્ણ કરવાની ખંત આપે.

૨. **મંગળ બીજાં** ભુવનમાંથી પસાર થાય તો, ઉડાઉ ખર્ચ કરે અને પૈસો ગુમાવે છે. વળી ખણખોદ અને ચુનોચરા કરવાની ટેવ પાડે છે તેમજ ખાલી ડોળ અને એરકાઈ તથા મોહટાઇનો ધખારો આપે છે.

૩. **મંગળ** જો **ત્રીજાં** ભુવનેથી ત્રાંન્ઝીત કરે તો મુસાફરીમાં એકસીદંત કરે, તથા મનપરનો કાબુ ખસી જાય, ઉતાવળું અને વીચાર વગરનું કામ કરાવે.

૪. **મંગળ** જો **ચોથાં** ભુવનમાંથી પસાર થાય તો ઘર ખાલી કરવું નહીં તથા કંઇપણ બાબદમાં ફેરફાર બનતાં સુધી કરવા નહીં.

૫. **મંગળ પાંચમાં** ભુવને જો ત્રાંન્ઝીત કરે તો નધાર્યો ઘણો લખલુટ અને ઉડાઊ ખર્ચ કરાવી સારે માર્ગે પૈસા ખરચાય નહીં, છંડી બનાવે, અને વગર કારણે જરા જરામાં ભેજું ફેરવી ગુસ્સો ઉત્તપન્ન કરી તકરારીઓ ખવાસ બનાવે.

૬. **મંગળ જો છઠ્ઠાં** ભુવનમાંથી પસાર થાય તો, તબીયતને થાકવી નાંખી સીક પાડે, તથા થાકથી ઉત્તપન્ન થતાં દરદો થાય, અને નોકર ચાકરોથી હેરાન થવું પડે.

૭. **મંગળ સાતમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો, લગ્ન થવામાં અડચણ કરે, જોડાણ અને સમજુતી નહીં થાય, કેસ કજ્યો, સરકાર દરબારની ખટપટ વીગેરે ઉભું થાય, તેમજ ભાગીદારીનો વાંધો પડે, ભાગીદારો સાથે ખટપટ થાય, જાહેર દુશમનો ઉભા થાય, અને ખટપટ, ફીટનો ફેસાદ અને દુશમની ઉભી કરે.

૮. **મંગળ** જો **આંઠમાં** ભુવનમાંથી પસાર થાય તો કંઇ ઝાઝી અસર કરતો નથી, પણ જો કોઈ પાપદૃષ્ઠિ અથવા પાપગ્રહ ત્યાં હોય તો વખતે એકસીદંત કરે, અને વખતે વારસા હીસ્સામાં વાંધો ને અટકાવ નાંખે.

૯. **મંગળ નવમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો, ભરભર બોલીઓ, બોલીને હાડમાડ થનારો સ્વભાવ આપે, અને કડવા સખુનો ઓચરાવે.

૧૦. **મંગળ** જો **દશમાં** ભુવનમાંથી પસાર થાય તો લોક નીંદાનો ભોગ થાય, પોતાનો વાંક હોય કે નહીં હોય તોપણ બદનામ થાય, આંટ ઘટે, નુકસાનીમાં પડે, અને આબરૂ ગુમાવે.

૧૧. **મંગળ અગ્યારમાં** ભુવનેથી જો પસાર થાય તો મીત્રો સાથે દુશમનાઇ અને ખટપટ વધારે, અને દગાબાજ મીત્રોથી દુઃખ ખમવું પડે.

૧૨. **મંગળ** જો **બારમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો, જુઠ્ઠાં તોહમતમાં આવી પડે, નીર્દોષ છતાં ગુનાહમાં સપડાય તથા દુશમનો અને કાવાદાવા કરનારાઓનાં હાથમાં ફસી પડે.

મંગળનો ગ્રહ જ્યારે ચંદ્ર કે રવી અથવા તો એક, ચાર, સાત, દશ એ ભુવનોમાંથી પસાર થાય ત્યારેજ કાંઇક સંગીન અસર કરે છે,

બાકી બીજાં ભુવનોમાં દમ વીનાની અસર કરે છે. જ્યારે રવી કે ચંદ્ર અથવા ૧, ૪, ૭, ૧૦માં ભુવનેથી પસાર થાય ત્યારે ઘણું કરીને એકસીદંત કરે છે, તથા ઉતાવળ્યો ને આકરો વગર સમજનો વિચાર ઉત્તપન્ન કરે છે, તથા વારંવાર તાવની અસર કરે છે, તથા સ્વભાવ ઘડી ઘડી ઉશ્કેરાઇ જાય તેવો બનાવે છે, જો જન્મકાળે કંઇ તબીયત બગાડવાનું ડાયરેકશન થતું હોય તો તેવે વખતે તે ડાયરેકશનવાળાં ભુવનમાંથી અથવા તો ડાયરેકશન કરતા ગ્રહ ઊપરથી જો મંગળ ત્રાંન્ઝીત કરે તો ગરમીને લગતાં દરદો, જેવાં કે સોજો, અને નાદરૂસ્ત તબીયત તથા અસાધારણ શરીરીક ફેરફાર કરે. ખાસ કરીને જ્યારે ચંદ્ર ઉપરથી મંગળ પસાર થાય છે ત્યારે જરૂર એકસીદંતની ધાસ્તી રહે છે, જોકે ઘણીક વખતે એકસીદંત કરે છે, તેમાં શરીરને નુકસાન વટીક થાય છે, પણ ઘણું કરીને મરણતોલ એકસીદંત મંગળ કરતો નથી. જો માનવી મંગળની ત્રાંન્ઝીત તપાસ્યા કરે અને પોતાનાં જુસ્સાઓપર કાબુ રાખી કામ કરે તો મંગળની અસર દાબવા ઉપ-રાંત, ઘણો લાભ મેળવી, વગર કારણની અને નજીવાં બહાંને થતી ખટપટો અને નાસીપાસીઓને દુર કરી શકે.

(૫૨) હરશચલની ત્રાંન્ઝીત.

સાધારણ ગ્રહો કરતાં આ ગ્રહની ખાસીયત તદનજ વિચીત્ર છે, અને ઘણાજ આગળ વધેલા વિચાર ધરાવનારાઓ ઉપર તેની મુખ્ય અસર છે. ૮૪ વર્ષે એક આખું સરકલ ફરે છે, યાને સાત વર્ષે એક રાશી ચાલે છે, જેથી ઘણોજ ધીમો છે, અને તેથી દરેક ચીજની જાગૃતી કરનારો એ ગ્રહ છે, અને એની અસર ધરખમ, સાવચેત અને મજબુત હોય છે. સીધ્ધી અને જાહેર રીતે એ ગ્રહ માનવીની મનશકિત ઉપર અસર કરે છે, પણ આડકતરી રીતે એની અસર ખાસીયતો અને જુસ્સાઓપર પણ થાય છે, પણ શરીર સંબંધમાં તો એની અસર નજીવી જેવી છે. એ ગ્રહની એવી ખાસીયત છે કે બાજે વખત હરેક બાબદને ગાળી કાઢી તેને સ્વચ્છ બનાવે છે, બાજે વખત તેને તદન તોડી નાખી ટુકડે ટુકડા કરી નાંખે છે, કોઇ વખતે એકા-એક વધારો કરે છે, તો કોઇ વખતે ફનાફાત્યો કરી નાખે છે, એની

અસરનું પ્રમાણ રહેતું નથી. વળી શનીનાં ગ્રહથી જે કાંઈ બન્યું હોય તેને એ ગ્રહની અસર સદંતર તોડી નાખે છે. જુની અને અસલી બાબદોને ઘડીકમાં જાહેરમાં લાવે છે, અને ઘડીકમાં સદંતર તેનો નાશ કરી, નવીજ રીતનો સુધારો દાખલ કરે છે. ખાસ કરીને સુધારો વધારો કરવાની ઉપર તેની અસર ઘણી છે. શરીરમાં તે ફકત જ્ઞાન-તંતુઓને અસર કરે છે, ને જો શરીર બાબદમાં એની અસર થાય છે તો વિચીત્ર નહીં સમજ પડે તેવું દરદ આપે છે. એ ગ્રહ ઘણોજ ખુલ્લો અને ભરભર બોલો છે, યાને જે કોઇ માણસને એ ગ્રહની અસર થાય છે, તે જો અદેખો, કે એકલપેટો બને છે તો, તેમ થવા દેતો નથી. દરેક ચીજનો વાજબી વધારો કરનારો અને માનસીક વિધ્યા અને છુપા ભેદો તથા ઊંચી કળાની વિધ્યાઓ શીખવનારો છે. હરશચલ ગ્રહની ખાસીયત ફકત મેગ્નેટીક શકિતવાળાંઓજ પોતામાં સહેલાઇથી ખેંચી લે છે. કાયીક ચૈતન્ય જેઓમાં વધારે હોય. તેઓનેજ એ ગ્રહ વધુ અસર કરે છે, અને બીજાં સાધારણ સંસારી અને મતલબ્યા માનવીઓ કે જેઓની કાયીક શકિત હજારો દુન્યાવી લાલચોથી ભરપુર હોય છે, તેઓમાં એ ગ્રહની અસર ઘણી અચુક અને ભીંનભીંન છે, માટે એની ત્રાંન્ઝીત ઉપર ઘણો ખ્યાલ આપવાની જરૂર છે.

૧. **હરશચલ** ગ્રહ **પહેલાં** ભુવનપરથી પસાર થાય તો સંસારી વહેવારી બાબદનાં તથા દરેક બાબદમાં ઘણી નધારેલી ઉથલપાથલ થાય, અને ઘણો વિચીત્ર અનુભવ મળે, વળી (નર્વસ) જ્ઞાનતંતુઓને લગતી વ્યાધીઓ થાય, આધાશીશી વીગેરે ભેજાંને લગતી માંદગી ઉત્તપન્ન થાય.

૨. **હરશચલ** ગ્રહ **બીજાં** ભુવનેથી ત્રાંન્ઝીત કરે તો, પૈસાની ઉથલપાથલ કરે, તેનો આધાર જન્મકાળે એ ગ્રહ શુભ કે પાપદૃષ્ટિમાં હોય તે પ્રમાણે જાણવું, કારણકે એ ગ્રહ બીજાં ભુવનમાં નસીબને તદન ફેરવી નાખે છે, તવંગરને ભીખારી અને ભીખારીને તવંગર બનાવે છે.

૩. **હરશચલ** ગ્રહ **ત્રીજાં** ભુવનમાંથી પસાર થાય તો ઘણી મુસાફરી કરાવે, મનશકિત અને વિચારશકિતને ફેરવી નાખે, કંઇક

નવીન. શોધખોળ કરાવે, **આત્તમીક અને માનસીક વિધ્યાઓ** તરફ મન દોડાવે અને તે વિધ્યાઓનો અનુભવ થાય, અને ઘણું કરીને અંતર દૃષ્ટિને ખોળે છે.

૪. **હરશાચલ** ગ્રહ જો **ચોથાં ભુવને** ત્રાંન્ઝીત કરે તો, ઘર તથા રહેઠાણની બાબદમાં ફેરફાર કરે, અને દરેક ચાલુ અને જાહેર બાબદનો અંત લાવે, અથવા કાર્યનો નીવેડો લાવે.

૫. **હરશાચલ** ગ્રહ જો **પાંચમાં** ભુવન ઉપરથી પસાર થાય તો, પ્યાર અને મહોબતમાં હરકત કરે, અને સ્ત્રી મરદનાં વહેવાર સંબંધી વિચીત્ર પરીણામ ઉપજાવે, ફરઝંદોને હરકત કરે.

૬. **હરશાચલ** ગ્રહ જો **છઠાં** ભુવનમાં ત્રાંન્ઝીત કરે તો, વિચીત્ર દુઃખ દરદ કરે, ઘણું કરીને માનસીક યાને મનશક્તિને લગતાં અથવા તો કાયીક ચૈતન્યને લગતી વ્યાધી ઉત્તપન્ન કરે.

૭. **હરશાચલ** ગ્રહ જો **સાતમાં** ભુવનમાંથી પસાર થાય તો સ્ત્રી મરદને ખટપટ જાગે, છુટા છેડા થાય, કજ્યો થાય, તથા વિચીત્ર સંજોગો વચ્ચે લગ્નો થાય.

૮. **હરશાચલ** ગ્રહ જો **આંઠમાં** ભુવને ત્રાંન્ઝીત કરે તો આત્મીક અને માનસીક વિધ્યાને લગતું જ્ઞાન આપે.

૯. **હરશાચલ** ગ્રહ જો **નવમાં** ભુવનેથી પસાર થાય તો આત્મીક વિધ્યા શીખે, નજુમી બનાવે, મુસાફરી કરાવે અને બાતેન ભેદ જાણવાની શક્તિ વધે.

૧૦. **હરશાચલ** ગ્રહ **જો દશમાં ભુવને** ત્રાંન્ઝીત કરતો હોય તો, વિચીત્ર ધંધો કરે, ધંધા રોજગારમાં ફેરફાર કરે, એકાએક ખોટ આવે, વખતે બેઇજતી કરે, અથવા તો નધાર્યો ફાયદોબી કરી આપે. એ ગ્રહની અસર દશમાં ભુવને ઘણી અસંભવીત અને અચબુચ થાય છે.

૧૧. **હરશાચલ** ગ્રહ **અગ્યારમાં** ભુવનમાંથી પસાર થાય તો વિચીત્ર મનશકિતવાળા મીત્રો થાય, તથા અંતરમાં કાંઇક નવીન ખ્યાલોનો જુસ્સો ઉભો થાય, જ્ઞાન મળે.

૧૨. **હરશાચલ** ગ્રહ જો **બારમાં** ભુવનેથી પસાર થતો હોય તો, ઘણો વિચીત્ર અનુભવ આપે, અને ઘણું કરીને હરેક બાબદમાં બંધન

નાખે, અટકાવ પડે, અને જો જન્મકાળે પાપદૃષ્ટિમાં ફસેલો હોય તો, વખતે ખોટા દાવાથી કેદખાને જવું પડે.

આ ગ્રહની અસર ઘણીજ વિચીત્ર છે, અને તેનું પાકું અનુમાન થઈ શકતું નથી, માટે એની ચાલણની ખુબ તપાસ રાખવાની ઘણીજ જરૂર છે.

(૫૩) રવી, શુક્ર અને બુધની ત્રાંન્ઝીત.

રવીની ત્રાંન્ઝીત જે જે ભુવનોપરથી દર મહીને પસાર થાય છે, તે તે ભુવનોમાં જે જે ગ્રહો હોય તેની અસરને ઉશ્કેરે છે, એ બાબદ આપણને જાહેર છે કે, કેટલાક માનવી વર્ષનાં કેટલાક દીવસ નસીબવંત થાય છે, તો વળી મહીનાઓ સુધી તે કમનસીબ રહે છે, એ કાંઇજ નહીં, રવી સારા તેમજ માઠા ગ્રહોની અસરોને જુદે જુદે વખતે ચૈતન્ય આપે છે તે પ્રમાણે તેની અસર થાય છે.

શુક્ર અને બુધ આ બન્ને ગ્રહોની ત્રાંન્ઝીત નજીવી જેવી છે, અને તેઓની કાંઇપણ મુખ્ય અસર નથી. જન્મકાળે એ ગ્રહ જેવી એસપેકટસનો અથવા ઊંચ કે નીંચનો હોય તેવી અસર તેની ત્રાંન્ઝીત વખતે તે આપે છે, તેમી ખાસ કરીને જ્યારે પહેલાં કે દશમાં ભુવને આવે છે ત્યારેજ અસર જણાય છે. ખાસ કરીને ઘણીજ નાજુક લાગણીવાળાઓને એ ગ્રહોની ત્રાંન્ઝીતથી ફાયદો, ગેરફાયદો, વીગેરે માલમ પડે છે.

(૫૪) ત્રાંન્ઝીતની ખુબી.

ત્રાંન્ઝીત ઉપર એકદમ સંપુર્ણ વિશ્વાસ મુકવો ના મુનાસેબ છે, કારણકે તેઓ તો પંચાંગની ગતિને આધારે આસ્માનમાં ફરે છે, જેથી તેની અસર ફકત જન્મકાળે જે ગ્રહોની અસર હોય તેને ગતિ આપે છે. જેમકે જન્મ વખતે શની જો પાપદૃષ્ટિમાં હોય અથવા તો નીંચનો હોય, તો શનીની સારી ત્રાન્ઝીતનાં વખતમાં કંઈ જન્મકાળનાં શનીનાં દુઃખની અસર કમતી થતી નથી, પણ ગુરૂની ત્રાંન્ઝીત, તેવાં શનીની જન્મની માંઠી અસરથી દુઃખી થતાંને થોડા સખ્યારો તથા દુઃખ ખમવાની હીંમત આપે છે. ત્રાંન્ઝીતની ખરી અસર એજ કે, જન્મ-

કાળે ડાયરેક્શનથી જે સારૂં ફળ હોય તે સારી ત્રાંન્ઝીતથી તેજી પકડે, ને જે માઠું ડાયરેકશન હોય તે માઠું પરિણામ લાવે.

જ્યારે ચંદ્ર ડાઇરેકશનથી જન્મનાં શની સાથે ૯૦° અંશ કે ૧૮૦° અંશની પાપદૃષ્ટિ કરતો હોય, તેવે વખતે જો શનીની ત્રાંન્ઝીત, પ્રોગ્રેસ ચંદ્રવાળી જગ્યાએ થાય તો, શનીની સંપુર્ણ બુરામાં બુરી અસર તમામે તમામ થાય. એજ પ્રમાણે એક શુભ ગ્રહની અસર સારૂં ફળ નીપજાવે.

ત્રાંન્ઝીતમાં જ્યારે શની ચંદ્રની પુઠ પકડે છે, ત્યારે ઘણાં પરિણામો નીપજે છે, કારણકે શની, પ્રોગ્રેસ ચંદ્રની જગ્યાપર ત્રાંન્ઝીત કરે છે, હવે પ્રોગ્રેસ ચંદ્ર લગોલગ અઢી વર્ષે એક રાશી પ્રોગ્રેસમાં ચાલે છે, અને ત્રાંન્ઝીત કરતો શની પણ પંચાંગ પ્રમાણે લગોલગ અઢી વર્ષ સુધી ત્રાંન્ઝીતમાં ચાલે છે, જેથી જન્મકાળે જે કોઇની કુંડળીમાં ચંદ્ર અને શનીને પાપદૃષ્ટિ હોય, અને જો તેવી કુંડળીનાં ડાઇરેકશનપર શનીની ત્રાંન્ઝીત ચાલુ થાય તો, તે માણસને જન્મ સુધી દુઃખ દળીદ્રતા વેઠવી પડે. કારણકે ડાઇરેકશન પ્રમાણે ચંદ્રની પ્રોગ્રેસ ચાલ અને શનીની ત્રાંન્ઝીતની ચાલ એકસરખી છે, જે બનાવ જન્મકાળે બનવાથી, પ્રોગ્રેસ ગણીત પ્રમાણે જીંદગીભર શની તેને હેરાન કર્યાજ કરે. ચંદ્ર જ્યારે કંજંગશન અથવા સ્કવેર અથવા ઓપોઝીશનમાં જો જન્મકાળે જેનેબી અસર કરે તેને શનીની ત્રાંન્ઝીત એવું નઠેષ્ટ ફળ આપે છે.

એ પ્રમાણે કોઇપિણ ગ્રહની સારી અથવા બુરી ત્રાંન્ઝીત, કોઇપણ ભુવન અથવા તો તે માંહેલા કોઇપણ ગ્રહ ઊપરથી પસાર થતાં, જો જન્મકાળની કુંડળીનાં ડાઇરેકશન પ્રમાણે સારી અથવા માઠી અસર થતી હોય તો તે અસરને ફકત ત્રાંન્ઝીત પણ તેવાજ પ્રકારની થવે પોતાની સંપુર્ણ અસરનો ફટકો મારવાને બની આવે છે. એટલું જરૂર ધ્યાનમાં રાખવું કે જન્મકાળે જે જે અસર ગ્રહો કરતા હોય તે અસરો, તે ગ્રહોની ત્રાંન્ઝીતથી ઉશકેરાય છે, પછી બુરાં ભલાં અને સખ્ત કે સાધારણ તેનું પ્રમાણ ફકત જન્મનાં ગ્રહોથીજ થાય છે. એ પ્રમાણે ત્રાંન્ઝીતની બાબદ ઘણીજ ધીરજ અને અક્કલથી તપાસવાની જરૂર છે. કારણકે થઇ ગયલી અને થવાની બાબદોનાં ચોક્કસ ઇસારા એ ઊપરથી સહેલાઇથી થઇ શકે છે.

(૫૫) ડાઇરેકશન્સ.

માનવીનાં જન્મથી બલકે હરેક પેદાયસની ઉતપત્તીથીજ તે પેદાયસ ખુદરતી રીતે, આડકત્રી કે સીધી, દેખઇતી કે બાતેન રીતે, આગળ વધતીજ જાય છે, અને માનવીનાં વીચાર અને ઇચ્છાશકિત એટલાં બધાં તો પ્રબળ છે કે માનવી જે વિચારે તે ઇચ્છામાં બદલાઇ જઇ, કાર્યમાં ફેરવાય છે. અંગ્રેજી જ્યોતીષમાં ડાયરેકશન મારફતે ઘણીક બારીક બાબદો જોઇ જાણી શકાય છે. આગળ સમજાવવા પ્રમાણે એક જન્મની કુંડળીનાં રાશી ગ્રહ વીગેરેપરથી રૂપ રંગ, ચાલચલણુ, અને નસીબની સાધારણુ બાબદોનો આસરો, જન્મથી તે જીંદગીનાં અંત સુધીનો કહેવામાં આવે છે, પણુ તે બનાવો અને બાબદો કયા ચોક્કસ વખતે થશે, તે વખત તેમાંથી કહેવાઇ શકાતો નથી, ધારો કે ચંદ્ર એક માણુસની કુંડળીમાં સાતમાં ભુવને ઘણી સારી દૃષ્ટિમાં છે, કે જે દેખાડે છે કે લગ્ન થશે, અને સારૂં ફળ આપશે, **પણુ કયારે આપશે** તથા લગ્ન કેઈ તારીખે થશે તે કહી શકાતું નથી, જેથી દીવસ ટાઇમ અને વેળા જણુાવવાને વાસ્તે ડાઇરેકશન ગણુવાની જરૂર છે, યાને જન્મ દીવસનાં ગ્રહોને પહેલે તપાસી પછી તે ખુદ ગ્રહો કેટલા આગળ પાછળ ચાલેલા છે તે ગણુવાની જરૂર છે. જેમ જીંદગી આગળ વધતી જાય છે તેમ માનવીના ગ્રહની ચાલ પણુ નીત્ય વધે છે.

પ્રાઇમરી ડાઇરેકશન.

દુન્યાની ફરવાની ગતીને લીધે ગ્રહો, નજદીક અથવા દુર જતા માલમ પડે છે, યાને એક ભુવનથી બીજાં ભુવનમાં જાય છે, પણુ જન્મકાળના ગ્રહોની રાશીમાં તેથી કંઇ ઘણો ફરક પડતો નથી, દાખલા તરીકે ધારો કે એક બચ્ચું સહવારનાં સુર્ય ઉદયને વખતેજ જનમ્યું, હવે જો કે પૃથ્વીનાં ફરવાથી બે કલાક પછી રવી કે જે જન્મ વખતે પહેલાં ભુવનમાં છે, તે આગળ વધેલો યાને બારમાં ભુવનમાં ગયલો જણાશે, તેથી કાંઇ જન્મના રવીની રાશી કે અંશમાં ફરક પડતો નથી. વધુ ખુલાસાવાર જોતાં દાખલા તરીકે ધારો કે એક બચ્ચાંનો જન્મ રવી ઉદયનાજ વખતે થયો અને તે વખતે જન્મ લગ્ન મેષ રાશીનો એક અંશનો હતો, અને દશમાં ભુવને મકર રાશી

૦ અંશે હતી. હવે એક કલાક પછી રવી, પૃથ્વીનાં ફરવાને લીધે, મકર રાશી ૧૪° અંશે દશમાં ભુવને થઇ જે હીસાબે, લગ્ને વરખ રાશી ૪ અંશની આવી, બીજા કલાકે રવી બારમાં ભુવને ગયો, દશમાં ભુવને ૨૮° અંશે મકર રાશી થઇ, ને લગ્ને ૨૦° અંશે વરખ રાશી થઇ. એ પ્રમાણે જે ફેરફાર થયો, તેને **પ્રાઇમરી ડાઈરેકશન** કહેવામાં આવે છે, અને એના વખતની ગણત્રી એવી છે કે :– દર એક ડીગ્રી દશમાં ભુવનમાં આગળ વધે, તેની વચ્ચે જેટલો ફરક પડે તે વખત યાને સાઇડ્રીયલ ટાઇમની ચાર મીનીટ જાણવી. **દરેક ચાર મીનીટ જન્મ પછી=એક વર્ષની જીંદગીનું ફળ જાણવું** અને તે પ્રમાણે દર ચાર મીનીટે, જે જે ફેરફાર ભુવનોના અંશમાં તેમજ ગ્રહના અંશમાં થાય, તથા એસપેકટસો બદલાય તે પ્રમાણે તેનું ફળ, **દર ચાર મીનીટે એક વર્ષનું જાણવું.** આ પ્રાઇમરી ડાઇરેકશન સર્વેથી ઘણુંજ ઉત્તમ છે, પણ તે સાધારણ રીતે વાપરી શકાતું નથી, કારણકે એની ગણીતનો વખત એટલો તો ઓછો છે, કે ફકત ચાર મીનીટનો જન્મ વખતે જો ફરક પડે, તો ડાઇરેકશનના ફળમાં એક વર્ષનો ફરક પડી જાય, જેથી જન્મ વખતે મુખ્ય ભાગે કુંડળીમાં લગભગ અરધા કલાક જેટલો ફરક રહે છે, જન્મ વખતે ઘડીયાળ બરાબર એકયુરેત હતું કે નહીં તેની ખાત્રી શું ? માટે એ રીત જો કે ઘણીજ ઉત્તમ છે, પણ વહેવારૂ રીતે તે વાપડવાની ઘણીજ મુસીબત છે, અને સ્વભાવીક રીતે એકપણ મીનીટનો ફરક પડવે ત્રણ મહીનાનાં ફળમાં ફરક પડી જાય છે, જેથી એ રીત જોકે ઘણીજ ઉત્તમ હોવા છતાં વાપડવામાં આવતી નથી. આગળ એ બાબદ વધુ સમજાવી છે.

(૫૬) સેકન્ડરી ડાઇરેકશન.

જેમ પ્રાઇમરી ડાઇરેકશનમાં પૃથ્વીનાં ફરવાથી ફેરફાર થાય છે, તેમ સેકન્ડરી ડાઈરેકશનમાં **ગ્રહોની** પોતીકી ચાલને આભારી છે. પૃથ્વીના ફરવાથી જે ફરક પડે છે તે, તથા ગ્રહો પોતાની ઓરબીતમાં આગળ ચાલે છે તે, એ બન્નેના ફરકથી નવી નવી એસપેકટસો થાય છે, જેને **સેકન્ડરી ડાઇરેકશન** કહે છે. એમાં જન્મ પછીનો એક દીવસ યાને ૨૪ કલાક તે એક વર્ષની બરાબર ગણવામાં આવે છે,

યાને ૨૪ કલાકમાં પંચાંગનાં ગ્રહો જેટલી ચાલ ચાલેલા હોય તે, અને જન્મનાં ગ્રહો જેટલા અંશના હોય તે, બન્નેથી ઉતપન્ન થતી એસપેક્ટસો જાણવી. એ એસપેક્ટસોને એક પછી એક જેમ થતી આવે તેમ ગોઠવવી પડે છે, અને તે પ્રમાણે ફળ જોવામાં આવે છે:— ધારો કે એક બચ્ચું ૨૬મી ડીસેમ્બર ૧૮૬૧ને દીને જનમ્યું તે દીવસે રવી ઉદય થતી વખતે મકર રાશીનો ૪° અંશ ને ૨૯ કળાનો હતો, અને મંગળ ૨૨°–૩૦' કન્યા રાશીનો હતો, હવે જ્યારે રવી તા. ૧૩મી જાનેવારી ૧૯૬૨ને દીને ૨૨° અંશનો મકર રાશીનો થયો, ત્યારે જન્મનો મંગળ કે જે કન્યા રાશીમાં ૨૨°–૩૦ અંશનો છે, તેની સાથે બરોબર ૧૨૦° અંશની શુભ દૃષ્ટિમાં આવ્યો, યાને ⊙ △ ♂ થયું, હવે દરરોજના એક દીવસને હીસાબે તા. ૨૬મી ડીસેમ્બર ૧૮૬૧થી જાનેવારી ૧૩મી ૧૮૬૨ ગણતાં બરાબર દીવસ ૧૯ થાય છે, એટલે ઓગણીસમે વર્ષે. રવી અને મંગળનું ત્રાયન થયું. એ વર્ષ ઘણુંજ સારૂં અને લાભકારી નીવડેલું હોવું જોઇયે, કારણકે તે વર્ષમાં બનેલા બનાવો ઘણા કાળ સુધી યાદ રહી જાય તેવા બનવા જોઇયે. એ પ્રમાણે **સેકન્ડરી ડાઈરેકશન દર એક દીવસનાં એક વર્ષ પ્રમાણે** જેટલામે દીવસે જે ડાઇરેકશન થાય, તેટલામે વર્ષે તેને લગતું ફળ આપે, જેમ રવી મંગળની એસપેકટ ઓગણીસમાં વર્ષની કાઢી છે, તેમ હરકોઈ વર્ષની બધા ગ્રહોની કાઢવી જેને સેકન્ડરી ડાઇરેકશન કહે છે. હવે જો કે સાધારણ નજરે તો આપણને લાગે છે કે **પ્રાઈમરી અને સેકન્ડરી ડાઈરેકશનો** એકમેકથી તદન જુદા છે, પણ તેમ નથી. રવી દરરોજ એક ડીગ્રી ચાલે છે, અને પ્રાઇમરી ડાઇરેકશનમાં ચાર મીનીટે એક વર્ષ. એટલે કે એક ડીગ્રીએ એક વર્ષ (કારણકે એક ડીગ્રીની મીનીટ ચાર થાય છે)ને હીસાબે, અને સેકન્ડરી ડાઇરેકશનમાં પણ ૨૪ કલાકે રવી એક ડીગ્રી ચાલે છે એટલે રવીની એક ડીગ્રી એટલે ૨૪ કલાકનું એક વર્ષ પ્રમાણે બેઉ એકમેકથી મળતાંજ છે, યાને મુળમાં તો બેઊ ડાઇરેકશન એકજ પુરવાર થાય છે.

લ્યુનર મોશન ડાઇરેકશન.

પંચાંગનો ચંદ્ર જ્યારે જ્યારે, જન્મ વખતે રવીથી જેટલો દુર

હોય, તેટલા અંશનો થાય, તે વખતની કુંડળી કાઢવી અને તેની જે એસપેકટસો વીગેરે આવે તે એક વર્ષનું ડાઈરેકશન જાણવું, અને તેનું ફળ કહેવું. તેને લ્યુનર મોશન ડાઈરેકશન કહે છે.

(૫૭) વર્ષ ફળ.

સોલર રેવોલ્યુશન (Solar Revolutions) અથવા **સોલર રીટરન્સ** (Solar Returns) યાને કે **વર્ષ ફળ**, એટલે કે રવી દર એક વર્ષે બરોબર પોતે જે રાશીનો અને જેટલા અંશનો જન્મ વખતે હોય, તેટલાજ અંશ અને રાશીનો જે ઘડીપળે થાય, તે ઘડી પળનો વખત તેને ચાલુ વર્ષ ફળ કહે છે, યાને તે વખતે કાઢેલી કુંડળી તે વર્ષના બારે માસની વીગત જાહેર કરે છે, યાને વર્ષ પ્રવેશના વખતની કુંડળી કાઢવી.

લ્યુનર ડાઇરેકશન.

ચંદ્ર દર મહીને જ્યારે, જન્મકાળે જે રાશી તથા અંશનો હોય તે અંશ રાશીમાં આવે, તેની કુંડળી કાઢી, તેમાંથી એસપેકટસો વીગેરે જોવાથી, ચાલુ મહીનાની વીગત સર્વે માલમ પડે છે.

એ પ્રમાણે બીજા ઘણી રીતનાં ડાઇરેકશનોની રીત રૂઢી છે, અને ડાઇરેકશનો મારફતે ઘણી બારીક નુકતેચીની થઇ શકે છે, પણ એ સર્વે ડાઇરેકશનો વીગેરે જન્મ કુંડળીની મુખ્ય બાબદના મુળ રૂપમાંથી છુટું છુટું તત્વ થયલું જાણવું, જો કે ઘણાક બારીક સંજોગોથી તેનું કારણ જણાયું નથી, પણ અંતમાં સર્વે ગણત્રી, જન્મકાળે જે જે ગ્રહોની એસપેકટસનાં ફળો દરશાવેલાં હોય છે, તેજ ફળો વધારે જાસ્તી કે કમતી પ્રમાણમાં ડાઇરેકશનો જાહેર કરે છે, યાને એ સર્વેને એકમેક સાથે ઘણોજ ઘાડો સંબંધ છે.

ત્રાંન્ઝીત, ગ્રહણ, અને વર્ષ પ્રવેશ કુંડળીઓની બાબદમાં એમ છે કે માનવી પોતાના આચાર વિચારથી તથા ગ્રહોની અસરથી જે પોતામાં ફેરફાર થાય છે, તેની સામે થવાને અથવા તો સારા લાભો હાથ કરવાને જોગવાઇ થાય, એટલા માટે એઓ પોતાની અસરથી, જન્મની અસરોને ઉશ્કેરે છે, જેનાં પરિણામે જન્મના ગ્રહની અસરને લગતી બાબદો, એઓની અસરની ઉશ્કેરણીના દબાણ

હેઠળથી વીખુટા પડી, બનાવો બને છે, કે જે બનાવો એઓની અસ-રનાં દબાણ હેઠળ કોઇ વખતે ઘણા પ્રબળ, કે કાઇ વખતે ઘણા નિર્બળ હોય છે.

(૫૮) પ્રીનેટલ ડાઇરેકશન.

પ્રીનેટલ યાને જન્મની આગમજનું ડાઇરેકશન, જેમકે આપણે ડાઇરેકશન ૧ દીવસ=૧ વર્ષને હીસાબે જન્મ પછી ગણ્યે છીયે, તેમ ૧ દીવસ=૧ વર્ષનેજ હીસાબે ગણવું પણ, તારીખમાં આગળ વધ-વાને બદલે પાછળ હઠતા જવું, યાને જો ૨૫મી તારીખનો જન્મ હોય તો તેજ મહીનાની ગઇ ૨૪મી તારીખ, તે પહેલાં વર્ષનું પ્રીનેટલ ડાઇરેકશન થયલું જાણવું. અને તા. ૧લી તે ૨૫માં વર્ષનું ડાઇરેકશન જાણવું. એ પ્રમાણે જન્મનાજ કરેક્ટ ટાઇમે પણ તારીખમાં પાછળ હઠીને ગણીને કુંડળી કાઢવી તેને પ્રીનેટલ ડાઇરેકશન કહે છે.

એ પ્રમાણે ઘણીક જાતના ડાઇરેકશનો થાય છે, અને તેની સમ-જણ અત્રે આપવાને પુરતી જગ્યા નથી, પણ જેમ એક ઘડીયાળમાં કલાકનો કાંટો, મીનીટનો કાંટો અને સેકન્ડનો કાંટો હોય છે, તેમ ડાઇરેકશનમાં પણ વર્ષ, મહીના, અને દીવસથી વખત ચોક્કસ ગણી કાઢી, કાર્ય કઇ ઘડીએ રૂપ પકડશે તે માલમ પડે છે.

(૫૯) ડાઇરેકશન કાઢવાની રીત.

જન્મ પછી દરેક ભુવન અને દરેક ગ્રહ પોતે ચાલે છે, દુન્યામાં હરેક ચીજને ગતિ છે, અને કંઇપણ ચીજ સ્થંભ નથી, તેમ એક કુંડળી પોતે તેમજ તેનાં ગ્રહો ગતિ અનુસાર ચાલે છે, જે ચાલવાના ફેરફારથી જે જે નવી નવી એસપેકટસો થાય છે તેને **પ્રોગ્રેસ** અને **ડાઇરેકશન** કહેવામાં આવે છે. વળી એ ચાલેલા ગ્રહો અથવા ભુવનો, જન્મનાં ગ્રહો તથા ભુવનોનાં જન્મકાળનાં અંશ કળા વીકળા સાથે એસપેકટસ કરે છે, જેથી અસરો ઉત્તપન્ન થાય છે, તેવી વખતે ચાલેલા પ્રોગ્રેસ ગ્રહ અથવા ડાઇરેકશનનાં ગ્રહ આગળ કેપીટલ 'પી' P અથવા તો નાનો "પી" p અથવા તો Prog. કરીને લખે છે. તેમજ જન્મનાં ગ્રહને ચાલેલા ગ્રહોથી ઓળખવાને માટે **રેડીકલ** Rad. અથવા તો

કેપીટલ "આર" R અથવા તો નાનો r આર લખે છે જેમકે ☉ P □ ♂ R યાને પ્રોગ્રેસનો રવી, જન્મના મંગળ સાથે ૯૦° અંશની સ્કવેર એસપેક્ટ કરે છે, યાને જન્મનાં મંગળ સાથે ૯૦ અંશની દૃષ્ટિ કરવાને રવી પ્રોગ્રેસ કરીને યાને રવી પોતાની ગતિથી આગળ વધેલો છે એમ જાણવો. જો હવે ♂ P □ ☉ R જો મંગળ પ્રોગ્રેસ, સ્કવેર જન્મનો રવી એમ હોય તો, જાણવું કે મંગળ ચાલતો ચાલતો જન્મના રવી સાથે સ્કવેર થવાને આગળ વધે છે, એમ સમજવું. માટે જન્મના યાને રેડીકલ, અને પ્રોગ્રેસ અથવા ડાઇરેકશનના યાને પ્રોગ્રેસીવ ગ્રહ પીછાણવાની એ નીશાણીઓ ધ્યાનમાં રાખવી. પણ ધ્યાનમાં રાખવું કે આગળ આપણે શીખી ગયા છીયે કે **પેરેલલને** વાસ્તે કેપીટલ "પી" P વપડાય છે, તથા **રીટ્રોગ્રેડને** વાસ્તે R વપડાય છે, માટે ડાઇરેકશનની બાબદમાં તેઓની ભેળમભેળ કરવી નહીં. ડાઇરેકશનમાં રવી, ચંદ્ર તથા બીજા બધા ગ્રહો સાથે જન્મ લગ્ન યાને એસેનડંત=પહેલું ભુવન, તથા દશમું ભુવન એ પણ લેવું, અને તેઓ સર્વે એકબીજા સાથ કેવી કેવી એસપેકટસ કરે છે તે સર્વે માંડીને જુદી રાખવી. વધુ ખુલાસા માટે આપણે ડાઇરેકશનને બે ભાગમાં વહેંચી નાખ્યે જેમકે :—

(A) ઉપર લખેલા દાખલા પ્રમાણે. **પ્રોગ્રેસ થયલા ગ્રહ અથવા ભુવનનું, જન્મનાં ગ્રહ અથવા ભુવનો સાથે** એસપેકટ યાને દૃષ્ટિમાં આવવું.

(B) બીજું **પ્રોગ્રેસ થયલા ગ્રહ અથવા ભુવનનું,** પોતાની કુંડળીનાં બીજા પ્રોગ્રેસ થયલાજ ગ્રહ કે ભુવન સાથે એસપેકટમાં આવવું. જેમકે :—☉ P □ ♂ P યાને રવી પ્રોગ્રેસથી ચાલેલો, પ્રોગ્રેસથી ચાલેલા મંગળ સાથે ૯૦° એ દૃષ્ટિ કરે છે. અથવા Asc. P ☌ ☽ P યાને એસેનડંત યાને જન્મ લગ્ન પ્રોગ્રેસ થયલું, પ્રોગ્રેસ થયલા ચંદ્ર સાથે કંજંગશન કરે છે.

હાલમાં સવળતાને માટે ઘણા મોટા ભાગે અંગ્રેજી જ્યોતીષો ઘણું કરીને સેકનડરી ડાઇરેકશનજ કાઢે છે, તથા ભુવનોનો પ્રોગ્રેસ ગણે છે. જન્મ પછી બીજા દીવસનાં તેજ ટાઇમનાં ગ્રહ તે પહેલાં વર્ષનું ડાઇરેકશન ગણાય છે. એ પ્રમાણે જન્મ પછી વીસમાં દીવસે,

જન્મનાજ વખતે, વીસમાં વર્ષનું ડાઇરેકશન જાણવું. સહેલ રૂઢી તો એજ છે કે અંગ્રેજી એફીમરીમાંથી જન્મ પછીનાં દરરોજનું જન્મ વખતનું લગ્ન કાઢીને તેની એસપેકટસો જુદી જુદી માંડવી, અને તે એસપેકટસો જન્મકાળની એસપેકટસો અને ગ્રહો સાથે, કેવી એસપેકટસમાં આવે છે તે જોવું, એવી રીતે હરરોજનું ડાઇરેકશન કાઢવું. એજ પ્રમાણે જન્મની ઘડીનાંજ ટાઇમનું એક એક દીવસ પાછળ હઠતાં કુંડળીઓ કાઢવી, તેને પ્રીનેટલ યાને જન્મની આગમજનું ડાઇરેકશન કહે છે, જેથી ધારો કે જો ૨૫મી તારીખનો જન્મ હોય તો, ગઈ ૨૪મી યાને એક દીવસ આગમજની કુંડળી કાઢવી, તે પહેલાં વર્ષનું પ્રીનેટલ ડાઇરેકશન થયું, અને વીસમાં વર્ષની કાઢવી હોય તો ૨૫માંથી ૨૦ દીવસ પાછળ હઠતાં તારીખ ૬ઠી આવે, તેથી છઠ્ઠી તારીખની, જન્મની જે ઘડીપળ હોય તે ઘડીપળની કુંડળી કાઢવી, તે વીસમાં વર્ષનું પ્રીનેટલ ડાઇરેકશન થયું એમ જાણવું. એ પ્રમાણે ડાઇરેકશનો ગણવાં. વધુ વીગત આગળ દરશાવીશું. એટલું ધ્યાન રાખવું કે જેટલામાં વર્ષની કુંડળી કાઢવી તે હરેક વખતે જન્મને દીવસે **જે ટાઇમે જન્મ થયો હોય તેજ ઘડીપળ,** જેથી કોઇ વર્ષ માટે ડાઇરેકશન ગણવું હોય તેનાં ગણીતમાં લેવી. ડાઇરેકશન ગણવાની આગમજ અભ્યાસીએ ઉપલી સર્વે બાબદો ઉપર પુરતો વિચાર પુગાડી તથા હરેક ચીજોનું જ્ઞાન મેળવવું જરૂર છે. ચંદ્રની ઝડપ ઘણી છે જેથી તેની ગણીત કરવાની ઘણીજ જરૂર છે. પંચાંગમાંથી ચંદ્રની ગતિ લેવી, જો તેમ ગતિ નહીં મળે તો જન્મના દીવસનો જેટલા અંશે ચંદ્ર હોય તેને તેની આગમજના દીવસનાં જેટલા અંશ કળા હોય તેમાંથી બાદ કરવી, એટલે એક દીવસનું ચંદ્રનું મોશન યાને ગતિ થઇ, તેને બારે ભાગી નાખવું, કારણકે એક દીવસનું મોશન યાને ગતિ તે વર્ષ દીવસની ગતિ ગણાય, અને વર્ષના મહીના બાર એટલે ગતિને બારે ભાગતાં મહીનાની ગતિ થઇ, હવે એ મહીનાની ગતિને ચારે ભાગતાં, અઠવાડીયાંની ગતિ આવી. એ પ્રમાણે ચંદ્રની ગતિ કાઢવાની ઘણી જરૂર છે, કારણકે ચંદ્ર એક દીવસમાં લગભગ ૧૨ થી ૧૬ અંશ જેટલો પણ ચાલે છે, અને ચંદ્ર ડાઇરેકશનમાં મુખ્ય ભાગ ભજવે છે, કારણકે તેની ઝડપી ચાલને લીધે તે

દરેક બાબદોને ઉત્તેજન આપી ઉશ્કેરે છે, જેથી ઘણા પરિણામો નીપજે છે. અભ્યાસીએ ગુચવાડો નહીં થાય તેટલા માટે ભુવનોના કશાપરની રાશીઓ અને તેના અંશો જે જન્મ વખતે હોય તેજ રાખવા, કારણકે પ્રોગ્રેસ હોરોસકોપ બનાવા જતા, ડાઇરેકશનમાં ભુલ-થાપ થઇ જાય છે. એ પ્રમાણે એક કુંડળીનું ડાઇરેકશન કાઢતી વખતે જન્મકાળની જે કંઇ રાશી અંશ હોય તેજ પહેલે લેવા, અને ગ્રહો તો તે દીવસ કે જે દીવસનું ડાઇરેકશન હોય તે દીવસે જેમ હોય તેમ ગણીને લેવા, અને પછી એક સાધારણ જન્મ કુંડળી કાઢયે તેમ સર્વે ગણવું, અને પછી ચંદ્ર દરેક ગ્રહ સાથે કેવી કેવી દૃષ્ટિમાં છે તે જુદું માંડવું, તેમજ રવી, ચંદ્ર તથા બીજા ગ્રહો સાથે કેવી કેવી એસપેકટસ અથવા દૃષ્ટિમાં છે તે જુદાં માડવાં અને ત્યાર પછી ગ્રહો એક બીજા સાથે કેવી એસપેકટ કરે છે, તથા દૃષ્ટિમાં આવે છે, તે ગણવું એ પ્રમાણે રવી અને તેની સાથના ગ્રહોની દૃષ્ટિ, તેમજ ખાસ કરી ચંદ્ર અને તેની સાથે બીજા ગ્રહો તથા રવીની એસપેકટ, તથા ગ્રહો માહોમાહે એક બીજા સાથે જે એસપેકટ કરતા હોય તે જુદી જુદી માંડવી. હવે એ ત્રણે જાતની એસપેકટસો જુદી જુદી માંડવા પછી, ડાઇરેકશનનાં વર્ષની ત્રાંન્ઝીત પણ ગણવી જેમકે ૨૫માં વર્ષનું ડાઇરેકશન કાઢવાનું છે, તો જન્મનાં દીવસથી પુરાં ૨૫ વર્ષ, દર ૩૬૫ દીવસનાં હીસાબે ગણીને જે દીવસ આવે, તે તારીખવાર અને જન્મની જે ઘડી હોય તે ઘડીના ગ્રહો પંચાંગમાંથી ઉપજાવી, તે ગ્રહો ડાઇરેકશનથી કાઢેલી કુંડળીની જુદી જુદી એસપેક-ટસો સાથે સરખાવવી, કે ત્રાંન્ઝીત કયાં કયાં ભુવનોપરથી કેવા કેવા ગ્રહોની પસાર થાય છે, તેમજ તે ત્રાંન્ઝીતની અસર જે જે ભુવનમાં થાય છે, તે તે ભુવનમાં ડાઇરેકશનથી પણ જો કંઇ તેવીજ અસર થતી હોય તો તેનું પરિણામ તે વર્ષમાં જરૂર આવે છે, જેમકે જે ભુવનમાં પાપદૃષ્ટિ ડાઇરેકશનની થતી હોય, જેથી માહા નુકસાન થવાનું હોય અને તેજ ભુવનપર ત્રાન્ઝીત પણ તેવી માહા ભુંડી થતી હોય, તો ચોક્કસ જાણવું કે, તે વખતમાં તેનું પરિણામ જરૂરજ માહા બુરૂં આવશે, પણ જો ત્રાન્ઝીત સારી હોશે અથવા તો ત્રાન્ઝીત માહા બુરી અને ડાઇરેકશન સારૂં હશે, તો એક બીજાંની અસરને તોડી

નાખી પરિણામ ખાલશાં કરશે. દાખલા તરીકે ધારો કે:—ચંદ્ર અને શની એક બીજાથી ૯૦° અંશની □ પાપદૃષ્ટિમાં આવ્યા, કે જેનું પરિણામ ઘણુંજ બુરૂં છે, હવે તે વખતે ગુરૂ, ચંદ્રથી ૬૦° અંશની શુભ દૃષ્ટિમાં છે, તથા શનીની સાથે પણ ૧૫૦ અંશની શુભ દૃષ્ટિ ત્રાન્ઝીતથી કરે છે, જેથી ચંદ્ર શનીના બુરાં ડાઇરેકશનને, ગુરૂની શુભ દૃષ્ટિથી તોડી નાખે છે, એટલે તે વખતનું ડાઇરેકશન ફળ આપ્યા વગર પસાર થઈ જાય છે, કારણકે ગુરૂ શુભ ગ્રહ છે, અને તેથી દરેક દુ:ખનો નાશ કરી સુખની અસર આપનારો છે. પણ જો શની અથવા હરશચલ, ચંદ્ર અથવા શની સાથે કંજંગશનમાં હતે તો એવડાં જોરથી એ માહા બુરૂં પરિણામ આપનારૂં ☽ □ ♄ ડાઇરેકશન આફ્ત લાવતે.

ઉશ્કેરણી કરનારા ગ્રહો તથા પરિણામ નીપજાવનારા ગ્રહોમાં શની, ગુરૂ, હરશચલ, અને મંગળ છે. મંગળ જ્યારે રીટ્રોગ્રેડ યાને વકરી હોય છે, ત્યારે વધારે અસર કરે છે. વળી રવી પણ જ્યારે ડાઇરેકશનવાળાં ભુવનો ઊપરથી પસાર થાય છે, ત્યારે અસર કરે છે, વળી નેપચ્યુન પણ ઉશ્કેરણી કરનારો ગ્રહ લેખાય છે. જ્યારે શની, ગુરૂ, હરશચલ, રવી, મંગળ તથા નેપચ્યુન જ્યારે રીટ્રોગ્રેડ થાય છે, ત્યારે વધારે અસર કરે છે. વળી ખાસ એ ગ્રહોની **પેરેલલ** દૃષ્ટિ ઉપર ઘણુંજ ધ્યાન આપવું જરૂરનું છે. ડાઇરેકશનનું ફળ જોવામાં ઊપળી બાબદો ધ્યાનમાં રાખવાની જરૂર છે, તેમજ એસપેકટસો યાને દૃષ્ટિઓનું તોલ કરવાની જરૂર છે જેમકે:—૧૪૪°, ૧૫૦°, ૭૨°, વીગેરે અંશની દૃષ્ટિઓનું જોર ઘણા નબળા પ્રકારનું છે, એટલે તેની ઝાઝી અસર થતી નથી. અભ્યાસ અને અનુભવથી ખાત્રી કરી છે કે, રવી જો ૪૫° અથવા ૧૩૫° અંશની પાપદૃષ્ટિ ડાઇરેકશનમાં કરતો હોય તો, તેની અસર **ઘણીજ પ્રબળ હોય છે,** બળકે ૯૦° અંશની સ્કવેર પાપદૃષ્ટિ અથવા તો ૧૮૦° અંશની ઓપોઝીશનની પાપદૃષ્ટિ કરતાં પણ ઘણીજ વધારે છે, એમ ચાલુ અભ્યાસથી અને ઓબઝરવેશનથી માલમ પડયું છે. અને રવી જ્યારેબી નેપચ્યુન, હરશચલ, શની, ગુરૂ કે મંગળ સાથે ૪૫° અંશ અથવા ૧૩૫° અંશની પાપદૃષ્ટિમાં આવે ત્યારે જરૂરજ કંઇને કંઈ મોટો બનાવ બને છે. એ બાબદનું અવલોકણ કરવાને ઘણા લાંબા વખતની ચાલુ પ્રેકટીસની જરૂર છે.

(૬૦) ડાઈરેકશનની અસરો અને ફળ.

ડાઇરેકશનમાં ઉપર જણાવ્યા પ્રમાણે દરેક એસપેકટસો અને દૃષ્ટિઓ જુદી જુદી માંડયા પછી જોવું કે તે એસપેકટસોનાં સીગ્નીફીકેટરો કયા કયા ભુવનોમાં અસર કરે છે, તેમજ ખાસ કરીને બીજું, ત્રીજું અને છઠ્ઠું ભુવન તપાસવું, દાખલા તરીકે:—ધારો કે બીજાં અને છઠ્ઠાં ભુવને ચંદ્ર શનીનું સ્કવેર થયું. ☽ □ ♄, અને તેને દશમાં ભુવનેથી ત્રાન્ઝીતનાં ગ્રહે દૃષ્ટિ નાંખી. હવે બીજું ભુવન પૈસા માટે છે, અને દશમું ભુવન વેપાર તથા પૈસાનું છે, એટલે આ ડાઈરેકશન પૈસા સંબંધી હાલતને અસર કરશે. વળી ડાઈરેકશન જાતે ખરાબ હોવા ઉપરાંત એકસાઇતમેન્ટ પણ દશમાં ભુવનેથી પાપગ્રહનું હોય તો, જરૂર વધારે ખરાબજ જાણવું. હવે એજ ડાઇરેકશનની એસપેકટને જો આંઠમાં ભુવનેથી મંગળ, શની કે હરશચલે એકસાઈટમેન્ટ કર્યું હતે, યાને ત્રાન્ઝીતની અસર **આંઠમાં ભુવનેથી** થતે, તો પૈસાને બદલે આંઠમું ભુવન મોતનું હોવાથી, મોટી સીકનેસ અથવા જીવની ખુવારી થતે. હમેશાં જોવું કે કયાં ભુવનનો માલેક માર ખાતો છે, યાને બીજા ગ્રહની પાપદૃષ્ટિથી દબાયલો છે, ચંદ્ર અને શની એક બીજાથી ૯૦ અંશે છે અને શની બીજે ભુવને છે એટલે નાદારીમાં જવું પડે, દીવાળું કાઢે, અથવા પૈસો ટકો જતો રહે, હવે જો શની છઠ્ઠાં ભુવને હતે તો જરૂર તબીયતનો બગાડો કરતે. બીજું યાદ રાખવું કે ૧, ૪, ૭, ૧૦ એ ભુવનોમાં જેબી કાંઇ ડાઇરેકશનની એસપેકટસ થતી હોય, અથવા તો ત્રાન્ઝીતના ગ્રહોની એસપેકટસ થતી હોય, તો તે જરૂરજ ધ્યાનથી તપાસવી, તેમજ મેષ, કર્ક, તુલા, મકર એ રાશીઓમાં જે એસપેકટસો થતી હોય તે પણ તપાસવી, કારણકે તેની અસર ઘણી બળવાન હોય છે, અને લાંબો વખત સુધી અસર કરે છે, કારણકે ઇજત આબરૂ, માન મર્તબો, તેમજ અચણુચ બનનારી બાબદો, અથવા તો વખતે અચણુચ મોત વીગેરે સર્વે બાબદની ઉપર ભારે અસર કરનારી છે તે સીવાયનાં બીજાં ભુવનોમાં જો કે અસર કાંઇ કમતી થતી નથી પણ તે ધીમે ધીમે સંપુર્ણ થાય છે, ને પરિણામ ઉતાવળે આવતું નથી. એ સર્વે બાબદો ખુબ ધ્યાનમાં રાખવી.

ડાઇરેકશન અને પ્રોગ્રેસ હોરસકોપની બાબદ ગુજરાતી જોતીષોનાં કહેવાતાં કેશવી ગણીતનો માફક ઘણી ભીંન ભીંન છે, તથા તે અત્રે સર્વે દરશાવી કે દાખલા આપી શકાય તેમ નથી, જેથી ફકત શરૂઆતને માટે તેમજ બીજાં કોઇપણ સાધારણ વહેવારૂ બાબદને માટેજ અત્રે સાદી અને સાધારણ બાબદોજ દરશાવામાં આવી છે, જે સાધારણ કામ માટે તદન ઉપયોગી થઇ પડે તેવી છે. ત્રીગનો મેટરી અને બીજી ગણીતનાં કાયદાઓ, રીતો, અને રૂઢી અત્રે આપી, નવીન અભ્યાસીને ગુચવણમાં નહીં નાખતાં, કોઇ બીજા પ્રસંગે વધુ અભ્યાસની બાબદો અને ગણીતની ચોપડીઓ બાહેર પાડીશ, તેટલાં આ પુસ્તક સાધારણ રીતે દરેક બાબદનું થોડું અને કાર્યસાધક ઉપયોગી બાબદનું ગ્નાન પુરૂં પાડે તેવી ગોઠવણ રાખવામાં આવી છે. ડાઇરેકશનથી થતી અસરો અને એસપેકટસોનું ફળ નીચે પ્રમાણે છે.

(૬૧) ડાઇરેકશનમાં રવીની એસપેકટસોનું ફળ.

રવી જો હરશચલ ગ્રહ સાથે કંજંગશન, ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશની એસપેકટસમાં આવે અથવા પેરેલલ થાય તો, ઘણોજ ખરાબ, કમનસીબ, અને નધારેલી આફતો આવી પડે, અને સરકાર દરબારથી, કેસ કજ્યાથી, મન ઊપર બેસુમાર ચીંતા આવી પડે. જો કે બીજા ગ્રહોની બુરી અસરને મદદ કરતા છે, છતાં એની અસર તંદરૂસ્તી અથવા તબીયતપર ઘણું દબાણ કરતી નથી, સત્તાબાજીથી, તોહમત આવી પડવાથી, તથા બીજી બાબદોથી મોટી નુકસાનીઓ, બેઈજતી, કરે છે, અને કરજદાર બનાવે છે. વખતે બંદીખાને પણ જવાનો સોદો થાય એવી એની અસર છે. સ્ત્રીઓને તો એ ઘણીજ ખરાબ અસર કરનારી એસપેકટસો છે, અને જે સ્ત્રીઓને એવું ડાઇરેકશન તેઓની જન્મપત્રીમાં થાય છે તેઓ પોતાના ધણીને તજી જાય છે, અથવા ઘર ધણી છોડી નાસી જાય છે, કેટલીક વખતે તો એ એસપેકટસોથી એકાએકીનાં ઉતાવળાં લગ્નો થાય છે, અને પછી છુટા છેડા તેનું પરિણામ આવે છે, અથવા તો બાર મહીનામાં ધણીનું મોત થાય છે. વળી એની અસર ઘરનું સત્યાનાસ, અને મુસાફરીનો

રવડાટ વટીક આપે છે, ખાસ ધ્યાન ક્યાં ભુવનોમાં એ એસપેકટસો થાય છે તે જરૂર જોવી જેમકે ૧, ૫, ૭ માં ભુવનોમાં સ્ત્રી માટે, ૩-૯ માં ભુવનોમાં મુસાફરી માટે.

૨. **રવી જો હરશચલ** ગ્રહ સાથે, ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° અંશની **શુભ** દૃષ્ટિ કરે, તો જાહેરમાં આબરૂ મળે, માન મળે, ઘણી ખુશનુમાં મુસાફરીઓ કરે, પારલામેંટનાં મેમ્બર થવા માટે એવા ડાઇરેકશનની જરૂર છે, અને જેને એવી એસપેકટ જો જન્મકાળે ડાઈરેકશનથી થાય તો, તે માણસ જરૂર પારલામેંટમાં અને રાજદ્વારી બાબદોમાં માન પામે. સ્ત્રીઓ માટે બીલકુલ સારૂં નહીં, બુરૂં છે, કારણકે કેટલીક વખતે ઉતાવળ્યાં અને હુલ્લડ લગ્ન કરાવે છે. જો જન્મ કુંડળીમાં ગ્રહો સારા હોય તો ઠીકાઠીક નહીં તો પુષ્કળ પસ્તાવું પડે છે. કેટલીક વખતે તો સ્ત્રીઓ, એવી અસરથી પોતાનું ઘર અને ધણી છોડીને ચાલી વટીક જાય છે, અને ઘણું કરીને સ્ત્રીની બાબદમાં તો સારી તેમજ માઠી બેઉ એસપેકટસો માહા બુરી જાણવી.

૩. **રવી જો શની** સાથે કંજંગશન ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશે એસપેકટ કરે અથવા પેરેલલ થાય તો ઘણુંજ બુરૂં જાણવું, કારણકે તંદરૂસ્તીને તદ્દન કચડી નાખે છે, મનને બેફામ બનાવે છે, અને ઘરબાર માલમીલકતને હાંની પુગાડે છે, વખતે ઘણું કરીને મોત પણ લાવે છે, જો શની અથવા રવી ચોથાં ભુવનનો માલેક હોય તો બાપનું મોત કરે છે, બીજાના માલેક હોય તો પૈસાનો નાશ કરે છે, અને જો જન્મકાળનાં ગ્રહો સારા નહીં હોય ને બચાવ કરતા નહીં હોય તો, તદ્દન ખુવાર કરી ભીખારી બનાવે છે. જો દશમાં ભુવને એમ થાય તો તેવી તેવુંજ ફળ આપે, દાખલા તરીકે નેપોલ્યન જેવા જગત્તને ધ્રુજાવનારનો જેવી હાલને અંત આવ્યો. પહેલાં ભુવને ભેજાંની તાપ અથવા મગજને લગતાં દરદો આપે છે, તેમજ રૂમેટીઝમ અને એવાંજ હમેશનાં ચાલુ દુ:ખ દરદો થાય છે, તેમજ પડી જવાથી, વાગવાથી, અથવા અકસ્માતથી એકાએક મોત પણ કરે છે, જેમકે ઘેરના પડવાથી, દટાઇ મરવાથી, પાણીની રાશીમાં ડુબી મરવાથી

વીગેરે. બીજાં ભુવનમાં દોલતનો નાશ, અને બધી રીતે નામુરાદી ને કમનસીબી. ત્રીજાં ભુવનમાં મુસાફરીમાં એકસીડંટ થાય, અને ભાઇ-ઓથી અથવા ઓળખાણુ પીછાણુનાઓથી નુકસાન પુગે, છઠ્ઠાંથી માંદગી અને મોત, આંઠમાંથી પણ મોત, અગ્યારમાંથી લુચ્ચા મીત્રો નુકસાન પુગાડે તેમજ પૈસા ખાઇ જાય, બારમાંથી કેદમાં જવાનો ભય રહે. એવી વખને શની તેમજ રવી કયા કયા ભુવનના માલેક છે તે જરૂર જોવું. સ્ત્રીની કુંડળીએ, એની અસર એવી છે કે, તે સ્ત્રી રંડાય, માબાપ મરે, અને દુઃખ તથા દળીદ્રતા હમેશની થાય.

દાખલા તરીકે અત્રે એ બાબદનું વિવેચન કરેલું વાંચનારને ઉપ્યોગી થઇ પડશે. આપણે જોઇયે છીએ કે કેટલાક વખને કોઇ ભર જુવાનીમાં, અથવા તો પોતાની ચઢતીનાં વખતમાં એકાએક મરણ પામે છે, કેટલાકો તબીયતે મજબુત હોય છે, પણ એકાએક તેઓનો પૈસો જતો રહે છે, વગી કોઈ તંદરૂસ્તી ને દોલત બેરૂ ખોહી બેસે છે, વળી કોઇની ઘણી મોટી દલગીરી ઉત્તપન્ન થાય છે, પણ તેવી દલગીરી છતાં તેને પૈસો મળે છે, એ સર્વે બાબદ જન્મ કુંડળી અને તેનાં ભુવનનાં જે જે ઘરોમાં એ ડાઇરેકશનનાં અસર થાય છે તેનાજ પરિણામ છે. દરેક મોત કંઇ ગેરલાભ કરનારા નીવડતાં નથી, જોકે પાપદૃષ્ટિથીજ મોત થાય છે, છતાં ધારો કે ગુરૂ છઠ્ઠાં ભુવને બળવાન હોય, જે દેખાડે છે કે કાકા-મામાઓ તરફથી લાભ થશે, જેથી જ્યારેબી સારી ડાઇરેકશનની શુભ એસપેકટ્સો ગુરૂ સાથે થાય છે, ત્યારે જરૂર તેઓ મારફતે તેને લાભ અપાવે છે, અથવા તો તેઓનાં મરણથી ફાળો હીસ્સો મળે છે, એટલે જોકે દેખાતી રીતે તો એ બુરાં ડાઇરેકશનથી મોત થઇને બુરૂં પરિણામ આવવા છતાં, વારસો મળીને લાભ કરે છે, માટે ડાઇરેકશન શુભ તેમજ બુરાં સર્વે ઘણા વીચારથી તપાસીને જોવાની ભલામણ કરવામાં આવે છે.

૪. રવી જો શની સાથે, ૩૦°, ૬૦°, ૭૨°, કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિથી ડાઇરેકશનમાં અસર કરે છે, તો તેનું બળ ઘણુંજ હોય છે, ખાસ કરીને જો રવી અથવા શની જન્મ વખતે બળવાન હોય અથવા તો કોઇ સારા ભુવનમાં હોય જેવાં કે ૧, ૧૦, કે બીજાં

ભુવને હોય તો લાભ આપે. જાહેરમાં માનમર્તબો વધારે, ઇજ્જત આબરૂ વધે, પૈસા મળે, નવા મીત્રો થાય ને તેથી લાભ મળે, ઇનામ બક્ષેશ મળે, વીગેરે ઘણું શુભ છે. સ્ત્રીઓને માટે પણ સારો છે, વીવાહ થાય.

૫. રવી જો ગુરૂ સાથે ૪૫°, ૯૦°, ૧૩૫°, કે ૧૮૦° અંશની પાપદૃષ્ટિ કરે તો, તે શનીની બુરામાં બુરી અસર કરતાં પણ ઘણીજ ખરાબ જાણવી, સરકાર દરબારમાં અને કાયદામાં આવી જાય, નાલેસીમાં આવી પડે, દરેક જાતનાં રોજગારમાં પુષ્કળ હાંની થાય, તબીયતનો બીગાડો કરે, માથે લોહી ચઢે, વખતે પીત્તા ફાટી જવાથી મરણુબી નીપજે અને તબીયતનું નખ્ખોદ વાળે, સાતમાં ભુવને કોર્ટ દરબારમાં હારે, દશમાં તથા બીજાં ભુવને પૈસાનો નાશ કરે, બારમાં ભુવને કેદખાને નાખે, ૧, ૬, કે આંઠમાં ભુવને તબીયતનો બીગાડ કરે અને પૈસાનો નાશ કરે.

૬. રવી જો ગુરૂ સાથે કંજંગશન, ૩૦°, ૬૦°, ૭૨°, કે ૧૨૦° અંશની એસપેકટ કરે અથવા પેરેલલ થાય તો ઘણોજ ઘણોજ સારો, પુષ્કળ દોલત આપે, માનમર્તબો વધારે, હરેક કામમાં ફત્તેહ આપે, રૂડા મીત્રો આપે, અને પોતાની આજીવીકા ઘણીજ ચાલાકીથી ચલાવે. ખાસ કરીને પેરેલલ થાય તો તે ઘણોજ સારો કારણકે ઘણા વર્ષ સુધી તેની અસર ચાલુ રહે છે. અનુભવ ઉપરથી પુરવાર થયું છે કે સ્ત્રીની બાબદમાં બીજી કોઇપણ ડાઇરેકશનની અસર કરતાં એની અસરથી લગ્નો ઘણાજ થાય છે, અથવા તો લગ્નના સાટાં થાય છે. પણ ધ્યાન રાખવું કે ઉમર લગ્ન લાયકની થયલી છે કે નહીં, તેમજ લગ્નનો જોગ કુંડળીમાં છે કે નહીં તે પણ જોવો.

૭. રવી જો મંગળ સાથે ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશની એસપેકટ કરે અથવા તો કંજંગશન કે પેરેલલ કરે તો ઘણી જાતના સખ્ત દરદો થાય, તાવ આવ્યા કરે, અકસ્માતો થાય, ઘા વાગે, દાઝી જાય, કુતરાના કરડવાથી હેરાન થાય, મસા થાય, લોહી વીકાર થાય, અતેસાર, ફોલ્લારો, શીતળા વીગેરે થાય, સરકાર દરબારમાં કોર્ટ કજ્જ્યા થાય, મારામારી થાય, મંગળ જે રાશીમાં હોય અને રવી જે રાશીમાં

હોય તે રાશીને એની અસર લાગુ પડે છે, મેષ, સીંહ અને ધન રાશીમાં બંદુકનું એકસીદંત કરે, વીજળીથી, ઘા વાગવાથી અથવા તાવથી પીડાય. કર્ક, વૃશ્ચિક, મીન રાશીમાં હોય તો, લોહી વીકારથી પીડાય, ડુબી મરે. મિથુન, તુલા, કુંભ રાશીમાં હોય તો હાડકાંમાં માર વાગે અથવા હાડકું ભાગી જાય. જો વરખ, કન્યા, મકર રાશીમાં હોય તો ઊંચી જગ્યાથી પડી જાય, હગ્યારથી ઝએહ થાય, ફાંસી જાય, અને લોહી ઝાડા વાટે જાય. સ્ત્રીની બાબદમાં જો એવું ડાઇરેકશન આવે તો ઘણું ખરાબ, ગર્ભપાત કરે, બચ્ચાંનાં જન્મ વખતે સ્ત્રીનું મોત કરે, અથવા એકાએક રંડાય.

આ એસપેકટસની અસર એકાએક તથા કંઇપણ ચેતવણી વગર થાય છે, અને જ્યારે એની આફ્ત આવી પડે છે ત્યારે સામટી બધી તરફથી આવી પડે છે, અને ગમે તેવી સંભાળ કે સાવચેતી છતાં બચાવ થઇ શકતો નથી. રવી અથવા મંગળની ત્રાન્ઝીત અથવા તો પેરેલલ જ્યારે થાય છે ત્યારે એવાં ડાઇરેકશનો સજીવન થાય છે. અનુભવથી માલમ પડે છે કે જ્યારેબી રવી અને મંગળ, વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશીમાં સાથે હોય છે, ત્યારે હાર્ટદીઝીઝ જરૂર થાય છે, અથવા તો હૃદય બંધ થવાથી તુરત મોત નીપજે છે. મિથુન અથવા ધનમાં ફેફસાંનાં દરદ કરે છે. જો જન્મકાળે રવી અથવા ચંદ્ર, શની અથવા મંગળની પાપદૃષ્ટિમાં આવેલા હોય તો જરૂર એ ડાઇરેકશન ઘણી બળવાન થઇને વધુ નુકસાન પુગાડે છે. વળી એ સર્વ ઉપરાંત એ ડાઇરેકશનો, માનવીને ચોરી, લુચ્ચાઇ લુટ-ફાટ, મારામારી, દારૂડી પણ બનાવે છે.

૮. **રવી જો મંગળ** સાથે ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° એવા અંશે શુભ એસપેકટસ કરે તો, લશકરી અથવા મંગળના ગુણ ધરાવનારા માણસોથી લાભ થાય, આબરૂ મળે, ચાલાક હોય, ઘડી ઘડી જગ્યા, તંદરૂસ્તી અને જોરમાં ફેરફાર થયા કરે, પણ મનશકિત વધારે ચલીત રહે, અને સ્વભાવ ગુસ્સાવાળો થાય.

રાજવંશીઓને નવા મુલકો મળે, લશકરમાં વધારો થાય, ઇજત આબરૂ વધે. કેટલીક વખતે એ ડાઈરેકશનથી લગ્નો પણ સંધાય છે, પણ તેઓ વચ્ચે મેળ નહીં રહે અને થોડા વખતમાં છુટા પડે.

૯. **રવી જો શુક્ર** સાથે કંજંગશન, ૩૦°, ૬૦°, ૭૨° કે ૧૨૦° અંશની એસપેકટ કરે અથવા પેરેલલ થાય તો, ઘણોજ સારો, મોજ-મજાહ કરાવે, તથા સ્ત્રીજાતી તરફ મન ચલીત રાખે. જો કંજંગશન કે પેરેલલ હોય તો ઘણું કરીને જરૂર લગન થાય, તંદરૂસ્તી, મોજ-મજાહ, સુખ, પૈસાની રેલછેલ અને ઉડાઉપણું, ખાણીપીણી, વીગેરે સર્વ સુખ આપે. કંજંગશન અને પેરેલલની મુખ્ય વધુ અસર હોય છે, તેથી ઊતરતી ૬૦ અંશની એસપેકટની અસર હોય છે.

૧૦. **રવી જો શુક્ર** સાથે ૪૫° અથવા ૯૦° અંશે એસપેકટ કરતો હોય તો, સારૂં નહીં, લાભકારી નહીં નીવડે, સ્ત્રીજાતી પાછળ અને ઉડાઉપણામાં પુષ્કળ પૈસો ખુવાર કરે, ફરઝંદો તરફથી નાસી-પાસી ને દુઃખ મળે, નીચ હલકાંઓની દોસ્તી અને દારૂનું વ્યસન લાગુ પડે. ૯૦° અંશની અસર જીંદગીના ૩૦માં વર્ષ પછીજ થાય છે.

૧૧. **રવી** જો **બુધ** સાથે કંજંગશન, ૩૦° કે ૬૦° અંશની એસપેકટ કરે અથવા તો પેરેલલ થાય તો, વિધ્યા અભ્યાસનો ઘણોજ શોખ હોય, પુષ્કળ ચોપડીઓ વાંચે, અભ્યાસ કરે, ઘણોજ કામમાં રોકાયલો રહે, વિચારશકિત પુષ્કળ તેજ થાય, વખતે મુસાફરી પણ કરે, (ખાસ કરીને જો ત્રીજા અથવા નવમાં ભુવનમાં રવી અથવા બુધ હોય તો) વળી કાંઇક શોધક બુધ્ધીથી માન ખાટે અને આગળ વધે. ખાસ કરીને કંજંગશન તથા પેરેલલ જરૂર જોવાં, આ ડાઇરેકશન ખાસ કરીને માણસને લખાણ, વંચાણ, અને ચોપડીઓ લખી, છપા-વીને જાહેર કરવાના જોગો ઘણા થાય છે. જ્યારે કન્યા રાશીમાં અને સાતમાં ભુવનમાં બુધ અને રવીનું કંજંગશન એક સ્ત્રીને ડાઇરેકશનમાં થયું ત્યારે તેનાં લગ્ન થયાં હતાં.

૧૨. **રવી** જો **બુધ** સાથે ૪૫° કે ૯૦° અંશની એસપેકટ કરે તો કાંઈ લખાણ, ખતપત્ર, વીગેરે બાબદ ખટપટ જાગે. તે સીવાય કંઇ ઘણી અસર થતી નથી. ખાસ કરીને ૯૦° અંશની એસપેકતની અસર લગભગ જન્મ પછી ૬૦મે વર્ષે થાય છે.

૧૩. **રવી જો ચંદ્ર સાથે** કંજંગશન કરે, તો તે પુરૂષને ફત્તેહ, **લાભ, આબરૂ, અને સુખ મળે, અને લગ્ન થાય, જો સાતમાં કે દશમાં**

ભુવનમાં હોય તો લગ્ન થાય; વળી નવા મીત્રો મળે, ઓળખાણ વધે. સ્ત્રીઓ માટે આ ડાઇરેકશન તંદરૂસ્તી માટે સારી નથી, તબીયત ખુબ બગાડે, તાવ, સોજો અને ચાલુ સીકનેસ રહે, અને જો આંઠમાં ભુવને થાય તો મોત થાય, જો બીજાં ભુવને હોય તો પૈસાની ખોટ જાય, જો સાતમે ભુવને હોય તો લગનનું સુખ સારૂં નહીં, અથવા તો ધણી સારો નહીં મળે.

૧૪. રવી જો ચંદ્ર સાથે ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° અથવા પેરેલલ થાય તો ઘણુંજ સારૂં. મીત્રતા વધે, આંટ વધે, જાહેરાત મળે, આબરૂ વધે, ધંધામાં ઘણોજ લાભ થાય. સ્ત્રી પુરૂષને પેરેલલ હોય તો લગ્ન થાય, માન મળે, અને હરેક કામમાં ફત્તેહ, જશ, અને સુખ મળે. મોટાં માણસોથી અને શેઠો તરફથી લાભ થાય.

૧૫. રવી જો ચંદ્ર સાથે ૪૫°, ૧૩૫°, ૧૮૦° અંશની પાપ-દૃષ્ટિમાં હોય તો ઘણોજ ખરાબ. ઘણો જળાપો બળાપો, ખોટ અને આફતો આવી પડે. દરેક કામકાજમાં હાડમારી ને નામુરાદીજ મળે, મોટાં માણસો તરફથી વીરૂધ્ધતા અને અણગમો ખમવો પડે. કેટલીક વખતે તો એ ડાઇરેકશનથી માબાપનાં મરણ નીપજે છે, સ્ત્રીનું મોત થાય છે, અથવા તો કોઇનાં મરવાથી સંકટ આવી પડે છે. સ્ત્રીઓની કુંડળીમાં એ વધારે ખરાબ પરિણામ આપે છે, અને જો જન્મકાળના ગ્રહો બળવાન નહીં હોય તો સદાની માંદગી અથવા તો મોત થાય. કર્ક, વૃશ્ચિક કે મીન રાશીમાં થાય તો, તે માનવી દારૂડીઓ થાય, અને નિંચ લોકોની હલકી સંગતમાં ફરે. જો બારમાં ભુવને થાય તો બંદીખાને જાય, વેપારમાં ખોટ જાય અને દરેક રીતે નુકસાની થાય.

(૬૨) ડાઇરેકશનમાં ચંદ્રની એસપેકટસોનાં ફળ.

૧. ચંદ્ર જો હરશાચલ સાથે કંજંગશન, ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશની એસપેકટ થાય અથવા તો પેરેલલ થાય તો ઘણુંજ ખરાબ ફળ આપે, ઘણા ફેરફાર થાય, મુસાફરી થાય, આફત આવી પડે, ખાસ કરીને આફત સ્ત્રીઓ તરફથી આવે, આબરૂ જાય, ચીંતા, ફીકર, અને એક બાજુથી બીજી બાજુ ભટકવાનો શોખ ઉત્તપન્ન થાય,

મન અચોક્કસ થાય, અને આફ્તો આવે. જો સાતમાં ભુવનમાં થાય તો લગ્નથી દુઃખ આવી પડે. પાંચમાં ભુવને થાય તો વ્યભીચારી નીવડે, જેટલી પુરૂષને એની અસર ખરાબ છે તેટલી સ્ત્રીઓને ખરાબ નથી, સ્ત્રીઓને મુસાફરીમાં અડચણ, અથવા તો એકાએક એક જગ્યાથી બીજી જગ્યામાં જવાનું થાય, રખડાટ પડે, તથા મનનાં વીચાર બદલાઇ જાય, અને ઘણો કડવો અનુભવ મળે, હૈયું સખ્ત થાય, હઠીલો સ્વભાવ થાથ, અને નાલેસીમાં અને નિંદાનો ભોગ થઇ પડે, કાગળ પત્રનાં વહેવારથી અડચણ પડે, ટટો થાય, વીગેરે એ સર્વે બાબદો માંહેલી જે બાબદ જન્મકાળે ગ્રહોની અસરથી થતી હોય, તે એવ ડાઇરેકશન વખતે પ્રગટ થાય છે.

૨. ચંદ્ર જો હરશચલ સાથે ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° અંશની દૃષ્ટિ થાય તો ઘણું સારૂં. કારણકે મુસાફરીથી લાભ આપે, અથવા કંઇ ફેરફારથી લાભ થાય, તોપણ મન અને ચીત્ત, સર્વે સ્ત્રીઓની બાબદ તરફ વધારે ઢળેલું રાખે.

૩. ચંદ્ર જો શની સાથે કંજંગશન, ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશની દૃષ્ટિ કરે અથવા પેરેલલ થાય તો ઘણોજ ઘણોજ ખરાબ જાણવો, વેપારમાં પુષ્કળ નુકસાન, પૈસાની ખુવારી. જો બીજાં ભુવનમાં થાય તો કાચું દીવાળું, નાસીપાસી, દુઃખ, દળીદ્રતા અને સંકટ આવી પડે. પોતાની ભલી સ્ત્રીનું મોત થાય, માતાનું મોત થાય અથવા તો ભર જુવાન બચ્ચું મરે, અને એવા બનાવો બને કે જેથી તે માણસ દુઃખના દર્યામાં ડુબી મરે, જો રવી અથવા ચંદ્ર પાપ દૃષ્ટિથી જન્મકાળે એફ્લીકટેદ હોય તો જરૂર મોટી માંદગી થાય, અને ચીંતા અને ફીકરથી મગજશકિત નબળી પડી જાય.

સ્ત્રીઓના બાબમાં તો ઘણોજ ખરાબ જાણવો, કારણકે મોટી માંદગી થાય, અને ઘણા કેસમાં મરણ નીપજે, માલમીલકત જતી રહે. ભલા મીત્રો અને સલાહકાર તથા માબાપનો ક્ષય થાય, નાલેસીમાં આવી પડે અને નાસીપાસી અને નિંદાનો ભોગ થાય. કેટલીક વખતે તો એ એસપેકટસથી સ્ત્રીઓ બેઇજતીમાં આવી પડે છે, અને ખાસ

કરીને જો જન્મ વખતે ચંદ્ર શનીની પાપદૃષ્ટિથી માહાત થયલો હોય તો જરૂરજ બેઇજ્જતી થાય.

૪. **ચંદ્ર** જો **શની** સાથે, ૩૦°, ૬૦° કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ કરે તો, વેપાર ધંધામાં ફાયદો કરે, નામના વધારે, આંટ વધે, નવા મીત્રો થાય, ગંભીર, સાવચેત, અને મનન કરનારો થાય, પણ મોજશોખની ઝાઝી દરકાર રાખે નહીં, ગંભીર રીતભાતનો અને પોતાના કામકાજમાં રોકાયલો રહે.

૫. **ચંદ્ર** જો **ગુરૂ** સાથે કંજંગશન, ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° અંશની એસપેકટ કરતો હોય અથવા પેરેલલ હોય તો તે ઘણોજ ઘણોજ સારો, ખાસ કરીને પૈસા ટકા સંબંધમાં, કારણકે પૈસાનો લાભ, વેપારનો ઉછાળો, નામના, માનપાન, તથા શેહાદી રામસની કરનારો થાય, અને હરેક કામમાં ફત્તેહ તથા સુખ આપે. સ્ત્રીઓને સારી તંદરૂસ્તી, મોજમજાહ અને સંપુર્ણ સુખ આપે છે.

૬. **ચંદ્ર** જો **ગુરૂ** સાથે, ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશે એસપેકટમાં હોય તો, પૈસાનો સમુળગો નાશ, શેર સટ્ટાથી પૈસાની ખુવારી વકીલો, માજીસ્ટ્રેટ, અને ઘરવાળાથી દુઃખ ખમવું પડે. પોતાની દોલતનો ગેરઉપયોગ કરે, ઉડાઉ થાય, તથા જેને નાણા ધીરે તે ખાઇ જાય, નાણા પાછાં વસુલ થાય નહીં. સ્ત્રીની બાબદમાં લોહીનો બગાડો થાય, તથા હરદમ માથું દુખ્યા કરે, અને હરેક બાબદમાં ખોટ જાય.

૭. **ચંદ્ર** જો **મંગળ** સાથે કંજંગશન, ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશની અથવા પેરેલલ એસપેકટ કરે તો, માહા બુરો જાણવો, ટંટો ફેસાદ ઘણો કરે, કજ્યાખોર નીવડે, અને વાદવીવાદ તથા નકામી મારા મારી માથે હોરી લે. ઘણાક તેજ દરદો અને એકસીદંતો થવાનો સંભવ છે. તાવ, શીતળા, સોજા વીગેરે મંગળને લગતાં દરદો થાય, રેતી પથરી પણ વખતે થાય, હાડકાં ભાગી જાય, અથવા તો કાપ, ઘસારા કે દાઝી જાય. જો જન્મકાળની કુંડળી ચોરી લુચ્ચાઇ દેખાડતી હોય તો તે માણસ એવે વખતે જરૂર ચોરી કરે, ફોરજરી કરે, અને તકલીફમાં આવે. ભુંડાંઓની દોસ્તીમાં પાયામાળ થાય તથા તદન બેદરકાર અને આબરૂની દરકાર વગરનો થાય, જો પહેલાં અથવા

બીજાં ભુવનમાં મંગળ બળવાન હોય તો આગ લાગવાથી પૈસો જાય, ત્રીજાં ભુવનમાં મુસાફરીમાં એકસીડંટ થાય, બીજાં ભુવને ચોરો અથવા દગાબાજો માલ લુટી જાય, જો સાતમાં ભુવનમાં હોય તોપણ એવીજ અસર થાય, કેટલાક પુરૂષો એવી વખતે ઉતાવળ કરીને લગ્ન કરે છે, પણ પાછળથી મોટી પીડામાં પડે છે, અને છુટા છેડા કરવા પડે છે. સ્ત્રીઓ માટે તાવ અને તબીયતનો બગાડો, દરેક બાબદમાં ખોટ, અકસ્માત, અને ચાલચલણમાં બગાડો થાય, વ્યભીચારી થાય, કુંવારી સ્ત્રીઓએ એવી એસપેકટ વખતે ઘણુંજ સંભાળવું, કારણકે વ્યભીચારમાં ફસવાનો ઘણો સંભવ રહે છે, પરણેલી સ્ત્રીઓને પોતાના ધણી સાથે ટંટો થાય છે. પણ એ સર્વે બાબદમાં હમેશાં ભુવનો અને ગ્રહો જોતા જવું, અને જન્મકાળે પણ તેવી બાબદનો ઇસારો છે કે નહીં તે જરૂર જોવો, કારણકે જન્મકાળે જે હોય તેજ ડાઇરેકશનથી પ્રગટ થાય છે.

૮. **ચંદ્ર** જો **મંગળ** સાથે ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° એવી એસપેકટમાં આવે, તો ઉલટ ઉમંગ વધે, મુસાફરી કરે, કસરતનો શોખ થાય, તથા વેપારમાં વધારો થાય, હીમતવાન થાય, ઉદાર દીલનો થાય, અને સ્ત્રીઓની સંગત શોધતો ફરે. તંદરૂસ્તી સારી રહે અને બધી રીતે લાભ મળે. સ્ત્રીઓની બાબદમાં કંઇ એટલો બધો સારો નથી, કારણકે મરદોની સંગત તરફ તેને લલચાવે છે, તથા વ્યભીચારમાં ફસાવે છે.

૯. **ચંદ્ર** જો **રવી** સાથે કંજંગશન કરે તો મરદને માટે સારો, કારણકે તેજી વધારે, નફો કરાવે, વેપાર વધારે, ઘણીક વખતે કુમારાને લગ્ન કરાવે, મોટાં મનનો થાય, ભોળો અને ઉદાર બને. સ્ત્રીઓ માટે સારો નહીં, તાવ, સોજો અથવા મોત થાય, ખાસ કરીને છઠ્ઠાં અથવા આંઠમાં ભુવનમાં હોય તો જરૂર ગંભીર માંદગી અથવા મોત થાય. મંગળ જો ૧, ૪, ૭, ૧૦માં ભુવનમાં હોય તો આંખને નુકસાન પુગાડે.

૧૦. **ચંદ્ર** જો **રવી** સાથે ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° અંશની દૃષ્ટિ કરે અથવા તો પેરેલલમાં હોય તો, મોટા અને બળવાન મીત્રો મળે, અને તેથી લાભ થાય, લગ્નના જોડાં સાંધે વેપારમાં ફત્તેહ, શેર સટ્ટામાં

ફાયદો અને દરેક રીતે ભાગ્યશાળી નીવડે. સ્ત્રીઓ માટે પણ એજ રીતે સારો છે, તંદરૂસ્તી વધારે.

૧૧. ચંદ્ર જો રવી સાથે ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° અંશે હોય તો દરેક બાબદમાં ઘણોજ કમનસીબ અને તંદરૂસ્તી તથા મગજ-શકિતને મોટું નુકસાન પુગાડે, વેપારનો નાશ, મીત્રોથી દુશ્મની, સગાં સંબંધી કે પોતાની સ્ત્રીનું મોત થાય, તથા દરેક રીતે ખરાબ જાણવું. સ્ત્રીઓ માટે પણ દરેક રીતની ખોટ અને તબીયતનો નાશ સમજવો.

૧૨. ચંદ્ર જો શુક્ર સાથે કંજંગશન કરે, અથવા ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° વીગેરે શુભ દૃષ્ટિમાં હોય અથવા પેરેલલ થાય, તો શેહાદી રામશની થાય, મોજમજાહ ઘણી મળે, અને નાચરંગ અને સ્ત્રીની સંગતમાં ફસેલો રહે. પરણેલાંઓને ત્યાં ફરઝંદની વર્ધી થાય. સ્ત્રીઓને તંદરૂસ્તી વધે, મન શાંત રહે, સારૂં ભવીષ્ય થાય. જો ♉ અથવા P હોય તો લગ્ન બાબદ જરૂર જોવી.

૧૩. ચંદ્ર જો શુક્ર સાથે, ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° વીગેરે પાપદૃષ્ટિમાં હોય તો સ્ત્રીઓ મારફતે દુઃખ ઉત્તપન્ન કરે, નાલેસી કરે. વ્યભીચારી થાય, ઉડાઉ થાય, પૈસા ગુમાવે, પ્યારમાં નીષ્ફળતા, મારામારી, સ્ત્રીઓ સંબંધી ખટપટ અને ઘણી વખતે બચ્ચાંનું મરણ નીપજે છે. સ્ત્રીઓ માટે તબીયતનો બગાડો, મરદો તરફથી દલગીરી, દુઃખ અને નાસીપાસી મળે છે.

૧૪. ચંદ્ર જો બુધ સાથે કંજંગશન, ૩૦°, ૬૦°, ૭૨°, ૧૨૦° કે પેરેલલમાં હોય તો, પુષ્કળ અભ્યાસ કરાવે, બોહળું વાંચણ રાખે, મનશકિત બળવાન રાખે, વેપારમાં લાભ આપે, ફીલસુફી શીખવે, સરકાર દરબાર, કોર્ટ કજ્યામાં ફત્તેહ અને અનેક રીતનું સુખ મળે.

૧૫. ચંદ્ર જો બુધ સાથે ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° એવી પાપદૃષ્ટિમાં હોય તો, સારો નહીં, નાલેસી થાય, કોર્ટ કજ્યામાં હાર થાય, ફીલસુફો સાથે ખટપટ જાગે, ધંધામાં ખોટ જાય, ખટપટ જાગે, મુસાફરીમાં નુકસાનકારક. એવી વખતે લખતપત્રપર સહી કરવાને,

કોનત્રાક્ટમાં જોડાવાને, અથવા કોઇપિણ બાબદનાં લખાણ કરવાથી પહેરેજ રહેવું, ને જો લખવાની ફરજ પડે તો ખુબ સંભાળવું.

૧૬. **ચંદ્ર જો પોતાની જન્મની** અંશ, કળા સાથે કંજંગશન કરતો હોય તો, સ્ત્રીઓ તરફથી લાભ મળે, નવા મીત્રો થાય, મુસાફરી કરે, વેપારવણુજ વધારે, તથા સ્ત્રીઓની સંગત વધારે પસંદ કરે.

૧૭. જો ચંદ્ર પોતાની જન્મની અંશકળાને ડાઇરેકશનથી પાપ-દૃષ્ટિ કરતો હોય તો નાચારી, દુઃખ, દળીદ્રતા, ખોટ વીગેરે સ્ત્રીઓ મારફતે મળે, નાસીપાસી આવે, ને દરેક રીતે નુકસાન કરે. સ્ત્રીઓ માટે તબીયતનો નાશ કરે.

એ પ્રમાણે ચંદ્રની હરેક એસપેક્ટસો જે ડાઇરેકશન મારફતે થાય તેનું ફળ જાણવું. એટલું ખુબ ધ્યાનમાં રાખવું કે ડાઇરેકશનની એસપેકટ કયાં કયાં ભુવનોમાં થાય છે, તથા કયાં કયાં ભુવનો તરફથી ઉશ્કેરણી મળે છે, ત્રાન્ઝીતની અસર કયાં ભુવનથી ડાઇરેકશનને અસર કરે છે, તથા ડાઇરેકશનના અને ત્રાન્ઝીતના ગ્રહો એક બીજાપર અસર કરે છે તે કુંડળીના કયા ભુવનના માલેક છે, તે જરૂર તપાસવું અને જે ભુવનને લગતી બાબદ હોય, તે ભુવનને લગતો ખુલાસો વીચાર પુગાડી જાણવો.

(૬૩) ડાઇરેકશનમાં ગ્રહોની મ્યુચ્યલ એસપેકટનું ફળ.

૧. **હરશાચલ** અને **શનીનું** ડાઇરેકશન કવચીતજ થાય છે, અને ૧, ૩, ૯, કે ૧૦માં ભુવનમાંજ તેની અસર વધુ હોય છે, બાકી બીજાં ભુવનોમાં તો તેની ઝાઝી અસર થતી નથી, જ્યારે એ ગ્રહો બેઉ અથવા એક જો ત્રીજાં, પહેલાં, કે નવમાં ભુવનમાં ડાઇરેકશનથી હોય તો, તેવે વખતે બાતેનની બાબદ જાણવાની ઘણી ઇચ્છા થાય છે, અને આત્તમજ્ઞાન તથા માનસીક વિધ્યા ઉપર પુષ્કળ ખેંચાણ થાય છે. દશમાં ભુવને ધંધારોજગારમાં પુષ્કળ હાંની, નાલેસી ને બેઇજતી કરે છે. સારાં ડાઇરેકશન કાંઇ ઝાઝી અસર કરતાં નથી,

ઉપર જણાવ્યા પ્રમાણે આ ગ્રહોના ડાઇરેકશન જવળેજ થાય છે, અને તેની અસર ઝાઝી ધારવામાં આવતી નથી.

૨. **હરશચલ જો ગુરૂ** સાથે કંજંગશન, પેરેલલ, ૩૦°, ૬૦°, કે ૧૨૦° અંશની ડાઇરેકશનથી એસપેકટસ કરે તો, આઇતા પૈસા મળે, વારસો મળે, અને પૈસાનો લાભ થાય.

૩. **હરશચલ જો ગુરૂ** સાથે પાપદૃષ્ટિમાં હોય તો, કોર્ટ દરબારમાં જવું પડે, કજ્યામાં હાર થાય, અને શેઠ અથવા મોટા માણસોથી હેરાનગતી ખમવી પડે.

૪. **હરશચલ** અને **મંગળ** એ ગ્રહો ડાઇરેકશનમાં ઘણી અસર કરતા નથી. પહેલાં અને સાતમાં ભુવનમાં એની અસર વધારે છે, પહેલાંમાં ગુસ્સાને ઘણોજ તીક્ષણ કરે છે, અને સાતમાંમાં છુટા છેડા કરાવે છે, અને સ્ત્રી સાથ મારફાડ કરે છે.

૫. **હરશચલ** જો **શુક્રને** પાપદૃષ્ટિ કરતો હોય તો, છંડી, વ્યભીચારી, અને સ્ત્રીઓ તરફ ખેંચાયલો રાખે, અને હરશચલ અને શુક્ર જો જન્મકાળે એક બીજાને પાપદૃષ્ટિ કરતા હોય તો ઘણો ખરાબ, એની અસર એવી છે કે ગેરકાયદાસરનું જોડાણ પારકી સ્ત્રી સાથે રાખે, બેઇજત, બેઆબરૂ થાય, અને સ્ત્રીઓ સાથે ખુવાર થાય.

૬. **હરશચલ** જો **શુક્ર** સાથે શુભ દૃષ્ટિમાં હોય, તો મોજશોખ અને વ્યભીચારમાં પડે, પણ આબરૂ સાચવી રાખે, સ્ત્રીઓ સાથ આડો વહેવાર હોય પણ જાહેરાતમાં નહીં આવે, સ્ત્રીઓની કુંડળીએ આવી એસપેકટથી નુકસાન છે, કારણ પતીવ્રતપણું જળવાતું નથી.

૭. **હરશચલ** અને **બુધ** જો પાપદૃષ્ટિમાં આવે, તો મનશકિતને કડવો અનુભવ મળે, ચીરડાઉ સ્વભાવ થાય, ફોરજરી કરે, છાપાથી નુકસાન પુગે, લખાણમાં વાંધો પડે, ખોટાં લખત કરે તથા મન ઘણુંજ ડામાડોળ રાખે.

૮. **હરશચલ** સાથે **બુધ** જો **શુભ** દૃષ્ટિમાં આવે તો આસ્માની અને આત્તમીક વિધ્યાઓ શીખે, અને હરેક બાબદતું સાધારણ જ્ઞાન મેળવે. મન ઘણું ચંચળ હોય, હાજર જવાબી, મજાક મશ્કરી, ટીકા

વીગેરે શક્તિ સારી હોય, મુસાફરી તથા કારોબાર સારી સમજદારીથી ચલાવે, જ્યારે ચંદ્ર અથવા બુધ, હરશાચલ ગ્રહનાં ડાઇરેકશનમાં આવે ત્યારે ઘણાકો જ્યોતીષ વિધ્યાની ચુનોચરા કરનારા તથા તેનો અભ્યાસ કરનારા થાય છે, પણ એ સર્વેનો આધાર બેઉ ગ્રહોનાં ભુવનોપર આધાર રાખે છે.

૯. **શની** જો **ગુરૂ** સાથે કંજંગશન, પેરેલલ, અથવા તો શુભ દૃષ્ટિમાં હોય તો સારો જાણવો, અને જો ગુરૂ ઊંચનો હોય તો એકાએક નહીં ધારેલી દોલત મળે, વારસો મળે, પૈસાની રેલછેલ થાય, કોર્ટ દરબારમાં કેસ જીતે, અને માનપાન મળે, કંજંગશન કરતાં પેરેલલ વધારે સારો છે.

૧૦. **શની** જો **ગુરૂ** સાથે પાપદૃષ્ટિમાં હોય તો, મીત્રો, અને કોર્ટથી ઘણું દુઃખ ખમવું પડે, પૈસાની તંગીમાં આવી પડે, કાચું દીવાળું નીકળે, બેઇજતી થાય, અને દરેક રીતે મનની, ધંધાની, અને આબરૂની પાયામાળી થાય.

૧૧. **શની** અને **મંગળ** જ્યારે શુભ દૃષ્ટિમાં હોય છે, ત્યારે કંઇ ઘણી અસર થતી નથી, પણ ફક્ત કઈ બહાદુરીનું કામ કરે અથવા તો તબીયત સારી રાખે.

૧૨. **શની** જો **મંગળ** સાથે પાપદૃષ્ટિમાં આવે અને જો શની અથવા મંગળ લગ્ને, અથવા સાતમે કે દશમે હોય તો ઘણું ખરાબ, કારણકે તેથી કંઇક ગુનાહ કરે, ફોજદારીમાં આવી પડે, ગુસ્સો, તામસી અને તુફાની સ્વભાવ થાય, અને મારામારી, લડાઇ વઢાઇ, અને ખુની સ્વભાવ કરે. આ બાબદમાં શની અથવા મંગળ જો જન્મે ઊંચનાં હોય અથવા તો બળવાન હોય તોજ ફળ આપે છે, નહીં તો કેટલીક વખતે કશી અસર થતી નથી.

૧૩. **શની** જો **શુક્ર** સાથે પાપદૃષ્ટિ કરે તો ગમગીની, દુઃખ અને દળીદ્રતા, તથા નાસીપાસી મળે, સગાં સંબંધીમાં મૌત થાય અથવા તો સ્ત્રી મરે, સ્ત્રીજાતીથી હીણાતો ફરે, દારૂડી થાય, ખરાબ ટેવો પડે અને નીચ વેશ્યા સ્ત્રીઓ સાથે સંબંધ રાખે.

૧૪. **શની જો શુક્ર** સાથે શુભ દૃષ્ટિમાં હોય તો, ચોક્કસ વિચારનો, એક માર્ગી, સાવચેત, તથા પવીત્ર વિચારવાળો અને પતીવ્રત અને સારી ચાલચલણુવાળો થાય.

૧૫. **શની** જો **બુધ** સાથે પાપદૃષ્ટિમાં હોય તો સારો નહીં. સ્વભાવને બગાડે, ફોરજરી કરે, ચોરી કરે અને તેનેથી ફસી પડી દુઃખમાં પડે, હલકાં લોકો સાથે ખટપટ થાય, અને નિંચ શખ્સો સાથે મીત્રતા રાખે.

૧૬. **ગુરૂ** જો **મંગળ** સાથે પાપદૃષ્ટિમાં હોય તો, શેર સટ્ટામાં સોરતી સરતમાં તથા પરચુટણુ નાની બાબદોમાં પૈસા ખોહે, જો જન્મકાળે એમ હોય ને ડાઇરેકશનથી પણુ એવી અસર થાય તો, સર્વે પૈસા ઉડાવી નાખે. જો જન્મકાળે એવી અસર હોય તો, દારૂમાં, જુગારમાં અને લખલુટ ખરચમાં સર્વે પૈસો ગુમાવે. જો જન્મકાળે કંઇ કોર્ટ દરબારની અસર હોય તો, એવે વખતે કજયા કેસોમાં અને સરકારી આફતોમાં લાવી નાખે.

૧૭. **ગુરૂ** જો **મંગળ** સાથે શુભ દૃષ્ટિમાં આવે તો સહેજ સારો છે. વખતે દોલત આપે, ઉદયોગી બનાવે, ઊલટવાળો થાય, પગાર વધરાવે, તાકાત વધારે, એનો આધાર જન્મકાળે ગુરૂ મંગળ કેટલા બળવાન છે, તે ઉપર રાખે છે.

૧૮. **ગુરૂ** જો **શુક્ર** સાથે પાપ ડાઇરેકશનની દૃષ્ટિ કરે તો શેર સટ્ટામાં, સરત જુગારમાં, કપડાં, અને વ્યભીચારણી સ્ત્રીઓ પાછળ પૈસો ખુવાર કરે.

૧૯. **ગુરૂ** જો **શુક્રનાં** શુભ ડાઇરેકશનમાં આવે તો ફત્તેહ આપે, સ્ત્રીઓ તરફથી લાભ અપાવે, તથા પોતાનો કારોબાર પોતે સારી રીતે ચલાવે, પણુ એવાં ડાઇરેકશનની અસર કંઇ ટકાઉ અને લાંબા વખતની નથી. જો ગુરૂ અને શુક્રનું કંજંગશન થાય તો તે ઘણુ સારૂં, કારણુકે આબરૂ ઇજત, માનપાન, પૈસો, લાગવગ, મોહટાઇ અને મનની શાંતિ, તંદરૂસ્તી વીગેરે સર્વે સુખ આપે.

૨૦. **શુક્ર** જો **બુધ** સાથે પાપદૃષ્ટિમાં આવે તો ખરાબ, મુશ્કેલીઓ, ફોરજરી, ચોરી, લાયબલ, જુઠ્ઠી સાક્ષી, તથા ભેજાંનાં ધખારા અને મેડનેસ વીગેરેની આફતોમાં ફસી પડે.

૨૧. **મંગળ** અને **શુક્ર** જો પાપદૃષ્ટિમાં આવે તો વેશ્યા સ્ત્રીઓ સાથે સંબંધ રાખે, અને સ્ત્રીઓની સંઘમાં વહેવાર રાખે, કે જેથી તબીયતનું વટીક નખ્ખોદ વાળે, બેઇજતી થાય, ઘરસંસારમાં મારામારી થાય, દારૂડી બને, વ્યભીચારી ઘણો બને, અને ખટપટ કર્યા કરે. જો મંગળ ૫, ૭, કે ૧૦માં જુવાને સ્ત્રીની કુંડળીમાં હોય તો ઘણો ખરાબ.

૨૨. **મંગળ** અને **શુક્ર** **શુભ** દૃષ્ટિમાં આવે તો, મોજીલો, શોખીલો હસમુખો, બેદરકાર, નીર્ભય, સ્ત્રીઓની સાથે મોજમજાહમાં રહેનારો, દારૂનો જરા વધારે શોખીન, અને પૈસા છુતા હાથે ખરચનારો થાય.

નોંધ :—મંગળ અને શુક્રનાં સારા અથવા ખરાબ કોઇપણ ડાઇરેકશન અથવા તો જન્મકાળે શુભ અથવા પાપ કોઇપણ જાતની દૃષ્ટિ હોય તે શું મરદ કે ઓરત એ બેઉને **નિતીની બાબદમાં** બહુજ ખરાબ જાણવી.

૨૩. **મંગળ** જો **બુધ** સાથે પાપદૃષ્ટિમાં આવે તો, મનશકિતને માટે ખરાબ છે. હરેક ભુંડા વીચાર, અને કાવત્રાં રચે, ચોરી કરે, ખોટી સહી કરે, દારૂડી થાય, અને ઘણીક વખતે જાહેરમાં શીક્ષા પણ થાય, અને જાહેર નિંદા કરવા માટે કેદમાં પણ જાય, કોર્ટ કજ્યામાં સામેલ થાય, નિંચ માણુસોની સંગત કરે, અને મારફાડ કરનારો થાય.

૨૪. **મંગળ** જો **બુધ** સાથે શુભ દૃષ્ટિમાં હોય તો, તો કાંઇ ઘણી જરૂરીયાત ધરાવતો નથી. ફકત એવાં ડાઇરેકશન વખતે જરા ઉલટ, હીમત, પૈસો, જોર તાકાત વીગેરે મળે અને મન શાંત રાખે, પણ તેજ થાય, અક્કળ વધે, પણ તેની અસર જેટલો વખત ડાઇરેકશનની અસર રહે તેટલોજ વખત આપે.

૨૫. **શુક્ર** જો **બુધ** સાથે કોઇપણ જાતની ડાઇરેકશનમાં આવે તો કંઈ દમ વગરનું છે, કંઇ અસર થતી નથી, પણ જો કંજંગશન

અથવા પેરેલલ થાય તો, કવી, ચીતારો, ને મીત્રતા તથા ભાઇચારાનો શોખીન હોય અને નવા નવા મીત્રો કરે.

એ પ્રમાણે ડાઇરેકશનથી રવી અને તેની બીજા ગ્રહો સાથની અસરો, ચંદ્ર તથા તેની બીજા ગ્રહો સાથની અસરો, તથા ગ્રહોની એક બીજા સાથની અસરો તપાસવી, તેના ફળ જોવાં. **શુભ દૃષ્ટિ** યાને સારી અસરોમાં મુખ્ય ૩૦°, ૭૨°, ૧૨૦°, અંશની દૃષ્ટિઓ તથા શુભ ગ્રહોનાં કંજંગશન પેરેલલો જાણવાં, અને **પાપદૃષ્ટિમાં** ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦° તથા પાપગ્રહોના કંજંગશન કે પેરેલલ જાણવાં.

વધુ ખુલાસો તથા ડાઇરેકશનની બીજી બાબદો આગળ જતાં, આ ચોપડીનાં બીજા ભાગોમાં સમજાવતા જઇશું. અત્રે ભાગ પહેલો અહીંયાં પુરો કરી આ ચોપડીનો બીજો ભાગ યાને હોરારી એસ્ટ્રોલોજી તરફ વાંચનારનું ધ્યાન ખેંચીશું.

આ ભાગમાં જે જે કોઠકો લખ્યાં છે, તે માંહેલા મુખ્ય ભાગે છાપેલા છે, પણ જે કોષ્ટકો આ ભાગમાં છપાયાં નથી, તે આ ચોપડીના સર્વથી છેલ્લાં પાનાંઓમાં જોવાં.

ભાગ પહેલો સમાપ્ત.

ભાગ બીજો.

"હોરારી એસ્ટ્રોલૉજી."

"**હોરારી એસ્ટ્રોલોજી**" યાને, એકાએક ઘડીએ, જ્યારે મન ઉપર અનંત આપ્દત આવી પડી હોય, અને તે વખતે કુદરતથી તમારા કાર્યની વલણુ કેવી થશે, એકાએકીમાં શું પરીણામ આવશે, એક માહાભારત કાર્યની યોજનાં વખતે, એક દુર પડેલા સ્નેહી માટે, કોઇ માનવીનાં જન્મનો વખત નહીં માલુમ પડવે, તે માનવી જ્યારે એકાએક આફ્ત વખતે, જ્યોતીષીની સલાહ લેવાને જાય, ત્યારે **તે વખતની કુંડળી** કાઢી જે વર્ત્તવામાં આવે છે, તેને હોરારી એસ્ટ્રોલૉજી કહે છે. હોરા યાને વખત એ બોલ છજીપશીયનો ઉપરથી નીકળેલો છે, એ વિધ્યાનાં હજારો કાયદાઓ છે, તે સર્વે લખીને ગુંચવણુ કરવા કરતાં જે ખરી વીગત અને જરૂરી છે, તે બની તેટલી ટુંકમાં પણ ઉપ્યોગી થઇ પડે, એવી રીતે અત્રે રજુ કરી છે. માનવી ભુલ કરે છે, હું પોતે હજારો ભુલોથી ભરેલો છું; તો આ બાબદમાં પણુ ભુલથાપ ગણીતમાં ઘણી ખાવી પડે છે, હરેક નજીવી બાબદ માટે પણ કુંડળી કાઢવી એ તદન બેવકુફી છે, તેનો કંઇપણુ મીનીંગ થતો નથી, અને જે કંઇ ફળ દરશાવ્યે તે ખોટું પડે છે, ફક્ત એકાએકી, આફ્ત, હદેશો, કે જે વખતે ચંચળ મન એકામ બને છે, અને અંતરના આતશની જોત પ્રગટ રહી, તે વખતે માનવીને આત્તમીક શક્તિની અસર હેઠળ, એકાએક જ્યોતીષ જોવાની મનોવાસના થાય છે, તેવે પ્રસંગે જે કુંડળી કાઢો તેનું ફળ જણાવ્યે, તે ફળ અચુક ખરૂં ઠરે છે. આ બાબદમાં જેટલી જરૂરી ચીજોની જરૂર છે, તે સર્વે અત્રે દરશાવી છે, એટલે અભ્યાસીને બાજી કોઇપણુ રીતની ભુલચુક કે ખામી રહેવા પામશે નહીં, એવી આશા છે.

રાશીઓ, ગ્રહો, તેના ઉચ્ચ નીચ પ્રમાણો, તેની નીશાનો, તેની ખાસીયતો, તેનાં રંગો, તેની અસરો એ સર્વે બાબદ આગળ આપેલી છે, તે કાયમ રાખવી અને તેજ પ્રમાણે જાણવી, પણ તે માંહેલી કેટલીક અસરો કેટલીક બાબદમાં અમુક કાયદાઓને લીધે, સહેજ-સહાજ ફેરબદલ થાય છે, જે તેની જગ્યાએ, તે સવાળની બાબદમાં દરશાવેલી છે.

ગ્રહો અને ભુવનોને લગતી એસપેકટસો પણ આગળ સમજાવી છે, તે સર્વે એસપેકટસો પણ તેજ પ્રમાણે જાણવી પરંતુ બાજે વખત તેનાં ગુણદોષમાં હોરારી પ્રશ્નથી સહેજ ફેરફાર પડે છે, જે સવાળોની બાબદમાં આગળ સમજાવ્યા છે.

રાશીઓ કેવા કેવા પ્રમાણની અસરનાં માનવી ઉત્તપન્ન કરે છે ને, તેમજ અનેક રાશીમાં ગ્રહો કેવી રૂપ ને ખાસીયતવાળા માનવી પેદા કરે છે, તે સર્વે ખુલાસા આગળ આપ્યા છે, તે પ્રમાણે જોઈ જાણી લેવા.

ગ્રહો અને રાશીઓની જે જે બાબદોનો ખુલાસો આગળ આપ્યો છે, તે હોરારી જ્યોતીષમાં ઘણો કામનો છે, પહેલે તો એક કુંડળી કાઢી તો તે માંહેલું લગ્ન યાને પહેલું ભુવન સવાળ કરનારની આબેહુબ સીકલ તથા ગુણો દરશાવી આપે છે, જો તે પ્રમાણે વીગત નહીં હોય તો, તે સવાળનો ફડચો પડતો નાંખવો અને ફળાદેશ કહેવું નહીં, કારણકે પ્રશ્ન પુછનાર માનવી કુંડળીમાં જાહેર થતો નથી, તેનાં તેવા ગુણદોષ નથી તો, તે વખતે જોયલું નકામું છે. એ સહેલથી તપાસવા માટે, આગળા પ્રકરણોમાં રાશી જા લગ્ને એકલી આવે તો તેની ગુણ ખાસીયત દરશાવી છે, જો તેમાં ગ્રહ હોય તો તે પ્રમાણે તે ગ્રહને લગતી બાબદ જોવી. એ સર્વે ખુલાસો આગળ આપેલો છે તેથા ફરીફરીને અત્રે લખવાની જરૂર નથી.

વળી ધારો કે પ્રશ્નકારનું વર્ણન બરાબર નીવડયું, તો ત્યાર પછી તે પ્રશ્નકાર પોતાના ભાઇબંધનું અથવા મીત્ર કે દુશમનનો દેખાવ જાણવા માંગે, અથવા તેની ખાસીયતનું વર્ણન માંગે, તો તેપણ તે ઉપરથી તે ભાઇ, મીત્ર કે દુશમનના ભુવનમાં જોવાથી, ત્યાં રાજ કરતી રાશી અથવા ગ્રહ ઉપરથી દરશાવી શકાય છે.

હોરારી યાને પ્રશ્ન કુંડળી માહેલાં બાર ભુવનો ઉપર પુષ્કળ ધ્યાન આપવાની જરૂર છે, ઘણાક અભ્યાસીઓ એ બાબદમાં ભુલો કરે છે, માટે નીચથી વીગતો સહેજ ઉપ્યોગમાં આવે તે માટે લખી છે. પોતાના સગા ભાઇ તથા ભાઇબંધ યાને, પારપડોસી અથવા એક સ્થળે કામ કરનારા, તથા ભાત્રભાવ રાખનારાઓ માટે ત્રીજાં ભુવનમાં જોવું, પોતાના બધાં ફરઝંદો માટે પાંચમાં ભુવનમાં જોવું એવી ભુલ ભરેલી ગણત્રી હોરારી વિધ્યામાં સરીયામ એવકુફી જેવું છે, કારણકે એક ભુવન અને એક રાશી એક કરતાં અનેક માનવીઓનું વર્ણન કેમ કરી શકે. એક બાપના પાંચ ફરઝંદ એકજ ખવાસના ને દેખાવનાં કદી હોતાં નથી, માટે સવાળ કરનારને પહેલે પુછવું કે કોણ શખ્સ અને કેટલામો શખ્સ યાને પહેલો ભાઇ કે બીજો ભાઇ કે પહેલું ફરઝંદ કે ચોથું ફરઝંદ એ સર્વે જાણવાની જરૂર છે.

હોરારી વિધ્યામાં હરેક ભુવન પોતપોતાની માલેકીની ચીજોનું લગ્ન ગણાય છે, અને તેના થકી જેટલાંમે ભુવને જે હોય, તેટલાંમે ભુવનને લગતી અસર કરે છે. દાખલા તરીકે પ્રશ્ન પુછનારને પોતાના બીજા ભાઇ માટે સવાળ કરવા છે, તો કુંડળીમાં પહેલું ભુવન તે પ્રશ્ન કરનાર પોતે છે, પહેલાથી ત્રીજું, એટલે ત્રીજું ભુવન ભાઇ સ્થાન છે, માટે પહેલો ભાઇ બતળાવે છે. હવે એ ત્રીજાં ભુવનથી ત્રીજું યાને પાંચમું સ્થાન તે ત્રીજાં ભુવનનો ભાઇ યાને પહેલાં ભુવનનો બીજો ભાઇ લેખાય છે, આગળ વધતાં પાંચમાંથી ત્રીજું ભુવન એટલે સાતમું ભુવન તે ત્રીજો ભાઇ દરશાવે છે. એજ પ્રમાણે ધારો કે કોઇ સવાળ પુછે, મારૂં બીજું ફરઝંદ ને તેની સ્ત્રી કેમ છે, તો તે માટે કુંડળીમાં સાતમાં તથા પહેલાં ભુવને જોવું, કારણકે પ્રશ્ન કરનારનું પહેલું ભુવન તેનેથી પાંચમે સ્થાને તેનું પહેલું ફરઝંદ, હવે તે પાંચમાં સ્થાનથી સાતમે સ્થાને તેનું બીજું ફરઝંદ, કારણકે પાંચમાંનો ભાઇ સાતમે, યાને બીજું ફરઝંદ તે પહેલાં ફરઝંદનો ભાઈજ હોય (નર યા નારી જાત તેની રાશી તથા ગ્રહપરથી પારખી લેવાં) માટે સાતમું ભુવન તે, તેનું બીજું ફરઝંદ ગણાય, હવે તે સાતમાં ભુવન યાને બીજાં ફરઝંદની બૈરી માટે જોવું છે, તો સાતમેથી સાતમું તે તેની બૈરી યાને પ્રશ્ન કુંડળીનું પહેલું ભુવન તે તેની બીજું ભુવન

ગણાય. એ પ્રમાણે ધારો કે કોઈ પુછે કે એકજ ધણી હરઘડી સવાળ પુછે, ને તેના તેજ સવાળની પ્રશ્ન કુંડળી કાઢે, તો તે દરેક સવાળની કુંડળી, જુદા જુદા વખતની હોવાથી, એક કુંડળી બીજાં ફરઝંદની સ્ત્રીના ગુણો એકમેકથી તદન જુદાજ નીવડે, અને એ રીતે જ્યોતીષ વિધ્યા કાચ્ચા અનુભવીઓનાં હાથમાં તદન હંબગ જેવી થઇ પડે તે સંભવીત છે, અને તેટલાજ માટે એકને એક સવાળ વારે ઘડીયે, અથવા તો એકથી વધુ સવાળ એકે દીવસે કદી પણ કરવા નહીં, ને જો કોઇ કરે તો તેનું ફળ નીર્થક છે. ધારો કે એક માણસ એકે દીવસે જુદા જુદા બે જ્યોતીષ પાસે જાય ને એકજ જાતનો સવાળ કરે, તો સવાળ કરનારો પોતે એકજ ધણી છે, એટલે તે પણ પહેલા જયોતીષનોજ ખુલાસો ખરો ઠરે, બીજાનો નીર્થક જાય.

મુખ્ય ખુબી એજ છે કે કોઇપણ સવાળ મનમાં ઉત્તપન્ન થાય તે ઉત્તપન્ન થવાનો પહેલો ખ્યાલ જે વખતે થાય તે વખત, તેજ ખરો હોરારી કુંડળી કાઢવાનો ટાઇમ જાણવો પછી તે કુંડળીનાં સવાળનું કાર્ય કેટલી મુદતે થશે, તે મુદત જાણી લઇ, તે મુદત પુરી થવા પછીજ જો તે બનાવ નહીંજ બને તો, અને તેજ સવાળની ફરી જરૂર પડે તોજ તે સવાળ ફરીથી પુછવો. એ બાબદો ઉપર ઘણુંજ ધ્યાન આપવાની જરૂર છે, એકી વખતે બે શખ્સના જુદા જુદા સવાળ માટે એકજ પ્રશ્ન કુંડળી કદી કાઢવી નહીં. બારે ભુવનોમાં ૧, ૪, ૭, ૧૦ એ ભુવનો કેનદ્ર સ્થાન કહેવાય છે, તે સર્વેથી વધુ સારા છે, તેમાં એક અને દશમું ભુવન ઘણાજ અગત્યના છે, વળી દરેક ભુવનો, પછી કોઇબી ભુવનના કશ ઉપર દાખલ થતો ગ્રહ જરૂર તપાસવો જોઇયે, કારણકે એક ભુવનથી બીજાં ભુવનમાં અસર થતી જોવાની ઘણી જરૂર છે, કશ ઉપર આવેલા દરેક ગ્રહ ને કશથી પાંચ કે છ અંશ દુર હોય, ત્યારથી અસર કરતો જાણવો જોઇયે, કારણકે પોતાના ઓરબની શક્તિ તે એટલાં અંશ સુધી સારી રીતે ફેંકી શકે છે. જેમ જન્મના વખતની કુંડળી, જન્મ ટાઇમ પ્રમાણે કાઢવામાં આવે છે, તેમ પ્રશ્ન કુંડળી, પ્રશ્ન ભેજામાં ઉત્તપન્ન થાય તેજ વખતની, અથવા તો પ્રશ્ન પુછનાર પરદેશ હોય તો જે વખતે કાગળ લખે તે વખતની, અથવા તો જ્યોતીષને તે કાગળ પોતાને હાથ આવે

તે વખતની કુંડળી, તે ઘડીપળે કાઢવી. એ કુંડળા કાઢવાની રીત આગળ આપેલી છે, તે પ્રમાણે સર્વે વિચાર જાણુવા. કુંડળા કાઢી તે મધે તે વખતના ગ્રહો ગોઠવવા, પછી નીચલા મુખ્ય કાયદાઓપર ઘણુંજ સંગીન ધ્યાન આપવું, કારણકે તે કાયદાઓ ઉપરજ તમારી ફત્તેહનો અને ખરૂં ફળાદેષ જણાવવાનો પાયો છે, એ કાયદાઓ ધ્યાનમાં ગોખ્યા વગર કદી પણ આગળ અભ્યાસ હોરારીનો કરવો એ મુર્ખાઇ છે.

"હોરારીમાં કાર્યે કયારે સીધ્ધ થાય."

જ્યારે પ્રશ્ન કુંડળીના લગ્નનો માલેક યાને પહેલું ભુવન તથા, તે ભુવનનો માલેક, અને જે બાબદનો સવાળ પુછાયો હોય તે સવાળનો માલેક ગ્રહ જો કંજંગશન કરે, અથવા કંજંગશન કરવાને તે ગ્રહ આગળ વધતો હોય, તથા બીજા કોઇપણ ગ્રહોની એસપેકટ, તે આવી પુગે તે આગમજ થવા નહીં પામે તો જાણવું કે જે કાંઇ પ્રશ્ન પુછયો હોય તે કામ સીધ્ધ ને સરંજામ પુગશે, જો એ કંજંગશન ઊપર પ્રમાણે ૧, ૪, ૭, ૧૦માં ભુવનમાં થાય તો ઘણું વહેલે કામ પાર પડે. જો ગ્રહો ઝડપી ચાલનાં હોય તોજ એમ જાણવું. જો ૨, ૫, ૮, ૧૧માં હોય તો સહેજ ધીમે ધીમે અને જો ૩, ૬, ૯, ૧૨માં ભુવનમાં થાય તો ઘણે લાંબે વખતે, પણ કાર્ય સીધ્ધ થાય. કોઇબી ભુવનમાં કંજંગશન ઉપર પ્રમાણે થાય તે બીનાં તેના પ્રમાણમાં થોડા કે ઘણા વખતમાં થાય, પણ ધ્યાન રાખવું કે, લગ્નના માલેક અને કારણ ભુતકાર્યના માલેક ગ્રહ વચ્ચે કંજંગશન થવા આગમજ કોઇ બીજો ગ્રહ વચ્ચે પડે, અથવા કંઈ એસપેકટસ કરે તો કાર્ય થાય નહીં.

બીજી એસપેકટસ જો ઉપલા સીગ્નીફીકેટરો એક બીજાથી ૩૦° અથવા ૧૨૦° અંશને છેટે, એસપેકટસ કરતા હોય, તથા તેઓ ઊચ પદ પામેલા હોય, તથા બીજા પાપગ્રહોની દ્રષ્ટિમાં સપડાયલા નહીં હોય તો કાર્ય સીધ્ધ થાય. જો ઉપલા સીગ્નીફીકેટરો એકમેક સાથે ૯૦° અંશની સ્કવેર એસપેકટ કરતા હોય, પોતે ઊંચના હોય, અને જો કેન્દ્ર સ્થાનમાં હોય તો ઘણી તકલીફ અને મહેનત પછી તે કાર્ય

મુશીબતે સીધ્ધ થાય, જો કેનદ્ર સ્થાનમાં નહીં હોય અને **અપોકલીમ** અથવા તો **પણુફર** સ્થાનમાં **સ્કવેર** (૯૦° અંશની) એસપેકટ થતી હોય તો, પ્રશ્ન કરનાર યાને પહેલો સીગ્નીફીકેટર તથા સવાળને લગતો માલેક યાને બીજો સીગ્નીફીકેટર બેઉ વચ્ચે મારામારી કે કલેશ ઉપજે, ને કામ ખોરંબે પડે, સીધ્ધ થાય નહીં.

જો ઊપળા સીગ્નીફીકેટરો એક બીજાથી ૧૮૦° અંશે સામસામી પાપદૃષ્ટિ ફેંકતા હોય તો કદી કામ પાર પડે નહીં, દુશ્મનાઈ જાણવી, અને એ બે **સીગ્નીફીકેટરોમાં** જે વધુ બળવાન હોય તે ગ્રહ, પેલા બળહીન ગ્રહ ઊપર ફત્તેહ મેળવે ને માઠા સંકટ વેઠાવે.

ગ્રહનું **ત્રાન્સલેશન** (Translation) યાને જ્યારે ઉપળા સીગ્નીફીકેટરો, એકમેક સાથે કંઇપણ એસપેકટ કરીને છુટા પડતા હોય ને બીજો ગ્રહ તેજ વખતે કંઇ સારી એસપેકટ, એમાંથી એક સીગ્નીફીકેટર સાથે કરતો હોય તો, ને તરતજ બીજા સીગ્નીફીકેટર સાથે પણ એસપેકટમાં આવે તો તે ત્રીજો ગ્રહ બેઉ સીગ્નીફીકેટરોને સલાહ કરાવે, યાને તે કામમાં ત્રીજો શખ્સ વચ્ચે પડી પતાવત કરે ને સમાધાન કામ થાય, જે ભુવનનો માલેક તે ત્રીજો ગ્રહ હોય, તેવી જાત અને તેને લગતી ખાસીયતવાળો તે માનવી હોવો જોઇયે. આ બાબદમાં ખાસ કરીને ચંદ્રનું જોર ઘણું વધારે હોય છે, જ્યારેબી ચંદ્ર પોતાની અસર ત્રાન્સલેટ કરે ત્યારે જરૂર સમાધાનીભર્યું પરીણામ નીપજે છે.

કલેકશન (Collection) યાને સામટા સંજોગોથી પણ કાર્ય સીધ્ધ થાય છે, યાને જ્યારે બેઉ સીગ્નીફીકેટર એક બીજાની બીલકુલ દૃષ્ટિમાં અથવા તો એસપેકટસમાં આવતા નહીં હોય, અને તેઓ બેઉ કોઇ બીજા મોટા ગ્રહની સાથે કાંઇક એસપેકટસ અથવા સંબંધ ધરાવતા હોય, તથા પોતે રાશીથી અથવા અંશથી તે ગ્રહને લગતું કંઇપણ બળ કે અસર ધરાવતા હોય, તો એવી રીતે બેઉ સીગ્નીફીકેટરની દૃષ્ટિને ખેંચનારો મોટો ગ્રહ તે કાર્ય સીધ્ધ કરનારો થાય, અને તે ગ્રહની રાશી અથવા તો ભુવન અને ગ્રહની ખાસીયતવાળો તે માણુસ હોય. દાખલા તરીકે બે સીગ્નીફીકેટરો યાને દાવાદારો એક સોદો કરતાં, એક બીજા સાથે એકમત થતા નથી ને છુટા પડી જવા માંગે છે,

તેવામાં એકાએક કોઈ ત્રાહીત માણુસ કે મીત્ર વચ્ચે પડી સલાહ કરાવી સમાધાન કરાવે છે, તે પ્રમાણે જાણવું. લગ્નની, સંસારી તેમજ સરકાર દરબારની, ધંધા વેપારની વીગેરે બાબદોના મતફેર, ગુચવાડા અને સવાળોની સમાધાની અને હારજીત એ ઉપર દરશાવેલા કાયદાઓથી ઘણી સહેલાઇથી અને ખરેખરી રીતે સમજાવી, જોઇ જાણી શકાય તેમ છે. મુખ્ય બાબદ ગણુત્રીની છે, અને તેમાં ઘણી ચોકાસી રાખવાની જરૂર છે.

કાર્યસાંધણુનો નાશ કેવા સંજોગથી થાય છે.

જ્યારે બેઊ સીગ્નીફીકેટર યાને સવાળ કરનાર, અને સવાળ થયલી બાબદ એ બેઉના માલેક એક બીજા સાથે કંજંગશન કરતા હોય અથવા કોઇ જાતની સારી એસપેકટસ યાને દૃષ્ટિમાં આવતા હોય અને તેઓ તેમ કરે, તે આગમજ કોઇ બીજો ગ્રહ વચ્ચે પોતાની ઝડપી ચાલથી આવી જઈ, બે માંહેલા કોઇપણ સીગ્ની-ફીકેટર સાથે જો કંઇપણ એસપેકટ કરે, તો તે વચ્ચે પડેલા ગ્રહ મારફતે, સર્વે કાર્ય નીર્થક જાય, યાને તે ગ્રહને લગતી બાબદ વચ્ચે આવ્યાથી વાંધો ઉઠે ને કાર્ય સીધ્ધ થાય નહીં, પુષ્કળ નડતલ વધે.

દાખલા તરીકે એ ત્રીજો ગ્રહ જો પ્રશ્ન કુંડળીના બીજાં ભુવનનો માલેક હોય તો પૈસા બાબદથી, ત્રીજાંનો માલેક હોય તો ભાઇબંધથી, અથવા મુસાફ્રીથી, ચોથાનો માલેક હોય તો બાપથી એ પ્રમાણે જાણવું, જો તે ગ્રહ પુછાયલી બાબદને લગતા સીગ્નીફીકેટર સાથે સંબંધ કરતો હોય તો તે બાબદને લગતી બીનાથી સમજવું, જેમકે સવાળ થયલો સીગ્નીફીકેટર પ્રશ્ન કુંડળીના સાતમાં ભુવનનો માલેક હોય ને આંઠમાં ભુવનમાંથી પેલો ત્રીજો ગ્રહ જો નડતળ કરનારો થઇ પડે તો જાણવું કે, ભાગ્યાના પૈસા સંબંધી વાંધો છે, યાને સાતમું ભુવન ભાગ્યાની બાબદનું છે, અને સાતમાંથી બીજું તે ભાગ્યાના પૈસાનું ભુવન ગણાય, અને તે કુંડળીનું આંઠમું ભુવન છે. એ પ્રમાણે કાર્ય સીધ્ધ થતું નથી.

રીફ્રેનેશન (Refranation) યાને જ્યારે બેઉ સીગ્નીફીકેટરો એક બીજાના કંજંગશનમાં આવતા હોય અથવા આવ્યા હોય અને

તે કંજંક્શન સંપુર્ણ થવા આગમજ એ માંહેથી કોઇપણ સીગ્ની-ફીકેટરને લગતો ગ્રહ જો વકરી થાય (Retrograde), તો તે બાબદનો ધણી તે કાર્યમાંથી પાછો હઠી જાય છે, યાને પહેલે તે કાર્ય સીધ્ધ કરવાને હા કહી પાછળથી ખસી જાય છે.

છેલ્લું જ્યારે બેઊ સીગ્નીફીકેટરો કેડન્ટ ભુવનોમાં હોય, તથા નીચતા થઇને રહ્યા હોય, અને પાપગ્રહોના સમાગમમાં દબાયલા હોય ત્યારે તે કાર્ય સીધ્ધ થતાં નથી, તેને (Impediment) કહે છે.

ચેતવણી:—આ ઉપલા કાયદાઓ જો અભ્યાસી ધ્યાનથી ગોખી રાખે, ને તે ઉપર અમળ કરે તો હોરારી વિધ્યાનાં સત્ય ફળ દરશા-વવાને તે શકિતવાન થાય છે, એ કાયદાઓ ઉપર અમળ કરવા વગર ગણુત્રી સત્ય નીવડતી નથી, અને ખોટાં અનુમાનો થાય છે, પછી વિધ્યા ખરી છતાં, તેવા લેભાગુ જ્યોતીષોને લીધે બેવિશ્વાસ ઉત્તપન્ન થાય છે, માટે આ હોરારી વિધ્યાના ઉપળા કાયદાઓ ઊપર પુખ્ત ધ્યાન આપવું.

હોરારીમાં વખતની ગણુત્રી.

મેષ, કર્ક, તુલા, મકર જો ૧, ૪, ૭, ૧૦ ભુવને હોય તો દીવસ સમજવા, જો ૨, ૫, ૮, ૧૧મે હોય તો અઠવાડયાં, અને ૩, ૬, ૯, ૧૧મે હોય તો મહીના સમજવા.

મિથુન, કન્યા, ધન, મીન જો ૧, ૪, ૭, ૧૦માં ભુવને હોય તો અઠવાડયાં જાણુવા, જો ૨, ૫, ૮, ૧૧માં હોય તો મહીના, અને ૩, ૬, ૯, ૧૧માં હોય તો વર્ષો સમજવાં.

વરખ, સીંહ, વૃશ્ચિક, કુંભ જો ૧, ૪, ૭, ૧૦માં ભુવને હોય તો મહીના સમજવા, જો ૨, ૫, ૮, ૧૧મે હોય તો વર્ષો સમજવાં અને જો ૩, ૬, ૯, ૧૧મે હોય તો અચોક્કસ લંબાણુ વખત જાણુવો.

દાખલા તરીકે:—ધારો કે ચંદ્ર તુલા રાશીમાં ૧૬° અંશે, કેનદ્ર સ્થાનમાં છે અને બુધ, ધન રાશીમાં ૨૦° અંશે છે. આ બેઉ ગ્રહની વચ્ચે સમાગમ થવાને ૪° અંશનો છેટો છે, યાને ચંદ્ર તથા બુધને ૬૦° અંશની એસપેકટ કરવાને ૪° અંશ જોઇયે છે, ચંદ્ર ઝડપી

ચાલતો છે, તે બુધ તરફ જાય છે, વળી ચંદ્ર તુલા રાશીમાં છે અને કેનદ્રમાં છે, તેથી જેટલા અંશનો તફાવત હોય તેટલા દીવસ ગણવા એમ ઉપરના કોઠામાંથી જણાય છે, એટલે ચંદ્ર અને બુધને ૬૦° અંશની દૃષ્ટિ થવાને ચાર દીવસ લાગશે, એમ જાણવું, યાને એ ગ્રહોની ૬૦° અંશની દૃષ્ટિની અસર ચાર દીવસ પછી થશે, એમ વર્તવું. જો ચંદ્ર વૃશ્ચિક રાશીમાં ૧૬° અંશનો હતે, અને કેનદ્ર સ્થાનમાં હતે, તથા બુધની તરફ જતો હતે તો એજ પ્રમાણે ૪° અંશનો તફાવત રહેતે ને તેથી વૃશ્ચિક રાશી કેનદ્ર સ્થાનમાં હોવાથી ૪ મહીના પછી તે કામ થશે એમ જાણવું. હમેશાં જે ગ્રહ પોતે ચાલીને બીજા ગ્રહ તરફ જતો હોય તેનોજ તફાવત અંશ લેવો; નહીં કે જેની પાસે જતો હોય તે ગ્રહનો; કારણકે વખતની ગણત્રી તેના જઇ પુગવાપરજ આધાર રાખે છે. આ ઉપર દરશાવેલી બાબદ ગણત્રી કરવાની જરા કઠણ છે, કારણકે જ્યારે ગ્રહો, ભુવનોના કશપર આવેલા હોય તોજ ઉપર પ્રમાણે જાણવું, પણ જો તેઓ ભુવનોના મધ્ય ભાગમાં હોય તો, વધુ વખત લાગે છે, જેમકે દશમાં ભુવને ચંદ્ર મેષ રાશીનો, તે ભુવનના કશપર આવેલો હોય તો તફાવતનાં અંશ જેટલા દીવસો લાગે, પણ જો દશમાં ભુવનની મધ્યમાં હોય તો વધુ દીવસો સમજવા, કારણકે દશમાં ભુવનનાં કશપરથી આગળ વધતાં, અગ્યારમાં ભુવનના કશ સુધી વધતાં દીવસો બદલાઇને અઠવાડયાં થાય છે, જેથી દશમાં ભુવનના કશપર દીવસો અને ત્યાંથી આગળ વધતાં મધ્યમમાં આવતાં વધારે દીવસો જણાવવા. એજ પ્રમાણે અગ્યારમાંના કશપર અઠવાડયાંને બારમાં ભુવન તરફ આગળ વધતાં મહીનાઓ થાય છે, તેથી અગ્યારમાં ભુવનની અધવચ્ચે વધુ અઠવાડયાં જાણવાં, એ પ્રમાણે સર્વે ભુવનો માટે ઉપર લખેલા કોઠા પ્રમાણે વિચારી લેવું.

હોરારીમાં જગ્યા અને દીશાની સમજણ.

ભુવન ૧ લું = પુર્વ.	ભુવન ૫ મું = ઊ.ઊ.પ.	ભુવન ૯ મું = દ.દ.પ.
„ ૨ જું = પુ.ઊ.પુ.	„ ૬ ઠું = પ.ઊ.પ.	„ ૧૦ મું = દક્ષિણ.
„ ૩ જું = ઊ.ઊ.પુ	„ ૭ મું = પશ્ચિમ	„ ૧૧ મું = દ.દ.પુ.
„ ૪ થું = ઊત્તર.	„ ૮ મું = પ.દ.પ.	„ ૧૨ મું = પુ.દ.પુ.

મેષ =પુર્વ	સિંહ =પુર્વ-ઊત્તર	ધન =પુર્વ-દક્ષિણ
વરખ =દક્ષિણ-પુર્વ	કન્યા =દક્ષિણ-પશ્ચિમ	મકર =દક્ષિણ
મિથુન=પશ્ચિમ-દક્ષિણ	તુલા =પશ્ચિમ	કુંભ =પશ્ચિમ-ઉત્તર
કર્ક =ઊત્તર	વૃશ્ચિક=ઊત્તર-પુર્વ	મીન =ઉત્તર-પશ્ચિમ

હોરારી વિધ્યામાં જેમ વખતની ગણત્રી થાય છે, તેમ જગ્યા અને તેની દીશામાં પણ સમજવાનું છે, કે અમુક બાબદ કેઇ દીશામાં થશે, અથવા ચોક્કસ ચીજ કેઇ બાજુએથી મળશે. દાખલા તરીકે:— ધારો કે એક ચોક્કસ ચીજ કેઇ દીશામાં છે તે જાણવું છે, તો તે ચીજનો સીગ્નીફીકેટર કયાં ભુવનમાં છે અને કેઇ રાશીમાં છે, તે ઉપરથી માલમ પડશે, ધારો કે બુધ તે ચીજનો માલેક છે ને મેષ રાશીમાં પહેલા ભુવને બેઠેલો છે તો જાણવું કે પહેલું ભુવન અને મેષ રાશી એ બેઉ પુર્વ દીશા દેખાડે છે, તો તે પુર્વ દીશા એજ છે એમ જાણવું, જો કર્ક રાશીમાં સાતમાં ભુવને હતે તો ઉત્તર-પશ્ચિમ ગણાતે કારણકે કર્ક રાશી ઉત્તર દીશા દેખાડે છે અને સાતમું ભુવન પશ્ચિમ દીશા દેખાડે છે, યાને તે ચીજ ઉત્તર દીશાએ છે, પણ તે લત્તાના પશ્ચિમ ભાગપર પડેલી છે, એમ જાણવું. એ પ્રમાણે હરેક બાબદનું જોવું. ઘણું કરી બચ્ચાં ખોહવાઇ જાય, કંઇ ચોરી થાય, કોઇ જાનવર વીખુટું પડી જાય, એવી બાબદો કેઇ જગ્યાથી મળશે, તે જણાય છે.

હોરારી કુંડળી કેવા પ્રસંગે ને કેવા વખતે કાઢવી.

ખુદ પોતાના બાબદને લગતી બીના જાણવાને માટે કુંડળી, તે બીનાને લગતો **પહેલો વિચાર** જે પળે થાય તે વખતની કુંડળી કાઢવી; અથવા તો તે બીના અથવા ખબર જે પળે પહેલી સાંભળે તે પળની કુંડળી કાઢવી એવી કુંડળીમાં, જે પહેલું ભુવન તે તમો પોતે, બીજું ભુવન તે તમારી પૈસાની સ્થીતી, ત્રીજું ભુવન તે તમારા પારપડોશી, ભાઇબંધ વીગેરે એવી રીતે બારે ભુવનો તેની ખાસીયત પ્રમાણે તમુને યાને પહેલાં ભુવનને લાગુ પાડવાં.

હવે જો કોઇ પારકો અથવા બીજો શખ્સ તમારી પાસે આવે અને ભવીષ્ય માટે સવાળ કરે, તો તે માણસ આવે તે ટાઇમ નહીં

લેવો, પણુ તે માણુસે ખુદ પોતે સવાળની બાબદને પહેલો વિચાર કયારે કીધો તે વખત લેવો, અથવા જો તમુને પત્ર મળ્યો હોય તો, તે પત્રનો તે સવાળ જે વખતે તમો વાંચો, તે વખતની કુંડળી કાઢવી, યાને કે જે પળે તમુને તે બાબદની ખબર પહેલી પડે, તે વખતની કુંડળી કાઢવી.

હોરારી વિદ્યાનાં બીજા મુખ્ય કાયદા.

યાદ રાખવું કે વેચાંણુ બાબદના પ્રશ્ન વખતે જે કુંડળી કાઢવામાં આવે તેમાં પહેલું ભુવન તે વેચનાર અને સાતમું ભુવન ,તે વેચાંણુ કરનાર વેપારી, એમ સમજવું.

એજ પ્રમાણે ખરીદી કરવાનો સવાળ પુછવામાં આવે તો પહેલુ ભુવન તે વેચનાર અને સાતમું ભુવન તે ખરીદનાર સમજવું.

જો પત્રદ્વારે વેચાંણુ કે ખરીદી થવાની હોય તોપણ એમજ સમજવું.

કદીપણુ કોઇ કામની શરૂઆતના વખતે કુંડળી નહીં કાઢવી, પણુ તે બાબદનો પહેલો વિચાર જ્યારે મનમાં આવેલો, તે વખતની કુંડળી કાઢવી.

કદીપણુ એક બાબદ માટે એકથી વધુ પ્રશ્ન કે કુંડળી કાઢવી નહીં, પહેલી કુંડળી તેજ ખરી કુંડળી, પછી તે ખરાબ હોય તો તેમ અથવા સારી હોય તો તેમ, તે બાબદની તેજ કુંડળી જાણુવી.

જો તમુને કોઇએ કાગજ લખીને પ્રશ્ન પુછયો હોય તો, ઉપર દરશાવેલા કાયદા પ્રમાણે કુંડળી કાઢવી, ને જો તે કુંડળીમાં કાંઇકે ગુચવણુ માલમ પડે તો તે સવાળનો કંઇપણુ જવાબ આપવો ફોકટ છે, કારણકે કાગજ લખતી વખતે તે માણુસના વિચારો ગુંચવાયલા હોવા જોઇયે, અથવા ખાલી મજાક મશ્કેરી માટે તેને સવાળ પુછેલો હોવો જોઇયે, અથવા તો તે વિચારમાં હોય કે કેવા કેવા સવાળો પુછવા, યાને એક સવાળપર તેનું મન મક્કમ નહીંજ હોય, એમ જાણુવું.

જ્યારે કાઢેલી કુંડળીમાં પહેલાં ભુવનમાં જે રાશી ઉગતી હોય, ને તે રાશી જો પોતાના પહેલા ૩° અંશમાં હોય અથવા તો છેલ્લા

૩° અંશમાં હોય, તો તે કુંડળી નહીં જોવી. જો ચંદ્ર તે કુંડળીમાં જે રાશીનો હોય તે રાશીમાં કોઇપણ બીજા ગ્રહ સાથે એસપેક્ટ નહીં થતી હોય તો, તે કુંડળી ફેકટ છે, કામ સીધ્ધ થાય નહીં. વળી ચંદ્ર જ્યારે તરતનો એક રાશીમાંથી બીજી રાશીમાં બદલાતો હોય તે વખતે પણ પ્રશ્ન પુછેલો વ્યર્થ છે, કારણકે એવે વખતે જે માણુસ સવાળ કરે છે, તે માણુસ પોતે તે સવાળની બાબદપરથી પોતાનું મન, જેમ ચંદ્ર એક રાશીથી બીજીમાં જાય, તેમ ફેરવી નાખે છે.

જો કુંડળીના છઠ્ઠાં ભુવને કોઈ પાપગ્રહો અથવા ગ્રહ તે ભુવનનાં કક્ષપર આવેલાં હોય તો, તે માનવીના સવાળનો જવાબ કોઇપણ જાતનો સંતોષ આપશે નહીં, યાને તે જવાબ કોઇ માનશે નહી.

જો ચંદ્ર ૩, ૬, ૯. ૧૨ એ સ્થાને આવેલો હોય, અથવા ખાસ કરીને છઠ્ઠાં સ્થાને કુંડળીમાં આવે તો જાણવું કે જે બાબદ માટે કુંડળી કાઢવામાં આવી છે, તે બાબદ ઘણી લંબાશે, અને છેલ્લે ફુસફાસ થઇ જશે. અને ખાસ કરીને તે વખતે છઠ્ઠાં ભુવનમાં જો વૃશ્ચિક કે મકર રાશી હોશે તો જરૂર એમ થવાનુંજ, એ નક્કી માનવું

હોરારીમાં રંગની પીછાણ કેમ કરવી.

હરશચલ=મીક્ષ કલર તથા ચેકપેટર્ણ.
શની =કાળો.
ગુરૂ =લીલો, સ્પોતેડ અથવા રાખોડી રંગ.
મંગળ =લાલ, કીરમજી.
રવી =કેસર્યો, પીળો.
શુક્ર =સફેદ અથવા ફીકકો બળુ.
બુધ =ગ્રે અથવા ભુરો સફેદ.
ચંદ્ર =સફેદ, બદામી, અથવા ઝાંખો લાઇટગ્રીન.

હરશચલ અને શની સાથે=કાળો ધુખરાયલો.
,, ,, ગુરૂ ,, =ગ્રીન ધુખરાયલો.
,, ,, મંગળ ,, =એકદમ કીરમજી ધુખરાયલો.
,, ,, રવી ,, =કેસર્યો ધાબાંવાળો.

હરશ્ચલ	અને	શુક્ર	સાથે	=બળુ ધુમ્મરાયલો.
„	„	બુધ	„	=ફીકકો બળુ અથવા ભેળેલો બળુ.
„	„	ચંદ્ર	„	=ઘણો ફીકકો ધુમ્મરાયલો.
શની	„	ગુરૂ	„	=કાળો ગ્રીન.
„	„	મંગળ	„	=કાળો બ્રાઉન.
„	„	રવી	„	=કાળો પીળો, બ્રોન્ઝ.
„	„	શુક્ર	„	=સફેદાઇપર ગ્રે.
„	„	બુધ	„	=ડાર્ક ગ્રે અથવા બળુ ગ્રે.
„	„	ચંદ્ર	„	=પુષ્કળ ગ્રે તથા કાટ લાગેલો.
ગુરૂ	„	મંગળ	„	=ફીક્કા ધાબાંવાળો કીરમજી લીલો.
„	„	રવી	„	=ઘણો ઘેરો ચળકતો લાલ.
„	„	શુક્ર	„	=ગ્રીન ગ્રે.
„	„	બુધ	„	=સ્પોટેડ ગ્રીન.
„	„	ચંદ્ર	„	=ચળકતો ફીકકો ગ્રીન.
મંગળ	„	રવી	„	=ઘેરો ચળકતો લાલ.
„	„	શુક્ર	„	=ફીકકો લાલ અથવા ફીકકો કીરમજી.
„	„	બુધ	„	=લાલ ભેળસેળનો.
„	„	ચંદ્ર	„	=લાલ.
રવી	„	શુક્ર	„	=ઓલીવ કલર.
„	„	બુધ	„	=લાઇટ ગ્રે.
„	„	ચંદ્ર	„	=ફીકકો પીળો અથવા ફીકકો ગ્રીન.
શુક્ર	„	બુધ	„	=જાંબુરો, અથવા ફીકકો મીક્ષ કલર.
„	„	ચંદ્ર	„	=ફીકકો બળુ અથવા બળુ સફેદાઇપર.
બુધ	„	ચંદ્ર	„	=બફ કલર.

એ ઉપર લખેલા રંગોની ગણત્રી એમ છે કે, જે બાબદનો સવાળ હોય તે ચીજ જે ભુવનમાં હોય તે ભુવનમાં જો ખાલી રાશી પડી હોય તો તે રાશીને લગતો તે ચીજનો રંગ જાણવો, અથવા તો જો તે રાશીમાં કોઇ ગ્રહ બેઠો હોય તો, તે પ્રમાણે તેનો રંગ જાણવો, જેમકે:—સીંહ રાશીમાં હસ્શ્ચલ ગ્રહ છે, તો સીંહ રાશીનો માલેક રવી છે, એટલે હરશચલ અને રવીને લગતો કલર પીળો અથવા

ધાભાંવાળો જણાવવો. જો માણસ માટે પુછવામાં આવે તો એ રંગ તેનાં કપડાં અને પહેરવેશનો જાણવો, ચીજ હોય તો ચીજનો જાણવો, અક્કળને અનુસરે તેવી રીતે હરેક બાબદના સવાળપર વિચાર ચલાવી, તે પ્રમાણે જવાબ આપવો.

રાશીઓનાં રંગ.

મેષ =સફેદ જરા રાતા સાથે ભેળાયલો.
વરખ=સફેદ જરા લીંબુ કલર સાથે ભેળાયલો.
મિથુન=સફેદ જરા લાલ સાથે ભેળાયલો.
કર્ક =ગ્રીન-લીલો અથવા લીલનો રંગ.
સિંહ =લાલ અથવા પાકો ગ્રીન.
કન્યા =કાળો જરા બલુ સાથે ઘેરાયલો.
તુલા =કાળો અથવા કાળો કીરમજી ઘેરો.
વૃશ્ચિક=ભુરો.
ધન =પીળો.
મકર =કાળો રૂસેત, ફીકો બ્રાઉન.
કુંભ =આસમાની બળુ. (સકાઇ બળુ.)
મીન =સફેદ.

જો કોઈ ગ્રહ ખુદ પોતાની રાશીનો હોય અને બીજા ગ્રહની સાથે કંઇપણ એસપેકટસમાં આવતો નહીં હોય, તો તે જે બાબદનો સીગ્નીફીકેટર હોય તે બાબદ તેને લગતા એકજ રંગની જાણવી. જેમકે મકર રાશીમાં શની હોય, ને તે કોઇ ચીજનો સીગ્નીફીકેટર હોય તો, તે બાબદ તમામ કાળી યાને કાળા રંગની જાણવી. એજ પ્રમાણે કુંભમાં શુક્ર હોય તો આસ્માની સકાઇ બળુ, પણ જો શુક્ર સાથે મંગળને કંઇપણ દૃષ્ટિ હોય તો તે બાબદમાં સહેજ લાલ અથવા કીરમજીનો ભેળ જાણવો, જો શની એસપેકટ કરતો હોય તો સહેજ કાળા રંગનો ભેળ થયલો જાણવો. એ પ્રમાણે અનેક બાબદ, ખાસ કરીને પોષાકની બાબદમાં જેવા ગ્રહો હોય તે પ્રમાણે તેના રંગની ભેળસેળ જાણવી.

હોરારી વિદ્યામાં ગ્રહોની પોતાની ખાસીયત વિષે.

શની=હોરારી વિધ્યામાં શનીની અસર, થડો, સંકોચાવાની, પુષ્કળ શકિતવાળો, સંકડામણવાળો બાંધો, ઘણીક વખત મોટાં હાડકાંનો હોય છે, મુખ્ય કરીને રંગ કાળાસપર હોય છે, ડાચા બેઠેલો છે, ને રીતભાતમાં ગંભીર માનવી જાણવો.

ગુરૂ=પ્હોળો અને વજનદાર ભારી જાડા દેખાવનો, ઘણું કરીને મુખ્ય ભાગે રંગ સફેદાઇપર યાને ગોરો, ઘણીક વખતે ભરેલી દાઢીનો (જો ધન રાશીનો ગુરૂ હોય તો દાઢી બોડાવેલો) જો સ્ત્રી હોય તો તે પુષ્કળ જથ્થાબંધ બાળવાળી હોય અને મરદ કે ઓરત હોય તોપણ તેઓનો દેખાવ દમામદાર હોય છે.

મંગળ=શરીરનો બાંધો ઘણો મજબુત, પતળ્યો, જોરેમંદ અને કદાવદાર હોય છે. બાળ સહેજ ધુખરાયલા કાળા હોય છે, અથવા સહેજ રતાશપર હોય છે, અને ચહેરો સહેજ રતાશદાર અથવા ગોલાબી રહે છે.

શુક્ર=ભરેલું પોચ્ચું ગાંસડા જેવું શરીર, ફીક્કા બાળ, ચહેરો ગોરો, આંખના ડોળા ગોળ અને મોટા, મુખ્ય કરીને બળુ.

બુધ=નરવસ, એકવડગો નાતવાન બાંધો, પતલું શરીર, નાક બાહેર નીકળી આવેલું, આંખ અને કાન નાના, અને લાઇત કે દાર્ક ભુરા બાળવાળો હોય છે.

રવી=ઘણો મોભાદાર અને દમામવાળો દેખાવ, અને હકુમત કરનારો હોય.

ચંદ્ર=અસંભવીત દેખાવ, બેતુંભા, ઘણું કરીને ઠીંગણો, અને જાડો હોય છે.

પ્રસ્નનું ફળ કહેતી વખતે માનવીનો દેખાવ ઉપૂર પ્રમાણે જાણવો, પણ તે કહેવા આગમજ ઘણી અક્કળ વાપડવી, તથા રાશી, જાત, ધર્મ વીગેરે સર્વે ઉપર વિચાર પુગાડવો.

હોરારી વિદ્યામાં "સીગ્નીફીકેટર."

સીગ્નીફીકેટર યાને હોરારી અથવા કોઇપણ કુંડળીમાં જે ગ્રહ જે ભુવનનો માલેક હોય, તે ભુવનને લગતી ચીજ, બાબદ, કામકાજ, માનવી, સગાઇ વીગેરે હરેક બાબંદનો સીગ્નીફીકેટર જાણવો. જેમકે કુંડળીના પહેલાં ભુવને જો મેષ રાશી હોય તો તે રાશીનો માલેક મંગળ કહેવાય, તેથી મંગળ પહેલાં ભુવન યાને પ્રશ્ન કરનાર અથવા પ્રશ્ન કરેલી બાબદનો સીગ્નીફીકેટર ગણાય.

ગુરૂ અને શુક્ર હમેશાં ઘણા સારા સીગ્નીફીકેટર ગણાય, શની અને મંગળ હમેશાં બુરા જાણવા, પણ જો ગુરૂ અથવા બીજા કોઈ સારા ગ્રહની શુભ દૃષ્ટિમાં હોય તો તે પ્રમાણે સારૂં ફળ પણ આપે. બુધ તદન અચોક્કસ છે, અને રવી તથા ચંદ્ર સાધારણ છે, તેઓ જે રાશીમાં હોય તે ઉપરથી તથા જેવી જેવી એસપેકટસમાં આવે તે પર આધાર રહે છે.

હવે હોરારીમાં દરેક ગ્રહો સારી માઠી એસપેકટસનું કેવું ફળ આપે છે તે સર્વે લખ્યું છે.

શની.

શની જ્યારે ગુરૂ સાથે સારી એસપેકટસમાં હોય, તો ને માણસ ધર્મની ઉપર આસ્થા રાખનારો હોય અને જમીન સંબંધી ઉત્તપતીથી તેને લાભ થાય. જો શની ગુરૂ સાથે પાપદૃષ્ટિમાં હોય યાને ખરાબ એસપેકટમાં હોય તો, રાજદ્વારી કોર્ટ દરબારને લગતી તથા ધર્મ સંબંધી ખટપટ અને આફતમાં આવી પડે.

શની જો મંગળ સાથે સારી એસપેકટમાં હોય તો, શનીની ખાસીયત કંજુસ છે, પણ તે માણસ જરા ઉદાર રહે છે, અને જરા ખુલ્લાં મનનો થાય છે. પણ જો ખરાબ એસપેકટમાં ને પાપદૃષ્ટિમાં આવ્યો હોય તો ઘણો ઘાતકી અને શનીના ખવાસવાળા માણસને ઘણી નુકશાની પુગાડે, એ સમાગમ ઘણોજ ખરાબ છે ને તેનું ફળ સર્વે વાતે ઘણું ખરાબ છે.

શની જો રવી સાથે સારી એસપેકટમાં હોય તો, શનીની સખ્તાઇને વધારે ટેકો આપે છે, પણ ખવાસ જરા સુધારે છે. જો પાપ-

દૃષ્ટિમાં રવી હોય તો ઘણોજ કમભાગ્ય, કાર્યની સાધ્ધી બરાબર સંતોષકારક નીપજે નહીં, ઘણી અડચણો, બોલાચાલી તથા તકરારો થાય.

શની સાથે શુક્ર જો સારી દૃષ્ટિમાં આવે તો કાંઇ ઘણો લાભ કરતો નથી, પણ સહેજ એકાંતવાસમાંથી મળતાવડો બનાવે છે, જો **શુક્ર** પાપદૃષ્ટિમાં હોય તો વ્યભીચારી, તથા હરેક કામમાં નાસીપાસી અને દુઃખ મળે.

શની સાથે બુધ જો સારી દૃષ્ટિમાં આવે તો ઘણો મીઠો અને પોતાના કાર્ય છુપાં રાખનારો થાય, તથા ચાપલુસીવાળો હુશ્યાર થાય, પણ જો પાપદૃષ્ટિમાં બુધ આવે તો વિશ્વાસઘાતી, લુચ્ચો, દગો કરનારો મહાભારત ઠગાઇ કરનારો જાણવો.

શની સાથે ચંદ્ર જો સારી દૃષ્ટિમાં આવે તો અદેખો, અને ઘડી ઘડીમાં વિચાર ફેરવનારો હોય, અને બીલકુલ વિશ્વાસને લાયકનો નહીં એવો જાણવો. જો પાપદૃષ્ટિમાં ચંદ્ર આવે તો બેઇજતી કરે ને દરેક આશાનો ભંગ કરે.

ગુરૂ.

ગુરૂ **જો શનીની** સારી એસપેકટમાં આવે તો, ગંભાર ખવાસ કરે, જમીનની ઉપજથી લાભ થાય, વારસો મળે, અને ફત્તેહમંદ જીંદગી ગુજારે, જો પાપદૃષ્ટિથી શની જોતો હોય તો પુષ્કળ દલગીરી, સત્યાનાસી, મુફલેસી અને આફતનાક નાસીપાસી અને દુઃખ જાણવું.

ગુરૂ **જો મંગળની** સારી દૃષ્ટિમાં આવે તો, હીમતવાન બને, ઉત્તસાહ ઉમંગ વધે, અને હરેક પ્રકારની ભલી ચીજોમાં પહેલો ઝોંકાવે, આગળ વધે. પણ જો પાપદૃષ્ટિમાં હોય તો, બેવફા, નીમકહરામ બનાવે, તાવથી મોત લાવે, બરબાદી કરે, અને દરેક રીતે ઘણું ખરાબ જાણવું.

ગુરૂ **જો રવી** સાથે સારી એસપેકટમાં આવે તો હરેક રીતે સ્વભાવ ઉદાર ને ઉમદા બનાવે, કોઇપણ રીતે ખરાબી નહીં થાય, ફત્તેહ મળે, નસીબ ખીલે, દુશ્મનો ઉંધા પડે. પણ જો પાપદૃષ્ટિમાં હોય તો મગરૂબી કરે ને કાંઇ સુધારો કરે નહી.

ગુરૂ જો શુક્ર સાથે સારી દૃષ્ટિમાં હોય તો પુષ્કળ ફાયદો, ઘણુંજ નસીબ વધે, ખુબસુરતી, પૈસા અને અખુટ સુખ હોય. જો પાપ-દૃષ્ટિમાં હોય તો ઘણોજ.ઉડાઉ અને હુજતી તથા ખાવાપીવામાં હદથી બાહેર જનારો, અને નુકસાન પુગાડનારો થાય.

ગુરૂ જો બુધ સાથે સારી દૃષ્ટિમાં હોય તો ઘણો અક્કળવાળો, હાજર જવાબી, તથા ઇનસાફી અને વિધ્યાવાળો હોય તથા દરેક બાબદમાં ભાગ્યશાળી હોય, પણ જો બુધ પાપદૃષ્ટિમાં હોય તો કોર્ટ દરબાર કર્યા કરે, અક્કલમાં ભુલથાપ ખાયા કરે, અને કામમાં ઘણા ગોતાં ખાય.

ગુરૂ અને ચંદ્ર સારી દૃષ્ટિમાં હોય તો પોતાનાં કુટુંબથી તથા જાહેર પ્રજાથી ઘણું માન મળે, ને લાભ થાય, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો, વખતનો ગેરઉપ્યોગ, તથા બાબદની તકરારમાં ફોકટ વખત ગુમાવવો, તથા દરેકની જીભલીએ ચઢે, અને દરેક રીતે હલકો પડે.

મંગળ.

મંગળ જો શની સાથે સારી એસપેકટમાં આવે તો મંગળનાં આકરા સ્વભાવને સુધારે છે, અને જરા સાવચેત અને સંભાળ રાખ-નારો બનાવે છે. જો પાપદૃષ્ટિમાં હોય તો, માહા બુરો જાણવો તથા ઘાતકી અને કમકમાટ ભરેલો અંત આવે.

મંગળ જો ગુરૂ સાથે સારી એસપેકટસમાં આવે તો સખાવતને વધારે છે, ઉદાર થાય, હીમતવાળો, ઊંચે દરજ્જે ચઢવાની ખાહેસ રાખનારો થાય, પણ જો ગુરૂની પાપદૃષ્ટિ હોય તો, મગરૂર, ધીક્કાર, અને ધર્મ તરફ બેદીલ, અને મુરખો હોય.

મંગળ જો રવી સાથે સારી એસપેકટમાં આવે તો સ્વભાવ સારો કરે અને મોટા માણસથી ટેકો મળે, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો એકસીદંટ કરે, બેતુંબા બનાવે, પુષ્કળ શકિત અને જોરનો ગેરઉપ્યોગ કરે, ઘાતકી થાય.

મંગળ જો શુક્ર સાથે સારી દૃષ્ટિ કરે તો, ભાગીદાર સાથે સારો બનાવ રહે, ઇજત સારી રહે, મળતાવડો ખવાસ રહે, પણ જો પાપદૃષ્ટિમાં શુક્ર હોય તો, વ્યભીચારી, છીનારંવા, ઉતાવળ્યો નકામો અને બેવકુફ હોય.

મંગળ જો બુધ સાથે સારી દૃષ્ટિ કરે તો, ઘણો ટક્કોરબાજ, અને હુશયાર નીવડે તથા બુધ મંગળને તેના હરેક કામમાં મદદ કરતો થઇ પડે, પણ જો પાપદૃષ્ટિમાં આવેલો હોય તો લુચ્ચો, છેતરપીંડી કરનારો, દગો કરનારો, ચીલ ઝડપ્યો, અને ચોર નીવડે.

મંગળ જો ચંદ્ર સાથે સારી એસપેકટમાં હોય તો ઘણો આકરો અને ઉતાવળ્યો, તથા દરેક બાબદમાં ઘડી ઘડી ફેરફાર કરનારો થાય, જો ચંદ્ર પાપદૃષ્ટિમાં હોય તો, બદમાસ, છીનારવો થાય, એવા માણુસપર વિશ્વાસ મુકાય નહીં.

રવી.

રવી જો શની સાથે સારી એસપેકટસમાં હોય તો સારો, મક્કમ વીચારનો, અને દરેક કામ ધીરૂં પણ પાકકું કરનારો, ફતેહમંદ હોય. પણ જો શનીની પાપદૃષ્ટિ હોય તો, નીશ્ફળતા મળે, કામ પાર પડે નહીં, આફતો આવે, પોતામાં ઘણો વિશ્વાસ રાખે અને કોઇનું કહેલું માને નહીં.

રવી જો ગુરૂ સાથે સારી દૃષ્ટિમાં હોય તો દરેક બાબદમાં ઘણો ફતેહમંદ નીવડે, ઉદાર દીલનો થાય, અને ઇનસાફી નીવડે, ખાસ કરીને મેષ, મિથુન, સીંહ, તુલા, ધન અને કુંભ રાશીમાં ઘણી ફતેહ આપે. જો પાપદૃષ્ટિમાં હોય તો ઉછાછળો, નાદાન, હુલ્લડ અને નકામો નીવડે.

રવી જો મંગળ સાથે સારી દૃષ્ટિમાં હોય તો, લડાયક બાબદમાં અને લશકરી બાબદમાં ઘણો પ્રખ્યાત હોય, પુસ્કળ જોર, હીમત અને મક્કમ વીચારથી હરેક ચીજ ઉપર ફતેહ પામે. જો પાપદૃષ્ટિમાં હોય તો તે માણસપર વિશ્વાસ નહીં મુકવો, ઇનસાફ વગરનો, અને ખુના મરજી કરનારો નીવડે.

રવી જો શુક્ર સાથે સારી એસપેકટસમાં હોય તો ખાસ કરીને ૩૦° અંશે હોય તો સહેજ સારો છે. ખાસ કરીને સ્ત્રીઓની બાબદમાં તે માનવીને મદદ કરનારો થઇ પડે. જો પાપદૃષ્ટિમાં હોય તો ખાસ કરીને ૪૫° અંશે હોય તો કોઇ સ્ત્રીની મારફતે નડતલો નડે.

રવી જો બુધ સાથે સારી એસપેકટમાં હોય અને તે ખાસકરીને કંજંગશનમાં હોય તો રવીની તેનદંસીવાળા શખ્સને જુવાન અને ભણેલા શખ્સોથી ઘણી મદદ મળે.

રવી જો ચંદ્રની સાથે સારી દૃષ્ટિમાં હોય તો હમેશાં ઘણોજ સારો, દરેક કામમાં ફતેહ તથા જાહેર કામો અને સ્ત્રીઓની બાબદમાં ઘણો માન પામે, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો જાહેર લોકોથી તજાયલો, તથા સ્ત્રીઓથી હીણાયલો હોય, રવી જો સીગનીફીકેટર હોય તો ઘણો નબળો જાણવો.

શુક્ર.

શુક્ર જો શની સાથે સારી દૃષ્ટિમાં હોય તો મર્યાદાવાળો અને બુઝર્ગોની સંગ્મમાં બેસનારો હોય. જો પાપદૃષ્ટિમાં હોય તો કમનસીબ, લુચ્ચો અને વેષધારી હોય.

શુક્ર જો ગુરૂ સાથે સારી એસપેકટસમાં હોય તો નિતીમાન, ભાગ્યશાળી ને ભલો નીવડે, પણ જો પાપદૃષ્ટિ હોય તો કોર્ટ દરબાર કરે, નિતીમાન નીવડે નહીં, અને કમતાલેનો થાય.

શુક્ર જો મંગળ સાથે સારી દૃષ્ટિમાં હોય તો, તો સરળ કામોમાં પણ હુલડાઇ ઘણી કરે, અને શુક્ર જો સીગનીફીકેટર હોય તો તેને મદદ કરે, જો પાપદૃષ્ટિમાં હોય તો બેઈજતી, નામોશી અને શરમીંદગી પુગે.

શુક્ર જો રવી સાથે સારી દૃષ્ટિમાં હોય તો સારૂં પણ જો પાપદૃષ્ટિમાં હોય તો હલકો અને હવસી ખવાસ બતલાવે.

શુક્ર જો બુધ સાથે સારી દૃષ્ટિમાં હોય તો, હુન્નરકળા વિધ્યામાં પુર્વીણ થાય, ડેન્સ કરનારો થાય, અને વાકયચાતુરી વધે, ભાષણકર્તા થાય, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો, જુવાન મીત્રોથી ઘણી હેરાનગતી થાય, ને સર્વે વાતમાં નાસીપાસી મળે.

શુક્ર જો ચંદ્ર સાથે સારી એસપેકટસમાં આવ્યો હોય તો જાહેર માણસોથી તથા કુટુંબીઓથી અને ગરીબ વર્ગનાં લોકોથી ઘણી નામના મેળવે ને લાભ થાય, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો, સ્ત્રીઓથી પુષ્કળ નુકસાન ખમવું પડે અને ચાલચલણનો નિતીમાન રહે નહી.

બુધ.

બુધ જો શની સાથે સારી એસપેકટમાં હોય તો, સાવચેત, અક્કલવાળો, અને ઠરેલ બનાવે, જો પાપદૃષ્ટિમાં હોય તો ઘણો ખરાબ, કોર્ટ દરબારની આફતોમાં ફસે, લુચ્ચો નીવડે, પાતળ્યો, અને ચીવટ હોય, દરેક રીતે કમનસીબ જાણવો.

બુધ જો ગુરૂ સાથે સારી દૃષ્ટિમાં હોય તો, ઇનસાફી, અક્કલવાળો ને નસીબવંત હોય, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો ધર્મ સંબંધી ખટપટમાં પડે, અક્કલ કમતી હોય અને બેનસીબ રહે.

બુધ જો મંગળ સાથે સારી એસપેકટમાં હોય તો, ચપળ, હાજરજવાબી, હીમતવાળો અને હુન્નરમંદ થાય, જો પાપદૃષ્ટિમાં હોય તો જુઠો, બદમાસ, લુચ્ચો અને કમનસીબ હોય.

બુધ જો રવી સાથે સારી દૃષ્ટિમાં હોય તો સારો, જુવાન શખ્સોને મદદ કરનારો થાય, જો પાપદૃષ્ટિમાં હોય તો ખરાબ, અક્કલવીનાનો, ને મદદ વગરનો થાય.

બુધ જો શુક્ર સાથે આર્ટીસ્ત થાય, ચીત્રકળા, નાચ, અને બીજા હુન્નરમાં પ્રાવે, જો પાપદૃષ્ટિમાં હોય તો જુવાન સ્ત્રીઓથી બદનામીમાં આવી પડે.

બુધ જો ચંદ્ર સાથે ખરાબ દૃષ્ટિમાં આવે તો વિશ્વાસઘાતી અને દુષ્ટ હોય, જો સારી દૃષ્ટિમાં હોય તો ઘણો પાકો, હુસ્યાર, અક્કલમંદ અને દરેક બાબદની સમજવાળો, બોલીદરાજ અને સુખી નીવડે.

ચંદ્ર.

ચંદ્ર જો શની સાથે સારી દૃષ્ટિમાં આવે તો ચોકસાઇવાળો, વિચારવંત, સાવચેત, અને ઘરના બાંધકામ અને જમીનના ધંધાથી ફાયદો મેળવે. જો પાપદૃષ્ટિમાં હોય તો લુચ્ચો, બદમાસ, ખંધો અને દગાબાજ નીવડે.

ચંદ્ર જો ગુરૂ સાથે સારી એસપેકટમાં હોય તો જાહેરાતમાં માન મળે, સખાવત કરે, અને ઘણો ભાગ્યશાળી ને નસીબવંત થાય. જો પાપદૃષ્ટિમાં હોય તો ઉડાઉ, ડફાંસ્યો અને લોકોની હસીમાં આવી પડે.

ચંદ્ર જો મંગળ સાથે સારી **એ**સપેકટમાં હોય તો સારો ઉમંગી રહે, આગળ વધે અને કાર્ય પાછળ ખંતથી લાગે. જો પાપદૃષ્ટિમાં હોય તો, ઉછાછળો, આકરો, વીચાર વગરનો, ઝુસ્સાવાળો થાય, અને કજયો કંકાસ કરનારો કરસેવજ હોય.

ચંદ્ર જો રવી સાથે સારી દૃષ્ટિમાં હોય તો, દરેક રીતે ઘણો પાકો ઠરેલ અને દરેક બાબદ જાણનારો હોય, મોટાં માણસોની મહેરબાનીવાળો થાય, સરકાર દરબારમાં લાગવગ ધરાવે, જો ઊંચનો અથવા પોતાની માલેકીના ઘરનો ચંદ્ર હોય તો ઘણોજ સારો. જો ઓપોઝીશનમાં હોય તો ચંદ્રની ખાસીયતને ઘણી બગાડે છે, પણ જો સ્કવેરમાં યાને ૯૦° અંશે હોય તો ઘણોજ ખરાબ જાણવો.

ચંદ્ર જો શુક્ર સાથે સારી એસપેકટમાં હોય તો, મોજમજાહ કરનારો હોય. જો સ્ત્રીજાતીને હોય તો તે સ્ત્રી ઘણી ભાગ્યશાળી નીવડે. જો શુક્ર સાથે પાપદૃષ્ટિ હોય તો છંદબાજીમાં પૈસા ગુમાવે, ઉડાઉ થાય, વ્યભીચારી અને છીનારવો હોય, તથા દરેક કામમાં ખોટ આવે.

ચંદ્ર જો બુધ સાથે સારી એસપેકટમાં હોય તો નવી શોધખોળ કરનારો હોય, દરેક કામમાં પોતાનો રસ્તો શોધી કાઢનારો હોય, હુશ્યાર, તથા ટપાલખાતાંની અથવા ત્રાન્સપોરટ ખાતાંની અંદર સારી નામના મેળવે. ટપાલ બાબદમાં ઘણો સારો પણ જો બુધ સાથે પાપદૃષ્ટિમાં હોય તો, બેવકુફ, ચકરમ, વિચાર વગરનો, હરેક બાબદમાં ઘોંટાળો કરનારો હોય. ટપાલખાતાંની તથા પારસલ લાવ લઇ જવાની બાબદમાં ઘણો ખરાબ જાણવો, ડીલીવરીમાં ભુલ થવાનો સંભવ એ દેખાડે છે.

ચેતવણી :—આ ઉપર દરશાવેલી બાબદોપરથી ગ્રહોની અસર સમજવાની ચાવી મળે છે, તે ઉપરથી વીચાર પુગાડીને ફળાદેષ લખવાની જરૂર છે. નહીં કે એ ઉપર લખેલી બાબદનેજ લગતી બધી બાબદો દરશાવવી. કેટલીક વખતે એ બાબદોમાં, બીજી કોઇ એસપેકટસો વચ્ચે આવવાથી તમામ ફળાદેષ બદલાઇ જાય છે. માટે ઘણાં વખતની લાંબી ચાલુ પ્રેકટીસ પછીજ એ બાબદનો ઝટ વીચાર પુગાડવે ખરૂં ફળાદેષ જાણી શકાય છે.

હોરારી વિદ્યાનાં સુનેરી કાયદા.

હોરારી યાને પ્રશ્ન કુંડળી કાઢી ભવીષ વર્તવાની બાબદમાં જે કુંડળી કાઢવામાં આવે છે, તે તપાસવાને તથા તેનાં સંજોગો અને એસપેક્ટસોની જે જે અસર મહાન વિદ્વાનોએ પોતાના અનુભવથી ખાતરી કરીને જણાવી છે તે અસરોની વીગત અત્રે લખી છે, જેથી એ વિદ્યાને લગતી બાબદો ઘણી ખુલાસાવાર અને સહેલતાથી વર્તી શકાય છે.

૧. જયારે ગ્રહ વક્રી થયલો હોય ત્યારે તેની અસર એક અશક્ત મરવા પડેલાં માણસની હાલત જેવી જાણવી. અથવા તો બેફામ બનીને બેબાકરા થઈ ગભરાઈ ગયલા શખ્સ જેવી જાણવી.

૨. જો ગ્રહો ૩, ૬, ૯, ૧૨ એ ભુવનોમાં આવે તો તેની અસર મુવેલાં માણસ જેવી જાણવી યાને હીલચાલ વગરની જાણવી.

૩. બે પાપગ્રહની વચ્ચે જે ગ્રહ આવે તેની અસર બીધેલાં માણસ જેવી નાચાર જાણવી.

૪. ડાઇરેકશન કુંડળીમાં જો ગ્રહ સ્થીર થાય તો તેની અસર માંદો માણસ સાજો થવા માંડે તેવી જાણવી.

૫. ગુરૂ અને શુક્રની વચ્ચે જે ગ્રહ હોય તેની અસર ઘણીજ સારી જાણવી, સંપુર્ણ સુખ આપે.

૬. જો ચોથાં ઘેરમાંથી પાપદૃષ્ટિમાં કોઇપણ ગ્રહ હોય તો તેની અસર મોત કાંડે આવેલાં માણુસ જેવી જાણવી.

૭. જો શત્રુ ગ્રહ એક બીજા સાથે એસપેક્ટમાં આવે તો જાણવું કે તેની અસર સકંજામાં આવી ફસી પડેલાં માણસ જેવી જાણવી.

૮. જે ગ્રહ પાપગ્રહના કંજંગશનમાં આવે, તે પોતાના શત્રુ સાથે લડતો હોય તેવી અસર જાણવી.

૯. એક ગ્રહ બીજા શુભ ગ્રહના કંજંગશનમાં હોય તો જાણવું કે જાણે મીત્રની મહોબતમાં સુખ શાંતી જેવી અસર જાણવી.

૧૦. એ ગ્રહ બીજા ગ્રહનાં ભુવનમાં હોય અને પોતાનાંજ ત્રીકોણનો હોય તો મીત્રના ઘરનો સમજવો.

૧૧. જે ગ્રહ ૩, ૬, ૯, ૧૨માં ભુવનમાં હોય, તે ગ્રહની અસર માલેક વગરના ખાલી ઘર જેવી છે.

૧૨. એક ઊંચનો અથવા પોતાનાં ઘરનો ગ્રહ હોય તો, એક કીલેબંધીમાં હુસ્યારીથી રહેલા રાજા સમાન અસર જાણવી.

૧૩. એક ઊંચનો ગ્રહ વકરી હોય તો જાણવું કે ઘરનો માલેક અથવા તો તે પોતે પોતાનાં ઘરમાં સીક પડયો હોય, તેવી અસર જાણવી.

૧૪. શુભ ગ્રહ વકરી થાય તે માઠા જાણવા.

૧૫. કોઇપણ ગ્રહ પોતાના છેલ્લા અંશે હોય તો, તે એક મોટા-ઇથી પડી ભાંગેલા માનવીની હાલત સમાન જાણવું.

૧૬. કોઇ ગ્રહ પોતાની પહેલી ડીગ્રીમાં હોય તો તેની શકિત નબળી જાણવી.

૧૭. પહેલી ડીગ્રીથી પંદરમી ડીગ્રી સુધી એક ગ્રહ ઉગતો લેખાય છે.

૧૮. પંદરમાં અંશથી તે ૨૫માં અંશ સુધી પુર જોશવાળો જાણવો.

૧૯. છેલ્લી પાંચ ડીગ્રીનું ફળ કોઈ ગ્રહ આપતો નથી.

૨૦. ખાકી ભુવનનો ગ્રહ (Earthy) યાને શુક્ર, બુધ, શની અથવા વરખ, કન્યા, મકર એ રાશી અને ગ્રહ જો લગ્ને હોય તો તથા ઊંચના હોય તો તે કામની જરૂર સીધ્ધી જાણવી.

૨૧. રવી સાથે જે ગ્રહ રહેલા હોય તેની અસર કમતી જાણવી.

૨૨. ચંદ્ર ઉપર હોરારીનો જવાબ ઘણોજ પ્રબળ રહે છે, માટે ચંદ્રનાં એસપેકટસોપર પુષ્કળ ધ્યાન આપવું. જો ચંદ્ર કોઇપણ ગ્રહની એસપેકટમાંથી છુટો થતો (Separating) હોય તો તે શું ચીજ થઇ ગઇ તે ભુતકાળની બાબદ જણાવે છે.

૨૩. જો ચંદ્ર કોઇ ગ્રહની એસપેકટમાં જતો હોય યાને એપલાઇ (Applying) થતો હોય તો, તે ચીજનું શું પરીણામ નીપજશે તે દેખાડે છે.

૨૪. જો ચંદ્ર શનીથી છુટો પડતો હોય તો દલગીરી, દુઃખ અને આફત દેખાડે છે.

૨૫. જો ચંદ્ર, ગુરૂથી છુટો પડતો હોય તો, મઝાહ, ખુશાલી, નસીબવંત, પૈસા, અને હરેક રીતનો ફાયદોજ થાય.

૨૬. જો ચંદ્ર, મંગળથી છુટો પડતો હોય તો, ખુનરેઝી, બંધી, જુઠી સાક્ષી, દગો વીગેરે જાણવું.

૨૭. જો રવીથી છુટો પડતો હોય તો, માંદગી, બીહીક, ધાસ્તી કે બંદીખાનું સમજવું.

૨૮. જો શુક્રથી છુટો પડતો હોય તો, પ્યાર, હવસ, શરત, સોરતી, નાચરંગ વીગેરે જાણવું.

૨૯. જો બુધથી છુટો પડતો હોય તો, બુધ જેવી હાલતમાં કુંડળીમાં હોય તે ઉપરથી બુધની ખાસીયત પ્રમાણે જાણવું.

૩૦. એજ પ્રમાણે ચંદ્ર જો ઊપલા ગ્રહો માંહેલા કોઇને એપલાઇ (Applying) થતો હોય, યાને એસપેકટસમાં આવતો હોય તો, તેઓની ખાસીયત પ્રમાણે તથા એસપેકટ પ્રમાણે હવે પછી બનાવો બનશે એમ જાણવું.

૩૧. ચંદ્ર જો શની સાથે કંજંગશનમાં હોય તો, દરેક કામ માટે ખરાબ સમજવો.

૩૨. ચંદ્ર જો ગુરૂ સાથે કંજંગશનમાં હોય તો તે દીવસ તેમજ દરેક કામ ઘણું ફતેહમંદ નીવડે.

૩૩. ચંદ્ર જો મંગળ સાથે કંજંગશનમાં હોય તો દરેક રીતે માઠો.

૩૪. ચંદ્ર જો રવી સાથે કંજંગશનમાં હોય તો, ખાનગી કામકાજને માટે સારો છે, પણ જો કોઇ સીક પડે તો સારૂં નહીં થાય; મરે.

૩૫. ચંદ્ર જો શુક્ર સાથે કંજંગશનમાં હોય તો, પ્યાર સંબંધી અને લગ્ન સંબંધી બાબદોમાં ઘણોજ સારો.

૩૬. ચંદ્ર જો બુધ સાથે કંજંગશનમાં હોય તો, લખતપતર, કંત્રાકટ, કબાળો, કે કાગળપત્રનો વહેવાર ચલાવવો સારો છે.

૩૭. ચંદ્ર જો શનીની બરાબર સામે ૧૮૦° અંશે હોય યાને ઓપોઝીશનમાં (Opposition) હોય તો ઘણો ખરાબ, ખાસ કરીને શનીની ખાસીયતવાળાને ઘણો બુરો.

૩૮. ચંદ્ર જો ગુરૂ સામે ૧૮૦° અંશે હોય તો. સાધારણ છે, સારોબી નહીં, તેમ કંઇ નુકસાન કરતો પણ નહીં.

૩૯. ચંદ્ર જો મંગળ સામે ૧૮૦° અંશે હોય તો, ખરાબ જાણવો.

૪૦. ચંદ્ર જો રવી સાથે, ૧૮૦° અંશે હોય તો, કોઇપણ કામ કરવું નહીં, કારણકે ફાયદો નહીં આપે.

૪૧. ચંદ્ર ને શુક્રનું ઓપોઝીશન સાધારણ જાણવું, કાંઇ શરૂસાદાર પરીણામ નીપજે નહીં.

૪૨. ચંદ્ર ને બુધનું ઓપોઝીશન, દરેક કામકાજ માટે સારૂં પણ કંત્રાકટ કે લખત કરવું નહીં.

૪૩. ચંદ્ર જો ગુરૂથી ૯૦° અંશે પાપદૃષ્ટિમાં હોય તો, મોટા પૈસાવાળા માણસોને મીત્રાચારી કરવા માટે સારો વખત. પણ જો ૧૨૦° ડીગ્રી હોય તો તે વધુ સારો.

૪૪. ચંદ્ર જો શની સાથે ૯૦° અંશે હોય તો ખરાબ જાણવો, ખાસ કરી રાજા અને મોટા માણસો સાથે કામ પાડવું નહીં તથા તેવે વખતે તેવા લોકોને મળવું કે મુલાકાત કરવી નહીં, મોટા અને રાજદ્વારી માણસોએ મુસાફરી નહીં કરવી, જો એવા સંજોગો વખતે માનવી સીક પડે તો જવળેજ બચે.

૪૫. ચંદ્ર જો મંગળ સાથે ૯૦° અંશે હોય તો, તે દરેક બાબદમાં ખરાબ જાણવો, ખાસ કરીને લગ્ન અને મોટા માણસો સાથના કામકાજની બાબદમાં ઘણોજ ખરાબ, માંદો પડે તે મરે, અથવા તો તેને લોહીવીકાર લાગુ પડે.

૪૬. ચંદ્ર જો રવીથી ૯૦° અંશે હોય તો મોટાં માણસો સાથે સારી ઓળખાણ રહે, જો ૧૨૦° અંશની એસપેકટ હોય, તો તે ઘણી સારી.

૪૭. ચંદ્ર જો શુક્રથી ૯૦° અંશે હોય તો તે પ્યાર અને મહોબતની બાબદમાં સારો.

૪૮. ચંદ્ર જો બુધ સાથે ૯૦ અંશે થાય તો, તે ઘણો સારો, વેપાર વધે, વેપારને સારો, રાજાઓ સાથે વાતચીત કરવાને સારો, ભણવા ગણવાને ઘણો સારો.

૪૯. ચંદ્ર જો શની સાથે ૬૦° અંશે હોય તો અસલી લોકો અને અસલી બાબદોને માટે સારો, તેવી ચીજની વાતચીત કરવી, અથવા તો શનીને લગતી વીગતો જાહેર પાડવી.

૫૦. ચંદ્ર જો ૬૦° અંશે ગુરૂથી હોય તો ઘણો સારો લગ્ન કરવા, કંઇ ચીજો ખરીદવી, સારાં કામો કરવાં.

૫૧. ચંદ્ર જો મંગળ સાથે ૬૦° અંશે હોય તો લશકર માટે સારો, દુશ્મનપર ચઢાઇ કરવી.

૫૨. ચંદ્ર જો બુધ સાથે ૬૦° અંશે હોય તો, વેપાર તથા લખતપત્રને ઘણો સારો.

૫૩. ચંદ્ર જો રવી સાથે ૬૦° અંશે હોય તો મોટા માણસનું કાંઇ કામ કરવું.

૫૪. ચંદ્ર જો શુક્ર સાથે ૬૦° અંશે હોય તો દરેક વાતમાં સારૂં, ખાસ કરીને પ્યારની બાબદ માટે ઘણો સારો.

૫૫. ચંદ્ર જો બુધ સાથે ૬૦° અંશે હોય તો, વેપાર, કંત્રાકટ, લખાણ, વીગેરેને ઘણો સારો.

૫૬. ચંદ્ર જો શની સાથે ૧૨૦° અંશે હોય તો માજીસ્ટ્રેટો વીગેરે સાથે વાદવીવાદ કરવો ઘણો સારો, ઘર બાંધવા માટે પણ સારો, જમીનની બાબદમાં પણ સારો.

૫૭. ચંદ્ર જો ગુરૂ સાથે ૧૨૦° અંશે હોય તો, રાજવંશીઓ અને ઉમરાવો સાથે કામ કરવું ઘણુંજ સારૂં.

૫૮. ચંદ્ર જો મંગળ સાથે ૧૨૦° અંશે હોય તો લડાઇ શરૂ કરવી, તથા તકરારી બાબદોને વાદવીવાદનું નીવેદણ કરવું, શીકાર કરવા અને મંગળની ખાસીયતવાળાઓ સાથે વાદવીવાદ કરવો.

૫૯. ચંદ્ર જો રવી સાથે ૧૨૦° અંશે હોય તો, તે દીવસે રાજાઓ, રાજકુંવરો, પ્રધાનો, કોર્ટની અરજી, તથા મોટા માણસની મહેરબાની મેળવવાને ઘણો સારો.

૬૦. ચંદ્ર જો શુક્ર સાથે ૧૨૦° અંશે હોય તો દરેક વાતે ઘણોજ સારો, દરેક પ્યારની બાબદ તથા લગ્નની બાબદ માટે ઘણો સારો.

૬૧. ચંદ્ર જો બુધ સાથે ૧૨૦° અંશે હોય તો, લખાણુ કરનારા, વિધવાનો, ધારાશાસ્ત્રીઓ વીગેરે સાથે કામ પાડવું સારૂં છે.

૬૨. શની જો પ્રશ્ન કુંડળીને લગ્ને યાને પહેલે ભુવને આવે તો, જે બાબદની તે કુંડળી હોય તે બાબદને ઘણું નુકશાન પુગાડે, ને જો ત્યાં વકરી થાય તો તે બાબદનો નાશ કરે.

૬૩. શની જો દશમાં ભુવને મેરીદીયનપર હોય તો, તે સર્વેથી આશાવંત જે બાબદો હોય તે નીષ્ફળ કરે, જન્મ કુંડળીએ તેમજ પ્રશ્ન કુંડળીએ ઘણુંજ માઠો.

૬૪. શની જો સાતમાં ભુવને આવે તો, દરેક કામકાજમાં હેરફેર બદલા બદલી કર્યા કરે, અને કોઈબી બાબદની નડતલ નાખીને હરેક કામ બગાડે.

૬૫. શની જો ચોથાં ભુવને આવે તો, દરેક બાબદનો નાશકારક અંત આવે, ગમે તેવી ચોકસાઈ છતાં પણ તે કામનો બગાડોજ કરે, ખાશ કરી તે ભુવનનો જો માલેક થઇને રહયો તો જરૂર કરે.

૬૬. શની હરેક કામને નુકશાન પુગાડનારો અને બાંધી નાખીને શંકોચી નાખનારો હોય છે, અને ગુરૂ તેને તોડી નાખી ખુલાસો કરનારો અને પ્રકાશીત બનાવનારો છે, શનીને તોડનાર ગુરૂ છે.

૬૭. એજ પ્રમાણે મંગળની ગરમ અને હાંનીકારક અશરોને તોડનાર શુક્ર છે.

૬૮. બુધ જે કંઇ કામમાં નડતલ કરતો હોય તો, તેને તોડનારો ચંદ્ર છે, કે જ્યારે ચંદ્ર, શુક્ર અથવા ગુરૂની એશપેકટથી છુટો પડતો હોય ત્યારે તે બુધનું જોર તોડવાને શકિત ધરાવે છે.

૬૯. ત્રણ મુખ્ય ગ્રહો શની, મંગળ, ને ગુરૂ જ્યારે રવીની સામણે ૧૮૦° અંશે હોય ત્યારે દરેક કાર્ય અને સવાળને લંબાવીને તેમાં નડતલો નાખે છે.

૭૦. શની અને રવી જો પ્રશ્નકાળે ૯૦° અંશે હોય તો, તે સવાળને લગતી બાબદનો નીવેડો જલદી આવે, પણ કાર્ય સીધ્ધ થાય નહીં.

૭૧. શની જો ગુરૂ સાથે પ્રસ્નકાળે ૯૦° અથવા ૧૮૦° અંશે આવે તો દરેક આફ્તોને દુર કરે છે, બચાવ કરે છે.

૭૨. શની જો મંગળ સાથે કંજંગશન, ૯૦° કે ૧૮૦° અંશે આવે તો દરેક કાર્યનો નાશ કરે.

૭૩. શની જો શુક્ર સાથે દશમાં ભુવને જો કંજંગશન કરે અથવા તો ૧૮૦° અંશે સામો થાય, તો તે સવાળની બાબદમાં દગો અને નીમકહરામી, તથા લુચ્ચાઇ થશે એમ જાણવું.

૭૪. શની જો કંજંગશન, ૯૦° અથવા ૧૮૦° અંશે બુધ સાથે હોય તો તે સવાળનો નાશ કરે, અને ખાશ કરીને આળસુ અને બેદરકાર બનાવે, ધણોજ બેતુંભા કરે.

૭૫. ગુરૂ જો શનીના કંજંગશનમાં આવે અથવા ૯૦° કે ૧૮૦° અંશે હોય તો શનીની ખોડ તોડે, દરેક કાર્યમાં મદદ કરી, શનીની વિરૂધ્ધતાને તોડી નાખે, દરેક બાબદને ભલી કરે.

૭૬. ગુરૂ જો મંગળ સાથે કંજંગશન અથવા ૯૦° અંશે કે ૧૮૦° અંશે સામો થાય તો, બચ્ચાં અને ફરઝંદની બાબદમાં ઘણી અડચણો કરે, બલકે નાશ કરે, જો તે ભુવનનો પોતે માલેક હોય તો.

૭૭. ગુરૂ જો શુક્ર સાથે કંજંગશન, ૯૦° અંશે અથવા ૧૮૦° અંશે હોય તો દરેક કાર્યનો અંત ફતેહમાં આવે.

૭૮. ગુરૂ જો બુધ સાથે કંજંગશન, ૯૦° અંશ કે ૧૮૦° અંશે આવેલો હોય તો જે કામ ધાર્યું હોય તે અંતમાં થાય, અને જેટલી આશા રાખી હોય તે કરતાં વધુ ફતેહ મળે.

૭૯. જો પાપગ્રહ પહેલાં ભુવને ઊંચનો કે પોતાનાં ઘરનો થઇને બેઠો હોય તો જન્મ કુંડળીએ તેમજ પ્રશ્ન કુંડળીએ જાણવું કે તે માણસનું નસીબ દુઃખ અને દલીદ્રતામાંથી સુખ અને લાભમાં ફેરવાશે.

૮૦. પણ જો પાપદૃષ્ટિમાં હોય અને શતરૂ ભુવનમાં હોય અથવા ખાડાનાં ઘરમાં હોય તો જાણવું કે સારાંનું પરીણામ નરસુંજ આવશે. એજ પ્રમાણે બીજાં હરેક ભુવનોની બાબદ આગળાં પ્રકરણોમાં શીખવા પછી આ સુનેરી કાયદાઓ, તે પ્રમાણે અભ્યાસીઓ સારી કળાથી વાપરી જાણશે.

૮૧. જ્યારે જન્મ કુંડળીએ અથવા પ્રશ્ન કુંડળીએ લગ્નનો માલેક અથવા ચંદ્ર જો તુલા રાશીને ૧૫° અંશથી વૃશ્ચિક રાશીને ૧૫° અંશ સુધીમાં હોય તો તેને "વાઈકમબસ્તા" યાને જલીત થયલો તથા ઘેરાયલો સમજવો, તેનું ફળ એ કે સર્વે વાતની હાંની કરે અને કાર્ય કદી સીધ્ધ થાય નહીં.

૮૨. જો પહેલાં ભુવનનાં કશથી ચોથે અથવા દશમે ભુવને પાપગ્રહ પડયો હોય તો તે સવાળનું કાર્ય થાય નહીં તથા તેનો ભેદ ભરમ સર્વે ફુટીને પાપ જાહેર થઈ જાય.

૮૩. જો લગ્ને અને બીજાં ભુવને પાપગ્રહ પડે, અને સવાળનો સીગનીફીકેટર શુભ ગ્રહ હોય તો તે કાર્યમાં સહેજસહાજ નફો મળે.

૮૪. જ્યારે સવાળનો સીગનીફીકેટર જો **"રીસેપસનમાં"** હોય અથવા કેન્દ્ર સ્થાનમાં કોઇ પાપગ્રહ સાથે સારી એસપેકટ કરતો હોય તો તે કાર્ય સીધ્ધ થાય, પણ તે શખ્સ અંતની ઘડીએ જે આશાઓ સર્વે રાખેલી તે છોડીને નાસીપાસ થઇ જાય ત્યારે તેનું એકાએક કામ બને ને ખુશી થાય.

૮૫. જો કુંડળીનો સીગનીફીકેટર કાર્યનો પહેલો વીચાર થયો, તે વખતે પાપગ્રહની એસપેકટમાં હોય અથવા નીચનો કે પાપદૃષ્ટિથી ફસેલો હોય, તો તે કાર્ય કદી થાય નહીં, ને જો સારાં પોઝીશનમાં હોય તો, તે કામ થશે એમ જાણવું.

૮૬. આ સર્વે ઉપલા કાયદાઓપરથી જ્ઞાની જ્યોતિષીએ પોતે વીચાર કરીને એ સંજોગો જણાવવા પણ ફકત એ કાયદાઓપરજ ધ્યાન આપવું નહીં, જાત, ન્યાત, વખત, સમો, રીતીનીતી, તથા જાહેર વીચાર પુગાડી અનુભવ મારફતે એ ટુંકા અક્ષરી ગુપ્ત કાયદાઓને લંબાણ વિવેચનથી તથા ઘણા વખતની ચાલુ પ્રેકટીસથી, જે જે ફળો અનુભવેલાં હોય, તે તે લાગુ પાડીને ફળ દરશાવવું.

૮૭. હવે બીજા કેટલાક Ptolemyની બુક માંહેલા કેટલાક જરૂરી કાયદાઓ અત્રે લખેલા ઉપયોગી થઇ પડશે. કહે છે કે દરેક કામકાજને માટે સારા માઠા દીવસ જોવાની જરૂર છે, યાને કે જે દીવસે જે જાતનું કામ કરવાનું હોય, તેવી નીશાનીઓ જો ગ્રહો **નહીં દેખાડતા હોય, તો તે કાર્ય મુખ્ય કરીને નીષ્ફળ નીવડે છે.**

૮૮. જેમ એક હુસ્યાર ખેડુત પોતાની ખેતીને ફળદરૂપ બનાવે છે તેમ એક ચાળાક મનનો માનવી આસ્માનની ગેરદેષને સેતારાઓની ચાલ મારફતે ખુલ્લી કરે છે.

૮૯. જ્યારે શુભ ગ્રહ આંઠમાં ભુવનનાં ખાડામાં પડે, ત્યારે જાણવું કે, તે કુંડળીને લગતું કાર્ય કોઇ સારા માણુસની ભોળાઇથી નુકસાન પામશે.

૯૦. બુઢાં માણુસોનું ભવિષ્ય વર્તીને કહેવાની અગાઉ, પહેલે તે કેટલાં વધુ વર્ષ જીવશે તે જોવું, અને ત્યાર પછીજ તેનું ભવીષ્ય વર્તવું.

૯૧. જ્યારે ગુરૂ અને ચંદ્રનું કંજંગશન હોય, ત્યારે કદીબી જુલાબને લગતી દવા લેવી નહીં, કારણુકે ઝાડો તેથી આવતો નથી.

૯૨. જે રાશીનો ચંદ્ર હોય, તે રાશીને લગતા શરીરનાં ભાગપર તે દીવસે કાંઇપણુ ઓપરેશન હથ્યાર મારફતે કરવું નહીં.

૯૩, જ્યારે ચંદ્ર વૃશ્ચિક રાશીમાં અથવા મીન રાશીમાં હોય ત્યારે જોલાબની દવા આપવાથી ફાયદો થાય છે, યાને જોલાબ કારગત લાગે છે.

૯૪. જ્યારે સીંહ રાશીમાં ચંદ્ર હોય ત્યારે નવો પોષાક વેતરવો નહીં, તેમજ નવાં કપડાં સીવવાં કે પહેલવહેલાં પહેરવાં નહીં.

૯૫. ચંદ્ર જે ગ્રહનાં કંજંગશનમાં હોય તે ગ્રહો જો સારી એસ-પેકટમાં હોય તે કામમાં ઉલટ આપે, પણુ જો પાપદૃષ્ટિમાં ફસેલો હોય તો તદન આળસુ બનાવે.

૯૬. કુંડળીની જે રાશીમાં શુક્ર હોય, તે રાશીને લગતો શરીરનો ભાગ વધારે ઘટમદાર હોય છે, એજ પ્રમાણે જે જે રાશીમાં જે જે ગ્રહ હોય, તે તે ગ્રહ પોતપોતાની ખાસીયત પ્રમાણે, તે તે રાશીનાં ભાગો ઉપર, તે તે જાતની અસર કરે છે.

૯૭. જ્યારે કોઇપણુ ગ્રહ "કલીમેટીક" જગ્યામાં દાખલ થાય ત્યારે તે ગ્રહ જે રાશીનો માલેક હોય, તે રાશીને લગતા મુળકનો રાજા અથવા તો કોઇ અમીર જરૂર મરે.

૯૮. નવા ચંદ્રની રાશીનો માલેક જો કેન્દ્ર સ્થાનમાં હોય તો તે કાર્ય તેજ મહીનામાં થશે એમ જાણવું.

૯૯. જે રાશીમાં ચંદ્ર બદલાતો હોય, અને તે રાશીનો માલેક જો રવી સાથે કંજંગશનમાં, સ્કવેર, કે ઓપોઝીશનમાં હોય ને કેન્દ્ર સ્થાનમાં હોય, તો તે મહીનામાં શું શું ફેરફારો થશે તે તમામ જણાય છે.

૧૦૦. સુર્ય જ્યારે રાશી બદલે છે, ને જે રાશીમાં જાય છે તે રાશીમાં જે ગ્રહ હોય તેને તેજ કરે છે, જેથી તે ગ્રહને લગતી ખાસીયતો તે વેળાએ પ્રગટી નીકળે છે. (ખાસ કરીને રૂતુની બાબદમાં).

૧૦૧. જે શહેરનો પાયો નખાતી વખતે જો મંગળ દશમે સ્થાને હોય તો, તે શહેરનો રાજા તળવારના ઘાથી મરે.

૧૦૨. જો કન્યા કે મીન રાશી, લગ્ને યાને પહેલે ભુવને આવે તો તે માણુસ જાતી બળે આગળ વધી સુખ મેળવે, પણુ જો મેષ અથવા તુલા રાશી હોય તો, તે માણુસ પોતે પોતાનાં મોતનો કારણુ-ભુત થાય, એજ પ્રમાણે બીજી રાશીઓનો પણુ વીચાર જાણવો.

૧૦૩. બુધ જો શનીના ઘરમાં સારી એસપેકટમાં હોય તો, અટ-કળ કરનારો અને ચુનોચરા કરનારો હોય, પણુ જો મેષ રાશીમાં હોય તો, તે માણુસ ભાષણુકર્તા થાય.

૧૦૪. જો કોઇ શખ્સનાં જન્મ લગ્ને પાપગ્રહ બીજા ગ્રહોની પાપદૃષ્ટિમાં સપડાયલો હોય તો તે માનવી કઠોર કામો કરે, અને સુગંધીને બદલે દુર્ગંધી તેને વધારે પસંદ આવે.

૧૦૫. જ્યારેબી મુસાફરી કરવી હોય ત્યારે, તે વખતની કુંડળી કાઢવી અને જોવું કે આંઠમાં ભુવનનો માલેક ખરાબ દૃષ્ટિમાં ફસેલો નહીં હોય, અથવા આંઠમાં ભુવને કોઇ પાપગ્રહ નહીં હોય, તેમજ જ્યારે તે મુસાફરીથી પાછો ફરે ત્યારે કુંડળીનાં બીજાં ભુવનને અને તેના માલેકને તપાસવો.

૧૦૬. જન્મ કુંડળીમાં જે જે રાશીમાં પાપગ્રહ હોય, તે રાશીમાં જ્યારે ચંદ્ર આવે, ને તે વખતે જો તે માણુસ સીક પડે, તો તેની

બીમારીનું જોર ઘણું થાય, તેમજ તે રાશીથી ૯૦° અંશે અથવા ૧૮૦° અંશે ચંદ્ર હોય ત્યારે પણ ગંભીર માંદગી થાય, વળી જો તે રાશી પાપગ્રહની દૃષ્ટિમાં હોય તો માંદગી ઘણી ગંભીર થાય, એજ પ્રમાણે સારા ગ્રહો માટે એથી ઉલટું સમજવું.

૧૦૭. જો સીગ્નીફીકેટર માણુસાઇ રાશીમાં નહીં હોય તો, તેમજ લગ્નની રાશી માણુસાઈ રાશી નહીં હોય તો જાણવું કે, પ્રશ્ન કરનાર પોતે પણ માણુસાઇ ખવાસ વગરનો છે.

૧૦૮. જે શખ્સની કુંડળીમાં જે રાશીમાં પાપગ્રહ બેઠો હોય, અને બીજા શખ્સની કુંડળામાં તેજ રાશીમાં શુભ ગ્રહ બેઠો હોય તો શુભ ગ્રહવાળાને પાપગ્રહવાળા તરફથી હાંની પુગે.

૧૦૯. જે નોકરનાં જન્મ લગ્નની રાશી જો તેનાં ધણીની જન્મ કુંડળીમાં દશમાં ભાવે હોય, તો તે ધણી તે ચાકરના હાથમાં ગુલામ જેવો થઇ રહે, અને તેની ઉપર પુષ્કળ વિશ્વાસ મુકે.

૧૧૦. લાંબા કદનાં માનવીની જન્મ લગ્નનીં રાશી શરૂઆતની ડીગ્રીમાં હોય છે, તથા તેનો માલેક કુંડળીમાં કોઇપણ ભાગે શુભ દૃષ્ટિમાં અથવા ઊંચનો હોવો જોઇયે, તેજ પ્રમાણે ટુંકા કદનાં આદમીનાં લગ્નનો માલેક, પાપદૃષ્ટિમાં અથવા તો કોઇ ખાડાનાં ભુવનમાં હોવો જોઇયે.

૧૧૧. એક ઘર બાંધતી વખતે, તેનાં પાયાની કુંડળીનાં લગ્નનો સીગ્નીફીકેટર જો પૃથ્વીની બાહેરનાં કોઇ ગ્રહ સાથે જોડાય તો તે ઘરનાં પાયામાં નુકસાન જાય, ને પાયો જોર પકડે.

૧૧૨. સીક આદમી માટે પુછાયલી **પ્રશ્ન કુંડળીમાં** સાતમું ભુવન અને તેનો માલેક જો પાપદૃષ્ટિમાં ફસેલો હોય, તો તે દરદી માણુસનો જે ડાક્ટર હોય તેને બદલી નાંખી બીજો દાક્ટર સારવાર માટે નેમવો.

૧૧૩. મુનદન કુંડળામાં જે ભુવને મુખ્ય કંજંગશન પડતું હોય, તેનો તફાવત, કુંડળીનાં લગ્નનાં અંશથી ગણુવો, અને તે ગ્રહ જ્યારે તેટલા અંશનો થાય (Profection) ત્યારે તે ભુવનને લગતી બાબદો બને એમ જાણવું.

૧૧૪. જ્યારે દર મહીને ચંદ્ર સુર્યનું કંજંગશન થાય, ત્યારે તે ઘડીપળની જો કુંડળી કાઢવામાં આવે, અને તે કુંડળીનાં કેન્દ્ર સ્થાનો પ્રમાણે તે મહીનાની રૂતુની પીછાણ થાય છે.

૧૧૫. જ્યારે શની અને ગુરૂ એક બીજા સાથે સંયુતી યાને કંજંગશન કરે, ત્યારે જોવું કે કયો ગ્રહ બેઉમાંથી ઊંચનાં છે, અથવા તો વધુ બળવાન છે; જે બળવાન હોયે તેનાં ગુણ પ્રમાણેનું ફળાદેષ કહેવું, એજ પ્રમાણે બીજાં કંજંગશનો માટે પણ વિચારી લેવું.

૧૧૬. જો પાપગ્રહ સુર્ય અસ્ત થવા પછીથી આકાશમાં અસ્ત થતો હોય તો, દરદને દુઃખ આપે, પણ જો સુર્ય ઉદય થવા આગમજ તે પાપગ્રહનો ઉદય થાય તો તે ગ્રહ એકસીદંત કરાવે.

૧૧૭. જ્યારે શની અને મંગળ બેઉ લગ્ને હોય ને તેનાં ઓપોઝીશનમાં ચંદ્ર સાતમાં ભુવને હોય તો, તે માણુસની આંખમાં ખામી હોય, પણ જો એવે વખતે રવીબી કોઈ કેન્દ્ર સ્થાનમાં હોય તો, માણુસ આંધળો થાય.

૧૧૮. જો ચંદ્ર તથા બુધને કોઇપણ જાતની દૃષ્ઠિ નહીં હોય, તેમજ એ બેઉ ગ્રહો લગ્ન યાને પહેલાં ભુવન સાથે પણ કોઇ જાતની એસપેકટસ કરતા નહીં હોય, તો તે માનવી ઘેલો અથવા દીવાનો થાય.

૧૧૯. જે માનવીની કુંડળીમાં મંગળ લગ્ને હોય તેને જરૂર મોઢાં ઉપર ઘા અથવા નીશાન હોય.

૧૨૦. જો સીંહ રાશીમાં સુર્ય સાથે, પહેલાં ભુવનનો માલેક બેસે, તથા મંગળને પહેલાં ભુવન સાથ સંબંધ નહીં હોય તો, તથા તેજ વખતે આંઠમાં ભુવનમાં કોઈ શુભ ગ્રહ નહીં હોય, તો તે માનવી બળીને મરે, અથવા આગથી મોત થાય.

૧૨૧. જો દશમાં ભુવને શની હોય અને ચોથાં ભુવને રવી અથવા ચંદ્ર હોય, અને ચોથાં ભુવનની રાશી જો ખાકી તત્વની હોય તો માણુસ ઘર પડવાથી અથવા દટાવાથી મરણ પામે. જો ચોથાં ભુવને પાણીની રાશી હોય તો ડુબી મરે, જો માણુસાઇ રાશી હોય તો કોઇ માનવીનાં હાથે ગુંગળાવીને મારી નાંખવામાં આવે અથવા ફાંસી ચઢે. એટલું છતાં જો કોઇ શુભ ગ્રહ આંઠમાં ભુવને તે વખતે હોય તો, તે માનવી મરણકાંઠે આવતાં ઘણું કરીને જરૂર બચી જાય.

૧૨૨. જેની જન્મ કુંડળીમાં મંગળ અગ્યારમાં ભુવને હોય તેને તેનાં માલેક અથવા શેઠ સાથે કદી બને નહીં, ખટપટ થયા કરે.

૧૨૩. કોઇપણુ નવાં કામમાં અથવા ધંધામાં લાગતી વખતે જો મંગળનો ગ્રહ, પ્રશ્ન કુંડળીનાં લગ્નનો માલેક હોય, અને પોતે બીજાં ભુવને બેઠો હોય અથવા બીજાં ભુવનના માલેક સાથે કંજંગશન કરતો હોય તો તે વેપાર અથવા ધંધામાં પુષ્કળ ખોટ જાય.

૧૨૪. ચંદ્ર જો પૃથ્વીની ઉપરનાં ભાગમાં હોય, તો તે કુંડળી જે સવાળ માટે પુછી હોય, તે સવાળને લગતી બાબદ તદન નવી હોવી જોઇયે, પણુ જો ચંદ્ર પૃથ્વીની નીચે હોય તો, ઘણા લાંબા વખતની હોવી જોઇયે.

૧૨૫. જો ચાંદરાતનો નવો ચંદ્ર અથવા તો પુનમનો ચંદ્ર જે રાશીનો હોય તે રાશીનો માલેક જો કેન્દ્ર સ્થાનમાં પડે, તો જે કામ માટે પ્રશ્ન પુછાયો હોય તે પ્રશ્નને લગતું કામ ઘણું જલદીથી પુરું થાય.

૧૨૬. પાપગ્રહ જો કુંડળીમાં ઘણી પાપદૃષ્ટિમાં આવ્યા હોય અથવા તો દશમાં સ્થાને રાહુ હોય તો, જાણુવું કે સવાળનો જવાબ વિશ્વાસ-પાત્ર મળવાનો નથી.

હોરારી એસ્ત્રોલાજીમાં પુછાતા બારે ભુવનોનાં સવાળો તથા તેમને લગતી સમજણુ.

પહેલાં ભુવનનાં સવાળો.

૧. **હું લાંબી જીંદગી જીવીશ કે ?** જો પ્રશ્ન કુંડળીમાં રવી, ચંદ્ર અને લગ્ન એ ત્રણે પાપદૃષ્ટિથી નીરાળા હોય, તથા રવી અને ચંદ્ર ૪, ૬, ૮, એ ભુવનોમાં રહેલા નહીં હોય, તો જાણુવું કે જીંદગી લાંબી છે. જો ગુરૂ શુક્ર સારી દૃષ્ટિમાં હોય અને પાપગ્રહો ૬, ૮, ૧૨ માં સ્થાને ખાડામાં પડેલા હોય, તથા તેઓ ચંદ્ર સુર્યની દ્રષ્ટિથી નીરાળા હોય તો જાણુવું કે જીંદગી લાંબી છે. જો પહેલાંનો માલેક ચોથાં કે આંઠમાં સ્થાને હોય, અથવા રવી કે ચંદ્ર ઊપર ૭

કે આંઠમે સ્થાનથી પાપગ્રહની દૃષ્ટિ પડતી હોય, અથવા તો કેન્દ્ર સ્થાનમાં પાપગ્રહો બેઠા હોય તો, તથા લગ્નનો માલેક અને રવી ચંદ્ર પણ ખાડે પડેલા હોય, તો જાણવું કે જીંદગી ટુંકી છે, ઘણા વર્ષ જીવશે નહીં.

૨. **ફલાણો માણસ ઘરમાં છે કે?** પહેલે એ માણસનો સીગ્નીફીકેટર કયા ભુવનમાં છે તે જોવો, અને જો તે ભુવનનો માલેક કેન્દ્ર સ્થાને યાને ૧, ૪, ૭, ૧૦ માં હોય તો જાણવું કે તે માણસ ઘરમાં છે, જો ૨, ૫, ૮, ૧૧, એ સ્થાનમાં હોય તો ઘરથી થોડે દુર ગયલો છે, પણ તુરત મળશે, અને જો ૩, ૬, ૯, ૧૨, એ સ્થાનમાં હોય તો તે માણસ બાહેર ગયલો છે ને મળશે નહીં. જો તે માણસનો સીગ્નીફીકેટર તથા સવાળ કરનારનો સીગ્નીફીકેટર એ બેઉ જણ એક બીજાની સાથે એસપેકટમાં આવતા હશે તો તેઓ એકમેક સાથે મેળાપ કરશે, પણ જો તેઓની વચ્ચે કોઇ બીજા ગ્રહની એસપેકટ આવી પડશે તો, મેળાપ થશે નહીં.

૩. **કંઇ એકાએક જીંદગીમાં ફેરફાર થશે કે અથવા કાંઇ સારો માઠો બનાવ હાલમાં બનશે કે?** લગ્નનો માલેક રવી અને ચંદ્ર તપાસવા કે તેઓ એક બીજાની સારી એસપેકટમાં હોય તો, અને ગુરૂ શુક્રની સારી દૃષ્ટિ હોય તો જાણવું કે સવાળ કરનારને કાંઇપણ નુકસાન થવાનું નથી. પણ જો રવી ચંદ્ર કે લગ્નને પાપગ્રહો જેવા કે શની, મંગળ, હરશચલ વીગેરે પાપદૃષ્ટિ કરતા હોય તો, તેઓ જે ભુવનનાં માલેક હોય, તે ભુવનને લગતા શખ્સ અથવા બીનાથી, સવાળ કરનારને નુકસાન જશે એમ જાણવું.

૪. **ગેરહાજર શખ્સ જીવતો છે કે મુવેલો?** ગેરહાજર રહેલો માનવી જો સગો હોય તો, તેને લગતું ભુવન જોવું, જેમકે ભાઇ માટે ત્રીજું, બાપ માટે ચોથું, ફરઝંદ માટે પાંચમું, મીત્ર માટે અગ્યારમું, પણ જો કોઈ ત્રાહીત માનવી માટે જોવું હોય તો સાતમું ભુવન જોવું, કે એ ભુવનોમાંથી જે ભુવનને લગતો સવાળ હોય, તે ભુવનનો માલેક જો ચોઠે અથવા આંઠમે સ્થાને હોય, અને વળી પાપગ્રહનાં કંજંગશન, સ્કવેર, કે ઓપોઝીશનમાં હોય, તો જાણવું કે તે માણસ મરવા પડેલો છે, અથવા મુવેલો છે. વખતનું અનુમાન

એવી રીતે કે જો કંજંગશન, સ્કવેર કે ઓપોઝીશન બરાબર થવાનું હોય તો, તે જ્યારે થશે ત્યારે મરે, અને જો થઇ ગયું હોય તો તે થયું તે વખતે મુવો, એમ જાણવું. જો પ્રશ્નનો સીગ્નીફીકેટર છઠ્ઠાં ભુવનમાં હોય તો, તે માંદો છે એમ જાણવું. તથા વધારે સીક છે કે ઓછો, તે જેવાં પ્રમાણમાં તે ગ્રહ પાપગ્રહોની વધતી ઓછી દૃષ્ટિમાં આવ્યો હોય તેમ જાણવું, અથવા જો આંઠમાં ભુવનનો માલેક તથા ચોથાં ભુવનનો માલેક જો છઠ્ઠાં ભુવને રહેલા સીગ્નીફીકેટર સાથે પાપદૃષ્ટિ માટે આગળ વધતા હોય તો જાણવું કે તે મરશે, પણ જો દુર જતા હોય અને એસપેકટથી છુટા પડતા હોય તો,-જાણવું કે તે માણસ માંદગીમાંથી સાજો થશે. જો ઉપળી બાબદોમાંની કોઇપણ બાબદ કુંડળીમાં જોવામાં નહીં આવે તો જાણવું કે તે માણસ સારી પમે છે, અને જીવતો છે, અને ખાસ કરીને જો રવી, ચંદ્ર કે ગુરૂના સમાગમમાં તે આવેલો હોય તો ઘણો સારો જાણવો. જો હવે તે જીવતો છે, ને કયારે કાગળપત્ર લખશે, તે જાણવું હોય તો, અગ્યારમાં ભુવનનો માલેક જયારે ૬૦° અંશે અથવા ૧૨૦° અંશે સીગ્નીફીકેટરની સાથે એસપેકટ કરે, તે વખતે તેમ થશે એમ જાણવું.

૫. **હું તંદરૂસ્ત થવશ કે?** જો લગ્નનો માલેક અને ચંદ્ર, પાપગ્રહની દૃષ્ટિથી મુકત થતા હોય, અને ૪, ૬, કે ૮ માં સ્થાનમાં નહીં હોય તો જાણવું કે થશે, અને જો છઠ્ઠાંમાં હોય તો જાણવું કે સીક પડશે, છઠ્ઠાંમાં રહીને ચંદ્ર અથવા લગ્ન સાથે પાપદૃષ્ટિ થાય તો માંદો પડશે, પણ જો આંઠમાં ભુવન કે ચોથાં ભુવનમાં જો લગ્નનો માલેક બળહીન થઇને રહેલો હશે તો મોત નજીક આવેલું જાણવું.

૬. **મારી તબીયત સુધારવા મારે કયાં જવું જોઇએ?** લગ્નનો માલેક કયા કયા ગ્રહો સાથે સારી દૃષ્ટિમાં છે, અને તે ગ્રહો સારાં ભુવનોમાં બેઠેલા છે કે, જો તેમ હોય તો તે ગ્રહો જે ભુવનમાં હોય તે જગ્યાએ જવાથી તબીયત સુધરે, જો તે ગ્રહ પાપગ્રહ હોય તો સહેજ સહાજ સુધારો થાય, જો તે ગ્રહ શુભ હોય તો વધારે સારૂં, પણ જો રવી અથવા ગુરૂ હોય તો ઘણોજ સારો જાણવો. હવે એ સારી દૃષ્ટિ ફેંકનારો ગ્રહ જે રાશીમાં અને જે ભુવનમાં હોય

તે રાશીની અને તે ભુવનની દીશામાં જવાથી ફાયદો થાય છે જેમકે, દશમાં ભુવને મકર રાશીમાં હોય તો બરાબર દક્ષીણ દીશા જાણવી, કારણકે મકર રાશી દક્ષીણ દીશા દેખાડે છે, તેમજ દશમું ભુવન પણ દક્ષીણ દીશાજ દેખાડે છે. એ બાબદ ઘણું ધ્યાન રાખવાની જરૂર છે. કેટલીક વખતે ગુંચવાડો ઊભો થાય છે જેમકે, પહેલાં ભુવને તુલા રાશી આવે, તો તુલા રાશી પશ્ચિમ દીશા બતાવે છે, અને પહેલું ભુવન પુર્વ દીશા બતાવે છે. એટલે પશ્ચિમ જવું કે પુર્વે જવું તે ગુંચવણમાં પડયે છીએ. એમ થવાનું કારણ એજ કે કુંડળીનો સવાળ ઘચુપચુ મને કરેલો હોવોજ જોઇયે, જો સંગીન દ્રઢતાથી કુંડળીનો પ્રશ્ન પુછવામાં આવે તો, એવા સવાળ વખતે એવી ગુંચવણ થતી નથી.

૭. મારી જીંદગીનો કયો ભાગ વધારે નસીબવંત નીવડશે? કુંડળીમાં રવી, ચંદ્ર, ગુરૂ અને શુક્રને તપાસવા, તેઓ જો ૧૦, ૧૧ ૧૨ અને પહેલે ભુવને બેઠા હોય તો, જીંદગીની શરૂઆતથી ત્રીસ વર્ષ સુધી વધુ નસીબવંત, જો ૯, ૮, ૭ માં ભુવને હોય તો ૩૦ થી ૪૦માં વર્ષ સુધી, જો બીજે કે ત્રીજે ભુવને હોય તો ૪૦ થી ૫૦ માં વર્ષ સુધી અને જો ૪, ૫, કે ૬ ઠે ભુવને હોય તો જીંદગીનાં અંત વખતે સુખ મળે. જો રવી, ચંદ્ર, ગુરૂ કે શુક્ર કુંડળીમાં જુદે જુદે સ્થાને છુટા છુટા પડયા હોય તો, આખી જીંદગી સુધી, તેઓનાં બળ પ્રમાણે સુખ અથવા દુઃખ આપ્યા જાય.

૮. મારાં ભલાંને માટે દુન્યાનાં કયા ભાગમાં મારે રહેવું જોઇયે? ગુરૂ, શુક્ર, ચંદ્ર અને રવી એ ચાર ગ્રહોમાંથી કયો ગ્રહ માહા બળવાન છે, તે તપાસવો, અને તે ગ્રહ જે રાશીમાં અને જે ભુવનમાં હોય, તે રાશીને, તે ભુવનને લગતી જે દીશા હોય, અને તે દીશામાં જે મુળકો આવેલા હોય ત્યાં જવું સારૂં છે.

૯. હું કયાં લગી જીવશ? લગ્નનો માલેક જો રવી સાથે અથવા તો આંઠમાં કે ચોથાં ભુવનમાં રહેલા કોઇ પાપગ્રહ સાથે કંજંગશન, સ્કવેર, કે ઓપોઝીશનની એસપેકટમાં જતો હોય તો, સીગ્નીફીકેટર અને તે અમુક ગ્રહની વચ્ચે જેટલા અંશનો તફાવત

હોય, તે આગળ દરશાવેલા વખતનાં કોષ્ટક પ્રમાણે જોઇને, તેટલો વખત જાણવો. જો રવી અથવા ચંદ્ર આંઠમાં ભુવને બેસી, શની અથવા મંગળ કે હરશચલ સાથે કંજંગશન, સ્કવેર કે ઓપોઝીશનમાં જતા હોય તો જરૂર જીંદગી ટુંકી જાણવી.

૧૦. મુસાફરીએ ગયલાં વહાણુની ભરદર્યામાં કેવી હાલત છે? કુંડળીનાં લગ્નની રાશી અને ચંદ્ર એ વહાણ સમજવું, લગ્નનો માલેક તે ખલાસીઓ, દશમાંનો માલેક તે કેપટન જાણવો. જો આંઠમાંનો માલેક લગ્ને બેઠો હોય, અથવા તો લગ્નનો માલેક આંઠમાં ભુવને બેઠો હોય, અથવા તો ૪, ૬, ૮, કે ૧૨ માં ભુવનનાં માલેકની પાપ-દૃષ્ઠિ હોય, અથવા ચંદ્ર જલીત હોય, તો જાણવું કે તે વહાણ ડુબી ગયું છે, અને ખલાસીઓ માર્યા ગયા છે, પણ જો ઉપળાંમાંથી કોઇ પણ ગ્રહ એક બીજાનાં રીસેપશનમાં હોય તો જાણવું કે વહાણ તો ડુબી ગયું, પણ કોઇક ખલાસીઓ બચવા પામ્યા છે. પણ જો લગ્ન, તેનો માલેક અને ચંદ્ર શુભ દૃષ્ઠિમાં હોય તો જાણવું કે વહાણ, તેના ખલાસી તથા માલ અસબાબ સર્વે સલામત છે.

૧૧. મુસાફરીથી કાંઇ લાભ થશે કે? જો લગ્ન, લગ્નનો માલેક અને ચંદ્ર શુભ દૃષ્ઠિમાં અને ઊંચનાં હોય તથા રવી અને ગુરૂ સાથે શુભ દૃષ્ટિમાં હોય, તો મુસાફરીથી ઘણો લાભ થાય. જો પાપ-દૃષ્ઠિમાં અને નીંચનાં હોય તો ગેરલાભ જાણવો. જો કોઇ પાપગ્રહની લગ્ને અથવા લગનનાં માલેકપર અથવા ચંદ્ર ઉપર પાપદૃષ્ટિ હોય તો તે મુસાફરીમાં માહાભારત નુકસાન થવાની વકી જાણવી, જો તે પાપગ્રહ બારમાં ભુવનેથી પાપદૃષ્ઠિ નાંખતો હોય તો ચોર લુટારાથી, જો લગનનો માલેક અને દશમાંનો માલેક એક બીજાનાં ઓપોઝી-શનમાં હોય તો ખલાસીઓમાં તથા માણસોમાં હુલ્લડ જાગવાથી, નુકસાન થાય, પણ એ બેઉમાંથી જે માલેકો જોરાવર ને ઊંચનાં હોય, તેની ફત્તેહ થાય એમ જાણવું.

આ પ્રમાણે પહેલાં ભુવનને લગતા સર્વે સવાલો પ્રશ્ન કુંડળીમાં જોવા.

બીજાં ભુવનનાં સવાળો.

૧૨. **હું પૈસાવાળો થઈશ કે!** જો લગનનો માલેક તથા બીજું ભુવન બળવાન હોય, ઊંચનાં હોય અથવા તો પોતાનાં ઘરના હોય, તથા રવી ચંદ્ર અને ગુરૂની સાથે સારી દૃષ્ટિમાં હોય, તથા તેઓ પાપદૃષ્ટિથી નીરાળા હોય તો પૈસાદાર થાય. જો ગુરૂ ચંદ્ર બીજે કે દશમે ભુવને હોય અને સારી દૃષ્ટિમાં હોય, જો રવી, ચંદ્ર, ગુરૂ એક બીજાથી ૧૨૦° અંશે હોય અને લગનનો માલેક બીજે બેઠો હોય, એવા એવા સંજોગો હોય તો તે માનવી પૈસાવાળો થાય, અને જો એમાંથી કોઇપણ સંજોગ નહીં હોય તો તે પૈસાવાળો કદી થાય નહીં. જો શની બીજાં ભુવને વકરી હોય તો મુફલેસ બનાવે, જો રવી, ચંદ્ર અને ગુરૂ એક બીજાને પાપદૃષ્ટિથી જોતા હોય તો ગરીબ રહે. જો બધા ગ્રહો પાંચમાં કે છઠ્ઠાં ભુવને હોય તો કમનસીબ રાખે, જો ગુરૂ અથવા ચંદ્ર ચોથાં ભુવને હોય તો પાછળી જીંદગીમાં પૈસા મળે.

૧૩. **કોણ તરફથી મને પૈસા મળશે, અને કોણ તરફથી મારા પૈસા જતા રહેશે?** શુભ ગ્રહો તથા પાપગ્રહો કયા કયા ભુવનમાં છે. તથા એકમેક સાથે કેવો સંબંધ દેખાડે છે, તે ઉપરથી માલમ પડશે, જેમકે જો ગુરૂ સાતમે હોય ને ઊંચનો હોય અથવા પોતાનાં ઘરનો હોય તો વેપાર હુન્નરથી, ભાગીદારીથી, સરકાર દરબારથી પૈસા મળે, જો શની હોય તો સર્વે રીતની ખોટ આપે, લગનનો માલેક જો બીજાં ભુવને હોય તો પોતાની જાતી મહેનતે પૈસો મેળવે, જો ત્રીજાં ભુવને હોય અથવા ત્રીજાના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય તો ભાઇઓથી, નાની મુસાફરીથી, અને ત્રીજાં ભુવનને લગતી બાબદોથી પૈસા મળે, જો પાંચમાં ભુવને લગનનો માલેક બેઠો હોય ને ઊંચનો હોય અથવા તો પાંચમાંનાં માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, તો સરતથી, જુગારથી, રમતગમતથી, નાટકથી પૈસો મળે. એ પ્રમાણે હરેક ભુવન માટે વીચારી લેવું, પણ જો લગનનાં માલેક તથા બીજાંનાં માલેકને કોઈ પણ ભુવનનો માલેક પાપદૃષ્ટિથી જોતો હોય તે ભુવનની બાબદથી પૈસા જાય, નુકસાન પુગે એમ સમજવું, જેમકે જો છઠ્ઠાં ભુવનનો માલેક બીજાં ભુવનનાં માલેકને પાપદૃષ્ટિથી જોતો હોય તો, ભાડુતો મારફતે ખોટ આવે, જાનવરો મારફતે ખોટ આવે,

નોકરો તથા મજુરો મારફતે ખોટ આવે, માંદગીથી પૈસો ખુવાર થાય, એજ પ્રમાણે જો નવમાં ભુવનનો માલેક પાપદૃષ્ટિમાં હોય તો, સાળા તરફથી, લાંબી મુસાફરીથી, તથા તે ભુવનને લગતી બાબદોથી પૈસાની ખુવારી થાય.

૧૪. ઉછીકાં આપેલાં નાણાં પાછા વસુલ થશે કે ? પહેલું ભુવન તથા બીજું ભુવન તે પૈસા ધીરનાર, અને સાતમું અને આંઠમું ભુવન તે પૈસા ઉછીકા લેનાર જાણવો, જો કોઇ સગાને પૈસા ઉછીકા આપ્યા હોય તો તે સગાઇ પ્રમાણેનું ભુવન જાણવું, જેમકે ભાઇ હોય તો ત્રીજું ને ચોથું, જો એ સર્વે ભુવનોનાં માલેક ઊંચનાં હોય અથવા કેન્દ્ર સ્થાનમાં બેઠા હોય અને પાપદૃષ્ટિથી નીરાળા હોય તો પૈસા પાછા આવશે. જો બીજાને આંઠમાંના માલેક એક બીજા સાથે સારી દૃષ્ટિમાં આવતા હોય, અથવા ગુરૂ જો બીજાનાં માલેક સાથે કંજંગશન, ૬૦° અંશ કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિમાં આવતો હોય, અને બીજે તથા આંઠમે પાપગ્રહ નહીં હોય તો પૈસા મળે, પણ જો આંઠમાં ભુવનનો માલેક પાપદૃષ્ટિમાં હોય તથા બળહીન હોય તો જાણવું કે પૈસા ઉછીકા લેનાર સંકડાસમાં છે, ને પૈસા આવશે નહીં. જો બીજાં તથા આંઠમાં ભુવનનાં માલેક પાપદૃષ્ટિમાં હોય, અથવા એક બીજાથી બીલકુલ કંઇપણ એસપેકટ કરતા નહીં હોય. અથવા પાપ ગ્રહો એ ભુવનોમાં હોય, અને ચંદ્રને તેઓ પાપદૃષ્ટિથી જોતા હોય તો પૈસા પાછા મળશે નહીં, એમ જાણવું.

એજ પ્રમાણે માલનું વેચાણ કીધું હોય તેનાં પૈસા આવશે કે નહીં તેમજ કરજ અદા થશે કે નહીં તે જાણવું.

૧૫. મને કોઇ નાણાં ધીરશે કે ? જો સગા પાસે પૈસા માંગવા હોય તો તે સગાને લગતું ભુવન લેવું, તે સીવાય બીજાં માટે સાતમું તથા આંઠમું ભુવન જોવું, તથા પોતાને માટે પહેલું તથા બીજું જોવું. જો તમારા બેઉ ભુવનનાં માલેક તથા સામા ધણીનાં બેઉ ભુવનનાં માલેક એક બીજા સાથે સારી દૃષ્ટિમાં હોય, અથવા તો તમારા ભુવનનાં માલેકો સામા ધણીનાં પૈસાનાં ભુવનમાં બેઠા હોય અને લગ્નનો સ્વામી બળવાન હોય તો, તમો પૈસા માંગો તો સામો ધણી જરૂર

નાણું ધીરશે, જો ચંદ્ર બીજાં તથા આંઠમાં ભુવનને શુભ દૃષ્ટિથી જોતો હોય તો, અને આંઠમાંનો માલેક બળવાન હોય તો નાણું ઉછીકું મળે, પણ જો આંઠમાંનો માલેક વકરી હોય અથવા તો નીચનો હોય તો, જાણવું કે પૈસા નથી, જો આંઠમાંનો માલેક જલીત હોય તો અથવા બે ગ્રહોની વચ્ચે સપડાયલો હોય તો જાણવું કે પૈસા બીજે કેથે રોકાયલા છે, તે સબબથી નાણું ફાજલ પાડી ધીરી શકાતું નથી. જો પહેલાં અને સાતમાંનો માલેક એકમેક સાથે સ્કવેર અથવા ઓપો-ઝીશનમાં આવે તો જાણવું કે પૈસા માંગવા જતાં કંકાસ થશે, જો બેઉ માલેકને રીસેપશન થયું હોય, પણ જો તે ગ્રહ બળવાન હોય તો તે પૈસા આપવા રાજી હોય, પણ કંઇ ફાજલ હોય નહીં જે આપે.

૧૬. **બીલ, પ્રોમીસરી નોટ વીગેરે** માટે જાણવું હોય તો, સવાળ ૧૪માં લખ્યા પ્રમાણે લેણુદેણુ તપાસી લેવું.

૧૭. **મને મારા ચઢેલા પગારો મળશે કે?** તમારા પોતા માટે પહેલું તથા બીજું ભુવન, અને પગાર આપનાર માટે દશમું તથા અગ્યારમું ભુવન તપાસવું. જો પહેલા તથા બીજાના માલેક અગ્યારમે હોય અને દશ તથા અગ્યારમાં ભુવનનાં માલેકો સાથે શુભ દૃષ્ટિમાં હોય, અથવા તો ચંદ્ર એ માલેકો સાથે સારી દૃષ્ટિમાં હોય તો જરૂર પગાર મળે. જો દશમાં તથા અગ્યારમાં ભુવનમાં પાપગ્રહો હોય, અને પહેલાં ભુવનનો માલેક તેઓ સાથે સારી એસપેકટમાં હોય તો, પગાર થોડો વખ્ત થોભી જવા પછી મળશે, જો એ સીવાય ૧, ૨, ૧૦, ને ૧૧ માં ભુવનનાં માલેકો એક બીજા સાથે પાપદૃષ્ટિમાં હોય તો પૈસા મળે નહીં એમ જાણવું. કેટલા દીવસ કે વખતમાં પગાર મળશે તેનું પ્રમાણ સીગનીફીકેટરોની એસપેકટ થવાને જેટલી ડીગ્રીનો તફાવત હોય તેટલી ડીગ્રી પ્રમાણે વખતના કોઠા પ્રમાણે તપાસી લેવું.

૧૮. **મારા પૈસા બીજાને ધીરવાથી લાભ થશે કે?** જો બીજા ભુવનનો માલેક વકરી હોય નીંચનો હોય અથવા તો પૈસા જેને આપવા ધારતા હોવો તેનો સીગનીફીકેટર પાપદૃષ્ટિમા નીંચનો હોય તો નાણાં ધીરવાં નહીં, અને કોઇપણ રીતની એ માલેકો વચ્ચે પાપદૃષ્ટિ હોય તો નાણાં બીલકુલ ધીરવાં નહીં, કારણકે એવી પાપદૃષ્ટિ દીવાળું કઢાવે

છે, પણ જો તેનાં બીજાં ભુવનનો માલેક બળવાન હોય તથા બીજા શુભ ગ્રહો સાથે સારી દૃષ્ટિમાં હોય, ઝડપી ચાલનો હોય, તથા કેન્દ્ર સ્થાનમાં હાય તો નાણું ધીરવું લાભકારી છે.

૧૯. **મારો પગાર વધશે કે?** જો બીજાં ભુવનનો માલેક શુભ દૃષ્ટિમાં હોય અને દશ તથા અગ્યારમાં ભુવનનાં માલેક સાથે સારી એસપેકટ કરતો હોય તો વધશે. વળી જો પહેલાં તથા બીજાંનો માલેક અગ્યારમાં ભુવને હોય તો પગાર વધે. પણ જો એ માલેકોને રીસેપશન નહીં હોય અથવા એક બીજા સાથે પાપદૃષ્ટિ કરતા હોય તો પગાર વધશે નહીં એમ જાણવું. વળી જો દશ તથા અગ્યારમાંના માલેક પહેલાં તથા બીજાનાં માલેકને પાપદૃષ્ટિથી દબાવતા હોય તો, પગાર વધારવાને માટે અરજી કરવી નહીં, કારણકે તેથી ખટપટ થઇને નોકરી જશે.

એ પ્રમાણે બીજું ભુવન કે જે પૈસા સંબંધી બાબદોનું છે, તેને લગતા સવાળનાં જવાબો ધ્યાનથી ચોક્કસ અનુમાન કરીને જોવા.

ત્રીજાં ભુવનને લગતા સવાળો.

૨૦. **ભાઈ ભાંડુઓ સાથે સારૂં રહેશે કે?** જો ચોક્કસ ભાઇને માટે જાણવું હોય તો આગળ ભાગ પહેલામાં જણાવ્યા પ્રમાણે ભાઇનું ભુવન શોધી કાઢવું, જેમકે પહેલા ભાઇ માટે ત્રીજું ભુવન, બીજા માટે પાંચમું, ત્રીજા માટે સાતમું વીગેરે જાણવું. જો સાધારણ પારપડોશી કે સામટા ભાઇબંધ વીશે જોવું હોય તો ત્રીજામાં જોવું કે, ત્રીજાનો માલેક શુભ ગ્રહ હોય તો, અથવા તેમાં શુભ ગ્રહ બેઠેલો હોય તો, અથવા તો એ ભુવનનો માલેક, સારી શુભ ગ્રહની દૃષ્ટિમાં હોય તો અથવા તો તમારા સીગનીફીકેટર સાથે રીસેપશનમાં હોય તો, તમોને સારો મેળાપ અને સુખ જાણવું. વળી જો પહેલાંનો માલેક ત્રીજે ને ત્રીજાનો માલેક પહેલે બેસે તોપણ તેમજ સમજવું, કારણકે તેઓ ૬૦° અંશની એસપેકટ કરતા હોવાથી મેળાપ સારો રાખે. જો ચંદ્ર ત્રીજાં ભુવનનાં માલેક સાથે અથવા તેમાં બેઠેલા ગ્રહ સાથે સારી દૃષ્ટિમાં હોય તો તેપણ સારૂં જાણવું. જો ઉપળા સીગનીફીકેટરો એક બીજાથી સ્કવેરમાં હોય તો અથવા ત્રીજાંનો માલેક

પાપગ્રહ હોય તો, અને ચંદ્ર સાથે પાપદૃષ્ટિમાં હોય તો તેઓ વચ્ચે ટંટો ફેસાદ ચાલુ રહે, પણ જો ઓપોઝીશન કરતા હોય તો ઘણુંજ ખરાબ કોર્ટ દરબાર ચઢે. જો પાપગ્રહ ત્રીજે ભુવને હોય અથવા તો ત્રીજાં ભુવનનો માલેક પાપગ્રહ હોય તો, તે માણસે પોતાનાં ભાઈબંધ, પારપડોશી વીગેરે સાથે બીલકુલ સંબંધજ રાખવો નહીં, અને તેઓથી દુર રહેવામાંજ લાભ છે, કારણ તેઓ વચ્ચે કદી બનાવ રહેવાનો નથી.

૨૧. રેલવેની ટુંકી મુસાફરી કરવાથી કાંઇ લાભ થશે કે? પહેલાં ભુવનનો માલેક તથા ત્રીજાનો માલેક અને ચંદ્ર જો શુભ દૃષ્ટિમાં એક બીજા સાથે હોય તો, અથવા ત્રીજા અને પહેલાના માલેક કેન્દ્ર સ્થાનમાં હોય અને ઝડપી ચાલનાં હોય, તથા પાપદૃષ્ટિથી નીરાળા હોય તો મુસાફરી જવું લાભકારક જાણવું, જો પહેલાનો તથા ત્રીજાનો માલેક એકમેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, અને તેઓપર પાપગ્રહની દૃષ્ટિ નહીં હોય તો લાભકારી જાણવું. જો ગુરૂ તથા શુક્ર ત્રીજે હોય અને ચંદ્રની તેવાથી શુભ દૃષ્ટિ હોય તો સુખ મળે, જો ચંદ્ર ત્રીજે હોય અને ગુરૂ શુક્રની શુભ દૃષ્ટિમાં હોય અથવા લગનનાં માલેકની શુભ દૃષ્ટિ હોય તો મુસાફરી ફત્તેહમંદ નીવડે. પણ જો હરશચલ, શની કે મંગળ હોય તો ઝાઝો નફો નહીં આપે, જો તેઓ ચંદ્ર અથવા લગનનાં માલેક સાથે પાપદૃષ્ટિમાં હોય તો પુષ્કળ નુકસાન કરે, માટે જવુંજ નહીં, મંગળ એકસીડંટ દેખાડે છે; શની માંદગી દેખાડે છે, તથા ધારેલી જગાપર પુગતાં વીલંબ લાગે છે, અને હરશચલ નઘારી આફ્તમાં ફસાવી દેનારો છે. જો પહેલાં અથવા ત્રીજાંનો માલેક વકરી હોય, અથવા તો ધીમી ચાલનો હોય અથવા વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશી જો પહેલાં અથવા ત્રીજા ભુવનનાં કશપર હોય, તો મુસાફરી ઘણું કરીને થાય નહીં, નક્કી કરે પણ વાંધો પડીને અટકી જાય, જે ભુવનથી પાપદૃષ્ટિ પડતી હોય તે ભુવનને લગતી બાબદથી અટકાવ પડે, જેમકે બીજાં ભુવનથી પૈસા સંબંધી, જો છઠ્ઠાં ભુવનથી હોય તો માંદગીથી, દશમાં ભુવનથી હોય તો ધંધા વેપારથી, અથવા તો એ ભુવનોનાં માલેકો જ્યાંથીબી પાપદૃષ્ટિ નાખે તો, તે કારણોથી અટકાવ પડે, એમ જાણવું.

૨૨. **ક્યારે મુસાફરી જવાનો જોગ આવશે?** ત્રીજું ભુવન નાની નાની મુસાફરીઓ જેવી કે, પગ રસ્તે, ગાડીઘોડા મારફતે, અથવા તો રેલવે મારફતેજ કરાવે છે, લંબાણુ મોટી મુસાફરી માટે નવમું ભુવન જોવું. જ્યારે પહેલાં અને ત્રીજાં ભુવનનાં માલેક એક બીજાથી સારી એસપેક્ટમાં આવેલા હોય ત્યારે મુસાફરી કરવી, અથવા તો ચંદ્ર ત્રીજાં ભુવન અને તેના માલેક સાથે સારી દૃષ્ટિમાં હોય તો મુસાફરી કરવી, અને તેબી, જે દીવસે ચંદ્ર ત્રીજાં ભુવનનાં માલેક સાથે સારી દૃષ્ટિમાં આવે **તેને બીજે દીવસે** મુસાફરી કરવી.

૨૩. **જે ખબર સાંભળી છે તે સાચ્ચી છે કે જુઠ્ઠી, અને તેની શું અસર થશે?** જો ચંદ્ર પહેલાં, ત્રીજાં, દશમાં અગ્યારમાંના માલેક સાથે સારી દૃષ્ટિમાં હોય, અથવા તો છુટો પડતો હોય, અને પહેલાંનાં માલેક સાથે સારી દૃષ્ટિમાં જોડાતો હોય, તો જાણવું કે ખબર સાચી છે, અને પ્રસ્ન કરનારને લાભકારી નીવડશે, જો ચંદ્ર કોઇપણ સાથે કંઇપણ દૃષ્ટિમાં આવતો નહીં હોય, અથવા ચંદ્ર અને બુધ એક બીજાનાં સ્કવેર અથવા ઓપોઝીશનમાં હોય તો જાણવું કે ખબર જુઠ્ઠી છે. જો શની. હરશચલ, કે મંગળ ત્રીજાં ભુવનમાં હોય તો જાણવું કે તે ખબરથી ભારે નુકસાન પુગશે, તેમજ જો ત્રીજાં ભુવનનો માલેક પાપદૃષ્ટિમાં ફસેલો હોય તોપણ હાંની પુગાડે, જો ગુરૂ કે શુક્ર ત્રીજાં ભુવને હોય, અથવા તો પહેલાંના માલેક સાથે તેઓ સારી દૃષ્ટિમાં હોય, તો જાણવું કે તે ખબરથી પ્રસ્નકારને લાભ થશે. જો ખબર ખરાબ હોય અને તે વખતે પહેલાં ભુવનનો માલેક નીર્બળ અથવા પાપદૃષ્ટિમાં ફસેલો હોય તો તે ખબરથી ભારે નુકસાન થાય, અથવા જો ત્રીજાનો માલેક પહેલાં ભુવને હોય અને પાપદૃષ્ટિમાં ફસેલો હોય, તો લાભ આપે નહીં, જો લગનનો માલેક બળવાન હોય, ઊંચનો હોય, અથવા કેન્દ્ર સ્થાનમાં પડેલો હોય, અથવા તો ખાસ કરીને દશમાં ભુવને પડેલો હોય, તો ગમે તેવી અફવા છતાં, તેને કંઈપણ ગેરલાભ થાય નહીં.

૨૪. **ખબર કોણ તરફથી આવી?** ત્રીજાં ભુવનનો માલેક જે સ્થાને બેઠો હોય તે સ્થાનને લગતા ભાગ તરફથી ખબર આવેલી જાણવી જેમકે ત્રીજે હોય તો ભાઇ અથવા પારપડોશી, ચોથે હોય

તો બાપ, પાંચમે હોય તો કોઇ ઘણો જુવાન શખ્સ અથવા તો ફરઝંદ તરફથી, છઠે હોય તો નોકર અથવા તો કામદાર મજુર અથવા કોઇ હલકાં રવડતાં માણસ તરફથી એ પ્રમાણે હરેક ભુવનોને લગતી બાબદોથી સમજી લેવું. નનામું કાગળ આવે, તે જેવું હાથ લાગે તે વખતની કુંડળી કાઢવી, અને તેમાં ત્રીજાં ભુવનનો માલેક જે ભુવનમાં બેઠો હોય અને જે રાશીમાં બેઠો હોય તે રાશી તથા ભુવન ઉપરથી, તે લખનારનું રૂપરંગ, કપડાંનો રંગ, હાલત, દીશા વીગેરે સર્વે જાણવું.

ચોથાં ભુવનને લગતા સવાળો.

૨૫. **મારી પોતીકી જમીન મીલકત થશે કે?** જો શુક્ર અથવા ગુરૂ બીજાં અથવા ચોથાં ભુવનમાં હોય અને પહેલાં ભુવન સાથે ૬૦° કે ૧૨૦° અંશની દૃષ્ટિમાં હોય, અને પાપદૃષ્ટિથી નીરાળા હોય, અને ચોથાંનો માલેક સારા ભુવનમાં બેઠો હોય તો ઘર, જાગીર વીગેરે ખરીદવું, પણ જો ઉપર પ્રમાણેનાં સંજોગો નહીં બન્યા હોય, અને ચોથાંનો માલેક નીર્બળ હોય, તથા પહેલે અને બીજાં ભુવનના માલેક પાપદૃષ્ટિમાં હોય અથવા તો પહેલાં, બીજાં અને ચોથાં ભુવનમાં પાપગ્રહ બેઠો હોય તો ઘરની ખરીદી કરવી નહીં. જો પહેલાં અને સાતમાં ભુવનના માલેકોએ બીજા સાથે કંજંગશનમાં હોય અથવા તો શુભ દૃષ્ટિમાં હોય અને તેઓની એસપેકટની વચ્ચે કોઇ બીજા ગ્રહની એસપેકટ નહીં થાય તો ઘર, જમીન વીગેરે ખરીદવું સારૂં છે. જો પહેલાં અને સાતમાંનો માલેક એક બીજાના રીસેપશનમાં બેઠા હોય યાને પહેલાંના માલેકની રાશીમાં જો સાતમાંનો માલેક અને સાતમાંના માલેકની રાશીમાં જો પહેલાંનો માલેક બેઠો હોય અને એક બીજાને ૯૦° અંશની પાપદૃષ્ટિ હોય તોબી ઘર, જમીન, વીગેરે લઇ શકે, પણ સાટું જલદી થાય નહીં, વાર ઘણી લાગે અને વસવસો થયા કરે. જો એ પ્રમાણે રીસેપશન નહીં હોય, ૧, ૪, ૭, ૧૦ એ ભુવને પાપગ્રહ બેઠો હોય, અને ૯૦° કે ૧૮૦° અંશની પાપદૃષ્ટિ પહેલાં અને સાતમાંનો માલેક કરતા હોય તો સાટું કરવું નહીં, કામ થશે નહીં એમ જાણવું. જો હરશચલ, શની કે મંગળ બીજાં કે સાતમાંમાં બેઠા હોય અને તે ભુવનોનાં માલેક નહીં

હોય તો સારું કરવું નહીં, ઘણો ગેરલાભ આપશે. જો સાતમાંનો માલેક પહેલાં અથવા બીજાં ભુવને હોય તો સારૂં નહીં, પણ જો લગ્નનો માલેક સાતમે અથવા આંઠમે બેઠેલો હોય તો સારો.

૨૬. **હું માલમીલકત કંઇ ખરીદું તે મોંઘી પડશે કે સસ્તી?** જો દશમાં ભુવનનો માલેક કેન્દ્ર સ્થાનમાં હોય યાને ૧, ૪, ૭, ૧૦માં હોય તો ભાવ વધારે જાણવો, પણ જો પાપદૃષ્ટિમાં દબાયલો હોય, નીંચનો હોય અથવા કેદન્ત ભુવનોમાં હોય તો ભાવ સસ્તો જાણવો.

૨૭. **મેં લાધેલી માલ કે મીલકત મજબુત અને સારી છે કે?** જો ચોથાં ભુવનનો માલેક પાપગ્રહ હોય અથવા તો પાપગ્રહ ચોથાં ભુવને બેઠેલા હોય, અથવા ચોથાંનો માલેક કોઇ કેદન્ત ભુવનમાં બેઠો હોય અને નબળો હોય તો જાણવું કે તે મીલકત મજબુત અને ધરખમ નથી, પણ જો શુભ ગ્રહ ચોથે હોય અથવા તો ચોથાંનો માલેક ઊંચનો અથવા કેન્દ્રનો હોય તો જાણવું કે ખરીદેલો માલ સારો છે, અને કીંમત આપી ખરીદવો. જો દશમાંનો માલેક બળવાન હોયઅને ઝડપી હોય તો તે ઘર જલદીથી ભાડે અપાશે ને ભાડુનો તુરત વસવાટ કરશે, પણ જો દશમાંનો માલેક વકરી, નીંચનો કે બળહીન હશે તો ભાડુતો આવશે નહીં, ઘેર ખાલી પડી રહેશે, અને લેનારને માથે પડશે. જમીન બાબદમાં ♈, ♌, ♐ જો ચોથાં ભુવનનાં કશપર હોય તો જાણવું કે, તે જમીન ઊંચી, સુક્કી, પથ્થરવાળી, પાહડી અને ઉજડ હોવી જોઇએ, ♉, ♍, ♑ એ રાશીઓ હોય તો, પચરંગી જમીન, હવાવાળી, અને ખેતીને લાયકની જાણવી, જો ♋, ♏, ♓ હોય તો ભીનાસવાળી, નીચી, તથા પુર આવેલી જમીન જાણવી, જો ♊, ♎, ♒ હોય તો જંગળ અને ગીચ ઝાડોથી ભરપુર જાણવું.

૨૮. **જમીનમાંથી કાંઇ ધન મળશે કે?** જો ચોથાં ભુવનનો માલેક ચોથાં ભુવનમાં હોય તો જાણવું કે તે જમીનમાં ધન હોવું જોઇયે, અને જે ગ્રહ હોય તેને લગતી જાતનું હોવું જોઇયે જેમકે :— શની હોય તો સીસું અથવા કોલસો, મંગળ હોય તો લોખંડ, ને ગ્રેનાઇટ (Granite), ગુરૂ હોય તો રૂપું અથવા ટીન, જો રવી હોય તો સુનું અથવા ઝવેરાત, ને જો શુક્ર હોય તો પીત્તળ, જો બુધ

હોય તો રૂપું અથવા ઝવેરાત, પૈસા, ચોપડી, સીક્કા, અને જો ચંદ્ર હોય તો રૂપું મળે. જો ચોથાંનો માલેક પોતાનાં ઘરનો થઇને કેઠે બેઠો હોય અથવા તો ઊંચનો થઇને બેઠો હોય તોબી જાણવું કે તે જમીનમાં ધન હોવું જોઇયે, એ સીવાય બીજી રીતે હોય તો જાણવું કે ધન દોલત કે ખજાનો તે જમીનમાં નથી. ખાસ કરીને જો કેદન્ત અથવા નીંચનો થઇને ચોથાંનો માલેક બેઠો હોય તો, અથવા પાપ-દૃષ્ટિમાં ઘેરાયલો હોય તો કંઈ નથી એમ જાણવું. હવે જો છે એમ માલમ પડે, તો જોવું કે જો ચોથાંનો માલેક બીજાં ભુવનનાં માલેકને એપલાઇ થતો હોય, યાને સારી દૃષ્ટિમાં આવતો હોય તો, તમુને મળશે, અને તે જે વખતે સારી એસપેકટમાં આવે તે દીવસે કોશેષ કરવાથી મળશે.

૨૯. **હું ઘર ખાલી કરૂં કે?** જો સાતમાં ભુવન તથા લગ્નની રાશી ચર રાશી હોય, અથવા તો તેઓનાં માલેકો અથવા ચંદ્ર ચર રાશીમાં હોય તો તમો જરૂર ખાલી કરી શકશો અથવા કરવું પડશે, પણ જો કેન્દ્ર સ્થાનો અને તેનાં માલેકો સ્થીર રાશીમાં હોય તો, તેમજ જો ચંદ્ર ધીમી ચાલનો હોય અથવા કોઈ રાશીની શરૂઆતનાં અંશે અથવા તો મધ્યનાં અંશે હોય તો, તમો ખાલી કરી શકવાનાં નથી.

૩૦. **ખાલી કરવાથી લાભ થશે કે?** જો સાતમાંનો માલેક શુભ ગ્રહ હોય અને સારી એસપેકટમાં હોય અથવા લગ્નનાં માલેક કરતાં વધુ બળવાન અને સારી જગ્યાપર બેઠો હોય તો, તેમજ ૧, ૨, અને ૪થાં ભુવનમાં પાપગ્રહ હોય, અથવા તો પહેલાં ભુવનનો માલેક તથા ચંદ્ર પાપગ્રહની દૃષ્ટિથી છુટા પડતા હોય તો, તેવે વખતે ખાલી કીધેલું સારૂં લાભકારી જાણવું. જો સાતમું ભુવન અથવા તેનો માલેક પાપદૃષ્ટિથી ઘેરાયલાં હોય, અથવા દશમાંનો માલક, ચોથાં તથા લગ્નનાં માલેક કરતાં વધુ પાપદૃષ્ટિમાં ફસેલો હોય, અથવા બળ-હીન કે નીંચનો હોય તો ઘર ખાલી કરવું નહીં, પણ ત્યાંજ રેહવું. જો પહેલાંનો માલેક પહેલે અથવા ચોથાંનો માલેક ચોથે ઊંચના અથવા બળવાન થઇને રહયા હોય તો ઘેર ખાલી કરવું નહીં, પણ ત્યાંજ રેહવું. એ પ્રમાણે પહેલું ભુવન અને ચોથું તમો રેહવો તે

ઘેર, અને સાતમું તથા દશમું ખાલી કરવા બાબદનું જાણવું, જેથી એ ચારો ભુવનોમાંથી જેનો માલેક ઊંચનો અને શુભ અને સારો હોય તે પ્રમાણે જાણી લેવું કે ખાલી કરવું કે નહીં કરવું.

૩૧. **ખાલી કરવાથી અથવા કેઠે ઘર ખસેડવાથી મને ગેરલાભ અને નુકસાન થશે કે, અને તે કેવી રીતે અને શા બાબદથી થશે?** સાતમાં ભુવનનો માલેક તપાસવો, અને જોવું કે કયા પાપગ્રહની દૃષ્ઠિથી તે દબાયલો છે, જો આંઠમાંના માલેકની પાપ-દૃષ્ઠિમાં દબાયલો હોય તો પૈસા સંબંધી નુકસાન, નવમાંના માલેકથી મીત્રો ભાઇનું, દશમાંના માલેકથી પીતાથી અથવા તો ઘર સારૂં લાયક નહીં થઇ પડવાથી, અગયારમાંના માલેકથી, છોકરાંઓની નામરજીથી, બારમાં ભુવનનો માલેક જો પાપદૃષ્ટિ કરતો હોય તો માંદગી અથવા તો નોકરોથી નુકસાન થાય, જો પહેલાં ભુવનનાં માલેકની પાપદૃષ્ટિ હોય તો, સ્ત્રીની નામરજીથી અથવા કોર્ટ કેસથી, જાહેર દુશમનથી, જો બીજાનો માલેક પાપદૃષ્ઠિ કરતો હોય તો મોતથી, જો ત્રીજાનો માલેક પાપદૃષ્ઠિ કરતો હોય તો મીત્રોની સ્ત્રીથી સગાં સ્નેહીઓથી, જો ચોથાંનો માલેક હોય તો આબરૂ ઈજતની હાંની. વેપારમાં નુકસાની, પાંચમાંનો માલેક હોય તો જુઠા મીત્રોથી અને છઠ્ઠાનો માલેક હોય તો છુપી દુશમનીથી નુકસાન પુગે. એ પ્રમાણે ઘર ખાલી કરવા માટે સાતમાં ભુવનને પહેલું ગણી, તેની પછીનાં ભુવનો જેમ એસેનદંતથી બીજાં ભુવનોની વીગત જોઇયે છે તેમ જોવી, અને જે ભુવનનો માલેક સાતમાં ભુવનનાં માલેક સાથે ખરાબ અસર કરતો હોય તે ભુવનને લગતી બાબદથી નુકસાન થવાની ચીંતા રાખવી. જ્યારે પહેલાં અથવા સાતમાં ભુવનનો માલેક પોતાની રાશી બદલે ત્યારે તે વખતે ઘર ખાલી કરે. વીગેરે જાણવું.

૩૨. **બાપ તરફથી કાંઈ વારસો મળશે કે?** જો બીજાં ભુવનનાં માલેકને પાંચમાં ભુવનનાં માલેક સાથ કાંઇ શુભ દૃષ્ટિ હોય અથવા ચંદ્ર પાંચમાંના માલેકથી છુટો પડી આગળ વધતો હોય અને બીજાં ભુવનનાં માલેકને એપલાઈ થતો હોય, તો બાપ તરફથી ફાળો મળશે એમ જાણવું. જો પહેલાંનો માલેક પાપદૃષ્ટિમાં ફસેલો હોય, બીજાં તથા પાંચમાંના માલેકો એક બીજાનાં ભુવનમાં બેઠેલા

(Reception) નહીં હોય, અથવા શુભ દૃષ્ટિ નહીં કરતા હોય *તો, તથા પહેલાં તથા ચોથાંનો માલેક પાપદૃષ્ટિમાં હોય તો ફાળો નહીં મળે. ગુરૂ અથવા શુક્ર પાંચમે હોય તો બાપ તરફથી પૈસો મળે. પહેલાં ભુવનનાં માલેકને કયો ગ્રહ પાપદૃષ્ઠિથી દબાવે છે, તે ગ્રહની ખાસીયત અને માલેકીનાં ભુવન પ્રમાણેની બાબદથી નડતલ થવાનો સંભવ જાણવો.

૩૩. **કાંઇ ગુમાઈ ગયલું અથવા છુપાવેલું જાણવાને માટે**= જો સવાળ કરનારની પોતાની મતા હોય તો બીજું ભુવન, જો તેનાં ભાઇની હોય તો ચોથું ભુવન, છોકરાંની હોય તો છઠું, સ્ત્રીની હોય તો આંઠમું, યાને જે બાબદને લગતી ચીજ હોય તે બાબદનાં ભુવનથી બીજું જે ભુવન હોય તે જોવું. જો તે બીજાં ભુવનનો માલેક કેન્દ્ર સ્થાને હોય તો, જાણવું કે માલ ધણીનાં પોતાનાજ ઘરમાં છે, જો તે બીજાંના માલેક પહેલાં ભુવનમાં હોય તો જાણવું કે ઘરમાં ઘરધણી જે જગા ધણી વપડાસમાં લેતો હોય તે જગામાં છે. જો બીજાંનો માલેક દશમાં ભુવને હોય તો, હોલમાં અથવા ડાઇનીંગ રૂમમાં હોવું જોઇયે, પણ જો સવાળ કરનાર કાંઈ ધંધાદારી કે વેપારી હોય તો જાણવું કે દુકાન કે ઓફીસમાં છે. જો બીજાંનો માલેક સાતમાં ભુવને હોય તો જાણવું કે તેની ધણયાણી ઘરનાં જે ભાગમાં ઘણું કામકાજ કરતી હોય તથા વસ્તી હોય તે જગામાંથી મળશે, જો શુભ ગ્રહ લગ્ને હોય અથવા બીજાંનો માલેક લગ્ને હોય તો જાણવું કે ચીજ મળશે. જો પહેલાંનો માલેક બીજે હોય તોપણ જાણવું કે મળશે. જો ચંદ્ર ૧૨૦° અંશની એસપેકટ બીજાંના માલેક સાથે કરતો હોય અથવા ચોથાંનો માલેક પહેલાં તેમજ બીજાંના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય તથા ઊંચના હોય તો મળશે. જો રવી ચંદ્ર ઉદયનાં હોય તો જરૂર ગુમાયલી ચીજો હાથ આવે છે, પણ જો રવી ચંદ્ર અસ્તના હોય યાને ૪, ૫, ૬, ૭, ૮, કે ૯ માં સ્થાનમાં હોય, અસ્તના હોય તો, તેમજ બીજાંનો માલેક પાપદૃષ્ઠિમાં હોય તો મળે નહીં. હવે ગુમાયલી ચીજ શું છે તે જાણવા માટે જોવું કે સીગ્નીફીકેટરો કેઈ રાશીમાં છે, તે રાશીને લગતી ચીજ તથા બીજાં ભુવનની જે રાશી હોય તેને લગતી ચીજ હોવી જોઇયે. જો પાણીની

રાશી* હોય તો જાણવું કે કપડાં ધોવાની જગા, પાણીના નળ કે પાણીવાળી જગા, નદી નાળુ, કુવા વીગેરે વાળી જગામાં હોવું જોઇયે, જો આતશી (Fiery) રાશી હોય તો લોખંડકામ કે આતશ, ચુલો રાંધણી વીગેરે જગા જાણવી, જો ખાકી (Earthy) રાશી હોય તો જાણવું કે ફેથે નજદીકમાંજ છે, અથવા જમીનમાં છે. જો પવનની (Airy) રાશી હોય તો જાણવું કે કાતર્યું, ઉપળો મજળો, છાપરૂં, વીગેરે ઊંચા ભાગોપર હોવું જોઇયે. જો સીગ્નીફીકેટર પ્રશ્ન વખતે એક રાશીમાંથી નીકળી બીજી રાશી બદલતો હોય તો જાણવું કે કોઈ ચીજની પછવાડે સંતાડેલું છે, અથવા બે ઓરડાની વચ્ચે કેઠે પડેલું હોવું જોઇયે, અથવા બે રસ્તા કે બે દરવાજા કે ઉંબર આગળ વચ્ચે પડેલું હોવું જોઇયે. એ પ્રમાણે હરેક ચીજ, તેની જગા, તેનો સીગ્નીફીકેટર, ભુવન વીગેરે જોવું. આ પ્રકરામાં જે બીજાં ભુવનનો માલેક લખેલા છે તે ઉપર પ્રમાણે સમજાવવા. પ્રશ્નકાર કે બીજા જે ધણીની ચીજ હોય તે ધણીને લગતા ભુવનથી બીજું ભુવન જાણવુ. જો બીજાંનો માલેક ૨, ૫, ૮, ૧૧ માં ભુવનમાં હોય તો જાણવું કે ઘરની બાહેર બાગમાં કે આંગણાંમાં તે ચીજ છે, અથવા બંગલાની બહારના નાનાં મકાનોમાં છે. જો ૩, ૬, ૯, કે ૧૨ માં ભુવને હોય તો જાણવું કે ઘણું દુર છે અથવા ગુમાઇ ગયું છે. જગ્યા. દીશા વીગેરે સર્વ બાબદ સીગ્નીફીકેટર જે રાશીમાં હોય તે રાશી તથા તેના અંશ અને બીજાં ભુવનનો માલેક જે રાશીમાં હોય તે રાશી અંશ વીગેરે આગળ આપી ગયલાં કોષ્ટક પ્રમાણે જોઇ લેવું. ચીજ શું છે ને કેવી છે તે જાણવા માટે બીજાં ભુવનમાં જે ગ્રહ હોય તેની ખાસીયત પ્રમાણે તથા તે ગ્રહને લગતી ચીજ જાણવી જેમકે શની હોય તો લોખંડની ચીજ, પતરાંની ચીજ, સીસું, કાળું કપડું, બુટ, ચામડું, ખેડુતનાં હથ્યાર, છત્રી, ગાડું વીગેરે જાણવુ. જો ગુરૂ હોય તો તેલ, રંગ, માણસનાં કપડાં, મરઘાં બતકાં, પંખેરૂં, મધ, રેશમ, પૈસા અથવા વેપારને લગતી કોઇપણ ચીજ. જો મંગળ હોય તો હથ્યાર, પીતળ, છરી, કાંટા ચમચા, તરવાળ, અને સર્વે તેજ હથ્યારો જાણવાં. જો રવી હોય તો સુનું ઝવેરાત, અને કીમતી ચીજો જાણવી, જો શુક્ર હોય તો સ્ત્રીનાં કપડાં, વીટીઓ, બરોચ, અને હરેક જાતનાં

ઘરેણાં ને જણસ વીગેરે જાણવા. જો બુધ હોય તો કાગળપત્ર, નોટ, શેર, લખત, ચોપડી, વિધ્યા અભ્યાસનાં હથ્યાર, વીગેરે જાણવાં. જો ચંદ્ર હોય તો દરેક સાધારણ કોમન ચીજો, પ્યાલાં રકાબી, રાચરચીલું, તેમજ હરરોજની વાપરવાની હરેક ચીજ જાણવી. જો હરશાચલ ગ્રહ હોય તો, નમુના, મોડલ, સાંચાકામ, ગાલવેનીક હથ્યાર, નોવેલટી અને ચીત્ર વીચીત્ર અજાયબ ચીજો જાણવી.

નોંધ:—આવી બાબદના પ્રશ્નના જવાબ આપવાને માટે ઘણા વર્ષની ચાલુ પ્રેકટીસ અને અનુભવની ઘણીજ જરૂર છે. કારણકે હજારો જાતની ચીજો હોય છે, તે એક બીજાના વસીલામાં ભેલમેલ થઇ જાય છે, તથા હજારો દીશા ને જગામાં તે હોય છે, જેથી એને લગતા જવાબો તદન બરાબર આપવાને ઘણોજ અનુભવ જોઇયે છે, તેમજ અક્કલ વાપરવી પડે છે. જેઓ આત્તમજ્ઞાની અથવા કલૅરવોયનતસ હોય છે તેઓ એ બાબદમાં ખુદરતી સારૂં જ્ઞાન ધરાવે છે. મારી ભલામણ છે કે અભ્યાસીએ ફકત ચીજ મળશે કે નહીં તેજ પહેલે જોવું, અને જો મળશે એવી ખાત્રી મળે તો પછી જોવું કે તે કેવી જગ્યામાં ને દીશામાં છે, પછી આગળ વધતાં તેને લગતી બાબદો ઘણા ધ્યાન અને વીચાર તથા અક્કલથી જાણવી.

પાંચમાં ભુવનને લગતા સવાળો.

૩૪. **મને ફરઝંદો થશે કે?** પહેલાં અને પાંચમાં ભુવનને તપાસવા અને જો તે ભુવનોમાં ચર રાશી હોય તો. અથવા તે ભુવનોના માલેકો ચર રાશીમાં બેઠા હોય તો, અથવા ચંદ્ર, શુક્ર, અને ગુરૂ પાંચમાં સ્થાને હોય, તો ફરઝંદ થશે, એમ જાણવું. જો વરખ કે ધન રાશી પાંચમાં ભુવને હોય, અને ચંદ્ર ચર રાશીનો હોય અથવા કર્ક, વૃશ્ચિક કે મીનનો હોય, પાંચમાંના માલેક સાથ સારો સંબંધ કરતો હોય, પાંચમાંમાં કોઇ ગ્રહ હોય અને તે ચંદ્ર, શુક્ર કે ગુરૂ સાથે સારી એસપેકટ કરતા હોય તો થોડાં ફરઝંદો થાય, પણ જો ચંદ્ર, ગુરૂ કે શુક્ર પાંચમે સ્થાને, કર્ક, કન્યા, વૃશ્ચિક, કે મીનમાં બેઠેલા હોય તો ઘણા ફરઝંદો થાય, અને જો તેઓને પાપદૃષ્ટિ થતી હોય તો થોડાં મરી જાય, થોડાં બચે, જો પાપગ્રહ ચર રાશી કે ફળદ્રુપ રાશીમાં

હોય અને વળી કોઇ સાથ પાપદૃષ્ટિમાં પણ ફસેલો હોય તો ફરઝંદ ઘણા થાય પણ તે સર્વે મરે, કોઇબી જીવે નહીં. ખાસ કરીને મંગળ એ બાબદમાં ઘણોજ ખરાબ છે, અને જ્યારેબી પાંચમાં ભુવન સાથે, અથવા પાંચમાંના માલેક સાથે અથવા પાંચમે ભુવને બેઠેલા કોઇ ગ્રહ સાથે મંગળનું સ્કવેર (૯૦° અંશે) અથવા ઓપોઝીશન થાય તો ફરઝંદને મારે, નુકસાન પુગાડે, મંગળ જો નપુશક રાશીમાં પાંચમાં સ્થાને હોય તો બીલકુલ ફરઝંદ થાય નહીં, અને થાય તો તુરત મરણ પામે. મેષ, સીંહ, કન્યા, મકર અને કુંભ રાશી ફરઝંદની વીરૂધ છે, અને એ રાશીઓના માલેક એ માહેલી કોઇબી રાશીમાં હોય તો ફરઝંદ થાય નહીં. જો શુભ ગ્રહ પાંચમે મીન રાશીમાં હોય તો ઘણા ફરઝંદ હોય, લગભગ બાર ફરઝંદ, જો કર્કમાં હોય તો નવ, વૃશ્ચિકમાં હોય તો છ, તુલા કે ધનમાં ૪ થી ૬ એ પ્રમાણે જાણવા. સઉથી સરસ તો એ રીત છે કે દરેક સંજોગો જોવા, અને તે જોગોમાં જે જોગ ફરઝંદ આપે, ને જે જોગ ફરઝંદ નહીં આપે તેનું પ્રમાણ જેમ વધારે હોય તેમ જણાવવું.

૩૫. **સ્ત્રીને ગર્ભ ધારણ થયલો છે કે નહીં?** આ બાબદના સવાલ માટે પહેલું, પાંચમું અને સાતમાં ભુવનોના માલેક તેમજ, પાંચમાંનો માલેક ફળદુપ રાશીમાં હોય, અથવા છઠ્ઠાં ભુવનનાં કશપર ફળદુપ રાશી હોય તો, જાણવું કે તે સ્ત્રી ગર્ભ ધારણ કરશે. પણ જો ઉપળા માલેકો નપુશક રાશીમાં હોય, અને પહેલાં તથા પાંચમાં ભુવને નપુશક રાશી હોય તો, તથા પાંચમાંનો માલેક પણ પાપદૃષ્ટિમાં હોય તો, તે સ્ત્રીને ગર્ભ રહેશે નહીં, અને ફરઝંદની વૃધ્ધી થશે નહીં. ચંદ્ર જો ખરાબ રીતે પાપદૃષ્ટિમાં હોય તો વાંજયાંપણું જાણવું.

૩૬. **સ્ત્રી ગર્ભ કીયે વખતે ધારણ કરશે?** જો એમ લાગે કે આએ સ્ત્રીને ફરઝદો થવાનો જોગ છે, તો તે સ્ત્રી કયારે ફરઝંદનો જન્મ આપશે તે જાણવા માટે, પાંચમાંનો માલેક જો પહેલાં ભુવને હોય, તો પહેલે વર્ષે, જો બીજાં ભુવને હોય તો બીજે વર્ષે, જો દશમાં ભુવને હોય તો ત્રીજે વર્ષે, જો સાતમાં ભુવને હોય તો ચોથે વર્ષે, જો ચોથાં ભુવને હોય તો પાંચમે વર્ષે, અને જો પાંચમાંનો માલેક ઝડપી ચાલનો હોય અને ચર રાશીમાં હોય તો ઉતાવળે ફરઝંદ

થશે, પણ જો ચકરી હોય અથવા સ્થીર રાશીમાં હોય તો ઘણો વાર લાગશે, તેમજ કેદન્ત હોય તોપણ ઘણા વર્ષનો વાર લાગશે એમ જાણવું.

૩૭. સવાળ કરતી વખતે તે સ્રીને ગર્ભ છે કે નહીં? જો પહેલાં ભુવનનો માલેક પાંચમાં ભુવનના માલેક સાથે શુભ એસ-પેકટમાં આવતો હોય, અથવા ચંદ્ર જો પાંચમાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કરતો હોય તો અને તે કેન્દ્ર સ્થાનમાંથી દૃષ્ટિ કરતો હોય, તથા કેન્દ્ર સ્થાને ફળદરૂપ રાશી હોય તો જાણવું કે તે સ્રીને હાલમાં ગર્ભ રહેલો છે. જે રાશીઓ ફરઝંદ આપનારી છે તેમાં અથવા પાંચમાં સ્થાને જો ગુરૂ, શુક્ર કે ચંદ્ર પડયો હોય તો અને પાપદૃષ્ટિથી નીરાળો હોય તો ગર્ભ છે એમ જાણવું, પણ જો પાપગ્રહથી એ ગ્રહો માહાત થયલા હોય તો **ગર્ભપાત** થાય, જો ગુરૂ કે શુક્ર સાતમાં ભુવનમાં ફળદરૂપ રાશીમાં હોય, તથા પાંચમાં સ્થાને સારી દૃષ્ટિ કરતો હોય તો તુરત ગર્ભ રહેશે એમ જાણવું. પણ જો પાંચમાં ભુવનમાં મિથુન, સીંહ કે કન્યા રાશી હોય, અથવા પાપગ્રહો પાંચમે હોય, તો ગર્ભ નથી એમ જાણવું. જો પાપગ્રહો ફળદરૂપ રાશીમાં હોય તો ગર્ભ ધારણ કરે પણ મુવેલું ફરઝંદ અવતરે અથવા તો ગર્ભપાત થાય.

૩૮. ફરઝંદ છોકરો થશે કે છોકરી? જો પાંચમાંનો માલેક પુરૂષ રાશીમાં હોય તો અથવા પાંચમે સ્થાને પુરૂષ રાશી હોય તો છોકરો જાણવો. ચંદ્ર જો પુરૂષ ગ્રહને એપ્લાઇ થતો હોય તો છોકરો જાણવો, જો શુક્ર કે ચંદ્ર પાંચમે હોય અથવા પાંચમે સ્રી રાશી હોય તો છોકરી જાણવી. હરશચલ, શની, ગુરૂ, મંગળ અને રવી છોકરો દેખાડે છે, ચંદ્ર અને શુક્ર છોકરી જાણવી. જો મુખ્ય ગ્રહો, મિથુન, ધન કે મીનમાં હોય, અને ગુરૂ, શુક્ર કે ચંદ્ર પાંચમે શુભ દૃષ્ટિમાં હોય તો જાણવું કે જોડ છોકરાં થશે.

૩૯. છોકરૂં જીવશે કે મરશે? જો પાંચમાંનો માલેક કેદન્ત, નબળો, કે પાપદૃષ્ટિમાં હોય તો, અથવા પાપગ્રહો પાંચમે હોય તો, તથા ચંદ્ર, ગુરૂ, કે શુક્ર સારી દૃષ્ટિ નહીં આપતા હોય તો ફરઝંદ જીવે નહીં. જો ઉપર પ્રમાણેનાં જોગ નહીં થતા હોય, પાંચમાંનો

માલેક કેન્દ્ર સ્થાનમાં હોય, ચંદ્ર, શુક્ર ને ગુરૂ શુભ દૃષ્ટિ કરતા હોય તો બચ્ચું જીવે. જો પાપગ્રહ ઘણીજ પાપદૃષ્ટિમાં પાંચમે ભુવને હોય, તો ફરઝંદ જીવતું જન્મે પણ પાછળથી મરણ પામે.

નોંધ:—આ ઉપળા સવાલો જો કોઇ મરદ પોતા માટે પુછે તો સાતમું ને અગ્યારમું ભુવન ઊપર પ્રમાણે જોવું અને સાતમાંને પહેલું ને અગ્યારમાંને પાંચમું સમજવું.

૪૦. **મારા સ્ત્રી પતીવ્રૃતા છે કે?** પહેલાં અને પાંચમાંના માલેક સ્થીર રાશીમાં હોય, અથવા સ્થીર રાશી એ ભુવનોનાં કસ્પર હોય, ઘણા ગ્રહો કેન્દ્રમાં હોય, તો જાણવું કે આ સ્ત્રી પાક અને પતીવ્રતા છે. ગુરૂ પાંચમે હોય તો તો ઘણોજ સારો, જો ચંદ્ર સ્થીર રાશીમાં કેન્દ્ર સ્થાને હોય તો તેબી સારો જાણવો. જો હરશચલ, શની કે મંગળ પોતાની પાપદૃષ્ટિ શુક્ર અથવા ચંદ્રપર કરતા હોય, અથવા પાંચમાં કે અગ્યારમાં ભુવનમાં હોય, અથવા ચંદ્ર શુકર પાંચ કે અગ્યારમાં ભુવને મંગળની પાપદૃષ્ટિમાં હોય, અથવા હરશચલ, રવી કે શુકરને પાપદૃષ્ટિ કોઇબી ભુવનમાં કરતો હોય અને ચર રાશી પાંચમાં સ્થાને હોય તો તે સ્ત્રી શુકમંદ ચાલની જાણવી અને લાલચ લોભ ને વશ થઇ જવાનો ઘણો સંભવ જાણવો. **હરશચલ ગ્રહની એસપેકટ તથા ભુવનપર મુખ્ય આધાર છે.** કારણકે જે સ્ત્રીની કુંડળીમાં રવી તથા શુકર હરશચલની પાપદૃષ્ટિમાં હોય, તો તે નક્કી ફસવાની નીશાની જાણવી.

નોંધ:—આ બાબદ ઘણીજ નાજુક છે, આ જોગો ઉપરાંત બીજા ઘણા જોગો છે, કે જેથી દેખાઇતી ખરાબ કુંડળીની ખરી અસર, તદન પવીત્રાઇમાં હોય છે, વળી સ્પષ્ટ ગ્રહ ગણીત હાલમાં જવલેજ થાય છે, જેથી એ નાજુક બાબદનો વિચાર પુગાડવો નહીં, તથા વહેમમાં ફસી કોઈ નીર્દોષિની નીંદા કરવી નહીં. હું પોતે એ બાબદ અત્રે પ્રગટ નહીં કરતે, પણ સંપુર્ણ બાબદો આપવાની અને હરેક બાબદનો ખુલાસો અભ્યાસીને શીખવવાની નેમથી એ સવાળ સેજ વર્ણવો પડયો છે, માટે વાંચનારી આલમને અરજ છે, કે એ નાજુક બાબદમાં વહેમ લાવવો નહીં, અને સઘળા સંજોગો સંભાળીને તપાસવા.

૪૧. **સરત, સોરતી, દોડવાની સરત, મછવાની સરત વીગેરે?** જો પહેલાં, બીજાં કે પાંચમાં ભુવનના માલેક જો દશમાં ભુવને બેઠેલા હોય તો તો જરૂર જીત મળે. જો પાંચમાંનો માલેક પાંચમેજ બેસીને પહેલાં અથવા બીજાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કરતો હોય તો સારી નીશાની જાણવી, ગુરૂ પાંચમે અથવા બીજે બળવાન હોય, પાંચમાંનો માલેક કેન્દ્રમાં હોય, પાપદૃષ્ટિમાં નહીં હોય, તો સારૂં જાણવું, જો એ પ્રમાણેના જોગ નહીં હોય તો કદી સોરતી સરત કરવું નહીં. જો અગ્યારમું ભુવન બળવાન હોય અથવા અગ્યારમાંનો માલેક બળવાન હોય તો હાર મળે ને જીત થાય નહીં. ઇનામ સોરતી વીગેરે પણ એમજ જોવું. તે ઉપરાંત બીજા જોગો તપાસવા.

છઠાં ભુવનને લગતા સવાળો.

૪૨. **જાનવરોનો વેપાર કરવો કે નહીં?** નાનાં જાનવરો જેવાં કે કુતરાં, બીલાડા, બકરાં, મેઢાં વીગેરે છઠ્ઠાં ભુવનને લગતાં પશુઓ છે, જો છઠ્ઠાં ભુવનમાં પાપગ્રહ અથવા છઠ્ઠાંનો માલેક પાપ-દૃષ્ટિમાં હોય, કેડન્ટ હોય, વકરી કે નબળો હોય તો, એ વેપાર કરવો નહીં, જો ચંદ્ર અથવા રવી શુભ દૃષ્ટિથી છઠ્ઠાં ભુવને બેઠેલો હોય, અને પહેલાં તથા બીજાં સાથે શુભ દૃષ્ટિમાં હોય, છઠ્ઠાંનો માલેક કેન્દ્રમાં હોય બળવાન હોય તો લાભકારી જાણવું.

૪૩. **ક્યારે ખરીદી કરવી અને ક્યારે વેચાણ કરવું?** છઠ્ઠાંનો માલેક જ્યારે પહેલાં ભુવન સાથે શુભ દૃષ્ટિમાં આવે અને તે વખતે ચંદ્ર પાપગ્રહની દૃષ્ટિથી છુટો થતો હોય અને શુભ ગ્રહ સાથ કંજંગ-શન કરતો હોય અથવા શુભ દૃષ્ટિમાં આવતો હોય તો જાનવરો ખરીદવા લાભકારી છે. પણ જ્યારેબી ચંદ્ર શુભ ગ્રહથી છુટો થઇને પાપગ્રહને મળતો હોય ત્યારે કદીબી ખરીદી કરવી નહીં. એથી ઉલટુંજ વેચાંણ વખતે જાણવું, યાને જ્યારે ચંદ્ર શુભ ગ્રહથી છુટો થઇને પાપગ્રહને મળતો હોય, અને જે દીવસે તેમ થાય, તે દીવસે સવાળ કરનારે પોતાના જાનવરો વેચવાં ઘણા લાભકારી છે.

૪૪. **જાનવર અથવા નોકર નાસી જાય તે બાબદ?** જો છઠ્ઠાંનો માલેક વકરી હોય, અથવા પહેલાં ભુવનનાં માલેક સાથે શુભ

દૃષ્ટિ કરતો હોય, છઠાંનો માલેક પહેલે ભુવને બેઠો હોય, તો ગુમાયલું જાનવર કે નોકર પાછો મળશે, પણ જો છઠાંનો માલેક ઝડપી ચાલનો હોય, ત્રીજે કે નવમે બેઠેલો હોય, અથવા પહેલા સાથે પાપદૃષ્ટિમાં હોય તો નહીં મળે. જો છઠાંનો માલેક પહેલાંના માલેક સાથે સ્કવેર અથવા ઓપોઝીશનની એસપેકટ કરતો હોય તો નહીં મળે. જગા અને દીશા છઠાં ભુવનનો માલેક જે રાશીમાં હોય તે પ્રમાણે જાણવું.

૪૫. **મારા નોકરો પ્રમાણીક છે કે?** છઠાંનો માલેક પહેલાં ભુવનના માલેક સાથે સારી શુભ દૃષ્ટિ કરતો હોય, ગુરૂ, શુક્ર છઠાં ભુવને હોય તો જાણવું કે નોકર પ્રમાણીકજ મળવાના, પણ જો બુધ કે પાપગ્રહ છઠાં ભુવને હોય તો, અને ખાસ કરીને વ્રશ્ચિક, મેષ કે મકર રાશીમાં હોય, અથવા તો બીજીબી રાશીમાં હોય અને પાપદૃષ્ટિમાં હોય, તો અને ગુરૂ જો એટલું છતાં શુભ દૃષ્ટિ કરતો નહીં હોય તો જાણવું કે નોકરો ચોર અને અપ્રમાણીકજ મળવાના. જો ચંદ્ર છઠાં ભુવને બેઠો હોય અને મંગળ શનીની પાપદૃષ્ટિમાં હોય તો નોકરોપર બીલકુલ વિશ્વાસ મુકવો નહીં.

૪૬. **હું આ નોકરને નોકરીએ રાખું કે?** ઉપર પ્રમાણે પેહલે તપાસવું, ને જો લાભકારી કુંડળી લાગે તો નોકર રાખવો, પણ ધ્યાન રાખવું કે ચંદ્ર જે દીવસે છઠાંના માલેકને અથવા પહેલાંના માલેકને કંજંગશન અથવા શુભ એસપેકટ કરે તે દીવસે રાખવો.

૪૭. **મારો ભાડુત ખાલી કરી જશે કે રહેશે?** છઠાં અને બારમાં ભુવનના કશપર સ્થીર રાશી હોય, અને એ ભુવનોના માલેક જો સ્થીર રાશીમાં બેઠા હોય તો તે ભાડુત ખાલી કરી નહીં જશે, પણ જો ચર રાશી હોય અને માલેકો ચર રાશીમાં બેઠેલા હોય, અથવા તો તે માલેકો રાશી બદલવાની અણી ઉપર હોય તો ખાલી કરી જશે એમ જાણવું. ચોથાં ભુવનને લગતા સવાલ જવાબમાં જેમ સમજાવ્યું છે તેમ અત્રે પણ જોવું, પણ છઠાં ભુવને પહેલું ભુવન સમજવું અને બારમાં ભુવનને સાતમું સમજવું ને તે પ્રમાણે જોવું.

નોંધ:—ઉપલી બાબદ કરતાં **માંદગી અને દુઃખ દરદોપર** છઠાં ભુવનનો મોટો આધાર છે, જે સર્વે બાબદ અત્રે નહીં જણાવતાં,

આ પુસ્તકના ચોથા ભાગમાં, "મેડીકલ એસ્ટ્રોલોજી"ના પ્રકરણોમાં સમજાવી છે તે પ્રમાણે હરેક બાબદ જોઇ જાણી લેવી.

સાતમાં ભુવનને લગતા સવાળો.

૪૮. **હું ભાગીદારીમાં ધંધો કરૂં કે?** ગુરૂ, શુકર અથવા ચંદ્ર સાતમે ભુવને હોય, અથવા સાતમાંનો માલેક પહેલાં કે બીજાં ભુવનના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, પહેલાંનો માલેક આંઠમાં કે સાતમાં ભુવને હોય, એકમેકને રીસેપશન હોય, તો ભાગીદારીમાં જોડાવાથી લાભ થાય. પણ જો હરશચલ, શની કે મંગળ અથવા મકર કે વૃશ્ચિકનો બુધ અથવા સાતમાંનો માલેક પાપદૃષ્ટિથી હારેલો બીજાં ભુવને હોય તો, આંઠમાંનો માલેક પાપદૃષ્ટિમાં હોય તો ભાગીદારીમાં જોડાવું નહીં.

૪૯. **ભાગીદારીમાં ભાગ્યા સાથે કેવા પ્રકારથી સારૂં રહેશે?** પહેલાં અને સાતમાં ભુવનમાં સ્થુલ રાશી હોય અથવા તો એકમાં સ્થુલ રાશી અને બીજામાં કોમન રાશી હોય તો મેળ સારો રહે, પણ જો એકમાં ચર રાશી ને બીજાંમાં કોમન રાશી હોય તો રોજ ખટપટ થયા કરે, જો એકનો સીગ્નીફીકેટર સ્થુલ રાશીમાં ને બીજાનો ચર રાશીમાં હોય તો ખટપટ થયા કરે, પણ તે સાધારણ હોય તેથી કંઇ છુટા પડે નહીં. જો ઉપર પ્રમાણે તકરારનો જોગ હોય તો જોવુ કે સીગ્નીફીકેટરોને કોઇ ગ્રહની પાપદૃષ્ટિ છે કે અથવા બીજા કે આંઠમાંના માલેક સાથે પાપદૃષ્ટિ છે કે, જો તેમ હોય તો તે ગ્રહ અને તેનું ભુવન મારામારીનું કારણ જાણવું. જો દશમાંનો માલેક હોય તો, ધંધા સંબંધી, જો ચોથાંનો માલેક હોય તો તેબી ધંધા સંબંધીજ જાણવું. ત્રીજો અથવા નવમો માલ લાવલઇજાવ અને એક મુળકથી બીજા મુળકને લગતું, ઇન્ડેન્ટને લગતી વીગેરે ખટપટ જાણવી, અથવા કાગળપત્રથી તકરાર જાગે.

૫૦. **હમો ધંધામાં ફાવીશું કે?** દશમાંનો માલેક તથા ચંદ્ર જો શુભ દૃષ્ટિમાં હોય, બેઉ બળવાન અને કેન્દ્રમાં હોય, ગુરૂ, રવી કે ચંદ્ર દશમાં ભુવને શુભ દૃષ્ટિમાં બેઠેલા હોય, તો ફતેહ જરૂર મળે. જો દશમાંનો માલેક પાપદૃષ્ટિમાં હોય, કેડન્ત હોય, બળહીન હોય, ચંદ્ર

પાપ ભુવનમાં હોય, કેન્દ્ર સ્થાને પાપગ્રહો બેઠેલા હોય, તો લાભ થશે નહીં. ખાસ કરીને દશમાંનો માલેક અને ચંદ્ર જરૂર તપાસવા કારણકે તેઓ જો બળવાન અને ઊંચના હોય અથવા કેન્દ્ર સ્થાને પડેલા હોય તો સારો ફાયદો થાય.

નોંધ:—જો સાતમાં કે આંઠમાંનો માલેક પાપદૃષ્ટિમાં હોય, જલીત હોય, અથવા ખાડામાં પડેલો હોય તો જાણવું કે ભાગીદાર અથવા તો સવાળ કરનાર પોતે પૈસાની તંગીમાં છે, અને શું કરવું તે સમજ પડતું નથી. સાત અને આંઠમાંના માલેક જ્યાં લગી શુભ ઠેકાણે નહીં હોય ત્યાં લગી કદીપણ ભાગીદારી કરવી નહીં. તેમજ સીગ્નીફીકેટરો જો પાપદૃષ્ટિમાં હોય અથવા તો કોઇ ગ્રહની પાપદૃષ્ટિમાં આવવાના હોય તો ભાગીદારી કરવાથી મોટો જોખમ માથે ખેંચવા બરાબર છે.

કોર્ટ કજ્યા વીગેરે બાબે.

૫૧. **કોર્ટ કજ્યો કરવો પડશે કે?** પહેલાં અને સાતમાંના માલેક જો ૯૦° અંશે કે ઓપોઝીશનમાં આવે, અથવા શની, હરશચલ, મંગળ સાતમાં ભુવને હોય, અથવા તો બેઉ સીગ્નીફીકેટરોને, રીસેપશન, શુભ દૃષ્ટિ કે ત્રાન્સલેશન નહીં હોય, અને જો પહેલાં અને સાતમાંના કશપર સ્થુલ રાશી હોય, તો જરૂર કોર્ટ કેસ કરવો પડે. જો પહેલાં અને સાતમાંના સીગ્નીફીકેટરો, રીસેપશનમાં હોય, બળવાન હોય, રવી ચંદ્રનું ત્રાન્સલેશન લાઇટ મળતી હોય, ૧ અને ૭ ભુવનોના કશપર ચર રાશી હોય તો કોર્ટ દરબાર નહીં થાય, અને ઘરમેળે માંડવાળ થાય.

૫૨. **માંડવાળ પહેલે કોણ કરવો આવશે?** જો પહેલાં ભુવનનો માલેક સાતમાંને એપલાઇ થતો હોય તો, સવાળ કરનાર પોતેજ માંડવાળ કરવાને ઘણો ખુશી હોવો જોઇએ, જો સાતમાંનો માલેક પહેલાને એપલાઇ થતો હોય તો સામી પક્ષવાળા માંડવાળ કરવાને તત્પર જાણવા. જો કોઇ બીજો ગ્રહ ત્રાન્સલેશન કે કલેકશન કરતો હોય અને તે ગ્રહ જો બીજાં કે આંઠમાંનો માલેક હોય તો પૈસાથી, ત્રીજાં કે નવમાંના માલેક હોય તો ભાઇબંધથી, પાંચ અને અગ્યારમાં

ભુવનના માલેક હોય તો મીત્રો ઓળખાણ પીછાણવાળાથી, છઠ્ઠાં અથવા બારમાં ભુવનના માલેક હોય તો કાકા મામાથી. એ પ્રમાણે હરેક ભુવનની બાબદોથી ઉપજાવી લેવું.

૫૩. **કજયો કોણ જીતશે?** જો પહેલાંનો માલેક સાતમાં કરતાં બળવાન હોય તો અને ચોથાં અથવા દશમાંના માલેકની તેનીપર પાપદૃષ્ટિ નહી હોય તો, અને દશમાં અથવા સાતમાંનો માલેક પહેલાં અથવા બીજાં ભુવને બેઠો નહી હોય તો સવાળ કરનાર જીતે. જો સાતમાંનો માલેક પહેલાં કરતાં બળવાન હોય, અથવા બીજે ભુવને બેઠો હોય, અને દશમાં કે ચોથાંના માલેકની પાપદૃષ્ટિ નહીં હોય તો સામેવાળો હરીફ જીતે. જો પહેલાં અથવા બીજાંનો માલેક જલીત હોય, અથવા હરશચલ, શની કે મંગળ સાતમે હોય અને પહેલાંને પાપદૃષ્ટિ કરતા હોય તો હરીફ સામેવાળો જીતે, જો બેઉના સીગ્નીફીકેટરો એકસરખા બળવાન હોય તો કોઇ જીતેબી નહીં ને કોઇ હારેબી નહીં કેસ કાઢી નાખે. જો દશમાં ભુવનનો માલેક પહેલાં તેમજ સાતમાં બેઉ ભુવનના માલેકોને પાપદૃષ્ટિ કરતો હોય તો બેઉ પક્ષવાળાને નુકસાનીમાં જવું પડે.

૫૪. **જડજ અથવા લવાદ અપક્ષપાત ચુકાદો આપશે કે?** હરશચલ, શની કે મંગળ જો દશમાં ભુવને હોય, તો અપક્ષપાત ચુકાદો કરશે નહી. જો રવી, ગુરૂ કે શુકર હોય તો જરૂર સાચો ઇનસાપ કરશે. દશમાં ભુવનનો માલેક જેબી કોઇ સીગ્નીફીકેટર ને પાપદૃષ્ટિ કરતો હોય, તેં સીગ્નીફીકેટરવાળી પક્ષની વીરૂધ જડજ ઇનસાફ કરશે. જો દશમાં ભુવનનો માલેક બેઉ સીગ્નીફીકેટર સાથે શુભ દૃષ્ટિ કરતો હશે, તો જડજ બેઉની તરફેણમાં લાભકારી સલાહ કરાવી આપશે, પણ જો પાપદૃષ્ટિ બેઉ સાથે હશે તો બેઉ પક્ષવાળા જડજના ઇનસાફથી સંતોષ પામશે નહીં. જો મિથુંન કે મીન રાશી પહેલાં કે સાતમાં ભુવને હોય તો કજયો એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં ત્રાન્સફર કરવો પડશે, એમ જાણવું.

૫૫. **નાદારી મળશે કે?** જો પહેલાં ભુવનનો માલેક યાને સવાળ કરનાર અને સાતમાં ભુવનનો માલેક યાને નાણું માંગનાર એ

બેઉ ભુવનના માલેકો શુભ દૃષ્ટિમાં હોય, અથવા પહેલાંનો માલેક સાતમે બેઠો હોય ને તેને હરશચલ, શની કે મંગળની પાપદૃષ્ટિ નહીં હોય તો સવાળ કરનારને નાદારીનો આસરો સહેલથી મળી શકે. પણ જો સાતમાંનો માલેક પહેલાં ભુવને બેઠો હોય, અથવા તો સાતમાંનો માલેક પહેલાંના માલેકને પાપદૃષ્ટિથી મારતો હોય, હરશચલ, શની કે મંગળ સાતમે ભુવને હોય તો માંગનારો સામા થશે, દીવાળું કાઢવું પડશે, કોર્ટમાં બેઇજતી થશે અને દરેક રીતે માંગનાર દબાણ કરી શકશે. એ માટે ૫૩ તથા ૫૪ નંબરવાળા ફકરા પ્રમાણે પણ જોવું.

૫૬. **વેચાંણ ખરીદી વીશે ?** પહેલું ભુવન જે માનવી વેચવા માંગતો હોય, અથવા ખરીદવા માંગતો હોય તે, અને સાતમું ભુવન જે માણુસની સાથે કામ કરવું હોય તે. જો સાતમાં ભુવનમાં પાપગ્રહ હોય તો ખરીદવું નહીં, જો પાપગ્રહ પેહલાં ભુવને હોય તો ખરીદવામાં ઘણીજ મુસીબતો પડશે એમ જાણવું. જો ચંદ્ર કોઇ સાથે પણ દૃષ્ટિ નહીં કરતો હોય તો સાદું નક્કી થાય નહીં. જો ચંદ્ર પાપગ્રહથી છુટો પડીને શુભ ગ્રહને જઇ મળતો હોય તો માલ ખરીદવો, પણ જો શુભ ગ્રહથી છુટો પડી પાપગ્રહને મળતો હોય તો માલ વેચવો પણ લેવો નહીં.

૫૭. **જાહેર દુશમન બાબદ.** જો સાતમાં ભુવને પાપગ્રહો હોય તો જાણવું કે જાહેર દુશ્મનો છે. જો ભુવનથી, રાશી કે બળથી ઊંચના હોય તો, તે પ્રમાણે દુશ્મનો પણ બળવાન સમજવા. જો તે પાપગ્રહો પહેલાં અથવા બીજાં ભુવનના માલેકને પાપદૃષ્ટિ કરતા હોય તો સવાળ કરનારને પોતાને તેઓથી નુકસાન ખમવું પડે, ખાસ કરીને જો સવાળ કરનારના સીગ્નીફીકેટરને અથવા ચંદ્ર પણ જો પાપગ્રહથી દીસપોઝ થયલો હોય તો, અને પાપદૃષ્ટિ કરતો હોય તો, અને સાતમાંનો માલેક પણ જો પાપગ્રહ હોય ને તેબી પહેલાં તથા બીજાં ભુવનના માલેકને પાપદૃષ્ટિ કરતા હોય તો, તથા સાતમાંનો માલેક, સવાળ કરનારના સીગ્નીફીકેટરથી દીસપોઝ નહીં થયલો હોય તો, દુશ્મનોથી સવાળ કરનારને ઘણુંજ ખમવું પડે. દુશ્મનોની સંખ્યાનું પ્રમાણ ચંદ્ર અથવા પહેલાંના માલેક સાથે જે પાપદૃષ્ટિ થતી હોય તે પરથી જાણવું, તથા જે જે ભુવનોના માલેકો પાપદૃષ્ટિ કરતાં ગ્રહોના

ભુવનોમાં હોય, તે તે ભુવનને લગતું જાણવું. જો ત્રીજાં ભુવનનો માલેક, પહેલાં ભુવનના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય, ને સાતમે બેઠો હોય તો ભાઇ બેનથી યાતો પારપડોશીથી દુશ્મનાઇ જાણવી, ચોથાંનો માલેક હોય તો ધણા બુઝર્ગ બુઢા માણસથી, પાંચમાંનો હોય તો જુવાન માણસોથી, છઠ્ઠાંનો હોય તો ચાકર નોકરો, મજુરો અને ભાડુ-તોથી, સાતમાંનો માલેક હોય તો, જે કોઈનીબી સાથે વેહવાર હોય તેનેથી, નવમાંનો માલેક હોય તો બઇરી તરફના સગાંઓથી અથવા ધર્મગુરૂથી, દશમાંનો હોય તો રાજદ્વારી કોઈ મોટા માણસથી, અગ્યા-રમાંનો જો હોય તો મીત્રોથી એ પ્રમાણે જાણવું. જે નડતલ કરનારો ગ્રહ હોય, તે જો ઊંચનો કે બળવાન હોય તેટલો વધારે ખરાબ જાણવો, પણ જો ગુરૂ કે શુક્ર કોઇપણ ભુવનેથી, લગ્નના માલેક સાથે શુભ દૃષ્ટિ કરતા હોય તો, ઘણું સારૂં જાણવું. જેમકે ધારો કે ત્રીજાનો માલેક પહેલાંના માલેક સાથે પાપદૃષ્ટિ કરે છે, અને ગુરૂ ત્રીજાંમાં બેસીને પહેલાં સાથે શુભ દૃષ્ટિ કરે છે, તો જાણવું કે ભાઈ બેનો અને ઓળખાણ પીછાણના પાડપડોશીમાં થોડા દુશ્મનો તેમજ થોડા મીત્ર સમજવા, અને એ દાખલામાં ત્રીજાં ભુવનનો માલેક અને ગુરૂ ઉપરથી દોસ્ત કોણ અને દુશ્મન કોણ તેનું રંગરૂપ ખાસીયત જાણવી.

૫૮. **લડાઇ તેનું પરીણામ વીગેરે બાબદો?** પ્રશ્ન કુંડળીના પહેલાં ભુવનનો માલેક અને સાતમાંનો માલેક એક બીજા સાથે કંજં-ગશન, સ્કવેર કે ઓપોઝીશનની દૃષ્ટિમાં કેન્દ્ર સ્થાને આવે તો જાણવું કે બે લશકર સામાસામી આવીને લડશે, અને ખુબ ઝનુંની લડાઇ થશે, જો શકસીદન્ટ ભુવનમાં થાય તો, ઝડપી ને તેજ લડાઇ જાણવી જો કેદન્ત ભુવનમાં હોય તો સેજસાજ ઝપાઝપી થાય નહી થાય એવું જાણવું. કેવા વખતે લડશે તે ચોક્કસ ટાઇમ સીગ્નીફીકેટરોની વચ્ચેના તફાવતની ડીગ્રીપર ગણવો નહીં, પણ જયારે કટોકટ વખતે, કે જે વખતે કંજંગશન, સ્કવેર કે ઓપોઝીશન જે ઘડીપળે થાય, તેજ ઘડીપળે લડાઇ પણ થશે એમ જાણવું. લડાઇ બાબદમાં પહેલું ભુવન સવાળ કરનાર, સાતમું ભુવન લડાઈનું, જો પહેલાં ભુવનનો માલેક સાતમાં ભુવનનાં માલેકથી માહાત થયો હોય ને પાપદૃષ્ટિમાં દબાયો હોય તો જાણવું કે સવાળ કરનાર લડાઇપરથી પાછો ફરવાનો સંભવ

થોડો છે, જો આંઠમાં ભુવનમાં જો પહેલાંનો માલેક હોય તો માર્યો જાય, ચોથાંમાં હોય તોપણ તેજ પરીણામ જાણવું, જો શની, મંગળ કે હરશચલ ચંદ્ર સાથે પાપદૃષ્ટિ કરતા હોય, અથવા આંઠમાં ભુવનમાં લગ્નના માલેક સાથે હોય તો લડાઈમાં માર્યો જાય. હવે ખાસ એવી બાબદમાં ગુરૂ જો ઉપલા ખરાબ જોગો છતાં લગ્નના માલેક સાથે કે ચંદ્ર સાથે કંજંગશન કે ૬૦° અંશ કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ કરતો હોય તો મજબુત બચાવ કરે પણ ઘાયલ થાય, જો હરશચલની પાપદૃષ્ટિ હોય તો દારૂગોળાથી મરે, પાપગ્રહ અને આંઠમાંનો માલેક જો લગ્ને પ્રશ્ન કુંડળીએ બેશે તો માહા બુરૂં જાણવું. ચંદ્ર અને મંગળની શુભ એસપેકટ હોય તો સેજ જખમી થાય. જો બારમાંનો માલેક પાપદૃષ્ટિ લગ્નના માલેક સાથે કરતો હોય તો કેદ પકડાય, જો શનીની પાપદૃષ્ટિ લગ્નના માલેક સાથે હોય તો જાણવું કે લડાઇમાં પ્રશ્ન કરનાર પોતાના જખમના દરદથી મરણ પામશે. રવીનું પણ તેમજ જાણવું. લગ્નનો માલેક જો દશમે ઊંચનો થઇને બેઠો હોય તો મોટા માન સાથે લડાઇ જીતીને આવે. જો લગ્નનો માલેક રવી, ગુરૂ કે ચંદ્રની સાથે ઘણી શુભ દૃષ્ટિ કરતો હોય તથા આંઠમાંને સાતમાંના માલેકના સાથે પાપદૃષ્ટિમાં આવતો નહીં હોય તો જરૂર માન ચાંદ મેળવે ને જીતીને જીવતો આવે. પેહલાંનો માલેક જો રવી સાથે શુભ દૃષ્ટિમાં હોય તો જનરલનો માનીતો થાય ને માન ચાંદ જરૂરજ મળે, જો લગ્નનો માલેક કેદન્ટ હોય તો જાણવું કે તે માણસ લડાઈપર કંઇપણ સારો ભાગ ભજવી શકવાનો નથી, અને કંઇ તેનું નામ થવાનું નથી. એ પ્રમાણે લડાઇને લગતી વીગતો સર્વે જોવી.

૫૯. **શેર સટ્ટાની બાબદ.** પહેલાં ભુવન અને બીજાં ભુવનના માલેક તથા ચંદ્રને તપાસવો. જો ચંદ્ર આંઠમાં ભુવનના માલેકની શુભ દૃષ્ટિમાંથી છુટો પડયો હોય અને બીજાં ભુવનના માલેક સાથે શુભ દૃષ્ટિમાં આગળ વધતો હોય તો, જરૂર સ્ટોક કે શેર ખરીદવા. જો આંઠમાંનો માલેક બીજાંના માલેકથી દીસ્પોઝ થયો હોય તો, અને બીજાંનો માલેક ચંદ્ર, ગુરૂ કે શુક્રની શુભ દૃષ્ટિમાં હોય તો ગમે તો સેર વેચવા અથવા ગમે તો ખરીદવા બેઉ લાભકારી છે. પહેલાં, બીજાં, સાતમાં અને આંઠમાં ભુવનમાં જો પાપગ્રહ બેઠા હોય તો

કદીબી ખરીદવું નહીં, જો તે પાપગ્રહો પેહલાં અથવા બીજાં ભુવનના માલેક હોય તો સંભાળથી કામ લેવું, અને સાતમાંનો માલેક પહેલાં કે બીજાંના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય તો કદી ખરીદવું નહીં, પણ જો બીજા બીજે બેઠેલો ગ્રહ આંઠમાંના માલેકને પાપદૃષ્ટિથી દબાવતો હોય તો ખરીદવું કે વેચવું, જો સાતમાંનો માલેક બીજે બેઠો હોય તો જરૂર ખોટ જાણવી.

૬૦. **ક્યારે ખરીદવું?** જ્યારે બીજાંનો માલેક આંઠમાંના માલેક સાથે શુભ દૃષ્ટિમાં આવે અથવા તો આંઠમાંના માલેકને દીસ્પોઝ કરે અથવા ચંદ્ર આંઠમાંના માલેકથી છુટો પડીને બીજાંના માલેકને મળે, તે વખતે ખરીદવું યાને તે દીવસે ખરીદવું જોઇએ. કેટલે વાગે લેવું તે જોવા માટે બીજાંનો માલેક પંચાંગના ટાઇમ પ્રમાણે આંઠમાં ભુવનના કશપર દાખલ થાય ત્યારે જાણવું, ખરીદી માટે એ વખત ઘણો સારો છે, વળી આંઠમાંના માલેક સાથે ચંદ્ર પાપદૃષ્ટિ કરીને છુટો પડે તે વખતે પણ ખરીદવું લાભકારક જાણવું, કે જે વખતે આંઠમાંના માલેકથી છુટો પડી બીજાંના માલેકને ચંદ્ર જઇ મળતો હોય ત્યારે પણ ખરીદેલું સારૂં.

૬૧. **વેચાંણ ક્યારે કરેલું લાભકારી?** બીજાં ભુવને શુભ ગ્રહ આવે ત્યારે, સાતમાં ભુવને પહેલાં ભુવનનો માલેક આવે ત્યારે, અને ચંદ્ર જ્યારે બીજાંના માલેકની શુભ દૃષ્ટિમાંથી છુટો પડી સાતમાં કે આંઠમાંના માલેક સાથે પાપદૃષ્ટિમાં જોડાય ત્યારે વેચવાથી ફાયદો થાય. જે દીવસે ઉપર પ્રમાણેની એસપેકટસો જે કલાકે થાય તે કલાકે વેચવું.

નોંધઃ—શેર સટો, લેણુ દેણ, ખરીદી વેચાંણ એ સર્વે ઉપર સમજાવવા પ્રમાણે જો અંગ્રેજી કેલન્ડરના રોજના ગ્રહો જોઇ તપાસી તેજ પ્રમાણેની જે મુળકમાં પ્રશ્ન અને કામકાજ હોય તે જગ્યાની લેટીત્યુદની કુંડળી કાઢી અંગ્રેજી ગ્રીનીચનાજ ગ્રહોપર આધાર રાખી વીચાર પુગાડવે ઘણાઓ પોતાના વેપાર ધંધામાં મોટી ખોટો જતી અને સેર સટામાં આંખો વીચી બજાર રૂખપર ધસડાઇ જઇ ખુવાર થતા અટકી શકશે, એવો અનુભવ ઘણા અભ્યાસીઓએ મેળવેલો છે. માટે જોઇ તપાસી લાંબી પ્રેકટીસથી સોએ ૯૦ ટકા સાચું ફળ દર-

શાવી શકાય છે, પણ એ માટે ચાલુ માહવરો અને ખંતની જરૂર છે. જો કોઇ માણુસ તમારી પાસે સેર કે નોટો વેચવા કે ખરીદવા માંગે તો પેહલાં ભુવનનો અને બીજાં ભુવનનો માલેક તે આવનાર ધણી અને સાતમાં ને આંઠમાંનો માલેક તે તમો પોતે એવી રીતે કુંડળીમાં જોવું.

૬૨. **લગ્નની બાબદો = હું પરણીશ કે ?** આ સવાળને લગતી કુંડળીમાં સ્ત્રીને માટે પેહલાંનો માલેક અને રવી જાણુવા, અને પુરૂષને માટે પેહલાંનો માલેક અને ચંદ્રને જોવો. જો એ સીગ્નીફીકેટરો બળવાન કે ઊંચના હોય, સારા ભુવનમાં હોય, ગુરૂ કે શુક્ર સાથે શુભ દૃષ્ટિમાં હોય, અથવા તો પાંચમે કે સાતમે જઇને બેઠા હોય, પેહલાંનો માલેક પાંચ, સાત કે અગ્યારમાં ભુવને હોય, અથવા તો સાતમાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કે કંજંગશન કરતો હોય, ફળદરૂપ રાશી પાંચ, સાત કે અગ્યારમાં ભુવનના કશપર હોય, તો જાણુવું કે લગ્ન થશે. સાતમાંનો માલેક પહેલાં ભુવને હોય તે પણ લગ્નનો જોગ જાણુવો. જો પહેલાંનો માલેક અથવા રવી (સ્ત્રી માટે), ચંદ્ર (પુરૂષ માટે) કોઇબી પાપગ્રહો જેવા કે શની, મંગળ અને હરશચલ સાથે પાપદૃષ્ટિ કરતો હોય, અને પાપગ્રહો માંહેલો કોઇ જો પાંચ, સાત કે અગ્યારમાં હોય, અને ગુરૂ શુકરની તેને શુભ દૃષ્ટિ કે મદદ નહીં હોય, તો લગ્નનો સંભવ નથી એમ જાણુવું. જો નપુશક રાશી પાંચમાં, સાતમાં અને અગ્યારમાં ભુવનોના કશપર હોય, તો લગ્ન શકમંદ જાણુવા યાને ઘણું કરીને થાય નહીં, પણ જો ગુરૂ, શુક્ર, રવી કે ચંદ્ર તે ભુવનોમાં હોય તો કાંઇક સંભવ હોય ને અચુક લગ્ન થાય, એ બાબદનો જવાબ આપવા આગમજ દરેક સીગ્નીફીકેટરોને ખુબ તપાસવાની જરૂર છે, અને તેઓની રાશી સાથની ખાસીયત, તથા પેહલાં, પાંચમાં, સાતમાં કે અગ્યારમાં ભુવનમાં જે રાશીઓ હોય, તે રાશીઓની ગુણુદોષ અને ખાસીયત જરૂર તપાસવી.

૬૩. **હાલમાં હું જેને ચાહું છ તેની સાથે મારાં લગ્ન થશે કે ?** જો પહેલાંનો માલેક સાતમાંના માલેક સાથે કંજંગશન, ૬૦° અંશ કે ૧૨૦° અંશની દૃષ્ટિ કરતો હોય અથવા તો એકમેકના રીસેપશનમાં હોય અથવા પેહલાંનો માલેક સાતમાં ભુવને હોય, અને

રવી (સ્ત્રીને) અથવા ચં (પુરૂષને) પેહલાં અથવા સાતમાંના માલેકો સાથે શુભ એસપેકટ કરતો હોય અથવા કંજંગશન કરતો હોય તો ધારેલો અને ચાહેલો ધણી કે ધણીયાણી સાથેજ લગ્ન થશે એમ જાણવું. જો પહેલાં અને સાતમાંનો માલેક એક બીજાથી છુટા પડતા હોય, ૯૦° અંશે કે ૧૮૦° અંશની પાપદૃષ્ટિ જો ચંદ્ર કે રવી સાથે કરતા હોય, અથવા બેઉ સીગ્નીફીકેટરો પાપગ્રહ સાથે હોય અથવા પાપદૃષ્ટિ કરતા હોય, રવી કે ચંદ્ર પાપગ્રહથી ડુબેલા હોય, વીગેરે એવા સર્વે જોગો કારજ તોડી નાંખનારા અને પ્યારનાં લગ્નની વીરૂધ જાણવા.

૬૪. **કારજ તુટવાનું કારણ શું?** જ્યારે સ્ત્રી પુરૂષના સીગ્નીફીકેટરો એક બીજા સાથે શુભ દૃષ્ટિ અને જોડાણમાં આવે, અને તેવે વખતે કોઇ ત્રીજો ગ્રહ તે બેઊ સીગ્નીફીકેટરોની એસપેકટની વચ્ચે ઝડપી ચાલે આવી પુગીને બે માંહેલા એકઞી સીગ્નીફીકેટર સાથે મળે, તો જાણવું કે કારજ સંધાયલું હોય, તે આ ત્રીજા ગ્રહના વચ્ચે પડવાથી તુટી જાય, અને એ ત્રીજો ગ્રહ જે ભુવનનો માલેક હોય, તે ભુવનને લગતી બાબદના કારણથી ખતરો પડે, જેમકે બીજું અથવા આંઠમું હોય તો પૈસા બાબદ, ત્રીજું અથવા નવમું હોય તો ભાઇ બેન કે પારપડોશીથી, ચોથું કે દશમું હોય તો માબાપની વીરૂધતાથી, પાંચમું ને અગ્યારમું હોય તો બચ્ચાંથી, કે કોઇ મીત્રથી, અથવા તો નીતિરીતિના કારણોથી, જો છઠું કે બારમું હોય તો માંદગીના સબબે, અથવા કાકા મામા કે છુપા દુશમનોની હરકતથી કારજ તુટી જાય, લગ્નમાં વાંધો પડે, અને એકમેકને બેવફા નીવડે.

૬૫. **લગ્ન કીએ દીવસે થશે?** બેઉના સીગ્નીફીકેટર એકમેક સાથે કંજંગશન, ૬૦° અંશ કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ કરે તે વખતે અથવા સાતમાંનો માલેક કે શુક્ર, રવી અથવા પેહલાં કે સાતમાંના સીગ્નીફીકેટરો સાથે શુભ દૃષ્ટિમાં આવે ત્યારે લગ્ન થાય, અને તે શુભ દૃષ્ટિ થવાને જેટલા અંશ બાકી હોય તેટલો લગ્ન થવાને વીલંબ જાણવો.

૬૬ **લગ્નથી સુખ મળશે કે દુઃખ?** જો પહેલાંનો માલેક ગુરૂ, શુક્ર, કે ચંદ્ર સાથે શુભ દૃષ્ટિમાં હોય, અથવા શુભ ગ્રહો સાતમાં ભુવને

શુભ દૃષ્ટિમાં અને પાપગ્રહથી નીરાળા થઇને રહેલા હોય, અથવા તો પહેલાંનો માલેક સાતમે અને સાતમાંનો માલેક પહેલે ભુવને રીસેપશનથી બેઠા હોય, તો જાણવું કે લગ્ન સુખી નીવડશે, ને જોડાંમાં સંપ ને સુખ ઘણું રેહશે. પણ જો સાતમાં ભુવને પાપગ્રહ હોય, સાતમાંનો માલેક પહેલાંના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય, અથવા તેઓ વચ્ચે કોઇ શુભ ગ્રહની દૃષ્ટિ નહીં પડતી હોય તો સુખી નીવડે નહીં, અને પુષ્કળ ગેરસમજુતી, ખટપટ ને કંકાસ રહે. જો મેષ, કર્ક, તુલા કે મકર એ રાશી પહેલાં ભુવને હોય, અથવા તો એ રાશીઓના માલેક પણ એ માંહેલી કોઇપણ રાશીમાં હોય તો જાણવું કે સંસાર સુખી નીવડશે નહીં. જો સાતમાં ભુવનેથી પેહલાંના માલેકને કોઇબી ગ્રહ પાપદૃષ્ટિ કરતો હોય તો કજ્યો સ્ત્રી કે ધણી તરફથી શરૂ થાય. મરદ સવાળ કરનાર હોય તો તેની સ્ત્રી તરફથી, ને સવાળ કરનાર સ્ત્રી હોય તો તેના મરદ તરફથી કજ્યો શરૂ થવાનું કારણ જાણવું. જો પાપગ્રહો પેહલાં ભુવનમાં હોય તો, સવાળ કરનારનો પોતાનોજ વાંક જાણવો, તેથી પોતેજ કજ્યાનું મુળ હોવું જોઇએ. જો દશમાં કે ચોથાં ભુવનેથી પાપગ્રહો પાપદૃષ્ટિ નાંખતા હોય તો, અથવા ચોથાં કે દશમાં ભુવનોના માલેકો કોઇ બીજાં ભુવનોથી પાપદૃષ્ટિ કરતા હોય તો, જાણવું કે માબાપ તરફથી ચાલુ કજ્યો કંકાસ થયાજ કરવાનો, જો છઠ્ઠેથી હોય તો નોકર ચાકરો અને હલકા માણસોથી, જો પાંચમે કે અગ્યારમે ભુવનથી પાપગ્રહો દૃષ્ટિ કરતા હોય તો નિતિની બાબદ, વ્યભીચારીનું કારણ જાણવું. જો હરશચલ ગ્રહ હોય તો અદેખાઇ, અને બેમાંથી એક જણ બેવફા થઇ આડો વેહવાર કરે. જો રવી અને ચંદ્ર હરશચલ, શની કે મંગળની પાપદૃષ્ટિમાં આવેલા હોય તો માટીબૈયેરને અણબનાવ હમેશાં ચાલુ રહે.

૬૭. **મારા સગામાં લગ્ન થશે કે?** જો સાતમાંનો માલેક કેડન્ટ હોય, ત્રીજે હોય અથવા નવમે તો, પરમુળકના અને અંજાણ્યા માણુસ સાથે લગ્ન થશે, જો સાતમાંનો માલેક પેહલે અથવા સાતમે હોય તો પોતાની ઓળખાણના માણુસ સાથે લગન થાય. જો સાતમાંનો માલેક કેન્દ્ર સ્થાને હોય તો ઓળખપીછાણ ઘણી હોય, જો શકરી-

દૃષ્ટ ભુવનોમાં હોય તો ઓળખાણ નહીં હોય પણ તે માણસને અવારનવાર જોયલો હોય, બોલચાલનો વેહવાર નહીં હોય એમ જાણવું.

૬૮. **લગ્નથી ફાયદા થશે કે?** ગુરૂ, શુક્ર જો આંઠમે હોય અથવા આંઠમાંનો માલેક બળવાન હોય અને બીજાંના માલેક સાથે શુભ દૃષ્ઠિ કરતો હોય તો લગનથી ફાયદો થાય. જો આંઠમાંનો માલેક બળહીન હોય તો કંઇ ફાયદો નહીં.

૬૯. **એકથી વધુ સ્ત્રીનો જોગ છે કે?** જો પેહલાંનો માલેક મિથુન, ધન કે મીન રાશીમાં હોય તો, અથવા ઘણા ગ્રહોને એકી વખતે એપલાઇ થતો હોય અથવા પાંચમે કે સાતમે ઉપલી રાશીઓ હોય, તો એકથી વધુ સ્ત્રી કરવાનો જોગ જાણવો, પણ જો પહેલાં ભુવનનો માલેક સ્થુલ રાશીમાં હોય તો, અથવા એકજ ગ્રહને એપલાઇ થતો હોય અથવા ચંદ્ર (પુરૂષને માટે) અથવા રવી (સ્ત્રીને માટે) એકજ ગ્રહને દૃષ્ટિ કરતો હોય તો જાણવું કે તમારા લગન એકજ વખત થશે, ફરીને પરણુવાનો જોગ નથી.

૭૦. **ધારેલી પ્રીયાને કોઈ બીજો લવર છે કે?** જો સાતમાંનો માલેક કંજંગશન, ૬૦° કે ૧૨૦° અંશની કોઇપણ ગ્રહ સાથે એસપેકટ, પહેલાંના માલેક સીવાય, કરતો હોય તો ધારેલી પ્રીયાનો બીજો આશક ઉમેદવાર હોવો જોઈએ. જો સાતમાં ભુવને ઘણા ગ્રહ હોય તોપણ તેમ સમજવું, અથવા રવી જો મંગળ કે હરશચલને એસપેકટ કરતો હોય, અથવા ગુરૂ સાથે કંજંગશન કરતો હોય, તો જાણવું કે બીજા ઘણા ઉમેદવાર છે. સાતમાંનો માલેક જે ગ્રહને એપલાઇ થતો હોય, તે ગ્રહથી જાણવું કે તેને લગતો પુરૂષ લગનથી જોડાશે. જેમ કે જો મંગળ હોય તો ઈજનેર, લશકરી, કંત્રાકટર વીગેરે, ગુરૂ હોય તો વેપારી, વકીલ, અથવા ધંધાદારી, જો શની હોય તો બુઢો અથવા ઉમ્મરે પુગેલો માણસ, હરશચલ હોય તો વાર્તા કે નાટક લખનાર અથવા પ્રીટર ટરનરનું કે સાંચાકામનું કામ કરનાર જાણવો. જો બુધ હોય તો, લખનાર, મેહતો, કલાર્ક, વીગેરે જાણવો, જે રાશીમાં એ ગ્રહ બેઠેલો હોય તે પ્રમાણેનો તેનો દેખાવ કે ડરેસ જાણવો. જો સાતમાંનો માલેક પહેલાં ભુવનના માલેક સાથે એસપેકટ કરતો હોય,

સાતમાં ભુવને કોઇપણ ગ્રહ નહીં હોય, રવી ઘણા ગ્રહો સાથે એસ-પેક્ટ કરતો નહીં હોય તો જાણવું કે તે સ્ત્રીને બીજા ઉમેદવાર નથી. એજ પ્રમાણે એક સ્ત્રી પ્રશ્નકારે પોતાના આશક માટે જાણવું હોય તો, એજ પ્રમાણે જોવું, પણ રવીને બદલ ચંદ્ર જોવો, જો ચંદ્રને કે સાતમાંના માલેકને પેહલાં ભુવનના માલેક સીવાય કોઇ બીજા ગ્રહો સાથે એસપેકટ થતી હોય તો જાણવું કે જરૂર બીજી પ્રીયાઓ હોવી જોઇએ. ખાસ કરીને પ્રશ્ન કુંડળીએ ચંદ્ર જો મંગળ કે હરશચલ ગ્રહ સાથે કંજંગશન, ૬૦° અંશ, કે ૧૨૦° અંશની દૃષ્ટિ કરતો હોય તો જરૂર હોવીજ જોઇએ, પણ મંગળ કે હરશચલ સાતમાંનો માલેક નહીં હોવો જોઇએ.

૭૧. સ્ત્રી પુરૂષના જોડાંમાં લાંબો વખત કોણ જીવશે? પહેલાં અને આંઠમાં ભુવનના માલેક તથા ચંદ્ર સવાળ પુછનાર શક્ષના મોત માટે જોવા, અને સાતમાં તથા બીજાંનો માલેક તે સ્ત્રી અથવા ધણીના મોત માટે જોવા. એ પ્રમાણે જોવું કે એ બેમાંથી કયા સીગનીફીકેટરને લગતા ગ્રહ બળવાન છે, વકરી નથી, તેમજ કેડન્ટ સ્થાનમાં નથી, અને ઊંચના હોય તે સીગનીફીકેટરને લગતો પુરૂષ કે સ્ત્રી ઘણો લાંબો કાળ જીવશે, વળી એ ગ્રહો છઠ્ઠાં કે આંઠમાંના માલેક સાથે પાપદૃષ્ટિ કરતા હોવા નહીં જોઇએ. જો બેઉ સીગ્નીફીકેટરો બળવાન ને શુભ હોય તો બેઉના મરણ એકબીજાના મરણની થોડો વખત આગળ કે પાછળ થાય, જો આંઠમાંનો માલેક કે ચંદ્ર પાપદૃષ્ટિમાં ફસેલા હોય તો પ્રશ્નકારને માટે માહા બુરૂં જાણવું. જો સાતમાંના માલેક સાથે એમ થતું હોય તો પ્રશ્ન કરનારની સ્ત્રી કે ખાવીંદનું મરણ પેહલે નીપજશે એમ જાણવું.

૭૨. મારો ધણી (કે સ્ત્રી) મને પાછો આવી મળશે કે? સાતમાંનો માલેક કયાં છે તે જોવો. જો વકરી હોય, પેહલાંના માલેકને એપલાઇ થતો હોય, અથવા પેહલાં ભુવને હોય અથવા ચંદ્ર પેહલાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કરવા જતો હોય, કોઈ ગ્રહની શુભ દૃષ્ટિ ત્રાન્સલેટ થતી હોય, તો જાણવું કે પાછો આવશે. જો સાતમાંનો માલેક જલીત હોય, પાપગ્રહોની વચ્ચે પડેલો હોય, અને પાપગ્રહોની

પાપદૃષ્ટિમાં હોય તો, તેની મરજી વીરૂધ તેને શોધી કાઢવામાં આવશે, એમ જાણવું. જો સાતમાંનો માલેક કેડન્ટ, ઝડપી ચાલનો અને પાપદૃષ્ટિથી નીરાળો હોય તો કદી પાછો આવશે નહીં, સાતમાંનો માલેક જો ગુરૂ કે શુક્ર સાથે શુભ દૃષ્ટિમાં હોય તો અથવા પાપગ્રહોના સમાગમથી મોકળો થતો હોય તો તેનો પત્તો લાગશે નહીં. સ્ત્રીને પણ એજ પ્રમાણે જોવું. જતા રેહવાની જગા અને હાલત સાતમાંના માલેકનાં પોઝીશનપરથી માલમ પડશે. કેટલો દુર ગયલો છે તે જાણવા માટે ૪૧ નંબરના ફકરામાં છોકરા ભુલા પડવા માટે લખેલું છે, તે પ્રમાણે જોવું.

૭૩. **ધણી કે સ્ત્રીના રૂપ ગુણદોષ કેમ જોવા?** સાતમાં ભુવનને તપાસવું, જો તેમાં જે ગ્રહ બેઠો હોય તે કેઇ રાશીનો છે, તે રાશી સાથે તે ગ્રહની ખાસીયત પ્રમાણેનો સ્ત્રી કે પુરૂષ જાણવો, જો તે ભુવનમાં કોઇપણ ગ્રહ બેઠો નહીં હોય તો સાતમાં ભુવનની રાશીનો માલેક જે રાશીમાં બેઠો હોય તેના જેવો જાણવો.

ચોરી અને ચોરને લગતી બાબદો.

દરેક ચોરીને લગતા સવાળમાં પહેલું ભુવન તે સવાળ કરનાર બીજું ભુવન અને બીજાનો માલેક તે ચોરાયલી ચીજ, ચોથું ભુવન અને ચોથાંનો માલેક તે ચોરાયલી ચીજ તે વખતે હોય તે જગ્યા, અને સાતમું ભુવન તથા સાતમાંનો માલેક, અથવા સાતમાં ભુવનની નજદીકનો ગ્રહ અથવા કેન્દ્ર સ્થાનમાં આવેલો ગ્રહ અથવા બીજાં ભુવનમાં આવેલો ગ્રહ તે ચોરનાર આસામી અથવા ચોર જાણવો.

૭૪. **માલ ચોરાયો છે કે, કેથે ભુલમાં મુકીને વીસરી જવાયો છે અથવા ગુમાઇ ગયો છે?** જો ચંદ્ર પહેલાંનો માલેક થઇ ચોથાં ભુવને બેઠો હોય, બીજાંનો માલેક ચોથાં ભુવને હોય, તો જાણવું માલ છુપાવેલો છે. જો ચંદ્ર બીજાં ભુવને હોય, અને સાતમાંના માલેક સાથે કંજંગશન કરતો હોય તો, જાણવું કે માલ કોઇ જગાએ ગુમાયલો છે. જો સાતમાંનો માલેક પહેલાં ભુવનમાં હોય અને ચંદ્રથી દીસ્પોઝ થયલો હોય, તો જાણવું કે માલ ચોરાયલો

નથી, પણ ઘરમાંજ કેઠે મુકી દેવાયલો છે. જો ચંદ્ર કે પહેલાં કે બીજાંનો માલેક સાતમાંના માલેક સાથે કંજંગશન કરતો હોય અથવા હરશચલ, મંગળ કે શની પહેલાં અથવા બીજાં ભુવનમાં હોય, અથવા પહેલાંનો માલેક **પેરીજરાઇન** હોય તો જાણવું કે માલ ચોરાયલો છે.

૭૫. **ચોર કોણ છે?** જો સાતમાંનો માલેક ૧, ૪, ૫, ૬, ૭ અથવા ૧૦ માં ભુવને હોય તો જાણવું કે ચોરનાર માણસ ઘરમાંનોજ છે, અથવા જો પહેલાં અને સાતમાંના માલેક એકજ ભુવનમાં એઉ સાથે હોય તોપણ જાણવું કે ઘરમાંનોજ માણસ છે. જો સાતમાંનો માલેક પહેલાં ભુવનમાં હોય તો સવાળ કરનાર ધણીજ પોતે ચોર છે એમ જાણવું. બીજાં ભુવને હોય તો પ્રશ્ન કરનારની સ્ત્રી, અથવા માસુક, યાતો ઘરની નોકરાણી. ત્રીજાંમાં હોય તો બાઇ બેન, પારપડોશી કે પીત્રાઇ. ચોથાંમાં કોઇ બુઢો માણસ અથવા બાપ. પાંચમાંમાં હોય તો જુવાન શખ્સ, અથવા બચ્ચું, કાસદયો. છઠાંમાં ભાડુત, ચાકર નોકર. સાતમે હોય તો પોતાની સ્ત્રી, અથવા માસુક, અથવા ભાગ્યો, અથવા કોઇ ઘેરમાં આવેલો માણસ, અથવા જેની સાથે લેવડદેવડ હોય તે. આંઠમે હોય તો, નોકર કે જે કોઇ કોઈ વખ્ત ઘેરમાં આવતો હોય. નવમે હોય તો, પારકો માણસ, ધર્મગુરૂ કે બ્રાહ્મણ અથવા તો સ્ત્રી તરફનું કોઈ સગું વ્હાલું જાણવું. જો દશમાં ભુવનમાં હોય તો જાણવું જે કોઇ મોટો માણસ, શેઠ વીગેરે. અગ્યારમાં ભુવનમાં હોય તો મીત્ર, અથવા કોઇ માણસ કે જેને કોઇ વખતે તમારૂં કામકાજ કર્યું હોય તેવો શખ્સ. બારમાંમાં હોય તો જાણવું કે કોઇ લુચ્ચો લફંગો, કેદખાને જઇ આવેલો શખ્સ હોવો જોઇયે. જો સાતમાંનો માલેક આંઠ, નવ કે બારમાં ભુવને હોય તો જાણવું કે ઘણું કરીને કોઇ પારકો માણસજ હોવો જોઇયે.

૭૬. **ચોર કેવો છે?** જોવું કે સાતમાંનો માલેક યાને ચોરનો સીગ્નીફીકેટર કઇ રાશીમાં છે, પછી ભાગ પહેલામાં દર્શાવેલા રાશી અને ગ્રહના ગુણદોષ પ્રમાણેની તેની ખાસીયતો ને રૂપ જાણવું.

૭૭. **એક કરતાં વધુ ચોરો છે કે?** જો કેન્દ્ર ભુવનોમાં સ્થુલ રાશીઓ હોય, અને જો ચોરને લગતો સીગ્નીફીકેટર સ્થુલ રાશીમાં

હોય, અને બીજાં ભુવનમાં કોઇપણુ ગ્રહ સાથે દૃષ્ટિમાં જોડાયલો નહીં હોય, તો જાણુવું કે ચોર એકજ છે, પણુ જો ચંદ્ર અથવા ચોરનો સીગ્નીફીકેટર મિથુંન, ધન, કે મીન રાશીમાં હોય, અને ઘણા ગ્રહોથી ઘેરાયલો હોય તો તે વખતે ચોરની સંખ્યા વધુ હોવી જોઇયે.

૭૮. **ચોરી કરનાર પુરૂષ છે કે સ્ત્રી?** હરશચલ, શની, ગુરૂ, મંગળ, રવી અથવા બુધ પુરૂષ દેખાડે છે; ચંદ્ર અને શુક્ર સ્ત્રી સમજવાં. ♅ અને ♄ ૫૦ વર્ષ જેટલી ઉમરના સમજવા, ગુરૂ અને મંગળ ૪૦ થી ૫૦ ની ઉમર સમજવી, રવી ૨૫ થી ૪૦, બુધ જુવાન માણુસ, વખતે ૨૦ની અંદર અને ચંદ્ર પરણેલી ને અઘોર ઉમરની સ્ત્રી દેખાડે છે, જ્યારે શુક્ર કુમારી અને જુવાન સ્ત્રી સમજવી. કેટલાક વિધ્વાનોના મત છે કે ચંદ્રની ઉમરપરથી ચોરની વીગેરે ઉમર આંકી શકાય છે. જેમકે ચાંદરાતનો ચંદ્ર હોય તો બાળક સમજવું, બીજાં અઠવાડયાંનો હોય તો ૨૦ થી ૩૦ની ઊમર અને એવી રીતે, પણુ ખરૂં મત તેમ નથી, કારણુકે જો એવી ગણુત્રી કર્યે તો ચાંદરાત પછીના પહેલાં અઠવાડયાંમાં જે ચોરીઓ થાય તે બધી બાળકોએજ કીધી એવું ઠરે, વળી ખાસ અભ્યાસીએ ધ્યાનમાં રાખવું કે ઉપર આપેલી ગ્રહની ઊમરોપર પણુ ઘણો ભરૂસો નહીં રાખવો, કારણુકે તે ગ્રહો જેવી જેવી દૃષ્ટિઓ અને એસપેકટોમાં આવેલા હોય તે પ્રમાણે ઉમરમાં ફેરફાર થાય છે.

૭૯. **ચોર કેઈ દીશામાં ગયો?** તે માટે ચોરનો સીગ્નીફીકેટર જે ભુવનમાં હોય તે ભુવનને લગતી દીશા વીગેરે કોષ્ટક પ્રમાણે જોવું અને તે ઉપરાંત જાણુવું કે જો કેન્દ્ર સ્થાનમાં હોય તો ઘેરની નજદીકમાંજ છે, ને કેઠે દુર નાઠો નથી. જો ૨, ૫, ૮, ૧૧માં હોય તો જાણુવું કે થોડે દુર ગયો છે, પણુ જો કેડન્ટ ભુવનોમાં હોય તો જાણુવું કે ઘણો દુર નાઠો છે. ચંદ્ર પણુ જો ઉપર પ્રમાણેના ભુવનોમાં હોય તો તેબી તેમજ સમજવું. જો સીગ્નીફીકેટર એક રાશી કે ભુવનમાંથી તે વખતે બીજી રાશી કે ભુવનમાં જતો હોય તો જાણુવું કે તે તુરત પોતાની જગ્યા બદલી બીજે રસ્તે જશે, જો ચોરનો સીગ્નીફીકેટર શુક્રની સાથે પાપદૃષ્ટિમાં હોય તો જાણુવું કે તે માણુસ દારૂ

પીવામાં પોતાનો વખત કાઢે છે. જો પાણીની રાશીમાં હોય તોજ એમ જાણવું.

૮૦. **ચોર પકડાશે કે?** જો સાતમાંનો માલેક કે આંઠમાંનો માલેક પહેલાં ભુવને હોય, અથવા પહેલાંના માલેક સાથે કંજંગશન કરતો હોય, ચંદ્ર ઉદયનો હોય અને પહેલાંના માલેક સાથે ત્રાયન યાને ૧૨૦° અંશની દૃષ્ટિ કરતો હોય, અથવા ચંદ્ર સાતમાં ભુવનેથી રવી, મંગળ કે બુધ સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરતો હોય, અથવા તો ગ્રહોથી છુટો થઇને રવીને જઇ મળતો હોય તો, અથવા સાતમાંનો માલેક જલીત હોય, અથવા ચંદ્ર અને સાતમાંનો માલેક બેઉ કોઈ પાપગ્રહની દૃષ્ટિમાં આવ્યા હોય તો, તે ચોર પકડાશે એમ જાણવું. પણ જો સાતમાંનો માલેક કેદન્ત હોય, ઝડપી ચાલનો હોય અથવા ગુરૂ, શુક્ર કે ચંદ્ર સાથે શુભ દૃષ્ટિમાં હોય, ચર રાશીમાં હોય તો ચોર પકડાશે નહીં. વળી જોવું કે સાતમાંનો માલેક કયા ભુવનમાં છે, જો બારમાંમાં હોય તો ચાકરોની મદદથી અને અગ્યારમાં હોય તો ચોરના પોતાનાં મીત્રોની મદદથી નહાસી જઇ શકશે. ત્રીજામાં હોય તો કોઇ પારકાની મદદથી, દશમાંમાં હોય તો પોતાની મહેનતથી નહાસી જાય, ચોથાંમાં હોય તો જાહેર રીતે નજર સામે ચાલ્યો જાય, જો નવમે હોય તો પોતાના ભાઇબંધ મારફતે નાસે.

૮૧. **માલ મતા ચોર પાસે હજી છે કે?** જો ચોરનો સીગ્નીફીકેટર યાને સાતમાં ભુવનનો માલેક કોઇ શુભ ગ્રહની જગ્યાએ બેઠો હોય, તથા બીજા કોઈ શુભ ગ્રહ સાથે શુભ દૃષ્ટિ કરતો હોય, તો જાણવું કે તેની પાસે ચોરેલો માલ હજી છે, પણ તે સીવાય જો ઉપલો જોગ નહીં બને તો જાણવું કે વેચી નાંખી કે આપી દીધેલી હોવી જોઇયે.

૮૨. **ચોરેલો માલ પાછો મળશે કે?** જો આંઠમાં ભુવનનો માલેક લગને હોય, અથવા પહેલાં કે સાતમાંનો માલેક આંઠમાં ભુવનમાં હોય, તો જાણવું કે મળશે. જો રવી અથવા ચંદ્રની શુભ દૃષ્ટિ પહેલાં ભુવન સાથ હોય તો જાણવું કે મળશે. જો બીજાં ભુવનનો માલેક પહેલાં ભુવને હોય, અથવા પહેલાંનો માલેક બીજે ભુવને હોય

અથવા પહેલાંનો માલેક સાતમે કે આંઠમે હોય, અથવા બીજાંનો માલેક ચોથે કે અગ્યારમે હોય, રવી ચંદ્ર બેઉ દશમાં ભુવને હોય, તો અચબુચ તે ચીજ આવી મળે. પણ જો સાતમાંનો માલેક જલીત હોય, વક્રી હોય, પણ જો પહેલાં કે બીજાં ભુવનનાં માલેકને એપ્લાઈ થતો હોય તો, તે ચોરનાર શખ્સ પોતેજ પાછી લાવશે, એમ જાણવું. જો ચંદ્ર, ગુરૂ કે શુક્ર બીજે હોય તો તેઓ સારા જાણવા, પણ જો પાપગ્રહ નીંચના થઇને બીજે ભુવને બેઠા હોય, બીજાંનો માલેક જો આંઠમાંને પાપદૃષ્ટિ કરતો હોય, અથવા તો આઠમાંનો માલેક બીજાંના માલેક સાથે પાપદૃષ્ટિમાં હોય, સાતમાં ને આઠમાંના માલેકો એક બીજા સાથે કંજંગશનમાં હોય, રવી ચંદ્ર એક બીજા સાથે દૃષ્ટિ કરતા નહીં હોય, તથા સાતમાંનો માલેક ચંદ્રને પાપદૃષ્ટિ કરતો હોય, અથવા સાતમાંનો માલેક ઊંચનો અને પોતાના ઘરનો બળવાન હોય તો જાણવું કે ઉપલા એ જોગોથી તે ચીજ પાછી મળવાનો સંભવ નથી. જો ઉપલા સંજોગો માંહેલા સારા તેમજ માઠા બેઉ સંજોગો હોય તો, તે બેઉમાં જે વધારે સંખ્યામાં હોય તેને લગતું મત આપવું.

૮૩. **ચોર તથા ચોરીનાં માલના રૂપરંગ વિષે?** ચોરીના માલ માટે જાણવું કે બીજાં ભુવનનો માલેક તે સર્વે ખુલાસો આપશે, તેમજ ગુમાયલી ચીજને લગતી બાબદવાળા પ્રકરામાં લખવા પ્રમાણે જોઈ લેવું. ચોરનું રંગરૂપ સ્વરૂપ અને કપડાંનો રંગ વીગેરે સાતમાંનો માલેક જે રાશીમાં હોય તે ઉપરથી જોઇ લેવું, અને તે રાશીનો જે રંગ હોય તેવાં કપડાં તેને પ્હેરેલાં જાણવાં.

આંઠમાં ભુવનને લગતા સવાળો.

૮૪. **હાલમાં કુટુંબમાં કોઇનું મરણ નીપજવાનો સંભવ છે કે?** જો પ્રશ્ન કુંડળીમાં આઠમાં ભુવનમાં જો હરશચલ, મંગળ, શની, એવા પાપગ્રહ બેઠા હોય, તો જાણવું કે તેવો માઠો બનાવ બનવાનો સંભવ છે. જો ત્રીજાં, ચોથાં, આંઠમાં કે દશમાંના માલેકો પાપદૃષ્ટિથી ઘણા ઘેરાયલા હોય તોણી મરણ થવાનો સંભવ છે, જો ઉપલા જોગ નહીં હોય તો જાણવું કે માઠો બનાવ બનવાનો યાને મરણ નીપજવાનો સંભવ નથી.

૮૫. **કુટુંબમાં હાલમાં પહેલું કોણ મરશે ?** જો ઘણા સ્નેહી સંબંધી કે ઓળખાણના એકી વખતે પુષ્કળ ઘરમાં બીમાર હોય, તેવે વખતે પ્રશ્ન કર્યો હોય તો પ્રશ્ન કુંડળીનાં ૧, ૩, ૪, ૫, ૭, ૧૦માં ભુવનોના માલેકોને તપાસવા. તેમાંથી જે ભુવનનો માલેક પાપગ્રહની ઘણીજ પાપદૃષ્ટિમાં ફસેલો હોય, તે ભુવનને લગતા સગાનું મરણ પેહલે નીપજશે એમ જાણવું. જેમકે ત્રીજાંનો માલેક હોય તો ભાઇ, ચોથાંનો હોય તો બાપ, પાંચમાંનો હોય તો છોકરૂં, સાતમાંનો હોય તો સ્ત્રી, પહેલું ભુવન હોય તો પોતે એમ જાણવું.

૮૬. **કોઇ તરફથી ફાળો હીસ્સો મળશે કે ?** જો આંઠમાંનો માલેક બળવાન હોય, અને બીજાં ભુવનના માલેક સાથે શુભદૃષ્ટિમાં હોય, આંઠમાંનો માલેક આંઠમાં ભુવનમાં હોય, ગુરૂ અથવા શુક્ર આંઠમાં ભુવને બળવાન હોય, અને બીજાં ભુવનના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, ગુરૂ આંઠમે બળવાન હોય, અને શની કે હરશચલ સાથે ૬૦° અથવા ૧૨૦° અંશની શુભદૃષ્ટિ કરતો હોય તો ફાળો મળશે એમ જાણવું. પણ જો શની, હરશચલ, મંગળ આઠમાં ભુવને બળહીન થઇને પડયા હોય, અથવા આઠમાંનો માલેક બળહીન હોય, અથવા બીજાંના માલેક સાથે પાપદૃષ્ટિ કરતો હોય, જો આંઠમાંને બીજાંના માલેક એક બાજાના રીસેપશનમાં નહીં હોય, તો જાણવું કે ફાળો હીસ્સો કંઇબી મળશે નહીં.

૮૭. **મારી સ્ત્રી કે મારા ધણી તરફથી કાંઇ પૈસો મળશે કે?** જો આંઠમાંનો માલેક બળહીન નહીં હોય, અથવા હરશચલ, શની કે મંગળની પાપદૃષ્ટિથી માહાત થયલો નહીં હોય, ગુરૂ કે શુક્ર આંઠમાં ભુવનના કશપર હોય, અથવા આંઠમાં ને બીજાંનો માલેક એકબીજાના રીસેપશનમાં હોય, અથવા શુભ દૃષ્ટિમાં હોય, અથવા આંઠમાંને બીજાં ભુવનના માલેકોને રવી ચંદ્ર પોતાની લાઇટ ત્રાન્સલેટ કરતા હોય તો, જરૂર પૈસો મળશે. પણ જો પહેલાં અથવા બીજાંનો માલેક આંઠમાં ભુવનના માલેકની પાપદૃષ્ટિમાં હોય, અથવા આઠમાંનો માલેક બળહીન, વકરી કે હારેલો હોય તો કાંઇ મળે નહીં ને જો મળે તો નહીં જેવું જાણવું.

૮૮. **સ્ત્રી પૈસાવાળી મળશે કે?** જો ગુરૂ કે **શુક્ર** આઠમાં ભુવને હોય, અને આઠમાંનો માલેક બળવાન થઇને શુભ ભુવને બેઠો હોય, તો સ્ત્રી પૈસાવાળી મળશે, પણ જો આઠમાંનો માલેક વકરી, બળહીન હોય તો મળશે નહીં, વળી જો કોઈ પાપગ્રહ સાથે આઠમાંનો માલેક સ્કવેર કે ઓપોઝોશનમાં હોય તો, સ્ત્રીને વસીયત કે વીલમાંથી કોઈ રદબાતલ કરે એવો સંભવ જાણવો. એજ પ્રમાણે સ્ત્રી તેમજ પુરૂષ કોઇને માટે પણ જાણવું.

નવમાં ભુવનને લગતા સવાળો.

૮૯. **દરીયાની લાંબી મુસાફરી નસીબમાં છે કે?** જો નવમાંનો માલેક બળવાન હોય અને શુભ દ્રષ્ટિમાં આવેલો હોય, અને લગ્નનો માલેક પાપદ્રષ્ટિથી નીરાળો હોય, નવમે કોઇ પાપગ્રહ નહીં હોય, તો મુસાફરી થશે ને ઘણી ફતેહમંદ નીવડશે. જો દશમાંમાં શુભ ગ્રહ હોય તો, મુસાફરીથી ફતેહ ને લાભ થશે. જો સાતમાંમાં હશે તો જ્યાં જશે ત્યાં સારો આદર સતકાર ને માન મળશે. પણ જો ♅, ♄ કે ☋ નવમાં ભુવનમાં હોય, નવમાંનો માલેક પાપદ્રષ્ટિથી બળહીન થયો હોય અથવા વકરી હોય તો ફતેહ મળશે નહીં, અને જે કામ સારૂ ગયા હોય તે નીષ્ફળ નીવડશે. આઠમે પાપગ્રહ હોય તો તે પણ નીષ્ફળતા આપે. અને જો દશમાં ભુવને પાપગ્રહ હોય અથવા દશમાંનો માલેક પાપદ્રષ્ટિમાં હોય તો ફતેહ નહીં મળે પણ હાડમારી અને નુકસાની બલકે બેઇજતી પણ થાય.

૯૦. **મુસાફરીથી લાભ થશે કે, પોતાના દેશથી લાભ થશે?** જો નવમું ભુવન તેમજ તેનો માલેક બેઉ બળવાન હોય, અને પાપદ્રષ્ટિથી નીરાળાં હોય, અને પહેલાં તથા બીજાં ભુવનના માલેક સાથે શુભ દ્રષ્ટિમાં હોય, રીસેપશનમાં હોય, અથવા એક બીજાથી ડીસ્પોઝ થયલા હોય, ચંદ્ર કેન્દ્ર સ્થાને હોય અને પાપદ્રષ્ટિથી નીરાળો હોય તો જરૂર પરદેશમાં લાભ મળશે. પણ જો ચોથાંનો માલેક બળવાન હોય અને નવમાંના માલેક કરતાં શુભ જગ્યાએ બેઠેલો હોય તો તે સવાળ કરનાર પરદેશ જવા કરતાં પોતાનાંજ દેશમાં ઘણો ફાયદો મેળવે એમ નક્કી જાણવું.

૯૧. **ખુવાબની તાસીર શું છે?** જો હરશચલ ગ્રહ નવમાં ભુવનનાં કશપર પ્રશ્નકાળે આવે તો ખુવાબ ઘણો ચીત્ર વિચીત્ર અને અસાધારણ જાણવો. જો શની આવે તો બીહીવડાવનારો અને ભયંકર જાણવો. જો મંગળ આવે તો લડાઇ, ટંટો ફેસાદ, વીગેરેને લગતો જાણવો. હવે જો નવમાંનો માલેક, પહેલાં ભુવનના માલેકને, એ કુંડળીમાં પાપદૃષ્ટિ કરતો હોય તો, જાણવું કે સવાળ કરનારની તબીયત, શરીર કે લાભને નુકસાન કરતો છે. જો બીજાં ભુવનના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય તો પૈસાની ખોટ જશે. જો પાંચમાંના માલેક સાથે પાપદૃષ્ટિ હશે તો ફરઝંદ બાબદ નુકસાન પુગશે, અને એવી રીતે જે ભુવનના માલેક સાથે પાપદૃષ્ટિ કરતા હોય, તે તે ભુવનને લગતી બાબદ પ્રમાણે વીચારી લેવું. હવે જો નવમાંનો માલેક શુભ દૃષ્ટિ કરતો હોય તો, જે ભુવનના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, તેને લગતો લાભ થશે એમ જાણવું. જો શુભ ગ્રહ નવમે બેસી પહેલાં ભુવનના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય તોપણ લાભ જાણવો.

નોંધ:—આ ખુવાબનાં સવાળ બાબદ અભ્યાસીનું ધ્યાન ખેંચવાની જરૂર છે કે, કોઇ અસાધારણ અને ગુચવણભર્યાજ ખુવાબને માટે કુંડળી કાઢવી, અને સાધારણ અજીર્ણ અને મનની અસ્થીર હાલતને લીધે ઉપજેલા ખ્યાલી ખુવાબો માટે ફાંફાં મારવા ફોકટ છે, ખુવાબ ખરો કયારે જાણવો કે તે ખુવાબની બાબદ મગજ ઊપર ઘણીજ અસર કરે, તેવો ખુવાબ અચુક કોઈ લાભ કે આફતની વીગત સત્ય દેખાડી આપે છે. માટે જરા જરામાં કુંડળી કાઢી જ્યોતીષ વિધ્યા સાથે ચેડાં કાઢવાં એ સરીયામ મુર્ખાઈ છે, કારણકે એવાં વેહજાં ઘણાક આસામીઓને હરહમેશ હરેક બાબદમાં જોશી મહારાજ પાસે દોડી જવાનો મેન્યા લાગુ પાડે છે, અને આપણા કેહવાતા સત્ય જોશી માહરાજો, તેવાં ઘરાકોને હમેશાંના પોતીકા કરી રાખવાને ચુકતા નથી, પરીણામમાં વ્હેમ, કુટુંબી કંકાસ અને નાઉમેદી તથા નામોરીજ પ્રાળે આવે છે. માટે **મારાં આ પુસ્તકનાં વાંચકોને ભલામણ** છે કે, **જો કે "હોરારી એસ્ટ્રોલોજી," યાને પ્રશ્ન કુંડળીથી જોવામાં આવતી બાબદોને લગતી વિધ્યા ઘણીજ શ્રેષ્ઠ છે, પણ જે બાબદ મન ઉપર ઘણોજ બોજો લાવી નાંખી**

ચીત્તને રોકી રાખતી હોય, તેવી બાબદ માટેજ, અને ફક્ત એકજ વખત કુંડળી કાઢવી, અને ફળ જોવું, અને જે પહેલી કુંડળી દ્રઢ મને ઉત્પન્ન થયલી ઇચ્છાના ઘડીપળની કાઢવામાં આવે, તેજ સત્ય સર્વે બીનાં દરશાવી શકે છે, તે સિવાય વારે ઘડી જ્યોતિષ માહારાજો આગળ દોડી જઇ, ગજવાંનો ભાર ઓછો કરવાનું, અને અસત્ય ફળ મેળવી મોટી આશાઓ રાખી અંતમાં નિષ્ફળ થઈ પશેમાન થવાનું સર્યાંમ નાપસંદ કરવા જોગ છે.

૯૨. વિદ્યા કે સાયન્સ શીખવાથી તેનો સંપુર્ણ લાભ મેળવી શકાશે કે? જો પહેલાં અને નવમાંનો માલેક એક બીજા સાથે કજંગશન, ૬૦°, ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ કરતા હોય અથવા ગુરૂ અથવા શુક્ર નવમે ભુવને હોય, અને બળવાન હોય, અને પહેલાંના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, જો ચંદ્ર ૬૦° અંશે નવમાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કરતો હોય, હરશચલ ૬૦° કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ ચંદ્ર કે બુધ સાથે કરતો હોય અને નવમાં ભુવને હોય તો, વિધ્યા અભ્યાસ અને સાયન્સ ઘણું શીખે તેમજ તેથી પુષ્કળ લાભ મેળવે. પણ જો નવમાંનો માલેક નબળો, વકરી કે બળહીન હોય અને પહેલાં અથવા બીજાંના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય, અથવા શની કે મંગળ નવમાંનો માલેક હોય અને અશુભ ભુવને પડયા હોય, તો વિધ્યા અભ્યાસમાં ખલલ નડે, અને હાંસલ થાય નહીં, ફત્તેહ મળે નહીં.

૯૩. કોઇ બાબદ છુપાવાથી ફાયદો થશે કે? એ માટે પણ ઊપર પ્રમાણેજ જોવું, શુભ ગ્રહો નવમે ભુવને હોય અને બુધ સાથે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ કરતા હોય, બુધ બળવાન ઊંચનો થઇને નવમાં કે દશમાં સ્થાને હોય, અને ચંદ્રની ૧૨૦° અંશની શુભ દૃષ્ટિમાં હોય તો સ્નેહ મળે, લાભ થાય. પણ જો બુધ નવમાંનો માલેક થઇ ૬, ૧૨, કે ૮ માં ભુવને પડયો હોય, અથવા ઘણી પાપદૃષ્ટિમાં ઘેરાયલો હોય, તો કંઈ લાભ મળશે નહીં. એ બાબદનો વિચાર માંડી વાળવો.

એસપેકટસો ગણવાનો સહેલ કોઠો.

રાશી.	30° સેમી-સેક્ષતાઇલ	૪૫° સેમી-સ્કવેર.	૬૦° સેક્ષતાઇલ.	૯૦° સ્કવેર.	૧૨૦° ત્રાયન.	૧૩૫° સેક્ષવી કુવોડરેટ.	૧૫૦° કવીનકયુન.	૧૮૦° ઓપોઝીશન.
મેષ	મીન — વરખ	વરખ -કુંભ —મિથુન -મીન	મિથુન — કુંભ	કર્ક — મકર	સીંહ — ધન	સીંહ -વૃશ્ચિક —કન્યા -ધન	કન્યા — વૃશ્ચિક	તુલા
વરખ	મેષ — મિથુન	મિથુન -મીન —કર્ક -મેષ	કર્ક — મીન	સીંહ — કુંભ	કન્યા — મકર	કન્યા -ધન —તુલા -મકર	તુલા — ધન	વૃશ્ચિક
મિથુન	વરખ — કર્ક	કર્ક -મેષ =સીંહ -વરખ	સીંહ — મેષ	કન્યા — મીન	તુલા — કુંભ	તુલા -મકર =વૃશ્ચિક -કુંભ	વૃશ્ચિક — મકર	ધન
કર્ક	મિથુન — સીંહ	સીંહ -વરખ =કન્યા -મિથુન	કન્યા — વરખ	તુલા — મેષ	વૃશ્ચિક — મીન	વૃશ્ચિક -કુંભ =ધન -મીન	ધન — કુંભ	મકર
સીંહ	કર્ક — કન્યા	કન્યા -મિથુન =તુલા -કર્ક	તુલા — મિથુન	વૃશ્ચિક — વરખ	ધન — મેષ	ધન -મીન =મકર મેષ	મકર મીન	કુંભ
કન્યા	સીંહ — તુલા	તુલા -કર્ક =વૃશ્ચિક -સીંહ	વૃશ્ચિક — કર્ક	ધન — મિથુન	મકર — વરખ	મકર -મેષ =કુંભ -વરખ	કુંભ — મેષ	મીન
તુલા	કન્યા — વૃશ્ચિક	વૃશ્ચિક -સીંહ =ધન -કન્યા	ધન સીંહ	મકર — કર્ક	કુંભ — મિથુન	કુંભ -વરખ =મીન -મિથુન	મીન — વરખ	મેષ
વૃશ્ચિક	તુલા — ધન	ધન -કન્યા =મકર -તુલા	મકર — કન્યા	કુંભ — સીંહ	મીન — કર્ક	મીન -મિથુન =મેષ -કર્ક	મેષ — મિથુન	વરખ
ધન	વૃશ્ચિક — મકર	મકર -તુલા =કુંભ -વૃશ્ચિક	કુંભ — તુલા	મીન — કન્યા	મેષ — સીંહ	મેષ -કર્ક =વરખ -સીંહ	વરખ — કર્ક	મિથુન
મકર	ધન — કુંભ	કુંભ -વૃશ્ચિક =મીન -ધન	મીન — વૃશ્ચિક	મેષ — તુલા	વરખ — કન્યા	વરખ -સીંહ =મિથુન -કન્યા	મિથુન - સીંહ	કર્ક
કુંભ	મકર — મીન	મીન -ધન =મેષ -મકર	મેષ — ધન	વરખ — વૃશ્ચિક	મિથુન — તુલા	મિથુન -કન્યા =કર્ક -તુલા	કર્ક — કન્યા	સીંહ
મીન	કુંભ — મેષ	મેષ -મકર —વરખ -કુંભ	વરખ — મકર	મિથુન — ધન	કર્ક — વૃશ્ચિક	કર્ક -તુલા =સીંહ -વૃશ્ચિક	સીંહ — તુલા	કન્યા

અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.	અંશ.
૧	૧	૧૬		૧	૧	૧	૧૬		૧	૧
૨	૨	૧૭		૨	૨	૨	૧૭		૨	૨
૩	૩	૧૮		૩	૩	૩	૧૮		૩	૩
૪	૪	૧૯		૪	૪	૪	૧૯		૪	૪
૫	૫	૨૦		૫	૫	૫	૨૦		૫	૫
૬	૬	૨૧		૬	૬	૬	૨૧		૬	૬
૭	૭	૨૨		૭	૭	૭	૨૨		૭	૭
૮	૮	૨૩		૮	૮	૮	૨૩		૮	૮
૯	૯	૨૪		૯	૯	૯	૨૪		૯	૯
૧૦	૧૦	૨૫		૧૦	૧૦	૧૦	૨૫		૧૦	૧૦
૧૧	૧૧	૨૬		૧૧	૧૧	૧૧	૨૬		૧૧	૧૧
૧૨	૧૨	૨૭		૧૨	૧૨	૧૨	૨૭		૧૨	૧૨
૧૩	૧૩	૨૮		૧૩	૧૩	૧૩	૨૮		૧૩	૧૩
૧૪	૧૪	૨૯		૧૪	૧૪	૧૪	૨૯		૧૪	૧૪
૧૫	૧૫	૩૦		૧૫	૧૫	૧૫	૩૦		૧૫	૧૫
૧૬	૧૬		૧	૧૬	૧૬	૧૬		૧	૧૬	૧૬
૧૭	૧૭		૨	૧૭	૧૭	૧૭		૨	૧૭	૧૭
૧૮	૧૮		૩	૧૮	૧૮	૧૮		૩	૧૮	૧૮
૧૯	૧૯		૪	૧૯	૧૯	૧૯		૪	૧૯	૧૯
૨૦	૨૦		૫	૨૦	૨૦	૨૦		૫	૨૦	૨૦
૨૧	૨૧		૬	૨૧	૨૧	૨૧		૬	૨૧	૨૧
૨૨	૨૨		૭	૨૨	૨૨	૨૨		૭	૨૨	૨૨
૨૩	૨૩		૮	૨૩	૨૩	૨૩		૮	૨૩	૨૩
૨૪	૨૪		૯	૨૪	૨૪	૨૪		૯	૨૪	૨૪
૨૫	૨૫		૧૦	૨૫	૨૫	૨૫		૧૦	૨૫	૨૫
૨૬	૨૬		૧૧	૨૬	૨૬	૨૬		૧૧	૨૬	૨૬
૨૭	૨૭		૧૨	૨૭	૨૭	૨૭		૧૨	૨૭	૨૭
૨૮	૨૮		૧૩	૨૮	૨૮	૨૮		૧૩	૨૮	૨૮
૨૯	૨૯		૧૪	૨૯	૨૯	૨૯		૧૪	૨૯	૨૯
૩૦	૩૦		૧૫	૩૦	૩૦	૩૦		૧૫	૩૦	૩૦

કોઠો જોવાની સમજણ:—સીંહ રાશી ૨૦° અંશે હોય તો તે, કર્ક ૨૦° તથા કન્યા ૨૦° સાથે સેમી-સેક્ષતાઇલ થાય. મિથુન ૨૦° તથા તુલા ૨૦° સાથે સેક્ષતાઇલ થાય. અને એજ પ્રમાણે કર્ક ૫° તથા તુલા ૫° સેમી-સ્કવેર અને મકર ૫° અથવા મેષ ૫° સાથે સેક્ષવી કવોડરેટ થાય, એ પ્રમાણે કોઠામાં જોઇ લેવું.

દશમાં ભુવનને લગતા સવાળો.

૯૪. ધંધામાં ફાયદો થશે કે? જો ચંદ્ર, પહેલાં અને દશમાંનો માલેક, એ સર્વે એક બીજાની શુભ દૃષ્ટિમાં હોય, અને રવી ચંદ્ર શુભ ગ્રહો સાથે હોય, ગુરૂ, રવી, ચંદ્ર, શુક્ર દશમાં ભુવને હોય અને પાપ-દૃષ્ટિથી નીરાળા હોય, અને પહેલાં કે બીજાંના માલેક સાથે શુભ એસપેકટમાં હોય, તો જરૂર ફત્તેહ મળશે એમ જાણવું. પણ જો ઘણા ગ્રહો કેડન્ટ હોય, શુભ ગ્રહો પણ કેડન્ટ હોય, અને પાપગ્રહો કેન્દ્ર સ્થાને હોય, અને જો ખાસ કરીને પાપગ્રહ બીજે કે દશમાં ભુવને હોય તો બીલકુલ લાભ થાય નહીં.

નોંધ:—આ બાબદમાં કોઇપણ ભુવનપર ઘણો આધાર રાખવો નહીં, ફકત દશમું ભુવન ને તેનો માલેક જો બળવાન હોય તો ફત્તેહ મળશે, અથવા ગુરૂ, રવી, અને ચંદ્ર જો એક બીજા સાથે શુભ દૃષ્ટિમાં હશે તો કોઇબી રીતે ફત્તેહ મળશે. ગુરૂ, રવી કે ચંદ્ર કેન્દ્ર સ્થાને હશે તોપણ ફત્તેહ મળશે. પાપગ્રહ જો બળવાન થઇ શુભ સ્થાને બેઠેલો હોય તો નાસીપાસી મળશે.

૯૫. મારે કેવો ધંધો કરવો લાભકારી છે? જો દશમાંનો માલેક અથવા કોઇ ગ્રહ દશમાં ભુવને મેષ રાશીમાં હોય તો, ઢોરોનો વેપાર, ઘોડાવાળો, જાનવરનો ડાકટર, સુથાર, ગાડી બનાવનાર, એવા ધંધાઓથી લાભ થાય. જો **વરખમાં** હોય તો ખેડુતનો ધંધો, બાગબાની, અનાજ વેચનાર, એમાં લાભ થાય. જો **મિથુનમાં** હોય તો લખનારો, મહેતો, પેન્ટર, સરવેયર, સ્કુલ માસ્તર, વીગેરે ધંધામાં ફાયદો થાય. જો **કર્કમાં** હોય તો ખલાસી, દારૂના પીઠાંવાળો, દારૂનો ધંધો વીગેરે પ્રવાહીના ધંધામાં ફાયદો થાય. જો **સિંહ** રાશીમાં હોય તો, જોશી, સોની, ઘડીયાળી, શીકારી, વીગેરે. જો **કન્યા** રાશીમાં હોય તો, સેક્રેટરી, સ્ટેશનર, છાપખાનાવાળો વીગેરે અથવા તો એકાઉન્ટંટ થાય. જો **તુલા** રાશીમાં હોય તો ગાણુનો, નાટકી, સુતરાઉ કાપડનો વેપાર, દરજી, રેશમી કાપડનો વેપાર, વીગેરે ફેનસી સામનનો વેપાર હોય. જો **વૃશ્ચિકમાં** હોય તો, સરજ્યન, કમ્પાઉન્ડર, ગાંધી, ફાઉન્ડરીવાળો, દારૂની ભઠ્ઠીવાળો, બબરચી વીગેરે. જો **ધન** રાશીમાં હોય તો ઢોરનો

વેપારી, ધર્મગુરૂ, સ્પોર્ટસમેન, ઘોડાનો ડાકટર, વીગેરે. જો **મકર** રાશીમાં હોય તો ગાંધી, ચેંડલર, ખેડુત, ઊનનો વેપાર, સીસું, અનાજ વીગેરેનો વેપાર સારો થાય. જો **કુંભ** રાશીમાં હોય તો, સુથાર, પેન્ટર, સકલ્પચર, અથવા વેપાર. જો **મીન** રાશીમાં હોય તો, દારૂની ભઠ્ઠીનો, માછલીનો, મશકેરાનો, ગાયણનો, પોંચખાનાનો, અથવા દારૂ તાડીના પીઠાંનો ધંધો જાણવો. એ પ્રમાણે વીચાર પુગાડીને કહેવું.

૯૬. નોકરી મળશે કે, પગાર વધશે કે વીગેરે ? જો પહેલાંનો માલેક દશમાં ભુવને હોય, ૬૦° કે ૧૨૦° અંશની શુભ દૃષ્ઠિમાં એક બીજા સાથે હોય. રવી જો પહેલાંના માલેક સાથે ૬૦° કે ૧૨૦° અંશની શુભ દૃષ્ઠિ કરતો હોય, ચંદ્ર કે રવી દશમાંનો માલેક હોય, ચંદ્ર જો દશમાંના માલેકથી છુટો પડી પહેલાંના માલેકને જઈ મળતો હોય, પહેલાંનો માલેક દશમાંના માલેકને ડીસ્પોઝ કરતો હોય, પહેલાંનો માલેક કેન્દ્ર સ્થાને બળવાન હોય, અને રવી, ચંદ્ર, કે ગુરૂ સાથે શુભ દૃષ્ઠિ કરતો હોય, પહેલાંનો માલેક દશમાં ભુવનમાં કોઇ શુભ ગ્રહને, પહેલે શુભ દૃષ્ટિ કરતો હોય તો જાણવું કે નોકરી મળશે, અથવા પગાર વધશે. પણ જો દશમાંનો માલેક રવી, ચંદ્ર, પહેલાં કે બીજાના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય, અથવા પહેલાંનો માલેક બળહીન અને પાપદૃષ્ઠિમાં હોય, અથવા દશમાંનો માલેક સાતમાંના માલેક સાથ શુભ દૃષ્ટિ કરતો હોય તો જાણવું કે નાસીપાસી મળશે, નોકરી મળશે નહીં. જો શની કેન્દ્ર સ્થાને હોય અને ચંદ્ર કે પહેલાંના માલેકને પાપદૃષ્ઠિ કરતો હોય તો નોકરી નહીં મળે, અને પગાર પણ વધે નહીં.

૯૭. નોકરી ટકી રહેશે કે છોડવી પડશે ? જો પહેલાં અને દશમાંના માલેકો શુભ દૃષ્ઠિમાં હોય, વરખ, સીંહ, વૃશ્ચિક, કે કુંભ અથવા મિથુંન, કન્યા, ધન કે મીન એ રાશીઓ કેન્દ્ર સ્થાને હોય, અથવા ગુરૂ, શુક્ર કે રવી, પહેલાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કરતા હોય, અને પાપગ્રહની દૃષ્ઠિમાં નહીં હોય, અથવા પહેલાં અને દશમાંના માલેકો રીસેપશનમાં હોય, તો નોકરી ઘણો લાંબો વખત કરશે, એમ જાણવું. જો દશમાંનો માલેક અથવા ચંદ્ર કોઇ કેન્દ્ર સ્થાનમાં બીજા ગ્રહથી ડીસ્પોઝ થયો હોય, (સીવાય ચોથાં ભુવન) અને તે ગ્રહ ધીમી ચાલનો કે વકરી હોય, અથવા થાય તે વખતે નોકરી જશે, અથવા

તો તેવો ગ્રહ જ્યારે એક રાશી છોડી બીજી રાશીમાં અથવા એક ભુવનથી બીજાં ભુવને જાય, અથવા તો દશમાંનો માલેક જ્યારે પોતાની રાશી બદલે તે વખતે નોકરી છોડશે એમ જાણવું.

૯૮. **નોકરી છોડવાથી લાભ થશે કે?** જો દશમાંનો માલેક અને પહેલાંનો માલેક એક બીજાના રીસેપશનમાં હોય, બળવાન હોય, શુભ દૃષ્ટિમાં હોય, કેન્દ્ર સ્થાનમાં હોય, પાપગ્રહોથી નીરાળા હોય, તો નોકરી કદી છોડવી નહીં. પણ જો દશમાંનો માલેક નીર્બળ હોય, કેડન્ટ હોય અને પહેલે રવી ને કંજંગશન ૬૦° કે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ માટે એપલાઈ થતો હોય અથવા તો રવી જો કોઇ શુભ ગ્રહને કંજંગશન કરતો હોય તો નોકરી છોડવાથી લાભ થાય, ને બીજી સારી નોકરી ને સારો શેઠ મળે.

૯૯. **નોકરી છોડવાનું કારણ શું?** જો પ્રશ્નકાળે પહેલાંનો માલેક જલીત હોય અથવા પાપગ્રહની વચ્ચે ઘેરાયલો હોય તો જાણવું કે તમોએ તમારા શેઠને નારાજ કર્યા છે. જો પહેલાંનો માલેક કોઇ ગ્રહની પાપદૃષ્ટિમાં આવ્યો હોય, અને તે ગ્રહ દશમાં સ્થાને હોય, અથવા તે ગ્રહ રવી સાથે અથવા દશમાંના માલેક સાથે શુભ સંબંધમાં હોય, તો જાણવું કે તે ગ્રહની રાશી તથા ભુવનને લગતી બાબદ અથવા માણસથી તમુને તમારી નોકરી છોડવાની ફરજ પડશે, જેમકે જો તે ગ્રહ બીજાંનો માલેક હોય તો પૈસા અથવા નાણા સંબંધી બાબદ માટે, ત્રીજાંનો માલેક હોય તો કાગળપત્ર અથવા કંઇ અફવા અથવા તો ભાઇબંધ કામદારની અદેખાઇના સબબે નોકરી છોડવી પડશે. એજ પ્રમાણે બીજાં ભુવનોની ખાસીયત, ગુણદોષ વીગેરે પ્રમાણે અનુમાન કરવું.

૧૦૦. **કંત્રાકટ કરવું કે નહીં કરવું?** જો દશમાંનો માલેક બીજાંના માલેક સાથે શુભ દૃષ્ટિ કરતો હોય, રવી બીજાંના માલેક સાથે શુભ સંબંધમાં હોય, પહેલાંનો માલેક અગ્યારમાં ભુવને હોય, ગુરૂ, શુક્ર, રવી કે ચંદ્ર દશમાં ભુવને બળવાન અને પાપદૃષ્ટિથી નીરાળા હોય, તો તે કામ કંત્રાકટથી માથે લેવામાં ફાયદો જાણવો. પણ જો દશમાંનો માલેક અને બીજાંનો માલેક પાપદૃષ્ટિમાં હોય, કેડન્ટ હોય,

અથવા એ ભુવનોમાં પાપગ્રહો હોય, તો નહીં આબરૂ કે નહીં પૈસા, બન્નેમાંનું એકબી મળે નહીં અને મોટી નુકસાની થાય.

અગ્યારમાં ભુવનને લગતા સવાળો.

૧૦૧. મારી ધારેલી ચીજ મને મળી શકશે કે? જો પહેલાં અને અગ્યારમાં ભુવનોના માલેક એક બીજાના ભુવનોમાં બેઠા હોય, રીસેપશન હોય, અથવા રવી ચંદ્રની લાઇટ મેળવતા હોય, શુભ દૃષ્ટિમાં હોય, અગ્યારમાંનો માલેક લગ્ને બેઠો હોય, ચંદ્ર શુભ દૃષ્ટિનો હોય, તો ઇચ્છા પુરી પડશે. પણ જો પહેલાંનો માલેક ને અગ્યારમાંનો માલેક એક બીજાને ૯૦° અંશની એસપેકટ કરતા હોય, પણ રીસેપશનમાં હોય તો મળશે પણ ઘણી મહેનત પડશે. અગ્યારમાં કે પહેલાં ભુવનમાં પાપગ્રહો હોય, ચંદ્ર પાપદૃષ્ટિમાં હોય અથવા કેડન્ટ હોય તો નહીં થાય.

૧૦૨. મારા મીત્રો સાચ્ચા ને વફાદાર છે કે? જો અગ્યારમાં ભુવને શુભ ગ્રહો હોય, અગ્યારમાંનો માલેક પહેલાંના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય, લગ્ને બેઠેલા શુભ ગ્રહો અગ્યારમાંના માલેક સાથે શુભ દૃષ્ટિમાં હોય તો મીત્રો સાચ્ચા ને વફાદાર જાણવા. પણ જો ♅, ♄ or ♂ અગ્યારમાં ભુવને હોય, અથવા તો અગ્યારમાંના માલેક હોય, અને લગન સાથે પાપદૃષ્ટિમાં હોય તો જુઠ્ઠા ને દગાબાજ જાણવા. બુધ જો અગ્યારમાં ભુવને પાપદૃષ્ટિમાં હોય તો, મીત્રોનો બીલકુલ ભરૂસો કરવો નહીં.

૧૦૩. સાચ્ચો મીત્ર કોણ નીવડશે? અગ્યારમાં ભુવને જે શુભ ગ્રહ હોય તે ગ્રહની ખાસીયત ગુણદોષવાળો માણસ સાચ્ચો મીત્ર થશે, જો અગ્યારમાં ભુવને કોઇ ગ્રહજ નહીં હોય તો તે ભુવનની રાશી અને તે રાશીના માલેક પ્રમાણે જોવું, અથવા અગયારમાંનો માલેક પહેલાંના માલેકને શુભ દૃષ્ટિમાં હોય તો તે ગ્રહ અને તેની રાશી પ્રમાણેના ગુણદોષવાળો સમજવો. જો પાપગ્રહ અગયારમાં ભુવને હોય, અને અગયારમાં ભુવનનો માલેક પણ કોઇ પાપગ્રહ હોય તો, કદી સાચ્ચો મીત્ર મળે નહીં, અને મીત્રોપર કદી પણ ભરૂસો રાખવો નહીં.

બારમાં ભુવનને લગતા સવાળો.

૧૦૪. **કેદખાને પડવા વીષે?** જો ચંદ્ર ઝડપી ચાલનો હોય, ચર રાશીનો હોય, લગ્નનો માલેક અથવા ચંદ્ર ચોથાંના માલેકથી છુટા પડતા હોય, અથવા કોઇ શુભ ગ્રહને એપલાઇ થતા હોય, તો કેદ પડેલો માનવી જલદીથી છુટકો પામે. બારમાં ભુવનના કશ્પર મેષ, કર્ક, તુલા કે મકર રાશી હોય તો, અને તેના માલેકો પણ ચર રાશીમાં હોય તો જલદી છુટકો થાય. પણ જો સ્થુલ રાશીઓ બારમાંના કશપર હોય અને તેના માલેકો પણ સ્થુલ રાશીઓમાં હોય ચંદ્ર પણ કેડન્ટ અને સ્થુલ રાશીમાં હોય, પહેલાંનો માલેક ૪, ૬, ૮ કે ૧૨માં ભુવનમાં હોય, લગ્નનો માલેક પાપગ્રહોથી ઘેરાયલો હોય, વકરી હોય, અથવા સ્થુલ રાશીમાં હોય તો લાંબો વખત કેદખાનું ભોગવે.

૧૦૫. **ખાનગી દુશમનો છે કે?** જો બારમાંનો માલેક પાપગ્રહ હોય અથવા બારમે પાપગ્રહ બેઠો હોય, અને જો તે ગ્રહ અથવા બારમાંનો માલેક પહેલાં અને બીજાં ભુવનના માલેકોને પાપદૃષ્ટિ કરતા હોય તો જાણવું કે છુપા દુશમનો છે અને તેઓ નુકસાન કરશે. બારમાંનો માલેક શુભ ગ્રહ હોય અથવા શુભ ગ્રહ બારમે હોય તો બીલકુલ છુપા દુશમનોની ધાસ્તી રાખવી નહીં.

૧૦૬. **છુપા દુશમનો કેવા છે?** બારમાં ભુવને જે પાપગ્રહ બેઠો હોય તેની રાશી જોવી, અથવા તો બારમાંનો માલેક જે રાશીમાં બેઠો હોય તે રાશી તપાસવી, અને તેના ગુણદોષ પ્રમાણે છુપા દુશમનની હકીકત જાણવી, અને તેનું જોર તથા હાલત બારમાંનો માલેક અથવા બારમે પડેલા પાપગ્રહ જે ભુવનમાં પડેલો હોય અથવા જે ભુવનનો માલેક હોય તે ભુવનના બળ પ્રમાણે જાણવું. જેમકે જો ઊંચનો અથવા પોતાના ઘરનો હોય તો બળવાન સમજવો, અને જો લગ્નના ગ્રહ કરતાં વધુ બળવાન અથવા શુભ ભુવને પડેલો હોય તો જરૂર નુકસાન પુગાડશે એમ જાણવું, પણ જો ૬૦° કે ૧૨૦° અંશના દૃષ્ટ કરતો હોય તો તે ઇજા કરી શકવા છતાં, ઇજા કરશે નહીં, એમ સમજવું.

નોંધ:—એ પ્રમાણે ઉપર દર્શાવેલાં બાર ભુવનોને લગતા મુખ્ય ૧૦૬ સવાલો કેમ જોવા, કેવી રીતે જોવા અને કેમ ફળ જાણવું તે સ્પષ્ટ રીતે સમજાવવાની કોશેષ કરી છે, જે ઉપરથી, અભ્યાસીને કોઇપણ તરફથી પ્રશ્ન થતાં, તે પ્રશ્નના વખતની કુંડળી તુરત કાઢી, તેને લગતા સવાલનો નીર્ણય થઇ શકશે. અત્રે એટલીજ ભલામણ થઇ શકશે કે, **સાધારણ બાબદ સારૂ વારે ઘડીયે કુંડળી કાઢવી નહીં.** દરેક સવાળ કરનારને માટે એકજ કુંડળી કાઢવી અને તે કુંડળી મારફતે બારે ભુવનને લગતા સર્વે સવાળોનો જવાબ આપી દેવો. જો કોઇ પ્રશ્ન કરનાર પોતાની જન્મોત્રી સાથે લાવેલો હોય, અને પોતાનું અને પોતાના કામને લગતું કોઇપણ ભુવનની બાબદનો ખુલાસો પુછે, તો તેપણ એજ રીતે વીચાર પુગાડીને ઉપળા સવાળોની રૂઢી તેને પણ લાગુ પાડવી. એ પ્રમાણે "હોરારી એસ્ટ્રોલોજી"ની સર્વે બાબદો ખુબ ધ્યાનથી તપાસવી.

હોરારી સવાળનાં દાખલાઓ.

૧. **એક મીત્રની માંદગી અને તેનું મોત?** પ્રશ્ન કુંડળી નીચે પ્રમાણે:—

ભુવનો =	૧૦	૧૧	૧૨	લગ્ન	૨	૩
ભુવનના અંશ =	કર્ક ૧૦°	સીંહ ૧૭°	કન્યા ૧૬°	તુલા ૯°	વૃશ્ચિક ૪°	ધન ૫°

ગ્રહો =	રવી	ચંદ્ર	બુધ
ગ્રહની રાશી અંશ =	મકર ૨૦°	કર્ક ૧૪°-૪૪′	મકર ૧૩-૧૨ R

શુક્ર	ગુરૂ	મંગળ	શની
ધન ૨૭°-૧૮′ R	મકર ૨૩°-૫૨′	મકર ૪°-૫૮′	મીન ૧૪°-૧૦′

હરશચલ	નેપચ્યુન	રાહુ
ધન ૨૨°-૦′	ધન ૨૭°-૪′	મેષ ૨૫°-૧૬′

ઉપલી કુંડળીમાં ચંદ્ર દક્ષિણ કેન્દ્રમાં દશમાં ભુવનેથી ઝડપી ચાલે રવીની સાથે ઓપોઝીશન કરવાને આગળ વધે છે, કે જે રવી પણ કેન્દ્ર સ્થાન પકડીને મકર રાશીએ બેઠો છે, આ જોગ માહા બુરો થયો, કારણકે રવી જે જીવનશકિતનો આપનાર તે ચોથાં ભુવને પડેલો

છે, કે જે ભુવન દરેક ચીજનુ સેવટ અને અંત લાવનાર ઘર ગણાય છે, અને ખુલ્લી રીતે તંદરૂસ્તીનો માલેક હાઇલેગ અને જીવનશકિત આપનાર રવી એક બીજાના ઓપોઝીશનમાં આવવાથી જીંદગીનો અંત સ્પષ્ટ દેખાડે છે. ગુરૂ જે છઠ્ઠાંનો માલેક યાને દરદનો માલેક તથા દરદના પરીણામનો માલેક તે પણ ચોથાં ભુવને મકર રાશીનો થઇને રવી સાથે જોડાયો છે, તેથી ખુલ્લું દેખાડે છે, કે દુઃખ દરદનો માલેક અંતના ભુવનમાં બેઠો છે, યાને દુઃખ દરદ તેનો અંતજ લાવશે, કારણકે ☉ ☌ ♃ થયું છે. વળી રવી અને ગુરૂનું તે દીવસે ડેકલીનેશન પણ એક સરખું છે, એટલે મોત નક્કી જાણવું. ચોથાં અંતના ભુવનનો માલેક શની છઠ્ઠાં માંદગીના ભુવનના કશપર આવીને બેઠેલો છે, કે જેનું ફળ એકે માંદગી મોત તરફજ ઢળતી છે, અને છઠ્ઠાંનો માલેક ગુરૂ શનીના ઘરમાં ચોથે ભુવને અને ચોથાંનો માલેક શની, છઠે ગુરૂના ભુવને પડયા છે યાને એક બીજાના રીસેપશનમાં છે, યાને દુઃખ દરદ અને અંત, એ બન્ને એક મેકના સાથી થયા છે, જે ખુલ્લું દેખાડે છે, દુઃખથી જીંદગીનો અંત આવશે, અને અંત આવવાનું કારણ માંદગી છે. લગ્નનો માલેક શુક્ર તે આંઠમાંનો પણ માલેક છે, યાને તન ભુવનનો માલેક મોતના ઘેરનો પણ માલેક થયો, વળી શુક્ર તન ભુવનનો માલેક ખુદ પોતે વકરી છે. ચંદ્ર લગભગ બુધના ઓપોઝીશનમાં છે, તેજ એક માહા બુરો જોગ મારી નાંખવાને બસ છે, કારણકે તે રવીની પાપદૃષ્ટિને ટેકો આપતો છે. વળી બુધ પોતે મારકેસ્થાનનો માલેક થઇ બારમાં ભુવને પડેલો છે, અને ગુરૂના અંશનો થઇને બેઠો છે. (જુવો કોષ્ટક તર્મસ terms ને લગતું બુધની કોલમમાં બુધ ૧૪ અંશનો હોય તો તે ગુરૂની ટર્મસ યાને ગુરૂના અંશનો ગણાય, એ પ્રમાણે બીજા ગ્રહો પણ જોવા) કે જે ગુરૂ દુઃખ દરદનો માલેક છે. એજ પ્રમાણે જીવનશકિત રવી, શુક્રના અંશનો થઇને બેઠો છે, કે જે શુક્ર તન ભુવન તથા ખાસ કરીને મોતના આંઠમાં ભુવનનો માલેક છે. વળી ગુરૂ દુઃખનો માલેક શનીનાં અંશનો (term) થઇને અંતના ઘરમાં બેઠો છે. એ પ્રમાણે દરેક ગ્રહના અંશનો પણ માર પડતો છે, એટલે મોત નક્કી જાણવું. ચંદ્ર પાણીની કર્ક રાશીનો દશમાં સ્થાને છે અને છઠાંના કશપર પણ પાણીની રાશી છે, જે દેખાડે છે કે દરદ પ્રવાહીને લગતું હોવું જોઇયે. વળી મોતનું

કારણ પણ દરદી પોતે છે, યાને લગ્નનો માલેક તે આંઠમાંનો પણ માલેક છે, જેથી માલમ પડે છે; પોતે પોતાના હાથે તબીયતનું નખ્ખોદ વાળી મોતનું કારણ ઉભું કરેલું હોવું જોઇયે. કર્ક રાશી પેટ અને છાતીનો ભાગ દેખાડે છે, એટલે દરદનું જોર તે જગ્યાઓપર પણ હોવું જોઇયે, (કે જેને છાતીનું જલંદર કહે છે) વળી રવી ચંદ્ર પણ પાણીની રાશીમાં છે. વળી ડીસ્પોઝીટરો (યાને એક ગ્રહની રાશીમાં બેસનારો બીજો ગ્રહ) પણ મારતાજ છે, જેમકે રવીને દીસ-પોઝ કરનાર શની પાણીની મીન રાશીમાં છે, અને ચંદ્ર જે પોતે પોતાનેજ દીસ્પોઝ કરે છે, તેબી પોતાની રાશી કર્કમાં ઊંચનો થઇને બેઠો છે, એ પ્રમાણે દરેક ભુવનો, ભુવનોના માલેકો, ગ્રહો, તેના અંશો વીગેરે સર્વે બાજુના હરેક જોગ મોત જાહેર કરે છે, એટલે મરણ જરૂર નીપજવાનું એ નક્કી છે. હવે કયારે નીપજવાનું તે જોવાનું બાકી રહ્યું. હવે રવી અને ચંદ્રનું ઓપોઝીશન યાને જીવ અને પ્રાણ-પડનું સામા સામા થવાને તેઓના અંશ પ્રમાણે જોતાં, ચંદ્રને ઓપો-ઝીશનમાં આવવાને ૫°-૧૬'નો તફાવત છે. વળી ચંદ્ર કેન્દ્ર સ્થાનમાં ચર રાશીનો છે, એટલે કોષ્ટક પ્રમાણે એક અંશ એક દીવસની બરાબર લેખાય છે, જે હીસાબે પાંચ અંશના પાંચ દીવસ અને ૧૬' કળાના, ૬ કલાક ને ૨૪ મીનીટ થાય છે, એટલે કે ૫ દીવસ ને ૬ કલાક ૨૪ મીનીટે ચંદ્ર બરાબર રવીના ઓપોઝીશનમાં આવશે, કે જે વખતે આ પુછવામાં આવેલા સવાળનો અંત યાને મરણ નીપજ્યું. આ હોરારી સવાળની કુંડળી મોત અને તેનું કારણ જેટલી સ્પષ્ટ રીતે દેખાડે છે, તેવી કવચીતજ કોઇ બીજી કુંડળીનો દાખલો દેખાડી શકશે. વળી આ કુંડળી એટલી બધી સ્પષ્ટ છે કે એને લગતી હરેક બાબદ તદન પ્રદર્શીત માલમ પડી આવે છે. આ કુંડળી એક અતી વ્હાલા મીત્રની ગંભીર માંદગી વખતે એકાએકીના સંભવ વખતે કાઢવામાં આવી છે. અગ્યારમાં ભુવનનો માલેક રવી છે, કે જે ચોથે ભુવને અંતના ભુવનમાં મકર રાશીનો થઇને બેઠો છે, અને ચંદ્રના ઓપોઝીશનમાં છે. વળી બીજા હાથપર અગ્યારમું ભુવન ખુદ મીત્રનું ભુવન છે, જેનો માલેક અંતના ચોથાં ભુવને પાપદૃષ્ટિઓમાં સપડાયલો (રવી) છે, એટલે મીત્રનું મોત નક્કીજ ઠર્યું. એ પ્રમાણે પહેલાં ભવનને લગતી બાબદો જાણવી.

૨. **પૈસા ચોરાયા છે, પાછા મળશે કે?** આ સવાળની કુંડળી નીચે પ્રમાણે કાઢવામાં આવી છે :—

ભુવનો =	૧૦	૧૧	૧૨
ભુવનોની રાશી =	કર્ક ૧૩°	સીંહ ૧૬°	કન્યા ૧૬°
	લગ્ન	૨	૩
	તુલા ૧૧°	વૃશ્ચિક ૮°	ધન ૯°

ગ્રહો =	રવી	ચંદ્ર	બુધ
ગ્રહના રાશી અંશ =	મિથુન ૨૫°-૧૫′	તુલા ૧૯°-૫૭′	મિથુન ૪°-૩૮′

શુક્ર	મંગળ	ગુરૂ	શની
વરખ ૨૯°-૫૮′	કર્ક ૮°-૩૫′	મીન ૧૭°-૧૯′	કન્યા ૧૧°-૨૧′

હરશચલ	નેપચ્યુન	રાહુ
તુલા ૨૭°-૨૭′ R	મિથુન ૭°-૧૩′	મિથુન ૪°-૨૪′

આ સવાળની કુંડળી ઉપર પ્રમાણે જોતાં શુક્ર લગ્નનો માલેક છે, અને તેની સાથે હરશચલ અને ચંદ્ર પણ બેઠા છે, એ દેખાડે છે કે સવાળ કરનાર આસામી એક નહીં પણ એકથી વધુ જણ હોવા જોઇયે, અને તેમજ હતું, કારણકે સવાળ કરનાર આવનાર બે સ્ત્રીઓ હતી, અને બેઉ સાથે આવી હતી. સવાળ કર્યો તે કલાકનો માલેક રવી હતો, (જુવો દીવસના ૨૪ કલાકના જુદા જુદા ગ્રહોની માલેકીનું કોષ્ટક જે આગળ પહેલા ભાગમાં આપ્યું છે) જે ખુલ્લી રીતે દેખાડે છે, કે તેઓ માંહેલી એક સ્ત્રી મજબુત બાંધાની, ફીક્કા ભુરા બાળવાળી, અને દમામદાર અને આબરૂદાર દેખાવવાળી હતી, કે જેવી ખાસીયત રવીની હોય છે. વળી રવી અગ્યારમાં ભુવનનો માલેક છે, જે ભુવન મીત્રનું છે, જેથી સવાળ કરનાર સ્ત્રીએ તે બાઇને પોતાની મીત્ર દાખલ ઓળખાવી. હવે લગ્ને ચંદ્ર બેઠેલો છે, એટલે ચોર એ બાઇનો કોઈ ઓળખાણનોજ અને લગ્ને હોવાથી ઘેરને લગતોજ આસામી હોવો જોઇયે, વળી બીજાં કેન્દ્ર સ્થાનો જેવાં કે ચાર, સાત, દશમાં કોઇપણ ગ્રહ મળે નહીં, જેથી સાતમાં ભુવનના માલેકને ચોર તરીકે ગણવો જોઇયે, હવે સાતમું ભુવન પ્રશ્ન કરનારના ધણીનું છે, એટલે તે સવાળ કરનાર

બાઇનો ધણીજ ચોર હોવો જોઇયે. તેનો દેખાવ સાતમાં ભુવનના માલેકની રાશી કર્ક છે, તે પ્રમાણે દાઝડી, ઉતાવળ્યા સ્વભાવનો તથા ધેરાં, બળુ અને લાલ કપડાં પહેરેલો હોવો જોઇયે. વળી સાતમાં ભુવનથી દશમે ભુવને સાતમાંના માલેકનો ધંધો જોવામાં આવે છે ત્યાં શની છે, જેથી તે કાંઇ માટીનો કે જમીનને લગતો ધંધો કરનારો હોવો જોઇયે, કારણકે મંગળની સાથે તે શુભ દૃષ્ટિમાં ૬૦° અંશની એસપેકટ કરે છે, વળી મંગળ કેન્દ્ર સ્થાનમાંથી નીકળેલો છે, જેથી એવું માલુમ પડે છે કે તે શહેરથી થોડે દુર છેટે કામ કરતો હોવો જોઇયે, વળી તે પુર્વ દીશા તરફ હોવો જોઇયે કારણકે સાતમાંનો માલેક કર્ક રાશીમાં છે, એ પ્રમાણે સાતમું ભુવન ચોરનું, તેનો માલેક તે ચોરનો સીગ્નીફીકેટર, અને તે પ્રમાણે તેનું વર્ણન થયું. હવે સવાળ કરનારે જણાવ્યું કે ખરેખર એવા ગુણ અને રૂપરંગનો તેનો ધણી છે, ને હકીકત સર્વે બરાબર છે, પણ ચોરી તેણેજ કરી છે કે કોઈ બીજા પાસે ચોરી આગળ રહીને કરાવી છે? પણ આ કુંડળીમાં છઠ્ઠાંનો માલેક ગુરૂ પોતાનાજ ઘરનો ઊંચનો થઇને બેઠો છે, અને વળી છઠ્ઠું ભુવન નોકર ચાકરને લગતું છે, માટે કોઈ બીજા પાસે ચોરી કરાવી નથી, કારણ ગુરૂ જે નોકરનો સીગ્નીફીકેટર તે શુભ ગ્રહને ઊંચનો છે, એટલે નોકર વિશ્વાસુ અને સાફ દીયાનતનોજ હોય, એટલે ખરો ચોર તો સાતમાંનોજ માલેક છે. હવે પૈસા ઘરમાંજ કેથે સાંતેલા છે કે નહીં, તે જોવા માટે ચોથું ભુવન કે જે છુપાવેલા ખજાણાં, પૈસા, અથવા દાટેલી ચીજને લગતું છે, તેનો માલેક શની સકસીડંટ ભુવનમાં છે, જે દેખાડે છે કે ઘરથી થોડે દુર હોવું જોઇયે, અને ખુદ ઘરમાં કંઈ નથી. વળી શની સાતમાંના માલેક યાને ચોરના સીગ્નીફીકેટરની સાથે નજદીકની એસપેકટ કરે છે, એટલે એ પૈસા ચોરનાર શખ્સ જ્યારે ચાહે ત્યારે પૈસાને હાથ લગાડી શકે અને મેળવી શકે. એ ચોરી ગુરૂ અને શનીના ઓપોઝીશનને ૭ અંશનો તફાવત હતો તે વખતે એટલે ૭ મહીના અગાઉ થયલી તે બાઇએ દર્શાવી હતી.

૩. **હું સટો કરૂં કે, શેરનો ભાવ ટકી રહેશે કે, ફાયદો કયારે થશે, ભાવ કયારે ઘટશે વીગેરે?** આ સવાળની કુંડળી નીચે પ્રમાણે છે:—

ભુવનો= ૧૦ ૧૧ ૧૨
ભુવનોની રાશીઓ=કુંભ ૮° મીન ૪° મેષ ૧૮°

લગ્ન ૨ ૩
મિથુંન ૧૩° કર્ક ૨° કર્ક ૧૯°

આ કુંડળીમાં વરખ રાશી ગલીતભાવ છે.

ગ્રહો= રવી ચંદ્ર બુધ
ગ્રહના રાશી અંશ=વૃશ્ચિક ૪°-૩′ કન્યા ૯°-૨૭′ વૃશ્ચિક ૩°-૨૯′

શુક્ર મંગળ ગુરૂ શની
વૃશ્ચિક ૧૪°-૧૩′ તુલા ૩°-૪૧′ મીન ૮°-૧૩′ R કન્યા ૨૫°-૨૩′

હરશચલ નેપચ્યુન રાહુ
વૃશ્ચિક ૧°-૪૫′ મિથુંન ૮°-૩૨′ R વરખ ૨૭°

આ કુંડળીનું લગ્ન ડબલ રાશીનું યાને મિથુંન રાશીનું છે, જેથી સવાળ કરનારં એક કરતાં વધુ સવાળ પુછશે, અને તેજ પ્રમાણે હવે પછીનો મુસાફરીનો સવાળ પણ એ ધણીએ કર્યો છે, જેની વીગત આ સવાળનો ખુલાસો કરી, નંબર ૪ના દાખલામાં જણાવી છે. આ કુંડળીને લગતો સવાળ એવો છે કે કોલસાની ખાણના શેર ઘણી મોટી રકમના લેવા છે. પ્રશ્નકાર પુછે છે કે શેર ખરીદી સટો કરવો કે અને તેથી લાભ થશે કે? શેર સટ્ટાના ભુવનનો માલેક યાને પાંચમાં ભુવનનો માલેક ચંદ્ર છે. જે ગુરૂના ઓપોઝીશનમાં છે, અને ગુરૂ પાણીની રાશીનો બળવાન છે, એટલે પાણીની બાબદથી નુકસાન પુગશે, અથવા તો ચંદ્ર કન્યા રાશીનો છે માટે માટી અથવા જમીન ધસવાથી નુકસાન પુગશે, સટ્ટાની ચીજ કોલસાની ખાણના શેરો છે, હવે શેરોને પાણીથી અથવા માટી કે જમીનના ધસી પડવાથી નુકસાન થશે, યાને કોલસાની ખાંડમાં પાણી ભરાઈ જવાથી કે માટીથી પુરાઇ જવાથી નુકસાન પુગવે શેરનો ભાવ કમતી થઇ જશે, એમ સ્પષ્ટ માલમ પડે છે. વળી સવાળ કરનારનો સીગ્નીફીકેટર કેડન્ટ થઇને છઠ્ઠાં ભુવને પાપગ્રહોથી દબાઇને બેઠો છે, અને જલીત છે, જેથી જોકે શેરના ભાવ કમતી છે, છતાં લેવાથી લાભકારી નથી, માટે હાલમાં એ શેરો લેવા નહીં, પણ બુધ ને શની સાથે ૬૦°ની દૃષ્ટિ છે, અને

સવાળ કરનારના પૈસાનો માલેક યાને બીજાં ભુવનનો માલેક ચંદ્ર છે, જે રવી સાથે ૧૨૦° અંશની દૃષ્ટિ કરે છે, ને રવી કોલસાની ખાણનો માલેક થઇને યાને ચોથાં ભુવનનો માલેક છે, માટે એ એસપેકટો જ્યારે સંપુર્ણ થાય યાને લગભગ એક મહીના પછી થશે, તે વખતે એ શેરો ખરીદેલા પ્રશ્ન કરનારને લાભ આપે, માટે તે વખતે લેવા યાને એક મહીનો પછી લેવા, અને જો તે શેરોપર લાભ મેળવવો હોય તો, ચોથાંનો માલેક રવી, જ્યારે શની સાથે ૬૦° અંશની દૃષ્ટિમાં આવશે ત્યારે ભાવ ઓછા થશે, અને ત્યાર પછી પાછો ભાવ ચઢતો જશે તે વખતે ઊપર ખરીદેલા શેરો વેચી નાખવા કે નફો મળશે. એ પ્રમાણે શેર સટ્ટાને લગતી બાબદો બીજી ચીજોમાં તે પણ જાણવી.

૪. મોટી દરીયાની મુસાફરી કરવાને લાભકારી છે કે? આ સવાળ ત્રીજા દાખલાવાળા સવાળના પુછનારેજ કરેલો છે. અને તેથી એ સવાળ માટે તેજ કુંડળીમાં જોવાનું છે. તન ભુવન યાને લગ્નનો માલેક છઠાં ભુવને રવીથી જલીત થઇને અને બાજન ગ્રહોની વચ્ચે પડેલો છે, એટલે હવા ખાવા જવાની જરૂર છે એમ સ્પષ્ટ માલમ પડે છે. શની નવમાંનો માલેક, કે જે લાંબી મુસાફરીનો માલેક થઇ પાંચમાં મોજ શોખના ભુવનમાં પડેલો છે. એટલે જીંદગીને અલવલ નહીં આવતા મોજ શોખ મુસાફરીથી કરાવે એમ લાગે છે. વળી ચંદ્ર અને બુધ ૬૦° અંશની દૃષ્ટિમાં છે, વળી ચંદ્ર ૬૦° અંશની એસપેકટ રવી તથા શુક્ર સાથે પણ કરે છે, શુક્ર પાંચમાં ભુવને અરધી માલેકી ધરાવે છે, અને રવી ચોથાંનો માલેક છે એ સર્વે જોગો ફત્તેહમંદીથી મુસાફરી થશે એમ દેખાડે છે, પણ અગ્યારમાં ભુવનેથી યાને મીત્રના ભુવનેથી ગુરૂ બળવાન રહીને બીજાંના માલેક ચંદ્રને પાપદૃષ્ટિ કરે છે, એટલે મીત્રો તરફથી કાંઇક ખમવું પડશે. વળી ચંદ્ર પણ પાપદૃષ્ટિમાં દબાયલો હોવાથી કેટલીક બાબદમાં પૈસા સંબંધી ખમવું પડશે, સારા સંજોગો છતાં પાણીની મુસાફરીએ જવું સારૂં નથી, કારણ દરીયાની માંદગી થવાનો સંભવ લાગે છે, છતાં જો જાય તો ફરીહરીને આવે, કાંઇ જીવને જોખમ નથી.

૫. એક જાહેર ચુંટણીનાં બે હરીફો માંહેલો કોણ ફતેહમંદ નીવડશે, તેને લગતો સટો? સવાળ કરનાર શખ્સે એવો સવાળ કર્યો કે "મી. એ અથવા મી. બી એ બેમાંથી કોણ ફત્તેહમંદી સાથે ચુંટણીમાં ચુંટી કઢાશે? હવે આવા સવાળો જોવાને માટે ઘણા જ્ઞાનની જરૂર છે, એવી વખતે સવાળ કરનાર માટે નહીં પણ સવાળના બે હરીફોની કુંડળા કાઢવાની જરૂર છે. સવાળ ટપાલ મારફતે મળ્યો, તે વખતની કુંડળી નીચે પ્રમાણે હતી:—

ભુવનો=	૧૦	૧૧	૧૨
ભુવનોના રાશી અંશ=	સીંહ ૨૪°	કન્યા ૨૬°	તુલા ૨૩°
લગ્ન	૨	૩	
વૃશ્ચિક ૧૪°	ધન ૧૪°	મકર ૧૮°	

ગ્રહો=	રવી	ચંદ્ર	બુધ
ગ્રહોના રાશી અંશ=	તુલા ૧૭°-૩૮′	મિથુન ૧૬°-૩૮′	તુલા ૧૯°-૧૮′
શુક્ર	મંગળ	ગુરૂ	શની
કન્યા ૨°-૫૩′	કુંભ ૧૫°-૧૫′	મેષ ૨૦°-૧૧′ R	તુલા ૫°-૬′
હરશચલ	નેપચ્યુન	રાહુ	
વૃશ્ચિક ૫°-૧૬′	મિથુન ૧૧°-૭′ R	વરખ ૮°	

જો કે આવા જુગાર સટ્ટાના સવાળો બાબદ વિવેચન અને ખુલાસો કરવાની મારી નામરજી છતાં, જ્યોતીષ વિધ્યાની સચ્ચાઇ તપાસવા માટે અને અંગ્રેજી રૂઢી કેટલી સરળતાથી ભવિષ્યની બાબદ કેવા કેવા સંજોગો વચ્ચે તુલોતવીલ જાહેર કરે છે, તે માટે અભ્યાસીની ખાત્રી કરવામાં આ કુંડળીના ફળાદેષની સમજણ લખવાને ફરજ પડી છે.

હવે પહેલી બાબદ તો એ જોવાની છે કે સવાળ કરનારે બે સીગ્નીફીકેટરો યાને હરીફો વચ્ચે પ્રજા પસંદગી પુછી છે, માટે સવાળ કરનારને આ સવાળમાં તદન બાજુ રાખી કુંડળીના લગ્નનો માલેક તે સવાળમાં પુછાયલો પહેલો હરીફ મી. એ અને સાતમાંનો માલેક તે મી. એ નો હરીફ મી. બી તરીકે લેખવામાં આવ્યા છે.

હવે પહેલાં ભુવનનો માલેક યાને મી. એનો સાગ્નીફીકેટર મંગળ ત્રીજાં ભુવને છે, જે દેખાડે છે કે ત્રીજાં ભુવને મંગળ હોય તો ભાઇઓ અને પાડોશીઓ તથા ઓળખાણવાળાઓ સાથ કજ્યો કંકાસ હોવો જોઇએ, વળી પોતાના લખાણુમાં કડક સ્વભાવનો હોવો જોઇએ, સાથે જીતીલો પણ હોય. હવે મંગળ, ગુરૂને પાંચમાં ભુવને એપલાઇ થાય છે જેથી પાંચમાં ભુવનને લગતા આસામીઓની મદદ મી. એ મેળવી શકે, પણ ગુરૂ વકરી છે, એટલે તે લોક મદદ આપવા કહીને પાછળથી મદદ નહીં આપે, હટી જાય. વળી રાહુ છઠ્ઠાં ભુવને છે, જેથી છઠ્ઠાં ભુવનને લગતા લોકો મદદ જરૂર કરે, પણ એ મદદ પણ અધુરી સમજવી, કારણકે છઠ્ઠું ભુવન ખુદ ખાડાનું છે, ને તેમાં હલકા મજુર કે નોકર લોક સમાયલાં છે, એટલે મુખ્ય ભાગે હલકાંઓનો વજન ઘણો લેખાય નહીં. વળી કેતુ બારમાં ભુવનમાં છે, (અત્ર કહેવાની જરૂર છે કે રાહુ કેતુ હોરારી એસ્ટ્રોલોજીમાં ઘણો ભાગ ભજવે છે, જો કે અંગ્રેજી જયોતીષો જન્મકાળમાં રાહુ કેતુને ગણતા નથી, પણ હોરારીમાં તેઓ કેટલોક ભાગ ભજવે છે.) વળી કેતુ, હરશચલ ગ્રહ સાથ કંજંગશન કરીને છઠ્ઠાં ભુવનની ઓપોઝીશનમાં છે, જેથી બારમાં ભુવનના ગુણદોષ પ્રમાણે પુષ્કળ ખાનગી દુશમનો હોવા જોઇએ. હવે ચંદ્ર નવમાંનો માલેક થઇ આંઠમાં ભુવને ખાડામાં મોતના ઘેરમાં પડેલો છે, એટલે નવમાં ભુવનના માણસો જેવાં કે ધર્મગુરૂઓ, પ્રોફેસરો, વિધ્વાનો, જડજો વીગેરે તરફથી પણ મત મલવાની કે મદદ મલવાની આશા ફોકટ છે, કારણકે નવમાંનો માલેક ખાડામાં છે. નવમું ભુવન કોર્ટ અને વેપારીઓને લગતું છે, એવી રીતે એ જોગ પણ નીર્બળ છે. વળી ચોથાંનો માલેક હરશચલ કે જે પણ બારમાં ભુવને છુપા દુશમનોના ભુવને બેઠો છે, ચોથું ભુવન કે જે દરેક ચીજનો અંત અને સેવટ પરિણામ દેખાડનારૂં ભુવન છે, જ્યારે તેનો માલેકજ બારમાં ભુવને ખાડામાં પડયો છે, એટલે આ બાબદનું સેવટ છુપા દુશમનોની દુશમનાઇથી હાર થશે. અગ્યારમું ભુવન જોકે મીત્રોથી ભરપુર છે, પણ શની લુચ્ચા અને દગાબાજ મીત્રો દેખાડે છે, જેઓ આગળ રહીને છુપેથી નુકસાન કરશે, કારણકે બીજા બધા કરતાં તે બળવાન છે. શુક્ર જાહેર દુશમનોનો સીગ્ની-

ગ્નીફીકેટર દશમાં ભુવને છે, એટલે જાહેર લોક ફત્તેહ મેળવે, કારણકે દશમું ભુવન ફત્તેહનું મુખ્ય ધામ છે, રાજદ્વારી અને રાજાનું મથક છે, એટલે જેટલું શુક્ર કરી શકે તેટલું કાઇ આ કુંડળીમાં કરી શકે નહીં, વળી મી. બી જેવણ મી. એના હરીફ યાને જાહેર દુશમન ગણાય, અને તેવણનું ભુવન સાતમું છે, તેનો માલેક શુક્ર દશમાં ભુવને બેઠો એટલે મી. બીનેજ જીતવાનો ચાન્સ છે. એ પ્રમાણે મી. એના હરેક જોગ નબળા છે. હવે મી. બીના જોગ આપણે જોઇએ. સાતમું ભુવન મી. બી પોતે છે, અને તેનો માલેક શુક્ર (જો સાતમાંને મી. બીનું લગ્ન યાને પહેલું ભુવન ગણ્યે તો) પોતાના ઘરથી ચોથે બેઠેલો છે, જે ભુવન જમીનદારો, જાહેર બાંધકામ ખાતાં, રહેવાના ઘરો વીગેરેને લગતું છે, એટલે તે સર્વે મી. બીની તરફેણમાં છે. બીજો જોગ મી. એનો સીગ્નીફીકેટર પાપગ્રહ છે, જયારે મી. બીનો સીગ્નીફીકેટર શુભ ગ્રહ છે. ચંદ્ર મી. બીના બીજા ભુવને છે. રવી, બુધ, શની મી. બીના પાંચમાં ભુવનમાં છે. વળી ચંદ્ર, રવી તથા બુધને ૧૨૦° અંશની શુભ દ્રષ્ટિ કરે છે, એટલે પાંચમાં ભુવનનો પુરેપુરો લાભ મળી શકે. એ પ્રમાણે મી. એના જે મીત્રો યાને ઉપલી કુંડળીના અગ્યારમાં ભુવનમાંના ગ્રહો, તે મી. એના મીત્રો, સર્વે મી. બીના પાંચમાં ભુવને છે, એટલે મી. એના મીત્રોજ મી. બીને ફત્તેહ અપાવશે, કારણકે પાંચમું ભુવન સોર્ટી, સરત, હરીફાઈ, મોજશોખ વીગેરેનું ભુવન છે, જોકે એ ભુવનમાં શની બળવાન છે, પણ ત્યાં, રવી તથા બુધ બેસીને ચંદ્ર સાથે ૧૨૦° અંશની ઘણીજ શુભ દ્રષ્ટિ કરે છે, એટલે શનીનું બળ તદન નીર્બળ થઈ જાય છે. વળી મી. બીના છઠ્ઠાં ભુવને હરશચલ બેસીને મી. એના છઠ્ઠાં ભુવનમાં જે રાહુ છે તેને ઓપોઝીશન કરે છે, અને મી. બીના છઠ્ઠાં ભુવનમાં કેતુ પણ હરશચલ સાથે કંજંગશન કરી મળી ગયો છે એ પણ મી. એને માટે ખરાબ છે. વળી કેતુ મી. બીના છઠ્ઠાં ભુવને છે, જે વખતે મી. બીના નોકરો અથવા બીજા મંજુર વરગના લોકો મી. બીની વીરૂધ્ધ જોય, પણ તે જોગ રાહુ મી. બીના લગ્નની છેક નજદીક અને બારમાં ભુવને હોવાથી તોડી નાખે છે. એ પ્રમાણે મી. બીને સર્વે જોગ જીતવાના છે. સઉથી મુખ્ય જોગ ફત્તેહ આપ-

નાર તો એ છે કે મી. એને અગ્યારમાં ભુવને શની બળવાન થઇ પડયો છે, પણ તેજ શની મી. બીને પાંચમાં ભુવનમાં બળવાન થયો છે. જ્યારે મી. એને અગ્યારમાં ભુવનમાં લુચ્ચા મીત્રો તરીકે શની કામ કરે છે, જ્યારે મી. બીને પાંચમાં ભુવનમાં રવી બુધ, ચંદ્રની સાથે ૧૨૦° અંશની શુભ દૃષ્ટિ કરીને શનીને નબળો કરે છે, તે ઉપરાંત મી. બીને અગ્યારમાં ભુવને ગુરૂ છે, તે જોકે વકરી છે છતાં મીત્રના ભુવને છે, જ્યારે મી. એને ગુરૂ વકરી પાંચમાં ભુવને શનીથી દબાયલો છે. એ પ્રમાણે સર્વે જોગો બન્ને હરીફને લગતી પુરેપુરી સમજ આપે છે. એવા સરત કે સોરતીના સવાળોમાં એક કરતાં વધુ સીગ્નીફીકેટરો હોય છે. સ્પેકયુલેશનને લગતી સર્વે બાબદોમાં ફળાદેષ જોવાનો લંબાણ માહાવરો અને ઘણા વખતની પ્રેકટીસની જરૂર છે.

૬. **ધંધો કરવાને નાણાં ઉછીકાં મળશે કે, કાંઈ ધંધો થઇ શકશે કે?** આ સવાળની કુંડળી નીચે પ્રમાણે છે.

ભુવનો=	૧૦	૧૧	૧૨
ભુવનોની રાશી અંશ=	વરખ ૨૯°	કર્ક ૭°	સીંહ ૧૦°
	લગ્ન	૨	૩
	કન્યા ૭°	કન્યા ૨૭°	તુલા ૨૫°

ગ્રહ=	રવી	ચંદ્ર	બુધ
ગ્રહના રાશી અંશ=	કુંભ ૨°-૧૮′	વૃશ્ચિક ૯°-૩૬′	મકર ૮°-૧૭′
શુક્ર	મંગળ	ગુરૂ	શની
મીન ૨°-૨૭′	વૃશ્ચિક ૨૮°-૪૫′	મીન ૧૭°-૩૪′	તુલા ૦°-૦′ R
હરશચલ	નેપચ્યુન	રાહુ	
વૃશ્ચિક ૫°-૫૬′	મિથુંન ૬°-૨૫′	વરખ ૨૨°	

આ કુંડળીથી માલમ પડે છે કે સવાળ કરનાર શખ્સ સ્પેકયુ-લેશન કરવાનો શોખ રાખે છે, પણ તેમ કરવાને તેની પાસે પૈસા નથી. એ કુંડળી જોતાં લગ્નનો માલેક બુધ પાંચમાં ભુવને છે એટલે કાંઇક કામ ધંધો કરવાની ઉલટ આવે ખરી. વળી બુધ અગ્યારમાં ભુવનના માલેક ચંદ્ર સાથે ૬૦° અંશની શુભ દૃષ્ટિ કરે છે, અગ્યારમું ભુવન આશા, ઉલટ, ઉમંગ આપનારૂં છે, જેથીજ ધંધો કરવાની ઉલટ અને

આશા વધી ગયલી જણાય છે, વળી કોઈ સગાં સ્નેહીથી મદદ પણ મળે તેમ છે. બુધ ફક્ત ચંદ્ર અને હરશચલનીજ મદદ મેળવે છે. તે સીવાય તેને બીજું કંઇપણ બળ કે જોર મળતું નથી, જેથી આ સવાળ કરનાર હાલ તુરત વેપાર કરવાના અખાડા કરે તો સારૂં, થોડો વખત થોભી જવું જોઇએ. શની બીજે ભુવનેથી ચોથાંના કશ ઉપર મંગળ સાથ ૬૦° અંશની શુભ દૃષ્ટિ કરવા આગળ વધે છે, અને મંગળ મીત્રના ભુવનથી બીજાં ભુવનનો માલેક છે, એટલે કે મીત્રના પૈસાનો માલેક છે, જેથી ગુરૂની ખાસીયતવાળો કોઈ મીત્ર નાણાંની મદદ પણ વખતે કરે તેવો જોગ છે. પણ બુધને સાતમાંના માલેક ગુરૂ સાથે કંઇપણ દૃષ્ટિ નથી, તેથી જો પૈસા મીત્રના ઉછીકા લે, તો તે આપી શકાવાના નથી, અને તેથી દોસ્તીનો ભંગ થઇ દુશ્મનાઇ થશે માટે પૈસા ઉછીકા લેવાની સલાહ આપી શકાતી નથી. બધા કરતાં મોટો જોગ તો એ છે કે ચોથાં ભુવનનો માલેક ગુરૂ, (કે જે ચોથું ભુવન સર્વે બાબદનું સેવટ પરિણામ લાવનારૂં છે) સ્પેકયુ-લેશનના પાંચમાં ભુવને રહેલા રવી સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે, અને વળી રવી અગ્યારમાં ભુવનનો અરધો માલેક છે, કે જે ભુવન આશા અને ઉમેદનું છે, વળી હરશચલ ગ્રહ રવી સાથે લગભગ સ્કવેર યાને ૯૦° અંશની દૃષ્ટિ કરે છે, જેથી એ સર્વે જોગ એવું બતાવે છે કે હાલ તુરત વેપાર કરવાનો તેમજ પૈસા ઉછીકા લેવાનો વીચાર માંડી વાળવામાંજ લાભ છે.

૭. **ચોક્કસ માણસ સાથે ભાગીદારી કરવી લાભકારક** છે કે ? આ સવાળની કુંડળી નીચે પ્રમાણે છે.

ભુવનો =	૧૦	૧૧	૧૨
ભુવનોની રાશી અંશ =	વરખ ૨૩°	કર્ક ૧	સીંહ ૫°
	લગ્ન	૨	૩
	કન્યા ૨	કન્યા ૨૨	તુલા ૧૯

ગ્રહ =	રવી	ચંદ્ર	બુધ
ગ્રહના રાશી અંશ =	કર્ક ૫-૮′	કર્ક ૨૮-૨૦′	કર્ક ૧૨°-૦′
શુક્ર	મંગળ	ગુરૂ	શની
કર્ક ૨૪°-૨૬′	કુંભ ૧૬-૪૫′	મેષ ૨૧°-૧૯′	કન્યા ૨૪°-૧૧′
	હરશચલ	નેપચ્યુન	રાહુ
	વૃશ્ચિક ૨°-૩′ R	મિથુન ૯°-૪૬′	વરખ ૧૪°

આ કુંડળીનું લગ્ન ડબલ રાશીનું છે, અને સવાળ કરનારે એકજ સવાળ કર્યો છે, પણ એ સવાળનું કાગળ જે ટપાલમાં આવ્યું તેની સાથેજ બીજું પણ કાગળ એક સ્ત્રી તરફથી આવ્યું, જેથી સવાળ કરનારનો તેમજ તે સ્ત્રીનો બન્નેનાં સવાળો માટે આજ કુંડળી એક કાઢવામાં આવી છે. વળી સવાળ બન્નેના કાગળમાં સાતમાં ભુવનને લગતોજ છે, પણ તેની બાબદ તદન જુદી છે. બીજા કાગળમાં સ્ત્રીનો સવાળ છે કે, **તેણી જે શખ્સ સાથે અદરાવા માંગે છે, ને લગભગ અદરાવાનું નક્કી છે, તો કારજ થશે કે નહીં**? એ પ્રમાણે એ કાગળ બે જુદા જુદા ધણીના એકજ ટપાલમાં એકીજ વખતે આવ્યાં, અને એકીજ વખતે ઉઘેડવામાં આવ્યાં, તે વખતનું લગન ડબલ રાશીનું હતું. અને તેથી એ બે સવાળનો મેલ મળ્યો છે. જયોતીષ બરાબર ગણતાં, હરેક બાબદનો સ્પષ્ટ પુરાવો મળે છે એ ઉપલી બાબદથી સીધ્ધ થાય છે. સ્પષ્ટ ગણત્રી ઉપરાંત અદભુત સમજ-શકિતની પણ જરૂર છે.

પહેલાં કાગળના સવાળ માટે આ કુંડળીમાં જોતાં પહેલાંનો માલેક બુધ અને ગુરૂને સાતમાંના માલેક સાથે બીલકુલ એસપેકટ થતી નથી. એજ દેખાડે છે કે, ભાગીદારી કરવામાં બીલકુલ લાભ નથી. વળી પહેલાંનો અને સાતમાંનો માલેક એ બેઉ ચર રાશીમાં છે, એક કેદન્ટ છે જયારે બીજો સકસીદન્ટ ભુવનમાં છે, એટલે એ જોગ પણ દેખાડે છે કે ભાગીદારીમાં લાભ નથી. શની બીજાં ભુવને છે, જે ખુલ્લો શક દેખાડે છે, કે ભાગીદારીથી નફો મળશે કે નહીં મળશે, અને તે શક પૈસા સંબંધી રહેવાથી ભાગીદારીમાં જય નહીં. વળી ચંદ્ર કે જે તમારા સીગ્નીફીકેટરોમાંનો એક છે, તે હરશચલ સાથે પાપદૃષ્ટિ ૯૦ અંશની કરવાને ત્રીજાં ભુવન તરફ આગળ વધે છે, જે દેખાડે છે કે કોઈ તમારો ભાઈ અથવા પારપડોશી, એ બાબદ માટે જુઠ્ઠી અફવા ઉડાવશે. વળી મંગળ તમારા ચોથાં ભુવનનો માલેક, ચંદ્ર સાથે કે તમારા સીગ્નીફીકેટર સાથે કાંઇબી એસપેકટ કરતો નથી જેથી ભાગીદારી કરવાને બીલકુલ સલાહ આપી શકાતી નથી. **હવે બીજો સવાળ કે જે પણ સાતમાં ભુવનને લગતોજ છે,** તે તપાસતાં ઉપર પ્રમાણે લગનનો માલેક સાતમાંના માલેક સાથે કંઇ

એસપેકટ કરતો નથી અને ૯૦° અંશની પાપદૃષ્ટિ બીજા ગ્રહ સાથ કરે છે, એ દેખાડે છે કે સવાળ કરનારના આશકનો પ્યાર કંઇ ધરખમ અને લાંબો વખત ટકી રહે તેવો નથી, વળી દશમાંનો માલેક શુક્ર, ૯૦° અંશની પાપદૃષ્ટિ ગુરૂ સાથે કરે છે, કે જે ગુરૂ સાતમાંનો માલેક છે. હવે દશમું ભુવન સવાળ કરનારની માતાનું અને સાતમું ભુવન આશકનું છે, દશમાંનો માલેક પાપદૃષ્ટિ સાતમાંને કરે છે, યાને સવાળ કરનારની માતા, પોતાની બેટીના આશકની વીરૂધ્ધ છે એમ ખુલ્લું દેખાય છે, જેથી પોતાની બેટીને સમજાવીને કારજ તોડી નાખશે એ ખુલ્લું છે. વળી સ્ત્રીના લગન બાબદમાં રવી મુખ્ય જોવાનો છે, તે રવી પણ, સાતમાંના માલેક ગુરૂ સાથે કંઇ પણ એસપેકટ કરતો નથી. અને રવી જે ગ્રહ સાથે પહેલી એસપેકટ કરે છે તે ૯૦ અંશની પાપદૃષ્ટિ છે, એટલે એ જોગ સંધાવો કઠણ છે. હરશલ ગ્રહ સાથે ચંદ્ર ૯૦° અંશની પાપદૃષ્ટિમાં આવે છે, એટલે કાંઇક કાગળ પત્ર મારફતે અંતમાં છુટાં પડશે. વળી ચોથાંનો માલેક મંગળ, પહેલાં ભુવનના માલેક સાથે કંઇ એસપેકટ કરતો નથી એટલે એ કારજનું પરીણામ લગનમાં આવવાનું નહીં, યાને લગ્ન કાંઈ થવાનાં નહીં.

નોંધ:—આ પ્રમાણે હરેક બાબદને લગતા સવાળો જવાબો જોવાની ટેવ રાખવી જોઇએ. અને ઘણા સવાળોની ચાલુ પ્રેકટીસ તથા તેના ફળ કહેવા પછીથી મળેલો અનુભવ. તથા જો ફળાદેષ ખોટું પડે તો, તેની ફરીથી ગણત્રી કરી. કારણ શોધી કાઢવાની ખંત, વીગેરેથી, આ હોરારી વિદ્યા, કે જે મારફતે અસલના પંડીતો અને જ્ઞાનીઓ આજની ઘડી લગીનું. બલકે હવે પછી પણ થનારી બાબદો હજારો વર્ષ અગાઉ જાહેર કરી ગયા હતા. કે જેની છુટી છવાઇ નોંધો તવારીખના હરેક તબકે, હાલની માનવીની ઓલાદને મળી આવે છે. આ વિદ્યાનું બંધારણ, ધોરણ, ગણીત અને સમજ જેટલી બની શકે તેટલી સરળ અને સ્પષ્ટ બતલાવાની કોશેશ કરવામાં આવી છે. હરેક સવાળ બાબે જાણવાની સમજશકિત, લંબાણ વીચાર, અને **પાકટ અનુભવની** ઘણી જરૂર છે. જે ચાલુ પ્રેકટીસ અને ખંતીલા અભ્યાસથી મેળવી શકાય તેમ છે. હું અત્રે એમ કહેવા નથી

માંગતો કે, જયોતીષ વિધ્યા અને પ્રશ્ન કુંડળી યા કોઇપણ ગણીતથી એક જયોતીષી જે કાંઇ કહે, તે સઘળું માન્ય કરવું. એવું કંઇ છેજ નહીં. કારણ આ વિધ્યા એટલી ભીન ભાન અને સુક્ષમ છે, કે મોટા મોટા મહાન પંડીતો પણ એ વિધ્યાની તળેટીમાંજ ગોતાં ખાયા કરે છે; અલબત જેને દેવ ઇચ્છાથી દૈવ્ય દૃષ્ટિ ખુલ્લી હોય તે, સાધારણ જયોતીષી કરતાં વધારે અંશે ખરૂં ફળ દરશાવી શકે છે. એટલું છતાં, જો એક માનવી પ્રયત્ન કરે, તો તે નહીં ઘણું તો થોડું પણ સત્ય બતલાવી શકે, અને ઘણા દાખલાઓમાં હેંસી ટકા જેટલી પ્રતેહ મેળવી શકે તેમ છે. આ વિધ્યાની ગણીત હીંદુશાસ્ત્ર તેમજ બીજાં શાસ્ત્રોમાં પુષ્કળ સુક્ષમ રીતે ભીન ભાન બતાવેલી છે. પણ હાલના લોભ અને લાલચમાં ફસેલા જયોતીષો પાકાં જ્ઞાનની ગેરહાજરીમાં લેભાગુ તોડ જોડી કાઢી પોતાનું પેટ ભરવા સાથેજ વાત રાખે છે, જેથી આ શ્રેષ્ટ વિધ્યા આજે હીણાય છે. ગમે તેવા વિધવાન પણ આ જયોતીષી વિધ્યાના સત્યને જરા પણ ખોટું કહી શકે તેમ નથી, કારણકે આ વિધ્યા, પાકી ગણીત અને શ્રેષ્ટ પાયા ઊપર રચાયલું છે, પણ અજ્ઞાન લેભાગુ જયોતીષોએ જુઠ્ઠા વહેમો અને ભલતી બાબદોનું તથા ધર્મને બહાને ખોટા આચાર વિચારોની ભેળમભેળ કરી આ વિધ્યાને હીણપસ્તીમાં નાંખી છે. હીંદુ જયોતીષ જો કે ગણીતમાં ઘણું સુક્ષમ છે, પણ હીંદુ જયોતીષીઓ સંપુર્ણ નવી કળાના યંત્રોની ગેરહાજરીમાં, તથા ચાલતા આવેલા રીવાજની ગણીત પ્રમાણે કાંઇપણ તેમાં સુધારો વધારો, કે ભુલચુક સુધાર્યા વગર, એક જુના કાળના ધોરણ પ્રમાણે ચાલવાથી, તેઓ પોતાના ગણીતમાં ભુલથાપ ખાય છે, ને પરિણામે ખોટું ફળાદેષ વર્તવે જુઠ્ઠા પડે છે. આ હોરારી વિધ્યાની સમજણ તદન સ્પષ્ટ ને ખુલ્લી છે, અને એજ ધોરણપર જન્મ કુંડળીના પણ સવાળોનો ફડચો કરી શકાય છે. ઈજ્ઞાસુ અભ્યાસીને ભલામણ કરવાનું અત્રે લાભકારી થઇ પડશે કે, તેઓએ ખંત અને ચાલુ અભ્યાસથી આ મહાન વિધ્યાનો અભ્યાસ કરી તેનો લાભ, પ્રજાના અજ્ઞાન વર્ગને, લોભ લાલચથી દુર રહીને, સત્યના માર્ગે આપવો, કે જેથી માનવીની ઓલાદની નિષ્ફળતા ને આશાના કારણોથી પ્રકાશ મળશે.

ભાગ ત્રીજો.

"મુંદન એસ્ટ્રોલૉજી."

"Mundane Astrology."

દેશ પરદેશની પ્રજા, રાજ્ય, અને મુળકોને લગતું જ્યોતીષ.

હરેક મુલક, હરેક મુળકના લોકો, દેશ પરદેશના રાજ્યો, તથા દુન્યાના જુદા જુદા ભાગોમાં બનતા બનાવો, બની ગયલા બનાવો, તથા બનવાના બનાવો વીગેરે જોવાની ગણત્રીને (Mundane Astrology) "મુંદન એસ્ત્રોલૉજી" કહે છે.

જે પ્રમાણે માનવીની ખાસીયત, જન્મ, તેનું ભુત ભવીશ વીગેરે વર્તાય છે, તેમ આ ગણત્રાથી ઉપર લખવા પ્રમાણે જમીન, મુળકો, રાજ્યો, અને શહેરો, ત્યાંના લોકો, ત્યાંના રાજ્યનો કારોબાર, રેલ, આગ, રોગ, ધરતીકંપ વીગેરે અનેક બનાવો માલમ પડે છે. એ જ્યોતીષી વીભાગ સર્વ બીજાં ગણીત કરતાં વધારે ઉપ્યોગી અને જરૂરનું છે. એક ચોક્કસ આસામીના કરતાં, હજારો આસામીની બનેલી પ્રજા, તેની તંદરૂસ્તી, તેની ઉપર આવી પડનારી આફતો વીગેરે જાણવાની ઘણી અગત્ય છે. એ બાબદપર જો વિસ્તારથી લખ્યે તો ઘણા મોટા પોથા ભરાય, પણ અત્રે જગયાની કોતાહને લીધે જરૂરી અને ઉપ્યોગમાં આવે એવી બાબદો જણાવીશું.

૧. દર વર્ષે જ્યારે જ્યારે મેષ, કર્ક, તુલા, અને મકર રાશીમાં સુર્ય દાખલ થાય તે ઘડીપળની કુંડળી કાઢવી, એ કુંડળીને અંગ્રેજી પ્રમાણે **"ઇન્ગ્રેસ"** (Ingress) કહે છે. હવે એ કુંડળીના પહેલાં

ઘરમાં જે રાશી આવે તે રાશી ઉપર મોટો આધાર એ કુંડળીના ફળના વખતનો રહે છે. જો મેષ, કર્ક, તુલા, મકર એ રાશીનું લગ્ન આવે તો તે કુંડળીમાં જે ફળ દરશાવેલું હોય તેની અસર ત્રણ મહીના સુધી રહે, જો વરખ, સીંહ, વૃશ્ચિક, કુંભ એ રાશીનું લગ્ન આવે તો આખું વર્ષ બારે મહીના તે કુંડળીના ફળની અસર રહે, જો મિથુન, કન્યા, ધન, અને મીન એ રાશીનું લગન આવે તો તે કુંડળીની અસર છ મહીના સુધી રહે.

૨. **"લ્યુનેશન"** (Lunation) હવે જે વખતે રવી ચંદ્રનુ કંજંગશન ☽ ☌ ☉ કે ઓપોઝીશન ☽ ☍ ☉ થાય તે ઘડીની કુંડળી કાઢવી, એ કુંડળી બે રીતે જોવાય છે, એક તો ચંદ્ર કેઇ રાશીમાં આવેલો છે તે ઉપરથી ફળ માલમ પડે છે, અને બીજું તો ચંદ્ર કેવી કેવી જાતની સારી માઠી "એસપેકટસો" કરે છે, તે ઉપરથી માલમ પડે છે. જો ચાંદરાત, સુર્ય જ્યારે મેષ રાશીમાં દાખલ થતો હોય, ત્યારે નજદીકમાંજ પડે, તો દર મહીને જરૂર ચાંદરાતની કુંડળી કાઢી જોવાથી ઘણી ચીજો માલમ પડશે. જો કોઈ સંકરાતીની વખતે પુનમ, ઇન્ગ્રેસના ભુવનની નજદીકમાં પડે તો તે વર્ષે પુનમની, કુંડળી દર મહીને કાઢવી. એ લ્યુનર યાને ચંદ્રને લગતી કુંડળી, ઇન્ગ્રેસની મુખ્ય કુંડળીમાં જે ફળ અને જે જે એસપેકટસો જણાવેલી હોય, તે તે એસપેકટસો કયારે ફળ આપશે તે દેખાડે છે, એ ચંદ્રની કુંડળીઓની અસર ફકત એક મહીનાનીજ જાણવી.

૩. **"સુર્ય ગ્રહણ"**, જ્યારે પણ સુર્ય ગ્રહણ થવાનું હોય, ત્યારે તે મહીનાની ચાંદરાતની કુંડળી જરૂર કાઢવી. ગ્રહણ લાગવાની ઘડી પળે જે કુંડળી કાઢવામાં આવે છે, તે ભુલ ભરેલું છે, તે માસના (New Moon) યાને ☽ ☌ ☉ નીજ કુંડળી કાઢવી જરૂર છે, કારણકે તેજ ઘણી ઉપયોગી છે. કારણક તે કુંડળીની અસર, જેટલા કલાક અને મીનીટ સુધી ગ્રહણ ચાલુ રહે છે, **તેટલા વર્ષ અને મહીનાઓ સુધી** તેની અસર લંબાય છે, તથા તે અસરો ઘણી જોરાવર હોય છે. તેની અસર જે રાશીમાં ગ્રહણ થયું હોય તે રાશીને લગતા માણસ, તથા મુળકોમાં ઘણીજ અસર કરે છે, તે ઉપરાંત જે દેશમાં તે ગ્રહણ

દેખાવ દે છે, ત્યાં પણ તેની અસર વિશેષ છે. એ પ્રમાણે **સુર્ય** ગ્રહણને લગતી કુંડળી પણ દુન્યામાં થનારા **ફેરફારોની** વીગત જાણવાને ઘણી જરૂરની છે.

૪. **"ચંદ્ર ગ્રહણ,"** જે મહીનામાં ચંદ્ર ગ્રહણ થાય, તે માસની ☽ ☍ ☉ પુનમની કુંડળી જરૂર કાઢવી, કારણકે જેટલા કલાક ને જેટલી મીનીટ સુધી ચંદ્ર ગ્રહણ રહે, **તેટલા માસને તેટલા દીવસ સુધી** તેની અસર દુન્યામાં રહે છે. એ ચંદ્ર ગ્રહણ જે રાશીમાં થાય તે રાશીના મુળક અને લોકોને તે વધારે અસર કરે છે.

૫. દરેક મુખ્ય મોટા ગ્રહો જેવા કે મંગળ, શની. ગુરૂ, હરશચલ, નેપચ્યુન વીગેરે ગ્રહો જયારે જયારે એક બીજા સાથે **"કુંજંગશન"** યાને યુતિમાં, અથવા તો **ઓપોઝીશન** યાને ૧૮૦ અંશની ર્દ્રષ્ટિમાં આવે, તે વખતની પણ કુંડળી કાઢવી જરૂરની છે, કે તેની અસર અમુક મુળકમાં અને અમુક પ્રજાને કેવી રીતે સારી અથવા માઠી નીવડશે: કારણકે મહાભારત ફેરફારો એ સંયોગોથી થાય છે.

મુંદન કુંડળીના બારે ભુવન તથા તેમાં રહેલા ગ્રહોના સારાં માઠાં ફલની સમજણ.

પહેલું ભુવન=કુંડળીનું લગન યાને પહેલું ઘર બીજાં બધાં ઘરો કરતાં વધારે ઉપયોગનું છે. કારણકે જે પ્રજા અથવા જે મુળક માટે તે કુંડળી ઉત્તપન્ન કરવામાં આવે છે. તે મુળકની પ્રજા, તે પ્રજાની હાલત, સુકાળ દુકાળ, તથા તંદરૂસ્તી વીગેરે જોવાનું છે. હવે પહેલાં ભુવનમાં જે રાશી હોય, તે પ્રમાણેની અસર આગળ કહ્યા પ્રમાણે રહે છે. પણ જો તેમાં કોઇ ગ્રહ બેઠો હોય તો તે ગ્રહ, અથવા તે રાશીનો માલેક, વીગેરે જેવી રીતે સાધારણ જન્મ કુંડળીનું ફળ જોવામાં આવે છે, તેમ હરેક ચીજ જોવી, એ પ્રમાણે દરેક ભુવનોમાં જે જે ગ્રહો અને રાશીઓ હોય તેવી તેની અસર થાય છે, એમ જાણવું. જો શુભ ગ્રહ પહેલાં ઘરમાં હોય તો પ્રજાને ઘણું લાભકારી અને સુખાકારીભર્યું જાણવું. જો પાપદ્રષ્ટિમાં ગ્રહ પડયો હોય, નીચનો હોય, તો તેના પ્રમાણમાં તે ફળ સારૂં માઠું આપે છે,

જે સર્વે સમજ આગળા ભાગોના પ્રકરણોમાં આપેલી છે, તે અત્રે લાગુ પાડવી. જો પાપગ્રહ પહેલાં ભુવને આવે તો પ્રજાને ઘણો ગેરલાભ ને નુકસાની વેઠવી પડે, પણ જો તે પાપગ્રહ ઉપર કોઈ સારા ગ્રહની દૃષ્ટિ હોય તો, તે દુઃખ થોડું ઘણું કમતી થાય. જો પહેલાં ઘરમાં ચંદ્ર આવે ને ચાંદરાત પડતી હોય તો, તે મુળકમાં ઘણા ફેરફાર થવાનો સંભવ છે. તે ફેરફારનું ફળ ચંદ્ર જેવી જેવી એસપેકટ કરતો જાય, તેવી તેવી અસરો ઉત્તપન્ન કરનારૂં જાણવું. જો રવી પડયો હોય ને સારી દૃષ્ટિમાં હોય તો લાભકારી, પણ જો પાપદૃષ્ટિમાં હોય તો નોકરો અને શેઠો વચ્ચે ખટપટ થાય, અને પ્રજાની તંદરૂસ્તી સારી રહે નહીં. જો ચંદ્ર હોય ને સારી દૃષ્ટિમાં હોય તો સ્ત્રીઓ તથા બચ્ચાંઓને લાભ કરે તથા પ્રજામાં ઘણા સારા ફેરફાર થાય. જો ખરાબ દૃષ્ટિમાં હોય તો નાસીપાસી, નીરાશા, ને દુઃખ પ્રજામાં વધે. બુધ જો લગને હોય તો વેપાર વધે, અને કેળવણી તથા એજયુકેશનનો બહોળો ફેલાવો કરે, પણ તેની અસર જેવી જેવી એસપેકટસમાં બુધ ઘેરાયલો હોય, તે પ્રમાણમાં સારી માઠી હોય છે. માઠી દૃષ્ટિમાં બુધ, લાયબલ, નિંદા, તથા છાપાવાળાઓમાં ખટપટ ઉત્તપન્ન કરનારો છે. જો શુક્ર પહેલાં ભુવનમાં આવે ને સારી દૃષ્ટિમાં હોય તો લગનો થાય, પ્રજાને સુખ મળે, સ્ત્રીઓ તથા બચ્ચાંઓને ફાયદો થાય, સાધારણ સુખાકારી ને તંદરૂસ્તી પ્રજાની વધે, પણ જો પાપગ્રહોની યુતી કે દૃષ્ટિમાં ફસ્યો હોય તો વ્યભીચાર, સ્ત્રીઓપર બળાતકાર, બચ્ચાંઓને ભારી, તથા અનેક રીતે નુકસાન કરતા છે. જો મંગળ લગને આવે તો તેનું ફળ ખરાબજ જાણવું. ખુનામરકી, હુલ્લડ, હડતાળ, ચોરી, ને પ્રજાની તંદરૂસ્તીનું નખ્ખોદ વળે. લોકોમાં લડાઇનો જુસ્સો ઉત્તપન્ન કરે, અને દરેક રીતે ખરાબજ સમજવો. જો ગુરૂ પહેલાં ભુવને આવે તો હરેક ચીજે ઘણો સારો, સંતોષ, સબુરી, સુખ, સુકાળ, પુષ્કળ વેપાર, સારી તંદરૂસ્તી અને મોટા પ્રમાણમાં લાભ થાય, જો પાપદૃષ્ટિમાં ફસેલો હોય તો તેના જોરના પ્રમાણમાં માઠી અસરને સરળ કરે છે. જે ભુવન માંહેલો ગ્રહ, લગ્ને રહેલા ગુરૂપર પાપદૃષ્ટિ નાખતો હોય તે ભુવનને લગતી બાબદથી પ્રજા પીડાય તે જાણવું. શનિ જો લગ્ને આવે તો માઠા બુરો જાણવો જો

સારી દૃષ્ટિમાં હોય તોબી, અસંતોષ, દુકાળ, બેરોજગારી, મતફેર, કાવત્રાં, વેપારમાં ખોટ, ગરીબાઈ, તંગી નાદરૂસ્તી ઉત્તપન્ન કરે, અને ખરાબ દૃષ્ટિમાં તો નખ્ખોદ વાળનારો જાણવો, યાને મહા કષ્ટ અને દુઃખ ઉત્તપન કરે. જો ઘણીજ સારી દૃષ્ટિમાં આવ્યો હોય તો સહેજ પ્રજાને ચોંકેલાં, ચેતેલાં, અને ચોક્કસ બનાવે છે. **હરશચલ** ગ્રહ જો પહેલાં ઘરમાં આવે તો હુલ્લડ, જબરદસ્તી, જુલમ, રાજદરોહ તથા સરકારની સામે થાય. ખુનામરકી તથા સુલેહનો ભંગ થાય. જો સારી દૃષ્ટિમાં હોય તો નવી શોધો કરે, સુધારો કરે, તથા ચુનોચરા અને ઉત્સાહ ઉપજાવે. જો **નેપચ્યુન** ગ્રહ પહેલાં ઘરમાં હોય તો, તો પ્રજામાં અસંતોષ ઊત્તપન કરે. છુપા મંડળ ઊભા થાય, વ્યભીચાર, દારૂ અને વ્યસન ઘણું થાય, આપઘાતો અને પાપ બેસુમાર થાય, અને પ્રજામાં ઘણો મોટો હોહોકાર કરી મુકે, મોટી ઉથલપાથલ થઇ જાય, અને દગો ફટકો ઘણો ઉભો થાય, એ ગ્રહ સર્વે વાતે ઘણો મોટો નુકસાન કરનારો છે. ખાસ કરીને એ દરેક ઉપર લખેલી વીગતોને માટે ગ્રહનું બળ તથા ઊંચ નીંચ પ્રમાણ જરૂર જોવું. એજ પ્રમાણે બીજાં બાર ભુવનમાં તે દરેકને લગતી સારી માઠી અસરો જોવી. કુંડળીના **બીજા** ભુવનમાં પ્રજાની પૈસા સંબંધી હાલત, મેહેસુલીખાતાંની હાલત, બેંક, દલાલી, લોન, શેર, એકસચેન્જ, વેપાર વણજ વીગેરે સર્વે બાબદ જોવી. **ત્રીજા** ભુવનમાં રેલવે કંપનીઓ, પોસ્ટલ અને તાર ખાતું, અને તેને લગતી સર્વે બાબદો, રેલવેના શેરો, રેલવેની મેહેસુલ તથા કમાઇ, તથા દરેક જાતનાં લોકોમોટીવ ઇન્જીનોને લગતી બાબદો, મોટરકારો, ચોપડીઓ, ન્યુસપેપરો, લાયબ્રેરીઓ, અને દરેક લીટરરી બાબદોને લગતો ખુલાસો મળે છે, જો ચાંદરાત (New Moon) એ ત્રીજાં ભુવનમાં પડે તો મોટો લાભ એ દરેક બાબદનો આપે. **ચોથાં** ભુવનમાં હરેક ચીજ જમીન સંબંધી જોવાની છે, ખેડુત વર્ગ, ખેતીવાડી, પાક, જમીનના ભીત્તરની ખણીજ પદાર્થ વીગેરેને લગતી ખાંણો (Mines), સરકારની વીરૂધ્ધ પક્ષની બાબદો જણાય છે, એ ઘરના કશપર (Cusp) જે રાશી આવે, અને તેની જે ડીગ્રી હોય, તેનાં પ્રમાણમાં ધર્તીકંપ, જવાળામુખી, વીગેરે ગ્રહના પ્રવેશથી જાણવું. જયારે ચોથાં ઘરનાં કશપર અમાસ યાને

ચાંદરાત પડે, તો જરૂર ધર્તીકંપ થાય, જે રાશી હોય તે રાશી અને જે ડીગ્રી હોય તે ડીગ્રોને લગતા મુળકમાં થશે એમ જાણવું. **પાંચમું** ભુવન રંગરાગ, નાટક, બચ્ચાં, કેળવણી ખાતું, જન્મ પ્રમાણ, નીશાળો અને મોજમજાહનાં ધામોને લગતું છે. **છઠું** ભુવન જાહેર પ્રજાની તંદરૂસ્તી તથા જાહેર હાલત અને વ્યવસ્થા, ગરીબ મજુર વર્ગ અને ચાકરી કરનારાઓને લગતી બાબદો, વોલંટીયરસો, તથા પ્રજાની સેવા કરનારાઓ, લશકર, તથા દર્યાઈ લશકરખાતાંઓ, સેલરો, તથા લડાઈનાં સીપાઇઓ, મનવારો વીગેરેને લગતું જોવાની સમજ આપનારૂં છે. દરદ અને દુઃખ જે રાશી છઠ્ઠાં ઘરપર આવે તે ઉપરથી જોવું, તથા સીકનેસ અને શારીરિક બીત્તરનાં દરદો વીગેરે માટે આ ચોપડીમાં આપેલાં **મેડીકલ એસ્ટ્રોલોજીનાં** પ્રકરણમાં તપાસવું. **સાતમું** ભુવન ઘણું અગત્યતા ધરાવનારૂં છે, કારણકે એ ભુવનમાં પારકા મુળક, પારકી પ્રજા, લડાઇ, તકરાર, રાજ્ય રાજ્યનો બંદોબસ્ત, કોલકરાર, સંધી, લગ્નો તલાક, અને જાહેર બીજી બાબદોને લગતો ખુલાસો આપનારૂં છે. **આંઠમું** ભુવન પ્રજાનાં મરણ પ્રમાણ માટે ખાસ છે. વળી એ ભુવનમાં **પ્રીવી કાઉન્સીલને** લગતી પણ બાબદો જણાય છે. જો ચાંદરાત કે અમાસ અને પુનમ એ ભુવનમાં થાય તો તે જરૂર તપાસવું. ચંદ્ર જો ખરાબ અને પાપદ્રષ્ટિથી ઘેરાયલો હોય તો, સ્ત્રીઓ, તથા મોટા માણસોમાં મરણ નીપજે, આંઠમાં ભુવનમાં મંગળ હોય તો, મીલીટરી અને દાકટરી જ્ઞાનવાળાઓ મરે, આગથી મરણો નીપજે, **એકસીદંટો** થાય, લોખંડનો મોટો વેપારી મરે, અથવા તો તે વેપારને આગથી નુકસાન પુગે. **નેપચ્યુન** ગ્રહ આપઘાત, ઝેર, દવા, ડુબી જવાથી, તથા ઘેલાપણાથી મરણો નીપજાવનારો છે. **નવમું** ભુવન, ધર્મ અને ધાર્મીક વર્ગને માટે છે, કોર્ટ દરબાર, તથા દરેક **"લીગલ"** બાબદો, વહાણુની સફરો, તથા દર્યા માર્ગેનો વેપાર તથા સાયન્સ, વિધ્યા, નવી શોધ વીગેરે બાબદો ઉપર અજવાળું નાખનાર છે. **દશામું** ભુવન રાજા અથવા પ્રજાનો રાજકરતા, અથવા પ્રેસીદન્ત, વાઇસરોય, ગવરનર જેનરલ, વીગેરે, રોયલ રાજકરતાનું કુટુંબ, ઉમરાવો, તથા રાજની લગામ, એ સર્વે બાબદ ઉપર ખુલાસો કરનારૂં છે. આ ભુવનમાં જો સુર્ય અથવા ચંદ્ર ગ્રહણ પડે તો તે ઘણુંજ

ખરાબ પરીણામ જાણવું. જો ચાંદરાત (New Moon) એ ભુવનમાં પડે તો માન મર્તબો રાજવંશીનો વધે ને ઘણીક રીતે લાભ થાય, જો ચંદ્ર ખરાબ સ્થીતીમાં એ ભુવનમાં આવે તો રાજકરતાનું મરણ નીપજે, એ માટે બીજા ગ્રહો પણ તપાસવાની જરૂર છે. અગ્યારમાં ભુવનમાં ખાસ કરીને પાર્લામેન્ટની બાબદો, હાઉસ ઓફ કોમનસ, તથા તેને લગતાં હરેક કામકાજ ઉપર છે. બારમું ભુવન જેલ, બંદીખાનાં, વર્ક હાઉસીસ, હાસ્પીતાળો, મેડહાઉસો, બદમાસોને સુધારનારાં મથકો, ધરમખાતાંઓ, ગુનાહ અને બુરાં કાંમો, જાસુસો અને ખાનગી દુશમનો વીગેરેનો પુરતો ખુલાસો આપે છે. હરેક બાબદ આગળાં પ્રકરણોમાં જણાવી ગયા તેમ ગ્રહો, રાશીઓ, તેનાં માલેકો, તેનાં બળ, ઊંચનીંચ ખાસીયત, તેની ડીગ્રી તેની એસપેકટસો તથા સમાગમ અને દૃષ્ઠિ ગોચર પ્રમાણે આ "મુંદન" કુંડળી તપાસવી, અને તેને લગતા અનેક ભુવનોને લગતી બાબદો જોવી. તથા **હોરારી એસ્ટ્રોલોજીનાં** પ્રકરણોમાં જણાવ્યા પ્રમાણે કુંડળીનાં કોઈ ભુવનની રાશીને લગતા કોઇપણ મુળકની વીગત જોવી, એ માટેની સમજણ હવે આપીશું.

મુંદન કુંડળીનું ફળ જોવાની રીત.

દર વર્ષે ચાર ઇન્ગ્રેસ (Ingress) યાને ચારે સંક્રાતીની કુંડળી જરૂર કાઢવી, અને ત્યાર પછી દર મહીને નવો ચંદ્ર યાને ચાંદરાત થાય તેની કુંડળીઓ કાઢવી. એ સર્વેમાં મેષ રાશીમાં સુર્ય દાખલ થાય છે તે વખતની કુંડળી જરૂર કાઢવી, કારણકે તેજ કુંડળી આખાં વર્ષનું ફળ આપનારી છે, ત્યાર પછીની બીજી કુંડળીઓ તો, તે પહેલી કુંડળીમાં દર્શાવેલી બાબદોને ચોક્કસ રીતે અને અનુક્રમે કયારે ફળ આપતી થાય છે તે જોવા માટે છે, મુખ્ય પાયો મેષ રાશીમાં સુર્ય દાખલ થતાં, જયોતીષીનું વર્ષ બેસે છે, માટે એ કુંડળી ઘણીજ જરૂરની છે.

હવે સઉથી પહેલાં તો જોવું કે કુંડળીનું પહેલું ઘર યાને લગન કેઇ રાશીનું છે. જો વરખ, સીંહ, વૃશ્ચિક અથવા કુંભ રાશીનું લગન હોય તો, એ કુંડળીની અસર આખું વર્ષ થશે. જો મિથુંન કન્યા, ધન, કે મીન રાશીનું લગન આવે તો જાણવું કે એ (Ingress)

ઇન્ગ્રેસનું ફળ ફકત ૭ મહીનાં અસર કરશે. પણ જો મેષ, કર્ક, તુલા, મકર રાશીનું લગન આવે તો જાણવું કે તેનું ફળ ફકત ત્રણ મહીનાજ અસર કરીને ખલાસ થશે. માટે એ પ્રમાણે બીજી કુંડળીઓ કાઢવી, નહીં કાઢવી, તે સમજી લેવું. હવે પહેલે જોવું કે ઇન્ગ્રેસ કઇ રાશીમાં પ્રવેશ કરે છે તે જોવું, કારણકે જે ભુવનમાં ઇન્ગ્રેસ પ્રવેશ કરે તે ભુવનને લગતી ચીજોને લગતું સર્વે વધુ પ્રમાણમાં ફળ આપે. ત્યાર પછી પહેલાં ભુવનને તપાસવું તથા તે ભુવનમાં જે રાશી હોય તેનો માલેક ગ્રહ તપાસવો કારણકે તે ગ્રહ એ આખ્ખાં વર્ષનો લોર્ડ ગણાય છે, અને ત્યાર પછી એક પછી એક ભુવનો જોતા જવું, તે માંહેલી રાશી, ગ્રહ, તેનાં બળ, રાશીનો માલેક, ઉંચ નીચ, તથા તેને કેટલી કેટલી ડીગ્રીની સારી અથવા પાપદૃષ્ટિ બીજા ગ્રહોથી થાય છે, તે સર્વે બીનાં ઘણા ધ્યાન અને ચોક્કસાઇથી જોવી, ધારો કે રવી જો કુંડળીના સાતમાં ભુવનમાં આવ્યો, તો સાતમું ભુવન કુંડળીનાં લગ્ન યાને પહેલું ભુવનની એટલે પ્રજાની બરોબર સામેનું યાને પારકી પ્રજાનું થયું, હવે તે પ્રજાને લગતી બાબદો સર્વે મોટે ભાગે આરંભે છે, હવે ત્રાન્ઝીતમાં જો મંગળ ફરતો ફરતો તે વખતે રવીની ઉપરથી પસાર થાય, તો જાણવુ કે પારકી પ્રજામાં ગંભીર ખળભળાત કરી મેળે, અને પારકાં રાજ્યો સાથે ખટપટ ઉઠે. ધારો કે રવી અથવા ચંદ્ર દશમાં સ્થાને આવે, અને જો મંગળ ત્રાન્ઝીતમાં તેની ઉપરથી પસાર થાય, તો જાણવું કે રાજ્યકર્ત્તા અથવા તો મહારાણી, કે કોઇ મોટા ઉમરાવનું મોત થાય, અથવા ગંભીર માંદગી ભોગવે અથવા મોટો એકસીદંટ થાય. એવી રીતે અનેક બાબદો તપાસવી, જે વાંચનારે આ પુસ્તકનાં આગળાં પ્રકરણોનો અભ્યાસ કર્યો હશે તે ઘણી સારી રીતે આ બાબદ સમજી શકશે.

ગ્રહણ વીચાર.

સુર્ય ગ્રહણ મુંદન જયોતીષમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે, કારણકે તેની અસર ઘણો લાંબો વખત સુધી રહે છે, તેટલા માટે દરેક સુર્ય ગ્રહણની કુંડળી કાઢવાની ઘણી જરૂર છે. રવી અને ચંદ્રનું કંજંગશન થાય તેને સુર્ય ગ્રહણ કહે છે, અને રવી અને ચંદ્રનું ઓપોઝીશન થાય તેને ચંદ્ર ગ્રહણ કહે છે. સુર્ય ગ્રહણની કુંડળી

ગ્રહણ મધ્યાનમાં આવે તે વખતની કાઢવી નહીં, પણ જેવી યુતી યાને કંજંગશન શરૂ થાય તે વખતનીજ કુંડળી કાઢવી, .અને એવી રીતે જોતાં ચાંદરાત "ન્યુ મુન" (New Moon) અને પુનમ "ફુલ મુન" (Full Moon) એ બેઊ કુંડળી કાઢવાની જરૂર છે. ગ્રહણ જે મુળકમાં દેખાય તે મુળકમાં તેની ઘણી અસર થાય છે, તે ઉપરાંત જે રાશીમાં થાય, તે રાશીને લગતા મુળકો, જાત અને માણસો તેમજ ચીજોને પણ અસર કરનારૂં છે. ચંદ્ર ગ્રહણની અસર ગ્રહણ પડતાં ઘણી જલદી મોલમ પડે છે, પણ સુર્ય ગ્રહણની અસર તો ઘણે વખતે લંબાણ સુધી માલમ પડે છે, જેટલું ગ્રહણ સંપુર્ણ તેટલી તેની અસર વધારે રહે છે. જે ગ્રહણો દુન્યાનાં જે જે ભાગોમાં દેખાતાં નથી તે તે ભાગોમાં તેઓની અસર ઉતરતી નથી. હવે જે રાશીમાં ગ્રહણ પડે તે રાશીનો મુળક ને પ્રજાને અસર કરવા ઉપરાંત, ગ્રહણ કુંડળીનાં લગ્ન તથા તેનો માલેક અને તેનું ભુવન, તેની ડીગ્રી, તેમજ બેઊની ડીગ્રી અથવા રાશીનાં અમલવાળાં મુળકો શહેરો વીગેરેને અસર કરે છે.

જો ગ્રહણ વરખ, સીંહ, વૃશ્ચિક અને કુંભ રાશીમાં પડે તો તેની અસર ઘણી લંબાણ જાણવી, જો મેષ, કર્ક, તુલા, કે મકર રાશીમાં પડે તો તો ઘણા થોડા વખતમાંજ તેની અસર ઉતરી જાય છે, જો મિથુન, કન્યા, ધન કે મીનમાં ગ્રહણ પડે તો તેની અસર તુરત શરૂ થાય ને લંબાણ વખત સુધી રહે, પણ વચમાં ખાંચો પડે, યાને ગ્રહણ થતાં શરૂઆતમાં ફળ આપે, ને પછી અટકી જઇ વળી એકાએક ફળ આપવા માંડે.

જો ગ્રહણ મેષ, સીંહ ને ધનમાં થાય તો, ગાય ઢોર જાનવરો ને ચોપગાં મરે, કોઇ મોટા રાજવંશી અથવા જાહેર માણસનું ખુન થાય, અથવા બંધીખાને પડે, પ્રજામાં અસંતોષ ને કચકચ ઊભી થાય, લશકરી હીલચાલ થાય, લડાઇ થાય, આગ લાગે, તાવનો રોગ ચાલુ થાય, મરકીનું જોર વધે, મોંઘવારી થાય, ધાન્યનો પાક ઓછો થાય, ફળફળાદીમાંથી રસકસ ઉડી જાય, એ સર્વે ચીજો મોટે ભાગે જે મુળકને લગતી એ રાશીઓ માંહેલી, જે રાશીમાં ગ્રહણ પડે, તેને લગતાજ મુળકમાં વીશેષ ફળ આપે. જો ગ્રહણ વરખ, કન્યા કે

મકર રાશીમાં પડે તો દુકાળ પડે, અને તેનું કારણ હીમ પડવાથી, કરાંથી હોય અથવા ધર્તીકમ્પો થાય, ધાતુ વીગેરેની જમીનની ખાંણોમાં હોનારત થાય, અને ખેતીવાડીને ઘણું મોટું નુકસાન પુગે. જો ગ્રહણ મિથુન, તુલા કે કુંભ રાશીમાં પડે તો દુકાળ પડે, માંદગી ઘણીજ થાય, ઉડતા રોગોનો પ્રવેશ થાય, તોફાનો અને વંટોળ્યાઓ થાય, પવનનાં જોશથી લોકને ઘણું ખમવું પડે. જો ગ્રહણ કર્ક, વૃશ્ચિક કે મીન રાશીમાં પડે તો, સાધારણ પંકતીના લોકોમાં મરણ પ્રમાણ વધે, લોકો ઘણા મરે, પક્ષી, પંખેરૂ તથા માછલીનો નાશ બેસુમાર થાય, જે ચીજો નદી કીનારે અથવા તો પાણીની અંદર રહેતી હોય તેને ઘણુંજ ભારી છે.

હવે નીચલા વિચાર પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. જો ગ્રહણ પુર્વ તરફ પડે, તો તેની અસર આવતા ચાર માસ સુધીમાં થાય, અને તેનાં પહેલા ભાગમાં ફળ આપે. હવે પુર્વ એટલે કે લગનવાળું ભુવન જાણવું. જો મધ્ય ભુવનમાં યાને દશમે ઘરે ગ્રહણ છે તો ગ્રહણ દીવસથી ચોથા મહીનાથી આંઠમાં મહીના સુધીમાં ફળ આપે, અને એ ચાર મહીનાં માંહેલા વચલા ભાગમાં ફળ આપે, જો પશ્ચિમ ભુવનમાં ગ્રહણ પડે તો ગ્રહણ પડવાનાં વખતથી આંઠમે માસથી બારમાં માસ સુધીમાં ફળ આપે, અને ખાસ કરીને છેલ્લા વખતમાં ફળ આપે.

હવે ખરો સંભવીત ગ્રહણ ફળનો વખત, સુર્ય ઉદય અથવા સુર્ય અસ્તથી તે ગ્રહણ મધ્યાન થતાં સુધીનો વખત ગણવો, અને જેટલા કલાક થાય, તેટલા કલાકની મીનીટ કરી નાખવી, પછી તેને ચારે ભાગવા, તો જે ભાગ આવે, તેટલા દીવસે તેનું ફળ જાણવું. ૨૪) કલાકનું એક વર્ષ એ હીસાબે ગણવું. હવે ગ્રહણનો વીચાર જોવાની ઘણીજ અગત્ય છે, કારણકે તેનાં પરીણામે જગત્તમાં મોટા ફેરફાર થાય છે, તેથી ગ્રહણનાં ગુણદોષ બરાબર પીછાણવા માટે નીચલી બાબદો જોવી.

દરેક રાશીને ત્રણ ભાગમાં વ્હેંચી નાંખી છે, યાને રાશીનાં ૩૦ અંશ છે, તેમાંથી ત્રણ ભાગ કરી, દરેક ભાગમાં દશ અંશ રાખ્યા

છે, હવે જે રાશીમાં ગ્રહણ હોય, તે રાશીની કેટલી ડીગ્રીમાં ગ્રહણ થયું તે જાણવું જરૂરનું છે, પછી તે દીગ્રી યાને અંશ, તે રાશીને લગતાં કયા ત્રીજા ભાગમાં સમાય છે, તે જોવું, જેનો કોઠો નીચે પ્રમાણે છે :—

કોષ્ટક.

અંશ	૧ થી ૧૦	૧૦ થી ૨૦	૨૦ થી ૩૦
મેષ રાશી	મેષ	સીંહ	ધન
વરખ	વરખ	કન્યા	મકર
મિથુન	મિથુન	તુલા	કુંભ
કર્ક	કર્ક	વૃશ્ચિક	મીન
સીંહ	સીંહ	ધન	મેષ
કન્યા	કન્યા	મકર	વરખ
તુલા	તુલા	કુંભ	મિથુન
વૃશ્ચિક	વૃશ્ચિક	મીન	કર્ક
ધન	ધન	મેષ	સીંહ
મકર	મકર	વરખ	કન્યા
કુંભ	કુંભ	મિથુન	તુલા
મીન	મીન	કર્ક	વૃશ્ચિક

જો ગ્રહણ નીચે પ્રમાણેની રાશીનાં અંશોમાં પડે તો તેનું ફળ :—

સુર્ય ગ્રહણ.

મેષ રાશીમાં ૧° થી ૧૦° અંશમાં ગ્રહણ પડે તો લડાઇ, ખળભળાટ, ગેરસમજુતી, લશકરી હીલચાલ તથા હવામાં પવનનો જોશ વધારે થાય. જો ૧૧° થી ૨૦° અંશમાં હોય તો કોઇ મોટો માણુસ અથવા રાજવંશી કેદ પડે, અથવા તો તેને દુ:ખ પુગે અથવા તો મરે, ઝાડપાનનાં ફળનો નાશ થાય. જો ૨૧° થી ૩૦° માં અંશે પડે તો, કોઇ આબરૂદાર મોટા ખાનદાનની સ્ત્રીનું મોત થાય, જાનવરો ઘણા મરે અને પ્રજાને દુ:ખ ને દલગીરી વેઠવી પડે.

વરખ રાશીમાં ૧° થી ૧૦° અંશે ખોરાકીનો નાશ કરે, અનાજનો નાશ થાય, અને વેપારને ધોકો પુગે. ૧૧° થી ૨૦° માં મુસાફરી કરનારાઓને નુંકસાન પુગે અને હમેલવાળી સ્ત્રીઓને હેરાન થવું પડે. ૨૧° થી ૩૦° માં દુકાળ પડે.

મિથુનમાં ૧° થી ૧૦° અંશે ધર્મગુરૂઓમાં કલેશ ઊપજાવે, દ્વેશભાવ જાગે, અને નિતી તેમજ ધર્મનાં કાયદાઓનું ઊલંધન થાય. ૧૧° થી ૨૦° માં અંશે ખુન, ચોરી, દર્યાઇ ચોરી, વીગેરેનો ઉપદર્વ થાય. ૨૧° થી ૩૦° માં અંશે રાજ્યમાં આફ્રત આવી પડે, રાજા મરે.

કર્કમાં ૧° થી ૧૦° અંશે હવામાં બગાડો, અને રૂતુમાં ઘણો ફેરફાર કરે, ૧૧° થી ૨૦° અંશે નદીઓ સુકાઈ જાય, તથા સ્ત્રીઓનાં ગર્ભનો ક્ષય કરે, ૨૧° થી ૩૦° માં અંશે ઘણા દરદોનો ઉપદર્વ થાય.

સિંહ રાશીમાં ૧° થી ૧૦° અંશે અનાજની તંગી પડે તથા કોઇ રાજકુંવરનું મરણ થાય. ૧૧° થી ૨૦° માં અંશે રાજવંશીઓને તથા મોટા માણસોને ઘણી દલગીરી ને દુઃખમાંથી પસાર થવું પડે. ૨૧° થી ૩૦° ધર્મનાં મકાનોનો નાશ થાય, ખરાબી થાય, દેવળો, ધર્મની જગ્યાઓને ખરાબ કરે, શહેરોમાં લુટો ચાલે, કોઇ શહેરને ઘેરો પડે.

કન્યા રાશીમાં, ૧° થી ૧૦° અંશમાં પડે તો કોઇ રાજા મરે, અને ભારે આફ્રત આવી પડે. ૧૧ થી ૨૦° માં દુકાળ પડે. ૨૧° થી ૩૦° માં ચીતારાઓ, કવીઓ, અને ભણેલા માણસોને બહુ દુઃખ ખમવું પડે, અથવા તો કેદમાં પડે.

તુલા રાશીમાં, ૧° થી ૧૦° અંશમાં મોંઘવારી થાય, દુકાળ પડે, હવામાં બગાડો થાય, ૧૧° થી ૨૦° માં દુકાળ ને કોઇ રાજાનું મરણ નીપજાવે. ૨૧° થી ૩૦° માં ઉમરાવ લોકોની માલમીલકતને નુકસાન થાય.

વૃશ્ચિક રાશીમાં, ૧° થી ૧૦° માં લડાઈ શરૂ થાય, ખુના મરકી ચાલે, રાજદરોહ થાય, ૧૧° થી ૨૦° માં કોઈ સુલેહ સંપજથી રહેતા રાજા અથવા મોટા માણસને નુકસાન પુગાડે, ૨૧° થી ૩૦° માં કોઇ જુલમી પેદા થાય, આળસાઈ ને ઉત્તેજન મળે, ધીક્કાર વધે ને પ્રજાને બંધ કરવાની ફરજ પડે.

ધન રાશીમાં ૧° થી ૧૦° અંશે માનવીઓમાં દ્વેષભાવ ઘણો ઉભો થાય, ૧૧° થી ૨૦°માં ઊંટ ઘણા મરે તથા ઝાડપાલો ખાનારાં જાનવરો ઘણા મરે, ૨૧° થી ૩૦°માં ઘોડાઓ તથા લશકરને ઘણી અસર કરે.

મકર રાશીમાં ૧° થા ૧૦°માં મોટા માણસોને અસુખ થાય, તથા બંડ ઉઠે, રાજ્યમાં ઉથળપાથળ થાય. ૧૧° થી ૨૦°માં લશકરમાં મતફેર પડે ને લશકરમાંજ બંડ ઉઠે અને સીપાઇઓ તથા અમલદારોમાં ભારે ગેરસમજુતી થાય. ૨૧° થી ૩૦°માં દુકાળ પડે, રાજ્યમાં રાજા તરફથી કાંઇ ઢીલચાલ ચાલે.

કુંભમાં ૧° થી ૧૦° અંશે પ્રજાને દલગીરી ઉપજે, ૧૧° થી ૨૦° માં જાહેર ચોરીઓ, લુટફાટ, બાળક સ્ત્રીઓપર જાસ્તી ગુજરે, દુકાળ અને ધરતીકંપ થાય, ૨૧° થી ૩૦° માં અંશે બકરાં, ઘેટાં અને જાનવરોની કતલ થાય.

મીન રાશીમાં ૧° થી ૧૦° અંશે નદીઓ સુકાઇ જાય તથા દરીયાનાં કીનારાપરનાં મુળકોમાં હેરાનગતી થાય. ૧૧° થી ૨૦° માં કોઇ મહાન પ્રખ્યાત માણસનું મોત થાય, માછલીઓનો નાશ થાય, દરીયામાં તોફાન થાય, મોજાનું જોર વધે, ૨૧° થી ૩૦°માં લશકરીઓ પ્રજાપર પુષ્કળ જુલમ ગુજારે.

એ પ્રમાણે સુર્યનાં અંશ તથા જે રાશીમાં ગ્રહણ થાય તે રાશીનાં અંશ જોવા, ને તે અંશને લગતા મુળકોમાં ઉપર પ્રમાણેની અસર જાણવી.

ચંદ્ર ગ્રહણ.

મેષ રાશીમાં ૧° થી ૧૦° માં અંશે જો ચંદ્ર ગ્રહણ પડે તો, તાવનો ઉપદ્રવ ઘણો થાય, જંગલોમાં આગ લાગે, સુકી ચીજો બળી જાય, તથા હવા સુકી થઇ જાય. ૧૧° થી ૨૦°માં મોંઘવારી, દુકાળ ચાલે, ૨૧° થી ૩૦°માં સ્ત્રીઓનાં ગર્ભ અધુરે જાય, અને સ્ત્રીઓને મહા દુઃખ થાય.

વરખ રાશીમાં ૧° થી ૧૦°માં અંશે જાનવરોમાં મરકી ચાલે, ૧૧° થી ૨૦°માં કોઇ રાણી મરે, બીયાંનો પાક ખરાબ થાય, અને જમીન પાક નહીં આપે. ૨૧° થી ૩૦°માં અંશે પડે તો સાંપ અને પેટે ચાલનારાં જનાવરો પુષ્કળ સંખ્યામાં મરે.

મિથુન રાશીમાં ૧° થી ૧૦° માં નાટકનાં ધંધાદારીઓની હરીફાઇ ને દુશ્મની વધે. ૧૧° થી ૨૦°માં લશકરમાં ખળભળાત થાય, પ્રજામાં મતફેર થાય. ૨૧° થી ૩૦°માં કોઇ મોટા જાહેર પ્રખ્યાત માણસનું મરણ નીપજે.

કર્ક રાશીમાં ૧° થી ૧૦°માં લડાઇ થાય, ૧૧ થી ૨૦°માં પ્રજાને કરમાં વધારો થાય, તથા પ્રજા દુઃખી ને દલગીર થાય, ૨૧° થી ૩૦°માં સ્ત્રીઓમાં મરણ પ્રમાણ ઘણુંજ વધે, અને પ્રજામાં દળીદ્રતા ઘણી આવી પડે.

સીંહ રાશીમાં ૧° થી ૧૦°માં કોઇ રાજાને એકસીડંટ થાય, અથવા કોઇ મોટો માણસ મરે, ૧૧° થી ૨૦°માં રાજાને મુસાફરી કરવી પડે, ૨૧° થી ૩૦°માં લશકર અને પ્રજામાં બંડ ઉઠે.

કન્યા રાશીમાં ૧° થી ૧૦°માં માંદગી, અને પ્રજામાં આફત, ૧૧° થી ૨૦°માં વકીલ અને સલાહકારીઓમાં આફત અને મતફેર, ૨૧° થી ૩૦°માં માનવીઓને માંદગી ઘણી થાય.

તુલા રાશીમાં ૧° થી ૧૦°માં ઘણા મોટાં તુફાન થાય, ૧૧° થી ૨૦°માં હરેક ચીજ અને દરેક બાબદમાં ઘણુંજ ખરાબ. ૨૧° થી ૩૦°માં કોઇ મોટાં જાહેર માણસનું મોત કરે, ચીંતા ઉપજે.

વૃશ્ચિક રાશીમાં ૧° થી ૧૦°માં ધરતીકંપ, મોટું તોફાન, વીજળીનાં ચમકારા વીગેરે થાય, ૧૧° થી ૨૦°માં ફળનો તેલનાં બીયાંનો પાક સુકવી નાંખે તથા હવામાં ઉડતા રોગો, તાવ, અને મરકી ફેલાઇ. ૨૧° થી ૩૦°માં મરકી, દુઃખ, સખત રોગો, ખુના મરકી, મારામારી ગમખારી વીગેરે થાય.

ધન રાશીમાં ૧° થી ૧૦°માં ચોરી, દગાબાજી થાય, ૧૧° થી ૨૦° માં ઘોડા અને બળદો ને ચોપગાં જાનવરો મરે, ૨૧° થી ૩૦° માં માણુસ જાતમાં રોગ અને દુઃખ ઘણું ઉત્તપન્ન કરે.

મકર રાશીમાં ૧° થી ૧૦°માં દગો ફટકો, અને દલગીરી ઉપ-જાવનારૂં, કોઈ ભલા અને જાહેર પ્રખ્યાત માણુસનું ખુન થાય. ૧૧° થી ૨૦°માં લશકરીઓનો જુલમ વધે, કેદીઓપર સીતમ ગુજરે, અને ચોરી ને દગાબાજી ઘણી થાય, ૨૧° થી ૩૦°માં કોઇ રાજવંશીનુ મોત થાય.

કુંભ રાશીમાં ૧° થી ૧૦°માં અંગ્રે કોઇ રાજા માંદો પડે, ૧૧° થી ૨૦°માં પાક કમતી થાય, ને બીયાં નાશ પામે, ૨૧°થી ૩૦°માં દરેક બાબદમાં ગંભીર ફેરફાર થાય.

મીન રાશીમાં ૧° થી ૧૦°માં અંશે દેવળો, ધર્મનાં મકાનો, અને ધર્મગુરૂઓને નુકસાન પુગે, ૧૧° થી ૨૦°માં કોઇ મોટા માણુસનું મરણુ થાય, ૨૧° થી ૩૦°માં મોટી ચોરી ને લુટ થાય, અને દરીયા તથા ખુશકીમાં લુટાણું ઘણું થાય, ને પ્રજાપર સીતમ ગુજરે.

આ ઉપર લખેલાં ફળો ચંદ્ર ગ્રહણુને લગતાં છે, તે લખવા પ્રમાણે જ્ઞાનથી જોવાં.

મોટાં કંજંગશનોની દુન્યાપર અસર.

મોટાં કંજંગશનો યાને મોટા ગ્રહ જેવા કે **મંગળ, શની, ગુરૂ, હરશચલ** વીગેરે એક બીજાની સ્યુતીમાં કે સમાગમમાં આવે તેની અસર ઘણી તીવ્ર થાય છે. તે કંજંગશનો નીચે પ્રમાણે જાણવાં.

૧. **મંગળ અને ગુરૂનું** કંજંગશન દર ૨૭ મહીને પડે છે.

૨. **મંગળ અને શનીનું** કંજંગશન દર બે વર્ષે લગભગ પડે છે.

૩. **ગુરૂ અને શનીનું** કંજંગશન દર વીસ વર્ષે પડે છે.

૪. **શની અને હરશચલનું** કંજંગશન લગભગ દર ૪૫ વર્ષે પડે છે. માટે જે રાશીમાં એ યુતી અને કંજંગશનો થાય તેની અસર તે રાશીને લગતા મુળકોમાં ઘણીજ ખરાબ થાય છે, અને ત્યાં ખાના ખરાબી થાય છે, અને એ કંજંગશનોની અસર, જ્યાં લગી એ ગ્રહો પાછા એવીજ રીતનાં સમાગમમાં આવે, ત્યાં લગી તેની અસર રહે છે.

મંગળ અને ગુરૂનું કંજંગશન ધર્મ સંબંધી અને નાણાં સંબંધી ખટપટ ઉભી કરનારૂં છે. **શની તથા મંગળનું** કંજંગશન લડાઇ, બળવો, ખુન, તથા રાજવંશીઓને ભયમાં નાંખનારૂં છે. દાખલા તરીકે શની મંગળનું કંજંગશન થવાનાં પરીણામે, કુંભ રાશીમાં થવાથી, રૂશીયા જાપાનની લડાઇ થઇ, કારણકે કુંભ રાશી રૂશીયાને લગતી છે, ત્યાર પછી તેજ કંજંગશન મીન રાશીમાં થયું ત્યારે પોર્ટુગલના રાજાનું ખુન થયું. હાલનું છેલ્લું કંજંગશન મેષ રાશીમાં થયું તેથી ઇંગલંડનો રાજા કીંગ એડવર્ડનું મરણ નીપજ્યું, તે પછીનું કંજંગશન મંગળ શનીનું તા. ૧૬મી ઓગસ્ટ ૧૯૧૧માં થયું. જે વરખ રાશીમાં હોવાથી ઈરાંન તથા આયરલેન્ડને તેનું ફળ ખમવું પડ્યું. **સઉથી મુખ્ય કંજંગશન શની તથા ગુરૂનું છે,** કે જે વીસ વર્ષે એકજ વખત થાય છે, ને તેની અસર હમેશાં ચાલુ રહે છે, લગભગ બસો વર્ષ સુધી તેની અસર રહે છે, અને જ્યારે જ્યારે ગ્રહણ અથવા કોઇ બીજી એસપેકટસો ત્રાન્જીતમાં, જે રાશીમાં એ કંજંગશન થયું હોય, તે રાશીમાં થવાથી, ઘણી ભારી અસર તે વખતે થાય છે. છેલ્લું શની ગુરૂનું કંજંગશન ૧૯૦૧ નાં સાલમાં મકર રાશીમાં થયું છે. શની અને હરશચલનું કંજંગશન મરકી અને દુઃખ તથા દુકાળ ઉપર અસર કરનારાં છે, એની અસર કેટલાંક વર્ષ સુધી ચાલુ રહે છે. હીંદુસ્તાનમાં ભયંકર મરકી ફાટી નીકળવાની આગમજ છેલ્લું શની અને હરશચલનું કંજંગશન વૃશ્ચિક રાશીમાં થયું હતું. જોકે એ કંજંગશનોપર કાંઇ ઘણું ધ્યાન આપવામાં આવતું નથી, પણ સમાગમમાં કોઇ વખતે એ કજંગશનો ઘણીજ હૃદયભેદક અસર કરે છે, જેના પરીણામમાં ખાનાંખરાબી અને સત્યાનાશી સીવાય બીજું કશું હોતું નથી.

ધરતીકંપ.

મુંદન એસ્ટ્રોલોજીમાં ધરતીકંપનું ફળ, દુન્યાનાં કયા કયા ભાગોપર અસર કરશે, તે જાણવાનું ઉપયોગી થઇ પડે છે. ધર્તીકમ્પ થવાનુ મુખ્ય કારણ ગ્રહણ તથા સ્થીર રાશીઓ જેવી કે વરખ, સીંહ, વૃશ્ચિક અને કુંભ તથા ખાસ કરીને વરખ તથા વૃશ્ચિક રાશીમાં જે ગ્રહો હોય તેની ચાલ ઉપરથી માલમ પડે છે.

૧. ખાસ કરીને ધર્તીકંપ, ગ્રહણ પડવા પછી થોડાજ વખતમાં થાય છે, અને ખાસ કરીને જે મુળકોમાં ગ્રહણ "મેરીદીયન" અથવા "નાદીર"માં પડે છે, તેમાં જરૂર ધર્તીકંપ થવાનો ઘણો ભય રહે છે. વળી ગ્રહણ વખતે જો કોઇ ગ્રહ સ્થુલ રાશીમાં હોય, તો તે ગ્રહનો તે વખતે જે મુળકમાં ઉદય, અસ્ત, કે મધ્યાન અથવા નાદીર થતો હોય, તે તે મુળકમાં ધર્તીકંપ થવાનો સંભવ છે.

૨. દાખલા તરીકે જો શની તે વખતે સ્થીર રાશીમાં હોય, અને મેરીદીયનથી ૪૫ અંશે દુર હોય, તો તે પ્રમાણે મેરીદીયનથી જેટલી ડીગ્રી દુર હોય, તે પ્રમાણે આગળ કે પાછળનાં મુળકમાં ધર્તીકંપ થાય.

૩. ઘણું કરીને જ્યારે વરખ અથવા વૃશ્ચિક રાશીમાં ગુરૂ, શની, હરશચલ, મંગળ ગ્રહ આવેલા હોય ત્યારે ધર્તીકંપ થવાનો ઘણો સંભવ છે.

૪. મોટાં કંજંગશનો જ્યારે કુંડળીનાં ચોથાં ભુવનમાં થાય છે, ત્યારે પણ ધર્તીકંપ થવાનો સંભવ છે. દાખલા તરીકે એવાં કોઇ મોટાં કંજંગશનનો ટાઇમ સાંધી, તે ટાઇમની કુંડળી કાઢવામાં આવે, અને તે કંજંગશન જો તે કુંડળીનાં ચોથાં ભુવને પડે, તો તે વખતે જરૂર ધર્તીકંપ થાય.

૫. જ્યારે ભેસ્પતી વરખ અથવા વૃશ્ચિક રાશીમાં હોય અને તેની સાથે બુધ જો પેરેલલમાં અથવા તો ઓપોઝીશનમાં આવ્યો હોય તો ઘણોજ ગંભીર ધર્તીકમ્પ થાય.

૬. જો મેષ, કર્ક, તુલા અને મકર એ રાશીઓની પહેલી ડીગ્રીમાં જો ઘણા ગ્રહ એકઠા થાય તો જરૂર ધર્તીકમ્પ થાય.

૭. જ્યારે મોટા ધુમકેતુઓ, દુન્યાની નજદીકમાં, અથવા તો સુર્યની નજદીકમાં ફરતા ફરતા આવી લાગે છે, તો તે મુળકમાં જરૂર ધર્તીકમ્પ થાય.

ધુમકેતું.

કોમેટ યાને ધુમકેતુને માટે અસળવારેથી જગજાહેર છે કે, જ્યારેબી તેઓ આ દુન્યાપર દેખાવ દે છે, ત્યારે ઘણા માઠાં પરીણામો

બને છે. મરકી, દુકાળ, લડાઇ વીગેરે ઘણા ગંભીર બનાવો તે વર્ષોમાં બને છે. છેલ્લો ૧૯૧૦માં હેલીસ કોમેટ ફરીથી નજર પડયો હતો, એ નજર પડવાની લગભગ બે વર્ષ અગાઉથી ધર્તીકંપ થયા હતા.

એવું કહેવામાં આવે છે કે જ્યારે ધુમકેતુ યાને કોમેટનો ઉદય પુર્વ તરફ થાય, તો તે નીશાની હવે પછી કોઇ પેદા થનારા પયગમ્બર અથવા ધર્મ શીખવનારની જન્મ થવાની અગમચેતી તરીકે લેખાય છે, જો મધ્ય આકાશે અથવા દશમાં સ્થાને જો ઉદય થાય તો, કોઇ રાજવંશીની મોહટાઈ થાય છે, અથવા મોટો નવો પાદશાહ પેદા થાય છે. પણ જો પશ્ચિમ યાને સાતમાં ભુવનમાં ધુમકેતું ઉદય થાય તો ઘણી મોટી બાના ખરાબી થવાનો સંભવ જરૂર હોયજ છે. જો મેષ, કર્ક, તુલા, મકર એ રાશીમાં ઉદય હોય તો દેશનો રાજા મરે અથવા તો કોઇ મોટો માણસ મરે. જો વરખ, સીંહ, વૃશ્ચિક અને કુંભ એ રાશીમાં જો ધુમકેતું હોય તો પારકા મુળકો સાથે લડાઇ કરવી પડે, તથા ચઢાઇ થાય, જો મિથુન, કન્યા, ધન અથવા મીનમાં હોય તો, દેશમાં મોટો દુકાળ પડે ને ખરાબી થાય. જો કુંડળીને નવમે સ્થાને ધુમકેતું હોય તો ધર્મની મોટી ઉથલપાથલ અને નિંદા થાય, બારમાં સ્થાને અનાજનો દુકાળ પડે, અને આંઠમાં સ્થાને ઘણા મોંત થાય. જે રાશીમાં પહેલો ધુમકેતું દુન્યાને જણાય, તે રાશીને લગતા મુળકોમાં તેની ઘણી ગંભીર અને ખરાબ અસર થાય છે. ધુમકેતું અથવા તો પુછડયા તારા આ દુન્યામાં દેખાવ દે, એ બાબદનું ફળ એ છે કે, તેથી દુન્યામાં મહાન ફેરફારો થવાની વકી છે. ઇત્યાસમાં એવા દાખલા ઘણા નોંધાયલા છે. કહે છે કે અસળનાં વખતમાં જેરૂસલમ શહેર ઉપર એક લાંબી પુછડીવાળો તારો એક વર્ષ સુધી ચાલુ દેખાયા કીધો, જેથી ત્યાર પછી રોમનોના હાથે જેરૂસલમનો નાશ થયો. હાલમાં ૧૯૦૩નાં સાલમાં કુંભ રાશીમાં એક પુછડયો તારો જોવામાં આવ્યો હતો, હવે કુંભ રાશી રશીયાનાં મુળકને લગતી છે, તેથી રૂસ્યો જાપાનની લડાઇ થઇ અને તેમાં રશ્યાની હાર થઇ, વળી એ બાબેની જ્યોતીષી ગણીત એમ છે કે જ્યારે ધુમકેતું જે રાશીમાં જેટલા અંશ હોય, તે રાશીમાં રવી તેટલા અંશનો જ્યારે થાય, ત્યારે તેનું પુરૂં ફળ મળે છે, દાખલા તરીકે કુંભ રાશીમાં પુછડયો તારો

૧૯૦૩માં રશ્યાની રાશીનો થયો, હવે ફેબરૂઆરી મહીનામાં રવી, અંગ્રેજી પ્રમાણે કુંભ રાશીનો થાય છે, ત્યારે ફેબરૂઆરી માંસમાંજ રૂશ્યાએ જાપાન સાથ લડાઇ શરૂ કીધી હતી.

ચાલુ રોજની એસપેકટો.

રાફાએલની એફીમરીમાં દર વર્ષે, રોજની દરેક કલાકની ગ્રહોની એક બીજા સાથની એસપેકટસો આપેલી હોય છે. એ રોજની એસ-પેકટો જો ધ્યાન રાખી તપાસવામાં આવે તો તેથી ઘણીક બાબદો આગમજથી માલમ પડી શકે છે, કારણકે ઇન્ગ્રેશ કુંડળી, ચાંદરાત યાને ન્યુ મુનની દર મહીનાની કુંડળી વીગેરેનું ફળ એ રોજની એસપેકટો દેખાડી આપે છે, અને જે જે બાબદની એસપેકટો ન્યુ મુનની દર મહીનાની એસપેકટમાં હોય છે, તેનું ફળ સ્પષ્ટ દેખાડી આપે છે. જેમકે:—ચોક્કસ દીવસે બુધ અને મંગળ એક બીજાને ૯૦ અંશની પાપદૃષ્ટિ કરે છે, અને એ બે માંહેલો એકબી ગ્રહ જો ન્યુ મુનની કાઢેલી તે મહીનાની કુંડળીનાં બીજાં ભુવને પડેલો હોય તો જાણવું કે આ દીવસ પૈસા સંબંધી બાબદમાં યાને નાણાં બજારમાં ઘણો કમનસીબ જશે, અને જો તે બળવાન થઇને પડેલો હોય અથવા પાપદૃષ્ઠિ બરાબર અંશથી અંશ સુધી હોય, તો તે વખતનાં ન્યુસપેપરો વાંચ્યા કરવાથી હરેક ઠેકાણે એ દીવસે પૈસા સંબંધી નુકસાની, ખોટ અથવા દીવાળાં, કે કોઇપણ નાણાં સંબંધી બાબદની માઠી ખબર આવ્યા વગર રહેશે નહીં, અને એવી રીતે દરરોજની હરેક બાબદો વીચારવાની તક મળે છે, માટે એ બાબદનાં ખંતીલા અભ્યાસની જરૂર છે.. હવે વળી એમ પણ છે કે મુંદન અને ન્યુ મુનની કુંડળીઓ ઉપરાંત, રવી, ચંદ્ર, ગ્રહો વીગેરે એક બીજા સાથે જે હરપળે જુદી જુદી દૃષ્ટિમાં પંચાંગ પ્રમાણે આવે છે, તેઓ પોતે પણ જુદી જુદી અસરો તે દીવસોપર અને પોતાનાં અમુક વખતપર (કે જે વખતની ઘડીપળ પણ રાફાએલની એફીમરીમાં આપેલી છે) જુદી જુદી અસર કરે છે, જેમકે:—શુક્ર જો શની, મંગળ, કે હરશચલ ગ્રહની સાથે ૯૦ અંશ કે ઓપોઝીશનની પાપદૃષ્ઠિમાં આવે તો જાણવું કે, તે સમયે પ્યાર, મોહબત, ઘરસંસારી, અને બીજી સાધારણ બાબદોને

માટે ઘણોજ ખરાબ જાણવો. જ્યારે હરશચલ ગ્રહ ઘણોજ નાબળો અથવા સખત પાપદૃષ્ટિમાં પડેલો હોય, ત્યારે જાણવું કે પાર્લામેન્ટમાં, રાજસભામાં, સરકારી સભાઓમાં ઝગડો, વાદવિવાદ, તકરાર અને મતફેર જરૂર થશે, અને સમાધાનીથી કામ આગળ ચાલશે નહીં. ખાસ કરીને ચંદ્રની દરરોજની એસપેકટ શુભ અશુભ મુહરતો દેખાડે છે.

અમુક ગ્રહ મુંદનમાં કેઇ બાબદનો માલેક છે.

રવી, ચંદ્ર અને ગ્રહો મુંદન કુંડળીમાં અમુક ચીજનાં સીગનીફીકેટર કહેવાય છે, યાને ચોક્કસ ગ્રહ ચોક્કસ પ્રજા, ચોક્કસ મંડળ, ચોક્કસ રાજ્ય વીગેરે હરેક જુદી જુદી ચીજોપર મવકલ છે, જે ખુબ ધ્યાનમાં ગોખી રાખવાની જરૂર છે.

રવી=રાજા, ઊમરાવો, માજીસ્ત્રેટો, જડજો, પ્રધાનો અને દરેક સીવીલ્યન કે મોટી લાયકાતવાળો શક્ષ દર્શાવે છે.

ચંદ્ર=સાધારણ પ્રજા, ખાસ કરીને સ્ત્રીઓ, પ્રજાનાં ટોળાં, સાધારણ હરેક જાહેર પ્રજાને લગતી બાબદો દરશાવે છે.

બુધ=ન્યુસપેપરવાળા, છાપાખાનાવાળા, પરમુળકનાં એલચીઓ, ધંધાદારીઓ, વેપારીઓ, હુનર ઉદ્યોગ અને કેળવણીખાતાં તથા સાહીત્યને લગતી હરેક બાબદો ઊપર મવકલ છે.

શુક્ર=સ્ત્રીજાતી, પેન્ટર, ચીતારો, ગવયો, એકટર, લગ્ન, છોકરાં બચ્ચાં, અને જન્મ પ્રમાણ વીગેરે દેખાડે છે.

મંગળ=લશકરી સીપાહી, સરજ્યન, દરીયા અથવા ખુશકીનાં લશકરી અમલદાર, લડાઇ કજ્યો, ખટપટ, આગ, ધરતીકંપ વીગેરે બાબદપર મવકલ છે.

ગુરૂ=ધર્મ, ધર્મગુરૂઓ, અને ધર્મને લગતી બાબદો, જડજો, વકીલો, બેન્કરો, વેપારીઓ તથા હરેક કોર્ટ દરબારને લગતી બાબદો પર મવકલ છે.

શની=આ ગ્રહની ખાસ અસર બુઝર્ગ માણસોપર, માલગુજાર યાને જમીનનાં માલેકોપર, ખેડુતોપર, કોલસાની તથા બીજી ખાણોપર, તથા જમીનમાંથી મળેલા ધન ધાન્યાપર છે.

હરશાચલ=રેલ્વે ઉપર, સોસાયટીઓપર, એસોસીએશનો, પાણી અને ગેસખાતાંપર, હડતાલ, હુલ્લડ, અને એવી ખટપટો, કોરપોરેશન, મ્યુનીસીપાલીટી, બલુન અને હવાને લગતા સાંચાકામો, સાયન્સને લગતી શોધખોળ, એનારકી, રાજદરોહ, વીગેરે ઉપરાંત હાઇકલાસના એરીસ્તોક્રેટીક મંડળો વીગેરેપર મવકલ છે.

નેપચ્યુન=સોસીયેલીઝમ, સફ્રેગૅટસ, રાજદરોહ, છુપી મસલત, દગો, ચોરી લુચ્ચાઇ, દીવાળાં, વિશ્વાસઘાત, હરેક નીર્લજ અને કાયદાની વીરૂદ્ધ તથા રીતિનિતીથી ઉલટી બાબદો અને કામો, બોગસ જુઠ્ઠી કંપનીઓ, અને હરેક હલકી અને સર્વેથી નીચમાં નીચ કર્તવ્યો અને હવસો છે.

નોંધ:—હવે દરેક બાબદમાં ગ્રહનું ભુવન રાશી વીગેરે જરૂર તપાસવા, જેમકે જો નેપચ્યુન ગ્રહ દશમાં ભુવને ઇન્ગ્રેશની કુંડળીમાં કે બીજી મુંદન કુંડળીમાં આવે તો જાણવું કે **સોસોયાલીસ્ટો**, રાજા તથા સરકારની સામે એજીટેશન ચલાવશે. નેપચ્યુન જો બારમાં સ્થાને આવે, તો ઇન્સતીતુશનોને લગતી નાલેશી બાહેર આવે, નીંદા થાય, અને એવાં ખાતાંઓને લગતા માઠા સમાચાર મળે. એ પ્રમાણે ગ્રહ તથા તે જે ભુવનમાં હોય તેને લગતી સર્વે હકીકત જોઇ તપાસીને વીચારવી.

જુદા જુદા દેશ પ્રદેશની હકીકત માટે મુંદન કુંડળી કાઢવાની રૂઢી ને કાયદા.

મુંદન કુંડળી તદન સ્પષ્ટ કાઢવાની જરૂર રહેતી નથી, ગ્રહ અને રાશીનાં અંશજ ફક્ત હોય તોપણ ચાલે તેમ છે. એફીમરીમાં સાઇડ્રીયલ ટાઇમ ગ્રીનીચ મીન ટાઇમનો આપેલો હોય છે, તે સાઇડ્રીયલ ટાઇમ પ્રમાણે વેલાતની કુંડળી કાઢવી. રવીનો ઇન્ગ્રેશ યાને સંક્રાતી અથવા અમાસ કે પુનમની કુંડળી કાઢવી હોય અને તે વેલાતની નહીં કાઢતાં કોઇ બીજા મુળકની કાઢવી હોય તો, નીચે પ્રમાણેનાં કાયદા પ્રમાણે કુંડલી કાઢવી.

૧. પહેલે વેલાતની લંડનનાં લગ્નપતરૂ તથા એફીમરીનાં સાઇ-ડ્રીયલ ટાઇમ પ્રમાણેની કુંડલી જેમ સાધારણ જન્મ વખતે કાઢયે છીએ, તેમ કાઢવી.

૨. બીજું જે મુલકની કુંડલી કાઢવી હોય તે મુલકની લેટીત્યુદ તથા લોંજીત્યુદ લેવી અને તેને (આગલા ભાગોમાં આપેલા કોષ્ટક પ્રમાણે) અંશમાંથી કલાકમાં ફેરવવી, જો કોષ્ટક પ્રમાણે નહીં ફેરવી શકાય તો દરએક ડીગ્રીની ચાર મીનીટ, અને દરએક મીનીટની ચાર સેકન્ડને હીસાબે, લોંજીત્યુદ તથા લેટીત્યુદનાં અંશને ફેરવી નાંખવા.

૩. ત્રીજું જે પરદેશની કુંડલી કાઢવી હોય તેની લોંજીત્યુદ જો ગ્રીનીચની પુર્વે (east) હોય તો, વેલાતનાં સાઇડ્રીયલ ટાઇમમાં, લોંજીત્યુદનાં મેલવેલા કલાક તેમાં ઉમેરવા. જો પશ્ચિમ તરફની લોંજીત્યુદ હોય તો, (જરૂર પડવે ૨૪ કલાક ઉમેરી) પછી લોંજીત્યુદનાં મેળવેલા કલાક બાદ કરવા. જે આવે તે, તે મુલકનો સાઇડ્રીયલ તાઈમ જાણવો પછી તે મુલકને લગતાં લગ્નપતરૂમાંથી જોઇને કુંડલી હમેશ પ્રમાણે કાઢવી.

૪. ચોથું ફકત કુંડલીજ દેશપરદેશનાં ઉપર દરશાવેલા **લોકલ ટાઇમ પ્રમાણે કાઢવી,** પણ ગ્રહ તો જેટલે અંશ કલાએ લંડનની કુંડલીમાં આવે તેટલેજ અંશ કલાએ એમનાં એમ, જે લોંજીત્યુદની કુંડલી કાઢી હોય તેમાં મુકવા. ફકત ભુવનોનાં કશપરની રાશીનાંજ અંશ કલામાં વેલાત કરતાં સહેજ વધતો ઓછો ફરક પડશે, બાકી તો ગ્રહ તો એકજ અંશ કલાનાં સર્વમાં ચાલશે, કારણકે ગ્રહનું પ્રમાણ તો આખી દુન્યામાં એકજ સરખું જાણવું.

ભાગ ત્રીજો સમાપ્ત.

ભાગ ચોથો.

"મેડીકલ એસ્ટ્રોલૉજી."

આ ચોથા ભાગમાં માનવીની ઓલાદને ગ્રહો સાથે કેટલો સંબંધ છે, ગ્રહોની ગતીનાં વાઇબ્રેશનથી માનવીના શરીરિક બંધારણ ઉપર કેવી કેવી અસર થાય છે, તથા હરેક પ્રકારની વ્યાધી કેમ ઉત્તપન્ન થાય છે, અમુક માનવીનો બાંધો કેવો છે, દુઃખ દરદને લગતી બીજી અનેક બાબદો, દુઃખ દરદથી નીપજતાં મરણો, તેનાં કારણ, એ સર્વે હજારો વર્ષોના જુદા જુદા અભ્યાસીઓ, જ્ઞાનીઓ, અને વિધ્વાનોએ અનુભવેલી, અજમાવેલી, અને ખાત્રી કરેલી બાબદોથી તેનું વિધા-અનુસાર ફળ દરશાવવામાં આવ્યું છે.

કહે છે કે "પરમાણુઓના કાયદા પ્રમાણે (Atomic Law) વિધ્વાનો ઉત્પત્તીનાં કારણભુત લેખે પરમાણુઓની ગતિને લેખે છે, અને કહે છે કે એક મોટો નેબ્યુલી (યાને પરમાણુઓનો જથ્થો) પોતાની અતી ઝડપી ગતિને લીધે ફાટયો કે જેમાંથી હજારો સુર્યના જેવા તેજસ્વી જથ્થાઓ બાહેર પડયા, અને તેઓ પણ પોતાની ગતિમાં એટલા તો ઝડપથી ફરવા લાગા, કે ચોક્કસ કુદરતી દબાણોને લીધે તે ફાટીને તેમાંથી એક મોટો સુર્ય ઊત્તપન્ન થયો, તે સુર્ય પોતાની અતી ઝડપે ફરતાં, તેના ભાગો માંહેથી હાલનું આપણું ગ્રહ મંડળ છુટું પડી, પોતપોતાની ગતિ પ્રમાણે ફરવા લાગ્યું, એ ગ્રહ મંડળમાં આપણી પૃથ્વી પણ એક ગ્રહ ગણાય છે, અને એ પૃથ્વીનાં હજારો કાળનાં ઝડપી ફરવાથી પૃથ્વીનાં ગોળા માંહેલા અનુંઓ, જુદા જુદા પ્રકારના અનુંઓ સાથે ભેળાવાથી, જડ પદાર્થની અને હરેક વસ્તુની, પ્રાણી મંડળ, અને ઝાડપાન વીગેરે સર્વ ચીજોની ઉત્પત્તી થઇ. એ પ્રમાણે (Atomic Law) પ્રમાણુઓનાં કાયદાનાં સત્યને આધારે, માનવી કે જે પણ એજ

પ્રમાણુંઓથી બનેલું શરીર ધરાવે છે, તો દુન્યાની હરેક પેદાસ જડ-વાદ અને તેથી પણ ચઢતી કળાનાં અનુંઓ અને શકિતઓ સાથે તે સંબંધ ધરાવે છે. હાલનાં વખતમાં વિધ્યાથી પુરવાર થયું છે, કે અણુદીઠ સુક્ષ્મ પરમાણુંઓને વાઇબ્રેશન મારફતે, હવા માર્ગે એકથી બીજી જગ્યાએ મોકળી અસર થઇ શકે છે, (દાખલા તરીકે વાયરલેસ, ટેલીગ્રાફી, ટેલેપેઠી વીગેરે) તો તેજ પ્રમાણે ગ્રહોનાં અનુંઓ, પોતાની ઝડપી ચાલ અને જુદી જુદી ગતિઓથી, હરેક પ્રકારની ગતિનાં વાઈબ્રેશન કરે છે, જે આકર્ષણનાં કાયદા પ્રમાણે, એક બીજા તરફ ખેંચાઇને ભેળાય છે, અને તે ભેળાયલી જુદી જુદી શકિતઓ, ફરીને પોતાની ગતિ મારફતે બીજી ગતિઓ ઉત્તપન્ન કરે છે, જે ગતિઓ પોતાને ખેંચાણુ કરતી તેવીજ બીજી ચીજોમાં આમેજ થઇ, ભેળાઇને ચોક્કસ ફેરફારો કરે છે, અને એ ફેરફારોને આધારે આ જગત્તની ચાલુ ગતિ અને રચનાથી સર્વે લીલા વ્યાપી રહી છે.

હવે દુઃખ દરદ અને વ્યાધીની બાબદ ઉપર આવતાં જણાવીશું કે હજારો વર્ષ આગમજ પહેલવહેલી દવા દારૂની શોધ થવા અગાઊ, ફકત ગ્રહોની ચાલ અને ભકિતભાવથીજ દુઃખ દરદોનો ઉપચાર કરવામાં આવતો હતો, જેની સાહદતો, હજારો વર્ષની જુની વિધ્યાઓ અને રાહરસમો જે અસળનાં ઇજીપશીયનો તથા બીજી પ્રજાઓએ ગ્રહની ચાલ ઉપરથી અનુભવ, અખતરા, અને અજમાયસથી પુરવાર કરેલી દાખલાઓથી નોંધાયલી છે. આ ચાલુ જમાનામાં "પેરાસેલ્સસે" (Paracelsus) એ વિધ્યાનાં અખતરા અને અજમાયસ કરીને શરીરનાં બંધારણુ અને દુઃખ દરદોને તથા ગ્રહોની ગતિને કેટલો સંબંધ છે, તથા ગ્રહોનાં વાઇબ્રેશનની અસરથી શું શું પરીણામો નીપજે છે, તે સર્વે બાબદને લગતા વિધ્યા રચી છે, જેને "*Medicina adepta*" કહે છે. આ કાંઇ હસવા જેવી બાબદ નથી, પુરવાર થયલી, વિધવાનોએ તે પ્રમાણે અમળમાં મુકેલી, ખાત્રી કરેલી હજારો વર્ષની વિધ્યા છે, પણ માનવીની ઓલાદનાં કમનસીબે તેનાં માહાભારત સત્ય પુસ્તકો જમાનાનાં વહેવા સાથે નાશ પામેલાં હોવાથી હાલની ઓલાદને હાથ કાંઇ રહ્યું નથી, જે હાલમાં રહ્યું છે, તે ફકત તેનો નજીવામાં નજીવો અને છુટો છવાયો ભાગ છે, તે છતાં ખંતીલા અભ્યાસીઓએ તે ફઢી

પ્રમાણે ખંતથી ફરીને શોધખોળ ચલાવા માંડી છે, જેને પરીણામે ઘણી ભરૂસેદાર બાબદોની ખાત્રી થઇ છે, અને એસ્ટ્રોલૉજી ઉપર દીન પ્રતીદીન અજવાળું પડતું જાય છે.

આ મેડીકલ એસ્ટ્રોલૉજીમાં આપણને કોઇપણ ચીજ ધારી લેવાનું નથી, પણ ચોક્કસ ગણત્રીને આધારે આ વિધ્યાનું સત્ય બંધારણ કરવામાં આવ્યું છે, અને જમાનાઓ સુધી તેને લગતી તપાસ કરીને અમુક ગ્રહની અમુક અસર ચોક્કસ કરી છે, જે કોઇપણ માનવીનાં જન્મ વખતે થતા ગ્રહનાં વાઇબ્રેશનો પ્રમાણે અચુક અસર કરનારી નીવડી છે. આગળા ત્રણ ભાગો કરતાં આ ભાગ વધું સંગીન પાયા-પર રચાયલો છે, અને ગ્રહોની અસર કરતાં ગ્રહોનાં તત્વની બાબદ આવેલી છે, જેથી તે ઉપર ઘણો ભરૂસો મુકી શકાય તેમ છે. જો કોઇ શખ્સને હવે પછીનાં આવતાં વર્ષોમાં તેનાં શરીરની હાલતમાં બ્યાધીઓ કેવું રૂપ પકડશે તે જાણવાની ઇચ્છા હોય, તેનો ખરો ખુલાસો મેળવવો હોય, તથા તેનું પ્રમાણ અને ગંભીરતા જાણવી હોય તો, આ દરદોને લગતાં જ્યોતિષની વિધ્યા મારફતે જાણવાનું ઘણું અગત્યનું થઇ પડશે. આ બાબદમાં વહેમ જેવી કોઇ ચીજજ નથી. જન્મ વખતે થયલી ગ્રહોની અસર, માનવીની ઉમરનાં વહેવા સાથે અને તેમજ ગ્રહોની ગતિનાં ચાલવા સાથે અનુક્રમે ફેરફાર પકડતાં જાય છે, અને સોએ નવાણું ટકા, પાકટ ગણત્રીથી ગણેલી બ્યાધી તેનાં ખરાં સ્વરૂપમાંજ જણાય છે. ચાલુ જમાનામાં વિધ્યા પરમાણુંઓના તબક્કા તુલીક આવીને અટકી હતી, પણ હાલની સદીએ તો તેથી પણ આગળ વધી બીજા શુક્ષમ અનુંઓ જેવાં કે "*ion, corpuscle, electron*" ઇલેકટ્રોન વીગેરે શોધી કહાડયાં છે. આગળ દર્શાવવા પ્રમાણે જેમ અનુંઓ અને પરમાણુઓને જગત્તની હરેક ચીજો સાથે સંબંધ છે કે જે સંબંધ ગ્રહો તુલીકનું જોડાણ પુરવાર કરે છે, તેજ પ્રમાણે પરમાણું (Atom) પણ ખુદ પોતાની અંદર યાને પોતાનાં બંધારણની જગત્ત (Body of Atom)માં ગ્રહોના મંડળ માફક ઉપર દર્શાવેલાં શુક્ષમ પરમાણુઓનું ગ્રહ મંડળ ધરાવે છે. જેમ જગત્તનાં બંધારણમાં ગ્રહ મંડળ પોતાની ગતિથી ફેરફાર મચાવે છે, તેમ પરમાણુંનાં બદનમાં, તેવાંજ બીજા સુક્ષમમાં સુક્ષમ

પરમાણુંઓની ગતિ ચાલુજ છે, બલકે તે સુક્ષમોમાં પણ અણુદીઠ ગતિ ચાલુ હશેજ, કારણકે ચૈતન્ય વગરની કાંઇપણ ચીજ છેજ નહીં. એ પ્રમાણે હરેક ચીજમાં ગતિ અને ફોર્સ (Force) છે, કે જેનો સંબંધ જગત્તની એકેએક બાબદ સાથ વળગેલો છે. એ ફોર્સને લગતી અતિ ઉપ્યોગી બાબદો અને બંધારણ તથા સાઇકોલોજી અને તેની સુક્ષમ બાબદોની પુરી માહીતી માટે, હમોએ પ્રગટ કરેલું "ધી પ્રેકટીકલ સાઇકોલૉજી" નામનું પુસ્તક જરૂર વાંચવાની ભલામણ કરીશું.

હવે **મેડીકલ એસ્ત્રોલૉજી**માં બે શબ્દ સમાયલા છે, એક તો **મેડીકલ** અને બીજો **એસ્ત્રોલૉજી** તેનો ખુલાસો નીચે પ્રમાણે છેઃ—

૧. **મેડીકલ**:—યાને દવાદારૂ, વૈદાંને લગતી હવે દવાદારૂ ઉપરાંત એમાં બે હાલત સમાયલી છે, એક તો **તંદરૂસ્તી** અને બીજી તો **માંદગી** છે.

તંદરૂસ્તી યાને શરીરનાં એકેએક અવ્યવોની આરોગ્ય હાલત, ને કહે છે તેમજ તે હાલતો પોતપોતાની નીયમીત ગતિમાં કામ કરી શરીરનાં ચોક્કસ ભાગોને નીયમીત કાર્યો કરતાં પોતપોતાની ગતિમાં ચાલુ રાખે છે.

માંદગી યાને દુઃખ દરદથી શરીરનું ચઇતન્ય ઓછું થાય છે, અને એક અથવા વધુ શરીરનાં અવ્યવો પોતાનાં કાર્યોમાં અનીયમીત થવાથી વ્યાધી ઉત્તપન્ન થાય છે. તેનાં મુખ્ય કારણ બે છે.

(ક) શરીરનો બાંધો જન્મથીજ નબળો હોવાથી, અથવા તો વંશપરંપરા ઉતરી આવેલાં કુટુંબી દરદથી, અનીયમીત ખાવાપીવાથી અથવા સંસાર સ્થીતીમાં જોગવાઇ નહીં હોવાથી દુઃખ દરદો થવા પામે છે.

(ખ) બીજું કારણ હવા અને રૂતુનાં ફેરફાર, ગરમી સરદી, ઝેર, અકસ્માત, અને ચેપી ઉડતા રોગો મારફતે ઉત્તપન્ન થયલી વ્યાધીઓ છે. એટલા માટે તંદરૂસ્તી માટે માણુસનું શરીર મજબુત બાંધો, તથા સારી મગજશકિતની જરૂર છે. એ પ્રમાણે **મેડીકલ** શબ્દનો અત્રે આ ભાવાર્થ થાય છે.

૨. **એસ્ટ્રોલૉજીને** માટે જાણવાની જરૂર છે, કે માનવીને ગ્રહો જન્મનાં વખતે જે અસર કરે છે, તેથી અસરને કારણ ભુત રૂપ મળી બાધી થાય છે. અને તેઓની સ્પષ્ટ જુદી જુદી અસરો છે, એ અસરોનું પ્રમાણ કંઇ ખ્યાલી નથી, પણ સત્ય છે, કે જે હજારો દાખલાઓથી માહાન વિધ્વાનોએ સાબેત કર્યું છે. એ કાંઇ ઢંબગ અને વ્હેમ જેવું નથી, પણ સાયન્સ યાને વિધ્યાએ પુરવાર કર્યું છે, કે આખાં ગ્રહ મંડળનો સઉથી નાનામાં નાનો ચંદ્ર માહાસાગરના હજારો ટન વજન અને હજારો ફેધમ ઊંડાઇ તથા હજારો માઇલના વીસ્તારપર પોતાની ગતિની અસર કરી ભર્તી ઓટ કરે છે, ગ્રહોનાં ફેરફારથી પૃથ્વી ઉપર રૂતુનાં ફેરફારો થાય છે, અને આગળ જણાવવા પ્રમાણે પરમાણુઓના કાયદા (Atomic Low) પ્રમાણે જ્યારે અનેક તત્વોને એક બીજા સાથે સંબંધ છે, તો દુન્યાની ભારીમાં ભારી વસ્તુઓને અસર કરનારા ગ્રહો, દુન્યાની બીજી અબજો ટનની ભારી વસ્તુઓને અસર કરે છે, તો તે સરખામણીમાં તનખાંભાર માનવીનું પંચભુતી શરીર શું બીસાતમાં છે. અને એ સત્યથી પુરવાર થાય છે કે માનવીને પોતાનાં પેદા થવાની ઘડીપળથી તે મરણ અને નાશની ઘડી સુધી, એ ગ્રહો અને સેતારાઓ સાથે ચાલુ સંબંધ છે. જેમ માનવીનાં શરીરનાં અવ્યવો છે, કે જેનાં ચાલવાની ગતિથી માનવીની જીંદગી છે, તો તે પ્રમાણે ગ્રહો મંડળ પણ આખી જગત્તનાં બંધારણ માંહેલા અવ્યવોમાંનું એક છે, અને જેમ શરીરનાં અવ્યવો પોતાની ગતિથી ચોક્કસ કાર્યો કરી શરીરનું પોષણ કરે છે, તેમ ગ્રહ મંડળ પોતાની ગતિથી જગત્તનાં ચોકસ ભાગ યાને પુથ્વીને મોટે ભાગે અસર કરે છે, એ પ્રમાણે આપણે જેબી ચીજમાં જ્યાંબી જોઇશું તે આપણો વીચાર ચલાવશું તો અંતમાં પરમાણુંઓનો કાયદો (Atomic Law) સીવાય બીજું કંઇપણ દેખાવમાં આવશે નહીં. સુક્ષમમાં સુક્ષમ આગળ વધતાં અણદીઠ **ગતિ** (Force) આગળ માનવીની સમજનો છેડો આવે છે.

અત્રે બે શબ્દ આપણે દોકટરી વિધા માટે લખીશું. અસળના જમાનામાં હરેક વૈદો દરદનાં બીજાં કારણો ઉપરાંત ગ્રહની ચાલ અને માનવીનાં જન્મ વખતનાં સંજોગોની પણ તપાસ કરતા હતા,

કે જેથી દરદીનાં દુઃખનો ખરો ઉપચાર થઈ શકતો હતો. જમાનાના વહેવા સાથે દોકટરી વિધ્યા આજે બીજી વિધ્યાઓની સંક્રમાં સર્વેથી આગળ વધેલી વિધ્યા છે, તોપણ તેમાં કેટલીક વખતે જાહેર સંજોગો કરતાં ગ્રહ સંજોગથી જે દુઃખ થાય છે, અને કેટલીક વખતે તે દુઃખો પરખાતાં નથી, તેમજ તેની ઉપર કંઇપણ ઉપચાર લાગુ પડતો નથી, કેટલાંક ભયંકર ઓપરેશનોમાં કાંટાનું કટેસર થઈ જાય છે, દવા કોઇને ગરમ પડી જાય છે, તો કોઇને સરદ માલમ પડે છે, વળી દવાની કાઉન્ટર અસર થવાનો સંભવ રહે છે, અને એ પ્રમાણે આ શ્રેષ્ટ વિધ્યા ગ્રહોનાં શરીર સાથનાં બંધણની અસરનાં ગ્નાનની ગેરહાજરીમાં ચોકસ ઇચ્છા પ્રમાણેના ઉપચાર થઇ શકતા નથી. અત્રે આ બાબદની તકરારમાં ઉતરવાનું શુભ થઈ પડશે નહી, માટે એટલુંજ કહીશું કે, આપણે અસળની રૂઢીઓને ગાળી ગાળી તેને સુધારાની ટોંચે પુગાડી અંતે હવે થોકરાઇને અનુભવ મેળવતા, ધીમે ધીમે આપણુ પાછલા જમાનાનીજ રાહ રસમોપર આવતા જઈએ છીએ. હાલમાં આ વિધ્યા તરફ વિધ્વાનોનું પાછું લક્ષ લાગું છે, એવે પ્રસંગે દોકટરો અને વૈદો, પોતાનાં ધંધાના ગ્નાન ઉપરાંત એસ્ત્રોલૉજીની આ વૈદક શાખાને લગતું, ગ્રહોની શરીરની બાહેર તથા અંદર અને અવ્યવોનાં ભીત્તર ઉપર અમુક અસર કેમ થાય છે, તેના કારણો વીગેરે સર્વે બાબદને લગતું ગ્નાન મેળવતા જાય, અને પોતાનાં ધંધામાં તેનો ઉપ્યોગ કરે તો તેઓને કાંઇપણ નુકસાન જવાને બદલે, તેઓ ઘણી સારી રીતે દુઃખ દરદનાં કારણો પોતાની વિધ્યાનાં ગ્નાનથી પારખવા ઉપરાંત, એસ્ત્રોલૉજીનાં ગ્નાન મારફતે તેની ખરી સ્થીતી જાણીને તાલો મેળવી શકશે, એ ચોક્કસ છે. અત્રે એવી કાંઇ ભલામણ કરી શકાતી નથી કે, દરેક દોકટરે જોશી થવું જોઇએ, પણ એટલું તો ભાર મુકી કહી શકાય છે, અને બને તો લંબાણ તકરારથી પુરવાર પણ કરી આપી શકાશે, કે દોકટરોને શરીરનાં અવ્યવોપર ગ્રહની થતી અસરો માટેનું ચોકસ ગ્નાન હોવુંજ જોઇએ. એક નાનામાં નાનો ગ્રહ ચંદ્ર દુઃખ દરદો ઉપર કેટલીક અસર કરે છે, અને ગ્રહો તથા રાશીઓને દુઃખ દરદો ઉપર કેટલો કાબુ છે, તે સર્વે બનતી જોગવાઇથી દેખાડી આપવાની કોશેષ કરી છે. "એટલું તો ખરૂંજ છે કે દોકટરોએ,

એ બાબદનો દ્રઢ અભ્યાસ કરી, તે અભ્યાસને પોતાનાં ધંધા સાથે સાથે ઉપયોગમાં લઇ, તે મારફતે ખરી ખોટી સાબેત કરી એ વિધ્યાને આગળ અને આગળ વધારી અસળ જમાનાની ઊંચ પંકતીપર પાછી લાવી મેળશે. જમાનો ઢળતો જાય છે, અને હવે પછીની ઓળાદ એવું જોવા પામશે એમાં શક નથી. કારણકે સ્થુલ બાબદો પરથી અર્ધનકર, અર્ધનકરપરથી પ્રવાહીની વિધ્યાઓ અનુગ્રહ કરતાં પછી તેથી પણ સુક્ષમ ગેસ, હવા અને વીજળી ઉપર આવ્યા છીએ, ચાલુ સદીમાં હવે સુક્ષમ અનુંઓને લગતી વિધ્યા અને ઘણીક સુક્ષમ શકિતઓ અને ચૈતન્યો તરફ શોધખોલની શરૂઆત થઇ ચુકેલી છે, ને જેમ જમાનો આગળ વધતો જશે, તેમ એવી રીતે એક પછી એક અણુદીઠ અસરો અને શકિતઓની વધુ શોધખોળ થતી જશે. હાલમાં એસ્ત્રોલૉજી પશ્ચિમ તરપ ઘણી આગળ વધતી જાય છે, ને આ દેશમાં પણ હવે એકવાર પરીને તે પોતાની અસલી શ્રેષ્ટ હાલતપર આવવા પામશે. ”

(ક) ઉપર દરશાવ્યા પ્રમાણે હવે જ્યોતીષ વિધ્યાને શરીરનાં બંધારણ, રોગ, તંદરૂસ્તી વીગેરે સાથે નીકટ સંબંધ છે. રવી પુરૂષની તંદરૂસ્તીનો માલેક છે, જ્યારે સ્ત્રીની તંદરૂસ્તી ઉપર ચંદ્રની અસર છે, પણ જન્મ વખતે જે રાશી ASC પહેલાં ભુવને ઉદય થાય છે, તે રાશી તો બેઉનો યાને નર તેમજ નારીનો શરીરિક બાંધો, જોર, દેખાવ, વીગેરે સર્વ દરશાવે છે, તેમજ તે ઉપર અસર કરે છે.

(ખ) જન્મ કુંડળીનું છઠું ભુવન, માનવીનો રોગ તથા દુઃખ દરદ કયા ભાગ ઉપર છે, કેવી પ્રકારનું છે તે છઠ્ઠાં ભુવનનાં કક્ષપર આવેલી રાશી, તેમજ છઠ્ઠાં ભુવનમાં બેઠેલા ગ્રહો વીગેરે ઊપરથી માલમ પડે છે.

(ગ) આંઠમું ભુવન, તે માંહેલી રાશી તથા ગ્રહ મારપતે, માનવીનું કયા રોગથી અને કેવાં કારણથી મરણ નીપજશે, તે જણાય છે.

(ઘ) ચોથું ભુવન કે જે માનવીની છેલ્લી જીંદગી યાને જીવતી જીંદગીનો છેલ્લો વખત દરશાવે છે, તે પણ આ બાબદમાં ઘણી

અગત્ય ધરાવે છે કારણકે તેમાં રહેલા ગ્રહો જ્યારે રવી કે ચંદ્રને પાપદૃષ્ટિ કરે છે, ત્યારે ગંભીર અસરો થાય છે અને તેની ઉપર તંદરૂસ્તી અને માંદગીનો મોટો આધાર રહે છે.

રાશી મંડળ અને શરીરનો સંબંધ.

માનવીનાં શરીરને, રાશી મંડળ માફક બાર ભાગમાં વ્હેંચી નાંખી, તેના દરેક ભાગ ઉપર એક એક રાશીને મવકલ કરેલી છે. અને એવી રીતે બાર રાશી, શરીરનાં બાર ભાગ અથવા બાર મુખ્ય અવ્યવો ઉપર અસર કરે છે, એટલું છતાં કેટલીક વખતે એ બારે આખા અવ્યવ કરતાં, તે માંહેલા કોઇક અમુક ભાગપર અસર થાય છે, ત્યારે ગુચવાડો ઉત્તપન્ન થાય છે. વળી એટોમીક (Atomic) કાયદાઓ પ્રમાણે એક ભાગ ઘણા બીજા ભાગોનો બનેલો છે, દાખલા તરીકે માથું, મોઢું અને ચ્હેરો, એ શરીરનો એક અખંડ ભાગ થયો તેની ઉપર મેષ રાશીની હકુમત છે, છતાં નાક કે જે પણ એજ હકુમતની અંદર સમાયલું છે, તેની ઉપર વૃશ્ચિક રાશીની અસર છે. બીજા દાખલા તરીકે સીંહ રાશી હૃદયના આખા ભાગ ઉપર કાબુ રાખે છે, પણ હૃદયને લગતા અનેક જુદી જુદી ગતિ અને ભાગોમાં જે દરદ થાય છે, તે સમજવાને માટે ઘણી ગુંચવણ ઊભી થાય છે, અને હૃદયનું દરદ થયું, પણ કયા ભાગમાં, કેવી જાતની ગતિમાં અને કેવાં કારણથી થયું તે સર્વે જાણવાનુ મુશકેલ થઇ પડે છે, કારણકે એક અવ્યવનો ભાગ એક રાશી, આખા ભાગ તરીકે કાબુમાં રાખે છે, પણ તે માંહેલા જુદા જુદા તત્વોને જુદા જુદા ગ્રહો યાને પંચ ભુતી તત્વોનું બનેલું હોવાથી જુદી જુદી અસર થાય છે. અને તેટલા માટે એક રાશી ઉપર દરશાવ્યા પ્રમાણે શરીરનાં બાર ભાગ માંહેલા એક ભાગપર અસર કરે છે, જ્યારે તેનાં તત્વો અને સુક્ષમ ગતિઓપર ગ્રહોનો અમલ છે. માટે રાશીઓની બાર શરીરના ભાગપર કેવી રીતે અસર છે તે તપાસવાની જરૂર છે. શરીરનાં બાર ભાગ છે, તેમજ રાશી મંડળમાં પણ બાર રાશી છે, તે રાશીઓ પોતાનાં મવકલ કરેલા અમુક ભાગપર ત્રણ જાતની હકુમત કરે છે. ૧. બાહેરની (External) ૨. ભીત્તરની (Internal) ૩. હાડકાંનાં બંધારણને

લગતી (Structural) એ ત્રણ ઉપરાંત, રાશીઓનાં પંચભુતી તત્વ પ્રમાણે, ૪. તત્વને લગતી (Elemental) અને ૫. અવયવોનાં બાંધાને લગતી (Constitutional) છે.

૧. **રાશીઓની શરીરનાં બાહેરનાં ભાગપર હકુમત** (External Rulership) **મેષની** માથાં તથા મોઢાં ઉપર, **વરખની** ગરદન તથા ગળાં ઉપર, **મિથુંનની** ખભાં, બાજુ અને હાથ ઉપર, **કર્કની** છાતી, આંચળ, અને (Epigastric region). **સીંહનું** બરડાનો કાંઠો અને પીઠ, **કન્યાનું** પેટ, આંતરડાં, અને પેટની પાછળનો ભાગ. (Umbilical region), **તુલાનું** ચામડી તથા ડુટીની પાછળનો કમરનો ભાગ (Lumber region) પાંસરાં, **વૃશ્ચિકની** પીસાબનો માર્ગ, પીસાબનો ફુકો, ખાનગી ઇંદ્રી, ઝાડાનો માર્ગ, **ધનનો** જાંગ તથા વંચારા, **મકરનો** જાંગનો નીચલો ભાગ, પાછળો ભાગ અને ગુંઠણ, **કુંભનો** પગનાં ટેટાં તથા નળો, અને **મીનની** હકુમત પગની પાતલી, આંગળાં વીગેરે ઉપર છે.

૨. **રાશીઓની ભીત્તરનાં ભાગોપર અસર**=(Internal Rulership), **મેષની** ભેજાંપર, **વરખની** (Gullet, larynx, cerebellum) ગળાંની નળી, ઘાંટું, ગળાં અને ગરદનનો આગળો તેમજ પાછળો ભાગ. **મિથુંનની** ફેફસાં, દમ, લોહી. **કર્કની** પેટ, હોજરી, પાચનશક્તિ વીગેરે. **સીંહની** હૃદય ઉપર, **કન્યાની** પેટનો માંહેલો ભાગ આંતરડાં વીગેરે. **તુલાનો** ગુરદા ઉપર, **વૃશ્ચિકનો** ઇંદ્રી તથા પીસાબનાં ફુકકાનો માંહેલો ભાગ. **ધનનો** નસો, ધોરી નસો તથા રગો ઉપર. **મકરનો** હાડકાં તથા સાંધાઓ ઉપર. **કુંભનો** લોહીના ફેરાવા ઉપર (Circulation) અને મીન રાશીનો માસનાં લોચાઓ તથા માસની ઉપરની જીલ્લી તથા શાખાઓને પોષણ કરનારાં પડોનો (Lymphatic system) જથ્થો વીગેરે ઉપર અસર છે.

૩. **રાશીઓની હાડકાંનાં બંધારણ ઉપર અસર**= (Structural rulership). **મેષની** અસર માથાંની ખોપરી તથા મોઢાં ઉપરનાં સર્વ હાડકાંઓ ઉપર (Carnium and facial bones) **વરખની** ગળાંનાં હાડકાંઓ ઉપર. **મિથુંન** ખભાનાં હાડકાં, હાંસરી, હાથ અને બાજુના હાડકાં. **કર્કનો** છાતીના હાડકાં તથા છાતીની રીબો

સીંહની બરડાની કરોડ ઉપર. **કન્યાની** બરડાની કરોડના નીચલા ભાગનાં હાડકાં. **તુલાની** કમરની પાછળના ભાગના હાડકાં. **વૃશ્ચિકની** ઝાડાનાં માર્ગ તથા ઇંદ્રી વીગેરેની આજુબાજુના ભાગના હાડકાં ઉપર (Pelvic bones). **ધનની** જાંગ તથા વંચારાના હાડકાં. **મકરની** પગનાં સાંધા અને ગુઠણની ઢાંકણીનાં હાડકાં. **કુંભની** પગની નીચલી ગુંટી તથા નળાનાં હાડકાં, અને **મીનની** અસર પગનાં આંગળાં અને પાતળીનાં હાડકાં ઉપર છે.

૪. **રાશીનાં તત્વની શરીરનાં ભાગોપર અસર** (Elemental rulership).

અગ્ની તત્વને લગતી રાશીઓ જેવી કે ♈ ♌ ♐ ની અસર માથું, મોઢું, હૃદય, પગનો ઉપળો ભાગ, અને જાંગ વીગેરેપર છે.

ખાકી તત્વને લગતી રાશીઓ ♉ ♍ ♑ ની અસર ગળું, પેટ, ગુઠણ અને ચામડી વીગેરેને લગતી અસર કરે છે. **વાયું તત્વ** ♊ ♎ ♒ ની અસર ફેફસાં, દમ, ગુરદા અને લોહી ઉપર છે, અને **પાણી તત્વ** ♋ ♏ ♓ ની અસર હોજરી, પાંચનશકિત, ઝાડો, ઉલટી વીગેરે (Excretory system) તથા પગ ઉપર છે.

૫. **શરીરનાં બાંધાને લગતી રાશીઓની અસર** (Constitutional rulership).

કારડીનલ (Cardinal) ૧, ૪, ૭, ૧૦ રાશીઓની અસર માથું, હોજરી, ગુરદા, ચામડી.

ફીક્ષ્ડ (Fixed) ૨, ૫, ૮, ૧૧ રાશીઓની અસર ગળું, હૃદય, ઝાડો, વોમીટ, લોહી, વીગેરે ઉપર છે.

કોમન (Common) ૩, ૬, ૯, ૧૨ રાશીઓની અસર ફેફસાં, પેટ, રગો, પાંચનશકિત વીગેરે ઉપર છે. એ ઉપરાંત **નર** રાશી અને **નારી** રાશીની અસરો છે, તેમજ **પોઝીટીવ** અને **નેગેટીવ** રાશીઓની પણ અસરો છે, જેમકે એકીની રાશીઓ પોઝીટીવ અને બેકીની રાશીઓ નેગેટીવ છે. જે પોઝીટીવ રાશીઓ છે તે મજબુત છે અને નેગેટીવ રાશીઓમાં બાંધો કોમળ હોય છે. જન્મકાળે પહેલાં ભુવને જે રાશી હોય તેનું બળ ઉપર પ્રમાણે જોવાથી માલમ પડશે.

ગ્રહોની શરીરપર અસર.

રાશીઓ જેમ જુદા જુદા શરીરનાં ચોક્કસ અવ્યવોપર અસર કરે છે, તેમ ગ્રહો પણ પોતાની માલેકીને લગતી જુદી જુદી અસરો કરે છે.

રવી=પુરૂષનાં જીવનનું પોષણ કરનાર રવી છે, એની **અસર** જીવનશકિત આપનાર, ગરમ, સુકકો અને બંધારણ કરનારો છે (Constructive) એનો અમળ હ્રદય, જીવનશકિત, લોહી અને ભેજું, પુરૂષની જમની આંખ અને સ્ત્રીની દાબી આંખ ઉપર છે.

ચંદ્ર=સ્ત્રીની તંદરોસ્તી, જીવનશકિત અને જીંદગીનો માલેક ચંદ્ર છે, અને કુદરતની હરેક ચીજને અસર કરનારો છે. એની **અસર** ઠંડો, ભીનાસવાળો, અને સમેલણ (Assimilative) કરનારો છે, અને એનો અમળ છાતી, હોજરી, શરીર માંહેલી પ્રવાહી અને જાલાંઓ, પુરૂષની દાબી આંખ અને સ્ત્રીની જમની આંખ ઉપર છે.

બુધ=મનશકિત, ભેજું વીગેરેનો માલેક છે અને ઘણો ચીત્ર વિચીત્ર ખવાસનો છે, એની ખાસીયત એવી છે, કે જેબી કોઈ બીજા ગ્રહનાં ધાડા સંબંધમાં એ આવે છે, તો પોતાની અસર તે સંબંધમાં આવેલા ગ્રહનાં જેવી કરી મુકે છે, એનો અમળ શરીરની રગો, નર્વસ સીસ્ટમ (Nervous system) ફેફસાં, જીભ, બોલવાનું, હાથો, પોંહોચા અને મોઢું તેમજ બાળ પણ એનાં અમળ હેઠળ છે.

શુક્ર=એ ગ્રહ ગરમ અને ભીનાસવાળો છે અને ગળાં, હડપચી, ચ્હેરો, ગાળ, નસો તથા ઇંદ્રીનાં માંહેલા ભાગો અને નસો ઉપર અસર કરે છે.

મંગળ=ગરમ, સુક્કો અને સોજા ઉત્તપન્ન કરનારો લોહીયાર અસરનો છે, અને નાક, કપાળ, પીત્ત, માસના લોચા, સ્નાયુઓ અને ઇંદ્રીનો બાહેરના ભાગ ઉપર અમલ કરે છે.

ગુરૂ=નરમ, સમધાટ, ગરમ અને ભીનો ખવાસ ધરાવે છે, એનો અમલ લોહી, કલેજું, ધોરી નસ જમણો કાન, (Pleura) છાતી

ઉપરની ચામડી, તેમજ શરીરમાં પેવસ થતી અને હરેક ચીજોને ચુસી લેનારૂં કાર્ય (Absorbative system) કરતી શકિત ઉપર છે.

શની=ઠંડો, સુક્કો, સંકોચાતો, અડચણુ કરતો ખવાસ ધરાવે છે, અને એનો અમલ હાડકાં, સાંધાઓ, તલ્લી, દાંત, ગુઠણુ, કફ અને શરીરમાં રહેતી જુદી જુદી પ્રવાહીઓ મારફતે અર્ક અને કુચાને છુટી પાડનારી ગતિ યાને (Secretive system) ઉપર છે.

યુરેનસ=હરશ્રચલ ગ્રહ ઠંડો, સુક્કો અને લોહચુંબક તથા વીજળીક શકિત ધરાવે છે, અને ખાસ કરીને શરીરની રગો તથા ચૈતન્ય શકિત ભેજાંની અંદરની પ્રવાહી તથા અવ્યવો, બરડાનો કાંઠો અને શરીરનું તંદરોસ્તીવાલું તેજ યાને ફરવશી અથવા **ઑારા** (Aura) ઉપર તે હકુમત ધરાવે છે.

નેપચ્યુન=ગરમ, ભીનાસવાલો અને હીપ્નોટીક અસર કરનારો છે, એનો અમળ કેટલેક દરજ્જે આંખ અને ભેજાં ઉપર છે, પણુ ખાસ કરીને મનશકિત તથા વિચારશકિત તથા પ્રવાહી શકિતઓ અને ભેજાં ઉપર છે.

અત્રે લખવાની જરૂર છે કે જો કે અમુક ગ્રહ અમુક શરીરનાં અવ્યવ કે ભાગ ઉપર અસર કરનારો છે, તેથી કાંઇ એમ નહી સમજવું કે તે ગ્રહ શરીરનાં બીજા ભાગો ઉપર અસર નહીં કરશે, પણુ ગ્રહો જેવી જેવી રીતે એક બીજાના સમાગમમાં આવતા જાય તેવી તેવી રીતે શરીરનાં જુદા જુદા ભાગોને પોતાનો તે ભાગપર અમલ નહીં હોવા છતાં પણુ અસર કરે છે, માટે હરેક ગ્રહનાં સમાગમો અને એસપેકટોપર ખુબ ધ્યાન આપવાની જરૂર છે.

તંદરૂસ્તી અને શરીરનો બાંધો.

એક જન્મ કુંડળીપરથી માનવીની તંદરૂસ્તીની પરીક્ષા કરવા માટે તથા તેનો નીર્ણય જાણુવા માટે મુખ્ય ત્રણુ બાબદો પહેલે જોવાની જરૂર છે.

૧. **જન્મ લગ્ન** યાને **પહેલું** ભુવન તેની રાશી વીગેરે.

૨. **ચંદ્ર અને છઠ્ઠું રવી.**

જન્મ લગ્ન શરીરની મજબુતી કે નબળાઈ દેખાડે છે, શરીરનો ઘાટ ઘટમ બતાવે છે, અને શરીરનો કયો ભાગ ઘણું કરી દરદી અથવા દુઃખી થશે તે, જન્મ કુંડળી માંહેલી રાશી જે ભાગ ઉપર મવકલ હોય તે જણાવે છે. **ચંદ્ર** તો સ્ત્રીને જીવન તત્વ અને ચૈતન્ય આપનારો પ્રાણપદ છે, અને તેનાં ભુવન, રાશી, બળ, અને એસપેકટ પ્રમાણે સ્ત્રીની તંદરોરતી, માંદગી, અને અંત સમજાવે છે, જ્યારે **રવી** સર્વ રીતે જીંદગી આપનારો, જીવનું પોષણ કરનારો, તંદરૂસ્તીનો માલેક, હૃદય તથા જીવનશકિતનો માલેક તથા તેનાં ઉદય અને અસ્ત ઉપર પુરૂષ તેમજ સ્ત્રીનો, બંન્નેનાં હૃદય તથા જીવન તત્વનું બળ જણાય છે જો રવી ઉદયનો હોય પૃથ્વીની ઉપર હોય તો હૃદય તથા બાંધો મજબુત હોય છે. જો રવી અસ્તનો હોય અથવા પૃથ્વીની તલેટીમાં હોય તો બાંધો નબળો હોય છે.

રવી=જો કે સર્વ ચીજનો ચૈતન્ય આપનારો છે, છતાં તે પુરૂષની કુંડળીમાં, પુરૂષની તંદરૂસ્તીનો ખાસ માલેક છે, અને તેનાં બળ, ભુવન, રાશી, ઊંચ નીંચ વીગેરે તથા બીજા ગ્રહોની એસપેકટ પ્રમાણે તે પુરૂષની જીંદગી લાંબી કે ટુંકી દેખાડે છે. સ્ત્રી પુરૂષ માટે ચંદ્ર અને રવી તથા લગ્ન જ્યાં સુધી ઘણીજ ખરાબ રીતે પાપદૃષ્ટિમાં આવે નહીં, તથા પાપગ્રહોનું તે વખતે બળ વધેલું હોય, અથવા કોઇપણ શુભ એસપેકટની મદદ જીવનશકિત અને પ્રાણપદને મળતી નહીં હોય તોજ મરણ નીપજે છે, જે બાબદ આગળ સમજાવીશું. હવે એ ત્રણે બાબદને જુદી જુદી હાથ લઇ વર્ણવવાની જરૂર છે.

જન્મ લગ્ન. (Ascendant.)

પોઝીટીવ રાશી જેવી કે ૧, ૩, ૫, ૭, ૯, ૧૧ જો જન્મ લગ્ને હોય તો શરીર મજબુત હોય અને શરીર બાહેરથી જોખમાવાનો ચાન્સ થોડો હોય. જો **નેગેટીવ** રાશી જેવી કે ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, જો જન્મ લગ્ને હોય તો શરીરનો બાંધો કમજોર હોય અને બાહેરની બાબદોથી શરીરપર ઘણી અસર થવાનો સંભવ રહે છે.

અગ્ની રાશી (Fiery signs) ઘણી મજબુત રહે છે જ્યારે વાયુ (Airy) રાશી તેથી ઉતરતી છે, અને એ છ રાશીઓ પોઝીટીવ

રાશી યાને જોરેમંદ બાંધો આપે છે. હવે એજ પ્રમાણે બાકી (Earthy signs) રાશી જો કે બંધબેસતો સાધારણ બાંધો આપે છે, પણ તેની મજબુતી કાંઈ ઘણી નથી, અને પાણીની રાશી (Watery) સૌથી-નબળી છે, અને શરીરિક બાધો ઘણો કાવળો ને નબળો રહે છે. એ પછી જન્મ લગ્નની બરાબર ડીગ્રી જોવી જોઇયે, અને બીજા ગ્રહો લગ્નનાં અંશ સાથે પોતાનાં અંશોથી કેવી એસપેકટ કરે છે તે પણ જરૂર તપાસવું જોઇયે, એ પ્રમાણે જો લગ્નનાં રાશી અંશ સાથે **રવી** પાપદૃષ્ટિમાં એસપેકટ કરતો હોય તો શરીરનાં બાંધાને લગતાં દરદો થાય અને ખાસ કરીને તેનું કારણ સરદી હોય. જો **ચંદ્ર** પાપદૃષ્ટિ કરતો હોય તો શરીરનાં અવ્યવોને લગતું તથા અનિયમીતપણાંને લગતું, યાને શરીરમાં કોઇક અનિયમીત ગતિ ઉત્તપન્ન થવાથી દરદ થાય છે. જો **બુધ** પાપદૃષ્ટિ કરે તો ભેજાંને લગતી બીમારી તથા ચૈતન્ય અને રગોને લગતી બીમારી જાણવી. જો **શુક્ર** પાપદૃષ્ટિ કરે તો મોજશોખનું અનિયમીતપણું અને હદ બાહેર અનિયમીતપણાંથી થતાં દુઃખો થાય છે. જો **મંગળ** પાપદૃષ્ટિમાં હોય તો વારેઘડી એકસીદંતો કરાવે, તથાં સોજો અને લોહીનો જોસ વીગેરેનાં દરદો આપે. જો **ગુરૂ** પાપદૃષ્ટિ કરતો હોય તો લોહીનો બીગાડો, અને દરેક બાબદમાં હદથી બાહેર જવાથી થતાં દરદો થાય છે. જો **શની** પાપદૃષ્ટિ કરતો હોય તો ચાલુ ક્રોનીક દરદો થાય અને તેનું કારણ સરદી અને નબળાઈ જાણવી. જો **હરશાચલ** ગ્રહ પાપદૃષ્ટિ કરતો હોય તો ચૈતન્યને લગતાં, રગોને લગતાં, એકસીદંત, અથવા નહીં સાજાં થાય તેવાં દરદો થાય. જો **નેપચ્યુન** ગ્રહ લગ્નને પાપદૃષ્ટિ કરતો હોય તો, કોઈ દવા પીવાનાં ઝેરની અસરથી દરદો ઉત્તપન્ન થાય. એ પ્રમાણે પહેલું ભુવન જે **તનભુવન** છે, યાને શરીરને લગતું છે, તે જે જે ગ્રહો સાથે પાપદૃષ્ટિ કરે, તે તે ગ્રહોને લગતી બીનાંઓ જોવાની જરૂર છે. હવે—

રવી.

રવી મુખ્ય કરીને પુરૂષની જન્મ કુંડળીમાં તંદરૂસ્તી તથા જીંદગી આપનારો ગણાય છે, અને તેનાં ભુવન, જગ્યા અને બીજા ગ્રહો

સાથની દૃષ્ટી પ્રમાણે તે તંદરૂસ્તી કે માંદગી આપે. અને જીંદગી લંબાવે કે ટુંકી કરે તેમ છે. એની મુખ્ય હકુમત હૃદય ઉપર છે. અને હમેશાં ખાસ કરીને જાણવું કે જ્યારે રવી ઉદયનો હોય, તે વખતનાં જન્મની કુંડળીવાલો માણુસ શરીરે મજબુત અને દેહનો તંદરૂસ્ત હોય છે પણ જેમ જેમ રવી નીચાંનમાં જતો જાય છે, તેમ તેમ તે નબળી તંદરૂસ્તી આપે છે. વળી જ્યારે રવી ઉદયનો હોય ત્યારે પાપ ગ્રહોની દૃષ્ટીનું જોર તેની ઉપર વધારે ચાલતું નથી, પણ જો અસ્તનો હોય તો પાપ ગ્રહની દૃષ્ટી ઘણી ખરાબ અસર કરે છે. જો રવી, મેષ, મિથુન, સીંહ, તુળા ધન કે કુંભમાં હોય તો મજબુત બાંધો આપે, પણ એમાં તુળા અને કુંભ રાશી સહેજ નબળી જાણવી હવે જો વરખ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર, કે મીન રાશીમાં રવી હોય તો, તે ઉપલી રાશીઓ કરતાં તંદરૂસ્તી કમતી આપે, અને ખાસ કરીને વરખ અને વૃશ્ચિક એ બે રાશીમાં સહેજ વધારે તંદરૂસ્તી આપે. જે પુરૂષો આતશી રાશીમા રવી હોય તે વખતે જન્મ લે છે, તેઓ ઘણી સારી તંદરૂસ્તી અને લાંબી જીંદગી ભોગવે છે, કારણ કે બીજી રાશીઓ કરતાં જીવન શક્તિ એ રાશીઓમાં વધારે પ્રબળ હોય છે, અને એ રાશીઓમાં જો માંદગી થાય છે તો ઘણી સખ્ત અને જાલેમ થાય છે, પણ ઘણી જલદી તંદરૂસ્તી પાછી મળે છે.

આતશી રાશીઓથી ઉતરતી પંક્તીએ **પવનની** રાશીઓ (Airy signs) છે, અને જો રવી જન્મ વખતે પુરૂષને તે રાશીમાં હોય તો તેની તબીયત સારી હોય, પણ ફીકર ચીંતા અને મગજની ધચુપચુ ખાસીયતથી દુઃખ દરદ ઘણાં ઉત્તપન્ન કરે, અને તેવે વખતે જો બહારગામ જાય, હવા ફેરબદલ કરે, અથવા મગજને આસાયશ આપે તો તબીયત સુધરી જાય. **ખાકી રાશીમાં** (Earthy sign) ઘણો મજબુત બાંધો આપે છે, અને રખડ રવડ કે રગડમાં શરીર ઘણો જવાબ આપે છે, અને માંદગી ઘણી લાંબી અને સખ્ત હોય છે, અને દરદી ઘણો ધીમે ધીમે સાજો થાય છે. મકર રાશી શરૂઆતનાં જુવાનીનાં વખતમાં કંઇ મજબુતી આપતી નથી. એ પછી પાણીની રાશી (Watery signs)

સર્વેથી નબળો બાંધો આપે છે, એમાં વૃશ્ચિક રાશી જરા મજબુત છે. પાણીની રાશીમાં રવી હોય તે શખ્સોને બાહેરની બાબદોની અસર ઘણી ઝપાટામાં થાય છે, અને વૃશ્ચિક રાશીમાં લોહચુંબક શક્તિ (Magnetic force) વધારે રહે છે. એ પ્રમાણે પુરૂષને **રવી** જે રાશીમાં હોય તે પ્રમાણેની શરીરિક મજબુતાઇ, બાંધો. તથા તંદરૂસ્તી સમજવી.

રવીની બીજા ગ્રહોના સમાગમથી થતી અસરો=જો રવી ચંદ્રમાંની પાપદૃષ્ટીમાં આવતો હોય તો તંદરૂસ્તી નબળી રાખે, અને તેથી ઘણું કરીને અવ્યવોને લગતાં (Functional) અને બંધારણને લગતાં (Constitutional) દરદો થવાનો સંભવ છે. તેમજ સરદી તુરત લાગી જઇ તેથી પણ માંદગી થવાનો સંભવ છે, વળી આંખને પણ હેરાનગતી થાય.

શુક્ર જો રવીને પાપદૃષ્ટી કરતો હોય તો તે ફક્ત ૪૫ અંશનીજ એસપેકટથી તેમ કરી શકે છે, અને તે કાંઇ ઘણી જરૂરીયાત ધરાવતું નથી, તો પણ ખાસ કરીને મોજશોખ અને ખાવાપીવામાં હદથી બાહેર જવાથી ઘણો ગેરફાયદો થાય છે.

મંગળ જો રવી સાથે પાપદૃષ્ટી કરે તો પુષ્કળ શરીરમાં ગરમી વ્યાપી રહે, અને બેસુમાર જીવનશક્તિ વધે, પણ તેથી તાવ ઘણી આવે, સોજાનાં અને લોહી વીકારનાં દરદો ઘણા થાય, જખમ પડે, ઘા વાગે અને અકસ્માતો ઘણા થાય.

ગુરૂ જો રવી સાથે પાપદૃષ્ટી કરે. તો જો કે ગુરૂ શુભ ગ્રહ છે છતાં રગત વીકાર કરે, લોહીનો બગાડો કરે, માંથે લોહી ચઢે (Apoplexy) તથા બેસુમાર લોહીયાર અંગ યાને **પ્લીથોરા** (Plethora) થાય, અને ખાસ કરીને રાજવંશી ઉચ્ચો ખોરાક અને તેમાં અનીયમીતપણું હોવાથી, અરૂચીક ઉત્તપન્ન કરનારાં અને રગતનો બગાડો કરનારાં દરદો થાય.

શની જો રવીને પાપદૃષ્ટી કરે તો તંદરૂસ્તીને નબળી કરે, અને લંબાણ જુનાં, અને ધીમાં, ચાલુ હમેશના દરદો આપે (Chronic disorders) અને મુખ્ય કરીને સરદીને લગતાંજ

દરદો હોય, બેદરકારી તેમજ નાસીપાસી અને કઢંગી હાલતો, ગરીબાઇ વીગેરેથી ઉત્તપન્ન થતાં દરદો આપે. એ સર્વેથી ખરાબમાં ખરાબ દ્રષ્ટી કહેવાય છે, કારણ કે ખુદ તંદરૂસ્તીનું એનાથી નખ્ખોદ વળે છે.

હુરશાચલ ગ્રહ જો રવીને પાપદૃષ્ટિ કરતો હોય તો નહીં સાજાં થઈ શકે તેવાં દરદો આપે છે, અકસ્માત, તથા નહીં સમજ પડે તેવાં જ્ઞાનતંતુને લગતાં દરદો અને ભેજાંને માઠી અસર કરે છે. વળી કેટલીક વખતે દારૂગોળો ફાટવાથી થતાં એકસીદંત અને જુલમ જાસતીથી અને સીતમગીરથી થતાં અકસ્માતો આપે છે.

નેપચ્યુન જો રવીને પાપદૃષ્ટી કરે તો મન શકિતને લગતાં દરદો આપે તથા શરીર તવાતું જાય. અથવા તો ઝેર પીવાથી કે ઝેર લાગવાથી દુઃખ ઉત્તપન્ન થાય છે.

ચંદ્રને થતી બીજા ગ્રહોની પાપદૃષ્ટીથી ઉપજતાં દરદો.

ચંદ્ર સ્ત્રીઓને માટે ખાસ જોવાનો છે. કારણકે સ્ત્રીઓની તંદરૂસ્તીનો આધાર ચંદ્ર ઉપર છે અને ચંદ્ર જેવાં બળ, કે ઉંચ નીચ હોય, તેમજ બીજા ગ્રહોનાં જેવા જેવા સમાગમમાં આવે તેવી રીતે સ્ત્રીની તંદરૂસ્તી અને લાંબી જીંદગીનું અનુમાન કરવું. વળી રવીની માફક ખુબ ધ્યાનમાં રાખવું કે ચંદ્ર ઉદય યાને શુદનો કે અસતયાને વદનો છે. સુદનો જન્મ હોય તો સારી તંદરૂસ્તી હોય છે, અને સુદમાં જો પાપગ્રહોની પાપદૃષ્ટી થાય તો તે કાંઇ ઘણી ગંભીર અસર કરતી નથી. ચંદ્ર માટે કર્ક અને મિન રાશી સર્વથી શ્રેષ્ઠ છે, કારણ કે એ પાણીની રાશીઓ ખુદ ચંદ્રના ગુણને મળતી આવે છે. પવનની રાશીઓ (Airy signs) પણ ચંદ્રને માફક આવતી છે, વળી વરખને કન્યા રાશીઓ કે જેઓ ખાકી રાશી (Earthy signs) છે, જેથી ચંદ્ર તેમાં હોય છે. ત્યારે તબીયત સારી રાખે છે. આતશી રાશી ચંદ્રને બીલકુલ માફક આવતી નથી. ચંદ્રને વૃશ્ચિક અને મકર રાશી સર્વેથી વધું ખરાબ છે. વૃશ્ચિક રાશી

અસ્વચ્છતા, અનીયમીતપણું વીગેરે સ્ત્રીને ઘણીજ ગેરફાયદો કરનારી અસરો કરે છે, ખાસ કરીને ગર્ભસ્થાન, અને છુપા માર્ગોને ભાગોનો બીગાડો કરે છે, તેમજ બીજી ઘણા ખરાબ અને કુટેવો ઉત્તપન્ન કરે છે, કે જેથી તબીયતનું નખ્ખોદ વળે છે, અનીયમીત જાતની વ્યાધીની વૃદ્ધી કરે છે, મકર રાશીમાં ચંદ્ર બળહીન થઇ જાય છે, અને જેઓ એ રાશીમાં જન્મે છે તેઓ હમેશાં નાજુક બાંધાનાં હોય છે. અને ખાસ કરી નાનપણમાં અને જુવાન જીંદગીમાં તબીયતનો બીગાડો રાખે છે.

રવી જો ચંદ્રને પાપદૃષ્ટી કરતો હોય તો. તબીયત નરમ રાખે, સરદી અને ઠંડકથી તબીયત બગડે અને ખાસ કરીને સ્ત્રીઓ માટે એ અસર સર્વેથી ખરાબ સમજવી.

બુધ જો ચંદ્ર ને પાપદૃષ્ટી કરતો હોય તો મનને લગતી વ્યાધિ થાય, જેવું કે બળાપો, જુરાપો, અદેખાઇ, નાસીપાસી, અને ખોટા વીચારોથી ઉત્તપન્ન થતી વ્યાધિઓ થાય છે.

સુક્ર જો ચંદ્રને પાપદૃષ્ટી કરતો હોય તો બેદરકારી, અનીયમીત અને વીચાર વગરની ચાલચલણ, પહેરવેશ, કે મોજશોખથી થતાં દરદો થવાનો સંભવ છે.

મંગળ જો ચંદ્રને પાપદૃષ્ટી કરતો હોય તો તાપ, અકસ્માત, સોજાનાં દરદ, પેડુનો દુઃખાવો, દસતાનને લગતા મરજો, રકતપાત, હુજંતાઇ અને બેવકુફીથી ઉત્તપન્ન થતાં દરદો વીગેરે થાય છે, અને સ્ત્રીઓનાં બાબમાં એ અસર ઘણીજ ખરાબ પ્રકારે દરેક બાબદમાં કરે છે, તથા વ્યભીચારી બનાવે છે.

ગુરૂ જો ચંદ્રને પાપદૃષ્ટી કરતો હોય તો, કલેજાંનાં દરદો, લીવર કમ્પલેન, તથા ઉંચ્ચા ખોરાકો મીઠાઇ મેવા અને રાજવંશી ખોરાકનાં અનીયમીતપણાંને લીધે થતાં દરદો થાય છે.

શની જો ચંદ્રને પાપદૃષ્ટી કરતો હોય તો, ઘણા ધીમા અને લાંબા કાળ સુધી ચાલુ રહેતાં દરદો, સરદી અને ઠંડકથી ઉત્તપન્ન થતાં દરદો, બેદરકારી અને શરીરની જતન નહીં રાખવાથી ઉપજતાં દરદો, અને શરીરની ચાલુ માંદગી તથા નબળાઇ વીગેરે થાય છે.

હરશચલ ગ્રહ જો ચંદ્ર સાથે પાપદૃષ્ટી કરતો હોય તો અકસ્માતથી અથવા તો જ્ઞાનતંતુઓનાં ખેંચાણથી કે કંઈ નહીં સમજી શકાય તેવાં કારણથી અને નબળાઇથી ઉપજતાં દરદો થાય છે.

નેપચ્યુન જો ચંદ્ર સાથે પાપદૃષ્ટી કરતો હોય તો મન અને વીચારને લગતાં દરદો તથા શરીર માંહેલી ભીતરની પ્રવાહીઓને લગતાં દરદો, કાંઇક માનશીક મનને લગતાં દરદો અથવા તો કંઇ ઝેર ચઢવાને લગતાં દરદો થાય છે.

એ પ્રમાણે **પુરૂષને માટે રવી** અને **સ્ત્રીને માટે**, ઉપર લખવા પ્રમાણે હરેક સ્ત્રી પુરૂષની જન્મ કુંડળીમાં જોવા, અને તેને ઉપળો બાબદો લાગુ પાડવી, કારણ કે તે ખાસ તેમજ સાધારણ બન્ને રીતે લાગુ પડી શકે છે, પણ એટલું ધ્યાન રાખવું કે હરેક કુંડળીમાંથી કાંઇ છુટી છુટી એસપેકટો તેરવી કાઢી તે ઉપર ઉપળું મત બાંધવું નહીં, પણ કુંડળીની દરેકે દરેક એસપેકટ સારી તેમજ માઠી બન્નેનો તોલ કરીને પછીજ અનુમાન બાંધવું એ બાબે આગળ જતાં આપણે વધુ લખીશું.

શરીરની ચાલુ તંદરૂસ્તી.

શરીરનો બાંધો, તંદરૂસ્તી, જોર અને સાધારણ ટેવ જાણવાને માટે જન્મ લગ્ને જે રાશી હોય તે રાશીનાં ગુણદોષપર મોટો આધાર રાખે છે, કારણ કે જન્મ થતી વખતે, તે રાશીની સર્વે હકીકતને લગતી અસરો જન્મતાં બાળકને અસર કરે છે. સાધારણ દરેક અસર નીચે લખેલી રાશીઓ પોત પોતાના ગુણદોષ પ્રમાણે આપે છે, પણ તે તદન સાધારણજ જાણવી, અને ખાસ અસરતો દરેક રાશી જે જન્મ લગ્ને આવી હોય તેનાં અંશ યાને ડીગ્રી ઉપર મોટો આધાર રાખે છે. હરેક ડીગ્રી યાને અંશની અસર એક બીજાથી તદન ઉળટી રહે છે, જે આગળ જતાં સમજાવીશું હાલ તુરત તો સાધારણ ચાલુ અસરો રાશીઓ કેવી રીતે કરે છે, તથા શરીરનો બાંધો કેવો હોય છે, કેવી કેવી જાતનાં દરદો થવાનો સંભવ છે, અને તે દરદોની અસર કેવી છે વીગેરે સર્વ અત્રે નીચે પ્રમાણે દર્શાવ્યું છે:—

મેષ રાશી શરીરનો બાંધો મજબુત બનાવે છે અને પુષ્કળ ગરમી તથા જીવનશક્તિ (Vitality) આપનારી છે. ખાસ કરીને માથું, મોઢું, પેટ, ગુરદા એવા ભાગોમાં તે દરદ ઉપજાવનારી અસર કરે છે. આંખ અને ભેજું પણ કેટલી વખતે દરદી થાય છે. લોહીનો જોશ અને સોજો ઉપજાવનારી એની અસર છે, જેથી તાવ, જ્વર વીગેરે ઉપજાવે તથા મોઢાંપર ગરમીનાં ફોરા અથવા ખીલ, ખુજલી, ફુટી નીકળે, અકસ્માત કરાવે, અંગારથી દાજવું, હથીયારથી કપાવું, ઘા પડવો વીગેરે સર્વેપર એ અસર કરનારી છે.

વરખ રાશી ઘણું કરીને મધ્યમ, ઠાવકું અને મજબુત શરીર આપે છે, ગળું અને હ્રદયનો ભાગ નબળો હોય છે, જેથી **ડીપ્થેરીઆ** ગળાંનો સોજો (Diphtheria), તથા (Quinsy) થાંસો તથા ગળાંની ગાંઠ, તોનસીલસનો સોજો, (Laryngitis) વીગેરે દરદો કરે છે, તેમજ તેની વળતી અસરમાં ઘણું કરીને ઝાડાના માર્ગને નુકસાન પુગાડે છે. **ભગંદર** (Fistulas) **મસા** (Piles) વીગેરે થાય છે. અથવા કેટલીક વખતે (Apoplexy) માથે લોહી પણ ચઢે છે.

મિથુન રાશી સાધારણ મજબુત બાંધો આપે છે, શ્વાસોશ્વાસ ઝડપી રાખે છે, અને જ્ઞાનતંતુઓને લગતાં (Nervous disorders) દરદો ઉત્તપન્ન કરે છે, અને તેની ઉત્તપત્તીનું મુખ્ય કારણ બેચેની અને વ્હેમ તથા વીચાર અને મગજ ઉપર બોજો હોવાથી થાય છે. ફેફસાં, હાથો અને ખભાંને દરદ થાય છે, દમ હાંફણ (Asthma) લોહીનો બગાડો, ફેફસાની નળીને લગતી ખાંસી (Bronchitis) અને કેટલીક વખતે શ્વાસ અને દમ લેવાની નળીને લગતા અથવા તો ક્ષયરોગ ખહી (Consumption) ને લગતી અસરો પણ ઉપજાવે છે.

કર્ક રાશી તાકવતી શરીર આપે છે, અને બાહેરની અસરોને તુરત શરીરમાં આમેજ કરી દઈ તેથી દરદ ઉપજાવે છે. છાતી અને હોજરી મુખ્ય કરીને એના નબળા ભાગો છે, અને તેથી ઘણું કરીને વાયુનો પ્રકોપ કરે છે, ઉલટી ઉત્તપન્ન કરે છે, અજીર્ણ કરે છે, જલંદર જેવા દરદો (Dropsical ailments), રૂમેતીઝમ અથવા

તો કેનસર (Cancer) કરે છે. કર્ક રાશીવાલાઓની મુખ્ય એબ તો એ છે કે તેવો ચાલુ શીક રહે છે, અને પોતાનાં વહેમથી એવું માની લે છે કે ફલાનું ફલાનું દરદ મને થયેલું છે, જો કે તેવું માની લેવાને કશું કારણ હોતું નથી, તોબી વહેમ કરે છે. ઘણી જાતનાં ભેજાંને લગતાં દરદો અને ભેજાંની નબળાઇઓ થાય છે જેવા કે (Dipsomania) ડીપસોમેનીઆ યાને દારૂના લખથી ઉપજતાં દરદો તથા (Hypochondriasis) ભેજાંનાં ખ્યાલથી ઉત્તપન્ન કરેલા દરદો, તથા રગોને પુષ્કળ એકસાઇટ કરવાથી ઉપજતાં ખ્યાલી દરદો વીગેરે છે.

સીંહ રાશી સૌથી મજબુત અને કદાવર આંગ તેમજ પુષ્કળ જીવનશકિત આપે છે. હ્રદયનો ભાગ ઘણો ખરો દરદનાં કારણ રૂપ છે અને ઘણું કરીને છાતીના પુષ્કળ ધપકારા (Palpitation) તથા (Syncope) બેસુદ્ધીને લગતાં દરદો તથા (Aneurisms) યાને ધોરી નસના થતાં દરદો વીગેરે થાય છે. વળી બરડાના કાંઠામાં અને બરડાના નીચલા ભાગોમાં દરદ થવાનો સંભવ છે. વળી આ રાશી-વાળાઓને જયારેબી દરદ થાય છે, ત્યારે ઘણુંજ જોરમાં થાય છે, તથા અકરાટ ઘભરાટ વધારે કરાવે છે. ઘણું કરીને એ રાશીવાલા સીક પડતા નથી પણ જ્યારે પડે છે ત્યારે મજબુત અને જોરાવર માંદગી થાય છે, પણ તેમ વળી તેઓ ઘણાં જલદીથી સાજા પણ થઈ જાય છે.

કન્યા રાશી ઘટમદાર બાંધો આપે છે, તથા શ્વાસ સારો ચાલે છે, ખાસ કરીને પેટ અને જઠરને લગતાં દરદો ઉત્તપન્ન કરે છે, ચુકો, અતેસાર, મરડો, કબજીયાત, અને અજીર્ણ અને તેથી ઉત્તપન્ન થતાં હરેક દરદોનો ઉપદ્રવ કરે છે.

તુલા રાશી સાધારણ મુખ્ય ભાગે મજબુત બાંધો અને ઘટમદાર અવ્યવો હોય છે. ગુરદા અને બરડાનો કાંઠો બીજા ભાગો કરતાં નબળો હોય છે. જેથી મુખ્ય કરીને ગુરદાનાં લગતાં દરદો, મીઠી પીસાબ (Diabetes), બ્રાઇટસ ડીઝીજ એક જાતનું ગુરદાનું દરદ, પીસાબનો અટકાવ, બરડાનાં કાઠાનાં નીચલા ભાગનો કમરનો દુ:ખાવો, લોહીનો બીગાડ અને ઉડતા રોગ અથવા ખરપસું, કીડ વીગેરે થાય

છે, અને દુઃખોના વળતા જવાબમાં હોજરી અને માથાંને અસર થાય છે.

વૃશ્ચિક રાશી સારો બાંધો આપે છે પણ ઘણીક વખતે ચહેરાનો દેખાવ સારો હોતો નથી. ખાસ કરીને ખાનગી ભાગો અને ઇંદ્રીને લગતાં દુઃખો થાય છે, હરષ, મસા, રપ્ચર (Ruptures) આંતરડાંનું ગોળીમાં ઉતરવું, ભગંદર, ઇંદ્રીને લગતાં આજારો, તેમજ હ્રદય અને ગળાંનાં પણ દરદો થાય છે. આ રાશી ઘણી લોહચુંબક શકિતની (Magnetic) અસર ધરાવે છે, અને ખાસ કરીને ઉડતા રોગોનું તેથી ખેંચાણ વધારે થાય છે, કેટલીક વખતે માનવીને દારૂડી છાકટો બનાવે છે.

ધન રાશી ચીવટ અને મજબુત શરીર આપે છે, જાંગ અને તેની ઉપરનો ભાગ મુખ્ય કરીને દરદી થાય છે, રૂમેટીઝમ, સાયટીકા, ગાઉટ તાપ આરધંગી જખમ, જાંગનાં હાડકાનું લચકાવું, વીગેરે દરદો થાય છે, વળી ફેફસાં તેમજ નરવ યાને રગો પણ વખતે દરદી બને છે, અને લોહીનાં બીગાડા થાય છે.

મકર રાશી ખાસ કરીને જુવાનીમાં ઘણો નબળો બાંધો શરીરનો રાખે છે, કારણકે તેમાં જીવનશકિત કમતી છે. ખાસ કરીને રૂમેટીઝમને લગતાં દરદો, ઘણીક જાતનાં ચામડીનાં દરદો, ખરપસું, ખુજલી તથા કોહવાતને લગતાં દરદો અને દરેક જાતનાં સરદીથી ઉત્તપન્ન થતાં દરદો, તેમજ શરીરને પુરતી ગરમી નહીં મળવાથી થતાં દરદો વીગેરે થાય છે. વળી ખાસ કરીને પગનાં ગુઠણ કંઇ દુઃખ દરદથી અથવા તો એકસીદંતથી દરદ કરે છે.

કુંભ રાશી ઘણું મજબુત અને સમધાત જોરાવર શરીર આપે છે, પણ ઘણું કરીને પગનું દરદ કરે છે, જાંગની હેઠેનો ભાગ, પગનો નળો, ગુંટા, તથા રગો અને જ્ઞાનતંતુઓને લગતા દરદો, લોહીનો બીગાડો, લોહીનું સુકાઈ જવું, ધ્રુજરી, આંકરા વીગેરે થાય છે, વખતે જાંગ ભાગી જાય છે, અથવા તો આંખને પણ હેરાન કરે છે. ખાસ કરીને એ રાશીનાં માણસોને અજબ જાતનાં અને નહીં સમજ પડે તેવાં દરદો થાય છે.

મિન રાશી નાતવાન કમજોર શરીર અને નાજુક બાંધો આપે છે, મુખ્ય દુઃખ, પેટ અને જઠરને લગતું હોય છે, ગાઉત અથવા પગનાં અંગુઠા કે પાતળી કે એડીનું રૂમેતીઝમ થાય છે, પગ મારફતે સરદી આંગમાં પ્રવેશ કરે છે, પાણીનાં અને ગાંઠોનાં દરદો કરે છે, ઉડતા રોગોનો પણ ભય છે. ખાસ કરીને દારૂના હદબહાર ઉપ્યોગથી થતાં દરદો પણ ઉપજાવે છે, અને કોઇક વખત દવાનું પણ ઝેર ચડે છે.

એ પ્રમાણે જન્મ વખતે જે રાશી જન્મ લગ્ને હોય, તે રાશી પોતાનાં ગુણદોષ પ્રમાણેનો શરીરનો બાંધો આપે, તથા પોતાની ખાસીયત પ્રમાણેનાં દરદો પણ ઉપજાવે છે, પણ તેનાં પ્રમાણનો અને બળનો આધાર લગ્નનાં અંશ ઉપર રહે છે, માટે લગ્નનાં અંશ જોવાની જરૂર છે. **શુક્ર** તથા **ગુરૂ** જો જન્મ લગ્નનાં અંશ સાથે શુભદૃષ્ટિમાં હોય તો શરીરની શકિત વધારે અને દરદને હાંકી કાઢવાની શકિત પ્રબળ રહે. **રવી ચંદ્ર** (Luminaris) શુભદૃષ્ટિમાં હોય તો શરીરનું ચૈતન્ય અને તેજ વધારે છે, અને જુદા જુદા અવ્યવોને નિયમીત રાખે છે. **મંગળ**ની શુભદૃષ્ટિ શરીરમાં પુષ્કળ ગરમી આપે છે, અને તે ગરમીથી શરીરને ઊશ્કેરેલું રાખે છે. **શની** જો શુભદૃષ્ટિમાં હોય તો ઘણું કરીને શરીરનાં હાડકાં અને શરીરનો બાંધો પુષ્કળ મજબુત કરે છે. **શુક્ર** તથા **ગુરૂ** જો જન્મ લગ્નના અંશ સાથે પાપદૃષ્ટિમાં આવે તો મુખ્ય કરીને અનિયમીતપણું તથા અવિચારી રીતે શરીરની જતન નહીં રાખવાથી થતાં દરદો ઉત્તપન્ન કરી શરીરને નુકસાન પુગાડે છે. **રવી ચંદ્ર**ની પાપદૃષ્ટી શરીરનું તેજ તથા ચૈતન્ય કમતી કરી નાંખે છે, તથા શરીરનાં અવ્યવોને તદન અનીયમીત કરી નાંખે છે, અને જરા જરામાં સરદીની અસર કરે છે. **મંગળ** જો પાપદૃષ્ટિમાં હોય તો તાવ, અકસ્માત, શરીરમાં ગરમી, ઘસારા, કાપ, જખમ વીગેરે દરદો ઉત્તપન્ન કરે છે. **શની**ની પાપદૃષ્ટિ શરીરને તદન નાકૌતી આપે છે અને સરદીનાં દરદો ઉત્તપન્ન કરે છે, કે જે દરદો ચાલુ અને જીંદગીનો ઘણો લાંબો ભાગ દુઃખ દે છે.

હરશાચલ અને **નેપચ્યુન** ગ્રહોની પાપદૃષ્ટિ રગો અને જ્ઞાનતંતુ-ઓને લગતાં તેમજ માન્સીક દરદો (Psychic disorders) કરે છે. હરશચલ ગ્રહ કેટલીક વખતે વીજળી અથવા દારૂગોળો ફુટવાથી નુકસાન પુગાડે છે યાતો મરણુ નીપજાવે છે. હવે જન્મ લગ્ન જે રાશીનું હોય, તે ગ્રહની ઉપર દરશાવેલી અસર પ્રમાણે, જન્મ લગ્ન જે જાતનું દુ:ખ દરદ આપતું હોય, તે દરદની અસર, જોર, કારણુ વીગેરે હકીકત સમજવી.

"**હાઈલેગ**" અને **જીવનશક્તિ આપનાર તત્વ** આગળ સમજાવવા પ્રમાણે મરદનાં જન્મકાળે તંદરૂસ્તી અને જીવનશકિત આપનારી અસર કરનાર **રવી** છે, અને તેજ પ્રમાણે સ્ત્રીઓને માટે ચંદ્ર જાણુવો, અને એ બેઉ ગ્રહો અનુક્રમે બીજા ગ્રહોનાં જેવા જેવા સમાગમ કે એસપેકટસમાં આવે તે પ્રમાણે તંદરૂસ્તી, તબીયત અને દેહનું સુખ દુ:ખ તપાસવું, એટલા માટે મરદ અને ઓરત એ બેઉની તબીયત અને તંદરૂસ્તીનો વીચાર જુદો જુદો સમજાવીશું.

મરદની તંદરૂસ્તી.

રવીનું ભુવન તપાસવું તથા તેની રાશીનું બળ ઉંચનીચ વીગેરે જોવું, તેની સાથની દૃષ્ટિઓ વીગેરે તપાસવું. જો રવી ઉંચનો કે બળવાન હોય અને પાપદૃષ્ટિથી નીરાળો હોય તો તબીયત ઘણી સરસ રહે, જો ગુરૂ સાથે શુભદૃષ્ટિમાં હોય તો જાણુવું કે બાંધો મજબુત અને લાંબી જીંદગી સમજવી. જો રવી બળહીન, પાપદૃષ્ટિથી ઘેરાયલો કે નીચનો હોય તો અથવા ખાસ કરી શની કે મંગળની પાપદૃષ્ટિમાં હોય, તો ખરાબ જાણુવો, પણુ જો ગુરૂ તેવામાં શુભ દૃષ્ટિ કરતો હોય તો, તંદરૂસ્તીનું પ્રમાણુ આસપેકટની અસર પ્રમાણે વધતું કે ઓછું સમજવું. જો પાપગ્રહ અથવા પાપદૃષ્ટિ કરતો ગ્રહ રવી કરતાં બળવાન હોય તો, જરૂર તબીયત નાદરૂસ્ત કરે. મંગળને શની જો બેઉ રવીને પાપદૃષ્ટિ કરતા હોય તો, કંઇ તબીયતને ઘણી ખરાબ બનાવતા નથી, કારણુ કે શની એકદમ ઠંડકની અસર કરે છે જ્યારે મંગળ ગરમી વધારી દે છે, એ રીતે, એકમેકથી ઉલટી અસર એકી વખતે થતાં શરીર ઘણું કરી સમધાત રહે છે. પણુ જો

મંગળ એકલો રવીને પાપદૃષ્ટિ કરતો હોય અને રવી કરતાં બળવાન હોય તો પુષ્કલ સખ્ત હુમલા ગરમીને લગતાં દરદો તથા સોજા વીગેરેનાં દરદો અને અકસ્માતો અથવા એકાએક મોત વતીક કરે છે. જો રવી છઠ્ઠાં ભુવનમાં જન્મકાળે બેઠો હોય, અને જો શુભ ગ્રહની શુભ દૃષ્ટિમાં નહીં હોય તો, તબીયત હમેશની સીકલી રાખે અને લાંબી અને ચાલુ કંટાળાભરી માંદગી ભોગવાવે, બળકે આખી જીંદગી માંદગીમાંજ પસાર થાય. બારે રાશીમાં રવીની અસર તેનાં બળ અને સારી માઠી એસપેક્ટ પ્રમાણે મરદની તંદુરસ્તીપર ઘણી થાય છે. જેમ કે : -

મેષમાં મજબુત બાંધો, પુષ્કલ જીવનશકિત (Vital force) કવચીતજ માંદગી થાય, જો એ રાશીમાં ઘણા પાપગ્રહોની દૃષ્ટિમાં રવી આવેલો હોય તો, તાપ, માંથા તથા આંખને લગતી વ્યાધી ઉપજાવે.

વરખમાં મજબુત બાંધો હોય પણ તેનું હૃદય ઘણું નબળુ રાખે, માંથે લોહી ચઢવાનું દરદ (Applexy) બેસુદ્ધી અને એકાએક નાકોતી વીગેરે થવાનો ઘણો સંભવ રહે છે, અને જો પુષ્કલ પાપદૃષ્ટિમાં હોય તો ઘણી વખત માણુસ બચતો નથી, મોત થાય છે.

મિથુન રાશીમાં સાધારણ બાંધો આપે છે, પણ ફેફસાંનો ભાગ ઘણો નબળો રાખે છે, લોહી અને રગો તથા જ્ઞાનતંતુઓને લગતાં દરદો થાય છે, જો ઘણો પાપદૃષ્ટિમાં રવી એ રાશીમાં ઘેરાયલો હોય તો ખઈ (Consumption) તથા એવાંજ બીજાં ફેફસાંને છાતીનાં દરદો થાય છે, તથા લોહીનો બીગાડો થાય છે.

કર્ક રાશીમાં બાંધો નબળો હોય છે, પાંચણુશકિતને નબળી રાખે છે, રૂમેટીઝમ થાય છે, અને જ્યારે શની એ રાશી માંહેલા રવીને પાપદૃષ્ટિ કરે છે ત્યારે જાથુકનું ચાલુ દરદ થાય છે, વળી ગાંઠ અને રસવીકાર તથા ત્યુમર (Tumuor) વીગેરે થાય છે.

સીંહ રાશીમાં ઘણુંજ મજબુત અને જોરાવર તન બદન હોય છે, અને બીજી કોઇપણ રાશી કરતાં મરદને આ રાશીમાં રવી હોય તો

દરદ જવલેજ થાય છે, તથા માંદગી કવચીતજ હોય છે, એટલું છતાં "હાર્ટ દીઝીઝ" (Heart disease) થવાનો ઘણોજ સંભવ છે.

કન્યા રાશીમાં આંતરડાં, પેટ, જઠર અને પાંચણશક્તિ નબળી રહે છે, કેટલીક વખતે કબજ્યાત વધારે કરે છે, તેમજ ફેફસાં અને જ્ઞાનતંતુને લગતાં પણ દરદો થાય છે. વલી ચુકો, પેટનો દુઃખાવો અને આંતરડાંને લગતાં હરેક દરદો વારંવાર થયા કરે છે, અને લંબાણ ખાતલો ભોગવાવે છે.

તુલા રાશીમાં સમધાત અને ઠરેલ બાંધો હોય છે, અને અવ્યવોને લગતાં દરેક દરદો સામે થવાની શકિત પ્રબળ હોય છે. ગુરદા, કમરની પાછલનો ભાગ વીગેરે નબળો હોય છે, અને ઘણું કરીને મીઠી પીસાબ માંથાનો અથવા પેટનો ચુકો સાધારણ રીતે થયા કરે છે, મુખ્ય કરીને અંદરનાં સાંચાકામનાં ભાગોમાં દરદ થવાનો ઘણો સંભવ રહે છે.

વૃશ્ચિક રાશીમાં મજબુત બાંધો હોય છે અને પુષ્કળ જીવન શકિત અને ગરમી રહે છે. મુખ્ય કરીને ગળાં, હ્રદય, અને પીસાબને લગતાં દરદો થાય છે. ગાઉત, ઉડતા રોગો, ભગંદર, મસા અને ઇંદ્રીને લગતાં દરદો પુષ્કળ થાય છે, આ રાશીમાં રવી હોય તો પુષ્કળ માનસીક શકિત અને આકર્ષણ શકિત પ્રબળ થાય છે.

ધન રાશીમાં ચીવટ અને મજબુત બાંધો હોય છે અને શરિરીક દરદો કવચીતજ હોય છે, પણ લોહી અને જ્ઞાનતંતુઓ તથા રગોને લગતી વ્યાધી થાય છે, અને ઘણી હાલચાલ અથવા તો મહેનતથી ફેફસાંને અળવળ પુગે છે, એ રાશીમાં રવી જે મરદને હોય છે, તેને રમત ગમતમાં, એક્સીદંત, પડી જવાથી તથા વાગવાથી થતા ઘા અને જખમ, જાનવરોને થતા અકસ્માતો વીગેરે થવાનો ઘણોજ સંભવ છે.

મકર રાશીમાં ઘણોજ નબળો બાંધો તથા જીવનશકિતનો પ્રવાહ ઘણોજ નબળો હોય છે. પાચણશકિત અને પેટ તથા જઠરનો ભાગ ઘણો નબળો હોય છે. મુખ્ય કરીને સરદીથી ટાઢ વાગવાથી, સારા ખોરાકની ગેરહાજરીથી થતાં દરદો વીગેરે થાય છે. વળી રૂમેટીઝમ, અને ઝાડાની કબજીયાત, તથા ચાલુ લંબાણ દરદો થાય છે,

તેમજ કેટલીક વખતે મેલનકોલીઆ (Melancholia) અને ગમગીનીનું પણ દરદ થાય છે.

કુંભ રાશીમાં મજબુત બાંધો હોય છે, પણ લોહીનો ફેરાવો શરીરમાં બરાબર રહેતો નથી, નર્વસ અને ધ્રુજરીને લગતાં દરદો થાય છે, તેમજ હૃદય અને આંખને નુકસાન પુગે છે, વળી મગજ શકિત અને વીચારને લીધે, ઘણીક જાતની મગજને લગતી વ્યાધી થાય છે.

મીન રાશીમાં બાંધો મજબુત હોતો નથી તેમજ જીવણશક્તિ નબળી રહે છે, વલી ઉડતા રોગો તથા દરદોનાં ચેપ જલદી લાગુ પડે છે, તેમજ કાયકશકિત સ્વચ્છ રહેતી નથી, ખહી, લોહીનો બીગાડો, પાચણ શકિતને લગતાં દરદો, તથા શરીરનો કચરો તથા અસ્વચ્છતાથી ઉત્તપન્ન થતાં દરેક દરદો થાય છે. એ પ્રમાણે રવી પુરૂષ માટે મુખ્ય અસર કરનારો છે, અને જો રવી પાપગ્રહોની દૃષ્ટિમાં આવ્યો હોય તો, ઉપર દરશાવેલી રાશીનાં ગુણદોષ પ્રમાણે દરદનું જોર વધારે રાખે છે, જો શુભ દૃષ્ટિમાં હોય છે તો તે પ્રમાણે દરદનું જોર કમતી કરે છે, એ ઉપરાંત જે ગ્રહો દૃષ્ટિ કરતાં હોય તે ગ્રહોની અસરનો પણ વીચાર પુગાડવો જરૂર છે.

સ્ત્રીની તંદરૂસ્તી.

સ્ત્રીઓને માટે ચંદ્રને તપાસવો. જેમ પુરૂષો માટે રવી છે, તેમ સ્ત્રીઓ માટે ચંદ્રને સમજવો, જો ચંદ્ર બળવાન હોય, ઉંચનો હોય ખાસ કરીને ગુરૂ કે શુક્રની શુભદૃષ્ટિમાં હોય, ઉંચનો હોય તો તંદરૂસ્તી ઘણી સારી રાખે અને લાંબી જીંદગી થાય, પણ જો ચંદ્ર બળહીન હોય, પાપદૃષ્ટિમાં હોય, પાપગ્રહોથી હારેલો હોય, નીચનો હોય, રવી, શની કે મંગળની પાપદૃષ્ટિમાં હોય પણ વળી તેજ વખતે જો શુક્ર ને ગુરૂની શુભદૃષ્ટિ હોય તો ઘણી સંભાળ લેવાની જરૂર છે, અને આસપેકટ કરતાં ગ્રહોનાં બળપર આધાર રાખવો પડે છે, જે ગ્રહ બળવાન થઇને પાપ કે શુભ દૃષ્ટિ કરતો હોય, તે પ્રમાણે દુઃખ દરદ કે મોત થાય.

જે ગ્રહ પાપદૃષ્ટિ કરતો હોય તે ગ્રહ ચંદ્ર કરતાં બળહીન હોય તો દરદનું જોર કમતી રહે, પણ જો ચંદ્ર તે પાપગ્રહ કરતાં નીર્બળ હોય તો દુઃખનું જોર વધારે જાણવું.

જ્યારે મંગળ અને શની બેઉ, ચંદ્રને પાપદૃષ્ટિ એકી વખતે કરતાં હોય, તો માહા બુરૂં પરીણામ જાણવું કારણ કે એ બન્ને ગ્રહો ચંદ્રના શત્રુ છે, જેથી લાંબી જીંદગી માટે કંઇ ખાત્રી આપી શકાય નહીં.

જો મંગળ પાપદૃષ્ટિ, ચંદ્રને કરતો હોય અને એ બેમાંથી કોઇ-પણ કેન્દ્ર સ્થાનમાં હોય અથવા મંગળ જો ચંદ્ર કરતાં બળવાન અને મુખ્ય ભુવનમાં હોય તો સખ્ત તાવની બિમારી આપે, અકસ્માત કરે તથા એકાએક મોત થાય.

છઠ્ઠાં ભુવને ચંદ્ર સ્ત્રીને હોય તો ચાલુ માંદગી થયા કરે, અને માંદગી લંબાયા કરે, તથા શરીરને નાકૌવત કરી નાખે, જેટલો વધારે પાપદૃષ્ટિમાં હોય તેટલો વધારે ખરાબ જાણવો.

બારે રાશીમાં ચંદ્રની અસર તેનાં બળ તથા સારી માઠી એસ-પેકટ તથા દૃષ્ટિ કરતાં ગ્રહોનાં બળ પ્રમાણે સ્ત્રીની જન્મ કુંડળીએ વધુ કે ઓછું દરદનું જોર હોય છે, જેમકે—

મેષ રાશીમાં ચંદ્ર કાંઇ ઘણી મજબુત તંદરૂસ્તી આપતો નથી, આંખ તથા માથાંનાં દરદો કરે છે, ભેજાંની અંદરનાં ભાગમાં દુઃખ ઉપજાવે છે, ઉંઘ કમતી કરે છે (Insomnia), ઉપળ્યું, ફેર ચક્કર, કમતાકાટી અને બેચેનીથી ઉપજતાં દરદો ઉત્તપન્ન કરે છે.

વરખમાં ચંદ્ર સારી જીવનશકિત આપે છે, તથા શરીરમાં દુઃખ ખમવાની શકિત ઘણી પ્રબળ હોય છે, પણ ગળાંનાં દરદો, સાદ અને અવાજ તથા બોળવાની નળીને લગતાં ગળાંના ભાગનાં દરદો, ખાંસી, બલગમ અને કફની વ્યાધી, તોન્સીલ, ગળાંની ગાંઠ, કંઠ-માળા વીગેરે ગળાંનાં અંદરનાં ભાગ તથા ગરદનને લગતી સર્વે જાતની વ્યાધી ઉત્તપન્ન કરે છે.

મિથુન રાશીમાં સાધારણ જીવનશકિત આપે છે. શરીરનો બાંધો ઘણો મજબુતબી નહીં તેમ ઘણો નબળો પણ હોતો નથી, એ રાશીમાં ચંદ્ર લોહીનો બગાડો કરે છે, જ્ઞાનતંતુને લગતી નબળાઇ આપે છે, ફેફસાંનાં, છાતીનાં, તથા દમ લેવાની નળીને લગતાં દરદો કરે છે, દમ, હાંફણ, ખહી વીગેરે થાય છે.

કર્કમાં ચંદ્ર ઉચનો થાય છે, જેથી ઘણો બળવાન ગણાય છે, પણ જો એ રાશીમાં મણી પાપદૃષ્ટિમાં હોય, તો પ્રવાહીને લગતાં, તથા હોજરીને લગતાં તથા અવ્યવોને લગતાં અને પાચનશક્તિને લગતી વ્યાધી અને દરદો થાય છે.

સીંહ રાશીમાં જીવનશકિત, વધારે હોય છે પણ ધારા પ્રમાણે કાંઈ ચંદ્રને જોર આપનારો નથી, ખાસ કરીને હૃદય અને હાર્ટ દીઝીઝ, એભાની, ચામડીના દરદો, ખોરો, તથા લોહીનાં ફેરાવાનાં અચોક્કસપણાંથી ઉપજતાં દરદો વીગેરે થાય છે.

કન્યા રાશીમાં દુ:ખ ખમવાની સારી શકિત હોય છે, તથા તબીયતને સમતોલ રાખે છે, મુખ્ય ભાગે આંતરડાં અને હોજરીનાં દરદો કરે છે, ને મુખ્ય કરીને ઝાડાની કબજીયાત, ચુકો, મરદો, દસ્તાનનો અટકાવ, ખરપસું, કીડ, ચામડીનાં દરદો વીગેરે કરે છે.

તુલા રાશીમાં ચંદ્ર હોય તો ઘણી સારી જીવનશકિત તથા જલદી સાજા થવાની શકિત હોય છે, પણ ગુરડા તથા લોહીનાં બીગાડાનાં દરદો થાય છે, પીસાબનાં દરદો થાય છે, કમરના નીચલા ભાગમાં દુખાવો થાય છે અને કમરનો ભાગ નબળો હોય છે, તથા માથાંનો દુ:ખાવો અને હોજરીને લગતાં પણ દરદો થાય છે.

વૃશ્ચિક રાશીમાં પુષ્કળ ગરમીને જીવનશકિત હોય છે, તથા દુ:ખ સહન કરી લેવાની શકિત પ્રબળ હોય છે, જેથી તંદરૂસ્તી નાજુક અને માંદગી તથા દુ:ખ દરદ તુરત થવાનો સંભવ હોય છે, શરીરની નબળાઈ પુષ્કળ હોય છે, હરેક બાબદમાં હદથી બાહેર જવાથી દરદો થાય છે, માંસની ગાંઠોને (Tumoruous diseases) લગતાં દરદો પીસાબનાં પુઠ્ઠાની નબળાઇ, અને ખાનગી ભાગોને

લગતી પુષ્કળ વ્યાધીઓ થાય છે, જેમાં પીસાબ અને દસ્તાનનાં માર્ગોને લગતાં દરદો ઘણુંજ સખ્ત થાય છે.

ધન રાશીમાં જ્યારે ચંદ્ર હોય છે, તો સારી તંદરૂસ્તી આપે છે, તથા ઘણી વ્યાધી થતી નથી, ફેફસાં, લોહી અને રગો તથા જ્ઞાનતંતુઓને લગતાં મુખ્ય દરદો થાય છે, ખહી, સાએટીકા (Sciatica) તથા જાંગને લગતાં દરદો થાય છે, અને જો ચંદ્ર ઘણીજ પાપદૃષ્ટિમાં હોય તો એકસીદંત કરે છે અથવા હાડકાંને અળવળ પુગાડે છે.

મકર રાશીમાં ચંદ્ર ઘણીજ નબળી દેહે આપે છે શરીરમાં ગરમી ઓછી રાખે છે, જીવનશકિત નરમ હોય છે, જલદીથી સાજા થઇ જવાની શકિત કમજોર હોય છે, અને જીંદગીમાં માંદગી ચાલુ થયા કરે છે, તંદરૂસ્તી બીલકુલ સારી રહેતી નથી, હરપ્રકારે દુ:ખ થાય છે ને તેથી લંબાણ અને હાનીકારક દુ:ખો થાય છે ગાઉટ (Gout), રૂમેતીઝમ, કબજીયાત, નજળો, ચામડીના દરદો. (Urticaria) અને એવાં બીજાં દરદો થાય છે.

કુંભ રાશીમાં, સાધારણ સારી તંદરૂસ્તી આપે છે પણ શરીરમાં લોહી કમતી હોય છે, જેથી (Anæmia) લોહી સુકાઇ જવાનાં દરદો, હીસ્ટીરીઆ, બેસુધ્ધી, વીગેર દરદો થાય છે, લોહી, આંખ અને જ્ઞાનતંતુઓ તથા રગો મુખ્ય ભાગે નબળી હાલતમાં હોય છે.

મિન રાશીમાં જો ચંદ્ર સાધારણ જીવનશકિત આપે છે, તથા તબીયત સાધારણ રહે છે, પણ એ રાશીમાં ગ્રહન કરી લેવાની શકિત હોવાથી હરેક જાતનાં ઉડતા રોગો તથા ચેપી રોગો ઘણા જલદીથી અસર કરે છે, તેમજ જલંદર અને લોહીના બગાડાને લગતાં દરદો થાય છે અને લોહીનો બગાડો થાય છે. પગોને આંતણ ઘણા પડે છે તથા પગ ઘણા ભીનાસવાલા રહે છે.

નોટ:—આ પ્રમાણે **સ્ત્રીઓની** તંદરૂસ્તી માટે ચંદ્ર જે જે રાશીમાં જન્મકાળે પડેલો હોય તેને લગતી ઉપર દરશાવેલી સાધારણ ચાલુ અસરો તે માનવીને થાય છે, અને તેનુ પ્રમાણ ચંદ્રની બીજી

ગ્રહોની સાથની શુભ અથવા પાપદ્દષ્ટિપર આધાર રાખે છે, તથા તંદરૂસ્તી કે માંદગી તેનાં પ્રમાણમાં ઉત્તપન્ન થાય છે.

અત્રે બે બોલ વધુ લખ્ખવાની લાલચ થાય છે, કે જો હાલનાં તબીબો, અસળ જમાનાના તબીબોની રીત રૂઢી પ્રમાણે, તથા હાલના ચાલુ જમાનામાં રવી તથા ચંદ્રની અસરને લગતાં એસ્ટ્રોનોમીના જ્ઞાન પ્રમાણે, પોતાની વીધ્યાની સાથે સાથે, મરદ તથા ઓરતની દેહને લગતી ઉપલી બાબદનો વિચાર પુગાડી, જો દવા દારૂ આપવામાં સમજ વાપરે, તો કેટલાક કેસોમાં, કોઇ દરદીને ગરમ દવા, ને કોઈને ઠંડી દવાની ખરાબ અસરો જે થાય છે, તેમજ દવાઓ માફક આવતી નથી, તેમ બનવાનો સંભવ કમતી થાય. મારા અભ્યાસ દરમ્યાન ઘણાકોનાં ફક્ટ નામ પુછી, તેઓનાં નામની રાશી પ્રમાણે ચંદ્ર ગણી કાઢી, તે ઉપરથી તેઓની તબીયત તથા દુઃખને લગતી હકીકત જણાવતાં, તે લગભગ ૯૫ ટકા જેટલી ખરી પડે છે. એ રીતે જો તબીબો આ સાધારણ, સાદું પણ અર્થસુચક જ્ઞાન મેળવી, મરદ તેમજ ઓરતનાં જન્મ બંધારણ તત્વને લગતો સહેજબી ખ્યાલ પુગાડે, તો તબીબોને કાંઇપણ ગેરફાયદો થવા કરતાં, સામો દરદીને મોટો ફાયદો થાય. દાખલા તરીકે એક ઓરત દરદી ડોકટરની પાસે દવા લેવા જાય, ડોકટર તેની નાડી તપાસી તથા બાહેરની હાલત જોઇ, દરદનું કારણ દુર કરવા માટે, પોતાની વિધ્યા અનુસાર દવા આપે, કે જે દવા જો કે તે વ્યાધીને માટે ખાસ ગુણકારી હોય, તે છતાં જો તે સ્ત્રીનાં જન્મ બંધારણ કુદરતી તત્વ, તે દવાને અનુગ્રહ નહીં કરતો હોય, અથવા તે દવા અનુસરતી નહીં થતી હોય, અને શરીરનાં અંદરનાં ભાગમાં જેમ આતશ અને પાણી એ બેઉનો મેળ થતો નથી, તેવી અસર જો તે કરે, તો પેલી સ્ત્રી દરદીને, તેનાં દુઃખની ખરી દવા આપવા છતાં કશો ફાયદો થાય નહીં, અને તે દવા વળતી અસર (Counter effect) કરીને બીજું દરદ ઉભું કરે, એ સાદી સમજથી બનવાજોગ છે કે નહીં ! અસળનાં વૈદો અને તબીબો નાડી પકડીને શરીરની અંદરની હરેક હકીકત દરદી આગળ બોલી જતા હતા, તેઓ નાડી પરીક્ષાની વિધ્યા ઉપરાંત ખાસ ઉપળી બાબદથી ઘણી ફત્તેહ મેળવતા

હતા. દાખલા તરીકે એક મરદ દરદી જો અસળ જમાનાનાં વૈદ પાસે જતો, તો તેને બીજા સવાળો સાથે સાથે તેનો જન્મ કયા માસમાં થયો, તે પુછતા હતા. અને તે ઉપરથી તેની ચાલુ નાડી યાને રૂરત વેળાની નાડીની હાલત ઉપરાંત તેનાં જન્મ બધારણ તત્વને લગતી બીનાઓ ઝટ ધ્યાનમાં લઇ તે દરશાવતાં, કે જેથી તે દરદી પોતાનાં શરીરની દરેક બાબદો વૈદને મોઢે સમજી એટલો બધો સંપુર્ણ વિશ્વાસ તેઓમાં મેળતો, કે જેથી તેનું અર્ધું દુઃખ જતું રહેતું અને આશાનાં કીરણો તેને તંદરૂસ્તી તરફ દોરવતાં થવાથી, તે દરદી ઉતાવળે સાજો થતો હતો. હાલમાં પણ આ અંગ્રેજી રૂઢીનું જોતીષનું જ્ઞાન જો વાપડવામાં આવે, અને કોઇપણ મરદ પોતાનાં જન્મનો અંગ્રેજી મહીનો અને તે મહીનાને લગતી જે અંગ્રેજી રાશી હોય, તે રાશીનો રવી, તેને જન્મકાળે હોવાથી તે પ્રમાણે તેનાં શરીરની અંદરની હાલત તથા ખાસીયત, અને ગરમી સરદીની દેહ માંટે, આગળ લખી જવા પ્રમાણેનું ધ્યાન તે પોતે તપાસી જોશે તો ૯૫ ટકા તેની ખાત્રી થશે, કે અત્રે દરશાવેલી વીગતો પ્રમાણેની અસરો મોટે ભાગે તેના શરીરમાં થતી હોવી જોઇએ. સ્ત્રીઓ માટે એ બાબદમાં ચંદ્રને તપાસવાનો હોવાથી, તથા મુખ્ય ભાગે હીંદુસ્તાનમાં જન્મ ચંદ્ર ઉપરથીજ નામ રાખવામાં આવતાં હોવાથી, તે સ્ત્રીનું નામ પુછી, તે નામને લગતા અક્ષરની રાશીના ચંદ્ર પ્રમાણે કહેવાથી ખરૂં પડે છે, પણ તેમાં એટલું ધ્યાન રાખવાની જરૂર છે, કે ગુજરાતી ગણીતનો ચંદ્ર, અંગ્રેજી ગણીતનાં ચંદ્રથી ૨૨°-૩૬′ અંશ ઓછો હોય છે, જેથી અંગ્રેજી ચંદ્ર એક રાશી લગભગ આગળ હોય છે, માટે એ બાબદનું ધ્યાન પુગાડીને રાશી ફેરબદળ કરી ખુલાસો જણાવવાની જરૂર છે, અથવા જો તે સ્ત્રીનું નામ જન્મ ચંદ્ર પ્રમાણે નહીં રાખતાં મોઢેનું હોય, તો જન્મની તારીખને દીવસે અંગ્રેજી ગણીતનો જે ચંદ્ર હોય તે પ્રમાણેની દેહને લગતો ખુલાસો તે સ્ત્રીને લાગુ પાડવો. એ પ્રમાણે દેહ, તબીયત અને શરીરના અંદરનાં જન્મ બંધારણ તત્વની હાલત જાણવાથી દુઃખ દરદ વખતે તબીબો ઘણી પ્રત્તેહમંદીથી તથા દરદીને બીજી કોઇપણ જાતની વલતી અસર થતી અટકાવી, દરદ સાજું કરી શકે એ બનવાજોગ છે.

દરેક વાંચકને અત્રે ભલામણ કરીશ કે એ બાબેની સચ્ચાઇ પોતે પોતાના માટે અજમાવી અને તપાસી જોવી. લેભાગુ જ્યોતીષોની કહેવાતી કેટલીક હંબગ બાબદો જેવી આ બાબદ નથી, પણ સાયન્ટીફીક અને સચ્ચાઇ ઉપર અને અનુભવથી મોટા વિધ્વાનોએ ગોઠવેલું શાસ્ત્ર છે, જેની સચ્ચાઇ તપાસવાનું વાંચનાર વર્ગનીજ મુનસફી ઉપર છોડવું વાજબી લેખાશે, કારણકે કેટલીક દેખઇતી અસંભવીત બાબદો, અનુભવે તથા તેનો અભ્યાસ કરવે સત્ય નીવડે છે.

આયુષ્ય.

એક બાળકનાં જન્મ વખતે મુખ્ય જે બાબદ જાણવાની છે તે એજ કે, તે બાળકની જીંદગી કેટળી છે, તે બાળક મોહટું થશે કે બાળાવસ્થામાંજ તેનું મૃત્ય થશે, કારણકે એ બાબદ જાણવા આગમજ, તે બાળકને લગતી કોઇપણ બીજી બાબદનો વિચાર પુગાડવો એ સરીયામ મુર્ખાઇ છે, માટે એ બાબદ મુખ્ય પહેલે તપાસવાની છે, કે આયુસ્ય અને જીંદગી કેટલી લાંબી છે.

હવે એ બાબદ ઘણીજ નાજુક છે, તથા એ બાબદ તપાસવાને ઘણું જ્ઞાન અને બહોળાં અભ્યાસની જરૂર છે. એ બાબદનો નીર્ણય કરવો કઠણ છે, કારણકે બાળકનાં જન્મ વખતની હરેક બારીકમાં બારીક બાબદો તપાસવી જોઇએ, તેમજ તે ઉપર લંબાણ વીચાર પુગાડવાની જરૂર છે, કારણકે બાળકનાં જન્મ વખતે ઘણા શુભ ગ્રહો અને સારા સંજોગો છતાં, સહેજ અથવા તદન ઝુઝ પાપદૃષ્ટીથી બાળક મરણ પામેલાંના દાખલા નોધાયલા છે, અને તેમજ એક બાળકનાં જન્મકાળે ઘણી પાપદૃષ્ટીઓ, અને મારતા યોગો છતાં, તે બાળક જીવતું રહી મોહટું થાય છે, એવા ઘણા દાખલા બનેલા છે ને બને છે, જેથી એવી નાજુક બાબદનો ભેદ જાણવાને ઘણુંજ કઠણ થઇ પડે છે. લાંબો અભ્યાસ અને પુખ્ત વિચાર તથા દરેક સંજોગો તપાસવાની એમાં જરૂર છે, એટલા માટે નીચલી બાબદો ખુબ ધ્યાનથી તપાસવાથી, કેટલીક વખતે સત્ય દરશાવી શકાય છે, માટે એ નીચલા યોગો અભ્યાસીએ ખુબ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

૧. જન્મ લગ્ન, તેનો માલેક, અને આંઠમાં ભુવનનો માલેક તપાસવો.

૨. તંદરૂસ્તી (Hyleg) મરદ માટે રવી અને સ્ત્રી માટે ચંદ્ર તપાસવો, તથા તેઓની જગ્યા, રાશી, તથા બીજા ગ્રહો સાથનો સમાગમ વીચારવો.

૩. જો જન્મ લગ્ન બળવાન રાશીનું હોય, અને તેનો માલેક પાપદૃષ્ટીથી નીરાળો થઇને, કોઇ શુભ ભુવને બેઠો હોય, તો તે દરદનો અટકાવ કરે અને તંદરૂસ્તી સારી રાખે, તેમજ તે વખતે જો તંદરૂસ્તીનો માલેક પાપ ગ્રહોની દૃષ્ટીથી નીરાળો હોય તો તે બાળક મોહટું થાય ને લાંબી જીંદગી ભોગવે.

૪. જો ઉપર પ્રમાણે નહીં હોય તો તેથી ઉલટું હોય તો તે બાળક ઘણું દુ:ખી થાય, પણ જ્યાંલગી (Hyleg) તંદરૂસ્તીનો માલેક પાપ ગ્રહોથી પાપદૃષ્ઠિથી તદન હારેલો નહીં થાય ત્યાંલગી તે મરે નહીં. ખાસ તંદરૂસ્તીનો માલેક પાપદૃષ્ઠિમાં ઘણો દબાય ત્યારેજ મોત થાય.

૫. પહેલાં ભુવનમાં પાપગ્રહનો ઉદય થતો હોય, અને આંઠમાં ભુવનનાં માલેક સાથે તે ગ્રહ પાપદૃષ્ટિમાં આવતો હોય તો, તે બાળક મરે.

૬. જન્મ લગ્નનો માલેક છઠાં ભુવને હોય અને આંઠમાં ભુવનનાં માલેક સાથે પાપદૃષ્ટિ કરતો હોય, તથા કોઈપણ શુભ ગ્રહની શુભદૃષ્ટિની તેને મદદ નહીં હોય તો અલ્પ આયુષ્ય અને ટુંકી જીંદગી સમજવી.

૭. જો ચંદ્ર અથવા રવી કેન્દ્ર સ્થાને બેમાંથી કોઇપણ હોય અને પાપગ્રહ સાથે જોડાયલા હોય, અથવા તો, તે જોડાયલો પાપગ્રહ, રવી કે ચંદ્રના અંશકળાથી એક સરખા તફાવતે હોય, અને તેવે વખતે શુભગ્રહની શુભદૃષ્ટિ નહીં હોય, તો તે બાળક બાળપણુમાંજ મરણુ પામે.

૮. ચંદ્ર કે રવી પાપગ્રહનાં કંજગશનમાં જો કેન્દ્ર સ્થાનમાં પડે અથવા તો પાપગ્રહની દૃષ્ટિમાં આવે, અને બીજા શુભ

દૃષ્ટિની મદદ નહીં હોય તો, જરૂર ટુકું આયુષ્ય જાણવું. જો પાપગ્રહ રવી કે ચંદ્ર બેઉને પાપદૃષ્ટિ કરતો હોય તો અલ્પ આયુષ્ય જાણવું.

૯. જો રવી ચંદ્ર અને લગ્ન પાપદૃષ્ટિમાં હોય, પાપગ્રહો કેન્દ્ર સ્થાને હોય, તથા તંદરૂસ્તીનાં માલેકને શુક્ર કે ગુરૂની શુભદૃષ્ટિ નહીં હોય, તો જાણવું કે નાનપણમાં મરણ થાય.

૧૦. જો બે પાપગ્રહ એક બીજાનાં ઓપોઝીશનમાં હોય, અને રવી ચંદ્રને ૯૦ અંશની પાપદૃષ્ટિ કરતા હોય, અને એક બીજાને પણ પાપદૃષ્ટિ હોય તો જાણવું કે આયુષ્ય ટુકું છે.

૧૧. પહેલાં ભુવને તંદરૂસ્તીનો માલેક પાપગ્રહ સાથે કંજંગશનમાં હોય, અથવા તો એવો જોગ છઠે, આંઠમે, કે બારમે ભુવને હોય અને શુભદૃષ્ટિ શુભ ગ્રહોની નહીં હોય તો અલ્પ આયુષ્ય જાણવું.

૧૨. કેટલીક વખતે અલ્પ આયુષ્યનાં ઉપળા જોગોમાં જો શુક્ર કે ગુરૂ પહેલાં ભુવને હોય, બળવાન હોય, અને પાપદૃષ્ટિથી નીરાળા હોય તો અથવા તો તંદરૂસ્તી (Hyleg) ના માલેક સાથે શુભદૃષ્ટિ કરતા હોય, અથવા તો લગ્નનો માલેક બળવાન હોય, શુભ ભુવને બેઠો હોય અને પાપ ગ્રહની દૃષ્ટિથી નીરાળો હોય તો, ટુંકી જીંદગીના જોગને તોડીને લાંબું આયુષ્ય થાય છે.

૧૩. વળી લગ્નની રાશીપર પણ જીંદગીનો આધાર છે, કારણ કે કર્ક, મકરને મીન રાશીમાં જન્મેલાં બાળકોમાં જીવનશકિત નીર્બળ હોય છે, જેથી એવી રાશીમાં જન્મેલાં માણસોને પાપદૃષ્ટિ અથવા અશુભ ભુવનમાં ગ્રહ પડવે મોત થવાનું ઘણું કારણ રહે છે.

૧૪. વખર રાશી જન્મ લગ્ને હોય તો, બચ્ચાંને દાંત આવતી વખતે ઉપલ્યું થયા કરે, અને બીજા ગ્રહો બળવાન નહીં હોય તો, તે કારણથી મોત થાય.

૧૫. જો આતશી રાશી જેવી કે મેષ, સીંહ ને ધન જો લગ્ને પડે તો તે ઘણી જીવનશકિત વધારે, તુલા, મિથુન, કન્યા, વૃશ્ચિક અને કુંભ રાશી સાધારણ સારી તંદરૂસ્તી આપે છે, અને એ રાશીમાંજ જન્મેલાં માણસો, માંદગીમાંથી જલદી સાજા થાય છે, તથા તે લોક લાંબી જીંદગી ભોગવવાનો ચાન્સ ધરાવે છે. અને બીજી નબળી

રાશીઓમાં જો માંદગીથી મરણ નીપજવું હોય તો એ રાશીવાળાઓ તેવાં મોતમાંથી બચી જાય છે. કેટલીક વખત એ રાશીઓનું બળ એટલું બધું હોય છે કે, આ વિધ્યાને તેઓ પોતાની ગતી અને બળથી અચોક્કસ બનાવી દે છે, રાશીઓની ખાસીયતો જુદી જુદી હોય છે, જેથી એક બાળક પાપમાં પાપગ્રહોને ખરાબમાં ખરાબ દૃષ્ટિ છતાં, રાશીનાં બળપર જીવી શકે છે, જ્યારે શુભ ગ્રહ અને શુભ આસપેકટમાં જન્મેલું બાળક રાશીની નીર્બળ અવસ્થામાં સહેજ પણ પાપદૃષ્ટિ થતાં મરણ પામે છે. એવી રીતે રાશીની અસર પ્રબળ હોય છે.

૧૬. બચ્ચું જન્મ પછી કયારે ને કયા વખતે મરણ પામશે તે કહેવું કઠણ છે, અને તેને માટે કોઈ ચોક્કસ કાયદો કે રૂઢી બતાવી શકાતી નથી, પણ ચંદ્રનું દાયરેકશન એ બાબદમાં મુખ્ય જોવાની જરૂર છે, તેમજ ત્રાન્જીટ કરતાં પાપગ્રહો જેવા કે મંગળ, શની હરશચલ, જો કુંડળીનાં અશુભ ભુવનોપરથી અથવા તો અશુભ ગ્રહોપરથી પસાર થાય તે પણ તપાસવાની જરૂર છે, તથા જન્મ પછીની દરેક અમાસ (New Moon) નાં અંશ કળા, જન્મની કુંડળીના અંશ કળા સાથે શું આસપેકટ કરે છે તે જોતા રહેવું. એ પ્રમાણે બીજા અનેક જોગો છે.

બાળકને ખાસ કરીને ભુવનો, ગ્રહોનાં દાયરેકશન અને ત્રાન્જીટની ઘણી અસર થાય છે, કારણકે બાળપણમાં શરીરનાં ભાગ કુમળા હોવાથી તેઓ પોત પોતામાં અસરો ખેંચી લેવાની શકિત ધરાવે છે, જ્યારે ઘડપણ પણ એક જાતની બાળાવસ્થા છે, કે જેમાં હરેક ચીજની અસર ખેંચાવાને બદલે અસરો સંકોચાતી જાય છે, તથા શરીરનાં અવયવો જડ થઇને નીર્બળ થતા જાય છે.

૧૭. જ્યારે રવી, શનીની પાપદૃષ્ટીમાં હોય છે ત્યારે જીવનશકિત ઓછી કરે છે, જેથી કાંઇ એમ નથી ઠરતું કે બાળપણમાં મોત થાય, પણ જુવાનીમાં આગળ જતાં સહેજ ભય રહે છે, પણ તેનું પ્રમાણ દૃષ્ટીનાં બળ ઉપર આધાર રાખે છે, જો દૃષ્ટી છેક નજદીકની હોય તો, ભય નહીં જાણવો, અને એવા દાખલાઓમાં પ્રોગ્રેસ અને ડાયરેકશનથી કોઇ ગ્રહ જો પેહલાં કે સાતમાં ભુવનના કશપર, નાની ઉમરમાં

આવે, ને તેમે વખતે જો શરીરની જીવનશકિત અને ગરમી (Vitality) ઓછી હોય તો રીષ્ટ યોગ જાણવો.

૧૮. કેટલીક વખતે ત્રાન્જીત કરતા ગ્રહમાં રવી ચંદ્ર કે ગુરૂ પણ બચ્ચાંમી દેહમાં એટલો બધો ફેરફાર કરી નાખે છે કે જેથી, શરીર માંહેલાં અવયવો અને ગતિઓને ઘણું નુકસાન પુગે છે, અને એવે વખતે જો પાપગ્રહ જેવો કે શની જો ઓરીએન્ટલ કે ઓક્શીડેન્ટલ કશપર અથવા તો ચોઠાં કે દશમાં ભુવને હોય, તો બચ્ચું જન્મતાંજ મરે.

૧૯. બચ્ચાંઓનું મરણ પ્રમાણ મુખ્ય ભાગે અમાસનાં ચંદ્ર અને ન્યુ મુનથી થાય છે, અને ખાસ કરીને ન્યુ મુન થવાની આગમજ જે જન્મ થાય છે, ને તે જન્મ કુંડલીએ જો પાપગ્રહ દેહને તથા તંદરૂસ્તીનાં માલેકને (Hyleg) પાપદૃષ્ટી કરતો હોય તો, એ ચંદ્રનું દાઇરેકશન જરૂર મોત નીપજાવે.

બાળ મરણનાં દાખલાઓ.

દાખલો પહેલો:—જન્મ કુંડલી નીચે પ્રમાણે:—

ભુવનો	૧૦મું,	૧૧મું,	૧૨મું,	લગ્ન,	૨જું,	૩જું.
	સીંહ ૨૫°,	કન્યા ૨૮°,	તુલા ૨૨°,	વૃશ્ચિક ૧૦-૧૧,	ધન ૯°,	મકર ૧૬°.

ગ્રહો.	રવી,	ચંદ્ર,	બુધ,	શુક્ર,	મંગળ.
	કન્યા,	મીન,	કન્યા,	કર્ક,	મિથુન.
	૧૦°-૪૭′	૧૯°-૪૨′	૨૬°-૮′	૨૯°-૩૧′	૧૩°-૫૦′.
	ગુરૂ,	શની,	હરશચલ.		
	કન્યા,	મેષ,	મેષ.		
	૪°-૫૬′	૬°-૨૧′	૨૫°-૫૪′.		

આ કુંડળીમાં રવી તંદરૂસ્તીનો માલેક દશમાં ભુવને છે અને આંઠમાં ભુવનમાં રહેલા મંગળ સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે. વળી ચંદ્ર રવી સાથે ઓપોઝીશનમાં છે, અને ચોથે ભુવને બેસી આંઠમે મંગળ સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે, એ પ્રમાણે રીષ્ટ યોગ યાને મોતનો જોગ થાય છે. બચાવ કરનારો ગ્રહ ગુરૂ જો કે રવી

સાથે કંજંગશનમાં છે, પણ તે કન્યા રાશીનો નીચનો થઇને પડેલો છે, એટલે તેનું જોર પ્રબળ નથી. વળી રવી બરાબર ૧૩૫° ની પાપદૃષ્ટિ હરશચલ સાથે કરે છે, કે જે છઠાં ભુવને બેઠેલો છે. જન્મ પછી એક મહીનો ને અગ્યાર દીવસે ચંદ્ર તથા શની એક બીજાંનાં ઓપોઝીશનમાં આવે છે, તથા રવી લગભગ હરશચલના ઓપોઝીશન તથા પેરેલલની નજદીક થાય છે, તે વખતે મરણ નીપજે છે. જુવો એ માટે આગળ લખેલો કાયદો નંબર સાત તથા આંઠ.

દાખલો બીજો:—આ દાખલામાં શરૂઆતના અંશની સીંહ રાશી લગ્ને છે, રવી હાઇલેગ ત્રીજાં ભુવને કન્યા રાશી ૪ અંશનો થઇને, મીન રાશી ૯° માં રહેલા શની. સાથે ઓપોઝીશન તથા પેરેલલ થાય છે, વળી શની આંઠમાંનો માલેક છે. રવી વળી હરશચલની સાથની ૧૩૫° અંશની પાપદૃષ્ટિથી તુરતનો છુટો થાય છે, ચંદ્ર હરશચલ સાથે કંજંગશનમાં દશમાં ભુવને છે અને શુક્ર ચોઠાં ભુવનેથી ચંદ્ર તથા હરશચલને ઓપોઝીશન કરે છે, અને ગુરૂ સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે. કોઇપણ શુભ ગ્રહ, રવીને શુભદૃષ્ટિ કરતો નથી, જોકે શુક્ર રવી સાથે પેરેલલ છે પણ પોતે ઘણી પાપદૃષ્ટિથી દબાયલો હોવાથી કાંઇ કરી શકતો નથી, મરણ લગભગ ચાર મહીનાંને વીસ દીવસે આ કેસમાં થાય છે, કે જ્યારે હરશચલ જન્મકાળનાં ચંદ્રને કંજંગશન કરે છે, અને જન્મકાળનાં મંગળ સાથે, ચંદ્ર કંજંગશનમાં આવે છે.

દાખલો ત્રીજો:—મકર રાશી લગ્ને છે, સાતમે ભુવને રવી તંદરૂસ્તીનો માલેક કર્ક રાશીનો ૮°–૨૦′ અંશનો છે અને ત્રીજાં ભુવને મેષ રાશીમાં મંગળ ૯°–૮′ સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે. વળી રવી આંઠમાં ભુવનનાં કશપરનાં શુક્ર સાથે ૪૫° અંશની પાપદૃષ્ટિ કરે છે. મરણ કે જે લગભગ એક મહીનોને તેવીસ દીવસે જન્મ પછી થાય છે, તે વખતે મંગળ ચંદ્રની જન્મ વખતની જગ્યા સાથે ૯૦° અંશે પાપદૃષ્ટિમાં થાય છે, અને ચંદ્ર તે વખતે લગ્નનાં રાશીમાંથી પસાર થાય છે.

દાખલો ચોઠો:—લગ્ને વરખ રાશી ૨૫°–૯′ માં શુક્ર ૨૯°-૫૯′ અંશનો છે, સ્ત્રીનો જન્મ છે એટલે ચંદ્ર તંદરૂસ્તીનો માલેક, મંગળ

અને નેપચ્યુન સાથે કંજગશનમાં છે અને અગ્યારમાં ભુવનમાં છે. વળી ચંદ્ર, હરશચલ સાથે પેરેલલ તથા ૪૫° અંશની પાપદૃષ્ટિ કરે છે તથા રવી સાથે ૪૫° અંશે છે, ગુરૂ કે શુક્ર તરફથી કોઇપણ શુભ મદદ થતી નથી, ગુરૂ ચોઠે ભુવને સીંહ રાશીમાં છે. મરણના દીવસને ત્રણ દાહડા અગાઉ ન્યુ મુન થાય છે, જે જન્મનાં મંગળને ૪૫° અંશનો એસપેકટ કરે છે, જન્મનાં ચંદ્ર સાથે પણ ૪૫° અંશની પાપદૃષ્ટિ ન્યુ મુન કરે છે, ન્યુ મુન જન્મના રવી સાથે તથા જન્મનાં હરશચલ સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે, અને મરણના દીવસે મધ્યાનકાળે ન્યુ મુન, જન્મના ચંદ્ર, જન્મના મંગળ અને જન્મના નેપચ્યુન સાથે કંજંગશનમાં એપ્લાઇ થાય છે, તે વખતે મરણ નીપજ્યું છે.

દાખલો પાંચમો:—લગ્ને મિથુન રાશી છેલ્લા અંશે ચં હાઇલેગ મિથુનમાં ૧૩°–૩૫′ અંશે તથા આંઠમાં ભુવનનાં માલે શની સાથે ૯૦° અંશની પાપદૃષ્ટિ કરે છે, વળી મંગળ જે છઠ્ઠાં ભુવનને અરધો માલેક છે તે ચંદ્ર સાથે ૪૫° અંશે છે. મરણનાં દીવસે ચંદ્ર જન્મનાં ચંદ્રની ઓપોઝીશનમાં છે, જન્મનાં શનીનાં સ્કવેરમાં છે, તે વખતે મરણ નીપજ્યું છે.

એ વતરોગે બીજાં દુ:ખ દરદને લગતાં તથા મોતને લગતા દાખલ આગળ જતાં સમજાવ્યા છે.

છઠું ભુવન, દુ:ખ દરદનું ઘર.

હવે ગ્રહો ભુવનો અને રાશીઓથી ઉપજતાં દરદોને લગતી હકીકત આગળ દરશાવીશું. આગળ જણાવ્યા પ્રમાણે હરેક ગ્રહ અને હરે રાશી શરીરનાં જુદા જુદા ભાગો તથા ગ્રહોના જુદાં જુદાં ભુવનો તથ ગ્રહોની એક બીજા સાથની એસપેકટસો, તથા ગ્રહોની રવી ચંદ્ર સાથન દૃષ્ટિઓ ઉપરથી, શરીરનાં જુદા જુદા ભાગમાં કેવાં દરદો થાય છે તે સહેલાઇથી જાણી શકાય છે, એ બાબદમાં રવી તથા ચંદ્રને લગત બીના આપણે આગળ વીગતથી વાંચી ગયા છીએ. હવે સૌથ પેહેલાં **છઠું ભુવન** કે જે દુ:ખ દરદ અને વ્યાધીને લગતું ભુવન ગણાય છે તે તપાસવું જોઇએ, તથા તેનાં કશપર જે રાશી હો તેને લગતા શરીરના ભાગપર દુ:ખની વધુ અસર થશે એમ જાણવુ

પણ જો તે રાશીમાં કોઇ ગ્રહ બેઠેલો હોય, તો તે ગ્રહ જે રાશીમાં હોય તે પ્રમાણેનું તેને લગતું દરદ સમજવું. જો તે ગ્રહ શુભદૃષ્ટીમાં અને બળવાન હોય તો દરદનું જોર કમતી હોય અને તે જલદી સાજું થઇ જાય, પણ જો પાપદૃષ્ટીમાં અને નીચનો હોય તો ઘણું દુઃખ આપે. જો છઠ્ઠાં ભુવનમાં કોઇ પણ ગ્રહ નહી હોય તો, છઠ્ઠાં ભુવનમાં બારે રાશી નીચે પ્રમાણેનાં દરદો આપે છે. દરદો, તથા સ્નાયુઓ અને નસો વીગેરેનાં ગુજરાતી નામ બરાબર ન મળવાથી તે અંગ્રેજીમાંજ અત્રે દર્શાવ્યા છે.

મેષ=મેષ રાશી માથાંનાં ભાગ માટે છે, અને શરીરનાં એ ભાગમાં તે કાર્ય કરે છે, અને એનાં સ્વાધીનમાં ભેજું, મોઢું, ખોપરી વીગેરે સર્વે ભાગ છે, એ રાશી ચૈતન્ય આપનારી છે, અને જીવન શકિતનાં જુસ્સા સમેત ભેજાંની તેમજ શરીરની ગતિને સચેત કરનારી છે, બેચેન (Restlessness) તથા ફેર બદળ ખવાસની તબેહ રહે છે, અને ખાસીયતમાં ગરમ, સુકી અને સોજો કરનારી છે. **હાડકાંમાં,** માથાંની ખોપરીને લગતાં, **મોઢાંને** લગતાં, સર્વે હાડકાં એ રાશીને લગતાં છે, તેમાં ફકત નાકનું હાડકું વૃશ્ચિક રાશીને લગતું છે. **સ્નાયુઓમાં** (Frontales, Occipitals, Attolens, Deprimens articularum, Zygomaticus, temporalis, Buccinator) વીગેરે છે.

ધોરી નસ=(Temporal and internal carotids).

નસો=(Veins Cephalic.)

દરદોમાં=(Epilepsy) ફીફરૂં, માથાંનો દુઃખાવો તથા મોઢાં અને ચહેરાપર થતી ગરમીને લગતાં દરદોની વ્યાધીઓ, (Alopecia Phrenitis) ભેજાંનો અંદરનો સોજો (Vertigo) ફેર ચકકરનું દરદ, ન્યુરેલ્જીઆ, ભેજાંનો સોજો (Cerebral congestion, Encephalitis.) ભેજાંનાં દરદો, વીગેરે છે.

વરખ=મુખ્ય અસર ગળાં, ગરદન, કાન, ગળાંની અંદરના ભાગ, **ટોનસીલસ** Tonsils, તાળવું, અવાજ, એ રાશીને લગતા ભેજાંનાં નીચલા પાછલા ભાગ યાને (Cerebellum) થી તે છેક (Lower

maxillary) ના આગળા ભાગ સુધીમાં દરેક તત્વમાં અસર કરે છે. એના મુખ્ય હાડકાં=(Ceruical Vertebrae) ને લગતાં છે.

સ્નાયુઓ=(Sternohyoid, Mastoid trapezus, Sternomastoids, Longus, œsophagaeus, Stylopharingaeus, Splenius and eompleœus, Scalenus, Biventres cervicis, Spinales cervieis).

ધોરી નસો=(External carotids and basilar artery.)

નસો (Veins) (Occipitals, Jugulars) અને (Thyroid gland) ની નસો છે.

દરદો—(Diphtheria) ગળશુંતું, ગળાંનો સોજો, ખાંસી ગળાંની ગાંઠનું સુજવું, ગુંગળાવું, (Apoplexy) લોહીનાં ધસારાથી થતી બેફામી Scrofula; ફાંસો ખાઇને ગુગલાવું, તથા એ ઉપરાંત છાતીનાં, હૃદય તથા ગુરદાનાં તથા બીજાં દરદો જેવાં કે (Polypus, abseess, Angina Gangrena Bronchocele, quinsy. Goitre) વીગેરે છે.

મિથુનઃ—એની મુખ્ય અસર ફેફસાં હાથ અને રગો ઉપર છે, તથા એ માટે લોહીને ઘણુંજ સ્વચ્છ રાખવાની જરૂર છે, મિથુન રાશીવાળાં માણસોને નરવસ દાક્ષીઓ ઘણું કરીને થાય છે. હાથનાં ખભાંથી તે આગળાં સુધી છે, તેમજ લોહીને સ્વચ્છ બનાવવાની ક્રીયા (The Oxygenation of the blood) વીગેરે ઉપર મિથુન રાશીની મોટી અસર છે. બારીક નસો વીગેરે એના હસ્તકમાં છે.

મુખ્ય હાડકાંઓ:—(Clavicle, Seapula, Humerus, Radius, Ulna, Carpal and Metacarpal) તથા છાતીનાં ભાગની ઉપળી પાંસળીઓની રીબ્સ છે.

સ્નાયુઓ=(Deltoid Biceps, Supinator radii, Subclavians, Triceps, Serratus, Anticus minor, Pectoralis, Palmaris.)

ધોરી નસો=(Subclavians, Brachial, Right and left bronchials, Intercostals and Radials Ulnars.)

નસો=(Pulmonary, Basilic, Subclavians, Azygos, Veins of thymus and mediastinum) વીગેરે છે.

દરદો=બ્રોનકાઇટીઝ (Bronchitis), ખઈ (Pulmonary consumption), નરવસ દીઝીઝ, ન્યુમોનીઆ, (Pleurisy) તથા હાથને લગતાં દરદો વીગેરે થાય છે.

કર્ક=હોજરી તથા પાચનશક્તિને લગતાં દરદો કરે છે, પોષન કરનાર (Nurturing) તથા બીનાસદાર, અનુગ્રહ કરનારી, તેમજ જરપત કરનારી શકતી ધરાવે છે, તે છતાં એની અસર છાતીનાં આખા ભાગ ઉપર અને (Axillæ, Epigastric region, Lacteals, Thoracic duct, Pancreas and womb) છાતી, છાતી માંહેળી પ્રવાહી તથા બીજા છાતીનાં ભાગો ઉપરાંત સ્ત્રીનાં છુપા ભાગનાં ભીત્તરમાં પણ થોડી અસર કરનારી છે, વળી એ રાશી જેમ દરેક ચીજ જરપત કરીને તેની અસર કરનારી છે, જ્યારે એની સામેની રાશી **મકર** એનાથી ઉલટીજ અસર કરનારી છે, જ્યારે કર્ક રાશી (Peristaltic) યાને પેટમાં દોહવાણને જરપત કરનારી અસર કરે છે, જ્યારે મકર રાશી તેથી ઉબેટીજ અસર જેવી કે (Anti-peristaltic) યાને દોહવાણને હજમ કરવાને બદલે ઉલટી કરાવી નાખનારી અસર કરે છે. આસળનાં વિધ્વાનો એ કારણુસર કર્ક કે મકર રાશીમાં જ્યારે ચંદ્ર હોય ત્યારે દવા પીવાની મનાઈ કરે છે.

મુખ્ય હાડકાં=છાતીનું વચલું હાડકું (Sternum) તથા સીપી (Ensiform cartilage) તથા છાતીની નીચલી પાંસળીઓ (Ribs) વીગેરે છે.

સ્નાયુઓ=પેટ અને છાતીની વચ્ચેનો પરદો (Diaphragm, Intercostals) વીગેરે છે.

ધોરી નસોમાં=(Axillary, Diaphragmatic, Posterior mediastines and œsophagian) વીગેરે છે.

નસોમાં=(Diaphragmatic, Gastric, Gustro-epiploic, Mammary) વીગેરે છે.

દરદો—જરપત શકિતને લગતાં દરદો, જઠરનાં દરદો, પીત્ત વીકાર, જલંદર, ખાંસી, કેન્સર, સીપી પડવી, અજીર્ણ, લોહીનું ઉડી જવું, બેસુમાર નબળાઇ થવી અને ખોરાક વગર લોહીનાં તત્વોનું નીર્બળ થવું જેમ કે (Chlorosis, Cachexia, Dipsomania Dropsy, Gastric catarrh) વીગેરે દરદો છે.

સીંહ રાશી—હૃદયના આખા ભાગ ઉપર એની અસર છે, જીવન શકિતની ઉતપતીનું આ મુળ છે, કારણકે કહેવત છે કે (*Sol et homo generant hominem*) યાને પાંચમી રાશી રવીનું ઘેર છે, તેમજ પાંચમું ભુવન બચ્ચાંને લગતું છે જેથી જીવની ઉતપતીનું એ મુળ ગણાય છે, બરડાની કરોડ અને તે માંહેલી પ્રવાહી ખુદ એના તાબામાં છે.

મુખ્ય હાડકાં—(Dorsal Vertebræ).

સ્નાયુઓ—(Longissimus and Latissimus dorsi, Transversalis, Interspinals).

ધોરી નસો=(Aorta, Anterior and posterior coronary arteries).

નસો=(Vena cavæ, coronaries.)

દરદો=દરેક જાતનાં હૃદયને લગતાં દરદો, તથા હૃદયમાં થતા ધપકારા (Palpitation) તાવ, બરડાનાં કાંઠાને લગતાં દરદો (Spinal meningites, Locomotor ataxy, Aneurism, Angina pectoris) વીગેરે દરદો થાય છે.

કન્યા રાશી=આ રાશી ઘણીજ નરવસ અને ધ્રુજરી તેમજ વાંજણી છે, અને ખાસ કરીને એની અસર આંતરડાં અને જઠરની ઉપર છે અને ખાસ કરીને જઠર માંહેલા ભાગ જેવાકે (Duo-denum, Jejunum and ileum) ઉપર ઘણી અસર કરે છે, જેમ કે કર્ક રાશી જઠરમાં ખોરાકને હીલવીને જરપત કરવાનું કામ કરે છે, તેમ

કન્યા રાશી જઠ્ઠરમાં એક જાતનો સફેદ પ્રવાહ ઉત્તપન્ન કરવાની ક્રીયા કરે છે જેને (Chylification) કહે છે. એ રાશીની ખાસીયત પોતામાં આમેજ કરનારી (Absorption) તેમજ તેને સમેલન કરી મીક્ષ કરવાની (Assimilation) તથા તેમાંથી તત્વોને છુટાં પાડવાની (Selection) અને પછી તેઓને પોતપોતાનાં કાર્યોમાં વાપરવાની યાને (Utilisation) વીગેરે છે. હવે એ સર્વે ક્રીયા પેલી સફેદ પ્રવાહી બનાવનારૂં કાર્ય (Chylofication) કરે છે, પણ એ રાશીવાલાં માણસનાં જઠ્ઠરમાં એ પ્રવાહી સારા પ્રમાણમાં બનતી નથી ને ખાસ કરીને જો રવી કે ચંદ્ર એ રાશીમાં પાપદૃષ્ટીમાં પડયો હોય તો જરૂરજ એમ થાય છે, અને તેના પરીણામે જીંદગીભર જઠ્ઠરની ગંભીર માંદગી થાય છે, એ ઉપરાંત એ રાશીની અસર (Mesentery, Peritoneum) તલ્લી (Spleen) અને (Sympathetic) નરવ વીગેરેપર છે.

સ્નાયુઓ=(Obliquis, Transversalis of abdomen, Rectus pyramidalis), (diaphragm with cancer).

ધોરા નસો=(Gastric, superior and inferior mesenteries) વીગેરે છે.

નસો=(Portal, Hepatics, Umbilical intestinal) વીગેરે છે.

દરદો=ચુંકો (Colic), મરડો (Dysentry), અતેસાર (Diarrhœa) એનટ્રીક ફીવર (Antric fever) કોલારો (Cholera) તથા હરેક આંતરડાંને લગતાં દરદો જેવાં કે (Enteralgia) કબજીયાત (Constipation) તથા (Peritonitis) વીગેરે છે.

તુલા રાશી=મુખ્ય કરીને બરડાના નીચલા ભાગ (Lumber region) અને ખાસ કરીને ગુરડા (Kidneys) ઉપર અસર કરે છે. એની અસર અરક ગાળવાની તથા તેની અંદરનાં ઝેરને છુટી પાડવાની છે જેમ કે (Distillation and filtration) વીગેરે છે.

મુખ્ય હાડકા=(Lumber Vertebrae).

ધોરી નસો=(Seprarenal, Renal and Lumbar).

નસો=(Renal Lumbar.)

સ્નાયુઓ=(Quadrati Lumborum, Sacrolumbares) વીગેરે છે.

દરદો=ગુરદાનો નજલો, બ્રાઇટ્સ ડીઝીઝ, પીસાબનો અટકાવ, તથા એવાં બીજાં ગુરદાને લગતાં દરદો થાય છે, તેમજ (Nephritis, Spurious ischuria) વીગેરે દરદો થાય છે.

વૃશ્ચિક રાશી=આ રાશી જીંદગીની ઉત્પતી તેમજ નાશ કરનારી અસર ધરાવે છે, અને ખાસ એના અસર માનવીની છુપી ઇંદ્રી અને તેને લગતી હરેક બાબદ જેવી કે (Pelvis of kidney, Bladder) પીસાબનો ફુકો, (Ureters, Urethra, the iliac or groins, the gall, Rectum, Sigmoid flexure, Meso-colon and Meso-rectum) વૃશ્ચિક રાશી ઘણુંકરીને બરડો હ્રદય અને ગળાંને પણ અસર કરે છે, કારણકે ઇંદ્રીનાં દરદો સાથે તેને પણ ઘણો સંબંધ છે, કારણકે નાક ખરી જવું, ગુગણું બોલવું, ગરદનમાં ગાંઠ અવાજનું બોખરાપણું વીગેરે દુઃખો ઘણુંકરીને સીફીલીસ, ચાંદી તાંકી વીગેરે પીસાબનાં નાલેસીભર્યાં દરદો થવાથી થાય છે કે જેનો સંપુર્ણ ખ્યાલ આપવાને અત્રે જગ્યા પુરતી નથી. અત્રે ધ્યાન રાખવાની જરૂર છે કે તુલા રાશી અને વૃશ્ચિક રાશીનાં દરદો એકમેક સાથ ભેલમભેલ થઇ જાય છે, કારણકે તુલા રાશી ગુરદા ઉપર અસર કરે છે જ્યારે વૃશ્ચિક રાશી પણ ગુરદાના ચોક્કસ ભાગો સાથે સંબંધ ધરાવે છે, દાખલા તરીકે પીસાબનું રોકાવું યાને (Suppression of Urine) અને પીસાબનું અટકવું યાને (Retention of Urine) એ બેઉ દરદ જો કે સાધારણ એકજ બાબદને લગતાં છે પણ તેમાં પીસાબનું રોકાવું (Suppression of Urine) ખાસ તુલા રાશીને લગતુંજ દરદ છે કારણકે પીસાબ ગુરદામાં બને છે કે જે ગુરદા તુલા રાશીને લગતા છે, ને ત્યાં પીસાબ કોઇ કારણથી બનતી નથી ત્યારે તેને (Suppression of Urine) કહે છે, હવે (Retention of Urine) યાને પીસાબનું અટકવું એ તદન વૃશ્ચિક રાશીને લગતું દરદ છે, કારણકે ગુરદામાં પીસાબ બની ચુકવા પછી, તે પીસાબનાં ફુકામાં

(Bladder) ઉતરે છે, અને ત્યાં કંઇ અડચણ થવાથી પુક્રામાં પીસાબ હોવા છતાં, તે બાહેર પડતી નથી અને અટકી રહે છે કે જે ભાગો વૃશ્ચિક રાશીને લગતા હોવાથી તે દરદ વૃશ્ચિક રાશીને લગતું જાણવું. એ પ્રમાણે રેતી તથા પથરી વીગેરે દરદો જો કે ગુરદાનાં ભાગમાં બને છે, છતાં તેવો વૃશ્ચિક રાશીને લગતાં દરદો ગણાય છે, કારણકે રેતી અથવા પથરી ગુરદાના ચોક્કસ ભાગમાં બને છે કે જેને (Pelvis of the kidney) કહે છે, ને તે વૃશ્ચિક રાશીની અસરમાં છે. એ પ્રમાણે વૃશ્ચિક રાશીને લગતાં સર્વે દરદોની બાબદમાં તુલા અને વૃશ્ચિક રાશી બેઉને બરાબર તપાસવી તેમજ ગળું, મોઢું, અવાજ વીગેરે માટે વરખ રાશીને પણ તપાસવી જરૂર છે.

મુખ્ય હાડકા=(Tuberosity of ischium, Brim of pelvis, Symphysis pubis) વીગેરે છે.

સ્નાયુઓ=(Cremasters, sphincter and levatores ani erectores penis and clitoridis, sphincter of bladder).

ધોરી નશો=(Internal iliac).

નસો=(Spermatie, mesenteric, Colic, Haemorrhoidal.)

દરદો=રેતી (Gravel) પથરી (Stone, અંતર ગળ Ruptures, ભગંડર (Fistulas) મસા (Piles પરમો gonorrhoea), ધાતનાં દરદો Leucorrhoea) ચાંદી (syphillis, Priapism, scurvy, Catamenial disorders, Vaginitis, Uretritis, Inguries of spermatic cord, groin) વીગેરે છે.

ધન રાશી=આ રાશી લાગણીની અસર ઉતપન કરનાંરી છે, જેમ મીથુન રાશી હાથ ઉપર પોતાનો હકુમત રાખે છે, તેમ ધન રાશી પગનો જાંગ અને તેનાં મુખ્ય જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓ (Locomoter muscles of hips and thighs) ઉપર અશર કરે છે, વલી એ (common) રાશી હોવાથી, કેટલીક વખત ફેફસાં

અને રગોની ઉપર પણ મોટો કાબુ ધરાવે છે, એની મુખ્ય અસર બંદુકની ગોળીનાં ઘા અને ઘોડા ઉપરથી પડી જવાથી અથવા ઘોડાના અકસ્માતથી થતા જખમો અને વ્યાધીઓ ઉપર છે.

મુખ્ય હાડકાં=(Ilium, Femur, Coccygeal and sacral bones) વીગેરે છે.

સ્નાયુઓ=(Iliopsoas, Iliacus, Pectinaeus, Sartorius, Rectus, Quadriceps extensor, Glutæus muscles) (forming the buttocks) વીગેરે છે.

ધોરી નસો=(External iliac, Femoral, Sacral) વીગેરે છે.

નસો=(Vena sacra, Iliacs.)

દરદો=સાયતીકા (Sciatica) યાને જાંગના ભાગનું રૂમેટીઝમ, (Enteric,) રૂમેટીઝમ (Rheumatism, Coxalgia) જાંગનાં હાડકાંનું ભાગી જવું અથવા હઠી જવું, ગાઉત (Gout) વીગેરે દરદો છે. વળી લીવર કમ્પલેન, લોહીનો બગારો, ખહી વીગેરે દરદો ઉપર પણ એ અસર કરનારી રાશી છે.

મકર રાશી=હદ, ખમવાની શક્તિ, તથા ઉપાય યોજવાની શક્તિ ધરાવે છે, એની ખાસીયત ઠંડી, સુકી અને ઉજ્જડ છે, જેમ કર્ક રાશી અંદરનાં ભાગનાં સ્નાયુઓના જાલાંમાં અસર કરે છે, તેમ મકર રાશી બાહેરના ભાગમાં અસર કરે છે. સાંધાઓ પણ એ રાશીની અસરમાં છે, અને ખાસ કરીને ગુઠણનાં સાંધા ઉપર એની મુખ્ય અસર છે.

મુખ્ય હાડકાં=(Patella) ગુઠનણી ઢાંકણી.

સ્નાયુઓ=(Patellar legament, Popliteus) વીગેરે,

નસો=(Popliteal, ext. saphenous.)

ધોરી નસો=(Part ext. illiac, Popliteal.)

દરદો=ચામડીનાં દરદો, રૂમેટીઝમ (Articular Rheumatism) ગાઉત (Gout) હીસ્ટીરીઆ (Hysteria) ખરપસું (Eczema) રગત

પીત્ત(Leprosy, Synovitis, Urticaria, Impetigo, Pruritus, Dislocation of head of tibia) વીગેરે દરદો થાય છે

કુંભ રાશી=મુખ્ય અસર લોહીનાં ફેરાવાપર છે અને નસો માહેલાં લોહીમાંનું ઝેર સાફ કરી ધોરી નસોમાં સ્વચ્છ ફરતું કરવાની એની અસર છે, ઘણું કરી લોહીમાં ઝેર ચઢવું, શરીરમાં પુરતી ઓક્ષીજન નહીં જવી, પગનો નીચલો ભાગ, નળો અને ટેરાં, ગુંટી, વીગેરે ભાગમાં એની અસર પ્રબળ છે.

સ્નાયુઓ=(Tibialis anticus, Peronæus tertius, Soleus, Gastrocnemius.)

મુખ્ય હાડકાં=(Tibia and fibula, inner and outer ankles.)

નસો=(Internal saphenous.)

ધોરી નસો=(Tibial.)

દરદો=ગુંટીનું ભાગવું કે મોરચાવું, છાતીમાં હૃદયમાં પાણી ભરાવું, લોહીનું સુકાઇ જવું (Anæmia,) ગુંટીનો સોજો, આંકરાં, હૃદયની નબળાઇ, જ્ઞાનતંતુને લગતાં દરદો, શરીરનાં લોહીમાં ઝેરનું ભેલાવું (Caisson disease and nervous disorders.) વીગેરે થાય છે.

મીન રાશી=એની અસર શરીરનાં જાલાંઓ (Tissues,) તથા તે માંહેલી અર્ધનકર પ્રવાહીઓ વીગેરેપર છે, મુખ્ય ભાગે ફેફસાં-પર અસર કરે છે, કારણ કે રવી એ રાશીમાં હોય છે તેઓ ઘણું કરીને ખાંસીનાં રોગથી પીડાય છે, અને જેઓને ચંદ્ર એ રાશીમાં હોય છે તેઓને ઠંડીની અસર તુરત ફેફસાંમાં થાય છે. વળી પગનાં આંગળાં અંગુઠા ને પાનલી પણ એ રાશીની અસરમાં છે, અને કેટલીક વખતે ઇંદ્રી અને શરીરનાં છુપા ભાગો ઉપર પણ એ રાશીની અસર થાય છે, અને ઘણું કરીને સીફીલીસનો ચેપ લાગવાથી (Syphilitic Contagion) દરદો થાય છે.

મુખ્ય હાડકાં = (Tarsus, metatarsus and phalanges.)

સ્નાયુઓ = (Short extensor of toes, short flexor great toe, accessory flexors toes.)

ધોરી નસો = (Internal and external plantars, tarsal and metatarsal.)

નસો = પગને લગતી નસો.

દરદો = પરૂ,ધટ લોહી વીગેરેને લગતાં દરદો, પરમો (Gonorrhœa,) ગાઉત (Gout), ગર ગુમડાં, પગ અને અંગુઠાનાં દરદો, પગ મારફતે સરદી થવી, શરીરનાં સ્નાયુઓના જાલાંનું ઢીલું પડવું, દારૂથી થતાં દરદો (Alcoholism Dropsy, Defluxion of humours, Bunions) વીગેરે દરદો થાય છે.

નોંધ:—એ પ્રમાણે છઠ્ઠાં ભુવનમાં કોઇપણ ગ્રહ નહી હોય, તો છઠ્ઠાં ભુવનનાં કશપર જે રાશી હોય તે રાશીને લગતી વ્યાધીઓ થવાનો ઘણો સંભવ રહે છે. વ્યાધીઓ અને દુઃખો કંઈ એકી વખતે સામતાં થતાં નથી, પણ ગ્રહોની ત્રાન્ઝીતથી, તેમજ પોત પોતાની જુદી જુદી આસપેકટસોમાં આવવાથી, જે અસર એ છઠ્ઠાં ભુવનને થાય છે, તે પ્રમાણે વખતો વખત દરદો અને વ્યાધીઓ થતી જાય છે. એ માટે મુખ્ય વીચારવાનું એ છે કે જો **તંદરૂસ્તીનો** માલેક (Hyleg) જો બળવાન હોય, તેમજ જન્મકાળે લગ્નની રાશી જોરે-મંદ અને મજબુત શરીર બંધારણુ હોય તો, શરીરને દુઃખ તથા વ્યાધી થવાનો સંભવ ઘણો કમતી થઇ જાય છે. છઠ્ઠાં ભુવનના કશની રાશીને લગતા શરીરનાં ભાગમાં, તથા તે રાશીને લગતી અસરો વીગેરે, દરદો તથા વ્યાધીઓ તે રાશીને લગતા ભાગમાં વ્યાધી થવા પછી અસર કરે છે. એ પ્રમાણે રાશીઓની અસર અને છઠ્ઠાં ભુવન સાથનો તેનો સંબધ જાણવા પછી, હવે ગ્રહો જુદી જુદી રાશીઓ તથા અસપેકટસોમાં છઠ્ઠાં ભુવનમાં હોય તો કેવાં દરદો આપે છે તે લખ્યું છે.

ગ્રહો જુદી જુદી રાશીમાં અને એક બીજાની આસપકેટ તથા કોમ્બીનેશનમાં કેવાં દુઃખ દરદો કરે છે તેની વીગત.

આ બાબદ દુઃખ દરદો પારખવાને ઘણી મદદગાર થઇ પડે છે, મુખ્ય કરીને દુઃખ દરદ કેઇ જગ્યાપર થયું છે તે ઘણું જલદી માલમ પડે છે, હવે તે થવાનું કારણ ગ્રહોના ગરમી સરદી વીગેરે વાઇબ્રેશનોની ગતી ઉપરાંત શરીરમાંહેલી બીજી ગતીઓ તેમજ માનવીની પોતાની રાહ, રીત, સ્વચ્છતા, અસ્વચ્છતા, ખાવા પીવા વીગેરે ઉપર આધાર રાખે છે, જેથી પહેલે દુઃખની જગ્યા તપાસતાં અને ગ્રહોની અસર તથા તે માનવીની પોતાની જાતી ખાસીયત અને ગુણ જોઇ દુઃખ દરદનું મુખ્ય કારણ (Cause) શોધી કાઢી તે કારણ દુર કરવે વ્યાધી નાબુદ થાય તેમાં સંદેહ નથી. દાખલા તરીકે પઠરીનું દરદ (Stone) મુખ્ય કરીને વૃશ્ચિક તથા તુલા રાશીને લગતું છે, પણ તેનું કારણ જો આપણે તપાસ્યે છે તો, લોહીનો ફેળાવો (Blood circulation) છે, કારણ કે લોહીમાં યુરીક એસીડ (Uric acid) વધારે થવાથી એ દરદ થાય છે, અને યુરીક એસીડ થવાનું કારણ, માંસહાર, દારૂ અને અનીયમીતપણાને લીધે થાય છે, તેમજ લોહીનાં ફેળાવા (Blood circulation) ઉપર ગુરૂની હકુમત છે, એટલે એવાં દરદો વખતે ગુરૂ જરૂર પાપદૃષ્ટીમાં આવતો હોવો જોઇએ. એ પ્રમાણે ગુરૂ જેવી થોડી કે ઘણી પાપદૃષ્ટીમાં દબાયલો હોય, તે પ્રમાણમાં તે દરદનું જોર વધારે કે ઓછું આપે, એમ રાશીથી જગ્યા, અને ગ્રહથી કારણ શોધી કાઢી, જો ઉપચાર કરવામાં આવે તો અલબત દરદ સાજું થવા ઉપરાંત, દવાની ભલતી અસર થતી નથી, અને આરોગ્યતા જલદી મળે છે. એ બાબદ આગળ જતાં વધારે ખુળાસાથી સમજાવીશું, તેટલા અત્રે દરેક ગ્રહો જુદી જુદી રાશીમાં કેવાં દુઃખો આપે છે, તે લખ્યાં છે, કેટલાંક દરદોનાં ગુજરાતી નામ શબ્દ નહીં હોવાથી અંગ્રેજી ભાષામાંજ લખ્યાં છે, જે અંગ્રેજી જાણનારાઓ સારી રીતે સમજી શકશે. ગુજરાતી વાંચનારાઓ તે શબ્દનો ખુલાસો

અત્રે પુરો પાડી શકવાને જગ્યાની ખુટ હોવાથી, તથા તેમ કરતાં પુસ્તકનું દળ ઘણું વધી જતું હોવાથી જેટલું ગુજરાતી સમજી શકાય તેટલાં ઉપરજ સંતોષ પકડવો પડશે.

રવીનાં દરદો.

રવીની અસર અને શકિત તંદરૂસ્તીના માલેક યાને પુરૂષનાં (Hyleg) તરીકે આગળ જણાવી ગયા છીએ છતાં જુદી જુદી રાશીમાં તે જે દરદો કરે છે તે નીચે પ્રમાણે છે.

મેષમાં—માથાંનો દુઃખાવો (Hyperæmic and organic headache,) માથાંપર લોહીનું ચઢવું (Apoplexy,) લુ લાગવી, ભેજાંની તાવ (Brain fever, Aphasia, Cerebral meningitis) વીગેરે છે.

વરખમાં=ગળસુનું (Deptheria, Quinsy) નાકનો સરખમ, (Polypus) યાને નાકમાં થતો એક જાતનો મસો, અથવા તો ગર્ભસ્થાનમાં થતી ગાંઠ, એ નાક તથા ગર્ભસ્થાનમાં થાય છે.

મિથુન=ગળાંની નળીનો ખાંસો (Bronchitis) જ્ઞાનતંતુનાં દરદો, નબળાઇ, (Nervous disorders, Pleurisy, Scurvy) તથા ફેફસાંને લગતાં દરદો થાય છે.

કર્ક=અજીર્ણ (Dyspepsia, Dropsy) જલંદર તથા છાતીનાં દરદો થાય છે.

સીંહ=હૃદય, બરડો, અને બરડાની કરોડને લગતાં દરદો, તથા જોરમાં ઓખાર વીગેરે છે.

કન્યા=અતેસાર (Diarrhœa) ઝાડો ખુબ આવવો, તથા ખોરાક અને તે માંહેલી વસ્તુઓ શરીરની અંદર બરાબર સમેલન નહીં થવાથી અરૂચીથી થતાં દરદો વીગેરે છે.

તુલા=ગુરદાનાં દરદો તથા ચામડીનાં દરદો થાય છે.

વૃશ્ચિકમાં=ભગંદર (Fistula, Calculus) ઇંદ્રીને લગતાં દરદો, નાક અને ગળાંનાં દરદો, તથા (Appendicitis).

ધન રાશીમાં=સાયટીકા (Sciatica), લકવો (Paralysis), ફેફસાં અને નર્વને લગતાં દરદો તથા (Hyperæsthesia).

મકરમાં=રૂમેટીઝમ, તથા (Cutaneous disorders).

કુંભમાં=લોહીવીકાર, લોહીનું સુકાઈ જવું, હ્રદયમાં પાણી, કારબોનીક ગેસથી ઝેર ચઢવું (Caisson diseases, Heart dropsy, Asphyxia) વીગેરે.

મીનમાં=પીસાબનાં (Urinary, Uterine) દરદો નરવસ ડીસઓરડર્સ (Nervous disorders) તથા ખઈ (Pulmonary) તથા ફેફસાંનાં દરદો થાય છે.

ચંદ્રનાં દરદો.

મેષમાં=નબળી આંખ, આંખને ખેંચાણ, માથાંનો દુઃખાવો (Migraine) કમતી ઉંઘ (Insomnia) સરખમ, (Catarrh Alopecia) વીગેરે.

વરખમાં=(Quinsy) ગળાંનો સોજો, તથા (Relaxed throat, Aphthos ulcers) અને આંખનાં દરદો.

મિથુનમાં=ફેફસાંનાં દરદો (Œdema of lungs) ન્યુમોનીઆ (Varicose aneurism).

કર્કમાં=આંગનું જાડું થવું, ઉલટીનાં દરદ, (Tympany, Carcinoma, Dropsical Tendency).

સીંહમાં=બેસુધ્ધી, (Swoonings) ઉપળ્યું (Convulsions) તથા છાતીમાં હ્રદયને લગતાં દરદો.

કન્યામાં=ઝાડો છુટવો (Looseness of bowels), પેટમાં સોજો (Abdominal swellings) અને "ટ્યુમર" (Tumors, Typhoses pneumonia, Hydrothorax).

તુલામાં=ગુરદાને લગતાં જુદાં જુદાં દરદો.

વૃશ્ચિકમાં=ગોળીમાં પાણી (Hydrocele), વ્યભીચારને લગતાં ઇંદ્રીનાં દરદો (Genito-urinary Complaints), અંતરગળ અથવા ગોળીમાં આંતરડાંનું ઉતરવું (Hernial aneurism) વીગેરે.

ધનમાં=ગાઉત (Gout), નર્વ દીસઓરડર, રગોને લગતાં દરદો, (Ischiatic affections).

મકરમાં=ચામડીનાં દરદો, ખરપસું વીગેરે તથા (Synovial troubles).

કુંભમાં=(Varicose Veins) ધરગુમડાં, લોહીમાં ઝેર, (Ulcers) તથા આંખના દરદો.

મીનમાં=દારૂડીપણાનાં દરદો (Alcoholism, Dropsy), સ્નાયુઓનું ઢીલું પડવું (Tissues relaxed), સરદી (Colds), ફેફસાંની નબળાઇ (Weak lungs, Tabes) વીગેરે છે.

એ પ્રમાણે સ્ત્રીની તંદરૂસ્તીનો માલેક ચંદ્ર (Hyleg) ને લગતી કેટલીક બીના આગળ આપી છે તે સાથે આ ઉપળી બાબદ સ્ત્રી તેમજ પુરૂષોને પણ લાગુ પડે છે.

બુધનાં દરદો.

દુઃખ દરદની બાબદ બુધનો ગ્રહ ઘણો જરૂરનો છે કારણ કે, ભેજાં અને "નર્વ" (Nervous system) જ્ઞાનતંતુઓની ઉપર તેની મુખ્ય અસર છે, અને મુખ્ય કરી એને લગતાંજ દરદો ઉત્તપન્ન કરે છે. રગોપર એની મુખ્ય અસર છે, માથાંનો દુઃખાવો, માથાંનો નજલો, કમતી ઉંઘ, બેચેની, એ દરદો બુધની અસરનાં છે, વળી કેટલીક વખતે બેસુધ્ધી, બેફામી, (Lethargy) યાદદાસ્ત શકિતને લગતાં દરદો, ફેર આવવા (Vertigo), ઉપળ્યાં, (Convulsions) વીગેરે દરદો બુધ જેવી જેવી રાશીમાં હોય તેવા તેવા શરીરના ભાગો અવ્યવોમાં એ જાતનાં દરદો થાય છે. વળી બુધ જે જે ગ્રહોનાં સમાગમમાં આવે છે તેમ જુદી જુદી અસર કરે છે, પણ જ્યારે છઠ્ઠાં ભુવનમાં હોય છે ત્યારે તો જરૂર (Nervous trouble) યાને રગોનાં દરદો મુખ્ય કરીને મનની મુજવન અને ચીંતા (Worry) અથવા તો પુષ્કળ અભ્યાસ કરી મનપર બોજો આવવાથી દરદ થાય છે. જુદી જુદી રાશીમાં બુધ નીચે પ્રમાણેનાં દરદો કરે છે.

મેષમાં બુધ=માથાંનો દુઃખાવો, મોઢાંનો નજળો, ઉંઘ નહીં આવવી, રગો અને જ્ઞાનતંતુઓનાં દરદો, (Vertigo, Brain disorder, Astignatism, Neuralgia, Phrenitic delirium) વીગેરે દરદો થાય છે.

વરખમાં બુધ=ખોખરો સાદ, ગળાંનાં દરદો, અવાજને લગતાં દરદો, દાંત આવતી વખતે થતાં ઉપદ્રવો, ગળાંનો ખાંસો, (Croup, Laryngismus swallowing difficulty through loss of nervous control).

મીથુનમાં બુધ=ખભાંમાં ચસક, હાથમાં અને બાજુમાં પવનની શુળ, ગળાંની નળીનો ખાંસો (Bronchitis) દમ, હાંફણ (Asthma, Pleurisy Intercostal Neuralgia) હાથ પગનો ગાઉત, વીગેરે છે.

કર્કમાં બુધ=ચુકો (Colic,) બેસુધ્ધીને ગુંચ, પાચનશક્તિ અને હોજરીનાં દરદો,'(Gastric troubles.), વાયુપ્રકોપ, અજીર્ણ, (Indigestion), પેટમાં પવન (Gas stomach), પેટમાં આંકરાં (Cramps in stomach, Dipsomania, Flatulence and neuroses of stomach.)

સીંહ રાશીમાં બુધ=અરૂચીક રીતે જીંદગી ગુજારવાથી થતાં દરદો, અનીયમીતપણાનાં થતાં દરદો, હૃદય અને રકતને લગતાં દરદો, અને ગળાં તથાં છાતીનાં ધપકારાને લગતાં દરદો, બેસાની (Convtlsions, Swoonings, pain in back) બરડામાં દુઃખાવો, (Palpitation), (and neuralgia of heart.)

કન્યામાં બુધ=આંતરડાં અને ઝાડાને લગતાં દરદો, કબજ્યાત (Constipation), મરડો (Dysentery) ,અજીર્ણ (Indigestion), અતેસાર (Diarrhoea, Borborigmus, Ballonnement, Nervous debility, worms) કરમ.

તુલામાં બુધ=પીસાબનાં દરદો અને ગુરદાનાં દરદો, (Nephritic colic, neuralgia of kidneys.)

વૃશ્ચિકમાં બુધ=ઈંદ્રીને લગતાં દરદો, સ્ત્રીનાં ગર્ભસ્થાનનાં દરદો, દસ્તાનનું અટકવું, તથા છુપી ઇંદ્રીની અંદરની રગોનું નબળું પડવું. (Dysmenorrhoea, diseases of pudic nerves, neuralgia of neck of matrix and bladder.)

ધન રાશીમાં બુધ=સાયતીકા (Sciatica) તથા જાંગની નબળાઇ, જાંગનો લકવો, (Nervousness.)

મકર રાશીમાં બુધ=રૂમેતીઝમ, સંધીવા, ગાઉત (Pruritus, psoriasis,) કબજીયાત તથા હોજરીને લગતો બીગાડો, અને તે થવાનું કારણ ચીંતા ફીકર અને મનની અચોક્કસ સ્થીતી તથા દલગીરીથી ઉત્તપન્ન થતાં દરદો.

કુંભમાં બુધ=હીસટીરીઆ (Hysteria), અને નબળાઇને લગતાં દરદો, ગુંટીની કમજોર હાલત, લોહીનો બીગાડો વીગેરે.

મીન રાશીમાં બુધ=પગમાં આંકરાં, ખહી, ઠંડા પગ, ચુકો આંટણુ, વીસરફોમ, બેધ્યાનપણું, અને થાક અને કંટાળાથી ઉપજતાં દરદો છે.

શુક્રનાં દરદો.

શુક્રનો ગ્રહ જોકે એક શુભ ગ્રહ છે, છતાં કેટલીક નાની નાની વ્યાધીઓ એ ઉત્તપન્ન કરનારો છે, અને ખાસ કરીને સ્ત્રીઓને વધુ અસર કરે છે, જો કે એ ગ્રહની અસર પોષણુ કરનારી છે છતાં કેટલીક વખતે ઘણી નબળાઇ કરે છે, ખાસ કરીને ગળાનાં તોનસીલ (Tonsils), ગુરદાનાં દરદ, (Cysts), સોજો (Swellings, Renal troubles) અને અરૂચીક ખાવા પીવાને રહેવાની ટેવથી પણુ દરદો થાય છે. **છઠ્ઠાં ભુવનમાં શુક્ર** ખાસ કરીને તબીયતનો બચાવ કરે છે, પણુ જો મુખ્ય કરીને ઘણીજ પાપદૃષ્ટિમાં આવેલો હોય અથવા તો ચંદ્ર કે લગ્નની સાથે પાપદૃષ્ટિ કરતો હોય, તો જુદી જુદી રાશીઓમાં નીચે પ્રમાણેનાં દરદો ઉત્તપન્ન કરે.

મેષમાં શુક્ર=ખરપસું (Eczema,) ચામડીનાં દરદો, મોઢાંનું પીલાસ પકડવું, તથા કોસમેતીક વીગેરે વાપડવાથી થતાં દરદો,

માથાંમાં સરદી, (Lachrymal humours, musci volantes, toxœmic headache.)

વરખમાં શુક્ર=ગળાંના દરદો, (Mumps, Quinsy) શુકનાં દરદ (Salivation, Bronchocle, Goitre, Thrush) તરસનાં દરદો, (Ranula, Relropharyngeal abscess, Headache in amatrie tract) માથાંનાં પાછલા ભાગમાં દુ:ખવું વીગેરે.

મીથુનમાં શુક્ર=ટાઇટ ડ્રેસ પહેરવાથી થતાં દરદો (Whitlow, Ganglion, Papilloma) વીગેરે દરદો થાય છે.

કર્કમાં શુક્ર=ઉલતી, અજીર્ણ (Surfeit, Cyst of breast, Dilation of stomach irregularities in catamenia.)

સીંહ રાશીમાં શુક્ર=બેસુધ્ધી, હૃદયનાં દરદો અને ટાઇટ કપડાં પહેરવાથી છાતીમાં થતાં ધપકારા, બરડાના કાંઠાની હાડકાંમાંહેલી પ્રહવાઇ અથવા ગુરને લગતાં દરદો, (Disease of spinal marrow, Aortic disease) વીગેરે છે.

કન્યા રાશીમાં શુક્ર=ઝાડાનું અચોક્કસપણું, કરમ, આંતરડાંનાં દુ:ખ, (Mucus) તથા ખાસ કરીને ખાવા પીવામાં અનીયમીત થવાથી થતાં દરદો.

તુલામાં શુક્ર=મીઠી પીસાબ (Diabetes), ગુરદાનાં દરદ (Uraemia), ખરપસું, પીસાબનાં દરદો વીગેરે.

વૃશ્ચિક રાશીમાં શુક્ર=આજારને લગતાં દરદો, પીસાબનાં પુક્કાની નબળાઇ, ગર્ભસ્થાનનાં ફુલ તથા અંદરનાં ભાગોનાં દરદો (Womb disorder, Diseases of ovaris) દસ્તાનનાં મરજો, (Leucorrhoea, Prolapse, Varicocele) વીગેરે દરદો થાય છે.

ધન રાશીમાં શુક્ર=ફેફસાંનાં દરદો તથા જાંગનો લકવો (Gout and tumours in hips and thighs.)

મકર રાશીમાં શુક્ર=ઉબટી (Nausca, Bursitis of knec) ગુચણનો લકવો, ચામડીનાં દરદો, કબજયાત, કરમ (Worms) વીગેરે.

કુંભ રાશીમાં શુક્ર=(Anœmia) લોહીનું કમતી થવું, હીસ્ટીરીઆ, (Varicose veins) પગના નળાનો સોજો વીગેરે છે.

મીન રાશીમાં શુક્ર=પગમાં આંટન, દારૂથી થતાં દરદો, (Bunions, Chillblains, Tumours, Gonorrhoea) વીગેરે.

મંગળનાં દરદો.

દરેક જાતના તાવનાં દરદ ઉત્તપન્ન કરવાની મંગળની ખાસીયત છે, સોજો અને અકરાટ ગભરાત કરાવનારી એની અસર છે, કારણ કે એનો ખવાસ ગરમ છે, ઉતાવળ્યો અને તેજ હોવાથી એકદમ અસર કરનારો, અચાનુચ અને સખ્ત હુમલો કરનારો, ચેપી રોગો લાગુ પાડનારો, અને શરીરમાં કામ વીકાર પુષ્કળ ઉત્તપન્ન કરનારો અને ગરમીનાં દરદો જેવાં કે, ભગંદર (Fistula, burns) દાજવું, લોહીના અવ્યવોનાં દરદો (Ruptures of blood-vessels) વીગેરે.

જ્યારે મંગળ **છઠ્ઠાં ભુવનમાં** જો ચંદ્ર કે રવી સાથે પાપદૃષ્ટિમાં હોય તો ઘણા અચાનુચ અને સખ્ત માંદગીનાં હુમલા કરે છે, અને બીજા ગ્રહો સાથે સાધારણ હુમલા કરે છે. બારે રાશીમાં મંગળ નીચલાં દરદો આપે છે.

મેષમાં મંગળ=ભેજાંની તાપ (Brain fever,) ભેજાંમાંહેલા લોહીનાં દરદ (Ruptures of blood-vessels in the brain), ભેજાંનો સોજો (Cerebral congestion), દરાજ (Ringworm), સહીયદ સીતલા (Small-pox), આંખનો સોજો, માથાંનો સખ્ત દુઃખાવો, પુષ્કળ બેચેની, માંથા અને મોઢાંપર જખમો, (Insomnia, Delirium Encephalitis, Porrigo) વીગેરે દરદો છે.

વરખમાં મંગળ=ડીપ્ટેરીઆ (Diphtheria), તોન્સીલ્સ, (Tonsilitis, Quinsies) ગળાંનો સોજો, પીસાબનાં કુક્કામાં પથરી, (Stone in Bladder, Crysipelas, Laryngetis, Angina, Rhinitis, Polypus, Muscular rheumatism in neck,) દરેક ગળાં અને જડબાંને લગતાં દરદો.

મિથુનમાં મંગળ=જ્ઞાનતંતુનાં દરદો, ઘા, અને હાથના હાડકાંનું ભાગવું, ગળાંની હાંસરીનું ભાગવું, દમની નળીનો ખાંસો, પીત્તનાં પેટ આવવાં, ન્યુમોનીઆ (Pneumonia,) ફેફ્સાંનો સોજો, નજળો, લોહીનો બીગાડો, લોહી ઓકવું, હાથ અને ખભાંપર ખરપલું થવું, (Haemoptysis, Bronchitis, Bilious diarrhœa) વીગેરે છે.

કર્કમાં મંગળ=સુકો ખાંસો (Dry cough), પેટને હોજરીમાં ફુલ્લા થવા, પેટવાટે, લોહી પડવું (Haemorrhage, Gastritis Dipsomania, Dyspepsia), અજીર્ણ, અજીર્ણની તાવ (Gastric fever), પીત્તવીકાર (Typhoid), તાઇફોઇડ ફીવર, એન્ટ્રીક ફીવર (Entric fever), સ્ત્રીઓને ગર્ભમાં પુષ્કળ અડચણ થાય, બચ્ચાંનાં જન્મ વખતે નુકસાન કરે, છોકરૂં અધુરે પડે, વૉમીટ થાય વીગેરે દરદો થાય છે.

સિંહમાં મંગળ=હ્રદયનાં દરદો, છાતીનાં ધપકારો (Palpitation, Aneurism, Hypertrophy), મેલેરીઆ તાવ (Malaria, Pleurisy, Aneurisms and Syncope), લુ લાગવી (Sunstroke), બરડામાં રૂમેટીક પેન થવું (Pericarditis, Endocarditis) વીગેરે છાતી ને હ્રદયનાં દરદો થાય છે.

કન્યામાં મંગળ=અતેસાર (Diarrhoea), હોજરીનો સોજો, આંતરડાંનો ખહી (Peritonitis Cholera), આંતરડાંનું ગોળીમાં ઉતરવું (Hernia), મરડો (Dysentary, Enteritis), કરમ (Worms) તથા ટાઇફોઇડ (Typhoid) વીગેરે દરદો થાય છે.

તુળામાં મંગળ=(Nephritis, Pyelitis), પીસાબને લગતાં દરદો, ગુરદાનાં દરદોથી ઉત્તપન્ન થતી તાપ, બરડાના પાછળા ભાગનો દુઃખાવો, ગુરદાનો સોજો વીગેરે છે.

વૃશ્ચિકમાં મંગળ=મસા (Piles), ભગંદર (Fistulas), આજારને લગતાં દરદો (Venereal diseases,) પથરી, રેતી, ગાઉત લોહીમાં ઝેરનું ભેલાવું, સ્ત્રીઓનાં ગર્ભસ્થાનમાં સોજો (Inflammation of the womb), ઝાડા વાટે જતાં લોહી, દસ્તાનનાં મરજો, અધુરે બચ્ચાંનું જન્મવું, (Abortion and catamenial disorders.)

ધનમાં મંગળ=જાંગનું દરદ (Sctiatca, Entric fever), એનીટ્રીક ફીવર, ફેફસાંનો સોજો, ઝાડાનાં માર્ગનાં દરદો, (Pelvic operations) વીગેરે છે.

મકરમાં મંગળ=ઉડતો નજળો, પવનની પેન, રૂમેટીઝમની તાવ, ઉડતા રોગો, સીતલા (Smallpox, Urticaria, Pruritus, Anthrax), ઝળીચીના ફુલ્લા (Seabies, Psoriasis), કમળો (Jaundice), તથા ચામડીનાં સોજાનાં દરદો વીગેરે છે.

કુંભમાં મંગળ=પગના નળાનો દુ:ખાવો, ટેટાંમાં કળતર, આંતરીઓ તાવ (Intermitent Fever), લોહીમાં ઝેર, છાતીમાં ધપકારા, લોહીનું ગરમ થવું, (Crysipealas, Ulcers on the leg), વીગેરે છે.

મિનમાં મંગળ=દારૂનાં દરદો, ઉડતા રોગો, ખહી (Consumption), આંટણો (Corns, Bunions, Pectroal affections), પગમાં પસીનો, વીરા પાકવા, (Balanitis, Hyperidrosis, Bromidrosis) વીગેરે દરદો થાય છે.

ગુરૂનાં દરદો.

જો કે ગુરૂ એક શુભ ગ્રહ છે તોપણ જ્યારે છઠ્ઠા ભુવનમાં એ બેઠો હોય ત્યારે દરદો ઉત્તપન્ન કરે છે, તેમજ જ્યારે ગુરૂ તન ભુવન અને તંદુરસ્તીના માલેકને પાપદૃષ્ટિ કરતો હોય ત્યારે પણ ખરાબ સમજવો. ગુરૂની ખાસીયત લોહીમાં ફેરફાર કરવાનો તથા તેને ઘટ બનાવી ગાંઠ કે ત્યુમર (Tumourous) કે શરીરને જાડો કરવાની છે. એની મુખ્ય અસર લીવર યાને કલેજાંપર છે અને ઘણું કરીને લીવરમાં એબસેસ કરે છે, ફુલ્લા થાય છે વીગેરે અસર કરે છે. મુખ્ય કરીને જ્યારે છઠ્ઠાં ભુવનમાં ઉંચનો થઇને તથા શુભ ગ્રહોની દૃષ્ટિમાં શુભ થઇને ગુરૂ બેઠો હોય તો, દરેક રીતે તંદુરસ્તીને બચાવ્યા કરે, અનીયમીત ખાવા પીવાથી થતાં દરદોનો અટકાવ કરે છે, બારે રાશીમાં એ ગ્રહ નીચે પ્રમાણેનાં દરદો આપે છે.

મેષમાં ગુરૂ=બેસુદ્ધી, ભેજાંનો સોજો, લોહીનું ભેજાંમાં અસર

કરવું (Congestion of Brain), ફેરચક્કર આવવા (Giddiness, Swoons), તથા (Determination of blood to head.)

વરખમાં ગુરૂ=ગાઉત, એદીપણાંથી થતાં દરદો તથા પુષ્કળ ઉંચો ખોરાક લેવાથી થતી વ્યાધીઓ થાય છે, લોહી માથે ચઢે છે, (Coryza, Epistaxis, Quinsy, Gout, Plethora from high living.)

મિથુનમાં ગુરૂ=(Pleursy, blood and lung disorders), ફેફસાંનો સોજો, લીવરપર ચરબી બાજવી વીગેરે છે.

કર્કમાં ગુરૂ=પેટમાં ભાર, હોજરીનો બગાડો (Overloaded stomach, Dilatation of stomach, Dropsy), અજીર્ણ, (Scurvy, flatulence) વીગેરે.

સિંહમાં ગુરૂ=લોહીનું ગરમ થવું, પીત્તો ફાટી જવો, હૃદયપર ચરબીનું ફરી વલવું, છાતીના ધપકારા, તાવ, વીગેરે છે.

કન્યામાં ગુરૂ=બહી, આંતરડાંનો, કલેજાં લીવરનાં દરદો, આંતરડાંનાં દરદો, કમલો (Jaundice), લોહીનો બીગાડો, લીવરમાં એબસેસ (Abscesses on liver or bowels) વીગેરે.

તુલમાં ગુરૂ=ગુરદામાં ગાંઠ (Tumours in kidney,) મીઠી પીસાબ (Diabetes,) લોહીનો બીગાડો, (Changes in blood circulation, Obstructions, Pleurisy) વીગેરે.

વૃશ્ચિકમાં ગુરૂ=મસા (Piles), આજારનાં દરદો (Veneral disorders, Urinal and seminal complaints, Dropsy,) આંતરડાંનું ગોળીમાં ઉતરવું, ભગંદર (Fistula, Urethral abscess, over secretion of urates, Strangury, Eruptions in the secrets.

ધનમાં ગુરૂ=સાયટીકા (Seiatica), ગાઉત (Gout), જાંગની અંદર દરદ, રૂમેતીઝમ વીગેરે.

મકરમાં ગુરૂ=ખરપસું (Eczema ãnd various other forms of cutaneous disorders), ચામડીનાં દરદો, લોહીનું

ધીમું પડવું, લોહીનો બીગાડો, અને અરૂચીક પદાર્થ ખાવાથી થતાં દરેક દરદો થાય છે.

કુંભમાં ગુરૂ=લંબેગો (Lumbago), બરડાનાં નીચલા ભાગમાં દુઃખાવો, લોહીનું ઝેરી થવું, ગુઠણનું અને ગુંટીનું સુજી જવું, છાતીમાં હૃદયનું દરદ થવું, તથા શરીરમાં પુષ્કળ લોહીનું વધી જવું. (Over abundance of the blood in the system, Heart dropsy.)

મિનમાં ગુરૂ=(Hydrothorax, Hydatid cysts), લીવર તથા ફેફસાંનાં દરદો, લોહીનું કમી થવું વીગેરે દરદો થાય છે.

શનીનાં દરદો.

શની સર્વેમાં મુખ્ય દુઃખોનો કરનારો છે, અને એનો ખવાસ ઠંડો અને સંકોચવાની શકિતવાળો છે, અને એ રીતે રવી ચંદ્રથી તદન ઉળટી ખાસીયતનો છે, અને જ્યારે છઠ્ઠાં ભુવને કે તન ભુવન અને તંદરૂસ્તીનાં માલેકો સાથે પાપદૃષ્ટિમાં હોય તો જરૂર ઠંડક અને લંબાણુ ચાલુ દરદો (Lingering and chronic complaints) ઉત્તપન્ન કરે છે. મુખ્ય દરદો થવાનું કારણુ સરદી, તથા દરેક જાતના ગાઉત રૂમેટીઝમ, બેહરાપણું, લકવો, તાવ, ઉડતા રોગો, ખહી તેમજ બીજાં હાડકાનાં દરદો થાય છે. શની પુષ્કળ દુઃખનો કરાનારો છે જેવાં કે–(Atrophy, Ague, Palsy, Cutaneous disorders, Gangrene, Impediments and deafness, Paralysis, Gout) વીગેરે છે તેમજ શની હાડકાંનો માલેક હોવાથી દરેક હાડકાંને લગતાં દરદો તેમજ ખાસ કરીને બરડાની કરોડનાં હાડકાંને લગતાં મુખ્ય દરદો વધારે ઉત્તપન્ન કરે છે.

શનીનાં દરદો માટે ઘણી ખંતથી જોવાની જરૂર છે કારણુ કે ઘણા લાંબા કાળસુધી એ ગ્રહનાં દરદો દુઃખ દે છે, બળકે કેટલીક વખતે તો જીંદગીભર સીકનેસ લાગુ પડે છે. બારે રાશીમાં એનાં દુઃખ દરદો નીચે પ્રમાણે છેઃ—

મેષમાં શની=મોઢું, હોજરી, લીવર, સરખમ, દાંતનો દુઃખાવો, માથાંનાં નીચલા ભાગના ભેજાંનો દુઃખાવો, બેહરાપણું, સરદી, (Cerebral anœmia, Apathy, Cerebral syncope) વીગેરે છે.

વરખમાં શની=બેહરાપણું (Deafness), ગળાંમાં સરદીનાં દરદો, અવાજનું બેસી જવું, ગુગળાવું, (Suffocation, Laryngeal consumption, Angina gangrena, Putrid gums), દાંતનાં પારામાં દરદ તથા ડીપથેરીઆ (Diphtheria) વીગેરે છે.

મીથુનમાં શની=ખઈ (Consumption), ન્યુમોનીઆ (Pneumonia), બ્રોનકાઇટીઝ (Bronchitis), હાથ અને બાજુનું રૂમેતીઝમ તથા દમ અને શ્વાસને લગતાં અને ફેફસાંનાં દરદો; કાળો કમળો (Black jaundice) ધ્રુજરી (Nervous trembling, Dyspnoea).

કર્કમાં શની=દમ, હાંફણ (Asthma,) ખઈ, તાવ (Ague), ભુખનું મરીજવું, અજીર્ણ (Dyspepsia,) ઉળતીનાં દરદ (Nausea, chronic gastritis, anæmia) કેનસર (Cancer of breasts and axillae, chlorosis) લોહીનું સુકાવું, (Dipsomania,) સ્ત્રીઓના ગર્ભનાં દરદો (Affection of the womb.)

સીંહ રાશીમાં શની=હૃદયનું નબળું પડવું, કમળો (Jaundice), બરડાનાં કાંઠાંનાં દરદો (Spinal troubles), ગાઉત, અને લીવર કમ્પલેન્ટ, (Malformed spine, locomotor ataxy, Gout in heart) વીગેરે છે.

કન્યા રાશીમાં શની=ખઈ આંતરડાંમાં અડચણ (Obstructions in the bowels), કબજ્યાત (Costiveness), ચુંકો, (Colic), આંતરડાંનો ખઈ (Abdominăl phtyhisis), મંદ લીવર (Sluggish lever) વીગેરે દરદો છે.

તુલામાં શની=પીસાબનાં ફુક્કાના દરદો, લોહીનો બીગાડો, (Corrupted blood), ગુરદાનો ચુંકો, પીસાબનું કમતી થવું (Suppression of urine, Renal colic, Sterility,) માથાં અને ગુરદાને લગતી બીમારી, અને (Brights disease) વીગેરે થાય છે.

વૃશ્ચિક રાશીમાં શની=પીસાબનું અટકવું (Retention of urine,) મસા (Piles,) ભગંદર (Fistula) રેતી (Gravel) પથરી (Stone,) દસતાન અને પીસાબને લગતાં સ્ત્રીઓનાં દરેક જાનતાં

દરદો (Suppression of the Catamenia, strangury), નાકનાં પટલાં હાડકાંમાં દરદ (Caries of Cartilage of nose વીગેરે થાય છે.

ધનમાં શની—ગાઉત, સાયટીકા, જાંગનાં હાડકાંનું ઉતરી જવું, ખહી, ખાંસી, અને (Debility of nervous system), વીગેરે છે.

મકરમાં શની—તાવ (Ague), રૂમેતીઝમ, ચામડીનાં દરદો, તથા પગનાં ગુઠણનું અકડી જવું, (Chiefty articular rheumatism) વીગેરે છે.

કુંભમાં શની— આંકરાં (Cramp), લોહીનું કમતી થવું (Anaemia,) આંખનાં દરદો, ગુઠણ અને ગુટીનાં દરદો (Club-foot from Contraction of the tendo Achillis, Asthenia, Caries of spine) બરડાનાં કાઠાંનાં દરદો, (Compression and sclerosis of spinal cord, arterial sclerosis.)

મીનમાં શની--પગપર ફુલ્લા, ખહી (Consumption, Rachitis, Scorfula,) સરખમ (Catarrh), ગાઉત, (Bunions), પગ ભીના રાખવાથી થતાં સરદીનાં દરદો, અને (Ulcers of feet) વીગેરે થાય છે.

હરશાચલ યાને યુરેનસ ગ્રહનાં દરદો.

હરશાચલ ગ્રહ તદન વીચીત્ર ખાસીયતનો છે અને એની અસર એકાએક અચબુચ થાય છે, તથા એ જે અસર કરે છે તે નહીં સમજ પડે તેવી અને ઘણી ગંભીર કરે છે, અને કંઇ સાધારણ દરદ નહીં પણ વીચીત્ર અને નહીં સમજ પડે તેવું દુ:ખ કરે છે. ઘણું કરીને એકાએક દરદો જેવાં કે ચમકવા, ધુજરી, અંતરગળ, ગોળો ચઢવો, અને ખાસ કરીને જ્ઞાનતંતુઓ (Nervous system) ને લગતાં દરદોપર અને ખાસ કરીને ચૈતન્ય આપનારાં જ્ઞાનતંતુઓ (Motor nerves) ને લગતાં દરદો કરે છે. એવી રીતે છતાં જુવને જે રાશીનો હરશાચલ બેઠેલો હોય, તે રાશીનાં ભાંગ અને ગુણ પ્રમાણેનું દરદ કરે, જુદી જુદી રાશીનાં નીચે પ્રમાણે યુરેનસ ગ્રહ દરદો ઉત્તપન્ન કરે છે:—

મેષમાં હરશચલ—માથાંમાં વારે વારે થઇ આવતો દુઃખાવો, ભેંજાનાં કવર અને તે માંહેલા તંતુઓને લગતું દરદ, મોઢાંની ઉપરનાં ગ્નાનતંતુઓ અને રગોનો લકવો, (Paralysis of the facial nerves.)

વરખમાં હરશચલ—અવાજની નળીનાં તથા ચૈતન્ય આપનારી રગ (Motor nerve of the throat) નાં ગળાંને લગતાં દરદો કરે છે.

મિથુનમાં—હાથ અને બાજુમાં આંકરાં તથા દમ હાંફણુ થાય છે.

કર્કમાં—હોજરીનાં, હોજરીની અંદર ચાંદી અથવા નાંકું પડવાના, તથા ભેજાંનાં ધખારાને હવાઇ વીચારોના ખ્યાલ ઉત્તપન્ન કરનારાં દરદો થાય છે.

સિંહમાં—હ્રદયમાં આંકરૂં, એકાએક હ્રદયનું બંધ થવું, અથવા એકાએક અચબુચ મોત થવું.

કન્યામાં—આંકરી અને વીન ચઢીને પેટમાં અને આંતરડાંમાં સખત ચુંકો ચાલવો.

તુલામાં—ગુરદાનાં દરદો તથા લંબેગો અને એકાએક કમરમાં દુઃખાવો થવો.

વૃશ્ચિકમાં—પીસાબના ફુક્કા બલેદરને લગતાં, ઇંદ્રીપર ચાંદી (Cancer of generative System), અને સ્ત્રીઓનાં છુપા માર્ગોમાં અડચણ (Deformities of womb), વીગેરે થાય છે.

ધનમાં—સાયટીકા, તથા જાંગમાં આંકરાં આવવાં.

મકરમાં—ગુડણમાં આંકરાં અને ગુડણમાંથી પગ ફરી જવા, અથવા તદન ગુડનમાં નાકોતી થઇ જવી વીગેરે.

કુંભમાં—હીસટીરીઆ (Hysteria), પગની ગુટીમાં આંકરૂં, અને નબળાઇ તથા ગ્નાનતંતુનાં દરદો (Nervous disorders.)

મિનમાં—પગનાં તળયાંમાં પરસેવો, પગનાં તળયાં તથા અંગુઠામાં આવતાં આંકરાં, આંતન, (Bunions) વીગેરે થાય છે.

નેપચ્યુન ગ્રહને લગતાં દરદો.

નેપચ્યુન ગ્રહની હકુમત કેટલાક વીચીત્ર અને નવાઇ જેવા અને અસાધારણ દરદો ઉપર છે, અને તે ઘણું કરીને શરિરીક કારણથી દુઃખ દરદ થવાનાં કરતાં મોટે ભાગે આત્તમીક શક્તિને આધારે થાય છે. એ ગ્રહને લગતી હજી કાંઇ પુરતી માહીતી નહીં માલમ પડેલી હોવાથી દુઃખ દરદો પારખવામાં સહેજ અડચણ પડે છે, પણ મુખ્ય ભાગે એનાં દરદોનું કારણ કેફી વ્યસન (Moral lapsing) અને એવાંજ બીજાં કારણોથી થાય છે, કારણ કે માનવી એ ગ્રહની અસર હેઠલ દારૂડી, તથા વ્યસની અને કેફી વસ્તુઓનો અનુંગ્રહ વધુ પ્રમાણમાં કરનારો થાય છે. કોઇ તંબાકુ અને બીડીના વ્યસનમાં, કોઇને અફીમનાં વ્યસનથી દરદો થાય છે. નેપચ્યુન કેટલીક વખતે ભયંકર દરદો ઉત્તપન્ન કરે છે, અને તે સર્વેમાં મુખ્ય ભાગે આત્તમીક અને માનસીક (Psychic) શક્તિની પુષ્કળ અસર હોય છે. એ ગ્રહની છટ્ઠાં ભુવનમાં અને જ્યારે તન ભુવન અને તંદરૂસ્તીનાં માલેક સાથે પાપદૃષ્ટિ કરતો હોય ત્યારે ખુબ તપાસવું અને જુદી જુદી રાશીમાં તે નીચે પ્રમાણેનાં દરદો કરે છે:—

મેષમાં નેપચ્યુન=ભયંકર દરદો (Demoniacal affections), આંખના દરદો, જેવાંકે (Conjunctivitis and myopia of eye) ભેજાનાં દરદો અને ભ્રાન્તી ભુલાવો, ધખારો, (Delusions) વીગેરે છે.

વરખમાં=આંખનાં દરદો, તથા ગળાંમાં ઝેર ચઢવાનાં દરદો (Septic poisioning in throat.)

મીથુનમાં= ખઇ (Consumption) અને શરીરનું તવાતુંજવું, તાંન, (Wasting of the system.)

કર્કમાં=(Dipsomania) દારૂડીપણું તથા જુઠ્ઠા ખ્યાલથી ઉત્તપન્ન થતાં દરદો, અને શરીરની હરેક ઇંદ્રીઓને તથા અવ્યવોને અનીયમીત કરવાથી થતાં દરદો, (Hypochondria) અને વીચારથી ઉત્તપન્ન કરી પોતાનાંમાં કંઇ નહીં હોવા છતાં વહેમથી ઉત્તપન્ન કરેલાં દરદો થાય છે.

સીંહ રાશીમાં=અફીમ અને કેફી પીણાના વ્યસનથી હૃદયનું એકાએક બંધ થઇ જવું.

કન્યામાં=આંતરડાં ને હોજરીનો ખઈ તથા પેટ અને પાચન શકિતનાં દરદો (Consumption of bowels and malnutri tion.)

તુલામાં=જલંદર (Dropsy) થાય છે.

વૃશ્ચિકમાં=પીસાબને તથા ગર્ભને લગતાં અનેક ભયંકર દરદો.

ધનમાં=જ્ઞાનતંતુનાં દરદો, નર્વસ ડીસઓરડર (Nervous disorders.)

મકરમાં=ચામડીનાં દરદો, ખરપસું, કોહોર (Leprosy.)

કુંભમાં=લોહી અને રગો તથા જ્ઞાનતંતુનાં દરદો.

મીનમાં=પાણીને લગતાં દરદો, જલંદર (Dropsy, obsession) વીગેરે છે.

આ ગ્રહ મુખ્ય ભાગે કોઇ પણ જાતનું ઝેર શરીરમાં આમેજ કરે છે, અને મોટે ભાગે ઝેર ચઢવાથીજ મરણ નીપજાવે છે, વળી હીપનોટીક અસર પણ ઘણી થાય છે. એ ગ્રહને હજી પક્કી રીતે તપાસવામાં આવ્યો નથી અને તેથી એની અસરો હજી માલમ પડી નથી, છતાં એટલું તો ચોક્કસ છે કે એ ગ્રહ ઘણોજ સુક્ષમ બીન બીન અસરો કરનારો છે, કે જે અસરોને દૈવીક, ભુતીક કે ચમત્તકારીક અથવા જાદુઇ કહી શકાય. એ ગ્રહનાં પાપદૃષ્ટિમાં આવેલાં માણસો જાદુ, ચીઠી, દોરા, ભુત પલીદ વીગેરે પણ માન્ય કરે છે અને વ્હેમ અને ખ્યાલથી દરદો પણ ઉત્તપન્ન કરે છે, તથા એવી બાબદમાં હમેશાં મસગુલ રહે છે, તેમજ મેળી વિદ્યાઓની અસર પણ થાય છે.

એ પ્રમાણે ગ્રહો છઠાં ભુવને ને જે રાશીમાં તેઓ આવે, તેમ તેમ તેઓ પોતાની જાતી અસરો પ્રમાણે જુદાં જુદાં દરદો કરે છે, ને મુખ્ય ભાગે ગુજરાતીમાં તેમજ કેટલાંક દરદોનાં નામ અંગ્રજીમાં આપ્યાં છે, જેની સમજણ લંબાન હોવાને લીધે અભ્યાસીને મેડીકલ ડીક્ષનરી અથવા ડાકટરી અભ્યાસની ચોપડીઓ વાંચવાની ભલામણ કરીશું.

દીવાનાપણું તથા ભેજાંની ખામી.

દીવાનાપણાં અને મગજ શકિતની કમતાકાતી અને ખોડ ખામી માટે **ચંદ્ર** તથા **બુધને** તપાસવાની જરૂર છે. **જો** ચંદ્ર અથવા બુધ એ બેમાંથી એકબી જન્મ લગ્ન સાથે સુભ દૃષ્ટીમાં નહીં હોય, તો જાણવું કે જરૂરજ મનશકિત નબળી હોવી જોઈએ અને મગજ શકિતને તન ભુવનનો કશો પણ આધાર નહીં એટલે સમજ શકિત તેમજ વીચાર શકિત તદ્દન નબળીજ હોય છે.

જો ચંદ્ર અને બુધ એક બીજા સાથે કંઇપણ સંબંધ ધરાવતાં નહી હોય, તેમજ એ બેમાંનો કોઇબી તન ભુવન યાને જન્મ લગ્ન સાથે પણ સંબંધમાં નહીં હોય, અને જો દીવસનો જન્મ હોય, અને **શની** જો પાપદૃષ્ટિ ચંદ્ર કે બુધને કરતો હોય તો જરૂર ફીફરૂં (Epilepsy) થાય, અને જો રાતનો જન્મ હોય તો દીવાનાપણું થાય, ખાસ કરીને જો ચંદ્ર, બુધ, શની કે મંગળ એવે વખતે કર્ક, કન્યા કે મીન રાશીમાં હોય તો જરૂરજ એમ થવાનો સંભવ છે. ઘેલાપણું કેટલીક વખતે રવી ચંદ્ર કંજંગશનમાં હોય, અને શની તેઓને પાપદૃષ્ટિ કરતો હોય, અથવા તો મંગળ ઓપોઝીશનથી પાપદૃષ્ટિ કરતો હોય, અને ખાસ કરીને તુળા, ધન કે મીન રાશીમાં હોય તો પણ થાય છે. એ પ્રમાણેનાં જોગથી થયલાં દરદો કદીપણ સારાં થતાં નથી, સીવાય કે બુધ અને રવી ચંદ્રને બીજા શુભ ગ્રહોની શુભ દૃષ્ટિ થતી હોય તોજ એવાં દરદો સાજાં થાય છે.

જો બુધ બારમે કે છઠ્ઠાં ભુવને હોય તો તે શખ્સની બોલતી વખતે જીભ ખેંચાય અથવા તોતરૂં બોલે, અને ખાસ કરીને શની કે મંગળની કે ચંદ્રની પાપદૃષ્ટિ હોય તો બોબરો જરૂર થાય અને જીભ ખેંચાય, અથવા જો ઘણી પાપદૃષ્ટિ હોય તો જન્મથીજ મુગો અવતરે, અને ખાસ કરીને જો કર્ક, વૃશ્ચિક, કે મીન રાશીમાં બુધ છઠે કે બારમે શનીની પાપદૃષ્ટિમાં હોય તો જરૂરજ મુગો સમજવો.

નેપચ્યુન ગ્રહ દીવાનાપણાંમાં ઘણી અસર કરે છે, ને જો મંગળ તથા શની સાથે એ ગ્રહ પણ પાપદૃષ્ટિ બુધને કરતો હોય તો, દીવાનો માણસ પુષ્કળ ઝનુની, મારફાડ અને નહીં કાબુમાં રહે તેવો હોય છે.

હરશ્ચલ ગ્રહ પણ દીવાનાપણું લાગું પાડે છે, અને જ્યારે ચંદ્ર અને બુધ એ બેઉને એક્કી વખતે હરશચલ પાપદૃષ્ટિ કરે છે તે વખતે હરશ્ચલ ગ્રહ જો ઉંચનો હોય તો જરૂરજ દીવાનો બનાવે.

મુખ્ય આધાર બુધ ગ્રહની ઉપર છે, જેટલો બુધ પાપદૃષ્ટિમાં હોય, નીચનો હોય કે પાપ ભુવનોમાં બેઠો હોય તોજ એ સર્વે બાબદ થાય છે, માટે એ બાબદમાં ઘણુંજ ધ્યાન રાખીને તેમજ વીચાર પુગાડીને ફળાદેશ જોવાની જરૂર છે.

અકસ્માત, જખમ તથા શરીરની ખાંપણ.

અકસ્માત અને જખમ માટે ખાસ કરીને જન્મ લગ્ન, છઠ્ઠાં ભુવનનો કશ, અને રવી ચંદ્ર જોવો અને શની અથવા મંગળ જો રવી ચંદ્રને પાપદૃષ્ટિ કરતો હોય તો જરૂર અકસ્માત થાય. જેમકે;— શની જો જન્મ લગ્ને હોય અથવા તો ૯૦° કે ૧૮૦° અંશની પાપદૃષ્ટિમાં હોય તો જરૂર પડી જવાથી ઇજા થાય.

મંગળ જો લગ્ને હોય તો માથાંમાં જખમ થાય અને લોહી જાય, વળી જે રાશીમાં મંગળ બેઠેલો હોય તે રાશીને લગતા અવ્યવપર કાંઇ નીશાણ કે જખમ હોવો જોઇયે. કાંઇ એવું નથી કે જન્મથીજ એવી નીશાણ હોય, કેટલીક વખતે તો પાછળથી બળકે મોટી ઉમરે પણ થાય છે.

મંગળ જો રવી કે ચંદ્રને ૯૦° કે ૧૮૦° અંશની પાપદૃષ્ટિ કરતો હોય તો જરૂર એકસીદંત કે અકસ્માત થાય, અને જે ભુવને પાપદૃષ્ટિ થતી હોય તે ભુવનને લગતા અવ્યવોનો અને કારણનો અકસ્માત થશે, એમ સમજવું. જેમકે:—પેહલાં ભુવને પોતાની હુજતાઇ ને નાદાનીયતથી, ત્રીજે ભુવને રેલ મુસાફરીથી, પાંચમે ભુવને મોજશોખની પારતીમાં એ પ્રમાણે વીચારી લેવું.

અંધાપો, (Blindness)=**રવી** મરદની જમની આંખ અને ઓરતની ડાબી આંખપર મવકલ છે, અને **ચંદ્ર** મરદની ડાબી આંખ અને ઓરતની જમની આંખ ઉપર મવકલ છે. જો **રવી** કે **ચંદ્ર** ૧-૪-૭-૧૦ માં ભુવને હોય, અને **મંગળ** જો કંજંગશન, સ્કવેર કે ઓપોઝીશનથી પાપદૃષ્ટિ કરે તો અંધાપો થાય, જો ચંદ્ર મેષ

રાશીમાં હોય અથવા તો વરખ રાશીમાં હોય અને નેપચ્યુન ગ્રહ તેને પાપદૃષ્ટિ કરતો હોય તો આંખમાં દરદ થાય જેવું કે "માયોપીઆ" (Myopia or Conjunctivitis.) જો રવીને નેપચ્યુન પાપદૃષ્ટિ કરે અને બેઉમાંથી એક પણ ગ્રહ કેન્દ્રમાં હોય તો આંખની રગોને નુકસાન થાય અને નબળી પડે (Weakness of the optic nerve.)

કુંભ રાશીની પણ આંખ ઉપર ઘણી અસર છે, અને રવી અને શનો જો બેઉ સાથે કુંભ રાશીમાં હોય અથવા તો કંજંગશન કરે તો જરૂર અંધાપો થાય.

શરીરની ખોડ ખાંપણ.

શરીરની ખોડ ખાંપણ જેવું કે ખુદ્ધાપણું, લંગડાપણું, ઠુંઠાપણું વીગેરે માટે જાણવું જે, કેટલીક વખતે જન્મથીજ બંધારણ બરાબર નહીં હોવાથી અથવા એકસીદંતથી પણ થાય છે. એ માટે નીચલી વીગતો જરૂર તપાસવી જોઇએ. :—

૧. શરીરની ખોડ ખાંપણ મુખ્ય કરીને જન્મ કુંડળીમાં, **લગ્ને** જેઓને વરખ, વૃશ્ચિક, કે મકર રાશી હોય છે, તેઓને થાય છે.

૨. છઠ્ઠે **ભુવને** કે બારમે ભુવને રવી ચંદ્ર હોય.

૩. મંગળ, શની, અને હરશચલ ગ્રહ સાથે હોય અથવા કંજંગશન, કે ઓપોઝીશન સ્થીર રાશીમાં થતું હોય તો પણ એમ થાય.

૪. મંગળ, શની, હરશચલ જો એઓમાંથી કોઇબી પાંચ, છ કે બારમાં ભુવનમાં કે ભુવનનાં કશપર હોય અથવા સીધ્ધી દૃષ્ટિ એ ભુવનોપર મારતા હોય તોપણ એમ થાય છે.

૫. જો જન્મ લગ્નનાં **અંશને** સીધ્ધી પાપદૃષ્ટિ ત્રણે પાપગ્રહ મારતા હોય તો ખોડ ખાંપણ આપે.

૬. જો છઠ્ઠાં ભુવનમાં અથવા બારમાં ભુવનમાં ઘણા ગ્રહો સાથે બેઠા હોય અથવા તો કન્યા રાશીમાં કોઇપણ ભુવને ઘણા ગ્રહો સાથે ભેગા બેઠા હોય તો જરૂર ખોડ ખાંપણ આપે જેમ કેઃ—

દાખલો ૧ લો—સ્ત્રીનો જન્મ તા૦ ૨૭ મી આગષ્ટ ૧૮૮૯ રાતનાં ૯ વાગે લેતીત્યુદ N. ૫૦°-૪૪′ લોંજીત્યુદ ૧°-૫૦′ (West) આ કુંડળી કાઢતાં વરખ રાશી લગ્ને છે, રવી, ચંદ્ર બુધ અને હરશ્ચલ છઠ્ઠાં ભુવને સામતા બેઠા છે અને તે માંહેલાં ત્રણ ગ્રહ કન્યા રાશીનાં છે, અને શની તથા મંગળ પાંચમાં ભુવને કંજંગશન કરે છે જેથી આ સ્ત્રી ખુંદ્ધી, બેરકી, બોખી, વાચા વગરની તથા તદન ઇડીયત અને ભાંન ભુલી, મોટું મોઢું, કઢંગો ચ્હેરો, અને જાનવર જેવા દેખાવની છે, કેટલાંક ભાઇ બેન છે તેઓ સાધારણ માણસ જેવાં છે, જ્યારે આ સ્ત્રી તદન ઉપર પ્રમાણેની છે.

દાખલો બીજો:—મરદ જન્મ રાત્રે નવ વાગે તા. ૧૧મી આગષ્ટ ૧૮૭૪ લેતીત્યુદ ૫૩° N. લોંજીત્યુદ ૧૨′ W. આ શખ્સનો બરડાનો કાંઠો વળેલો તથા બેદોળ ચ્હેરો, છાતીમાં મોટો ખાડો વીગેરે છે અને સદંતર બેદોળ છે એ કુંડળીમાં લગભગ સાત ગ્રહ સ્થુલ રાશીમાં છે. રવી ચંદ્ર છઠ્ઠાં ભુવને છે, અને તેઓ મંગળ, શની, શુક્ર અને હરશચલની સખ્ત પાપદૃષ્ઠિમાં સપડાયલા છે, બુધ શની સાથે પેરેલલ ડેક્લીનેશનથી છે અને મંગળની પાપદૃષ્ઠિમાં છે, બે પાપગ્રહ પાંચમાં ભુવને કંજંગશનમાં છે ને તેઓને ત્રીજો ગ્રહ શની ઓપોઝીશન કરે છે સીહ અને કુંભ રાશી મુખ્ય અસર કરે છે જે શરીરનાં ભાગ બતાવે છે.

દાખલો ત્રીજો—સ્ત્રી જન્મ તા. ૪થી સપટેમ્બર ૧૮૮૦ સાડાસાત વાગે રાત્રે Lat. ૫૧°-૨૮′ N Long. ૦°-18′ W, આ બાઇ તદન ઇદીયત છે ને બીલકુલ ભેજાંનો ભાગ દેવેલપ થયોજ નથી, જન્મથી બેફામ ને ઇદીયત છે, લગભગ છ ગ્રહ બારમાં ભુવને રવી ચંદ્ર સુદ્ધાં કન્યા રાસીમાં પડેલા છે.

આ ઉપળા દાખલાઓપરથી ઘણું શીખવાનું મળશે, જે માટે એ વખતોની કુંડળીકાઢી અભ્યાસ કરવાને ભલામણ કરવામાં આવે છે.

દેફરમિતી, (Deformities)—ની બાબદમાં ઉપર લખવા પ્રમાણે વરખ, વૃશ્ચિક કે મકર રાશીનું લગ્ન હોય છે તેમજ ખાસ કરીને કન્યા રાશીમાં પાપગ્રહોનો સંગ્રહ થાય તે જરૂર તપાસવો તેમજ છઠ્ઠાં

ને બારમાં ભુવનો જરૂરજ જોવાં, કારણુ કે છઠ્ઠાં ભુવનમાં ખાસ કરીને જ્યારે મંગળ ને શની સાથે કંજંગશન કે ઓપોઝીશન થાય અથવા તો શનીને હરશચલ સાથે ઓપોઝીશન થાય ત્યારે તો જરૂરજ ખોડ ખાંપણુ બેસુમાર જાણુવી, છઠ્ઠાં ભુવન ઉપરાંત બીજાં કોઇપણુ ભુવનમાં એવાં મંગળ, શની, અને હરશચલની પાપદૃષ્ટિઓ થાય તોબી ખોડ ખાંપણુ કે લુલો લંગડો, ઠુંઠો, બાંગો, કાનો, કોચરો, ખુંધો, બ્હેરો, બોબરો, તોટરો, વીગેરે કંઇ ને કંઈ ખોડ તે ભુવનોની રાશી પ્રમાણે જોઇજ લેવી, વળી જન્મથી કોઇ વખતે એ કારણોથી ખોડ ખાંપણુ થાય છે, ને નહીં તો વખતે પાછળથી તેનો અંગીકાર કરવામાં આવે છે.

બારમાં ભુવન મારફતે, ઘેલાપણું, એકાંત, અથવા મેડહાઉસ અને હોસ્પીટાલમાં સદા માટે રાખવા જેવી સ્થીતીને લગતી ખોડ ખાંપણુ જાણુવી, આંઠમાં ભુવને ખોડ ખાંપણુથી મોત જાણુવું, જ્યાંબી મંગળને હરશચલ અથવા શનીને મંગળ એક બીજા સાથે પાપદૃષ્ટિ કરતા હોય તો જરૂર ખોડ ખાંપણુ કે એકસીડંત કરે, જો એમ પાપદૃષ્ટિ મિથુન, કન્યા, ધન કે મિન રાશીઓમાં થાય તો હાથ અથવા પગને નુકસાન જાણુવું, જો વરખ, સીંહ, વૃશ્ચિક કે કુંભ રાશીઓમાં થાય તો ખાસ શરીરનાં ભાગો અને શરીર ઇજા જાણુવી, પણુ જો મેષ, કર્ક, તુલા કે મકર રાશીઓમાં હોય તો માથાંને ઇજા થશે એમ જાણુવું.

મંગળ અને શની દુઃખના રાજા.

મંગળ અને શની એક બીજાથી તદનજ સંપુર્ણ ઉલટી ખાસીયત અને તત્વનાં છે, એક ગરમ અને બીજો ઠંડો, અને જ્યારે એ બેઉ પાપગ્રહ બીજા ગ્રહો સાથે જોડાણુમાં આવે ત્યારે તેઓનાં તત્વ પ્રમાણે ખાસીયત અને ગુણદોષનાં દરદ આપે, એટલાં માટે ગ્રહોનાં જાતી તત્વ ખાસીયત જાણુવાની જરૂર છે. દરેક ચીજની દુન્યામાં ડયુએલીટી (Duality) છે, જેમ કે નર ને નારી, દીવસ ને રાત વીગેરે તે પ્રમાણે ગ્રહોનાં તત્વ ગુણમાં પણુ ડબલ ખાસીયત રહે છે.

જેમાંની એકને × પોઝીટીવ અને—બીજાને નેગેટીવ ખાસીયત કહે છે જે નીચે પ્રમાણે છે:—

ગ્રહ.		પોઝીટીવ.		નેગેટીવ.
રવી	=	ગરમ	અને	સુકો.
ગુરૂ	=	ગરમ	અને	ભીનાસવાળો.
શની	=	ઠંડો	અને	સુકો.
ચંદ્ર	=	ભીનાસવાલો	અને	ઠંડો.
બુધ	=	સુકો	અને	ઠંડો.

બુધ ગ્રહ જેવી દૃષ્ટિમાં આવે તેમ બદળાય છે.

શુક્ર	=	ભીનાસવાલો	અને	સહેજ ગરમ.
મંગળ	=	સુકો	અને	ગરમ.
હરશાચલ	=	સુકો ઠંડો		
નેપચ્યુન	=	ગરમ	અને	ભીનો.

હવે એ ગ્રહો પોતાના ગરમ, ઠંડાં, સુકા કે ભીનાસવાલા તત્વ પ્રમાણે દરદને અસર કરે છે, જેમ કે મંગળ જો ગુરૂ સાથે કંજંગશનમાં આવે. હવે મંગળ જાતે ગરમ અને ગુરૂ પણ જાતે ગરમ પણ મંગળ તદન સુકો અને ગુરૂમાં ભીનાસ છે, હવે એ બેઉ ગ્રહમાં ગરમી એકસરખી છે, પણ ગરમીની જાત બે જાતની છે, હવે એ જાતમાંથી ઉપલા કોષ્ટકમાં જે જાત પોઝીટીવ ખાસીયતની છે તે હમેશાં નેગેટીવ ખાસીયત કરતાં બળવાન રહે છે, જેથી મંગળની સુકી ખાસીયત પોઝીટીવ છે, અને ગુરૂનો ભીનાસ નેગેટીવ છે, એટલે ગુરૂ કરતાં મંગળ બળવાન ગણાય જેથી એ કંજંગશનની અસર એવી રહે કે જેમ એક ઝાડમાંથી ગુંદર ઝાડનાં રસ તરીકે પીગળીને બાહેર પડે, પછી તે માંહેલો ભીનાસ ઉડી જાય (Evaporation) અને અંતમાં તે સુકો થઇને ગુંદરનો સખ્ત કટકો બને, પણ એતો મંગળને ગુરૂ બેઉ ગરમ હોવાથી થયું, પણ જો ગુરૂને બદલે શની કે જે મંગળ કરતાં તદનજ ઉલટો યાને એકદમ ઠંડો છે, તેનું જો કંજંગશન થાય તો, શનીની પોઝીટીવ ખાસીયત ઠંડી છે અને નેગેટીવ સુકકો ખવાસ છે, જ્યારે મંગળનો પોઝીટીવ ખવાસ સુકો અને નેગેટીવ ખવાસ ગરમ છે, જેથી મંગળની

નેગેટીવ ખાસીયત ગરમીનાં કરતાં શનીની પોજીટીવ ખાસીયત ઠંડી પ્રબળ છે, જેથી અસર એવી થાય કે એક ઠંડો પથ્થર આતશમાં મુકયે ને તેનાં પુરચાં ઉડીને ટુકડે ટુકડા જેમ થઇ જાય તે પ્રમાણે જાણવી, કારણકે શનીની ઠંડક અને મંગળની ગરમી એ એક બીજાથી તદનજ ઉલટી જાતનાં તત્વોની અસર છે, એ પ્રમાણે શની મંગળ હદ બાહેરની એક બીજાથી ઉલટી અસર કરવાથી અંતમાં તેનું પરીણામ ભયંકર ખાનાંખરાબીમાં આવે છે, અને બેઉનાં તત્વો પોત પોતાની શ્રેષ્ઠાઈ કરવાને માટે અસર કરે છે, ત્યારે શરીરનાં અવ્યવો અસંબંધીત રીતે ઘડીમાં ગરમ તો ઘડીમાં ઠુંડુ અને દબલ અસર કરનારૂં દુખ ઉત્તપન્ન કરે છે. એ પ્રમાણે ગરમીની અસર ઉત્તપન્ન કરનારા ગ્રહો જેવા કે મંગળ અને રવી સાથે મળે ત્યારે દરેક હદ બાહેરની ગરમી અને શરીરમાં સોજાને લગતી વ્યાધી ઉત્તપન્ન કરે છે, એજ પ્રમાણે રવી અને શની એક બીજાથી ઉળટી અસર કરે છે, અને કેટલીક વખતે એઓ એક બીજાની અસરને તોડનારા હોવાથી સમતોળ-પણું જાળવી રાખે છે, તેનો મુખ્ય આધાર એકસપેકટપર છે. રવીનું શરીરમાં ગરમી ઉત્તપન્ન કરનારી અસર અને સોજો કરવાની વ્યાધી લાંબા કાળ સુધીની થાય છે, જેવે વખતે શની પોતાની ઠંડકથી રવીની અસરને હમેશાં કમતી કરતો રહે છે. એજ પ્રમાણે બીજા ગ્રહ જેવા કે બુધ અને શની કે જેમાં બુધની અસર સુક્રી છે. અને શની ઠંડો છે, જેથી હમેશ ઠંડક ઉપર સુક્રી અસર કાબુ રાખે છે તેથી નર્વસનેસ અને જ્ઞાનતંતુની નાકોવતી અને ભેજાને લગતી ચેતનાં વધે છે. બુધ અને હરશચલ વિચારની ઝડપ વધારે છે, પુષ્કલ ગુચ-વણભર્યા વિચારોના ગુચલાંમાં ગુચવાવે છે, અને સ્વભાવને વીચીત્ર બનાવે છે, એ પ્રમાણે ગ્રહોનાં તત્વનું જે આગળ કોષ્ટક આપ્યું છે, તે પ્રમાણે જોઇને વીચારી લેવું. મુખ્ય ગ્રહોમાં શની અને મંગળની હદ બાહેર અસર છે, અને એ ગ્રહો જ્યારે બીજા ગ્રહો સાથે મળે ત્યારે સખ્ત અસર કરે છે, દુઃખોનાં રાજા એ બેઉ ગ્રહ છે, મંગળ હરેક ચીજને એકદમ વધારે છે, ને શની એકદમ ધીમી કરી નાખે છે. શની લંબાણુ અને રીબતાં દરદો કરે છે, બુધ જાત જાતનાં દરદો ઉત્તપન્ન કરે છે. ચંદ્ર એવાં દરદ ઉત્તપન્ન કરે છે કે જેની અસર

થોડો વખત નરમ પડી જઇ પાછા ઉભરી આવે છે, જેવાં કે ફીવરૂં, ફીટ, હીસ્ટીરીયા વીગેરે, રવી અને ગુરૂ ટુંકાં દરદો અને જલદી સાજા થાય તેવાં દરદો ઉત્તપન્ન કરે છે, પણ મંગળ બધા કરતાં ઘણાજ અકરાત ગભરાતનાં દરદ અને જનુન વ્યાધીઓ ઉત્તપન્ન કરે છે, એ પ્રમાણે ગ્રહોમાં આ બે ગ્રહ શની અને મંગળ, યાને હદ વગરની ઠંડક ને સરદી અને હદ વગરની ગરમી એ બેઉ માનવી જાતના જીવલેન છે, માટે એ બે ગ્રહો બીજા ગ્રહોના સમાગમમા આવવાથી કેવા દરદો ઉત્તપન્ન કરે છે તે જાણવાની જરૂર છે, ખાસ કરીને કંજંગશન અને સ્કવેર ઓપોઝીશન કે પાપદૃષ્ટીમાં જયારે મંગળ કે શની બીજો ગ્રહો સાથે એસપેકટ કરે ત્યારે નીચે પ્રમાણેની વ્યાધી ઉત્તપન્ન કરે છે.

મંગળ સાથે બીજા ગ્રહો.

મંગળ સાથે રવી—તબીયતને બગાડીને શરીરમાં આરધગી રાખે છે, તાવ આવે છે, ગરમ અને સોજો થાય તેવી અસર કરે છે, શરીરમાં ગરમી વધારે રાખે છે, નાડી ઝડપમાં ચાલે છે.

મંગળ સાથે ચંદ્ર—પુષ્કળ દસતાનનું જવું, પીત્તનું વોમીત, તાવ (Exanthematous. fevers). શરીરપર ખુજલી, ફુનસી, ફોડા વીગેરે (Eruptive actions, Pyrosis) વીગેરે દરદો થાય છે,

મંગળ સાથે બુધ—શરીરની નબળાઇ, નબળાઇનાં સોજા, ઝાડા વાતે પીત્તનું જવું, નબળાઇનેલીધે પુષ્કળ તરશ લાગવી, રગો તથા જ્ઞાનતંતુને લગતા હરેક પ્રકારનાં દરદો જેવાં કે (Erethism of nervous system, Nerve inflammation Pathogenic signs, Excitability, Logorrhoea) વીગેરે.

મંગળ સાથે શુક્ર—પુષ્કળ પીસાબ થવી, તથા ઘડી ઘડી પીસાબની તલબ થવી, પીસાબના અવ્યઓમાં વ્યાધી થવી, તેમજ એવા પીસાબની ઇંદ્રીને લગતા દરદો જેવાં કે (Fibroma, Excessive secretions, Renal irritation, Phlebitis, Nymphomania in females), વીગેરે છે.

મંગળ સાથે ગુરૂ—ત્યુમર (Steatomatous tumour, Adipose sarcoma, Sthenic inflammation, Fibrinous exudations, Arthritis, Lipoma), વીગેરે સોજા તથા ગરમી અને સ્નાયુના પડોને લગતાં દરદો થાય છે.

મંગળ સાથે શનિ—સાંધાનાં સોજા (Inflammation in joints,) હાડકાનું ભાંગવું, (Biliary calculi, Malformations, Fractures, Achondroplasia).

મગળ સાથે યુરેનસ—અંતરગળ, તથા સ્નાયુના ચૈતન્યને લગતાં દરદો તથા આંકરાં વીગેરે જેવાં કે (Pains and cramps from exalted exitomotory function, Hyperkinetic action, Lacerations and ruptures) વીગેરે છે.

મંગળ સાથે નેપચ્યુન—સાઇકીક તથા અનદીઠ સુક્ષ્મ ચૈતન્ય ને લગતાં કારણોને લીધે થતા દરદો.

શનિ સાથે બીજા ગ્રહો.

રવી સાથે શનિ—બરડાનાં કાઠાંને લગતાં દરદો (Spinal defects, Locomotory disorder), શરીરના ચૈતન્યતું ધીમું પડવું, હૃદય તથા બરડાંની અંદરની ગતીનાં દરદો, હૃદયના દરદો તથા બીજાં દરદો જેવાં કે:—Rigor, (Lesions of the motory columns within spine, structural disease of heart, deepseated complaints).

ચદ્રં સાથે શનિ—શરીરમાંથી લોહીનું શુકાઈ જવું, છાતીનું સંકોચાવું વીગેરે સરદીથી ઊત્તપન્ન થતા ઘણા દરદો થાય છે. જેવાં કે:—(Cachetic, Narrow chested, impaired sensorial functions, Encephalic and intropulsive congestion, Maturation and softening of tubercle.

બુધ સાથે શનિ—દમ લેવાના અવયવોનાં દરદો, તથા શરીરની રગો તદન સુન મારી જવાના દરદો જેવાં કે (Deficient secretion of mucus on respiratory membrane, and numbness of nerve) વીગેરે છે.

શુક્ર સાથે શની—પીસાબનાં દરદો, પીસાબનું અટકવું, પીસાબમાં તનખ મારવી, પીસાબ પુષ્કલ ગડલી થવી (Highly loaded urine, urinary calculi, suppression of urine, etc.)

ગુરૂ સાથે શની—ઝાડાની કબજીયાત, લીવરના દરદો જેવાં કે :- (Sluggish liver, Chondroma or febrocartilaginous tumour, congestive inflammation.)

હરશલ સાથે શની—શરીરનાં અવયવોનું શંકોચાવું તથા તેથી ઉપજતી બીજી વ્યાધીઓ (Contraction and strictures, compression of organs વીગેરે.

નેપચ્યુન સાથે શની—નહી સમજ પડે તેવા અને કુદરતના સુક્ષ્મ તત્વો તથા ચૈતન્યોથી ઉપજતા માનસીક દરદો જેવાં કે:— (Obscure and Psychic disorders.)

આ પ્રમાણે **શની** અને **મંગળ** માનવીને સઉથી વધુ વ્યાધી કરનારા છે.

મોત.

શરીરના દરદો, ખોડખાંપણ, વ્યાધીઓ, તે થવાનાં કારણો વીગેરે સર્વે આગળ સમજાવ્યું છે, હવે મોત થવાનું કારણ જાણવાની જરૂર છે, તથા મોત કેમ થાય છે, તે તપાસવું ઉપયોગી થઇ પડશે. **આ બાબદ ઘણી અચોક્કસ રહે છે,** કારણ કે માનવીના એક જીવનો સંબંધ તેની આજુબાજુનાઓ તથા તેના કુંટુબીઓ તેમજ બીજી ઘણીક બાબદો સાથે પણ સંબંધ ધરાવે છે, કારણ કે તેવોના સમાગમથી તેને તથા તેના પંચભુતી શરીર અને તેમાંહેલી ગતિ, કાર્યો, વીગેરે સર્વે ચીજને ધ્રુરજણી મારફતે અસર થાય છે, અને તેવી અસર વખતે એક મોતવીશે વિચાર દર્શાવતા ઘણીજ સમજ, લાંબો અનુભવ અને જરૂરી ગણીતની મોટી જરૂર છે. હવે **મોત** માટે વિચાર પુગાડતાં, મોત ઘણા કારણોથી નીપજે છે, પણ કારણોની મુખ્ય બે શાખા છે. ૧. સાધારણ કુદરતી મોત. ૨. ભયંકર અકશમાતથી નિપજતાં મોત. એ પ્રમાણે બે જુદી જુદી શાખાઓ છે.

કુદરતી મોત.

સાધારણ કુદરતી મોત માટે તંદરૂસ્તીનો માલેક (Hyleg) અને આઠમાં ભુવનનો માલેક અથવા આઠમાં ભુવનમાં જે ગ્રહ બેઠેલો હોય, તે તપાસવો, કારણ કે જ્યારે આઠમાંનો માલેક તથા તંદરૂસ્તીનો માલેક **ડાઇરેકશનથી એક બીજા સાથે પાપદૃષ્ટિમાં આવે ત્યારે મોત થાય છે**, અથવા તો "હાઈલેગ" અને આઠમાં ભુવને પડેલો ગ્રહ પાપદૃષ્ટીમાં આવે તો મોત થાય, પણ યાદ રાખવું કે એવી પાપદૃષ્ટિ વખતે કોઇ શુભગ્રહ શુભદૃષ્ટિ કરતો હોય તો બચાવ થાય.

અકસ્માત કે રોગથી મોત.

હવે મોત તો તંદરૂસ્તીનો માલેક અને આંઠમાંનો માલેક પાપદૃષ્ટિમાં આવે ત્યારેજ થાય, પણ તેવી પાપદૃષ્ટિ ઘણીજ મજબુત જોઇએ, પણ કેટલીક વખતે પાપદૃષ્ટિ ઘણીજ સહેજ હોવા ઉપરાંત પણ મોત થાય છે, જ્યારે કુંડળીનાં બીજા ભુવનોમાંથી પાપદૃષ્ટિ થતી હોવી જોઇએ, અથવા કંઇ કારણ મળવું જોઇએ. હવે મોતનું કારણ દુઃખ હોય તો છઠ્ઠા ભુવનથી તે પ્રમાણે થવું જોઇએ, જો **છઠ્ઠાં ભુવને શની** હોય અથવા તો **આંઠમાં ભુવને શની** હોય તો કંઇક લંબાણ અને કંટાળાભરેલી વરસોની જુની વ્યાધીથી અને માંદગીથી મોત થાય, અને જે રાશીનો શની હોય તે રાશીવાળા શરીરનાં ભાગપર તેવું દરદ થાય. (જુવો બારે રાશીમાં શનીથી થતા દરદો.)

જો ઉપર પ્રમાણે **મંગળ** હોય તો ગંભીર તાવથી મરણ નીપજે, અથવા તો લોહી ઓકવાથી અને ગરમી તથા સોજાના દરદોથી મોત થાય. જો **શુક્ર** ઉપર પ્રમાણે આંઠમાં ભુવને હોય તો, ઘણુંજ શાંતીથી કંઇ પણ દુઃખ દરદ વગર, આશાનીથી અને સુખથી મોત આવે. સ્ત્રીની કુંડળીમાં જો રવી એ પ્રમાણે હોય તો મોત ઘણીજ સખ્ત માંદગીથી અને તાવથી અથવા લાંબા અને પુષ્કળ દરદવાલા દુઃખથી મોત થાય.

વલી એ ઉપલી બાબદો સાથે કુંડળીના ચોઠાં ભુવનને પણ તપાસવું તથા ખાસકરીને ચોથાનાં માલેકને તપાસવો, કારણ કે એ

ભુવન અંત વખતનું છે, માટે છેલ્લી પલે મરનાર કેવી હાલતે મરશે તે એ ઉપરથી જણાય છે, કારણુ કે જીંદગીની છેલ્લી મરતી વખતની હાલત એ ભુવનથી માલમ પડેછે.

મોતનો વખત જાણુવાનું, મુખ્ય કરીને **ડાઇરેકશન**પરજ રહેલું છે, ડાઇરેકશન જન્મ પછીનાં દર વરસનું ગણુવું, અને તેમ કરતાં જે વરસમાં **હાઇલેગ** યાને તંદરૂસ્તીનો માલેક, જયારે આંઠમાંનાં માલેક અથવા તો આંઠમે રહેલા ગ્રહ સાથે, પાપદૃષ્ટિમાં આવે તે વખત ડાઇરેકશન જે જાતનું કાઢયું હોય તેની ચાલનાં પ્રમાણુ મુજબ ટાઇમ ગણુવો, કે તે ડાઇરેકશન કયા ટાઇમિ ને કેટલામે વરસે થશે, તથા ધ્યાન રાખવું કે તેવે વખતે શુભગ્રહ તંદરૂસ્તીનાં માલેકને શુભદૃષ્ટિ કરતો હોય તો, જાણુવું કે મોત થશે નહી, અને ગંભીર માંદગી થશે, પણુ બચી જશે. એવે વખતે **ત્રાંન્જીત** પણુ જરૂર જોવી, કારણુ કે જો ત્રાન્જીતથી હાઇલેગને કંઇક ધરખમ શુભદૃષ્ટિ થતી હોય તો બચાવ થાય.

હવે ભયંકર મોતોમાં ખાસ કરીને "હાઇલેગ" તથા આંઠમાં ભુવનનો માલેક, અથવા આંઠમાં ભુવને બેઠેલો ગ્રહ વીગેરે ઉપર પ્રમાણે જોવું, પણુ ખાસ કરીને એટલું ધ્યાનમાં રાખવું કે હાઇલેગ યાને તંદરૂસ્તીનાં માલેક કરતાં હરશચલ, મંગળ કે શની એ ત્રણુ ગ્રહ માંહેલો કોઇ વધારે બળવાન થઇને, પાપદૃષ્ટી હાઇલેગ અથવા તો આઠમાંનાં માલેકને કરતા હોય તો, હોનારતથી ભયંકર મોત આવે, પણુ ખાસ જોવું જોઇએ કે રવી ચંદ્ર એ બેઉને પાપગ્રહો પાપદૃષ્ટી કરતા હોવા ઉપરાંત, લગ્નનાં માલેકને પણુ પાપદૃષ્ટી તેજ વખતે કરતા હોય એવે વખતે પાપદૃષ્ટી કરનારો **શની** હોય ને વરખ, સીંહ, વશ્ચિક કે કુંભ રાશીમાં હોય તો, ગળું દબાવાથી ગુંગલાઇને અથવા ફાંસો ખાઇને અને ફાંસી જઇને મોત થાય. જો શની જાનવરી રાશી જેવીકે મેષ, વરખ, સીંહ, ધન કે મકર એ રાસીમાં હોય તો જનાવરનાં ડંખથી મોત નીપજે. જો ગુરૂ એવે વખતે શનીની પાપદૃષ્ટીમાં પોતે પણુ પડયો હોયતો, મોત જાહેરમાં જાણુવું, અથવા તો જડજનાં હુકમથી મોત થાય. શની વૃશ્ચિક રાશીમાં જો એવી રીતે હોય તો ખાસ કરી સાંપનાં ઝેર અથવા કડવાથી મરન નીપજાવે છે. જો શુક્ર

એવે વખતે પાપદૃષ્ટિમાં સામેલ થાય તો દગા ફટકાથી મોત નિપજે, અથવા દગાથી ઝેર પીવાડવામાં આવે. શની પાણીની રાશીઓ કર્ક, વૃશ્ચિક ને મીનમાં ડુબીમરવાથી મોત નિપજે. કેન્દ્ર રાશી જેવી કે મેષ, કર્ક, તુલા, મકર એમાં જો શની હોય તો ઘર પડવાથી દબાઇ ને ગુંગળાઇ મરે, અને જો એ રાશીમાંહેલી કોઇ ચોથા ભુવને હોય ને તેમાં શની હોય ને તે ઉપળી પાપદૃષ્ટી કરે તો ધરતીકંપથી મોત નિપજે. મંગળ જો એ પ્રમાણે પાપદૃષ્ટિ કરનારો હોય તો, યાને હાઇલેગ કરતાં ઉંચનો કે બળવાન હોય અને હાઇલેગ કે આઠમાના માલેકને અથવા જન્મ લગ્નને પાપદૃષ્ટિ કરતો હોય તો જખમ થવાથી મોત નિપજાવે, આગથી, ખંજર કે જખમથી, ખુન થવાથી, લડાઇ, તથા દરેક જાતના મોત કે જેમાં લોહી વહેવાથી મરણ નિપજે તેવા મોતનો કરનારો મંગળ છે. વરખ રાશીમાં મંગળ ગળું કપાવીને અથવા તો જલ્લાડની તલવારથી, અથવા ગળું કાપી આપઘાત કરવાથી મરે છે, વરખ તથા વૃશ્ચિક રાશીમાં ડાકટરી વાંઢકાપથી પણ મરે છે. આતશી રાશીમાં બળવાથી અથવા આગથી, મિથુન, કન્યા, કુંભ કે (ધન રાશી ૧૫ અંશ સુધીમાં) ધન રાશીનાં આગળા અરધા ભાગમાં જો મંગળ હોય ને પાપદૃષ્ટિ કરે તો માણસનાં હાથે મોત થાય, પછી તે ખુન થાય કે આગથી કે ગમે તે રીતે પણ તે માણસનો ભોગ થાય, અથવા લડાઇમાં લશ્કરી સીપાઇના હાથે મરે. મંગળ જ્યારે ડાઇરેકશનથી કે જન્મકાળે રવી ચંદ્રની બરાબર સામે યાને ૧૮૦° અંશે હોય તો જરૂર મોત આગથી જાણવું, જો ગુરૂ એવે વખતે દૃષ્ટિમાં હોય તો, જડજના હુકમથી મોત થાય, **હરશાચલ** ગ્રહ એ પ્રમાણેની પાપદૃષ્ટિ કરતો હોય તો, દારૂગોળો ફુટવાથી, સાંચા કામથી, વિજળીનાં સાંચાથી, આસમાનની વિજળી પડવાથી, રેલ્વે અથવા મોટરકારના એકસીદંતથી, અને ખાસકરીને કોઇપણ જાતના આપઘાતથી મરણ નિપજે છે. **નેપચ્યુન** ગ્રહ એવી રીતે જો પાપદૃષ્ટિમાં હોય તો અફીણ ખાધાથી, દવાનું ઝેર ચુઢવાથી, અને એવાજ કોઇ કારણથી મોત નિપજે.

એ બાબદનો પુખ્ત વિચાર પુગાડીને પછીજ મોત વર્તવાની. જરૂર છે, એ માટેના દાખલાઓ વીગત સાથે આપ્યા છે, જે દાખલાઓ

માંહેલા કેટલાક હાલમાં તુરતના બનેલા છે, ને જે હમોએ નજરે જોયલા તેમજ આ વિદ્યા મારફતે તપાસેલા છે, તેપર વાચનારનું ખાસ ધ્યાન ખેંચીશું. મુખ્ય મતલબ મોત માટે જન્મ પછીનું ડાઇરેકશન તથા ત્રાન્જીત અને ઉપલા કાયદાઓની સમજ પ્રમાણે ખુબ ધ્યાન આપવાની જરૂર છે. મોતનાં ઘણાં અંગ છે, કોઇ મોત એક પાયાનું, કોઇ બે ને કોઇ ચાર કે તેથીબી વધુ પાયાનું, મોત કહેવાય છે, તેમાં છ મુખ્ય પાયા યાને એસપેકટસ છે, જેમકે ૧. જન્મ લગ્ન, ૨. આંઠમું ભુવન, ૩. તંદરૂસ્તીનો માલેક યાને મરદમાટે રવી અને સ્ત્રીમાટે ચંદ્ર, ૪. છઠું ભુવન તેનો માલેક તે માંહેલા ગ્રહો, ૫. ચોથું ભુવન તેના ગ્રહ તથા માલેકો, ૬. મારકેસ સ્થાનના માલેકો યાને આંઠમાં ભુવનની ઓપોજીશનનું, તેમજ છઠાં ભુવનની ઓપોજી-શનનું ભુવન યાને બીજું ભુવન તથા ૧૨માં ભુવનને પણ તપાસવું, એ પ્રમાણે છ પાયામાંથી જેટલા પાયા યાને કારણોની પાપદૃષ્ઠિ થાય, તે મુખ્ય જાણવી. બીજા ઘણા પાયાઓ યાને પાપદૃષ્ઠિઓ છે, પણ તેમાં મુખ્ય આએ છ જાણવી. વળી બીજા પાયા ઘણાં છે જેવાં કે ગ્રહોનાં પોતીકાં બળ, ઉચ્ચ પોતાનાં ઘેરનો, નીચ, શત્રુનાં ભુવનનો, જળીત, મિત્રનાં ઘેરનો વીગેરે છે. એ પ્રમાણે પાયા યાને મોત થવાનાં કારણ ભુત ગ્રહની અસર, ઘણી જુદી જુદી રીત રૂઢીઓથી છે. પણ અંગ્રેજી ગ્રહ ગણીતમાં તેનો મુખ્ય પાયો ડાઇરેકશન અને તેથી થતી જન્મ લગ્ન, આંઠમાં ભુવન, છઠાં ભુવન, ચોથા ભુવન, અને તેને લગતા માલેકો અથવા તેમાં બેઠેલા ગ્રહો અને ખાસ કરીને હાઇલેગ યાને તંદરૂસ્તીનો માલેક (કે જે સ્ત્રી માટે ચંદ્ર અને પુરૂષ માટે રવી ગણાય છે) એક બીજાની શુભ કે પાપદૃષ્ઠિમાં આવે, તથા પાપગ્રહોનાં દબાણમાં આવે ત્યારેજ મોત થાય. વળી મુખ્યકરીને એ ગ્રહો કેન્દ્ર-સ્થાનમા હોય તો મોત નક્કીજ સમજવું, દુઃખદરદો જુદાં જુદા કારણથી કેમ અને કેવી રીતથી થયા તે, તથા મરણો કેમ અને કેવા ગ્રહ સમાગમ વખતે થયા તે સર્વ દાખલાઓ, જન્મની ઘડીપળ કુંડળી તથા કારણો સહીત આગળ જતાં આપ્યાં છે; તે દરેક બાબદ અભ્યાસીને એક પછી એક બરાબર તપાસી તેનો બરાબર અભ્યાસ કરવાની ભલામણ કરવામાં આવે છે.

જન્મ ગ્રહ અને ખોરાક.

દુઃખ દરદ થવાની ગ્રહોની નીશાનીઓ અને જોગો તથા મોત વીગેરેના દાખલા પાછલ સમજાવવા અગાઉ, કેટલીક વખતે, જન્મ ગ્રહને આધારે એક માનવીને, પોતાના શરીરના પંચભુતી બંધારણ કે જેને ગ્રહોસાથે નહીં તજાય તેવો ઘાડો સંબંધ છે, તેમ તે શરીરનું પોષણ કરવાને જે ખોરાક ખાવામાં આવે છે, તેને પણ મોટો સંબંધ છે, માટે એ ખોરાક જુદા જુદા ગ્રહની અસરવાળા માનવીઓએ કેવો લેવો જોઇએ કે જેથી અરૂચી નહીં થતાં, તંદરૂસ્તી વધે, અને દુઃખનું નિવારણ થાય. હવે તબીયતનેમાટે મુખ્ય ગ્રહો શરીરીક તંદરૂસ્તી માટે, રવી ચદ્ર અને જન્મ લગ્નની રાશી છે. માટે આપણે બારે રાશીઓ અનુક્રમે લઇ તેનો વિચાર દર્શાવીએ, કે જેથી તે **રાશી જો જન્મ વખતે તનુંભુવન યાને જન્મ લગ્ને હોય, અથવા તો રવી કે ચંદ્ર જે રાશીમાં હોય, તે રાશી પ્રમાણે, તે રાશીને અનુંસરતો ખોરાક જો લેવામાં આવે, તો તે માનવી પોતાની તબીયત સારી રાખી શકે.**

માનવી જો અરૂચીક પદાર્થો ખાવાનું મોકુફ કરે, અને પોતાના શરીરને માફક આવતી ચીજો જો ખાય, તો તેથી દુઃખ દરદ થવાનો સંભવ ઘણો ઓછો થાય છે, કારણ કે જેટલાં દરદો અરૂચીક ખાવા પીવાથી થાય છે, તેટલા બીજાં કારણોથી જવલેજ થતાં હશે.

મેષ=આ રાશી મગજ શકિતને લગતી છે અને શરીરમાં માથાનો ગળાસુધીનો ભાગ પોતાનો ધરાવે છે, એટલા માટે એ રાશીવાલા માણસના ભેજાંને પુષ્ટી આપે તેવો ખોરાક લેવાની જરૂર છે. ઘઉનો ખોરાક ખાવો, ઘણુંજ કમતી માસ, પણ માછલી બનતા સુધી વધારે ખાવી. દારૂ અથવા સ્ટીમ્યુલન્ટ (Stimulants) અથવા કેફી વસ્તુ બીલકુલ લેવી નહીં, દરેક ગરમી ઉત્તપન્ન કરનારી વસ્તુ તજવી જોઇએ અને રાતનાં નિદ્રાવશ થવાની બેથી અઢી કલાક અગાઉ છેલ્લો ખોરાક ખાવો જરૂર છે.. દાળ તથા કઠોરનો ખોરાક પણ એ રાશીવાલાને સારો છે.

નોંધ:— અત્રે આ પુસ્તકમાં માંસના ખોરાકની તરફેણમાં કે વિરૂધમાં કાંઇપણ હું લખવાની ઇચ્છા રાખતો નથી, કેટલાક કારણો સબબે માંસનો ખોરાક કેટલાક માણસોને એકદમ છોડવો મુશકેલ છે, અને જેવો માંસાહારી નહી હોય અને વેજીટેરીયન હોય તેઓએ, આ પુસ્તકમાં જ્યાં જ્યાં માસ કે માછલીનો ખોરાક ખાવાને દર્શાવ્યું હોય તે વખતે તેઓએ અનાજ અને વેજીટેબલમાં જે માસના જેવા તત્વ ધરાવનારી વસ્તુઓ હોય તેનો ઉપયોગ કરવો.

વરખ=આ રાશી ઘણી સારી ભુખ આપે છે, પણ ગરમી આપનારો અને ચરબીવાલો ખોરાક બીલકુલ ખાવો નહીં, સ્ટીમ્યુલેશન સાધારણ હદની અંદર લેવું, પણ "મોલ્ટ લીકરર્સ" (Malt Liquors) પીવાં નહીં, તથા આટાનો બનાવેલો નરમ અને સ્ટાર્ચ (Starchy) વાળો ખોરાક બિલકુલ ખાવો નહીં. લીબુનો ઉપયોગ ગળા માટે સારો છે. ખોરાક ખાવામાં મધ્યમપણું અને મિતાહાર જાળવવો કારણ કે એ રાશીમાં મોજ શોખ ખાનીપીણીનો સ્વભાવ વધાર રહે છે, અને તે અવગુણ કરતા છે.

મિથુન=આ પણ ભેજા અને મનશકિતને લગતી રાશી છે અને એ રાશીવાલાને પણ ભેજાને પુષ્ટી આપનારો ખોરાક પુરતો જોઇએ, ખાસકરીને એવો ખોરાક કે જે લોહીમાહેલા લાલ તત્વોને વધારે તથા જ્ઞાનતંતુ અને રગોનાં ચૈતન્યને ઉશકેરે તેવો ખોરાક ખાવો જોઇએ, આખા દિવસમાં ફકટ એકજ વખત માશનો ખોરાક ખાવો પુરતો છે, અને તે પણ સાધારણ અને નિયમીત હદમાં ખાવો જોઇએ. ફ્રુટ અને દુધ એ મુખ્ય ખોરાકપર વધારે આધાર રાખવો, અને રાત્રે નિદ્રાવશ થવા આગમજ બીલકુલ ભારી ખોરાક અને અર્જીણ કરે તેવો ખોરાક ખાવો નહી.

કર્ક=આ રાશીવાલા માનવીએ પુષ્કળ ખોરાકની બાબદમાં સાવચેટ રહીને તપાસવું જોઇએ, જીવ ઉશકેરે અથવા પેટમાં ગરમી ઉત્પન્ન કરે અથવા હોજરીમાં ચચરાત લાગે તેવો ખોરાક બિલકુલ ખાવો નહી જોઇએ, તેમજ દારૂ અને કેફી વસ્તુ અને સ્ટીમ્યુલંટ અને મોલ્ટ લીકર પીવા ગેરફાયદાકારક છે. સવારના નિદ્રામાંથી ઉઠતી

વખતે અને રાતના નિદ્રાવશ થતી વખતે એક ગલાસ થંડુ પાણી પીવું પુષ્કળ ફાયદાકારક છે. માશનો ખોરાક ભલામણુ કરવો લાયક નથી, પણુ માછલી, દાળ ભાત (Cereals) વીગેરેનો ખોરાક એ રાશીવાલા ને ફાયદા કારક છે. ખાસ કરીને મીઠાઇ અને મીઠાસવાળી ચીજ ખાવી નહીં, કારણુ કે તે પુષ્કળ અવગુણુ કારક છે.

સિંહ=આ જીવનશકિત ધરાવનાર રાશી છે અને તેથી જે ચીજો લોહીનો ફેરફાર કરે અને લોહી માંહેલા લાલ તત્વોને વધારે તેવો ખોરાક ખાવાની જરૂર છે, દરેક ગરમ ખોરાક, ચરબીવાલો ખોરાક અને કેફી પીના તેમજ દારૂ વીગેરે બીલકુલ ખાવું જોઇએ નહીં, અને ખોરાક તદન નિયમીત અને વખતસર જરૂરકરીને ખાવો જોઇએ, અને ખાસકરીને વેજીટેબલ ખોરાકજ ભલામણુ કરવામાં આવે છે.

કન્યા રાશી=આ રાશીવલાને ખોરાકપર પુષ્કળ ધ્યાન આપવું જોઇએ, અને ખોરાક બરાબર ટાઇમસર અને **ખુબ ચાવી ચાવીને** પછીજ ખાવો જરૂર છે, દુધ, ફ્રુટ વીગેરે જે ખોરાકો ઝાડો સાફ રાખે તેવો પણુ સાધારણુ પ્રમાણુમાં ખાવો. જે ખોરાક ઝાડામાં અને આંતરડાંમાં ગરમી ઉત્તપન્ન કરે તેવો ખોરાક બિલકુલ લેવો નહીં, અને ફ્રુટ સારી રીતે પકાવેલો ખોરાક, ઘટતી સંભાલ સાથે અને નિયમીત તથા વાજબી પ્રમાણુમા ખાવો.

તુલા=આ રાશીવાલા માણુસને હલકો ખોરાક ખાવાની જરૂર છે. દુધ અથવા માછલી અને એવો ખોરાક કે જેમાં ખાંડ, સતારચ અને મોલ્ટ હોય, તે ખાવો મનાઇ છે, કારણુ કે મીઠાસ, સતારચ અને મોલટથી ગુરડાનાં દરદો અને મીઠી પીસાબના દરદો થવાનો સંભવ છે. એ રાશીવાલા માટે ઇંડાનો ખોરાક સારો છે, તેમજ કેફી વસ્તુ પીવી નહી અને સવારે તથા રાત્રે સુતી વખતે થંડુ પાણી પિવું ફાયદાકારક છે.

વૃશ્ચિક=આ રાશી માટે દરેક ગરમ ખોરાક, કેફીપીણું, ચરબીનો ખોરાક વીગેરે બિલકુલ ખાવો નહીં. લોહીનો વધારો કરનારો ખોરાક ખાવો, તેમાં ખાસકરીને દુધ અને અનાજનો ખોરાક લેવો.

બિલકુલ માશનો ખોરાક લેવો નહીં. આ રાશી પીસાબ અને ઇંદ્રોના ભાગ ઉપર પુષ્કળ અસર કરનારી છે, માટે ઉશકેરાય અને એ ભાગોમાં અસર કરે તેવો કોઇપણ ગરમ ખોરાક કે માશનો ખોરાક કે કેફી પીણું ખાવું પીવું નહીં, જો કે એ રાશીવાલાઓને દારૂ વીગેરે પીવાની ઘણી ટેવ હોય છે.

ધનરાશી=જ્ઞાનતંતુઓને ચૈતન્ય અને લોહીનો વધારો કરનારી ચીજો ખાવી જરૂર છે, ચોક્કસ થોડું માશ પણ ખાવાની જરૂર છે. પણ દારૂ બિલકુલ પીવો નહીં. બનતાસુધી હલકો ખોરાક દિવસના વખતે ઘણો સાધારણ અને થોડો ખાવો, અને રાત્રે ધારાપ્રમાણે પેટ ભરતું ખાઇને ચાલતા ફરવાનીકળવું બહુ ફાયદાકારક છે. રાતનો ખોરાક ખાવા પછી ઘણો વખત ફરવું, અને તુરત સુવું નહીં.

મકર=આ રાશીવાલાને માશનો ખોરાક ભલામણ કરવામાં આવે છે, કારણ કે આ રાશીની અસર ઘણીજ થંડી છે, તથા એવો ખોરાક કે જે લોહી અને લોહીમાંહેલા લાલ તત્વોને વધારનારો હોય. રોજસાજ મોલ્ટ લીકર પણ લેવાની જરૂર છે. અને દરેક ખોરાક તથા પીતું જે શરીરને તાકત આપનારૂં છે તેજ ખાવાપીવાથી ફાયદો થશે.

કુંભ=આ રાશીમાટે જ્ઞાનતંતુ અને ભેજાને પુષ્ટી આપે તેવો ખોરાક ખાવાની જરૂર છે તથા એવો ખોરાક ખાવાની જરૂર છે કે જેથી શરીરના તત્વો તેમજ શરીરને ઉશકેરી મજબુતાઇ આપનારી હોય. માશનો ખોરાક દિવસમાં એક વખત લેવો. માછલી, દુધ, અને અનાજ તંદરૂસ્તી જાલવવા માટે નિયમીત મધ્યમ હદમાં ઘણી સારી છે.

મીન=મિતાહાર અને શરીરની સ્વચ્છતા, ખાસકરીને બાહેરના શરીરની સંભાળ રાખવાની ઘણી જરૂર છે, વળી આ રાશીવાલાને ખોરાકનો અણગમો પણ થાય છે અને ચોક્કસ ખોરાક માફક આવતો નથી. આ રાશીવાલાએ દારૂ તથા કેફી વસ્તુ તદન લેવી નહી, જો કે તે તરફ તેને ઘણો સોખ રહે છે, છતાં તે શરીરની તંદરૂસ્તીનું નખ્ખોદ વાલનારૂં છે. ખાવાપીવામાં ઘણીજ સંભાળ અને સમધાતપણુ

રાખવાની જરૂર છે. માછલી, દુધ, ઘઉંનો ખોરાક અને દરેક તાકત આપનારો અને લોહીનો વધારો કરનારો ખોરાક ખાવાની જરૂર છે.

એ પ્રમાણે જન્મ કુંડળીએ જે કોઇ રાશી જન્મલગને હોય, અથવા તો જ્યારે રવી અને ચંદ્ર તે રાશીમાં હોય, ત્યારે ઉપર પ્રમાણે ખોરાકની બાબદમાં ધ્યાન આપવાની જરૂર છે. ખોરાકની બાબદ અને તંદરૂસ્તી આપનારી ચીજોનો કેવો ઉપયોગ કરવો, તે જણાવ્યું છે, અને હવે દરદ અને દુઃખ ખોરાકથી થવા ઉપરાંત કેટલીક વખતે અસ્વચ્છતા અને સુખશાંતીના નિયમોથી ઉલટી રીતે ચાલવાથી થાય છે, માટે તેવાં દરદોનો અટકાવ કરવાને માટે કેટલીક સમજણ આપવાની જરૂર છે, અંગ્રેજી કહેવત છે કેઃ—“(Prevention is better than cure)” યાને દુઃખ દરદને સાજુ કરવા કરતાં, દુઃખને થવાજ નહી દેવું ઉત્તમ છે, યાને દુઃખ થવાના કારણનો પહેલેથીજ જો અટકાવ થાય તો પછી દુઃખદરદને આગળ વધવાનો સંભવ રહેતો નથી, અને તેથી શરીરમાં આરોગ્યતા વધે છે, માટે જન્મ કાળના ગ્રહોની એ બાબદમાં શું અસર છે તે જાણવી જરૂર છે.

દુઃખનો અટકાવ.

ઉંપલા પ્રકરણમાં ખોરાક અને સાધારણ સ્વચ્છતાના કારણોથી અને નિયમીતપણાથી તંદરૂસ્તી જાલવવાનો ખુલાસો લખ્યો છે, હવે આપણે **શરીરને ગ્રહોની અસરથી કેમ બચાવવું** તેનો ખુલાસો લખી શું.

અત્રે બારે રાશીને જુદી જુદી લઇ, તે માહે રહેલા ગ્રહોની અસર જણાવીશું.

મેષ રાશી=આ રાશી ગરમ અને આતશી ખવાસની છે અને તેથી કોઇપણ જાતની ગરમી, તબીયતને બગાડનારી ને અડચણ કરનારી છે. જો એ રાશીમાં **બુધ** હોય, તો પુષ્કળ લખવા વાચવાનું અને અભ્યાસ કરવાપર પુષ્કળ મેહનત કરવાનું તજી દેવું, અને રાતને વખતે કદી પણ ભેંજાને લગતું કે ભેજું કસવાનું કામ નહી કરવું. જો **શુક્ર** એ રાશીમાં હોય તો, દરેક જાતનાં માંથાના બાળને નુકસાન પુગાડનારા તેલો, તથા કોશમેટીકો બિલકુલ વાપરવા

નહી. જો **મંગળ** હોય તો **શરીરના જુસ્સા** (Impulsion) **અને હુડલાઇથી ચેટેલાં રહવું તથા હુજતી થવું** નહી, **તથા મોઢાં અને માથાંપર** જખમ અથવા માર વાગતો અટકાવવો, તથા માશનો ખોરાક અને ઉશકેરનારી વસ્તુઓ કમતી ઉપયોગમાં લેવી. જો **ગુરૂ** હોયતો લોહીની સ્વચ્છતા જાળવવી અને પુષ્કળ ખુલ્લી હવામાં કસરત કરવી. જો **શની** હોય તો સરદી અને ઠંડકથી ખુબ સભાળવું નહીતો બહેરાપણું થવાનો સંભવ છે. જો **હરશાચલ** ગ્રહ હોય તો મુખ્યકરીને આંખને ખુબ તપાસવી અને તેની પુરતી સારવાર કરવી. જો **નેપચ્યુન** હોય તો, ભેજાંને ભમતા ખ્યાલોથી તદન દુર રાખવું અને સાધારણ અક્કલનું નખોડ વાલનારા વહેમી ખ્યાલોથી તદન દુર રહેવું.

વરખ રાશી—આ રાશી ઠંડી અને સુક્કી ખાસીયત ધરાવે છે, જેથી કાંઇ બાહરનું તત્વ એમાં આમેજ કરવાની જરૂર છે, તથા મોજ સોખ તરફ વધારે ધ્યાન રહે છે. જો **બુધ** એ રાશીમાં હોય તો, મોટે અવાજે બોલવાનું તથા ગાયણ ગાવાનું અને એવીજ રીતે બેપરવાઇથી ઘણાજ મોટા અવાજે બોલવાથી ઘણું નુકસાન થાય છે, માટે મોટા સાદે બોલવું કે બુમ બરાડા પાંડવા નહીં. જો **શુક્ર** હોય તો ગરદનનો ભાગ જરૂર શરદી અને ઠંડકથી બચાવવો કારણ કે એ ભાગમાં દરદ થવાનો સંભવ છે. જો **મંગળ** હોય તો અવાજ અને ગળાનાં સુરને કદી ખેંચવો કે હદબાહેર વાપરવો નહીં યાને થોડું ને ધીમે બોલવું. **ગુરૂ** જો હોય તો ખાવા પીવા, પેહરવા અને ફરવા હરવામાં હદબાહેર જવાથી ને ચાલુ મોજ સોખને ઉજાગરાથી તથા અનિયમિત થવાથી દેહને નુકસાન થાય છે. જો **શની** હોય તો ગળું અને ગળાની અંદરનો ભાગ શરદી અને ઠંડકથી પુષ્કળ તપાસવો જરૂર છે, જો **હરશાચલ** ગ્રહ હોય તો ગળાંને ખેંચવું નહી, ને જો **નેપચ્યુન** હોય તો આંખની ખુબ સંભાલ રાખવી.

મિથુન=રાશી ગરમ, પણ ભીનાશવાળી અને વિચાર અને ભેજાંને લગતી અસર કરનારી છે અને મુખ્ય ભાગે જ્ઞાનતંતુ (Nervous system) ને નુકશાન પુગાડે છે. જો **બુધ** મિથુનમાં હોય તો દમ લેવાના અવ્યવો તપાસવા જોઇએ, અને બોલતાં અને

ગાતાં ગળું તથા ફેફસાં તપાસવા જોઇએ. **શુક્ર** જો હોય તો ડ્રેસ વીગેરે ટાઈટ વાપરવા નહી તેમજ લોહીને સ્વચ્છ રાખવું. જો **મંગળ** હોય તો છાતીને ઢાંકેલી રાખવી તેમજ પેટમાં કચરો હોય તે જલદી બાહેર કાઢી નાખવો, યાને ઝાડો વીગેરે સાફ આવવો જોઇએ. જો **ગુરૂ** હોય તો અનિયમિત અને અરૂચીક ખોરાક ખાવો નહીં તેમજ ડ્રેસ પેહરવામાં પણ સમજ વાપડવી. જો **શની** હોય તો જરૂર બ્રીધીંગ એકસરસાઇઝ કરવી અને ગરમ કપડાથી શરીરને બચાવેલું રાખવું કારણ કે સરદી જલદી લાગવાનો ઘણોજ સંભવ રહે છે. જો **યુરેનસ** હોય તો હદ્દથી બાહેર મનશકિતને વાપરવી નહીં તેમજ ઘણો અભ્યાસ કરવો નહીં તથા જ્ઞાનતંતુઓને સંભાળવા. જો **નેપચ્યુન** હોય તો ફેન્સી ડ્રેસને અગવડ આપે તથા શરીરને નુકસાન પુગાડે તેવા ડ્રેસો પેહરવા નહીં તથા ટાઈટ લેસ કે પટો બાંધવો નહીં.

કર્ક:—આ રાશી ઠંડી તથા ભીનાસવાલી છે અને ખાસકરીને જરપત કરનારી શકિત, હોજરી, તથા પેટનાં અવ્યવો અને મનશકિતને ધ્રુજા પુગાડે છે. જો એ રાશીમાં **બુધ** હોય, તો હાય અફસોસ અને ચિંતાના વિચાર કરવા નહીં, અને મગજને મોજ મળે તેવી બાબદોપર ધ્યાન આપતા રહેવું, જો **શુક્ર** હોય તો અરૂચીક ખોરાક અને અનિયમીત ખોરાક ખાવો નહીં. જો **મંગળ** હોય તો, ચેપી રોગોથી તેમજ ઉડતા રોગોથી સંભાળવું, અને સ્ત્રીઓએ બચ્ચાંનાં જન્મ વખતે ઘણીજ સંભાળ રાખવી.

જો **ગુરૂ** હોયતો લોહીને સ્વચ્છ રાખવું ને ખાવા પીવામાં સંભાળ રાખવી, અને અજીર્ણ થાય નહીં તે તપાસવું જો **શની** હોય તો ખાવા પીવામાં પુષ્કળ સંભાળ રાખવી, તથા ઠંડક અને સરદીથી પુષ્કળ સંભાળવું. જો **હરશાચલ** હોય તો ન્હાતી વખતે ઘણીજ સંભાળ રાખવી, તેમજ વારંવાર પાણીમાં ભીજાવું નહીં, તેમજ નદી, તળાવ કે દરીયામાં તરવા ઉતરવું નહીં. જો **નેપચ્યુન** ગ્રહ હોય તો વિચારને સ્વચ્છ રાખવા તેમજ જે વિચારોથી તબીયત બિગડતી હોય તે વિચારો કરવા નહીં.

સિંહ રાશી:—આ રાશી ગરમ અને આતશી છે, અને શરીરમાં એટલી બધી ગરમી ઉત્તપન્ન કરે છે, કે તેથી સમતોલપણું જલવાતું નથી. જો બુધ એ રાશીમાં હોય તો ઘણો અભ્યાસ કરીને શરીરને થાકવવું નહીં. જો શુક્ર હોય તો ડ્રેસ પેહરવામાં ઘણીજ સંભાળ લેવી, કારણ કે જરાબી ટાઇટ કે વાંધાભર્યા કપડાં પેહરવાથી પુષ્કળ નુકસાન થાય છે. જો મંગળ હોય તો સ્વભાવ અને જુસ્સાને કાબુમાં રાખજો અને બિલકુલ ઉતાવળ્યા થવું નહીં. જો ગુરૂ હોય તો પુષ્કળ ખાવા પીવા મોજ મજાહ વીગેરે તેમજ ઘણા ઉંચા અને ખાવાને તથા જરપત થવાને ભારીલાગે તેવો ખોરાક ખાવો નહીં. જો શની હોય તો શરીરને કોઇપણ રીતે તાનવું કે ખેંચવું નહીં અથવા તો ઘણી મેહનત કરવી નહીં, આસાયશ વધારે લેવી, તેમજ કોઇપણ જાતનો આંચકો, કે ધાસ્તીનો શૉક (Shock) ખાવો નહીં. જો હરશચલ હોય તો કોઇ પણ જાતનો શૉક, ફીકર ચીંતા શરીરને ઘણીજ જોખમકારી છે. જો શની હોય, તેવે વખતે જરા જરા સ્ટીમ્યુલન્ટ (Stmulants) લેવાથી લોહીનો ફેરાવો સારો રાખે છે, કારણકે સીંહ રાશી હૃદયને લગની છે, ને તેમાં શની લોહીને ઠંડુ કરનારો છે જે સારો નહીં, તેમજ હરશચલ અચણુચ હૃદય બંધ કરી નાખનારો પણ સારો નહી તેથી એકાએક ધાસ્તીનો આંચકો ખાવો ઘણો જોખમકારી છે. જો નેપચ્યુન હોય તો અફીણ તથા દરેક જાતના કેફી પીના અને ઉંઘવાની દવા બિલકુલ લેવી નહીં કારણકે હૃદયને તે પુષ્કળ નુકસાન કરનારી છે.

કન્યા રાશી:—આ રાશી ઠંડી અને સુક્રી છે. અને ખાસકરીને પેટમાં જઠર અને આંતરડા તથા પાચનશકિતપર અસર કરે છે, તેમજ ભેજાંપર પણ એની અસર છે, જો બુધ એ રાશીમાં હોય તો મનને મુજવન કરવી નહીં, ભેજાં પાસે વધારે કામ લઇ તેને થાકવી નાખવું નહીં અને મધ્યમપણું સાચવવું. જો શુક્ર હોય તો, રહેવા, ખાવા, પીવા અને સંસારી દરેક રીતમાં મધ્યમ રહેવું. જો મંગળ હોય તો ખોરાકમાં ઘણીજ સાવચેતી રાખવી અને ચેપી તથા ઉડતા રોગથી બહુજ સંભાળવું. પિવાના પાણીને સ્વચ્છ રાખવું. જો ગુરૂ હોય તો ઉચા ખોરાક, રાજવંશી

જીંદગી, ને અનિયમીતપણાથી સાવચેત રહેવું, જો **શની** હોય તો દલગીરી અને ગુંગસપણું ઘણું થાય છે તેથી જરા ખુશ મીજાજમાં રહેવું, અને નામુરાદી અને ચીંતા મનમાંથી કાઢી નાખવી, કારણ કે તેથી તબીયતનો મોટો બગાડો થવાની ધાસ્તી છે, અને ખાસકરીને આતરડાં સાફ રાખવા અને ઝાડો રોજ સાફ લાવવો; નહીંતો આતરડાંને ખહી થવાની ધાસ્તી રહે છે. જો **યુરેનસ** હોય તો ઉતાવળે ચાવ્યા વગર ખાવું નહી તેમજ ખાધા પછી કદીપણ નાહવું નહીં. જો **નેપચ્યુન** હોય તો હાલ હવાલ ખોરાક ખાવો નહીં; ઝેરી વસ્તુઓથી દુર રહેવું, દારૂ કેફી પીનાં અને કોઇપણ જાતનું વ્યસન રાખવું નહીં.

તુલા રાશી:—આ રાશી ગરમ તથા ભીનાસવાળી છે, અને શરીરમાં એવી જાતની વ્યાધી ઉત્તપન્ન કરનારી છે કે જેથી શરીરનું સમતોલપણું બિલકુલ જલવાતું નથી. જો એ રાશીમાં **બુધ** હોય તો લાંબો વખત ઉભું રેહવું નહીં અને પુષ્કળ અભ્યાસ કરવો નહીં. જો **શુક્ર** હોય તો મિઠાસ વધારે ખાવો નહી અને મીઠાઇ તથા સાકર વીગેરે મીઠ્ઠી ચીજોથી દુર રહેવું. જો **મંગળ** હોય તો કેફી રોગો, ઉડતા રોગોથી સંભાળવું. જો **ગુરૂ** હોય તો પુષ્કળ ઉચા અને સ્વાદીષ્ટ મસાલાના પકવાન વીગેરે ખાવા નહીં તથા નિયમીત રહેવું. જો **શની** હોય તો શરીરનાં અવ્યવો ઘણા નબળા રહે છે, અને કમતાકતી ઉત્તપન્ન થાય છે, તથા સરદી અને ઠંડકથી કમરના ભાગ રહી જાય છે, માટે એ બાબેની પુષ્કળ સંભાળ રાખવી. જો **યુરેનસ** હોય તો શરીરનાં સ્નાયુઓને ખેચવા નહીં, જો **નેપચ્યુન** ગ્રહ હોય તો દવા પીવાથી અને રંડીબાજીથી પુશ્કળ નુકસાન થાય છે, માટે એ બન્ને બાબદથી પુષ્કળ સંભાળવું.

વૃશ્ચિક રાશી:—આ રાશી ઠંડી અને પાણીની છે, જેથી માનવીની ઇંદ્રીને લગતા તથા શરીરમાં ઉત્તપન્ન થતી હરેક જાતની પ્રવાહીને લગતાં દરદો ઉત્તપન્ન કરે છે. જો **બુધ** એ રાશીમાં હોય તો, ચીંતા, ફીકરને દુર કરવી, તથા દરેક રીતની બેદરકારી અને કુદરતી નિયમથી ભુલાવો ખાઇ બેદરકાર બનવું નહીં. જો **શુક્ર** હોય તો હદબાહેર કોઇબી ચીજમાં જવું નહીં; ખોરાક તેમજ સંસારી બાબદ

તથા અનિતીથી સમતોલ રેહવું, કારણુ હદબાહેર અનિતીથી **અને બેદરકારીથી** ગંભીર દુઃખ થાય છે. જો **મંગળ હોય** તો ચેપી રોગ ઉડતા રોગ, અનિતીના રોગ અને છુપી ઇંદ્રીને લગતા રોગો થાય છે, માટે પુષ્કળ સંભાળ લેવાની જરૂર છે. જો **ગુરૂ** હોય તો ઉચા ખોરાક, અનિયમીતપણું, ચરબીનો ખોરાક તથા પોતાની તબીયત પોતાનેજ હાથે ખરાબ કરવા જેવી નાલાયક ટેવ, કુટેવ વીગેરે હોય છે માટે ચેતેલા રહેવું. **શની** હોય તો સરદીથી ખુબ ચોંકેલા રહેવું અને કુદરતી કાયદાપ્રમાણે નિયમીત રહેવું, ઝાડો સાફ રાખવો, અનિતીથી દુર રહેવું. જો **યુરેનસ** હોય તો પીસાબના અવ્યવને સંભાળવું, તથા આતરડાં અને જઠરનાં અવ્યાવો તથા ગુરડા વીગેરે સંભાળવા કારણકે તેઓનાં ખેચાણથી ગંભીર દુઃખ થાય છે. જો **નેપચ્યુન** હોય તો અનિતી, કુટેવ, (Self-abuse) અને અનિતીનાં હરેક દરદો તથા હવસ અને કેફી પીણું એ સર્વેથી દુર રહેવું અને ઘણુંજ સંભાળવું.

ધન રાશીઃ—આ રાશી ગરમ અને સુકી છે અને શરીરમાં જ્ઞાનતંતુઓની નબળાઇ અને તેજીને કમતી કરે છે. જો **બુધ** એ રાશીમાં હોય તો મગજને શાંત રાખવું, અને પુષ્કળ અભ્યાસ કરવો નહી. જો **શુક્ર** હોયતો ખાસકરીને સ્રીઓ બિલકુલ કસરત કે સરત કે સ્પોર્ટ (Sports) કરવા નહી, ઘણાજ જોખંમકારી છે, જો **મંગળ** હોય તો સ્પોર્ટસમાં ઉછાછલાપણું કરવું નહી, અને બેદરકાર રહેવું નહી કારણકે એકસીદંત થવાનો ઘણો સંભવ રહે છે. જો **ગુરૂ** હોય તો લોહીને પુષ્કળ સ્વચ્છ રાખવું. જો **શની** હોય તો સરદી તથા ઠંડકથી જાંગ અને પગનાં ઉપલા ભાગ તથા કમરનાં ભાગને સંભાળવો, અને શરીરને કોઇબી રીતે હદથી બાહેર થાકવી નાખવું નહી. જો **યુરેનસ** ગ્રહ હોય તો સ્પોર્ટસ તથા મોજ મજાહ વખતે એકસીડંટ થવાનો ઘણોજ સંભવ છે, માટે સંભાળવું તથા સાવચેતીથી રહેવું. જો **નેપચ્યુન** હોય તો શરીરને નાકઉવત, શરીર બેદરકાર અને મંદ શરીર થાય છે.

મકર રાશીઃ—આ રાશી ઠંડી અને સુકી છે અને શરીરની શકિતને મંદ કરનારી તથા ચૈતન્ય ધીમું પાડનારી છે. જો **બુધ**

તેમાં હોય તો દરેક દલગીરી, અને ફીકર ચીતાના વિચારથી દુર રહેવું. જો **શુક્ર** હોય તો ચામડીપર કોઇપણ જાતનાં ક્રીમ દવા કે લોશન લગાડવા નહીં તેમજ બાળપર તેલ ભરવા નહીં, કારણ કે તેની અસર ઘણીજ ખરાબ થવાનો તથા ચામડીપર કોહવાત થવાનો સંભવ રહે છે. જો **મંગળ** તેમાં હોયતો પડવા ખડવાથી સંભાળવું, ઉચી જગ્યાપર ચઢતી વખતે સંભાળવું. જો **ગુરૂ** હોય તો લોહીને પુષ્કળ સંભાળવું કારણ કે લોહીની સ્વચ્છતાપર શરીરનાં રંગરૂપ અને તંદરૂસ્તીનો આધાર છે. જો **શની** હોય તો કપડા પહેરવામાં ઘણીજ સંભાળ રાખવી તથા ગરમ કપડા હમેશા આંગમાં રાખવા કે સરદી અને ઠંડકથી બચાવ થાય. જો **યુરેનસ** ગ્રહ હોય તો પગને એકસીડંત થતો સંભાળવો, ખાસ કરી ગુઠણને ઇજા થાય છે. જો **નેપચ્યુન** ગ્રહ હોય તો લોહીનો બગાડો અને કોસમેટીક અને એવા બીજા પદાર્થોથી તેમજ લોહીના બગાડાથી નુકસાન થાય, તે માટે સંભાળ રાખવી.

કુંભ રાશી=આ રાશી ગરમ ભિનાસવાળી અને પવનને લગતી છે, અને લોહીના ફેરાવા તથા રગો અને તે માંહેલા જ્ઞાનતંતુઓનાં ચૈતન્યપર પુષ્કળ અસર કરનારી છે. જો **બુધ** એ રાશીમાં હોય તો ભેજાંપર વધું બોજો રાખવો નહીં તથા ફીકર ચીંતા કરવી નહીં, તથા દરેક ખ્યાલી બાબદો ભેજાંમાંથી કાઢી નાખવી અને ધખારો કરવો નહીં. જો **શુક્ર** હોય તો લોહીનાં બિગાડામાટે ચેતેલા રહેવું તથા લોહીને સ્વચ્છ રાખવાના ઉપાય લેવા. જો **મંગળ** હોય તો ઉડતા રોગોથી દુર રહેવું, કંઇપણ ચીજનો ચેપ લેવો નહીં અને લોહીને ઘણુંજ સંભાળવું, સાદો ખોરાક લેવો. જો **ગુરૂ** હોય તો ખોરાક અને અરૂચીક રીતે વસવાત કરવાથી થતા દરદો અને લોહીના બગાડાથી ચેતેલા રહેવું, મધ્યપણું જાળવવું. જો **શની** હોય તો ઘણી મેહનત કરવી નહીં, આંખને ઘણી ખેંચવી નહી, તથા કોઇપણ બાબદમાં શરીરની તાકાત કરતા વધુ મહેનત કરવી નહીં. જો **હરશાચલ** ગ્રહ હોય તો મગજશકિત અને જ્ઞાનતંતુઓને ઘણાજ સંભાળવા તથા અકસ્માતથી ચેતેલા રહેવું. જો **નેપચ્યુન** હોય તો વ્હેમથી દુર રહેવું અને ભેંજાંના ખ્યાલી વિચાર કરવા નહી. તથા હમેશાં સારા વિચારો કરતા રહેવું.

મીન રાશી=આ રાશી ઠંડી અને પાણીની રાશી છે, અને માણસની બેદરકારી અને ભુલ તથા વિસરફ઼ોમથી ઘણાં દરદો ઉત્તપન્ન કરે છે. જો **બુધ** એ રાશીમાં હોય તો પગના તળીયાં સુક્કા રાખવા, અને ભેજાંપર કમતી બોજો રાખી મન મોકળું રાખવું. જો **શુક્ર** હોય તો ખાવા પિવામાં પુષ્કળ સંભાળ રાખવી કારણ કે હદબાહેર, અનિયમીત, અને અરૂચીકરીતે ખોરાકનો ઉપ્યોગ થવાથી બહુ મોટું નુકસાન થાય છે. જો **મંગળ** હોય તો દારૂનો લખ છોડી દેવો અને તદન મિતાહારી અને કેફી વસ્તુ બિલકુલજ પીવી નહીં. જો **ગુરૂ** હોય તો લોહીને પુષ્કળ સ્વચ્છ રાખવું, જો **શની** હોય તો સરદી અને ભિનાસથી દુર રહેવું અને ખાસકરીને પગના તળીયાં કદીપણ ભિનાસમાં રાખવા નહી, કારણ કે સરદીનાં દરદોમાં મુખ્યભાગે ૯૯ ટકા જેટલા દરદો, ઠંડા અને ભિનાસવાળા પગના તળીયાને આભારી છે. જો **યુરેનસ** હોય તો નાહતી વખતે સંભાળવું, તથા તરવા જતી વખતે ઘણુંજ સાવચેત ધ્યાન રાખવું, ડુબી જવાના એકસીદંત થવાનો ઘણો સંભવ રહે છે, વળી ખોરાક સાથે ઘણું પાણી પીવું નહી. જો **નેપચ્યુન** ગ્રહ હોયતો અનીતી અને કુંછદી દોસ્તીથી દુર રહેવું, દારૂ તદન પીવો નહીં અને આસમાની છુપા ભેદ અને માનસીક શકિતઓની (Mystical and Psychic) સાથે ચેડાં કાઢવા નહીં.

એ પ્રમાણે રાશીઓ અને તેમાં રહેલા ગ્રહોની અસર પ્રમાણે દુઃખ દરદને થતું અટકાવવાને ઉપર લખ્યાપ્રમાણે અમુક બાબદોપર ધ્યાન આપી ચોક્કસ ચીજો કરવી અથવા ચોક્કસ ચીજો વાપરવી કે નહીં વાપરવી તે સર્વે સમજી લઇ, સુખશાંતીનાં નિયમપ્રમાણે તંદરૂસ્તી જાળવવી.

દરદોપર ચંદ્રની અસર.

અસલ જમાનાથી હાલ પણ આ વિધ્યાના ફીલસુફોમાં એવી માન્યતા છે, અને તે તદન ખરી છે, કે દરરોજના કેલેન્ડરમાં **ચંદ્ર** જે રાશીમાંથી પસાર થતો હોય, તે રાશીને લગતા શરીરનાં ભાગપર તે વખતે યાને તે દીવસે કોઇપણ જાતનું ઓપરેશન કરવું નહીં, એ ઉપરથી નિચલી બાબદો એક જ્યોતીષે તથા ડૅાકટરી વિધ્યાવાળાઓએ જરૂર ધ્યાનમાં રાખવા જોગ થઈ પડશે.

ઓપરેશન.

માથુ, આંખ, અને **દાંત** વીગેરેને લગતું ઓપરેશન જ્યારે ચંદ્ર **મેષ** રાશીમાં હોય ત્યારે કરવું નહીં. **ગળું, ફ્રશાખોલવી, તોન્સીલ** કાપવા, વીગેરે આવી જાતનાં ઓપરેશનો જ્યારે ચંદ્ર **વરખ** રાશીમાં હોય ત્યારે કરવા નહીં. જ્યારે ચંદ્ર **મિથુન** કે **ધન** રાશીમાં હોય ત્યારે **હાથ** પગ કાપવા કે તેને લગતા કંઇપણ ઓપરેશન કરવા નહીં. જ્યારે ચંદ્ર **કર્ક** રાશીમાં હોય ત્યારે **હોજરી અને પેટના ભાગપર** અને જ્યારે **સીંહ** રાશીમાં હોય ત્યારે **બરડાનાં કાઠા** વીગેરે ઓપરેશન કરવા નહીં. **આંતરડા અને** પેટની માંહેલા ભાગનાં અવ્યવોપર જ્યારે ચંદ્ર **કન્યા** રાશીમાં હોય ત્યારે ઓપરેશન બિલકુલ કરવું નહીં, તેમજ **ગુરડા** ઉપર જ્યારે ચંદ્ર **તુલા** રાશીમાં હોય ત્યારે ઓપરેશન કરવું નહીં. જ્યારે **વૃશ્ચિક** રાશીમાં ચંદ્ર હોય, ત્યારે **મસા, હરસ, એપેન્ડીસાઇટસ**, તથા **છુપી ઇંદ્રી અને ગર્ભસ્થાનને** લગતા દરેક ઓપરેશનો બિલકુલ કરવા નહીં. **જાંગ** અને પગનો ઉપલા ભાગ **ધન** રાશીમાં ચંદ્ર હોય ત્યારે ઓપરેટ કરવો નહીં. જ્યારે ચંદ્ર **મકર** રાશીમાં હોય **ગુઠણ** તથા ચામડીને લગતા દરદોનું વાઢોડકાપ કરવું નહીં. માંથાંનો દુ:ખાવો, **આંખ, ગુંટી,** વીગેરે **કુંભ** રાશીમાં ચંદ્ર હોય ત્યારે ઓપરેટ કરવું નહીં અને **મીન** રાશીમાં જ્યારે ચંદ્ર હોય ત્યારે **પગનાં તળ્યાં** અને **પાતલી** વીગેરેને ઓપરેશન કરવું નહીં, જ્યારે ચંદ્ર સ્થુલ રાશીમાં હોય ત્યારે **દવા** આપવી નહી તેમજ **જુલાબ** લેવો નહીં, અને જો મેષ, વરખ કે મકર રાશીનો ચંદ્ર હોય ને તે દીવસે શરૂઆતથી આપવામાં આવે તો વોમીટની અસર થાય. જ્યારે ચંદ્ર અને તન ભુવનનો માલેક એ બેઉ હોરાઇજન (Horizon) થી નીચે હોય ત્યારે **જુલાબ** અથવા ઝાડો લાવવાની દવા લેવી, અને વોમીટમાટે દવા લેવી હોય તો એવો વખત પસંદ કરવો, કે જે વેખતે ચંદ્ર તથા તન ભુવનનો માલેક હોરાઇજનની ઉપર હોવો જોઇએ. વળી જ્યારે ચંદ્ર ભિનાસવાળી રાશીમાં હોય અને ખાસકરીને કર્ક કે મીન રાશીમાં હોય ત્યારે જુલાબ અથવા ફસ ખોલવી જોઇએ. વૃશ્ચિક રાશી

જુલાબ માટે નકામી છે, કારણ કે એ રાશીની અસર શરીરની અંદરનું ઝેર બહાર કાઢવાની છે, જ્યારે ચંદ્ર કર્ક કે **મીન** રાશીમાં હોય ત્યારે કોઇપણ બાબદની દવા પીવી ફાયદાકારક છે, કારણ કે એ રાશીઓ ભિનાશવાળી તેમજ શરીરમાં પચન કરનારી છે. જ્યારે **ખાકીરાશીમાં** ચંદ્ર હોય ત્યારે **આંખને** લગતું ઓપરેશન કે દવા કદીપણ કરવી નહી, તેમજ જ્યારે રવી સાથે ચંદ્ર સ્કેવેર, ઓપોઝીશન કે કંજંગશનમાં હોય ત્યારે પણ આંખનું ઓપરેશન બિલકુલ કરવું **નહી.** આંખને માટે ચંદ્ર સારી એસપેકટસમાં હોવો જોઇયે, તેમજ શુદનો અને તેજસ્વી હોય, અને તેવે વખતે રવી કે બીજા કાંઇ પાપગ્રની પાપદૃષ્ટિમાં ચંદ્ર આવેલો નહીં હોય, તે વખતે આંખને લગતું હરેક કામ કરવું સારૂં છે.

પાંચમાં ભુવનની રાશી અને તેનો માલેક તથા તેમાં બેઠેલા ગ્રહો, **દવા દારૂ** જણાવે છે, કે દવા વાજબી કે અનગટીત આપવામાં આવી છે. દરદનો સિગનીફીકેટર યાને છઠ્ઠા ભુવનનો માલેક જો ડબલ રાશીનો હોયતો તે દરદ એકવાર સારૂ થઇ પાછું થશે યાતો, તે દરદ કોઇ બીજા દરદ પણ ઉત્તપન્ન કરવાનું કારણ થશે. દરદનો સિગનીફીકેટર જે રાશીમાં હોય તે રાશીને લગતો ભાગ ઘણુંકરીને દરદી હોય છે. હવે દરદ પારખવામાટે કુંડળી કાઢી તે ઉપર વિચાર પુગાડવો પડે છે તે કુંડળી કાઢવાનો ટાઇમ **દરદી જે ઘડીએ પોતે સીક પડે** ત્યારે, અથવા તો સીક પડયા પછી તદન નાઇલાજ થઇ પહેલ વહેલો **માંદગીને બીછાને સુવે** તે વખતે, અથવા જો એ બેઉ ટાઇમ નહીં માલમ પડે તો, દરદી પહેલ વહેલો ડૅાકટર આગળ, **પોતાનાં દરદની વાત કરે** તે વખતે, અથવા જો દરદી બેફામીમાં હોય **ને ડાકટર પહેલ વેહેલો આવી તે દરદી બાબે કાંઇપણ બોલે,** તે ડૅાકટરનાં પહેલા બોલેલા બોલ વખતે, જે વખત હોય યાણે જેટલા **વાગ્યા હોય,** તે વખતની કુંડળી કાઢવી અને તેમાં પ્રશ્નકુંડલીનું લગ્ન (Ascendant) અને છઠ્ઠા ભુવનની રાશી તથા તેવોનાં માલેકો દરદના સિગનીફીકેટર જાણવા. જો ચંદ્ર કોઇ શુભ ગ્રહનાં સમાગમમાં હોયતો દરદી જલદી સાજો થાય છે, પણ જો ચંદ્ર છઠ્ઠા કે આંઠમાના માલેકસાથે પાપદૃષ્ટિમાં હોયતો દવાની કંઇપણ અસર થતી નથી અને કેશ બગડતો જાયછે. ખાસકરીને જ્યારે ચંદ્ર

કોઇ પાપગ્રહ કે જે લગ્ન, ચંદ્ર તથા લગ્નનાં માલેક સાથે કંજંગશન, સ્કવેર કે એપોઝીશનમાં આવે છે અથવા તો છઠ્ઠાં ભુવનનાં માલેક સાથે એવી પાપદૃષ્ટિ કરે છે, ત્યારે દરદનું જોર વધતું જાય છે, દવા કારગત લાગતી નથી અને દરદી કટાકટી (Crisis) માંથી પસાર થાય છે, પણ જો એવી રીતે ચંદ્ર જ્યારે લગ્ન, નવમાં, દશમાં, કે અગ્યારમાં ભુવનનાં માલેકો સાથે ૬૦° કે ૧૨૦° અંશની શુભદૃષ્ટિમા આવે છે, તો કેસ સુધરતો જાય છે, દવા કારગત લાગે છે, અને દરદીને શાંતી મળે છે. ખાસ કરીને જો દરદ લાંબા વખતનું અને જન્મનું ચાલુ દરદ (Chronic) નહીં હોય, અને તે વખતે ચંદ્ર જે રાશી અંશ અને ભુવનમાં હોય, ત્યાંથી આગળ વધીને જ્યારે પોતાની અસળ જગ્યાથી ૪૫°, ૯૦°, ૧૩૫°, ૧૮૦°, અંશે પોતે દૃષ્ટી કરે તે વખતે દરદીને અકરાત ગભરાત થાય છે, તથા દરદમાં સારાં કે માઠાં માટે મોટો ફેરફાર થાય છે. દવા દારૂની વિધ્યા ઉપરાંત હાલમાં માન્સિક વિધ્યાથી (Psychic) તથા હીપ્નોટીઝમ (Hypnotizm) વીગેરેની વિધ્યાથી દરદો સાજાં કરવામાં આવે છે, જે જો કે હાલમાં નવીન રૂઢી તરીકે સુધરેલી પ્રજા માને છે પણ ખરી રીતે જોતાં જમાનાઓના જમાનાં આગમજ એ વિધ્યા હરેક કામ કાજમાં સાધારણ રીતે જાયજ હતી, તે વિધ્યા મારફતે દુઃખ સાજું કરવાની ત્રીટમેન્ટ જ્યારે ચંદ્ર કર્ક કે મીન રાશીમાં હોય ત્યારે **માન્સિક** શકિતથી અને જ્યારે મીથુન, તુલા કે ખાસ કરીને કુંભ રાશીમાં ચંદ્ર હોય ત્યારે હીપ્નોટીઝમથી કરવી લાભકારીક છે.

દરદનો કૉરસ.

દરદનો **કોરસ** યાને એક દરદની શરૂઆતથી તેનાં અંત સુધીમાં થતા ફેરફારો માટે જાણવા સારૂ, તથા તે દરદમાં જોખમભરી સ્થીતી કયારે થવાનાં સંભવો છે, તે માટે સીક પડવાની ઘડીની કુંડળી કાઢવાની જરૂર છે. એ માટે સીક પડવાનો પહેલો દીવસ અને વખત લેવો જોઇએ, અને તેથીબી વધુ બહેતરી માટે, જે વખતે દરદી સીક પડીને પોતાનાં બીછાને પડે, યાને માંદગીની શરૂઆત થાય તે વખત કુંડળી કાઢવા માટે ઘણો સારો લેખાય છે. તથા એ વખતને

અંગ્રેજી જ્યોતીષમાં (Decumbiture) કહે છે. આ કુંડળીમાં મુખ્ય આધાર ચંદ્રની ગતિ ઉપર રાખવામાં આવે છે, અને તેથી ખાસ ચંદ્રને તપાસવાની ઘણીજ જરૂર છે.

જો સીક પડતી વખતે ચંદ્ર, જે દરદનાં ગુણદોષ હોય, તે ગુણદોષથી ઉલટી ખાસીયતનાં, અને ખાસ કરીને શુભ ગુણવાળા ગ્રહને એપ્લાઇ થતો હોય, તો જાણવું કે દરદનું જોર નરમ પડી સુધારો આગળ થતો જશે, ને દરદી સાજો થશે, પણ જો ચંદ્ર સીક પડવાની પહેલી ઘડીની કુંડળી કાઢતાં તેમાં રવી, શની, મંગળ કે હરશચલ ગ્રહની પાપદૃષ્ટિમાં આવતો હોય તો મોત જાણવું અને જો દરદી જુવાન ઉમરનો હોય તો, એવી વખતે ગુરૂ કે શુક્રની શુભદૃષ્ટિથી તેને જવલેજ બચાવી શકે છે. દરદની શરૂઆતમાં જો ચંદ્ર અને રવી એ બેઉ ગ્રહ પાપગ્રહની સાથે હોય, અથવા તો તેઓનાં ઓપોઝીશનમાં હોય, તો દરદી કદી બચવાનો નથી. જો ચંદ્ર માંદગીની શરૂઆતને ટાઇમે, રવીને એપ્લાઇ થતો હોય, અને પાપદૃષ્ટિથી ઘેરાયલો નહીં હોય, અથવા તો કોઈ શુભગ્રહનાં સમાગમમાં આવતો હોય, તો જાણવું કે દરદી જરૂર સાજો થશે, પણ જો રવી સાથે પાપદૃષ્ટિમાં હોય અથવા પાપગ્રહોની દૃષ્ટિથી દબાયલો હોય તો મોત થવાનો ભય રહે છે. જો કુંડળીના પહેલાં ભુવને મંગળ હોય તો દરદ ઘણું ઉતાવળ્યું અને અકરાત ગભરાતવાળું સખ્ત હોય અને જો ચંદ્ર કે રવી અથવા તેના **દીસપોઝીટરો** એ સર્વે પાપગ્રહોની પાપદૃષ્ટિમાં હોય તો મોત થાય.

હવે સર્વેથી મુખ્ય બાબદ એ છે કે, જ્યારે દરદ અથવા દુઃખ થાય છે, તે પોતાનો કોરસ કેમ લે છે, દરદ સાજું થતાં સુધીમાં અથવા અંત આવતાં સુધીમાં કેવી રીતનાં સંજોગો તથા કટોકટીના વખતો આવે છે, એ જોવાનું સર્વે ચંદ્રની ગતિપરજ છે. અત્રે એ બાબદ માટે આપણે કાંઇક બોલીશું:—

નોંધઃ—"આ જ્યોતિષ વિધ્યાના જ્ઞાન માટે તથા એ વિધ્યા માટે આપણે જે કાંઈ કહીશું તે થોડું છે, પણ આગળ જણાવવા પ્રમાણે એ જ્ઞાનનો નાશ થયલો હોવાથી એ વિધ્યા તદન અળખામણી થઇ પડી છે, છતાં વિધ્યાનો એ વિધ્વાને આખી દુન્યાની સર્વેથી પહેલી અને સર્વેથી શ્રેષ્ઠ લેખી ગયા છે, અને હાલના વિધ્વાનો પણ

એ વિધ્યા તરફ સારી લાગણી દર્શાવે છે, પણ કેટલાક **ભણેલમાં ખપતા આપણા કહેવાતા જ્ઞાનીઓ,** છડે ચોક એ વિધ્યાને હંબગ કહેવાને ચુકતા નથી, ખાસ કરીને કોલેજની સ્ટડી પછી તો જાણે તેઓ એ વિધ્યાને હંબગજ સમજવામાં મગરૂબી લે છે, પણ તેવું વિચારવા આગમજ **તેઓ પોતે કેટલા મુર્ખા બને છે,** તે વાંચનારેજ વિચારી લેવું. એ વર્ગમાં **કેટલાક** શરૂઆતનાં ડૉકટરી અભ્યાસીઓ પણ છે, કે જેઓ આ વિધ્યાનો, પોતાની વિધ્યા સાથનો સંબંધ તદનજ નાકબુલ ગણવાને, તથા ખુલ્લાં હંબગ તરીકે એ વિધ્યાને ગણવાને, **તથા પોતાની અક્કલ અને ટુંકા ભંડાળના દાણા વેરી નાંખવાને,** એક પણ ટક હાથથી જવા દેતા નથી, અને તેઓ માંહેલા કેટલાકો પોતે પાસ થઇ મેળવેલાં પેલાં સરતીફીકેટનાં કાગળ્યાં, અને નામ પાછળનાં પુછડાંની ગરૂરી, એટલી બધી તો તેઓપર ગાલેબ આવે છે કે, જો કે તેઓ **જયોતીષ વિધ્યાના એક સીમબોલ :મારફતેજ પોતાના રોજના હરેક પ્રીસક્રીપશનો લખે છે,** તે છતાં તેઓ પોતાની મગરૂરીની ધુંધમાં આ વિધ્યાની સત્યતાને કબુલવાને સાફ નાપાડે છે. દરેક ડૉકટર પ્રીસક્રીપશન લખવા આગમજ મથાળે R સીમબોલ લખે છે કે **જે સીમબોલની** ઉત્પત્તી બ્રેસપતીના ગ્રહના ♃ સીમબોલ ઉપરથી થઇ છે. વળી ડૉકટરો ટાઇફોઇડ ફીવર તથા એવા દરદોની (Crisis) **નો ચોક્કસ** વખત ગણે છે, કે જેમાં સપુર્ણ ચંદ્રની ગતિનોજ હીસાબ છે. (કે જે આ પ્રકરણમાં આગળ જતાં સમજાવ્યો છે) તો હવે એ કહેવાતા જ્ઞાનીઓ તે માટે શું પાત્યાં ગોઠવવા વિચારે છે, તે જાણીશું તો કંઇક સત્ય જાહેર થશે. અંત્રે હું ખુલ્લુ કહીશ, કે **તત્વ જ્ઞાન, અને અનુંઓના કાયદા પ્રમાણે ગ્રહોનાં વાઇબ્રેશન તથા અસરોને આપણી પૃથ્વી તેમજ તેની ઉપરની દરેકે દરેક જીવદાર કે સ્થુલ હસ્તીને સંબંધ છે, એ સચોત છે, અને તે સત્ય ઉપર કદીપણ આપણે આ વિધ્યાને ધીક્કારવી કે હંબગ લેખવી નામુનાસેબ** છે.” હું એમ કહેવા માગતો નથી કે “આ વિધ્યા શીખી સૌ કોઈ જોશીમહારાજ પંતુંજી થઇ જાવો, ને ડાકટર સાહેબોએ પણ ઘરાક આવતાં સાથે આંગળાં પ્હોળાં કરી

ધન મકર ને કુંભ ગણવા માડવું-નહીં, નહીં,—મારો એવો વિચાર નથી, પણ ગંભીર બાબદો વખતે, જો એક ડાકટર પોતાની વિધ્યાની સાથે સાથે, દરદીનાં "ટેમપરમેન્ટ" (Temperament) ખવાસ રીત રૂઢી, શરીરીક તત્વ, અને ગંભીર ચાલુ માંદગીમાં, આ વિધ્યાથી કાંઇક મળી આવતી ઉપ્યોગી બાબદનું અનુમાન કરે, બળકે દરદીના શરિરીક તત્વ બંધારણમાં જે અંદીઠ પંચભુતી તત્વો છે, તેનું પ્રમાણ તપાસીને ઉપ્ચાર કરે, તો કાંઇક વધુ લાભકારીક નીવડે." અસળ જમાનામાં હાલના જેટલા ડાકટરો હતા નહીં, તેમજ હાલના જેટલા દરદો પણ હતાં નહી. હાલમાં જેટલા ડૉકટરો પ્રજા સનમુખ બાહેર પડે છે, તેથી બમનાં નવા નવા દરદોનો ઉપદ્રવ થાય છે. અસળ જમાનાનાં હરેક વૈદ પોતે જ્યોતીષ હોવાનું માન ધરાવતા હતા, અને અત્રે ભલામણ કરીશું કે "આ વિધ્યાની કાળી બાજુ તથા તેનો ગેરઉપ્યોગ કરનારા, અને પૈસા કાજે ભોલાને ભોલવી ધુતનારાઓની બાબદ ધ્યાનમાં નહી લેતાં, હરેક સ્ત્રી પુરૂષે આ વિધ્યાનો ખાનગી અભ્યાસ કરી તેથી મળતો ફાયદો હાંસળ કરવો, કારણ આ વિધ્યા માનવીને સત્ય તરફ વધારે નજદીક ખેચનારી છે." આ પુસ્તકમાં જુદે જુદે ઠેકાણે કેટલીક બાબદો દર્શાવી છે, જે પુરતી સાહદતો આપે છે, કે જ્યોતીષ વિધ્યા માનવીને શરિરીક, સંસારીક, અને ધાર્મિક સર્વે કાર્યોમાં જરૂરની છે, એ વિધ્યાને પાછી ખિલવવાની અને તેનો સંપુર્ણ લાભ લેવાની ઘણી જરૂર છે."

હવે દરેક દરદ અથવા દુઃખ થવા પછી તે પોતાનો માર્ગ આગળ કાપે છે, જેમ કરતાં તેનું જોર કેટલીક વખતે વધે છે યાતો ઘટે છે, તે પ્રમાણ જાણવા અને તે દિવસોપર સાવચેટ રેહવાને, ચંદ્રની ગતિ આપણને ઉપ્યોગી છે, કારણ કે દર ૨૮ દિવસે ચંદ્ર આખું ચક્ર ફરીને પોતાની અસળ જગ્યાપર પાછો આવે છે, અને જેમ જેમ એ ચક્ર પુરૂં કરવા માટે તે આગળ વધે છે, તેમ તેમ સાતમે, ૧૪ મે, ૨૧ મે દીવસે, ચંદ્ર પોતાની અસળ જગ્યાથી (યાને માનવી સીક પડે તે ઘડીએ જે જગ્યાપર ચંદ્ર હોય તે જગ્યાથી) પાપદૃષ્ટિમાં આવે છે, ત્યારે દરદનું જોર ઘણું વધે છે, અથવા તો

દરદ થવાની શરૂઆત વખતે જે એસપેકટ પ્રમાણે ગંભીર અસર કરે છે તેને (Crisis) કહે છે. ટાઇફોઇડ વીગેરે તાવના દરદો તથા એવી ગંભીર વ્યાધીઓ (Acute disease) વખતે, એ પ્રમાણે ચંદ્ર પોતાની અસળ જગ્યા સાથે એવાં ગંભીર સમાગમમાં આવવાથી, ડૉકટરો તે વખતે ઘણા સાવચેટ રહે છે, અને દરદી એ દિવસોપર ઘણો ગભરાય છે, યાતો એવી વખતે ગભરાત પછી દરદી સુધરતો જાય છે, યાતો દરદીની જીંદગીનો અંત આવતો જાય છે. વળી દરેક ચાલુ દરદ (Acute disease) ૨૮ દિવસથી આગળ વધતું નથી, અને જે દરદ ૨૮ દિવસથી આગળ વધે છે, તે (Chronic disease) લંબાણુ અથવા જન્મનું દરદ ગણાય છે. કોઇ માંદગી પકટ સાતજ દિવસમાં સારી થાય છે, કોઇ નવમાં, કોઇ ચઉદમાં, ને કોઇ અઢાર દિવસમાં સારી થાય છે. એવી રીતે ચંદ્રની ચાલના એ ૨૮ દિવસમાં લગભગ આંઠ વખત માંદગી દરમ્યાન એવા કટાકટીનાં (Critical) દિવસો આવે છે, જેનો પાકો વખત યાને ચોક્કસ કલાક, ચંદ્રની મંદ કે તેજ ચાલના આધારપર હોવાથી જરાક ફરક આવે છે, પણ તે આંઠ કટાકટીના દિવસો નીચે પ્રમાણે છેઃ—

ચોઠો દિવસ.	પંચાગનો	ચંદ્ર	સેમીસ્કવેર	૪૫°	માંદગીનો	ચંદ્ર.
સાતમો	,,	,,	સ્કવેર	૯૦°	,,	,,
દશમો	,,	,,	સેકસ્વી કોડરેટ	૧૩૫°	,,	,,
ચઉદમો	,,	,,	ઓપોઝીશન	૧૮૦°	,,	,,
અઢારમો	,,	,,	સેકસ્વી કોડરેટ	૧૩૫°	,,	,,
એકવીસમો	,,	,,	સ્કવેર	૯૦°	,,	,,
ચોવીસમો	,,	,,	સેમી સ્કવેર	૪૫°	,,	,,
અઠાવીસમો	,,	,,	કંજંગશન	૩°	,,	,,

આ ઉપર પ્રમાણે માંદગી દરમ્યાન આજારી માણસ સાજો થવા માંડે છે, યાતો મરણ નિપજે છે. અભ્યાસી અત્રે આ સત્ય જોઇ લેશે કે "માનવીના **શરિરીક બંધારણને ગ્રહો સાથે એવી રીતે મોત અને જીવતનો સંબંધ છે,** બીજા દાખલા તરીકે સ્ત્રીઓની માસીક માંદગીનો પણ ટાઇમ ૨૮ દિવસના ચંદ્રની ગતિ (મોશન) પરજ આધાર રાખે છે, અને જ્યારે એવી રીતે શરીર

બંધારણ સાથે ગ્રહોને સંબંધ છે, અને માનવી આખી જગતની સર્વેથી ઉત્તમમાં ઉત્તમ પેદાયશ છે, અને જ્યારે તેનાં પંચભુતી તત્વને ગ્રહોની અસર થાય છે, તો જગત્તની એવી કેઇ બીજી ચીજ છે કે જેને ગ્રહોની અસર નહી થતી હોય. એટમિક લૉ (Atomic law) સંપુર્ણ રીતે સમજાવે છે કે જગત્તની પેદાયશની હરેક વસ્તુ અણુંઓ અને પરમાણુઓની બનેલી છે, કે જે અણુઓ પંચભુતી તત્વનાં બનેલા છે."

આ ખુલાસા પછીથી પણ હજી પેલો કહેવાતો ભણેલ વર્ગ આ વિધ્યા માટે છટ નોનસન્સ અને "હંબગ" વીગેરે અનુમાનો બાંધે, તો તેઓ માટે શું વિચારવું, તે સમજુ વાંચકોનીજ મુનસફીપર છોડીશું. મારો જાતી અભ્યાસ ભલામણ કરે છે, કે દરેક માનવીએ પોતે ફુરસદ વખતે એ વિધ્યાની થોડી થોડી સ્ટડી કરવી, અને સત્ય શું છે, તે પોતાના અભ્યાસ અને ઓબઝરવેશનથી જોઇ લેવું.

નોધ:—બસો વરસ અગાઉ ઇગ્લંડ અને યુરોપમાં ડૉકટરોની પરીક્ષા લેતી વખતે તેવોની "**એસ્ટ્રોલોજીકલ**" યાને જ્યોતીષ જ્ઞાનને લગતી પરીક્ષા પણ લેવામાં આવતી હતી, અને જો જ્યોતીષના જ્ઞાનમાં કાંઇપણ કચાસ રહેતી, તો તે શખ્સને ડૉકટરી ધંધો કરવાનું લાઇસન્સ બીલકુલ આપવામાં આવતું હતું નહીં.

આવા ઘણાક દાખલાઓ અને સત્યની સાહદતો મોજુદ છે, પણ તે અત્રે એડવરટાઇઝ કરવાને જગ્યા નથી.

ઝાડપાલાની દવા અને ગ્રહો તથા એક ગ્રહનાં દુ:ખનો બીજા ગ્રહથી ઉતાર.

દરેક દરદની દવા આપણા દેશોનાં ઝાડપાલામાં અને જડીબુટીમાં સમાયલી છે. હિંદુસ્તાન એવો મુલ્ક છે, કે જ્યાં દુન્યાના દરેક ભાગમાં ઉત્તપન્ન થતી રૂતુઓ, આ દેશના જુદા જુદા ભાગોમાં છે, જેથી ઠંડીના મુલ્કોની જડીબુટી ઝાડપાલો, તેમજ ગરમીના મુલકોની જડીબુટીને દવા વીગેરે સર્વે, આ ભારત ભુમીનાં જુદા જુદા પ્રદેશ, પહાડ અને ખીણોમાંથી મેળવી શકાય છે, પણ મુખ્ય મુસીબત તેઓને **પારખવાની**, તથા તેઓની **સપુર્ણ તંદરૂસ્ત હાલતમાં,**

અને તેઓના વખત અનુસાર તોડવાની વીગેરે મુશકેલી છે. દરેક ઝાડપાલો અને જડીબુટી જુદા જુદા ગ્રહોની અસર હેઠલ છે, અને તે સર્વે અંત્રે લખવાને બિલકુલ જગા ન હોવાથી, અભ્યાસીને "ગ્રહો અને તેને લગતા છોડવા "(The planets and their plants and herbs) **ને લગતી અંગ્રેજી બુકો વાંચવાની ભલામણ કરીશું.**

દરેક દરદ માટેનો ઝાડપાલો કે જડીબુટી, તે જે ગ્રહની અસર અંદર હોય, તે ગ્રહ જ્યારે **ઉંચનો** થાય, અથવા **તો કેન્દ્રનો** હોય, ખાસ કરીને **લગ્ને** કે **દશમે** **ભુવને** હોય, અને ચંદ્રની શુભદૃષ્ટિમાં હોય, તે વખતે જો તે ગ્રહને લગતી દવા ઝાડપાલો કે જડીબુટી તોડીએ, તો તે તત્વ વિધ્યા અનુસાર પોતાની દરેક શકિત અને તેજ સાથની હોય છે, અને તે ઘણીજ અસર કરનારી રહે છે. સુકાઇ ગયલો, ખાલી મરતો એવો કીડ લાગેલો પાલો કે છોડ અસરકારક હોતો નથી, તોડતી વખતે દરેક દવા પોતાના પુર બહાર, રસ, અને પુખ્ત પાકવાળી અને ફળદ્રુપ હોવીજ જોઇએ. જો આવી સર્વે બાબદની દેખરેખ અને તપાસ રાખી નહીં શકાય તો, સાધારણ દવાઓ માટે, કાંઇ નહી તો, આખા દિવસના ૨૪ કલાકમાં, તે દવાને લગતો ગ્રહ જ્યારે પોતાનો અમલ કરતો હોય (Planetery hour જુવો કોષ્ટક પહેલા ભાગમાં) તેવે વખતે તે દવા જમાવ કરવી. દરેક દરદો ચોક્કસ ગ્રહની અસરથી છે, અને તેનું વારણ **તેના જેવીજ** અસર કરનારા અથવા તો તેથી **ઉલટી અસર** કરનારા અથવા તો તેના જેવાજ ભાઇબંધ ઉપચારથી તેનું વારણ કરવામાં આવે છે, જેને લગતી દવાઓના કોષ અને ગુણદોષો તથા અમુક દરદપર ચોક્કસ કેઇ દવા આપવી જોઇએ, તે સર્વે અત્રે લખવાને જગ્યા નથી, કારણ કે એને લગતી બાબદો જો લખીયે તો લગભગ બીજાં આવાં ઘણાક પુસ્તકો થાય. **જ્યોતીષ વૈદક વિધ્યામાં** દરદો બે રીતે સાજાં કરવામાં આવે છે, એક તો દરદ ઉત્તપન્ન કરતા ગ્રહને **મલતીજ અસર કરનારા** બીજા ગ્રહની મારફતે, અને બીજું તો દરદનાં ગ્રહથી તદન **ઉલટીજ અસર કરનારા** ગ્રહને લગતી દવા મારફતે ઉપ્ચાર કરવામાં આવે છે.

જેમ કે જો **મંગળના** ગ્રહને લગતી કાંઇ વ્યાધી થઇ તો મંગળ જાતે ગરમ છે અને સુક્કો છે, તેથી તેના જેવી અસર **રવીની** છે, વળી રવી મંગળની રાશી મેષમાં ઉંચનો થાય છે, તેથી મંગળના દરદ રવીની જડીબુટીથી સાજાં થાય, એજ પ્રમાણે **શુક્રને** લગતી જડીબુટી કે દવા, **ગુરૂને** લગતાં દરદો સાજાં કરે છે, કારણ કે ગુરૂને લગતી રાશીમાં શુક્ર પોતે ઉંચનો થાય છે. વળી **ગુરૂને** લગતી દવા તથા જડીબુટ્ટી **ચંદ્રને** લગતાં દરદો સાજાં કરે છે, યાને ચંદ્રની રાશીમાં ગુરૂ પોતે ઉંચનો થાય છે, એ પ્રમાણે ખાસ ધ્યાનમાં રાખવાનું છે, કે દરેક દુઃખ દરદ, અને વ્યાધી, જે કોઇ ગ્રહથી ઉત્તપન્ન થઈ હોય, તે ગ્રહની રાશીમાં જે ગ્રહ ઉંચનો થતો હોય તેને લગતી દવા કે ઉપ્ચારથી દરદ સાજાં થાય છે, કારણ કે ગ્રહ જ્યારે બળવાન અને દુઃખ કરતો હોય છે, ત્યારે તેની વીરૂદ્ધ જવા કરતાં તેમાં મળી જવું, અને તેનાં જેવીજ પણ રૂડી અસર કરવામાં ઘણો ફાયદો છે, એને (Sympathetical cure) કહે છે. એજ પ્રમાણે ગ્રહનાં દરદની અસરથી ઉલટી અસર કરનારા ગ્રહની દવા મારફતે દરદ સાજાં કરવાની રીતને (Cures by antipathy) કહે છે, જેમ કે **શનીને** લગતાં દરદો સરદી કરનારાં છે, માટે તે દરદો ગરમીની દવાથી યાને **રવીની** દવાથી સાજાં થાય છે, કારણ કે મેષ રાશીમાં રવી ઉંચનો થાય છે, ત્યારે શની મેષમાં તદન નીચનો ગણાય છે. એજ પ્રમાણે **શુક્રનાં** દરદો, **મંગળને** લગતી દવાઓથી સાજાં થાય છે, કારણ કે શુક્રની રાશીમાં મંગળ નીચનો થાય છે, એવી રીતે સંપુર્ણ સ્ત્રુ દૃષ્ટી કરનારા ગ્રહો, એક બીજાથી ઉલટી અસર કરીને દરદ કે વ્યાધી સાજી કરે છે, જેમ કે પુષ્કળ ઠંડકમાં ગરમી આમેજ કરવાથી સરદી નરમ પડી જઇ શરીરનું સમતોલપણું જળવાય છે, ને વ્યાધી નાબુદ થાય છે, એ પ્રમાણે **ગુરૂના** દરદો, **બુધને** લગતી દવાઓથી સાજાં થાય છે. એ બાબદ એક વિધ્વાન **જયોતિષ તબીબ** કહી ગયો છે:—કે પહેલે **કયા ગ્રહથી દરદ થયું** તે તપાસવું બીજું **દરદથી શરીરનો કયો ભાગ દરદી થયો,** અને તે વ્યાધી **માસમાં, હાડકાંમાં,** કે **લોહીમાં** છે તે તપાસવું. ત્રીજું **કયો ગ્રહ** તે વ્યાધીવાળા **શરીરનાં ભાગનો માલેક છે,** એ પ્રમાણે ત્રણે બાબદ **તપાસવી, પછી જે ગ્રહ દરદ કરતો હોય, અથવા દુઃખ આપતો હોય,**

તેનેથી વિરૂદ્ધ શક્તિ ધરાવનારા ગ્રહની દવાથી સાજું કરવું, જેમ કે **ગુરૂના દરદો બુધની** દવાથી અને **બુધના દરદો ગુરૂની** દવાથી. **રવી** તથા **ચંદ્રના** દરદો શનીની દવાથી, અને **શનીના** દરદો રવી ચંદ્રની દવાથી, **મંગળના** દરદો શુક્રની દવાથી, ને **શુક્રના** દરદો મંગળની દવાથી સાજાં કરવા, વળી એમ પણ કહ્યું છે કે, દરેક ગ્રહ પોતાનું દુઃખ પોતાનીજ અસરથી સાજું કરે છે, જેમ કે રવી તથા ચંદ્ર **આંખને** સાજી કરે છે, શની **તલ્લિને** સાજી કરે છે, ગુરૂ **કલેજાને,** મંગળ **પિત્તને** તથા શુક્ર પોતાના જે દરદો હોય તેને પોતાનીજ દવા અને ઝાડપાલાથી સારાં કરે છે.

એ પ્રમાણે ગ્રહોનાં **દરદો** અને **દુઃખો** તથા ગ્રહોથી આવી પડતાં દરેક **હદેશાઓનું** નિવારણ ઉપર દર્શાવ્યાપ્રમાણે કરવાથી જરૂર ફાયદો થાય એ સંભવીત છે.

(પારસીઓ માટે.)

ગૃહી વ્યાધી અને જરથોસ્તી ધર્મ.

આ બાબદ અંગ્રેજી જ્યોતીષ વિધ્યાથી તદન નિરાળી છે, પણ હમારા મિત્ર **(મી. બ. શો. બનાજી)** ની ખાસ ફરમાસથી, થોડુંક વિવેચન એ બાબદમાં અત્રે જરથોસ્તી વાંચકને ઉપ્યોગી થઇ પડશે.

માજદીયશની જરથોસ્તી પાક ધર્મનાં પુરાતનપણાંમાટે ગમે તેટલો મતભેદ હોય, તો પણ હું **મારી આસ્થાપ્રમાણે** કહું છું કે " દુન્યાની પેદાશ થવાની આગમજથી "અહુનવર" ની ઉત્પત્તી હતી, અને દુન્યાની આખેરસુધી તેની હસ્તી રહેશે " એ બાબદના સત્યને બિજા ધર્મવાલાઓ (કે જેઓના ધર્મતરફ પણ આપણે માનની નજરથી જોઇશું) ગમે તેવી ગોઠવણો અને ગણુત્રીથી ખોટી ઠેરવવા માગે, તો તે કંઈ બનવાનું નથીજ. પાક માજદાયશની જરથોસ્તી ધર્મની શ્રેષ્ટાઇમાટે પણ બીજું મતજ નથી. કેટલાક ભાઇઓ, કેટલાક મંડળો, અને કેટલાક અભ્યાસીઓ તથા કહેવાતા ધર્મનાં ઉસ્તાદો, એ **પાક મહજબનેમાટે,** પોતપોતામાં ખ્યાલી મતફેરથી, તથા " ફાઇલોલૉજી " અને બિજી કેટલીક ગણુત્રીઓ

મારફતે એક બીજાની ઉપર નુકતેચીની કરી, ઘણીક વખત બિજા ધર્મવાલાઓની નજરમાં હલકો પાડવા જેવી નાદાનીયત કરે છે, જે ખરેજ દલગીરી ઉપજવા જોગ છે. કમનસીબી એજ છે કે ધર્મનાં કીમતી પુસ્તકોનો નાશ થયો, અને ફકટ કંઇક છુટા કટકા બુકલા આપણે ધરાવીએ છીએ.

વખશુરે વખશુરાન, પાક હજરત પેગમ્બર સાહેબ જરથુસ્ત્ર (અનુશેરવાન) એ જે ભલી દીન માજદીયશનીને ખુલાસાવાર જાહેર કરી, તેની સ્થાપનાનો પાયો એવો મજબુત બાંધ્યો છે, કે કુલ્લેજેહાંનનાં થઇ ગયલા અને તેઓ પછી થવાનાં, તેમજ હવે પછી થનારા કોઇપણ પયગમ્બર, માહાત્મા, કે ગુરૂ કદીપણ રજ-ભારબી તેને ડગમગાવી શકનાર નથીજ. એ પાયાનું **પહેલું રજકણ "હુમત"** છે, કે જે રજકણની બુલંદી એટલી સુધી છે, કે તે બાબે આ પુસ્તકનાં કદનાં બિજા ઘણાક વ્હાલ્યુમો પ્રગટ કરી શકાય. **"હુમત"** યાને **નેક વિચાર,** એવો તે આપણામાં હાલ કોણ છે કે જે આ **રજકણનો** ભેદ **સંપુર્ણતાથી** સમજાવી શકે? એવી તે કેઇ દુન્યામાં ચીજ છે, કે જેનાં બાતેનમાં **વિચાર** સમાયલો નથી. જે માનવીઓ આપણાં પાક મહજબના પાયામાહેલાં **આ એકજ પહેલાં રજકણ** માટે જરાક પણ સંદેહ કે શક લઇ જાયછે, તેવો ખુદ પોતે પોતાને ભુલી જાય છે, કે તેવોનાં પોતાના પેદાથવામાં પણ એજ **રજકણ** મોટો ભાગ ભજવે છે. જે નિચલા દાખલાથી સચોત લેખાસે. **વૃદ્ધી કરનારો વિચાર** તે માનવીની પેદાયશના પાયાનું **રજકણ** છે, જેમ કે વિચાર નરનારીમાં ઉત્તપન્ન થાય નહીં, તો તેવો એક બિજાંથી જોડાય નહી, જોડાંણપછીનો વિચાર સમાગમનું, સમાગમ વખતે વિચારથી લોહીનું મણીમાં બદલાવું, તે મણીનુ, માતાનાં ગર્ભમાં, માતાનાં વિચારથી પોષણ થવું, અને જન્મ થવા પછીથી પણ માતાપીતાનાં વિચારથી ઉદરભાવમાં વધવું, અને ઉમરે પુગતાં પોતે વિચાર કરતાં શિખવું, અને પછી તેજ વિચાર મારફતે પોતાની ઉત્તપત્તીની રૂઢી પ્રમાણેજ, પોતાના ફરજંદની ઉત્તપત્તી માટે **વિચારનેજ** વાપરવો, અને એ પ્રમાણે ખુદ માનવીની પેદાયશમાં **આ વિચારનું રજકણ** આવો મોટો ભાગ ભજવે છે, તો દુન્યાની

બીજી ચિન્હોમાં અને દુન્યાનાં ભેદોમાં તે કેટલો મોટો ભાગ ભજવતો હશે, તેનું મેજાન કરવાની કોઇમાં તાકત નથી. **આવા માહાન ધર્મનાં આ એક રજકણનો ભેદ જ્યારે કોઇ પામી શકતું નથી, તો તે વખશુરે વખશુશને પાક દાદારથી મેળવેલી માથ્રવાણીના કલામોના જહુાનો ભેદ તે શું મેળવી શકનાર છે,** માટે આપણું આ પાક મહજબ અને શ્રેષ્ટમાં શ્રેષ્ઠ ધર્મને મગજનાં ફાટાથી વાદવિવાદ કરી ચુંઠી નાખવાને બદલે, **વગર શકે પોતાનાં અંતઃકરણમાં તેની જગા કરી,** પ્રકટ **અણુંઓના કાયદા** (Law of Atomes) અને આપણા ધર્મનાં મુખ્ય કલામ **"હુમત્ત"** ને ચાવીરૂપ સાથે લઇ, જેબી કાંઇ ભેદ જાણવા ચાહશો, તે આપણી **માથ્રવાણીમાંથી** મળી શકે તેમ છે, કારણ કે એ બે ચીજ હરેક બાબદ, ચીજ, વીગેરેમાં આમેજ છે, જેમ કે:—જેવી રીતે **સુક્ષ્મમાં સુક્ષ્મ પરમાણું** જગત અને તેનાં બંધારણમાં **અંદીઠ પરમાત્માનું સ્વરૂપ છે** (The infinite fine force,) તેમ માનવીની શારિરીક જગતમાં તેનાં જેવાજ સ્વરૂપમાં **વિચાર** કાર્ય કરે છે, તેથી વિચાર જે સુક્ષ્મમાં સુક્ષ્મ ધુરજણી કરે છે, તેવીજ ધુરજણી અને ફોર્સથી પરમાણું એક બિજામાં રૂપ લે છે. **હરેક ચીજની તપાસની અંતમાં તમો** (fine force) **યાને કુદરતનાં અંશ આગળ આવીને અટકશો, તેમ માનવીની આસપાસ તમો સર્વે ચીજમા પણ એજ અંશને વિચાર રૂપમાં જોશો.**

હું મારી મુળ મતલબથી ઘણો વેગળો નિકલી આવ્યો છું, પણ મારા ધર્મની શ્રેષ્ટાઇના સત્યની ધુનમાં મારા વિચારોએ મને દોરવી લિધો છે, પણ એટલું તો ખરૂંજ છે કે " માજદીયશની જરથોસ્તી ધર્મ સર્વેથી પુરાણો, સર્વેથી શ્રેષ્ઠ, સર્વથી પહેલો તેમ સર્વથી છેલ્લો છે અને રહેશે." ભલે કોઇનાં ધ્યાનમાં આ વાત નહીં ઉતરે પણ **એ મારી આસ્થા છે.** એ પર વાદવિવાદ કરવાની મારી શકિત નથી, કારણ કે અવસ્તાના અભ્યાસીઓનાં તથા બીજાં મંડળોના જુદા જુદા મતો છે, તેમાં વળી એકનો મિનીંગ બીજો નાકબુલ કરે, અને તેથી મતફેરી વધે, વળી "ફ્રાયસોલૉજી" ના ઓઠા હેઠલ પહેલો કહેશે હું ખરો, ને બીજો કહેશે હું ખરો, એવી રીતે

એ ઝગડાનો કોઇ કાંઇ **પણ** નિકાલો વરસો થયાં લાવ્યોજ નથી, એવીજ કાંઇક મતભેદ બાબદોમાટે દુર રહેવાને "**અખો ભગત** કહી ગયો છે કે:—

"ખટ દરશણનાં જુજવાં મતાં
માંહો માહે ખાધા ખતા
એકનું થાપ્યું બીજો હને
અન્યથી આપણે અધીકો ગણે
"અખ્ખા" એજ અંધારો કુવો
ઝગડો ભાગી કોઇ ન મુવો."

મારા વિચારનાં વમલમાં હું મુળ મતલબથી ઘણો વેગળો આવી ગયો છું. હવે પારસી હમદીન બીરાદરો તો જાણેજ છે, કે આપણા ધર્મની **માથ્રવાણી** અને બંદગી ઘણીજ પ્રબળ છે. (**વાંચો "બંદગીનું બળ**) અને મારા મિત્રની ખાએશ એજ હતી કે, ગ્રહથી પીડીત થતા માનવીએ બંદગીનાં કલામો પઢી પોતાનું દુઃખ બનતાંસુધી કમ કરી શકે, તેવી કાંઇક સમજણ આપવી. હવે આ પુસ્તક અંગ્રેજી રૂઢી અને ગણત્રી પ્રમાણેનું જ્યોતીષ શિખવે છે, અને તેમાં શરીર અને તેનાં રોગો માટે કારણો સહીત ખુલાસો કરવામાં આવ્યો છે, અને દરદો તથા તેની દવાઓ પણ અંત્રે આપતે, પણ તે માટે અંત્રે પુરતી જગાની જોગવાઇ નથી, પણ **બંદગી** બાબદ આપણે કાંઇક નીચેપ્રમાણે ખુલાસો કરી શકીશું. બંદગી પોતાના તન મન અને કોઈનાં ભલાંને માટે, જો તેની ખરી ખુબીસાથે કરવામાં આવે તો તે કદી પણ ફોકટ જતી નથી. ગ્રહદુઃખ નિવારણ માટે હાલનાં વખતમાં નીચેપ્રમાણે બંદગીઓ કરવામાં આવે છે:—

ગ્રહ.		બંદગી.
રવી	=	ખુરશેદ તથા મેહેરની નીઆએશ
ચંદ્ર	=	મોહર મઝદ તથા માહાબોખતાર નીઆએશ.
મંગળ	=	બેહરામ યઝદ (બેહરામ યસ્ત)
બુધ	=	તીર યજદ (ખોરદાદ તથા તીરયસ્ત)
ગુરૂ.	=	દાદાર હોરમજદ (હોરમજદ યસ્ત)

ગ્રહ.		બંદગી.
શુક્ર	=	અમરદાદ અમેશાસપંદ (મોટી હપતન યસ્ત તથા તીર યસ્ત)
શની	=	અસપનદારમદ અમશાસ્પંદ (આવાં તથા હપતન યસ્ત મોટી)
રાહુ	=	હપતોરંગ (મોટી હપતન યસ્ત તથા એરામ યસ્ત)

જ્યારે અમુક ગ્રહની પાપદૃષ્ટિથી માનવી પીડાતો હોય ત્યારે, તે ગ્રહને લગતા યઝદ અમેશાસપંદનાં રોજને દીવસે, દરૂન, બાજ, અપ્રરગાંન, યજશને કરાવવાં, તથા રોજ પોતે જાતે તેની બંદગી પઢતાં રહેવું. હાલમાં કેટલાકો ફર્યાદ કરે છે, કે બંદગીની અસર હાલનાં આપણાં ભણતરથી થતી નથી, તે હું માની શકતો નથી, કબુળ કરી શકાય કે હાલનાં જમાનાની આપણીપાસે મોજુદ રહેલી બંદગી, તેની અસલ એબારતનાં છુટા છુટા કટકા છે, જે ગોઠવીને પાછળથી ખોરદેહ અવસ્તાતરીકે આપણામાં જાએજ છે; જેથી પાક હઝરત પેગમ્બર સાહેબનાં જોડેલાં અસલ મંત્રો અને વિચારોની એબારતના જેવાંજ વાઇબ્રેશન, આ પાછળથી મળેલા કટકા બુકલાનાં જોડાણથી સંપુર્ણરીતે અસર કરી શકતા ન હોય, તોપણ ઘણેક અંશે તેવો ધારેલી ઇચ્છા પૂર્ણ કરી શકે તેમાં સંદેહ નથી. આ ઉપલી ક્રીયાઓ અને ભણતર ઉપરાંત પરેજગારી, અને પારસી યોગનાં તરીકા પ્રમાણે તો ઘણી શ્રેષ્ટ **એકાગ્રહતા પવિત્રાઈ** અને **પાકીજગીની** જરૂર છે અસળ જમાનામાં **"કયુમરસે" "અહુનવરની" માથ્રવાણીસાથે પોતાના પવિત્ર મનના મોનાજાતથી શનીસચર સેતારાની સ્તુતી કરી હતી, એજ પ્રમાણે સીયામકે ગુરૂની, હુશંગે મંગળની, તેહમુરસે ખુરશેદની, જમશેદ પાદશાહે શુક્રની, ફરેદુને બુધની, મીનોચેહેરે ચંદ્રની સ્તુતી કરી હતી,** તેમજ ત્યાર પછી બિજા પરેજગારી કરી ગયલા પીર પયગંમ્બરોએ પણ **"અહુનવરની"** બંદગી કરી હતી. **હઝરત** પયગંમ્બર **સાહેબ સપેટમાન** જરથોસ્તે પણ અહુનવરની બંદગી ઉપરાંત, **દાદાર હોરમજદથી** મેળવેલી માથ્રવાણી અને મુખ્યત્વે **ગાથાની** બંદગીથી, દુન્યાની કુલ્લે પેદાયશ અને બાબદોની સ્તુતી કરી હતી. હવે એ સ્તુતીને

વખશુરે વખશુરાન પયગમ્બર હઝરત સપેતમાન જરથોસ્ત સાહેબનાં વખતની આગમજ, જે પાદશાહઓએ એવી સ્તુતી કરી હતી, તેને **ઇનવોકેશન** (Invocation) કેહવામાં આવેછે, પણ હઝરત પયગમ્બર સાહેબનાં વખત પછીથી છેક પાછલા જમાનામાં **આબેદો** ચોક્કસ રીતે એવી આરાધના કરતા હતા, જે નીચલી બાબદોને મળતી ક્રીયા હતી એવી માન્યતા છે.

" કોઇક **એકાંત ઉંચી** તથા નજદીકમાં **પાણી વેહતી** એવી **જગા** પસંદ કરવામાં આવે છે, તે જગાના સાત ચોરસ **કશ** ખેંચીને પાક કરવા પછીથી, તેનાં માહેલા વચલા કશની જગામાં ફરીને બીજા સાત કશ ખેંચે છે, અને પછી તે માંહેલા મધ્ય બિંદુમાં પોતે બેસી પોતાની આસ પાસ ત્રીજા સાત કશ ખેંચી, તેમાં બેસી રાત અને દીન પાંચો ગેહ **ગાથાનું** ભણુતર ભણવા ઉપરાંત, અમુક કાર્યમાટે અમુક **ફરેસતાનો આરાધના** કરવામાં આવે છે, અને એમ ૪૦ દીન તુલીક **તન, મન,** અને **અંતઃકરણની** પવિત્રાઇથી જે આરાધના કરવામાં આવે છે તેને સાલેકીની સરૂઆત કહે છે. આવી રીતે તપ જપ કરતાં હરેક લાએક અને અનુકુલ મુરાદ જરૂરજ હાંસલ થવા ઉપરાંત, **તન, મન** અને **કરણીની** પવિત્રાઇ ઘણીજ વધે છે. એ ક્રિયાને લગતી બીજી ઘણી સમજો તથા બાબદો છે, જે અંત્રે ખુલાસાવોર સમજાવવાને ઠીક ધારતો નથી, કારણ આ પુસ્તકની બાબદ આ બાબદથી નિરાળી છે. બીજી કેટલીક અસલ જમાનાની ગ્રહો તથા ફરેશતાઓને આરાધવાની ક્રિયાઓની રૂઢી અને અલાતો છે, જે પ્રમાણે બંદગી કરવાથી હરેક દુઃખ દફે થવા ઉપરાંત પાકીજગી મલે છે એ નિશ્ચિત સમજવું. એ ઉપરાંત નિચેપ્રમાણે પણ ચોક્કસ દરદોની આરાધના કરાવાનું ફરમાન છે, જેમ કે:—

" **માથુ** દુખેતો **બેરામ યજદને** આરાધે, **નાક** માટે **મોહર** યજદને, **આંખ** માટે **ખુરશેદ** યજદને, **મોહડાને** દરદ હોય તો **આવાં યજદને, ગરદનને** માટે **રામ** યજદને, **પગને** માટે **બહમન અમશાસ**ંપદને, **હૃદયને** માટે **ગોઆદ** યજદને, પગનાં **ગુઠણ** માટે **અશપનદારમંદ** અમશાસંપદને, **આગલી** તથા **હાથને** માટે **હોમ** યજદને, **કમર** માટે **તીર** યજદને, **વીર્ય** માટે **આશતાદ**

યજદને, **પીસાબ** માટે **આવાં** યજદને, **વાયુના રોગ** માટે **ગુવાદ** યજદને, **સ્ત્રીને દુધ** આવવા માટે **આવાં** યજદને, ફરજંદના **જન્મ વખતે અડચણ** થતી હોય તો **બેહરામ** યજદને, અને તે ઉપરાંત હરેક મોટામાં મોટા દુઃખ દરદ માટે **દાદાર હોરમજદની** આરાધના, **બાજ, દરૂન આફ્રરગાન, યજશને,** વીગેરે કરવાથી અથવા તો પવિત્ર જગામાં બેસી, એકીન અને આસ્થા સાથની **બંદગી** કરવાથી **દુઃખ દફે થાય છે.**

નોંધ:—"આ પ્રકરણમાં આપેલી સર્વે બાબદ ફકટ પારસી જરથોસ્તી માજદીયશની ધર્મપર એતેકાદ રાખનારાઓ માટે છે. બીજા ધર્મોમાં પણ આપણને એવી ઘણીક ચીજો મલે છે, અને તે માંહેલી સત્ય ચીજો તરફ આપણે માનની નજરથી જોઇશું આ પ્રકરણમાં જે કાંઇ વિચારો દર્શાવ્યા છે, **તે મારી આસ્થા છે.** જે હું માનું છું, તેજ હું લખું છું, અને મારા જેવા વિચાર ગ્રહણ કરી, તે માની લેવાને હું કોઈને કેહતો નથી. જેવા જેના વિચાર તેવી તેની આસ્થા, અને જેવી જેની આસ્થા તેવું તેના ધર્મનું એતકાદ ધારૂં છું.

ગ્રહ અને કિંમતી ઝવેરાતની અસરો.

આ ઉપલું મથાલું વાચી, વળી આપણા પેલા મહાન વિદ્વાનો "**છટ નોન્સન્સ ને હંમબગ**" વીગેરે કેહવાને સરૂ કરશે, **પણ** જે **સત્ય** છે, તેને તે કોણ ખોટું પાડી શકનાર છે. જેમ હરેક **ચીજને** એક મેક સાથ તત્વ અને પ્રમાણુંઓ મારફતે **સંબંધ** છે, **તેમ હીરા** મોતી વીગેરે સર્વે ઝેવરાતો ધાતુઓ વીગેરે ને **પણ સંબંધ છે, જે** માટે કેમીસ્ત્રી, એસટ્રોનોમી, અને તારાઓની વિદયા તેની **સાહદતો** પુરી પાડે છે, અત્રે એને લગતી બીજી બધી બાબદો જો **દર્શાવીએ** તો એક મોટું પુસ્તક થાય, જેથી અંત્રે થોડીક **ઉપયોગી** બાબદોજ સમજાવીશું.

પહેલું તો દેશી તેમજ અંગ્રેજી પ્રમાણે **ગ્રહો માટે** જુદા **જુદા** ઝવેરાતો નેમેલા છે. **બીજું** એ ઝવેરાતોની પિછાણ, અને **ત્રીજું** તો ઝવેરાતનાં **અણુંઓ** અને તત્વ, તેની **શારિરીક** અને બીજી **શકિત** **તથા અસરો** વીગેરે છે.

દેશી રીતપ્રમાણે જ્યોતીષમાં **નબળા ગ્રહો** હોય તેની શાંતિ માટે જે **નંગ** પેહરવામાં આવે છે, તે નીચેપ્રમાણે છે, જેમ કે:-

રવી માટે **માણેક, ચંદ્ર** માટે **મોતી, મંગળ** માટે **પરવાળું, બુધ** માટે **પાનું, ગુરૂ** માટે **પોખરાજ, શુક્ર** માટે **હીરો, શની** માટે **લીલમ, રાહુ** માટે **ગોમેધર** અને **કેતુ** માટે **લસણીયો.** હવે આ સાધારણ છે, અને એવોની અસર કેટલાક પ્રમાણમાં જ્યારે જુદી જુદી રાશીનાં હોય ત્યારે એક મેકથી ઉલટી હોય છે, **જેથી** દેશી ગ્રહ નંગ ઇચ્છીત ફળ આપી શકતું નથી. **અંગ્રેજી ગ્રહ** નંગ ખુદ નંગની ઉત્તપત્તીનાં બંધારણ તત્વ સાથ ખુદ રાશીઓનાં તત્વને મળતાં તત્વોનાં હોય છે, જેથી તેવો સ્વાભાવીક વધુ અસર કરી શકે તેમ છે. હવે અંગ્રેજી રૂઢીપ્રમાણે દરેક રાશીની અસર પ્રમાણેના ઝવેરાત નેમેલા છે, જે ચિત્રવિચીત્ર રંગ રૂપના હોય છે, તથા મુખ્ય ભાગે તેના ગુજરાતી નામો જણાયલા નથી, એટલામાટે પહેલે તેવોને અંગ્રેજીમાં લખી તેનો ખુલાસો બની શકે તેટલો આપ્યો છે. વધુ ખુલાસો લખવાને જગા નથી. **હવે** અંગ્રેજી જ્યોતીષ પ્રમાણે નીચે મુજબ ગ્રહોપર **નંગો** પેહરવામાં આવે છે, જેમ કે:—

મેષ માટે **એમેટીસ્ટ** (Amethyst), તથા **હીરો, વરખ** માટે **મૉસ ઍગેત** (Moss agate), **એમેરલ્ડ** (Emerald), **મિથુન** માટે **બેરીલ** (Beryl), અને **એકવામેરીન** (Aquamarine), **કર્ક** માટે **એમેરલ્ડ** (Emerald), અને **બલેક ઓનીક્ષ** (Black onyx), **સીંહ રાશી** માટે **માણેક** Ruby અને **હીરો** (Diamond), **કન્યા** રાશી માટે **પીંક જાસ્પર** (Pink jasper) અને **હયાશીંનથ** (Hyacinth.), **તુલા** રાશી માટે હીરો (Diamond), અને **ઓપાળ** (Opal), **વૃશ્ચિક** રાશી માટે **તોપાઝ** (Topaz), અને **મેલાચીત** (Malachite), **ધન** રાશી માટે **કારબનક** (Carbuncle) અને **ટરકોઇઝ** (Turquoise), **મકર** રાશી માટે **વાહીત ઓનીક્ષ** (White onyx) અને **મુનસ્ટોન** (Moonstone), **કુંભ** રાશી માટે **સફાયર** (Sapphire) અને **ઓપાળ** (Opal), અને **મીન** રાશી માટે **ક્રીસોલાઇટ** (Crysolite) અને **મુનસ્ટોન** (Moonstone.)

હવે એ ઉપલી બારે રાશીનાં બાર જુદા જુદા મહીનાઓ છે, અને જેનો જે માસમાં જન્મ થયો હોય, તે માસને લગતી રાશી પ્રમાણે એ **નંગો અને ઝવેરાત** પહેરે તો તેની ઘણી લાભકારક અસર થાય છે, તે ઉપરાંત **ખાસીયતનાં ગુણ** કાબુમાં રાખવાને ચંદ્રને લગતાં નંગો, જો શરિરીક દુઃખ માટે હોય તો જન્મ લગ્ને જે રાશી હોય, તે રાશીને લગતાં નંગ પહેરવાં, વળી નંગ બનતાં-સુધી તે રાશીને લગતીજ ધાતુમાં જડાવવાં, અને એવી રીતે જડાવવાં કે તે નંગનો ભાગ, ખુદ શરીરની ચામડીને વારંવાર લાગ્યા કરે, કે જેથી શરીર ઉપર તેની પુષ્કળ અસર થાય છે.

હવે એ અસર થવાનું સત્ય **અણુંઓના કાયદા** (Law of Attoms) મારફતે જોતાં, જમીનમાં કોયલો, રેતી કે ખણીજ પદાર્થો વચ્ચે સર્વે જાતનાં કિંમતી ઝવેરાતોની ઉત્પત્તી છે, અને ખુદ ઝવેરાતો પોતે જુદાં જુદાં તત્વથી બનેલાં છે, જેમ કે:—**પોખરાજ** (Topaz) એક ફીક્કા પીળા રંગનો હીરો છે, ઘણુંકરીને બ્રાજીલ અને ઇજીપ્તમાં એની ઉંચી જાતની પેદાયશ છે, અને એક નિર્મળ સાફ આબદાર નંગનો રંગ **શેરીનાં** જેવો હોય છે. કહે છે કે જો ખરા પોખરાજને ચોક્કસ રીતે ગરમી આપવામાં આવે છે તો તેનો રંગ ગુલાબી થાય છે, અને તેથી પણ વધુ ગરમી આપતાં તદન સફેદ નિર્મળ કાચ જેવો થાય છે. એનાં બંધારણનાં (Composition) તત્વો નીચે પ્રમાણે છે:—

Aluminium	30·2
Silicon	15·5
Oxygen	36·8
Fluorine	17·5
	100
Specific Gravity	3·5
Hardness	8.0

એ પ્રમાણે **પોખરાજ**, ધાતુ, ગેસ, ખાર, વીગેરે જમીનનાં ભીત્તરમાં કુદરતી રસાયણોથી અને કુદરતની અંદીઠ ગતિ (Fine

force) મારફતે બન્યું છે. હવે જેમ એક દવાનું મિક્ષચર દરદી માટે જુદી જુદી દવાઓ અને ખારોનાં મીક્ષ્ચર કરી બનાવવામાં આવે છે, અને જેવી રીતે તે દવા દરદીને અસર કરે છે, તેજ પ્રમાણે પોખરાજની પણ અસર થવીજ જોઇએ, કારણ કે તેનાં તત્વોમાં સમાયલી રસાયણીઓ, દવાના મિક્ષ્ચરમાં સમાયલી રસાયણીઓ જેવીજ છે. જોકે દવાના દેખાવ આકાર વાસ અને બીજી બાબદ, પોખરાજના દેખાવ વિગેરેથી તદન જુદી છે, લેકીન એ બન્નેમાં પોતપોતાનાં વધુ ઓછાં તત્વોની ખાસીયત પ્રમાણે, તે ચીજોનો ગમે તેવા આકાર કે રૂપમાં, તે તત્વો પોતપોતાની શકિતને લગતી અસર વાઇબ્રેશન યાને ધ્રુરજણી મારફતે જરૂર કરશેજ. એજ પ્રમાણે જુદા જુદા ઝવેરાતોનું તત્વ બંધારણ જુદી જુદી જાતનાં તત્વો તથા વધતા ઓછા પ્રમાણમાં હોય છે, તે સર્વે અત્રે લખવાને જગ્યા નથી, પણ થોડાં ઝવેરાતોનાં નામ, જાત, ગુણ, વીગેરે નીચે પ્રમાણે છે:—

મોતી (Pearl) એ કારબોનેટ ઑફ લાઇમનું બનેલું છે. ઘણું કરી દરેક રંગના મોતી મળી શકે છે. અસલ જમાનાથી કેહતી છે કે ખાસ કરીને મોતી સ્ત્રી જાતને પુષ્કળ ખેંચાણ કરનારી છે, અને ખાસ કરીને જેવોનો જન્મ મેહે મહીનામાં થયો હોય, અને તેવો મોતી પહેરે તો નાજુક પંઠનીઓનું ખેંચાણ તેની તરફ વધુ થાય એ ચોક્કસ છે.

એમેથીસ્ટ (Amethyst) આ નંગ ઉમદા જાંબુરા રંગ ઉપર હોય છે, સૌથી પહેલાં તે મેક્ષીકોમાં શોધી કાઢવામાં આવ્યું હતું, અને હાલમાં એની ઘણીજ માંગણી છે, કારણ કે કવચીતજ એ મળે છે. એ નંગ હજારો ને હજારો વર્ષ આગમજ જણાયલું છે, અને એની પુષ્કળ ભેદી તવારીખો છે. સાઇબીરીયામાંથી પણ એ નંગો મળે છે. એને **ધર્મગુરૂનું નંગ** યાને (Bishop's stone) કહે છે. અને એની ખાસીયત એવી છે કે એ પહેરનારનાં મગજને ઘણું શાંત રાખે છે, તથા છાકટપણાનો અટકાવ કરે છે.

પોખરાજ (Topaz) એ માટે આગળ લખ્યું છે, એ નંગ પહેરવાની અસર એવી છે કે, એ પેહરનારને કુછંદ અને વ્યભિચારથી

દુર રાખે છે, તથા ગુસ્સાને કાબુમાં રાખે છે, તથા દરેક ચીજની ઉંન્નતી કરે છે.

પેરીદોત (Peridot) આ નંગ પાનાનાં રંગનું આવે છે અને તે ઇજીપશીયન લોકોને ઘણુંજ વ્હાલું હોય છે, એ નંગ એરીઝોના તથા મેક્ષીકોમાં ઘેરા લીલા ઓલીવ રંગનું મળે છે. એ નંગ માનવીમાં પુષ્કળ હિંમતની અસર કરે છે, તથા સ્ત્રીઓને પતીવ્રતા રાખવા માટે તથા નમ્રતા વધારવા માટે જાણીતું થયલું છે.

ગારનેત (Garnet) એ નંગ (Lime and oxide of Iron) નું બનેલું છે. લાલ અને પીલા રંગનાં નંગ પેગુ (એસીઆ) માં મળે છે, અને સીલોન તેમજ બ્રાઝીલમાં પણ તેની ઉત્તપત્તી છે. એ પહેરવાની અસર માટે ઘણીક તવારીખો છે જે સર્વે અત્રે લખી જણાવવાને જગ્યા નથી, પણ ખાસ કરી જેઓનો જન્મ જાનેવારી માસમાં થયો હોય તેઓને વધુ સારી અસર કરે છે, એની અસરમાં મનનું મક્કમપણું જાલવી રાખનારી તથા વફાદારીની અસર છે.

તોરમેલીન (Tourmaline) એ ઘણી જાતનાં રંગોનું આવે છે. કાળું, બ્રાઉન, લાલ વીગેરેને રૂબીલાઇત (Rubillite) કહે છે, લીલાંને (Brazilian emerald), બ્લુને (Indicolite) કહે છે. માઉન્ટ મીકા, સાઇબીરીઆ, સીલોન, બરમા વીગેરે ઠેકાણેથી મળે છે. (Physics) ના અભ્યાસીઓને, તથા નેત્રવૈદોને એ ઘણોજ અજાયબી પમાડનારો માલમ પડયો છે, કારણ કે એના કમ્પોજીશનમાં અગ્યાર જાતનાં ખાર આવે છે, અને તેથી એની અસર વિજલી જેવી હોય છે.

એકવામેરીન (Aquamarine) એ એક (Beryl) ની જાત છે અને ઘણાજ ખુલ્લા લીલા રંગનું હોય છે, લગભગ દરીયાનાં પાણીનાં જેવો રંગ હોય છે, સાઇબીરીઆ અને બ્રાઝીલમાં સારી જાત મળી શકે છે, એને **નીલમણી** કહે છે.

ઓપાળ (Opal) આ લસણીઆ જેવો રંગ બદળાતો કિંમતી પથ્થર છે, અને તેમાં વરસાદની કમાનની માફક રંગો દેખાય છે, એને

અસલ જમાનામાં શુભ નસીબની નિશાણ યાને ગુડ લક તરીકે પ્રખ્યાત હતી. મરહુમ માતુશ્રી માહારાણી વીકટોરીઆ ગુડ લક તરીકે ઓપાળનાં નંગનાં પુષ્કળ શોખીન હતા.

તર્કવોઇઝ (Turquise) **ફીરોઝો** તદન આસમાની બ્લુ રંગનો હોય છે, અને ખોરાશાન તથાં ખાકીના મુલકમાંથી ઉત્તમ નંગો મળી આવે છે. કહેતી છે કે એ પહેરનારને હરેક કામમાં ફત્તેહ મળે છે, અને ખાસ કરીને ડીસેમ્બર મહીનામાં જેનો જન્મ હોય તેઓને ઘણો લાભ કરે છે, પણ જ્યારે પહેરનારપર કાંઇક આફત આવી પડવાની હોય છે ત્યારે એ નંગનો બ્લુ રંગ ફીકો પડી જઇ અગમચેતી આપે છે. એ પહેરનારને ઇજત આબરૂ ઘણી મળે છે, એવું અસલ જમાનાથી મનાતું આવ્યું છે.

લીલું પાનું (Emerald) ઘેરો મખમલી લીલો રંગ અને કાંઇપણ છાંત કે દોરા વગરનું નંગ ઘણુંજ ઉત્તમ અને કિમતી ગણાય છે, સૌથી સરસ નંગ કોલમબીયા અને રીવર મનરોમાંથી મળે છે. અસલ જમાનાથી કહેતી છે, અને પ્યાર મોહબતમાં એ નંગને લગતી બાબદો એટલી બધી તવારીખમાં છે કે, એ નંગ માટે કહેવામાં આવે છે, કે એ નંગ અખુત પ્યાર અને મોહબત બક્ષનારૂં છે, અને હરેક પાપ અને નીચપણાની સામે થનારૂં અને નેક રાહપર ચલાવનારૂં છે, અને મેહે માસમાં જન્મેલા માનવી માટે ખાસ શુભ અસર કરનારૂં છે.

સેફાયર (Sapphire) એ નંગ સીયામ બરમા, કાશમીર, સીલોન, ઓસ્ટ્રેલીઆ વીગેરે મુલકોની નદીનાં તળીયાંમાથી અથવા તો પડપડવાળી જમીનમાંથી મળે છે. સીયામીસ સૌથી ઉત્તમ ગણાય છે. સીગાલીસ ફીકા હોય છે, કેશમારી લાઇટ બ્લુ હોય છે યાને તેનામાં હરેક ચઢ ઉતર રંગનાં મળે છે. અસલ જમાનાનાં લોકોનાં કહેવા પ્રમાણે **નિર્દોષતા** એ નંગની મુખ્ય અસર છે, અને ખાસ કરીને એપ્રીલ મહીનામાં જેનો જન્મ થયો હોય તેને લાભકારી છે, વળી એ પહેરવાથી એ માંહેલી રસાયણી અને વૈદીક અસર શરીરપર ઘણી સારી થાય છે.

નંગ	**મીનીંગ**	**ફુલ**	**મહીનો**
પેરીદોત	હીમ્મત	વાયોલેત	માર્ચ
સેફાયર	નિર્દોષતા	મારગ્યુરાઇટ	એપ્રીલ

નંગ	મીનીંગ	ફુલ	મહીનો
એમેરલ્ડ	પ્યારમાં ફત્તેહ	હાવથોરન	મેહ
એગેત	લાંબી જીંદગી, તંદુરસ્તી	ગુલાબ	જુન
રૂબી	દુઃખ નીવારણ	વોતર લિલી	જુલાઇ
સારદોનીક્ષ	પતીવ્રતાપણું	પોપી	આગષ્ટ
ક્રીસોલાઇટ	મુર્ખાઇનો નાશ	કનવોલવુલ્સ	સપ્ટેમ્બર
ઓપાળ	આશા	બ્લેકબેરી	અકટોબર
તોપાઝ	વફાદારી	ક્રીશનથીમંમ	નવેમ્બર
તરકવોઇઝ	ફત્તેહ	હોલી	ડીસેમ્બર
ગારનેત	દ્રઢતા	સ્નોડ્રોપ	જાનેવારી
એમેથીસ્ત	મંનની શાંતિ	પ્રીમરોઝ	ફેબ્રુઆરી

આ ઉપર લખવા પ્રમાણે ઘણી જાતનાં નંગો છે, તથા એક જાતનાં નંગમાંથી તેનાં જુદા જુદા રંગોને લીધે તેનાં કેટલીક વખતે ઘણાં જુદા જુદા નામો તવારીખમાં જણાયલાં છે, છતાં એટલું તો સત્ય છે કે નંગો ચોક્કસ જાતનાં પદાર્થોનાં રજકણ તથા અંશથી બનેલા છે, અને પંચભુતી તત્વ જેમ માનવીમાં અને આખી જગત્તમાં છે, તેમ નંગો અને ઝવેરાતમાં પણ છે, અને તત્વ તથા અણુંઓના કાયદા પ્રમાણે તેઓ એક બીજાથી સંબંધ ધરાવે છે, એટલે તેઓના બંધારણ તત્વના વાઇબ્રેશન બીજા તત્વોપર અને ખાસ કરીને માનવીના શારિરીક, સંસારીક અને આત્મિક બંધારણપર અસર કરનારાં છે. જેઓ એ બાબદ સ્વીકારવાને વમાસણમાં પડતા હોય, તેઓએ દરેક ઝવેરાતોનાં બંધારણ (Composition) તથા ઉત્તપત્તીનાં તત્વોનાં અંશોને લગતું જ્ઞાન મેળવી તે જ્ઞાન મારફતે બીજી દુન્યાની હરેક ચીજનાં તત્વોનાં અંશ સાથે મુકાબલો કરવે અંતમાં ખાત્રી થશે કે દુન્યા બળકે જગત્તની હરેકે હરેક ચીજને સીધી યા આડકત્રી રીતે એક બીજા સાથ ઘાડો સંબંધ છે, તથા એક બીજાંપર અસર કરી શકે છે.

નોંધ :—આ પુસ્તકનો **ચોઠો ભાગ** કે જે માનવીનાં દુઃખ દરદો અને વ્યાધીઓને લગતી બાબદનો છે, તે અત્રે ખતમ કર્યો છે. તથા

આ પુસ્તક કે જેનુ ફક્ત બસો પાનાં બનાવવા ધાર્યું હતું, તે લગભગ ૫૦૦ ઉપર પાનાંનો દલદાર પોથો થઇ ગયો છે, જેથી બીજી ઘણીક બાબદો તૈયાર હોવા છતાં, અત્રે આપવાને બની શકતું નથી.

હવે આ પુસ્તકનો **આખેર ખુલાસો** તથા આગળા ભાગોને લગતા **થોડા દાખલા** અને જ્યોતીષ શાસ્ત્રને લગતા વપડાયલા અંગ્રેજી બોલોની સમજણ આપી આ ચાર ભાગનું પુસ્તક તમામ કરીશું.

ચોથો ભાગ સમાપ્ત.

છેલ્લું પ્રકરણ.

ચુંટી કાઢેલાં એફોરીઝમ્સ (Aphorisms) યાને ગ્રહોના સામટા જથ્થાનું તથા યોગોનું ફળાદેશ.

૧. કર્ક કે વૃશ્ચિક રાશીમાં જન્મ થયો હોય, અને ૧૦, ૧૧, ૧૨, ૧, ૨, ૩, એ ભુવનમાં પાપગ્રહ હોય અને ૪–૫–૬–૭–૮ ને ૯ માં ભુવને શુભગ્રહ હોય તો બચ્ચું જન્મતાં મરે.

૨. જો ૧૨–૨–૬ અને ૮માં પાપગ્રહ હોય અને તેની સાથે શુભગ્રહનું કંજંગશન નહીં હોય તો મરે.

૩. એક અને સાતમાં ભુવને ચંદ્ર હોય અને શુભગ્રહની દૃષ્ટિ નહીં હોય તો મરે.

૪. નબળો ચંદ્ર ૧૨મે, પાપગ્રહ ૧–૮ ભુવને હોય, અને શુભ ગ્રહ કેન્દ્રમાં જો નહીં હોય, અથવા ચંદ્ર ૭–૧૨–૮ કે ૧ માં ભુવને શુભગ્રહની દૃષ્ટિમાં નહીં હોય તો મરે.

૫. જો ચંદ્ર ૬ કે ૮માં પાપગ્રહની દૃષ્ટિમાં હોય ને શુભગ્રહની દૃષ્ટિ નહીં હોય અથવા તો ચંદ્ર કોઇપણ પાપ કે શુભગ્રહની દૃષ્ટિમાં નહીં હોય તો એક મહીનો જન્મતાં નહીં થાય તેટલાં મરે.

૬. જો ઉપર પ્રમાણેનો ચંદ્ર કોઇની પણ દૃષ્ટિમાં નહીં હોય તો ૮ માં વર્ષે મરે, અને જો શુભ તેમજ પાપગ્રહની બેઉની દૃષ્ટિમાં હોય તો ચોઠે વર્ષે મરે.

૭. જન્મ લગ્ને ચંદ્ર અને ૮–૪–૭–૧૦ માં પાપગ્રહ હોય તો બચ્ચું જલદી મરે.

૮. જો ચંદ્ર ૪–૭–૮માં બે પાપગ્રહ સાથે હોય અથવા આજુ-બાજુનાં ભુવનમાં પાપગ્રહ હોય તો બચ્ચું જન્મતાંજ મરે.

૯. સાતમે પાપગ્રહ અને જન્મ લગ્ને ચંદ્ર હોય તો બચ્ચું મરે.

૧૦. જો શની મંગળ અને રાહુ આંઠમાં ભુવને હોય તો બચ્ચું અને તેની માં બેઉ મરે.

૧૧. જો રવી ને રાહુ લગ્ને હોય અને શની કે બુધ અને સાથે મંગળ આંઠમાં ભુવને હોય તો બચ્ચું તથા માતા બેઉનું મોત હથ્યારથી થાય.

૧૨. બારમે શની, નવમે રવી, લગ્ને ચંદ્ર અને આંઠમે મંગળ શુભગ્રહની દૃષ્ટિમાં જો એ સર્વે નહીં આવેલા હોય તો બચ્ચું નાનપણુમાંજ મરી જાય, પણ જો ગુરૂ એવે વખતે પાંચમાં ભુવનેથી શુભદૃષ્ટિ કરે તો બચી જાય.

૧૩. જો ૫–૯–૮–૯–૧૨–૧ માં નબળો ચંદ્ર પાપગ્રહો સાથે હોય અને શુભગ્રહની દૃષ્ટિ નહીં હોય તો બચ્ચું નાનપણુમાંજ મરે.

૧૪. જો મંગળ ને શની સાતમે શુભ દૃષ્ટિ વગરનાં હોય, અથવા તો મંગળ પહેલાં ભુવને અને શની છઠાં ભુવને અથવા આંઠમાં ભુવને હોય તો બચ્ચું તુરત મરે.

૧૫. જો કર્ક, વૃશ્ચિક, કે મિન રાશીનાં અંશની છેલ્લી ૧૨ મીનીટ અથવા તો સિંહ ધન કે મેષ રાશીની છેલ્લા અંશની છેલ્લી ૧૨ મીનીટ હોય તે વખતે જો બચ્ચુ જન્મે તો જરૂર મરે.

૧૬. જો રવીને ચંદ્ર ત્રીજે હોય ને ત્રીજાનો માલેક પાપગ્રહ હોય ને તે પાપદૃષ્ટિ કરતો હોય તો બાળક ત્રણ વર્ષનું થઇને મરે.

૧૭. જો રવી અને મંગળ, ચંદ્ર થકી સાતમે હોય અને જન્મ લગ્ને પાપગ્રહ પાપદૃષ્ટિમાં હોય તો દશ દીવસમાં બાળક મરે.

૧૮. નબળો ચંદ્ર જન્મે, અને બીજા પાપગ્રહો ૭–૬–૧૨ માં હોય તો બાળક જલદી મરે.

૧૯. રાહુ જ્યારે મેષ કે વૃશ્ચિક રાશીમાં હોય ત્યારે મારતો નથી, પણ જો નબળો ચંદ્ર રાહુ સાથે જન્મે લગ્ને હોય તો અને પાપદૃષ્ટિ ગ્રહોની તેપર પડે તો જલદી મરે.

૨૦. જો રવી શનીને મંગળ જન્મે પહેલાં ભુવને શુક્ર સાતમે, અને ચંદ્ર નબળો હોય ને પાપદૃષ્ટિમાં હોય તો સાતમે વર્ષે બાળક મરે.

૨૧. જો રવી ચંદ્ર ને મંગળ પાંચમાં ભુવને સાથે હોય અને બીજો કોઇ શુભગ્રહ શુભદ્દષ્ટિ નાખતો ન હોય તો બાળક ૯ વર્ષ જીવે, પણ જો લગ્નનો માલેક પણ ત્યાં સર્વે પાપગ્રહ ભેગો બેઠો હોય અને તેને કોઇબી શુભદ્દષ્ટિ નહીં હોય તો ચાર માસમાં બાળક મરે.

૨૨. જો કુંભ, વૃશ્ચિક, કે સિંહ રાશીમાં જન્મ હોયે ને જન્મ લગ્ન રાહુ ગ્રહ હોય અને તેને ગુરૂની મજબુત શુભદ્દષ્ટિ નહીં હોય તો બાળક ૧૭ વર્ષનો થઇને મરે.

૨૩. જન્મનો માલેક ૩—૬—કે ૧૨ માં હોય, ૮ મે પાપગ્રહ હોય અથવા છઠે પાપગ્રહ હોય અને તેને શુભદ્દષ્ટી નહીં હોય તો ૧૬ મે વર્ષે બાળક મરે.

૨૪. જો લગ્નનો માલેક ૮ માં અને ૮ માંનો માલેક લગ્ને હોય, અને બીજાનો માલેક ૬ કે ૧૨ માં ભુવને હોય તો બાળક ૧૮ વર્ષનું થાય તેટલાં મરે.

૨૫. હવે આ ઉપળા મોતનાં જોગોનો અટકાવ નીચલી બાબદો હોય તો થાય છે જેમ કે:—

૨૬. લગ્ને બળવાન ગુરૂ હોય તો બચી જાય.

૨૭. ગુરૂ, શુક્ર ને બુધ લગ્નથી કવોડ્રન્ટમાં હોય તો જીંદગી બક્ષે.

૨૮. પુનમનો ચંદ્ર (Full moon) જો બે શુભગ્રહની વચ્ચે હોય અને તે ઉપર શુક્રની શુભદ્દષ્ટિ હોય તો જીંદગી બક્ષે.

૨૯. પુનમનો ચંદ્ર જન્મ કાલે ૬ કે ૮ માં ભુવને હોય અને રાતનો જન્મ હોય તો બચાવ થાય.

૩૦. પુનમનો ચંદ્ર, લગ્ન અને ગુરૂ સાથે કેન્દ્રમાં શુભદ્દષ્ટિ કરે તો જીવને ઉગારે.

૩૧. પાપગ્રહો કેન્દ્રમાં અને લગ્નનો માલેક બળહીન હોય તો જીંદગી ટુંકી જાણવી.

૩૨. રવી ને ચંદ્ર કેન્દ્ર સ્થાને હોય અને સાથે ૮માંનો માલેક હોય તથા પાપગ્રહો ૮મે હોય અને લગ્ને કોઇ ગ્રહ નહીં હોય તો ઉમર ૩૨ વર્ષની જાણવી.

૩૩. જો મેષ કે વૃશ્ચિક રાશી લગ્ને ચંદ્ર સાથે હોય અને તેને પાપગ્રહની દૃષ્ટિ પડતી હોય અથવા શુભગ્રહની પાપદૃષ્ટિ પડતી હોય ને એ ગ્રહો કેન્દ્રમાં નહીં હોય તો ૩૩ વર્ષની જીંદગી જાણવી.

૩૪. જો લગ્નનો માલેક ૬ કે ૮માં ભુવને હોય અને સાથે પાપગ્રહ હોય અને શુભગ્રહની દૃષ્ટિ નહીં હોય તો ૪૫ વર્ષની જીંદગી જાણવી.

૩૫. મેષનો ચંદ્ર અને લગ્નનો માલેક બળવાન હોય, અને શુભગ્રહની દૃષ્ટિમાં હોય તો ફત્તેહમંદીભરેલી જીંદગી લગભગ ૪૭ વર્ષ સુધી કાઢે.

૩૬. ચંદ્ર ૮ કે ૧૨માં, શની લગ્ને અને બીજા ગ્રહો ૧૧માં હોય તો ૫૨ વર્ષની ઉમર જાણવી.

૩૭. ધનરાશી લગ્ને ગુરૂ સાથે હોય, મંગળ અને રાહુ આંઠમે બેઠા હોય તો ઉમર ૫૭ વર્ષની જાણવી.

૩૮. આંઠમાંનો માલેક સાતમે અને ચંદ્ર પાપગ્રહો સાથે હોય તો ઉમર ૫૮ વર્ષ સુધીની જાણવી.

૩૯. કુંભનું લગ્ન, ૮મે ગુરૂ અને પાપગ્રહો કવોડ્રન્ટમાં હોય તો ધર્મી, પહરેજગાર, અને ભણેલી જીંદગી ૬૦ વર્ષની જાણવી.

૪૦. શની લગ્ને ચંદ્ર ૪થે, મંગળ સાતમે, રવી તથા બુધ ૧૦માં ભુવને, શુક્ર અને ગુરૂ નીચનાં હોય તો જીંદગી ૬૦ વર્ષની જાણવી.

૪૧. મંગળ પાંચમે, શની નિર્બળ અને રવી સાતમે હોય તો ૭૦ વર્ષની જીંદગી જાણવી.

૪૨. જો વરખ કે કર્કનો જન્મ અને સાથે ગુરૂ હોય, અને બીજા ત્રણ ગ્રહ ઉંચનાં હોય તો ૧૦૦ વર્ષની જીંદગી જાણવી.

૪૩. જો બળહીન ચંદ્ર પાંચમે ભુવને હોય પાપગ્રહ બાર કે સાતમાં અથવા લગ્ને એમ એ ત્રણ ભુવનોમાં પડેલા હોય, તો તે માણુસ સ્ત્રી તથા ફરજંદ વગરનો રહે.

૪૪. ચંદ્ર ૧૦માં શુક્ર સાતમાં અને પાપગ્રહો ચોથે હોય તો આખ્ખાં કુટુંબનો નાશ થાય.

૪૫. શની લગ્ને હોય અને મંગળ ૫, ૭ કે ૯માં હોય તો તે માણુસ ગાંડો થાય.

૪૬. ચંદ્ર શની સાથે હોય અને બારમાં ભુવને હોય તો જરા ભેજાંનો ધસેલો રહે.

૪૭. વરખ, મેષ કે વૃશ્ચિકનું લગ્ન હોય અને પાપગ્રહની દૃષ્ટિમાં આવેલું હોય તો તે માણુસને વાંકાતીક અને બેડોળ દાંત હોય છે.

૪૮. શુક્ર ૬ઠાં ભુવને અને મંગળ લગ્ને હોય તો નાકનું દરદ થાય અથવા તો નકટો થાય.

૪૯. જો સ્ત્રીનો કુંડળીમાં શુક્ર, રવી ને ચંદ્ર ત્રણે સાતમાં ભુવને હોય તો, સંમતી વ્યભીચાર યોગ જાણવો.

૫૦. જો સ્ત્રીના જન્મે, લગ્ન શની કે મંગળની રાશીનું હોય અને તેમાં ચંદ્ર અને શુક્ર હોય ને તેને જો પાપગ્રહ દૃષ્ટિ નાખતા હોય તો તે પણ માહા વ્યભિચારની નિવડે.

૫૧. જો સ્ત્રીને સાતમે ભુવને નીચનો ગ્રહ હોય ને તેને શુભ-ગ્રહની દૃષ્ઠિ હોય તો તે સ્ત્રીનો ધણી તેની સાથે રાહટવાટ રાખે નહીં, વખ્તે તજી જાય, જો પાપગ્રહની દૃષ્ઠિ હોય અથવા પાપગ્રહ સાતમે હોય તો રંડાય, અને શુભ અને પાપ એમ બન્ને ગ્રહ હોય તો એકથી વધુ વખત લગ્ન કરે.

૫૨. જો સ્ત્રીને સાતમે રવી હોય તો ધણીથી તજાય, જો મંગળ હોય ને પાપદૃષ્ટીમાં હોય તો પરણુતાંજ રંડાય, જો શની હોય તો લગ્ન થાય નહીં.

૫૩. જો સ્ત્રીને જન્મે શુક્ર ને ચંદ્ર લગ્ને હોય તો તે સ્ત્રી વેર-ભાવવાળી અને મોજમજાહમાં લીન હોય, જો બુધ અને ચંદ્ર હોય તો સુખી, ભણેલી, ડહાપણવાળી, માયાળુ, તથા બચ્ચાનાં સુખવાળી જાણવી.

૫૪. જો સ્ત્રીને જન્મ લગ્ને ગુરૂ, શુક્ર, બુધ ને પુર્ણીમાંનો, ચંદ્ર હોય તો ઘણીજ ભાગ્યશાલી તવંગર, પતીવ્રતા અને સર્વે બાળદનાં પુષ્કળ સુખવાળી હોય.

૫૫. જો સ્ત્રીને જન્મ લગ્ને રવી, શની ને મંગળ એ ત્રણે હોય તો, વ્યભીચારની, કજીયાખોર અને દુ:ખી જાણવી.

૫૬. જો શની, ચંદ્ર, મંગળ ને શુક્ર, સ્ત્રીને લગ્ને હોય અને જો પાપગ્રહ તેનો સંબંધ કરતા હોય અને પાંચમાં ભુવને પાપદૃષ્ટિ હોય તો સ્ત્રી વાંજણી જાણવી.

૫૭. જો મેષ, વૃશ્ચિક, મકર અને કુંભ રાશીનું લગ્ન હોય અને ચંદ્ર અને શુક્ર બેઉ સાથે હોય અને પાપગ્રહની દૃષ્ટિમાં બેઉ આવ્યા હોય તો તે સ્ત્રીને ફરજંદ નહીં થાય વાંજણી રહે.

૫૮. જો મંગળ સાતમે સ્ત્રીને હોય અને શનીની તેનીપર પાપ-દૃષ્ટિ હોય તો ગર્ભ તુટી પડે.

૫૯. જો શની સાતમે સ્ત્રીને હોય ને મંગળ દૃષ્ટિ કરતો હોય તો સીકલી ફરજંદ જન્મે.

૬૦. જો સ્ત્રીને રાહુ સાતમે હોય તો ફરજંદો મુવેલાં જન્મે.

૬૧. જો શુભગ્રહ કેન્દ્ર સ્થાને કે લગ્ને સ્ત્રીની કુંડળીએ હોય, અને કન્યા, તુલા, કે ૧૫ અંશની ધન રાશી કે કુંભ રાશી સાતમાં ભુવને હોય, તો તે સ્ત્રીને પૈસાદાર, ભલો અને વફાદાર ધણી મળે.

૬૨. જો ઉંચનો ગુરૂ ૩, ૪, ૫, ૭, ૮, ૯ કે ૧૦માં ભુવને ચંદ્ર થકી પડયો હોય ને બન્ને એક બીજાને શુભદૃષ્ટિ કરતા હોય તો **રાણીપદ મેળવે.**

૬૩. જો અગ્યારમાં ભુવને ચંદ્ર, સાતમાં ભુવને બુધ અને શુક્ર અને તેઓને ગુરૂની શુભદૃષ્ટિ હોય તો મહારાણીપદ મેળવે.

૬૪. જો જન્મ કુંડળીએ કોઇને પણ ચારો કેન્દ્રમાં સર્વે ગ્રહ હોય તો ધીમે ધીમે તે માણસ મોહટાઇ અને આબરૂ મેળવે અને નામના કાઢે.

૬૫. જો ૯-૧૦-૧૧માં ભુવને ગ્રહો પડેલા હોય તો તે માનવી ગરીબ સ્થીતીમાં જન્મવા છતાં મોહટાઇ મેળવે.

૬૬. જે શખ્સની જન્મ કુંડળીએ શની બળવાન હોય, અથવા લગ્ને હોય તો તે માણુસ અદેખો, દુઃખી ને દળીદ્રી હોય ને જો મંગળ કે બુધ, શની સાથે સ્કવેર કે ઓપોજીશનમાં હોય તો તે માણુસ ઝનુની ગાંડો બને.

૬૭. એજ પ્રમાણે જો ગુરૂ કુંડલીનો રાજો હોય ને મંગળ શની સ્કવેર ઓપોજીશનમાં હોય અથવા તો લગ્ને હોય તો તે માણુસ ઉછાછલો, ઝનુની, ભેજાંફાટેલ અને પોતાનો કકો ખરો કરનારો હોય.

૬૮. જેનું લગ્ન મેષ સીંહ કે ધન હોય અને રવી લગ્ને બેઠો હોય તો મહાભારત મોટાં કામો કરે, અને મોટી મોટી બાબદો હાથ ધરે અને જો ગુરૂ ૧૨૦ અંશે દૃષ્ટિ કરતો હોય તો ઘણી નામના મેળવે.

૬૯. રવી અને ચંદ્ર, જો કેન્દ્ર સ્થાનેથી મંગળની દૃષ્ટિમાં આવે અથવા ઓપોજીશન કે સ્કવેરમાં આવે, ખાસ કરીને મંગળ જો ૧૦ કે ૪માં હોય તો ખુન થાય, અને શની હોય તો બંધીખાનેથી, ઝેરથી અથવા ભુખમરાથી મરણ નીપજે.

૭૦. પાપદૃષ્ટિ વગર જો લગ્ને કે ૧૦માં ભુવને ગુરૂ ઉંચનો હોય તો રાજવંશી જેવું સુખ ભોગવે.

૭૧. જો રવી ચંદ્ર કે શુભગ્રહની શુભદૃષ્ટિમાં જન્મ લગ્ન મેષ, વૃશ્ચિક કે મકર રાશીનું આવે તો તે માણુસ હરેક ચીજમાં જીત મેળવે.

૭૨. મંગળ જો કંજંગશન, સ્કવેર કે ઓપોઝીશનમાં ચંદ્ર સાથે આવે, અથવા શની જો એજ પ્રમાણે રવી સાથે આવે, અને એવી દૃષ્ટિ જો કેન્દ્ર સ્થાનથી પડતી હોય તો મોત થાય.

૭૩. જો બુધ ને મંગળ સ્કવેર કે ઓપોઝીશનમાં આવે તો તે માણુસ ગમે તેવુ છતાં કદી સમજે નહીં, અને તેની સમજશક્તિ ને વીચારશકતી તદનજ વીચીત્ર પ્રકારની હોય છે, કદીબી તે સંતોષ પામતો નથી અને તકરાર અને નવી નવી અને અજાયબ દલીલો ઉભી કરે છે.

૭૪. મીનનો બુધ જો કેન્દ્ર સ્થાને મંગળ કે રવીની પાપદૃષ્ટિમાં આવે, અને ચંદ્ર પણ જો શનીથી પાપદૃષ્ટિમાં હોય તો તે માણુસ તદન ઈડીયત હોય.

૭૫. રવી અથવા ચંદ્ર જો પાણી કે પવનની રાશીમાં પાપદૃષ્ટિમાં આવ્યા હોય તો જન્મનો ગાઉત લાગુ પડે, સાજો થાય નહીં.

૭૬. પવનની રાશીનો શની લગ્ને ચંદ્ર અને બુધની શુભદૃષ્ટિમાં હોય તો માહાનવિદ્વાન નર થાય, ઘણી ભાષા જાણનારો હોય.

૭૭. એજ પ્રમાણે શુક્ર અને બુધ કંજંગશનમાં પવન રાશીએ હોય અને ગુરૂની શુભદૃષ્ટિ હોય તો પ્રોફેસર અને ઘણો માહાન વિદ્વાન બને.

૭૮. દશમાંનો માલેક બારમે, અને બારમાંનો માલેક પહેલે ભુવને હોય તો જરૂર દરેક બાબદમાં નડતળ અને ઘણુંકરીને બંધીખાને પડે.

૭૯. રવી અને મંગળ બીજાં ભુવને હોય તો માલ ઘરબાર વીગેરે અપાવે છે, પણ કોઇબી રીતે પાછો તેનો થોડા વખતમાં નાશ કરે છે.

૮૦. ચાલુ સારાં, ડાઇરેકશન જે શખ્સને જન્મકાળથી હોય, તેને **કમનસીબ** સમજવો, કારણ કે તે ડાઈરેકશનો તેની જીંદગીના અંત સુધી નીભતાં નથી અને છેલ્લી અવસ્થા બહુ માઠી જવાનો સંભવ રહે છે.

૮૧. મુખ્ય મોટો ગ્રહ જ્યારે આખ્ખું સરકલ ફરીને પોતાની જન્મ વખતની જગ્યામાં વર્ષફ્ળે આવે છે, ત્યારે તે વર્ષ રીષ્ટકારી જાણવું, અને ખાસ કરી જો તે વખતે ખરાબ ડાઇરેકશન હોય તો મોત જાણવું.

૮૨. કેટલાંક માણુસો પોતાની કુંડલીનાં ગ્રહ નબળા હોવા છતાં ઘણી મોહટાઇ, માન, પૈસાનો વ્યભવ ભોગવે છે, તેનું કારણ એ છે કે તેઓ પોતાની ખાસીયત અને તબેહ, પોતાને આશરો આપનારાં અને મદદ કરનારાઓના જેવીજ બનાવે છે, તેથી ફત્તેહ મેળવે છે, અને તેવી રીતે પોતાના બુરા વખતમાં તેના મદદ કરનારનાં સારાં ડાઇરેકશનથી પોતાને નીભાવી લે છે.

૮૩. સૌથી સરસ અને ભાગ્યશાલી લેહણું તેઓને હોય છે, કે જેઓના જન્મે, એકની કુંડલીમાં પહેલો શુભગ્રહ બીજાની કુંડલીના રવી કે ચંદ્રવાળા ભુવનને લાગુ થતો હોય, અને પહેલાંની કુંડળીમાં બીજાની કુંડળીનો રવી ચંદ્ર કોઈ શુભગ્રહને લાગુ થતો હોય તો તે બેઉ જણ વચ્ચે પુષ્કળ લહેણું રહે.

૮૪. બે શખ્સ વચ્ચે કડક મતફેર ત્યારે હોય કે જ્યારે એકનો પાપગ્રહ બીજાના રવી ચંદ્રની જગ્યાપર અને બીજાનો રવી ચંદ્ર પહેલાનાં કોઇ પાપગ્રહ ઉપર હોય તો અણુબનાવ રહે.

૮૫. એક શખ્સની કુંડળીનો શની જે રાશીનો હોય તે રાશીનું બીજા શખ્સનું લગ્ન હોય ને તેમાં શની હોય તો તેઓ વચ્ચે પુષ્કળ ધીક્કાર ઉત્તપન્ન થાય અને તેમાં, જેને લગ્ને શની હોય તેને હેરાનગતી પુગે.

૮૬. રવી ચંદ્રને બુધ જો કર્ક કે મકર રાશીમાં કંજંગશનમાં હોય તો તે માણુસ પુષ્કળ હુશીયાર, વિદ્વાન અને ચાળાક હોય.

૮૭. બુધ જો શનીનાં કોઇબી ભુવનમાં હોય તો તે માણુસ ઘણો સમજદાર અને અક્કળવાળો હોય, અને જો તે શની સાથે શુભદૃષ્ટિમાં હોય અથવા રીસેપશનમાં હોય, તો પોતાની અક્કળ હુશીયારીથી મોટી નામના મેળવનારો થાય.

૮૮. ચંદ્ર જ્યારે સીંહ રાશીમાં હોય ત્યારે નવાં કપડાં પહેરવાં અથવા તો ઘરમાં લાવવાં નહીં. તેમાં જો ચંદ્ર વખતે પાપદૃષ્ટિમાં હોય તો જરૂરજ નુકસાન કરતા છે.

૮૯. સીક પડતી વખતે ચંદ્ર જો જન્મ કુંડલીનાં કોઇ પાપ-ગ્રહની રાશીનો હોય, અથવા તો એવી કોઇ રાશીની સાથ સ્કવેર કે ઓપોઝીશનમાં હોય તો, તે દરદ ઘણું જોર પકડે અને જો તે પાપગ્રહ પોતેબી પાપદૃષ્ટિ ફેંકતો હોય તો મોટો ભય જાણવો.

૯૦. એજ પ્રમાણે જો સીક પડતી વખતે ચંદ્ર જન્મ કુંડ-લીનાં કોઇ શુભગ્રહની રાશીનો હોય તો દરદી જલદી સાજો થાય.

૯૧. શની અને ગુરૂનો કંજંગશન વખતે જે ગ્રહ બળવાન હોય, તે ગ્રહની ખાસીયત પ્રમાણે ફળાદેષ જણાવવું યાને જે ગ્રહ દશમાં ભુવનની નજદીક જતો હોય તેનાં ગુણદોષ પ્રમાણે ફળ જણા-વવું, એ પ્રમાણે બીજાં કંજંગશનો માટે પણ જાણવું.

૯૨. દરેક જમીન કે દરીયાની મુસાફરીએ નીકળતી વખતે ચંદ્રને જરૂરજ તપાસવો, જો એ વહાણ ઉપડતી વખતે મીન રાશીમાં શની લગ્ને આવે અને તેને ચંદ્રની શુભદૃષ્ટિ નહીં હોય તો વહાણ દરીયામાં ઘસડાયા કરે અને માર્ગ ભુલે.

૯૩. મેષ રાશીમાં મંગળ હોય ત્યારે મોત કરવા માટે બહુ બળવાન રહે છે, પણ જન્મ દીવસનો હોવો જોઈએ.

૯૪. રાતનાં જન્મ હોય અને શની મકર રાશીનો હોય તો, તે મોત કરવામાં ઘણો બળવાન હોય છે.

૯૫. જન્મ લગ્ને ચંદ્ર અને તેના ઓપોઝીશનમાં મંગળ બુધ હોય તો તદન દીવાનો બનાવે.

૯૬. શુક્ર અને શની જન્મે જો પુરાં સ્કવેરમાં હોય તો તે માણસ વ્યભીચારી જરૂર નીવડે.

૯૭. પેરીજરીન (Peregrine) ગ્રહ, યાને જન્મનાં જે ગ્રહને કંઇપણ ટર્મ, ફેસ, કે ભુવનથી પદની નહીં હોય તો તે ગ્રહ મહા-પાપી અને દુઃખ દેનારો જાણવો.

૯૮. શની, ચંદ્ર અને મંગળ ચોઠાં ભુવને જો કંજંગશનમાં હોય તો બંધીખાને પડે. જો મંગળ આંઠમાં ભુવને બેઠેલા શની સાથે સ્કવેર કે ઓપોજીશનમાં થાય તો હમેશનું મરે ત્યાં સુધીનું કેદખાનું ભોગવે.

૯૯. બુધ ખાકી રાશીમાં (Earthly sign) જો શની સાથે કંજંગશનમાં હોય તો દીવાના કુતરાંના કડવાથી અથવા તો ઝેરી જાનવરનાં કડવાથી મોત થાય.

૧૦૦. હોરારી વીધ્યામાં ચંદ્રની સૌથી નબળી હાલત જ્યારે રવી સાથે કંજંગશનમાં હોય ત્યારે જાણવી, તેમજ પાપગ્રહોની પાપદૃષ્ટિ તે વખતે પુષ્કળ અસર કરવીજ જોઇયે, પણ સૌથી મોટી પાપદૃષ્ટિ તો ચંદ્ર જ્યારે જલીત થાય ત્યારે જાણવી.

૧૦૧. જો શની કે મંગળ મરદને જન્મે ચોઠે કે સાતમે, એમાંથી એકબી પડયો હોય તો તે ધણી મરવા અગાઉ સ્ત્રી મરે, તેમજ જો ચંદ્ર પોતાના કરતાં બળવાન કોઇ એકજ ગ્રહ સાથે કંજંગશનમાં હોથ તો ધણી પહેલે મરે. એ પ્રમાણે રંડાવાના જોગ જોવા.

૧૦૨. ચંદ્ર ડાઇરેકશનથી શુભગ્રહ સાથ શુભદૃષ્ટિમાં આવે તો તે વર્ષ સારૂં જાય. ચંદ્રનું ડાઇરેકશન, મુસાફરી તેનું શુભ અશુભ ફળ, લગ્ન, સ્ત્રી મીત્ર, પોતાની પ્રીયા અને સગા સ્નેહીને લગતું છે.

૧૦૩. નસીબ (The part of fortune) નું ડાઇરેકશન પૈસા સંબંધી સ્થીતી જોવા માટે છે.

૧૦૪. શનીનું ડાઇરેકશન, ફાળો હીસ્સો, ધરબાર, શીઇર ચીંતા, અદેખાઇ, બેવિશ્વાસ, નગીરી વીગેરે બાબદો ઉપર છે.

૧૦૫. ગુરૂનું ડાઇરેકશન આબરૂ ઇજત, માન મરતબો, દોલત, બચ્ચાં, અને ધર્મ સંબંધી બાબદો માટે છે.

૧૦૬. મંગળનું ડાઇરેકશન, કજીયો કેસ, દુશ્મનાઇ, જીત, ફત્તેહ તથા ભાઇબંધની એસ્તેત વીગેરે માટે છે.

૧૦૭. શુક્રનું ડાઇરેકશન લગ્ન, પ્યાર, મોજ મજાહ અને સ્ત્રીને લગતી સર્વે બાબદો માટે છે.

૧૦૮. બુધનું ડાઇરેકશન જ્ઞાન, મશકરી, સમજણુ, અક્કળ, વેપાર વણુજ, મુસાફરી, તથા વિધ્યા હુન્નરની ખનખોડ માટે છે.

૧૦૯. જન્મ લગ્નનાં અંશનું ડાઇરેકશન, જીંદગી દુ:ખ દરદ અને રીતભાત માટે છે.

૧૧૦. દશમાં ભુવનનાં અંશનું ડાઇરેકશન હરેક કામકાજને લગતો ઉભરો અને દરેક પોતામાં થતો સુધારો જોવાને માટે છે.

૧૧૧. લગ્ન માટે રાશ જોવા સારૂ "**તાલોમી**" કહી ગયો છે કે ખાસ રવી ચંદ્ર જોવા. જો સ્ત્રીનો જન્મ ચંદ્ર ધણીનાં જન્મ રવી સાથે ૬૦° કે ૧૨૦° અંશની શુભદૃષ્ટિમાં હોય તો જોડું સુખી નીવડે. જો સ્કવેર કે ઓપોજીશનમાં હોય તો, અણબનાવ થઇ છુટાં પડે, અને જો મંગળ કે શની બેઉની કુંડળીએ પાપદૃષ્ટિ કરતાં હોય તો ઘણું બુરૂં સમજવું. જો શુક્ર એવે વખતે મંગળ શની સાથે હોય તો છુટા પડવાનું કારણુ જનાકારી હોય. જો ગુરૂને શુક્ર બેઉની કુંડળીમાં રવી ચંદ્રની વચ્ચે પડયા હોય તો જોડું ઘણુંજ સુખી નીવડે.

૧૧૨. મરદની કુંડળીમાં ચંદ્ર વીવાહ સાજવારીની બાબદમાં જરૂર તપાસવો, જો ચંદ્ર પહેલાં કે ત્રીજાં કવોરટરનો હોય તો તે મરદ ઘણું કરીને ત્રીસ વર્ષની ઉમરની અંદર પરણે, અને જો પરણતી વખતે મોટી ઉમર હોય તો સ્ત્રી ઘણી જુવાન અને કોમળ વયની મળે.

૧૧૩. જો ચંદ્ર તુલા કે વરખ રાશીનો હોય તો મરદ એકજ વખત પરણે. પણુ જો દબલ રાશી જેવી કે ધન કે મીન હોય તો એકથી વધુવાર લગ્ન કરે,

૧૧૪. ચંદ્ર પરણુવાની બાબદમાં જો શનીને પહેલો એપ્લાઈ થતો હોય તો બૈરી ગમગીન ને ઉદાસી મળે, ખટપટ થયા કરે, પણુ મહેનતુ ને વફાદાર હોય છે. ગુરૂને જો ચંદ્ર પહેલો મળતો હોય તો સ્ત્રી વફાદાર, સૌભાગ્યવાન, ફરકસરવાળી હોય, જો મંગળને હોય

તો હીમતવાળી, અને હુલ્લડ હોય, જો શુક્રને મળતો હોય તો ખુશ મીજાજ, ખુબસુરત, અને મીલનસાર સ્ત્રીમળે, જો બુધને મળતો હોય તો હુશયાર, કેળવાયલી, અને સમજદાર સ્ત્રી મળે.

૧૧૫. સ્ત્રીની કુંડળીમાં જો શુક્ર, ગુરૂ કે બુધ સાથે સંબંધમાં આવે તો સ્ત્રી પતીવૃતા અને સંતોષી હોય. પણ જો શુક્ર સાથે એકલો મંગળ હોય તો ઘણી હવસી થવાનો સંભવ રહે છે, અને જો મંગળ શુક્ર સ્કવેરમાં હોય તો જનાકારીનો સંભવ ખરો.

૧૧૬. કુદરતનાં નીયમ પ્રમાણે જોતાં "તોલેમી" કહી ગયો છે કે રવીને શનીની બાપ માટે, શુક્ર અને ચંદ્ર માતા માટે વીચાર પુગાડવા માટે જાણવું.

૧૧૭. **શનીને** લગતાં ઝાડો હેમલોક (eHmlock), હેલીબોર (Hellebor), બરદોક (Burdock), સેજ (Sage), પાઇન (Pine), અને બોક્ષત્રી (Boxtree), છે. શનીનાં જાનવરો હાથી, વરૂ, રીંછ, કુત્રો, સુસવાત, વીછુ, સાંપ, ઉંદર, ચેન, અને દરેક જાતનાં પેટે ચાલતાં જાનવરો, પક્ષીઓમાં કાગડો, કકુ, રેવન (Raven), ધુવડ અને વાધળું, કાનચીમોરીયું છે. માછલીમાં ઇલ (Eel), કાચબો, કરચળાં કાળુ અને દરેક જાતની કોટલાં અને કોરીમાં રહેનારી માછલી જાણવી.

૧૧૮. **ગુરૂને** લગતાં ઝાડો વડ (Mulberry), ઓલીવ (Olive), અંજીર (Fig tree), બીચ (The beech), અને પેરનાં ઝાડ છે. જાનવરમાં બકરૂં, બળદ, અને એવાં બીજાં જાનવરો કે જે માણસનાં ઉપયોગમાં આવતાં હોય. પક્ષીમાં બગળું સ્નાઇપ (Snipe), લાર્ક, ઇગલ, ફીશન્ટ, મોર, પાત્રીજ, માછલીમાં મગરમચ્છ ને ડોલફીન.

૧૧૯. **મંગળને** લગતાં ઝાડો, બાવળ, પ્રીકલી, હોલી, કાંટાના ઝાડો, ચેસન્ટ, વીગેરે દરેક ઝાડ કે જે કાંટાવાળું હોય. જાનવરમાં વાઘ, ચીત્તા, વરૂ, ઘોડો અને લેપર્ડ. માછલીમાં પાઇક (Pike,) બારબલ (Barbel), અને સ્વોર્ડ ફીશ (Sward fish). પક્ષીમાં ગીધ, શોરી, મેગપાઈ (Magpie), લાલ ઇગળ વીગેરે છે.

૧૨૦. **રવીને** લગતાં ઝાડો નારીએલી, ખજુરી, પામ (Palm tree), લ્યુરલ, સીદર (Cedar), સનટ્રા અને શીત્રોનનાં ઝાડો. જાનવરમાં સીંહ, બકરો, મેંઢો. પક્ષીમાં ઇગલ, મરઘો, બુઝારડ (Buzzard). માછલીમાં સ્તાર ફીશ (Star fish).

૧૨૧. **શુક્રને** લગતાં ઝાડો અખરોટ, બદામ, સપરચંદ, ઓક્ષત્રી, સીકામોર (Sycamore) અને એશ (Ash) છે. જાનવરોમાં સસલાં, વાછરડાં, અને દરેક નાનાં જાનવરો. પક્ષીમાં કબુતર, ચલ્લી બુલબુલ, હાંસ, પેલીકન (Pelican) વીગેરે છે.

૧૨૨. **બુધને** લગતાં ઝાડો એલ્ડર (Elder) અને ફીલબર્ટ ટ્રી (Filbert tree) છે. જાનવરો ખીસકોલી, કરોળ્યા, ગ્રે હાઉન્ડ, વાંદરો, શીયાળ અને દરેક ઝડપી ચાલનાં ચંચલ અને ચાલાક જાનવરો છે. પક્ષીમાં પોપટ, મેગપાઇ, નાનું બગળું, અને લીનેટ (Linnet) છે. માછલીમાં બોઇ (Mullet) અને જેક ફીશ (Jack fish.)

૧૨૩. **ચંદ્રને** લગતાં ઝાડો લીંબુનું ઝાડ અને સાઇકામોર, (Sycamore) તથા દરેક ઝાડો કે જેનાં પાતરાં ભરેલાં અને ખીચોખીચ તથા ગોળ આકારનાં હોય. જાનવરોમાં સીલ (Seal) તથા ઓતર (Otter) અને બીજાં એવાં જાનવરો કે જેઓ પાણી બહુ પસંદ કરતાં હોય. પક્ષીમાં દરીયામાં ઉડતાં હરેક પક્ષી, બટકો, હાંસ, અને ઘુવડ છે. માછલીમાં કોલમી, કરચળાં, ઝીંગા, કાળુ, સાંઢયાં વીગેરે છે.

૧૨૪. આંઠમાંનો માલેક જો દશમાં ભુવને બેઠો હોય તો તે માણસનું મોત જડજની સેન્ટેન્સથી આવે, જો જન્મ કુંડળી ભયંકર મોત દેખાડતું હોય અને આંઠમાંનો માલેક પાપગ્રહ હોય તો જરૂર તેમ થાય.

૧૨૫. જો રવી અને મંગળ જન્મ લગ્ને પાણી કે આતશી રાશીમાં હોય તો તે માણસ મગરૂબ અને દફાંસીઓ તથા પોતાને ઘણો મોટો માણુસ ખપાવાની કોશેષ કરે.

૧૨૬. મંગળ જો જન્મ લગ્ન સાથે ઓપોઝીશન કરે અને તેજ કુંડળીમાં શની જો રવી સાથે ઓપોઝીશનમાં હોય તો તે માણુસ તદ્દન દગાબાજ, લુચ્ચો, નીમકહરામ, ચોર અને બદમાસનો બદમાસ જાણુવો.

૧૨૭. શની જો ગુરૂ કે શુક્રનાં ઓપોઝીશનમાં હોય તો ગમે તેટલાં બચ્ચાં થાય, પણુ તે માંહેલું એકબી જીવે નહીં.

૧૨૮. દરેક અપ્લવા, રીપોર્ટ, કાગળ મળવું, તાર આવવો અથવા ખબર સાંભળવાને લગતી બાબદોમાં તેનાં ચોક્કસ વખતની કુંડળી કાઢી તેમાં ત્રીજાં ભુવનનો માલેક જો સાતમાં ભુવનનાં કશ સાથે શુભદૃષ્ટિમાં હોય તો અથવા તો સાતમાં ભુવને બેઠેલા ગ્રહ સાથે શુભદૃષ્ટિમાં હોય તો જાણુવું કે તે **ખબર સાચ્ચી** છે, અને તમુને છેતરવામાં આવ્યા નથી. પણ જો તેઓ સેમી સ્કવેર, સ્કવેર, સેકસ્વીકવોડરેટ અથવા ઓપોઝીશનમાં હોય તો જાણુવું કે તે બાબદ જુઠ્ઠી, ખોટી અને ભમાવનારી છે.

૧૨૯. જ્યારે કોઇબી માણુસ બીજાં માણુસને કોઇપણુ કામ માટે કાગળ તાર મારફતે કે ખુદ પોતે જઇ એપ્લાઇ થાય, તો તે વખતે કાઢેલી કુંડળીમાં પહેલું ભુવન પહેલે એપ્લાઇ થનાર અથવા જનારનું જાણુવું અને સાતમું ભુવન, તે જેને એપ્લાઇ થયો હોય યાને જવાબદારનું જાણુવું, એટલા માટે જ્યારે એક માણુસ રીપોર્ટ વાંચે અથવા ન્યુસપેપરમાં કોઇ વાંચે તો તે ખબર પહેલું ભુવન અને વાંચનાર સાતમું ભુવનને લગતું જાણુવું, કારણુ કે ખબર પોતે ચાલીચલાવી વાંચનાર આગળ ગઇ છે, ને તેનું **ફરસ્ત એકશન** થયલું સમજવું.

૧૩૦. તમો જો કોઇ માણુસ પાસે કંઇ ચીજ માંગવા ગયા અને તેને આપવા કબુલી, તો તે ચીજ કયારે આપશે તેનો ટાઇમ જાણુવા માટે બીજાં ભુવનનો માલેક, આંઠમાં ભુવનનાં માલેકને જે વખતે એપ્લાઇ થાય તે વખતે તે ચીજ તમુને મળશે એમ વખત ગણુવો.

૧૩૧. "પાર્ટ ઓફ્ ફોરચ્યુન" યાને **નશીબ** કે જે માટે પહેલા ભાગમાં સમજાવ્યું છે. તે **પૈસા** અને **નોટ**, લોન કે બીલ વીગેરે માટે જાણવો, પણ એક આસામીની જંગમ મીળકત, ઘરો ગાલ, જમીન, વીગેરેને લગતી દોલત તો બીજાં ભુવનનાં માલેક પરથીજ જાણવી.

અત્રે વધુ **એફોરીઝમ** લખવાનાં માંડી વાળીશું, કારણ કે ફલાદેષની બાબદમાં તથા હોરારી વિધ્યાવાલા ભાગમાં ઘણું ખુલ્લું સમજાવેલું હોવાથી તથા અત્રે જગ્યા ફાજલ નહીં હોવાથી બીજાં ૫૦૦ ઉપર એફોરીઝમ પડતાં મેળવા પડયાં છે.

શબ્દ કોષ.

આ પુસ્તકમાં વપડાયલા કેટલાક શબ્દોની સમજણ વાંચનારને ગુચવણ ન પડે તેટલા માટે નીચે ખુલાસાવાર સમજાવી છે.

એફ્લીકશન (Affliction)=એક ગ્રહ પાપગ્રહ સાથે કંજંગશન કરે અથવા તો કોઇ ભુવનનાં કશ અથવા કોઇ ગ્રહ સાથે પાપદૃષ્ટિમાં આવે તેને કહે છે.

એંગલ્સ (Angles)=કેન્દ્ર સ્થાનો યાને ૧, ૪, ૭, ૧૧, નાં ભુવનોને કહે છે. જેમકે પહેલાં સ્થાને રવી ઉદય થાય છે એટલે તે પુર્વ અને ત્યાંથી દશમાં સ્થાને મધ્યાન બપોરનાં થાય છે, તે દક્ષીણ અને સાંજે સાતમાં ભુવને અસ્ત થતાં પશ્ચિમ અને રાત્રે ચોઠાં ભુવને જતાં ઉત્તર એમ ગણાય છે. (જુઓ પાનું ૩૨ મું.)

એપ્લીકેશન (Application)=કોઇપણ એક ગ્રહનું ભુવનનાં કશ તરફ અથવા બીજા ગ્રહો તરફ કંજંગશન કરવા કે બીજી એસપકટ કરવા આગળ વધવું તેને કહે છે.

એસેનડંત (Ascendant)=યાને પહેલું ભુવન અથવા કોઇપણ બાબદ દેખાડનારા ભુવનનો મુખ્ય કશ, જેમકે પાંચમું ભુવન તે સવાળ કરનારનાં પહેલાં ફરજંદનું જન્મ લગ્ન કહેવાય યાને પહેલું ભુવન ગણાય તેમજ બીજી બાબદનું સમજવું. (જુઓ પાને ૨૭, ૨૮).

એસપેકટ (Aspect) = દૃષ્ટિ યાને એક ગ્રહ બીજા ગ્રહથી અમુક ડીગ્રી દુર છે તે તફાવતને તેટલા અંશની દૃષ્ટિ કહેવામાં આવે છે. (જુવો પાને).

બેરન સાઇન (Barren sign) = યાને વાંજણી રાશીઓ મીથુન, સીંહ, કન્યા.

બેનીફીકસ (Benifics) = શુભગ્રહ જેવાકે ગુરૂ તથા શુક્ર.

બેસ્તીયલ સાઇન = મેષ, વરખ, સીંહ, ધનરાશીનાં પહેલા પંદર અંશ, મકર, રાશી વીગેરે.

બીસીજડ (Besieged) = એક ગ્રહ બે ગ્રહોની વચ્ચે આવે યાને બે ગ્રહો વચ્ચે જે ગ્રહ વચ્ચે આવી ઘેરાય તેને કહે છે.

બાઇકોરપોરલ (Bicorporal) = યાને દબલ રાશીઓ જેવીકે મીથુન, ધન, મીન.

કેદન્ટ (Cadent) = યાને કેન્દ્ર સ્થાન ઉપરનાં ભુવનો જેવાંકે ૩, ૬, ૯, ૧૨ એ ભુવનોને કેદન્ટ કહે છે.

કાઝીમી (Cazimi) = જ્યારે કોઇપણ ગ્રહ રવીનાં અંશની છેક લગોલગ ૧૭ કળા સુધી નજદીકમાં આવે છે તેને કહે છે. કેટલાકો એને શુભ કહે છે, ને કેટલાકો એને જલીત થયલો કહે છે.

કલેકશન ઓફ લાઇટ (Collection of light) = યાને જ્યારે એક ગ્રહ બીજા બે ગ્રહોની દૃષ્ટિમાં આવે છે, કે જે દૃષ્ટિ કરનારા ગ્રહો પોતપોતામાં કાંઇબી એસપેકટમાં હોતા નથી તેને કહે છે યાને એક ગ્રહ બે જુદા જુદા ગ્રહોને દૃષ્ટિ કરતો હોય, પણ તે બેઉ ગ્રહ પોતપોતામાં દૃષ્ઠિ વગરનાં હોય ત્યારે એક કામ જે બે જના કરનાર હોય તેમાં ત્રીજો કોઇ ભલતો જેમ આવીને તેનો નીર્ણય કરે છે, તેમ સમજવું, યાને પેલા બે ગ્રહોની બાબદનું સેવટ કોઇ ત્રીજા ગ્રહે એકાએક વચ્ચે આવી કરી આપવું.

કમ્બશચન (Combustion) = યાને જલીત થવું યાને કોઇપણ

ગ્રહનું રવીથી ૮° અંશ ને ૩૦′ કળા જેટલું નજદીકમાં એસપેકટ કરવું જેથી જે ગ્રહ એવી રીતે જલીત થાય, તે તદન બળહીન અને અસર વગરનો થઇ જાય છે. એ હમેશાં પાપદૃષ્ટિ તરીકે લેખાય છે.

કોમન સાઇન (Common signs)=યાને મીથુન, કન્યા, ધન, ને મીન.

કંજંગશન (Conjunction)=યાને **યુતિ** એટલે કે બે ગ્રહો એકજ રાશી અંશનાં થાય ત્યારે સંપુર્ણ અને માહા બળવાન અસર કરે છે, તેમજ એ બે ગ્રહોનાં ઓરબ યાને વરતુલની સીમાનાં અર્ધે ભાગે જ્યારે તેઓ થાય છે ત્યારે તેને અપુર્ણ કંજંગશન કહે છે તેની અસર જરા કમતી રહે છે.

કલમીનેટ (Culminate)=યાને ગ્રહ જ્યારે મધ્ય આકાશમાં આવે યાને કુંડળીનાં દશમાં ભુવને આવે ત્યારે તે ઘણો ચઢતો ગણાય છે.

કસ્પ (Cusp)=કોઇપણ ભુવનની શરૂઆતની રેષા યાને દાખળ થવાનો દરવાજો. (જુઓ પાનું ૨૫ મું.)

દબીલીતીઝ (Debilities)=યાને નીચનો, પાપદૃષ્ટિથી ઘેરાયલો અથવા તો શત્રુનાં ભુવનનો હોય, જલીત હોય, વીગેરે.

ડેકલીનેશન (Declination)=યાને કોઇબી ગ્રહ દુન્યાની મધ્ય રેષા યાને ઇકવેટરથી જેટલો દુર હોય તે તફાવત યાને અંશને ડેક-લીનેશન કહે છે.

ડીક્રીઝીંગ ઇન લાઇટ (Decreasing in light)=યાને જ્યારે કોઇપણ ગ્રહ રવીની સાથે ઓપોજીશનમાં થવા પછી પોતે આગળ વધે, ત્યારે બળહીન ગણાય છે.

ડીકમ્બીચર (Decumbiture)=યાને સીક પડીને બીછાને સુવાની પહેલી ઘડીનો જે ટાઇમ તેને કહે છે.

ડીગ્રી (Degree)=યાને અંશ, એક રાશીનો ત્રીશમો ભાગ અથવા આખ્ખી કુંડળીનો ૩૬૦ મો ભાગ.

ડીસેનડંત (Decendant)=યાને **સાતમું ભુવન, પશ્ચિમ.**

ડેટ્રીમેન્ટ (Detriment)=યાને નીચનાં **ભુવનનો** જેમકે મંગળ તુલા રાશીમાં નીચનો થવાથી બળહીન અને નુકસાન કરનારો થઇ પડે છે, તેજપ્રમાણે બીજા ગ્રહો સમજવા.

ડીગ્નીતી (Dignity)=યાને ઉંચ બળ બે જાતનાં છે, **એક** તો **ઍસેનશીયલ** (Essential)=યાને જ્યારે **એક** ગ્રહ પોતાના ઘરનો હોય, પોતાની ત્રીપ્લીસીટી, ટર્મ, કે ફેશનાં અંશને લગતો હોય ત્યારે તે ઉંચ બળનો ગણાય છે.

બીજી ડીગ્નીતી એકસીડેન્ટલ (Accidental)=યાને કેન્દ્રસ્થાનમાં આવવાથી અથવા કોઇ શુભ ગ્રહની દૃષ્ટિમાં આવવાથી અથવા ઝડપી ચાલનો હોવાથી, અથવા રવીના કંજંગશન તરફ વધ્યો જતો હોવાથી સહેજ બળવાન ગણાય છે.

ડાઇરેકટ (Direct)=યાને સિધી ચાલનો જેમકે મેષથી વરખ, વરખથી મીથુન એ પ્રમાણે.

ડાઇરેકશન (Direction)=યાને બે ગ્રહોના અંશ વચ્ચેનો તફાવત ગણવો તેને કહે છે.

ડીસપોઝ (Dispose)=અને ડીસપોઝીટર. (Dispositor)= યાને એક ગ્રહ જ્યારે ઉંચનો થાય છે ત્યારે બીજો ગ્રહને ડીસપોઝ કરે છે, યાને જેમ રવી મેષ રાશીમાં ઉંચનો થાય છે, હવે મેષ રાશી મંગળનું ઘર છે જેથી રવીએ મંગળને ડીસપોઝ કર્યો, અને રવી પોતે ડીસપોઝીટર થયો, એમ જાણવું, કારણ કે મંગળનાં ભુવનમાં રવી ઉંચ થવાથી તે ભુવનનો માલેક અને રાજ-કર્તા જેવો બળવાન થાય છે. જ્યારે પ્રશ્ન કુંડળીમાં એ પ્રમાણે એક ડીસપોઝીટર કોઇ બાબદનો સીગનીફીકેટર થાય અને જો પોતાને ડીસપોઝ કરનાર પ્રશ્ન કુંડળીનાં લગ્નનો માલેક હોય તો ઘણું સારૂં ફળ જાણવું. ભુવનોથી ઉંચ બળ મેળવવું વધુ બળવાન છે. બાકી ત્રીપ્લીસીટી, ટર્મ, ફેશ કે ઉંચનાં થવામાં ઘણો બળ મળતો નથી.

અર્થી સાઇન (Earthy signs)=વરખ, કન્યા, મકર.

એફીમરીઝ (Ephemeris)=યાને પંચાગ કે જેમાં ગ્રહોના અંશ કળા અને રોજની ચાલ વીગેરે આવે છે.

એકઝાલટેશન (Exaltation)=યાને ઉંચનો ગ્રહ.

ફેશ (Face)=પોતાનાં બળની ઓછામાં ઓછી શકિત.

ફૉલ (Fall) એક ગ્રહ જ્યારે શત્રુના ભુવનમાં પડે ત્યારે નીચનો થાય છે, ત્યારે તે ગ્રહનો ફૉલ યાને અસ્ત અથવા બળહીન ગણાય છે.

ફેમીલીએરીટી (Familiarity)=જુવો રીસેપશન અથવા એક સરખી દૃષ્ટિ.

ફેમીનાઇન સાઇન (Faminine sign)=યાને સ્ત્રી રાશી અથવા એકી રાશી જેમકે વરખ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર ને મીન.

ફાયરી સાઇન (Fiery signs)=મેષ, સીંહ ને ધન.

ફોરચ્યુનસ (Fortunes)=યાને શુભ ગ્રહો જેવાકે ગુરૂ, શુક્ર સાથે રવી, ચંદ્ર અને બુધ જો સારી આસપેક્ટમાં ગુરૂ, શુક્ર ને હોય તો, તે ભાગ્યશાળી શુભગ્રહ ગણાય.

ફરૂટફુલ સાઇન (Fruitful sign)=યાને ફળદ્રુપ રાશીઓ જેવીકે કર્ક, વૃશ્ચિક ને મીન.

ફ્રસટરેશન (Frustration)=યાને એક આશપેકટ અથવા ગ્રહથી થવાનું કાર્ય, બીજા ગ્રહ અથવા આસપેકટથી તેનો અટકાવ કે નાશ થાય તેને કહે છે. જેમકે જો શુક્ર લગ્નનો માલેક પોતે સાતમાંના માલેક મંગળ સાથે ૧૨૦° ની શુભદૃષ્ટિ કરવામાટે આગળ વધતો હોય તો જાને શાદી ગોઠવવાનું નક્કી જાણવું, પણ જો તેટલા બુધ, મંગળનાં એપોજીશનમાં, શુક્ર **શુભ**દૃષ્ટિ કરે તે આગમજ આવી લાગે, તો સાટું બુધને લીધે ગોઠવાયલું તુટી જાય, કાર્ય થાય નહીં. વળી બુધ જે

ભુવનનો માલેક હોય તે ભુવનને લગતી ચીજ બાબે ખતરો પડે, જો બીજા ભુવનનો હોય તો પૈસા થકી, ૧૨માંનો હોય તો છુપા દુશ્મન થકી વીગેરે સમજી લેવું.

હોરારી (Horary)=યાને પ્રશ્નને લગતું જ્યોતીષ. હોરા શબ્દ ઇજીપશીયન હોરૂશ યાને રવી ઉપરથી નિકળેલો છે ને લેટીનમાં હોરા એટલે વખત યાને જે વખતે સવાલ પુછવામાં આવે તે ટાઇમ નોંધી તે ઉપરથી જબાબ આપવામાં આવે છે.

હોરોસકોપ (Horoscope)=યાને ટપકો, જન્મોત્રી.

હ્યુમન સાઇન (Human sign)=મીથુન, કન્યા, કુંભ, ધન રાશીનો પહેલાં પંદર અંશ સુધીનો અર્ધો ભાગ વીગેરેને કહે છે, કારણ કે એ રાશીમાં આવેલી વસ્તુઓ માનસાઇ ખાસ ધરાવનારી છે.

ઇમપેડીટેડ (Impedited)=યાને પાપદૃષ્ટિમાં ફસેલો ગ્રહ, જેમકે ચંદ્ર જ્યારે રવીનાં કંજંગશનમાં આવે છે, ત્યારે તદન નિર્બળ થઇ જાય છે.

ઇનક્રીઝીંગ ઇન લાઇટ (Increasing in Light)—યાને જ્યારે એક ગ્રહ રવીનું કંજંગશન છોડીને રવીના ઓપોઝીશન તરફ આગળ વધે છે ત્યારે રવીથી દુર જતાં તે પોતે પોતાનો પ્રકાશ પાછો મેળવે છે, અને ઓપોઝીશન પછી પાછો તે રવીની નજદીક આવતો જાય છે, ત્યારે નીર્બળ અને તેજ વગરનો બનતો જાય છે.

ઇનક્રીઝીંગ ઇન મોશન (Increasing in motion)=જે ગ્રહની ચાલ આજના ગતિ ગયા દિવસની ગતિ કરતાં વધુ ઝડપી હોય તો તે શુભ છે.

ઇનફીરીયર પ્લેનેટસ (Inferior planets)=યાને દુન્યાનાં વરતુળ કરતાં જે ગ્રહોની વરતુળ નાની હોય છે, જેમકે શુક્ર, બુધ, ચંદ્ર.

ઇનફૉરચ્યુન (Infortunes)=યાને પાપગ્રહો જેવાકે હરશચલ, નેપચ્યુન, શની, મંગળ અને બુધ જ્યારે પાપગ્રહો સાથે હોય અથવા પાપદૃષ્ટિમાં હોય ત્યારે પાપગ્રહ ગણાય છે.

ઇનતરસેપતેડ (Intercepted)=એક રાશી કોઇપણ બે ભુવનોનાં **કશાની** વચ્ચે હોય યાને ગલીત ભાવ થાય તેને કહે છે.

લેટીત્યુડ (Latitude)=યાને ગ્રહનું છેટું. રવીને લેટીત્યુડ હોતીજ નથી. દુન્યાની લેટીત્યુડ દુન્યાની મધ્યરેખા (Equator)થી ઉત્તરે અથવા દક્ષીણે જે કોઇ જગ્યા ધારો તે જગ્યા અને મધ્યરેખાની વચ્ચેનો તફાવત તે ઉત્તર કે દક્ષીણની લેટીત્યુડ સમજવી.

લાઇતસ (Lights)=યાને રવી અથવા ચંદ્ર.

લૉંજીત્યુડ (Longitude)=યાને ગ્રહનાં રાશી અંશ વીગેરે, તેમજ એક ગ્રહનો રાશી મંડળની પહેલી રાશી મેષનાં પહેલાં અંશથી જેટલે છેટે, જેટલામી રાશીમાં ગ્રહ હોય તે ફરકનાં માપને લૉંજીત્યુડ કહે છે.

લૉર્ડ (Lord)=યાને ભુવનનો માલેક ગ્રહ.

મેસકયુલાઇન સાઇન (Masculine signs)=યાને નર રાશી જેવીકે મેષ, મીથુન, સીંહ, તુલા, ધન, કુંભ વીગેરે **એકી** રાશીઓ છે.

મીડીઅમ સીઓલી (Meduin Coeli)=યાને મધ્ય આકાશ.

મેરીડીયન (M·ridian)=યાને મધ્ય આકાશ કે જે જગ્યાએ રોજ બપોરે સુર્ય દશમાં ભુવને મધ્યાન થાય છે, અને મધ્ય રાત્રે રવી ચોઠાં ભુવને દુન્યાની તળે એટલે પાતાળમાં મધ્ય થાય છે.

મુવેબલ સાઇન (Moveable signs)=યાને **ચાર** રાશીઓ જેવીકે મેષ, કર્ક, તુલા, મકર.

ઓકસીડેન્ટલ (Occidental)=યાને દશમાં ભુવનથી ચોઠાં ભુવન સુધી યાને ૯, ૮, ૭, ૬, ૫, ૪, એ ભુવનોમાં જે ગ્રહ હોય તેને ઓસીડેન્ટલ કહે છે.

ઓરીએન્ટલ (Oriental)=યાને ચોઠાં ભુવનથી ઉદય **થતો** ગ્રહ દશમાં ભુવન સુધી ૩, ૨, ૧, ૧૨, ૧૧, ૧૦ ભુવનમાં હોય તો ઓરીએન્ટલ ગણાય છે. **હવે રવી** અને **ચંદ્ર** માટે જાણવું જે પહેલાં ભુવનથી દશમાં ભુવન સુધી યાને ૧, ૧૨, ૧૧, ૧૦ એ ભુવનોમાંજ ઓરીએન્ટલ જાણવો, તેમજ સાત, ૬, પાંચમાં ભુવનેબી તેઓને ઓરીએન્ટલ સમજવાં, તે સિવાય ૪, ૩, ૨ અને ૯, ૮ એ ભુવનોમાં ઓસીડેન્ટલ ગણાય છે. ઉદયનાં ગ્રહ શુભ લેખાય છે.

પેરીજરીન (Perigrine)=યાને કંઇપણ ભાગ કે **ડિગ્નીતિ** વગરનો.

પેલેટીક (Palatic)=યાને અધુરી દૃષ્ટિ. દૃષ્ટિનાં અંશ બેઉ ગ્રહનાં સંપુર્ણ એક સરખા નહીં થતા હોય, પણ તેઓ કોઇ પણ જાતની એસપેકટ કરવાને થોડા અંશે વધુ કે ઓછા હોય, તે છતાં પોતાના ઓરબનાં અર્ધા વરતુળ મારફતે આસપેકટમાં ગણતા હોય, તેવી અધુરી આસપેકટને પેલેટીક આસપેકટ કહે છે.

કવેરંટ (Querent)=યાને સવાળ પુછનાર ધણી.

કવીઝીટેડ (Quesited)=યાને માનવી અથવા કોઇ ચીજ કે જે બાબદ લાભ, ખબર વીગેરે પુછવામાં આવ્યું હોય, તે ચીજ કે બાબદ.

રેડીકલ (Radical)=યાને જન્મ વખતનું યાને મુળ પાયાનું.

રીસેપશન (Reception)=યાને એક ગ્રહ પોતે પોતાની ઉંચ રાશીમાં જઇને બેસે, ને તેજ ઉંચ રાશીનો ગ્રહ પોતામાં બેઠેલા ગ્રહની રાશીમા પોતે જઇને બેસે, જેમકે ચંદ્ર, મીન રાશીમાં અને ગુરૂ કર્ક રાશીમાં બહુજ બળવાન ગણાય છે, કારણ કે તેઓ રીસેપશનમાં છે યાને ગુરૂના ઘરમાં ચંદ્ર ને ચંદ્રના ઘરમાં ગુરૂ છે.

રીફ્રેનેશન (Refranation)=એક ગ્રહ તરફ બીજો ગ્રહ આગળ વધી કોઇ એસપેકટ કરવા જતો હોય તેવામાં તે ગ્રહ પોતે વક્રી યાને રીટ્રોગ્રેડ (Retrograde) થાય તો તે આસપેકટને **લગતું જે કાર્ય હોય તે તદન નિષ્ફળ જાય.**

રીટ્રોગ્રેડ (Retrograde)=યાને ગ્રહનું વક્રી થવું યાને પોતાની લૅાંજીત્યુડમાં પાછળ હઠવું, એ ઘણો નીર્બળ ગણાય છે.

સેપેરેશન (Separation)=જ્યારે બે ગ્રહો એક બીજા સાથે પુરા અંશની આસપેક્ટ કરીને છુટા પડયા હોય તે છતાં એક બીજાનાં વરતુળ યાને ઓરબની અંદર હોય ત્યારે સેપેરેશન કહેવાય છે, યાને આસપેક્ટ થઇ ગઇ અને તેની હવે અસર ઉતરતી જાય છે એમ સમજવું.

સીગ્નીફીકેટર (Significator)=યાને અમુક ચીજ યા બાબદ દેખાડનાર પ્રતીનીધી, જેમકે પ્રશ્ન કુંડળીમાં લગ્નનો માલેક તે સવાળ કરનારનો સીગ્નીફીકેટર કહેવાય, તેમજ જે બાબદ સર સવાળ પુછવામાં આવ્યો હોય તેને લગતા ભુવનનો માલેક અથવા ત્યાં બેઠેલો ગ્રહ તે બાબદનો સીગ્નીફીકેટર જાણવો. ચંદ્ર દરેક બાબદમાં જોડયો પ્રતીનીધી યાને કોસીગ્નીફીકેટર (Cosignificator) ગણાય છે.

સાઇન આફ લૅાંગ એસેનશન (Sign of long Ascension)=કર્ક, સીંહ, તુલા, વૃશ્ચિક, ધન, એ લંબાણ અસર કરનારી રાશીઓ છે. જો એ રાશીઓમાં રહેલા ગ્રહો સેક્ષટાઈલ યાને ૬૦° અંશની દૃષ્ટિ કરતા હોય તો તેની અસર સ્કવેર યાને ૯૦°ની દૃષ્ટિના જેવી થાય છે, અને સ્કવેરની અસર ટ્રાયન યાને ૧૨૦° ડીગ્રીની અસર જેવી થાય છે.

સાઇન ઓફ શૉર્ટ એસેનશન (Sign of short Ascension)=મકર, કુંભ, મીન, મેષ, વૃષભ, મિથુન, એ ટુંકા વખતની અસર કરનારી રાશીઓ છે. જો એ રાશીઓમાં ગ્રહોની ટ્રાઇન ૧૨૦ અંશની શુભદૃષ્ટિ થાય, તો તેની અસર સ્કવેરના જેવી જાણવી અને જો સ્કવેરની અસર હોય તો ૬૦° અંશના જેવી અસર કરે છે.

ઓરડર ઓફ હાઉસીસ (Order of Houses) યાને ભુવન બળ યાને ભુવનોનું બળ એક બીજાંથી નીચે પ્રમાણે સરેરાશ ઉતરતું જાણવું. જેમકે ૧, ૧૦, ૭, ૪, ૧૧, ૫, ૯, ૩, ૨, ૮, ૬ ૧૨.

ઓરબ (Orb)=યાને ગ્રહની રાશીનો વરતુળ દરેક ગ્રહનાં ઓરબો જુદાં પાને ૨૩ માં સમજાવ્યા છે. રાશીઓના તથા ફીક્ષ્સ્ટાર અને "પાર્ટ ઓફ ફોરચ્યુન" એઓનો વરતુળ ૫° અંશનો સમજવો.

સ્વીફ્ત ઈન મોશન (Swift in motion)=યાને કેટલીક વખતે ગ્રહો પોતાની નંગેની ચાલ કરતાં વધુ ઝડપ દોડે છે તેથી તેને ઝડપી ચાલનો કહે છે.

ટેબલ ઓફ હાઉસીશ (Table of Houses)=યાને લગ્ન પત્રીકા, કુંડળીનો ટાઈમ ગણવા માટેનો કોષ.

ટર્મ (Term)=યાને બળ જુવો. પાને ૩૫માં.

તેસ્તીમની (Testimony)=યાને યોગ, અથવા એક ગ્રહ પોતે કોઇક બળ ધરાવતો હોય, અથવા તો કુંડળીમાં કોઇક શુભ કે અશુભ દૃષ્ટિ કરીને મુખ્ય ભાગ ભજવતો હોય ત્યારે તે ગ્રહને એક બીજાની તેસ્તીમનીમાં છે એમ કહેવામાં આવે છે.

ત્રાનસલેશન ઓફ લાઈટ (Translation of Light)=યાને એક ગ્રહ ચોક્કસ ગ્રહની સાથની પોતાની દૃષ્ટિમાંથી છુટો થઇ, આગળ વધીને બીજા ગ્રહની સાથે દૃષ્ટિ કરે યાને આસપેક્ટમાં આવે, ત્યારે છુટો પડી આગળ પડનારો ગ્રહ, પોતે જે ગ્રહથી છુટો પડયો ત્યાંથી તેની લાઇટ લઇ જઇને પોતે જે બીજા ગ્રહની સાથે મળ્યો તેમાં આપે છે. એ ઘણીજ બળવાન અને શુભ યોગ દેખાડે છે.

ત્રીપ્લીસીટી (Triplicity)=યાને ત્રગડી એટલે કે આખ્ખું રાશીમંડળ ચાર ત્રગડીમાં વહેંચેલું છે જેમકે:--મેષ, સીંહ, ને ધન આતશી ત્રગડી; વરખ કન્યા ને મકર ખાકી ત્રગડી, મીથુન, કુંભ ને તુલા એ પવનની ત્રગડી અને કન્યા, વૃશ્ચિક અને મીન એ પાણીની ત્રગડી છે. એ પ્રમાણે દુન્યાને આ ચાર તત્વોમાં વહેંચી નાખી છે. (જુવો પાનું ૩૫)

વોઇડ ઓફ કોર્સ (Void of course)=યાને ગ્રહ પોતે જે

રાશીમાં હોય, તે રાશીમાંથી કોઇની પણ સાથે આસપેકટ કરતો નહીં હોય. જો ચંદ્ર એ પ્રમાણે હોય તો જાણવું કે તે કુંડળીને લગતું સર્વે કાર્ય નિષ્ફળ જશે.

વોતરી સાઇન (Watery signs)=યાને પાણીની રાશી જેવીકે કર્ક, વૃશ્ચિક, અને મીન.

ઝોડીઆક (Zodiac)=યાને રાશી મંડળનો પટો જે દુન્યાની આસપાસ ફરતો છે, અને જે પટાની પહોળાઇ ૧૮° અંશની છે, કે જેનાં બાર રાશી ગારૂફતે ભાગ કર્યા છે, તે આખ્ખા પટાનાં માર્ગમાં રવી વીગેરે ગ્રહો ફરતા રહે છે.

એસ્ટ્રોલોજી (Astrology)=જ્યોતિષ વિધ્યા.

નેટલ એસ્ટ્રોલોજી (Natal Astrology)=યાને માનવીનાં જન્મ અને ત્યાર પછી સુખ, દુ:ખ, કામ, કાર્ય, મોત વીગેરે સર્વે જોવા જાણવાને લગતું જ્યોતિષ.

મુનડેન (Mundane)=યાને જગત્તને લગતું, દેશ પરદેશને લગતું, હવાનાં ફેરફાર, રૂતુ, વીગેરેને લગતું જોવા જાણવાને લગતું જ્યોતિષ.

કારડીનલ સાઇન (Cardinal signs)=મેષ, કર્ક, તુલા, મકર, આ રાશીઓ બળવાન હોય છે અને તેમાં જો ઘણા ગ્રહો પડયા હોય તો જાણવું કે તે માનવી કાંઇક ઉંચ, ખાનદાન, ખાસીયત, અને સારી હાલતમા હોવોજ જોઇયે.

ઇકવીનોકતીયલ સાઇન (Equinoctial signs)=મેષ ને તુલા રાશીઓ છે.

જેન્થલીએકલ (Genethliacal)=યાને જેનીચર (Geneture) અથવા જન્મને લગતું.

હાઇલેગ (Hyleg)=તંદુરસ્તીનો માલેક સ્ત્રી માટે ચંદ્ર અને પુરૂષ માટે રવી સમજવો.

મેલીફીકસ (Malifios)=યાને પાપગ્રહો જેવાકે હરશચલ, શની, મંગળ, નેપચ્ચુન, કેતુ (બુધ પાપગ્રહની દૃષ્ટિ સાથે) વિગેરે.

નેટીવીતી (Nativity)=યાને જન્મપત્રીકા અથવા ટપકો.

પેરેલલ (Parallel)=યાને ઇકવેટરથી સિધ્ધી લીતીમાં ઉત્તર કે દક્ષીણ કોઇ પણ રીતે એકસરખા અંશે બે ગ્રહો થાય તેને કહે છે.

એબસીશન ઑફ લાઇટ (Abscission of Light)=યાને જ્યારે એક નાના ગ્રહ મોટા ગ્રહ તરફ કંજંગશન કરવા આગળ વધે છે, પણ પોતે તે મોટા ગ્રહ આગળ જઇ પુગે, તેટલાં તે મોટો ગ્રહ ઝડપી ચાલે પોતાથી પણ મોટા ગ્રહ તરફ જાય છે, જેથી પેલા નાના ગ્રહની વરતુળનો પ્રકાશ કંજંગશનને મળતો નથી અને તે કાર્ય નિષ્ફળ જાય છે.

એનેરીટા અથવા **એનેરેટીક આર્ક** (Anareta or Anaretic ark)=જુવો **પ્રૉમીટર.**

પ્રૉમીટર (Promittor)=યાને એક દૃષ્ટિ કે જે ધાર્યું કામ કરવા વીના પાછી હઠતી નથી. જેમકે શની અને મંગળ **એનેરેટીક પ્રૉમીટર** ગણાય છે, કારણ કે જ્યારે હાઇલેગ યાને રવી, ચંદ્ર કે લગ્ન ડાઇરેકશનથી તેઓ સાથે પાપદૃષ્ટિમાં આવે છે, ત્યારે તે ધણીને મારી નાખ્યા વગર રહેતા નથી. એજ પ્રમાણે ગુરૂ અને શુક્ર ભલા કામને ફત્તેહમંદી આપનારા છે, જ્યારે ડાઇરેકશનથી કોઇ ગ્રહ તેઓ સાથે દૃષ્ટિમાં આવે છે, ત્યારે તેઓ તે દૃષ્ટિને લગતું કાર્ય સિધ્ધ કરી આપે છે. એજ પ્રમાણે પરણવાની બાબદમાં સાતમાં ભુવનનો માલેક પ્રૉમીટર ગણાય છે.

કમાનડીંગ સાઇન (Commanding sign)=જુવો નૉરધર્ન સાઇન.

નૉરધર્ન સાઇનસ (Northern signs)=યાને મેષ, વરખ,

મિથુન, કર્ક, સીંહ, કન્યા એ રાશીઓ માંહેલા ગ્રહો હુકમ કરનારા લેખાય છે અને બિજા ગ્રહો એ ગ્રહોને તાબે થતા જાય છે, જેથી એ રાશીઓ કમાનડીંગ સાઈન તરીકે ઓળખાય છે.

ડાઇરેકટ (Direct)=યાને ગ્રહ જ્યારે મેષથી વરખ એ પ્રમાણે સિધ્ધી ચાલનો હોય છે તેને કહે છે, પણ ધારો કે રવી મકરનો ૧૬ અંશનો જન્મ કુંડળીમાં છે, અને દશમું ભુવન ૧ અંશનું મકરનું છે, ત્યારે પૃથ્વીનું સિધ્ધું મોશન યાને ચાલુ ગતિ રવીને દશમાં ભુવનનાં કશ સાથે કંજંગશનમાં લાવે, અને તેબી એક કલાકના ટાઇમમાં કે જે લગભગ ૧૫ અંશ થાય યાને ૧૫ વર્ષે ફળ આપે, એને ડાઇરેકટ કહે છે.

કૉનવર્સ (Converse)=યાને જેમ ડાઇરેકટમાં ઉપર સમજાવ્યું તેમ જો રવી ૧૬ અંશનો ધન રાશીમાં હોય, ને આપણે દશમું ભુવન પાછળ ચાલીને ડાઇરેકશન કર્યે તો ૧૫ અંશે ☉ ☌ MC Converse mundo થાય અને તેબી ૧૫ અંશ હોવાથી ૧૫માં વર્ષે ફળ આપે.

ડીકેન્ટ (Decanate)=યાને રાશીનો ત્રીજો હિસ્સો અથવા દશ અંશ, કોઇ પણ રાશીનો ૧થી ૯°- ૫૯′ અંશ સુધી પહેલો ડીકેન્ટ ગણાય છે, એ માટે ડીકેન્ટનું કોષ્ટક જુવો.

ડીલેશન (Delation) **અથવા રીસ્ટોરીંગ ઑફ લાઇટ** (Restoring of Light)=યાને જ્યારે એક નાનો ગ્રહ બીજા મોટા ગ્રહને કંજંગશન કરવા જાય, અને તે મોટો ગ્રહ પોતે આગળ વધવાને બદલે જસીત હોય અથવા વક્રી હોય, ત્યારે તે મોટો ગ્રહ પોતાની શુભ અસર તે નાના ગ્રહને આપે છે, અને જો એમ કેન્દ્ર સ્થાને બન્યું હોય તો બળવાન ગણાય છે, બાકી બીજાં સ્થાનોમાં તેની અસર કમતી છે.

ડીસ્ટ્રકશન (Destruction)=યાને અસરોનું નિષ્ફળ થવું જેમકે એક ભુવનમાં ત્રણ ચાર ગ્રહો સાથે છે, હવે તેમાંથી એક નાનો ગ્રહ મોટા ગ્રહ તરફ કંજંગશન કરવા જાય છે, વળી બીજો નાનો ગ્રહ

મોટા ગ્રહથી પોતે ઘણો આગળ નિકળી ગયેલો છે, હવે પહેલો નાનો ગ્રહ પોતે મોટા ગ્રહ સાથે કંજંગશન કરે, તે અગાઉ જો બીજો આગળ વધી ગયલો નાનો ગ્રહ પોતે રીટ્રોગ્રેડ યાને વક્રી થઇને તેજ મોટા ગ્રહ તરફ આસપેકટ કરવા પાછો હઠે, ત્યારે મુખ્ય કંજંગશનની અસર તુટી જાય છે, અને એ પ્રમાણે સુલટાનું ઉલટું પરિણામ આવે છે.

ડેક્ષતર (Dexter)=જુવો સીનીસ્ટર આસપેકટ.

સીનીસ્ટર આસપેકટ (Sinister aspects)=યાને સિધ્ધી ચાલુ દૃષ્ટિ, પણ એક ધીમો ગ્રહ જો પોતે જે રાશીનો હોય ત્યાંથી ત્રીજી રાશીમાં ૬૦° અંશની દૃષ્ટિ કોઈ બીજા ગ્રહને કરતો હોય અને તે ગ્રહ ઘણો ઝડપી ચાલતો હોય તો દૃષ્ટિ કરનાર ગ્રહની દૃષ્ટિ સીનીસ્ટર કહેવાય છે, અને ઝડપી ગ્રહ જે દૃષ્ટિનો જવાબ વાળનારો છે, તે **ડેક્ષતર** યાને ઉડતી દૃષ્ટિ કરે છે. **ચંદ્ર** હમેશાં પોતાના પહેલા કવોટરમાં સીનીસ્ટર યાને છેલ્લાં કવોટરમાં ડેક્ષતર દૃષ્ટિ કરે છે.

ડીકતમ (Dictome)=એ ગ્રીક બોલ છે યાને બે ભાગમાં વ્હેંચી નાખવું. ચંદ્ર જ્યારે પહેલાં અને ત્રીજા કવોટરમાં હોય છે ત્યારે ડીકતમ ગણાય છે.

ડર્યુનલ (Diurnal)=યાને **દીવસ**ને લગતું જેમકે ગ્રહની ગતી આખા દિવસમાં રવીથી એક અંશ, ચંદ્રની ૧૨° અંશ એમ હોય છે.

ડયુર્નલ આર્ક અથવા સેમી આર્ક (Diurnal Arc or Semi-arc)=યાને અર્ધો દિવસનો ગોળાર્ધ (Diurnal Arc) અથવા અર્ધો રાત્રનો ગોળાર્ધ (Noctural Arc) હોય છે, યાને પુર્વના ઉદય યાને પહેલાં ભુવનથી ૭માં ભુવન સુધીમાં જે અંશનો તફાવત છે, અને ત્યાં જે ગ્રહ હોરાઇઝન યાને દૃષ્ટિ મર્યાદાની ઉપર હોય તે ભાગને દિવસનો અર્ધો ગોળાર્ધ યાને પુર્વથી ઉગી પશ્ચિમે અસ્ત થાય તે ગોળ આસમાનનાં ભાગને સેમી આર્ક કહે છે. અને એજ પ્રમાણે સાતમાં ભુવનથી પહેલાં ભુવન સુધી પશ્ચિમથી પાછો પુર્વ સુધીનો દુન્યાની નિચેનો ગોળાર્ધ તેને સેમી નોકતુરલ આર્ક (Semi Noctural

arc) કહે છે. એ પ્રમાણે રવીનો સેમી આર્ક મેષ કે તુલા સંક્રાતીનાં પુર્ણ અંશે એક સરખો રાત્ર કે દિવસનો છ કલાકનો યાને ૯૦° અંશનો હોય છે, ને બીજી સંક્રાતીઓ વખતે તે તેમ રહેતો નથી. મુખ્ય કરીને ઉત્તર અથવા દક્ષીણની છેક દુરની લેતીત્યુડમાં અથવા તો કર્ક કે મકરમાં રવી હોય તે વખતે ઘણો મોટો ફરક રહે છે.

ઇકલીપ્ટીક સીલેસટીયલ (Ecliptic Celestial)=યાને દુન્યાની આસપાસ **રવી** જે ફરતો દેખાય છે (જો કે તેમ નથી) તેને ફરવાનો માર્ગનું ગોળ કુંડાળું કે જ્યારે ચંદ્ર તે કુંડાળાંના પાતા ઉપર રવીની નજદીક આવી પુગે છે ત્યારે ગ્રહણ થાય છે. તેમજ **ઓબ્લીકવીતી ઑફ ધી ઇકલીપ્તીક** (Obliquity of the Ecliptic) એટલે રવીના ફરવાના ચક્ર અને ઇકવેટરની વચ્ચે જે એંગલ (angle) થાય છે તેને કહે છે, જે હાલમાં લગભગ ૨૩°-૨૭° છે.

ઇકલીપ્તીક તેરેસટીયલ (Ecliptic terrestrial)=યાને પૃથ્વીની આસપાસ ચંદ્રને ફરવાની રેષા.

ઇલેકશનસ (Elections)=યાને **મુરત** યાને કંઇપણ સારૂં કામ કરવાને નેમેલો જોગ યા વખત.

ઇલોંગેશન મેકસીમમ (Elongation maximum)=યાને પૃથ્વી ઉપરથી જોતાં, બુધ તથા શુક્ર વધતામાં વધતો રવીથી કેટલા અંશ દુર જઇ શકે છે તેને કહે છે. બુધ વધુમાં વધુ ૨૮ અંશ અને શુક્ર વધુમાં વધુ ૪૮ અંશ થાય છે.

ઇમરેઝન (Emersion)=યાને કોઇ કંજંગશન કે ગ્રહણ વખતે જ્યારે રવીની પાછળથી કોઇ ગ્રહ છુટો પડી બાહેર દેખાવમાં આવે છે તેને કહે છે.

ઇકવીનોક્ષ (Equinox)=યાને એક સરખી રાત્ર યાને ઇકલીપટીકમાં જે જગ્યાએ રાત્ર અને દીવસ એક સરખો થાય છે તે જગ્યાને ઇકવીનોક્ષ કહે છે. જે બનાવ વર્ષમાં બે વખ્ત બને છે, યાને જ્યારે રવી મેષમાં દાખલ થાય છે તા. ૨૧મી માર્ચે ત્યારે અને ફરીને રવી જ્યારે તુલા રાશીમાં દાખલ થાય છે તા. ૨૨મી સપટેમ્બર ત્યારે થાય છે.

જીયોસેનટ્રીક (Geocentric)=યાને પૃથ્વીને મધ્યબિંદુ ગણી તે ઉપરથી ગ્રહની ગણીત કે જે જ્યોતીષમાં સર્વે ગણીત થાય છે તેને કહે છે.

હીલીઓસેનટ્રીક (Heliocentric)=યાને રવીને મધ્યબિંદુ લઇ તેની આસપાસ પૃથ્વી તથા બિજા ગ્રહો વિગેરેનું જે ગણીત કરવામાં આવે છે તેને કહે છે.

ઇલ્યુમીનેશન (Illumination)=યાને ચંદ્રના દેખાવોના દિવસો કે જે લગભગ ૨૬ દિવસને ૧૨ કલાક દર મહીનામાં હોય છે.

હેલીએકલ રાઇઝીંગ (Heliacal rising)=યાને જ્યારે એક ગ્રહ રવીનાં કિણરથી ઢંકાયલો હોય ત્યાંથી બાહેર પુર્વ તરફ દેખાવ આપતો થાય અને રવીનાં કિરણથી દુર જતો જાય ત્યારે તેને **હેલી-એકલ** રાઇઝીંગ કહે છે.

હેલીએકલ સેટીંગ (Heliacal setting)=યાને જો કોઇ ગ્રહ પ્રદર્શિત દેખાતો હોય ને રવી તેની નજદીક થઇ પોતાનાં કિરણ નીચે તેને દાબીને અનદીઠ કરતો હોય તેને કહે છે. ચંદ્ર એ પ્રમાણે જ્યારે રવીથી ૧૭ અંશ દુર હોય છે ત્યારે તેનો અસ્ત થયલો સમજવો, પણ બીજા ગ્રહો તો ૩૦ અંશે એમ થાય છે.

લ્યુનેશન (Lunation)=યાને નવા ચંદ્ર (New Moon) અમાસથી તે બીજી અમાસ સુધીનો ૨૯°-૫૩ દિવસનો ટાઇમ તેને કહે છે. વળી રવી સાથે ચંદ્ર જ્યારે કંજંગશન, સ્કવેર કે ઓપોજીશનમાં આવે છે તેને પણ લ્યુનેશન કહે છે.

મેત્યુટાઇન (Matutine)=યાને જે ગ્રહો સહવારે રવી ઉદય આગમજ દેખાવ દે છે, અને પોતાના પહેલા મથકે જવા પછી પાછા વક્રી થાય છે. એ પ્રમાણે ચંદ્ર પોતાનો પહેલો ડીકતમ (Dictome) જ્યાં લગી પસાર કરે ત્યાં લગી મેત્યુટાઇન હોય છે.

મોડરેટર્સ (Moderators)=રવી, ચંદ્ર, ૧૦મું તથા ૧લું ભુવન અને પાર્ટ ઓફ ફોરચ્યુન એઓને મોડરેટર્સ કહે છે કારણ કે

તેઓ એક બિજાથી આપમુખત્યાર અસર કરનારા છે. જેમકે પહેલાં ભુવનની અસર માનવીપર દશમાં ભુવનથી તદ્દન નિરાળી છે, તેમ રવીની અસર ચંદ્રથી નિરાળી છે અને એ બધાંથી નિરાળી અને જુદીજ અસર **નસીબ** યાને પાર્ટ ઓફ ફોરચ્યુનની છે.

નીઓમેનીયમ (Neomenium)=યાને ☉ ☌ ☽ રવી ચંદ્રનું કંજંગશન યાને **અમાસ**.

પ્રીન્સીપલ પ્લેસીસ (Principal places)=યાને રવી, ચંદ્રને પાંચ ભુવનોમાં શુભ લેખેલા છે જેમકે ૧, ૧૧, ૧૦, ૯ ને ૭માં તેઓ શુભ અસર કરનારા લેખાય છે.

રેકતીફીકેશન (Rectification)=યાને જન્મનો ટાઇમ બરાબર ખબર ન હોવાથી અથવા ઘડીયાળ ખોટું હોવાથી અથવા કોઇ કારણે બરાબર જન્મ ટાઇમ નહીં મળવે, કુંડળી જે કાઢી હોય તે કુંડળીમાં થતી દૃષ્ટિઓનાં ફળને ફળીભુત થવાનાં ટાઇમ ઉપરથી દિવસ અને જન્મની લેતીત્યુદ મારફતે ગણીને સુધારવામાં આવે છે તેને કહે છે.

રેવોલ્યુશન (Revolution)=યાને રવીની આસપાસ પૃથ્વીનાં ફરવાથી એવું માલમ પડે છે કે જાણે રવી પૃથ્વીની આસપાસ પોતે ફરીને એક વર્ષે પોતાની શરૂ કરેલી મુસાફરીવાળીજ જગ્યાપર આવે છે, યાને જન્મ કુંડળીમાં રવી એક વર્ષે પોતાની જન્મ વખતની રાશી અંશના બરાબર થાય છે, તેને કહે છે. એ વખતની કુંડળી દર વર્ષે કાઢવી તે દર વર્ષનું **વર્ષફળ** ગણાય છે.

રયુમીનન્ટ સાઇન (Ruminant sign)=યાને મેષ, વરખ, ને મકર રાશીને કહે છે. એ રાશીઓમાં જ્યારે ચંદ્ર ત્રાનજીત કરતો હોય, ત્યારે દવા કદી પીવી નહીં.

સાઇન્સ ઓફ વોઇસ (Signs of voice)=યાને અવાજને લગતી રાશીઓ જેવીકે મિથુન, કન્યા, તુલા, કુંભ અને પહેલા ૧૫ અંશ ધન રાશી હોય છે. હવે જો એ રાશીઓમાં બુધ જેને પડેલો હોય તે માણસ ઘણો સારો વકતા યાને ભાષણકર્ત્તા હોય.

ત્રીગોન (Trigon)=યાને ત્રીક, જુવો ત્રીપ્લીસીટી.

અનફોરચ્યુનેટ સાઇન્સ (Unfortunate signs)=યાને કમનશીબ રાશીઓ. જેવીકે વરખ, કર્ક, મકર ને મીન આ રાશીવાલા માણસો ઘણું કરીને હમેશ કમનસીબ, દરેક બાબદમાં હોય છે અને તેમાં મકર રાશીનો જન્મ તો સદંતર કમનસીબીમાંજ પુરો થાય છે.

વાય કમબસ્તા (Via combusta)=યાને જલીત ભાગ એટલે કે તુલા રાશીનો છેલ્લો અર્ધો ભાગ, અને આખ્ખી મકર રાશી, કેટલાકો તુલાનાં ૧૫° અંશથી મકરનાં ૧૫° અંશ સુધીનો માર્ગ ચંદ્ર માટે ઘણો અશુભ ગણે છે, કારણ કે તે વખતે ચંદ્રને બીજા પ્રીક્ષ સ્તારો સાથે ગ્રહણ જેવી અસર થાય છે.

આ પુસ્તકમાં ૨૦૦ વર્ષનું આપેલું પંચાંગ અને તેની સમજણ.

આ પંચાંગમાં ફક્ત ♅, ♄, ♃, ♂, એ ચાર મુખ્ય ગ્રહોનુંજ દર મહીનાની તા. ૧લીએ તેઓ કેટલાં અંશનાં મધ્યાન બપોરે હતા, તેજ પ્રમાણ આપેલું છે, બધા ગ્રહોની ગણીતનું આખું પચાંગ છાપતાં બીજો પાંચસો પાનાં થાય, અને તે પુસ્તક ઘણુંજ મોટું થાય એટલા માટે અત્રે નીચલી વિગતો સાથે આ પંચાંગ કેમ વાપરવું તેની સમજણ અત્રે આપીશું. ચાર મુખ્ય ગ્રહ જેવા કે હરશચલ, શની, મંગળ, અને ગુરૂ એઓ હરેક બાબદમાં મોટો ભાગ ભજવે છે. **શની અને મંગળ** મોત કરતા છે, સરદી અને ગરમી તેઓના હાથ છે. તેઓ પાપગ્રહ છે અને તેઓની ચાલ હરદમ તપાસતા રેહવાની જરૂર છે. **ગુરૂ** હરેક રીતનો બચાવ કરતા છે, તથા સર્વથી શુભગ્રહ ગણાય છે. પોતામાં ગરમી, સરદી સમાવા ઉપરાંત બોહળા વિસ્તારમાં ફેલાવાની યાને હરેક ચીજને એક્ષપાન્ડ કરવાની એમાં શક્તિ છે, પાપગ્રહોને પોતાની દૃષ્ટિનાં દબાણમાં એ રાખી શકે છે, મનોવૃત્તિને શુભ બનાવે છે. **હરસચલ** ગ્રહ હરેક અચુક અને અચબુચ કાર્યનો કરનારો છે. ઘડીમાં શુભ ને ઘડીમાં પાયમાલી કરી નાખનારો એ ગ્રહ પણ હમેશાં તપાસવાની જરૂર છે. હવે નાના ગ્રહોને માટે અત્રે જગ્યા

ફાલતુ નથી પણ એટલું જાણવું કે **રવી** દરરોજ એક અંશ જેટલો ચાલતો હોવાથી તથા તેને લગતો કોઠો આ પુસ્તકનાં ૪૫ માં પાને સાઇડ્રીઅલ ટાઇમનાં કોષ્ટકમાં આપેલો છે, એટલે કે તેમાં લખેલી તારીખે (માર્ચ મહીનાની ૨૧ મીએ) રવી મેષમાં દાખલ થઇ, દરરોજ એક અંશને હીસાબે ચાલે છે, અને રૂતુનાં બદલાવા સાથે તેનું પ્રમાણ તા. ૨૦થી ૨૨ સુધીમાં ને દર મહીને પોતાની રાશી બદલે છે, એટલે આસરે રવી અમુક તારીખે કેટલા અંશનો હતો, તે દરરોજનાં એક અંશ લેખે ઉમેરતાં મળી આવે તેમ છે. વળી બુધ રવીથી ફકત વધુમાં વધુ ૨૫° અંશ જેટલો દુર રહે છે, અને શુક્ર ૪૫° અંશથી વધુ રવીથી દુર જતો નથી. એ પ્રમાણે એ નાનાં ગ્રહોનું પ્રમાણ સાધારણ અનુમાનથી મેળવી શકાય છે, વળી એઓની અસર મુખ્ય ગ્રહોનાં જેવી પ્રબળ અને લાંબો વખત ટકનારી નથી. હવે મુખ્ય અસરોને ગતીમાં મુકનાર **ચંદ્ર** છે, માટે કોઇપણ વર્ષનો આગળો કે પાછળો ચંદ્ર શોધવા માટે થોડી સમજણ આપવાની જરૂર છે, કારણ કે ચંદ્રની આસપેકટથી હરેક ચીજ ને પ્રગટ થવાનું કારણ મળે છે, માટે ચંદ્રની ગણીતની જરૂર છે.

કોઇ પણ તારીખનો ચંદ્ર કાઢવાની રીત.

એ કાઢવા માટે એક નવીન રૂઢી એક સાયનટીસ્ટે એક વખત પ્રગટ કરી હતી, તેની ચાવી નીચે પ્રમાણે તેને લખી હતી:—જે દિવસનો ચંદ્ર કાઢવાનો હોય તેમાંથી વર્ષ ૧૨ બાદ કરો, પછી તારીખ માં ૫૭નો આંક ઉમેરો અને જે તારીખ આવે, તે તારીખનો ચંદ્ર જોઈ તે ચંદ્રમાંથી ૧૨૧°—૧૦° અંશ બાદ કરો. હવે એની સમજ નીચે પ્રમાણે છે.

ફોરમ્યુલા:—જોઇતા દિવસની ચંદ્રની લોંજીત્યુદ=(જોઇતા દિવસની તારીખમાંથી-૪૩૨૬)+૧૨૧°-૧૦′. જો ઉમેરવાને બદલે બાદ કરે, અને બાદ કરવાને બદલે ઉમેરે તો પાછલા વર્ષનો ચંદ્ર મળે, હવે પછીના આવતા વર્ષ માટે એજ ફોરમ્યુલા વાપરવી. દાખલો જેમકે:-

તા. ૩૦મી એપ્રીલ ૧૯૧૨ નો ચંદ્ર જોઇયે છે.

બાદ વર્ષ ૧૨

તા. ૩૦ મી એપ્રીલ ૧૯૦૦

વધત ૫૭ દિવસ રાશી અંશ કળા.

તા. ૨૬ મી જુન ૧૯૦૦ એ દીને ચંદ્ર ૨- ૨૭- ૩૩

વધતા ૧૨૧°-૧૦′ અંશ= ૪- ૧- ૧૦

જવાબ = ૬-૨૮°-૪૩′

દાખલો બીજો:—તા. ૨૩મી માર્ચ ૧૮૭૯ નો ચંદ્ર જોઇયે છે. હવે આ વર્ષ ગઇ સદીનું છે જેથી ફોરમ્યુલામાં જ્યાં ઉમેરવા કહ્યું છે ત્યાં બાદ કરો, અને બાદ કરવું હોય ત્યાં ઉમેરો, જેમકે:—

તા. ૨૩મી માર્ચ ૧૮૭૯

ઉમેરો વર્ષ ૧૨

તા. ૨૩મી માર્ચ ૧૮૯૧

બાદ કરો દિવસ ૫૭

તા. ૨૫ જાનેવારી ૧૮૯૧

રાશી અંશ કળા

હવે તા. ૨૫-૧-૧૮૯૧ ને દીને ચંદ્ર ૪- ૧૦- ૩૩

બાદ કરો ૧૨૧° -૧૦ અંશ=૪- ૧- ૧૦

જવાબ= ૦— ૯- ૨૩

યાને મેષનો ૯°- ૨૩′ નો ચંદ્ર થયો.

હવે જે ચંદ્ર આવે છે તે મધ્યાન બપોરનોજ જાણવો અને ત્રી-રાશી અથવા લોગેરીયમથી જેટલા વાગેનો જોઇતો હોય તે ગણી

લેવો. વળી ધ્યાનમાં રાખવું કે જ્યા લીપ વર્ષ આવતું હોય ત્યાં ૫૭ દિવસ બાદ કરવા કે ઉમેરવા, પણ જો લીપ વર્ષ નહીં હોય તો ૫૭ ને બદલે ૫૬ લેવા. એ પ્રમાણે ગમે તે તારીખ કે વર્ષ માટેનો ચંદ્ર કાઢી શકાય છે. જો બધાં વર્ષનાં પંચાંગ નહીં હોય, તો ચાલુ વર્ષનાં પંચાંગથી આગળ વધતાં કે પાછળ હઠતાં ચંદ્ર મેળવી શકાશે. એ મેળવેલો ચંદ્ર તદ્દન સ્પષ્ટ રહેતો નથી, પણ તેમજ કંઈ તેમાં ઘણો ફરક પણ પડતો નથી, વધુમાં વધુ ૩૦ કળાનો યાને અર્ધા અંશ જેટલોજ ફરક રહે છે.

હવે આ પુસ્તકમાં આપેલી એફીમરી ઘણીક રીતે ઉપયોગમાં આવી શકશે, તેમાં ખાસ કરીને ભુત તથા ભવીષ્યની બાબદ કે જે મુખ્ય ગ્રહોની ત્રાનજીતથી જાણી શકાય છે, તે એ ઉપરથી જોઇ શકાશે. હરેક શુભ અશુભ બાબદ જાણી શકાય તેમ છે, એ પંચાંગમાં આપેલા ગ્રહો દર મહીનાની પહેલી તારીખ મધ્યાન ગ્રીનીચ ટાઇમનાં છે, જે ગ્રહોની રોજની **પંચાંગની ચાલની ગતી** અનુક્રમે આસરો નીચે પ્રમાણે છે.

				અંશ	કળા.	
નેપચ્યુન	આખા	દિવસમાં	આસરે	૦° –	૨′	ચાલે છે.
હરશચલ	,,	,,	,,	૦° –	૩′	,,
શની	,,	,,	,,	૦° –	૫′	,,
ગુરૂ	,,	,,	,,	૦° –	૧૨′	,,
મંગળ	,,	,,	,,	૦° –	૪૫′	,,
શુક્ર	,,	,,	,,	૧° –	૧૨′	,,
બુધ	,,	,,	,,	૧° –	૨૪′	,,
રવી	,,	,,	,,	૧° –	૦′	,,
ચંદ્ર	,,	,,	,,	૧૩° –	૦′	,,
રાહુ	,,	,,	,,	૦° –	૩′	,,

આ ઉપલું કોષ્ટક ગ્રહોનો મીન લોંજીત્યુડીનલ પ્રોગ્રેસ (Mean longitudinal progress of Planets) દેખાડે છે. વળી ગ્રહોના "દશા ટાઇમ" (Celestial periods) નું કોષ્ટક નીચે પ્રમાણે છે. જે ઘણું ઉપયોગી છે, કારણકે ડાઇરેકશનની એસપેકટથી માલમ પડે છે.

ગ્રહ દશા કોષ્ટક.

ગ્રહ.	Celestial period. ચાલણ.	એક વર્ષની ચાલ.		એક મહીનાની ચાલ.		ગ્રહો પોતાની મુળ જગ્યા અથવા તો બીજા કોઇ પણ ગ્રહ સાથે કેવી દૃષ્ટિ કરે છે.							
	વર્ષે.	અંશ–કળા		અંશ–કળા		૬૦° દૃષ્ટિ		૯૦° દૃષ્ટિ		૧૨૦° દૃષ્ટિ		ઓપોઝીશન	
		°	′	°	′	વ.	મ.	વ.	મ.	વ.	મ.	વ.	મ.
હરશચલ	૮૪	૭	૦	૦	૩૫	૧૪ *	૦	૨૧ □	૦	૨૮ △	૦	૪૨ 8	૦
શની	૩૦	૧૨	૦	૧	૦	૫	૦	૭	૬	૧૦	૦	૧૫	૦
ગુરૂ	૧૨	૩૦	૦	૨	૩૦	૨	૦	૩	૦	૪	૦	૬	૦
મંગળ	૧૯	૧૯	૦	૧	૩૫	૩	૨	૪	૯	૬	૪	૯	૬
રવી	૧૯	૧૯	૦	૧	૩૫	૩	૨	૪	૯	૬	૪	૯	૬
શુક્ર	૮	૪૫	૦	૩	૪૫	૧	૪	૨	૦	૨	૮	૪	૦
બુધ	૧૦	૩૬	૦	૩	૦	૧	૮	૨	૬	૩	૪	૫	૦
ચંદ્ર	૪	૩	રાશી	૭	૩૦	૦	૮	૧	૦	૧	૪	૨	૦

આ ઉપળા કોષ્ટકપરથી સાફ માલમ પડશે કે જન્મ કુંડળીનાં ગ્રહો (Celestial period) પ્રમાણે ડાઇરેકશનથી ચોક્કસ ટાઇમે ખુદ જન્મ વખતની પોતાની જગ્યા રાશી તથા અંશ સાથે, તેમજ બીજા ગ્રહોની રાશી અંશ વિગેરે સાથે, પોતપોતાની ચાલણપ્રમાણે ચોક્કસ વખતે ડાઇરેકશન કરે છે, જે જન્મ કુંડળીનાં ગ્રહપરથી માલમ પડશે, જેમકે ઉપળા કોષ્ટક પ્રમાણે જન્મનો શની પાંચ વર્ષે ખુદ પોતાની જન્મ રાશી અંશ સાથે ૬૦° અંશની દૃષ્ટિમાં આવે છે, સાડા સાત વર્ષે શની સ્કવેર થાય છે. દશ વર્ષે ત્રાયનમાં અને પંદર વર્ષે ઓપોઝીશનમાં આવે છે, એવી રીતે શની જે રાશી અંશનો જન્મ વખતે હોય, તે જન્મ વખતનાં બીજા ગ્રહો સાથે જન્મ વખતે જેવી આસપેકટ કરતો હોય, તે પછીની આસપેકટ કેટલાંમે વર્ષે કરશે તે મુખ્ય બાબદ તુરત આસરે મેળવી શકાશે, જેમકે જો શની જન્મ વખતે ગુરૂ સાથે ૬૦° અંશની શુભદૃષ્ટિમાં હોય તો, જન્મથી ત્રીજે વર્ષે ૯૦° અંશની પાપદૃષ્ટિમાં આવશે, કારણકે શની કરતાં ગુરૂ ઝડપી ચાલનો છે, અને તે ત્રણ વર્ષે સ્કવેર કરે છે. તે પ્રમાણે બીજા ગ્રહો માટે પણ સમજી લેવું સહેળ છે. એ પ્રમાણે એક કુંડળી હાથમાં લેતાં સાથેજ, આ ઉપળું કોષ્ટક જો ધ્યાનમાં રાખ્યું હોય તો, દશાફળ અમુક વર્ષે, અમુક દૃષ્ટિ થવે, શું થશે તે તુરત માલમ પડશે. વળી શુભ કાર્યો ક્યારે કરવાં, અને અમુક આસપેકટ થાય ત્યારે શું બાબદને લગતાં કામો આરંભવા તે નીચે દર્શાવ્યાં છે. આ ઉપર લખેલું (Celestial period) ને લગતું કોષ્ટક **ફક્ટ જન્મ કુંડળીઓનેજ લાગુ પાડવા માટે છે,** જે ધ્યાન રાખવું. આ પુસ્તકમાં આગળ જણાવ્યા પ્રમાણે ૬૦° અને ૧૨૦° અંશની દૃષ્ટિ ઘણી શુભ ગણાય છે, માટે જ્યારે જન્મ કુંડળીએ ઉપર લખેલા કોષ્ટક પ્રમાણે એ શુભદૃષ્ટિ જન્મ પછી જે વર્ષે થાય, તે વર્ષે લાભકારીક નિવડે. વળી ચાલુ વર્ષનાં પંચાંગમાં જો ત્રાનજીતથી એવી કોઈ શુભદૃષ્ટિ જે દિવસે થતી હોય તે દિવસે તે દૃષ્ટિ કરનારા ગ્રહોને લગતી બાબદનું શુભકામ હાથમાં ધરવું અથવા તો તેવું શુભ પરિણામ જાણવું. જેમકે જો **રવીને ચંદ્ર** એવી શુભદૃષ્ટિમાં આવે તો, પોતાના શેઠ અથવા તો મોટા લોકથી નોકરી માંગવી, તબીયતનાં

સુધારા માટે મુસાફરી કરવી, સત્તાધિકારી અને મોટા માણસો તથા માજીસ્ટ્રેટ વિગેરે સાથે કામ કરવું હરેક કામને તેજી આપનારો ચંદ્ર છે, માટે ચંદ્રને ડાઇરેકશનથી તેમજ ત્રાનજીતથી અને બીજી બધી રીતે ખુબ તપાસવાની જરૂર છે. જો ચંદ્ર અને બુધ શુભ દૃષ્ટિમાં થાય ત્યારે અગત્યનાં કાગળ લખવાં, વિધ્યા જ્ઞાનને લગતું કામ કરવું, કવી, ચીત્ર કે શિલ્પશાસ્ત્રી, વકીલ, છાપખાનાવાળા, અધિપતી, ધર્મગુરૂ, એલચી, ભાષણકર્તા, કમીશનરો, અને જ્ઞાની તથા ભણેલ શખ્સો સાથે કામકાજ કરવું, તથા છોકરાંઓને નિશાળે મેળવાં, તથા મુસાફરી કરવી. ચંદ્ર જો શુક્ર સાથે શુભદૃષ્ટિમાં આવે તો લગ્નનું સાટું કરવું, પરોણા તેડવાં, કાપડીઆ, ચિતારા, સોની, પંચીગર, અત્તારી, વિગેરે સાથે કામ પાડવું, ખરીદી કરવી, માણસો રાખવાં અથવા ગાયણને લગતું સર્વે કામકાજ કરવું.

જો ચંદ્ર સાથે મંગળ શુભદૃષ્ટિમાં હોય તો, ડાકતર, કે દેન્તીસ્ટ, કે શસ્ત્રવૈધ્ય, વિગેરેની સલાહ લેવી, દવાદારૂ વેચનાર, તથા સીપાઇ, મરદ, કસાઇ, બેલીફ, લોહાર, પાંઉંની ભઠ્ઠીવાલો, દરજી, ઇજનેર, અથવા દરીયાઇ કે ખુશકી લશકરને લગતી હરેક બાબદને લગતું કામ આરંભવું. જો ચંદ્ર અને ગુરૂ સારી દૃષ્ટિમાં આવે ત્યારે, નવો ધંધો ખોળવો કે નવા ધંધાની શરૂઆત કરવી, વેપારીઓ સાથે લેવડ દેવડ કરવી, બેંકરો, ધર્મગુરૂઓ, પ્રોફેસરો, કપડાંનાં વેપારીઓ ગરમ કપડાનાં વિગેરે સાથે કામ કરવું, અને તંદરૂસતીને માટે મુસાફરી પણ કરવી. જ્યારે ચંદ્ર અને શની શુભદૃષ્ટિમાં હોય ત્યારે ઘરધણીઓ સાથે, ખેડુતો, ઉમરે પુગેલાં શખ્સો, જમીનનાં ભીત્તરમાં ખાન ખોદનારાઓ, ખેતીને લગતી બાબદો, તથા હરેક ખનીજ પદાર્થ અને જમીનમાંથી ઉત્તપન્ન થતી ધાતુ, ખાર વિગેરેને લગતું, જમીન ખરીદવા તથા ઘર બાંધવા, કુવા ખણવા, પાયા નાખવા વિગેરેને લગતું જે કાંઈ કામ કરે, તે લાભકારીક નિવડે. જો ચંદ્ર અને હરશચલ ગ્રહ શુભદૃષ્ટિમાં આવે તો નજુમીઓ, મસ્તક પરીક્ષકો, મહેતાજી અને સ્કુલ માસ્તરો, શિલ્પ-શાસ્ત્રીઓ, ભાષણ કરનારાઓ, વેદાંતીઓ, મેસમેરાઇઝર, નવાઇની ચીજો સંગ્રહ કરનારાઓ, તથા હરેક ચીત્ર વિચિત્ર અને નવાઇની ચીજ કે બાબદને લગતી તથા સાધારણ નહીં હોય તેવી બાબદો અને ગુપ્ત

જ્ઞાન વિગેરેને લગતું કામકાજ કરવાથી ફાયદો થાય છે. એ પ્રમાણે બીજા ગ્રહો પણ એક બીજા સાથે શુભદૃષ્ટિમાં આવે તેમાં ફાયદો સારો થાય છે. એ સર્વ બાબદ ગ્રહદશા કોષ્ટક પ્રમાણે ચંદ્ર તથા બીજા ગ્રહો કુંડળીમાં ડાઇરેકશનથી તેમજ ત્રાનજીતથી શુભ કે અશુભ દૃષ્ટિ કરે, તેનું ફળ જોવું સહેળ થઇ પડશે. આ પુસ્તકમાં આપેલી એફીમરીમાં દર મહીનાની પહેલી તારીખના મધ્યાન બપોરનાં ગ્રીનીચ ટાઇમનાં છે, માટે પંચાંગ ગતીનાં કોષ્ટક પ્રમાણે એ ઉપરથી ગણી લેવા, મોટા ગ્રહોની ગણીતમાં કામચલાઉ સારો આસરો મળી આવશે, નાના અને ઝડપી ગ્રહો માટે બનતાં સુધી જેમ બને તેમ, ઇચ્છીત તારીખની નજદીકમાં કોઇ દિવસનો અંશ મળી આવે ત્યાંથી પંચાંગ ગ્રહ ગતિના પ્રમાણ પ્રમાણે ગણવાથી મેળવી શકાશે. આ એફ્રમરી મુખ્ય કરી મોટા ગ્રહોની જે ગંભીર અસર ત્રાનજીતથી થાય છે, તે જાણવાને ઘણું ઉપયોગી લેખાશે.

(જુવો બસો વર્ષનું પંચાંગ.)

આખેર ખુલાસો.

કુળ સૃષ્ટિનાં પેદા કરનાર પાક દાદાર અહુરમજદની મદદથી મારા અલ્પ જ્ઞાન અને જ્યોતીષ વિધ્યાના અભ્યાસને આધારે આ પુસ્તક ખતમ કરવાને હું શકિતમાન થયો છું જે માટે તે બારે હકતાલાનાં હજારો હજાર શુક્ર અદા કરૂં છું તથા જે મિત્રોએ પોતાની કીતાબો તથા બીજી મદદોથી મને સહાય કર્યું છે તેઓનો આભાર માની, આ નાનો ગ્રંથ વાંચક વર્ગ સામે નમનતાઇ સાથ રજુ કરૂં છું.

આ ગ્રંથમાં બની શકતી હરેક બાબદનો ખુલાસો સાદી પારસી ગુજરાતી ભાષામાં, શરૂઆતના અભ્યાસીઓને અનુકુળ થઇ પડે એવો કર્યો છે. વિદ્વાન વાંચકને તેમાં જે ભુલ માલમ પડે, તે જ્ઞાનની કલમ અને રહેમ નજરથી સુધારી તે માટે આ કમતરીન સેવકને ક્ષમા કરી આભારી કરશે.

આ ગ્રંથનાં ચાર ભાગ કર્યા છે, પહેલો ભાગ "નેટલ એસ્ટ્રોલૉજી" નો છે, જેમા માનવીનો જન્મ, તેનાં ગુણ, દોષ, શુભ અશુભ,

સર્વે બાબદ જણાવી છે તેમજ અંગ્રેજી રૂઢી પ્રમાણે એક ટપકો કેમ બનાવવો, તથા તે ઉપરથી ભુત ભવિષ્ય કેમ વર્તવું તે સર્વે સમજાવવાની કોશેષ કરવામાં આવી છે. **બીજો ભાગ** "હોરારી એસ્ટ્રોલૉજી" યાને કોઇ પણ વખત યા બાબદપર પ્રશ્ન કરવામાં આવતાં તેનું ભુત, ભવિષ્ય વર્ત્તવાને માટેની સર્વે બાબદ વીગતથી તથા દાખલા દલીલો સાથ રજુ કરી છે, તથા જ્યોતીષનાં એ ભાગને લગતા કાયદા કાનુનો સ્પષ્ટ સમજાવ્યા છે. **ત્રીજો ભાગ** "મુનદન એસ્ટ્રોલૉજી" યાને દેશપરદેશનાં વેપાર, પાક, લાભ, ખોટ, રાજ્ય, રૂતુ, વરસાદ, ગ્રહણ, ધરતીકંપ, લડાઇ, વિપત્તિ, દુકાળ, વીગેરે આખી દુન્યા તથા સૃષ્ટીને લગતી બાબદો, રાજ્યકર્ત્તાઓ, પાર્લામેન્ટ અને બીજી સર્વે જાહેર બાબદો આપણા પોતાના તેમજ પારકા દેશને લગતી સર્વે હકીકતનું ભુત ભવિષ્ય જોવાને ટુંકમાં વર્ણન આપ્યું છે. **ચોથો ભાગ** મેડીકલ એસ્ટ્રોલૉજી યાને શારીરીક દુઃખ, દરદ, તેના ઉપાય ઇલાજ બચાવનાં સાંધન, મોત, જીવત, અકસ્માત, ખોરાક, દુઃખ નિવારણ, તથા શરીરની હરેક ગતિ અપગતિ વીગેરેનો સાર તમામ ખુલાસા સાથે અને દાખલા દલીલોથી આપવામાં આવ્યો છે. એ ઉપરાંત આ પુસ્તકમાં બીજી ઘણીક ઉપ્યોગી બાબદો તથા સહેળ કોષ્ટકો અને બસો વર્ષનું મુખ્ય ગ્રહોનું પંચાંગ પણ આપ્યું છે. આ પુસ્તકમાં જેટલું બની શકયું તેટલું હરેકે હરેક બાબદ સમજાવવાની કોશેષ કરી છે, અને મારા ધારવા પ્રમાણે શરૂઆતનાં શિખાઉ માટે આ સર્વે બાબદ પુરતી લેખાશે. આ પુસ્તકમાં ગણીતની બાબદ તદન સાધારણ અને બહુ થોડીજ આપી છે, કારણકે સ્પષ્ટ ગણીત અને તેને લગતી બીજી ઘણીક રીત રૂઢીઓ અત્રે આપવાથી શિખાઉ અભ્યાસીને ગુંચવાડો ઉત્તપન્ન થાય છે, અને તેથી બે બાબદનાં સામટા અભ્યાસથી ભેલમભેલ થઇ શિખનારને અરૂચીક લાગે છે. ઇશ્વર ઇચ્છાથી હવે પછી **અંગ્રેજી જ્યોતીષનું સંપુર્ણ ગણીત,** જેવા કે સ્પષ્ટ કુંડળી, પ્રોગ્રેસ, પ્રાઇમરી ડાઇરેકશન, ત્રીગણોમીતરી ગણીત, અને **અંગ્રેજી ગ્રહલાઘવ,** તથા બીજી ધંધાદારી જ્યોતીષ ગણીત વીગેરે સર્વે બાબદનું જુદું પુસ્તક વિલાયતનાં માહાન શાસ્ત્રીઓની મદદથી ગુજરાતી વાંચક સામે લાવવાનો પ્રયત્ન કરવા ધાર્યો છે, જે કૃપાળુ ઈશ્વર પાર પાડે એવું ઇચ્છીશું.

આ પુસ્તકમાં અંગ્રેજી જ્યોતીષ વિધ્યાને પ્રસંશા આપી, **બીજી જ્યોતીષ** રીત રૂઢીઓ માટે કેટલીક વાર ટીકા કર્યા છે, જે ટીકા કોઇ પણ જાતના દ્વેશભાવથી, કે બીજી વિધ્યાઓને તોડી પાડી હલકી ઠેડવવાના વિચારથી કરૂવામાં આવ્યા નથી. લખાણુની ધુંનમાં વખતે સખ્ત ટીકા પણ થવા સંભવીત છે, જે સુજ્ઞ વાંચકે ક્ષમાની નજરથી જોવા, તથા તેના સત્ય માટે શોધ કરવી એવી ભલામણુ છે.

આ વિધ્યા એટલી બહોળી છે, કે જે માટે હજારોના હજારો પોઠા ભર્યા હોય તો પણ તેનો છેડો આવે નહીં, તે છતાં બનતી જોગવાઈથી જે આ પુસ્તકમાં પ્રદર્શીત કર્યું છે, તેનો વાંચક વર્ગ પુરતો લાભ લેશે, અને હરેક ભલા કામમાં આ વિધ્યાનો, કંઇપણ લોભ લાલચ વગર ઉપ્યોગ કરશે, તો ગ્રંથ પાછળ કરેલી મારી મહેનતનો સંપુર્ણ બદલો મને મળ્યા બરાબર સમજીશ.

હવે **લગ્નપત્રુ, લૉગેરીથમ,** અને બીજાં કોષ્ટક તથા થોડા મરણનાં દાખળા આપી આ પુસ્તક અત્રે સમાપ્ત કરૂં છું.

બીહીરલાપીકા દોહરા.

દીન ઉપર દયા કરી, તેં હે દીનદયાળ,
નમન નમન તુંજને કરૂં, પ્રેમે પ્રીતીપાળ. –૧
શાસ્ત્ર આ પુરૂં થયું, કેમ કહું મુજ મુખ,
હસે જગત્તમાં બીજા વળી, કોઈક માનાં પુત. –૨
સાર અલ્પ મેં વર્ણવ્યો, ગુણવાનોની પાસ,
પુષ્પ નહિ પણ ડાંખલી, અરજ કરે આ દાસ. –૩
રજ માત્ર હું માનવી, કોણ ગ્રંથ ગુણવાન,
જીવ પાંમર હું મુર્ખ છું: નથી કાંઇ વિદ્વાન, –૪
હોય હોનાર આ શાસ્ત્રના; તે સર્વ ને જોડું હાથ;
મીત્રો મારા એ સહાય કરી; તે સઉકોની સાથ. –૫
યાચક યાચે એટલું, ક્ષમા કરજો અપરાધ,
રખે દોષ દેતાવળી, ભુલચુક છે અમાપ. –૬

પે. એ. ભે.

સમાપ્ત.

૧૮૦૦.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૭° ♍	૨° N	૯° ♌	૧૯° N	૨૫° ♊	૨૩° N	૫° ♐	૨૧° S
ફ્રેબ્રુઆરી	૨૭	૨	૬	૧૯	૨૨	૨૩	૨૬	૨૪
માર્ચ	૨૬	૨	૪	૨૦	૨૨	૨૩	૧૭ ♑	૨૩
એપ્રીલ	૨૫	૩	૩	૨૦	૨૫	૨૩	૯ ♒	૧૯
મેહે	૨૪	૩	૪	૨૦	૨૯	૨૩	૧ ♓	૧૩
જુન	૨૩	૩	૬	૨૦	૬ ♋	૨૩	૨૩	૫
જુલાઈ	૨૪	૩	૯	૧૯	૧૨	૨૩	૧૪ ♈	૩ N
આગષ્ટ	૨૫	૩	૧૩	૧૮	૧૯	૨૨	૪ ♉	૧૦
સપટેમ્બર	૨૭	૨	૧૭	૧૭	૨૬	૨૧	૧૯	૧૫
અકટોબર	૨૯	૧	૨૦	૧૬	૧ ♌	૨૦	૨૫	૧૭
નવેમ્બર	૦ ♎	૧	૨૩	૧૫	૪	૨૦	૧૯	૧૭
દીસેમ્બર	૨	૦	૨૪	૧૫	૪	૨૦	૧૦	૧૬

૧૮૦૧.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.
જાનેવારી	૨° ♎	૦° S	૨૩° ♌	૧૫° N	૨° ♌	૨૦° N	૧૨° ♉	૧૭° N
ફ્રેબ્રુઆરી	૨	૦	૨૧	૧૬	૨૮ ♋	૨૧	૨૨	૨૦
માર્ચ	૧	૦ N	૧૯	૧૬	૨૫	૨૨	૬ ♊	૨૩
એપ્રીલ	૦	૧	૧૭	૧૭	૨૫	૨૨	૨૩	૨૫
મેહે	૨૯ ♍	૧	૧૭	૧૭	૨૭	૨૧	૧૦ ♋	૨૫
જુન	૨૮	૧	૧૯	૧૬	૨ ♌	૨૦	૨૮	૨૨
જુલાઈ	૨૮	૧	૨૧	૧૬	૭	૧૯	૧૬ ♌	૧૭
આગષ્ટ	૨૯	૧	૨૫	૧૪	૧૪	૧૭	૬ ♍	૧૦
સપટેમ્બર	૧ ♎	૦	૨૯	૧૩	૨૧	૧૫	૨૫	૩
અકટોબર	૩	૧ S	૨ ♍	૧૨	૨૭	૧૩	૧૫ ♎	૫ S
નવેમ્બર	૫	૧	૬	૧૧	૨ ♍	૧૨	૬ ♏	૧૩
દીસેમ્બર	૬	૨	૭	૧૦	૫	૧૧	૨૭	૧૯

૧૮૦૨.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.
જાનેવારી	૭° ♎	૨° S	૭° ♍	૧૦° N	૬° ♍	૧૦° N	૧૯° ♐	૨૩° S
ફ્રેબ્રુઆરી	૭	૨	૬	૧૧	૩	૧૧	૧૨ ♑	૨૪
માર્ચ	૬	૨	૪	૧૨	૦	૧૩	૩ ♒	૨૧
એપ્રીલ	૫	૧	૧	૧૩	૨૬ ♌	૧૪	૨૭	૧૪
મેહે	૪	૧	૧	૧૩	૨૬	૧૪	૨૦ ♓	૫
જુન	૩	૧	૧	૧૩	૨૮	૧૩	૧૩ ♈	૪ N
જુલાઈ	૩	૧	૩	૧૨	૨ ♍	૧૨	૫ ♉	૧૨
આગષ્ટ	૪	૧	૭	૧૧	૮	૧૦	૨૭	૧૮
સપટેમ્બર	૬	૨	૧૧	૯	૧૫	૭	૧૬ ♊	૨૨
અકટોબર	૮	૨	૧૪	૮	૨૧	૫	૧ ♋	૨૩
નવેમ્બર	૯	૩	૧૮	૭	૨૭	૨	૧૧	૨૪
દીસેમ્બર	૧૧	૪	૨૦	૬	૨ ♎	૦	૧૧	૨૬

૧૮૦૩.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૧૨° ♎	૪° S	૨૧° ♍	૬° N	૫° ♎	૧° S	૦° ♋	૨૭° N
ફેબ્રુઆરી	૧૨	૪	૨૦	૬	૬	૧	૨૪ ♊	૨૭
માર્ચ	૧૧	૪	૧૮	૭	૪	૦	૨૯	૨૬
એપ્રીલ	૧૦	૩	૧૫	૮	૦	૨ N	૧૦ ♋	૨૫
મેહે	૯	૩	૧૪	૮	૨૭ ♍	૩	૨૫	૨૩
જુન	૮	૨	૧૪	૮	૨૬	૩	૧૧ ♌	૧૯
જુલાઈ	૮	૨	૧૬	૮	૨૮	૨	૨૯	૧૩
આગષ્ટ	૯	૩	૧૮	૬	૨ ♎	૦	૧૮	૬
સપટેમ્બર	૧૦	૩	૨૨	૫	૮	૨ S	૭ ♎	૨ S
અકટોબર	૧૨	૪	૨૬	૪	૧૪	૫	૨૭	૧૦
નવેમ્બર	૧૪	૫	૨૯	૨	૨૧	૭	૧૯ ♏	૧૮
દીસેમ્બર	૧૬	૬	૨ ♎	૧	૨૭	૯	૧૦ ♐	૨૨

૧૮૦૪.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૧૭° ♎	૬° S	૩° ♎	૧° N	૨° ♏	૧૧° S	૩° ♑	૨૪° S
ફેબ્રુઆરી	૧૭	૬	૩	૧	૫	૧૨	૨૭	૨૨
માર્ચ	૧૬	૬	૨	૨	૬	૧૨	૨૦ ♒	૧૬
એપ્રીલ	૧૫	૫	૨૯ ♍	૩	૩	૧૧	૧૪ ♓	૭
મેહે	૧૪	૫	૨૭	૩	૦	૧૦	૭ ♈	૨ N
જુન	૧૩	૪	૨૭	૪	૨૭ ♎	૯	૧ ♉	૧૧
જુલાઈ	૧૩	૪	૨૮	૩	૨૬	૯	૨૩	૧૮
આગષ્ટ	૧૩	૫	૦ ♎	૨	૨૮	૧૦	૧૪ ♊	૨૨
સપટેમ્બર	૧૫	૫	૩	૧	૨ ♏	૧૧	૪ ♋	૨૪
અકટોબર	૧૭	૬	૭	૧ S	૮	૧૩	૨૨	૨૩
નવેમ્બર	૧૮	૭	૧૧	૨	૧૫	૧૫	૭ ♌	૨૦
દીસેમ્બર	૨૦	૭	૧૪	૪	૨૧	૧૭	૧૭	૧૮

૧૮૦૫.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૨૧° ♎	૭° S	૧૬° ♎	૪° S	૨૮° ♏	૧૯° S	૧૮° ♌	૧૯° N
ફેબ્રુઆરી	૨૧	૮	૧૬	૪	૩ ♐	૨૦	૮	૨૩
માર્ચ	૨૦	૭	૧૫	૩	૬	૨૦	૦	૨૪
એપ્રીલ	૧૯	૭	૧૩	૩	૬	૨૦	૨	૨૨
મેહે	૧૮	૬	૧૧	૨	૪	૨૦	૧૨	૧૯
જુન	૧૭	૬	૧૦	૧	૦	૧૯	૨૭	૧૪
જુલાઈ	૧૭	૬	૧૦	૨	૨૭ ♏	૧૯	૧૩ ♍	૮
આગષ્ટ	૧૭	૬	૧૧	૨	૨૭	૧૯	૧ ♎	૦ S
સપટેમ્બર	૧૯	૭	૧૪	૪	૨૯	૧૯	૨૧	૮
અકટોબર	૨૦	૭	૧૮	૫	૩ ♐	૨૦	૧૧ ♏	૧૫
નવેમ્બર	૨૨	૮	૨૨	૬	૯	૨૧	૩ ♐	૨૧
દીસેમ્બર	૨૪	૯	૨૫	૭	૧૫	૨૨	૨૫	૨૪

૧૮૦૬.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૨૫° ♎	૯° S	૨૭° ♎	૮° S	૨૨° ♐	૨૩° S	૧૯° ♑	૨૩° S
ફ્રેબ્રુઆરી	૨૬	૯	૨૮	૯	૨૯	૨૩	૧૩ ♒	૧૮
માર્ચ	૨૫	૯	૨૮	૮	૪ ♑	૨૩	૬ ♓	૧૦
એપ્રીલ	૨૪	૯	૨૬	૮	૭	૨૩	૦ ♈	૧
મેહે	૨૩	૮	૨૪	૭	૮	૨૩	૨૩	૮ N
જુન	૨૨	૮	૨૨	૬	૬	૨૩	૧૬ ♉	૧૬
જુલાઈ	૨૨	૮	૨૨	૬	૩	૨૩	૭ ♊	૨૨
આગષ્ટ	૨૨	૮	૨૩	૭	૨૯ ♐	૨૩	૨૯	૨૪
સપટેમ્બર	૨૩	૯	૨૫	૮	૨૮	૨૩	૧૯ ♋	૨૩
અકટોબર	૨૫	૯	૨૮	૯	૦ ♑	૨૩	૭ ♌	૨૦
નવેમ્બર	૨૭	૧૦	૨ ♏	૧૦	૫	૨૩	૨૪	૧૫
દીસેમ્બર	૨૯	૧૦	૬	૧૧	૧૧	૨૩	૯ ♍	૧૦

૧૮૦૭.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૦° ♏	૧૧° S	૯° ♏	૧૨° S	૧૮° ♑	૨૨° S	૨૦° ♍	૭° N
ફ્રેબ્રુઆરી	૦	૧૧	૧૦	૧૩	૨૫	૨૧	૨૨	૭
માર્ચ	૦	૧૧	૧૦	૧૨	૧ ♒	૨૦	૧૪	૧૦
એપ્રીલ	૨૯ ♎	૧૧	૯	૧૨	૭	૧૯	૪	૧૩
મેહે	૨૮	૧૦	૭	૧૧	૧૧	૧૮	૫	૧૨
જુન	૨૭	૧૦	૫	૧૧	૧૨ ♑	૧૮	૧૪	૭
જુલાઈ	૨૬	૧૦	૪	૧૦	૧૧ ♒	૧૮	૨૮	૧
આગષ્ટ	૨૭	૧૦	૪	૧૧	૭	૧૯	૧૫ ♎	૬ S
સપટેમ્બર	૨૮	૧૦	૬	૧૧	૪	૨૦	૫ ♏	૧૪
અકટોબર	૨૯	૧૧	૯	૧૨	૨	૨૦	૨૫	૨૦
નવેમ્બર	૧ ♏	૧૧	૧૩	૧૪	૪	૨૦	૧૮ ♐	૨૪
દીસેમ્બર	૩	૧૨	૧૬	૧૫	૮	૧૯	૧૧ ♑	૨૪

૧૮૦૮.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૪° ♏	૧૨° S	૧૯° ♏	૧૫° S	૧૪° ♒	૧૭° S	૫° ♒	૨૦° S
ફ્રેબ્રુઆરી	૫	૧૩	૨૨	૧૬	૨૨	૧૫	૨૯	૧૩
માર્ચ	૫	૧૩	૨૨	૧૬	૨૮	૧૩	૨૨ ♓	૪
એપ્રીલ	૪	૧૨	૨૧	૧૬	૬ ♓	૧૦	૧૬ ♈	૬ N
મેહે	૩	૧૨	૨૦	૧૫	૧૨	૮	૮ ♉	૧૪
જુન	૧	૧૨	૧૭	૧૫	૧૬	૭	૧ ♊	૨૦
જુલાઈ	૧	૧૧	૧૬	૧૪	૧૮	૬	૨૨	૨૪
આગષ્ટ	૧	૧૧	૧૬	૧૪	૧૭	૬	૧૨ ♋	૨૪
સપટેમ્બર	૨	૧૨	૧૭	૧૫	૧૪	૮	૨ ♌	૨૧
અકટોબર	૪	૧૨	૨૦	૧૬	૧૦	૯	૨૧	૧૬
નવેમ્બર	૬	૧૩	૨૩	૧૭	૮	૧૦	૧૦ ♍	૯
દીસેમ્બર	૭	૧૪	૨૭	૧૮	૯	૯	૨૬	૩

૧૮૦૯.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૯° ♏	૧૪° S	૦° ♐	૧૮° S	૧૪° ♓	૮° S	૧૧° ♎	૩° S
ફેબ્રુઆરી	૧૦	૧૪	૩	૧૯	૨૦	૫	૨૩	૭
માર્ચ	૧૦	૧૪	૪	૧૯	૨૬	૩	૨૭	૮
એપ્રીલ	૯	૧૪	૪	૧૯	૪ ♈	૦ N	૨૨	૬
મેહે	૮	૧૪	૨	૧૮	૧૧	૩	૧૧	૩
જુન	૬	૧૩	૦	૧૮	૧૭	૬	૧૦	૪
જુલાઈ	૬	૧૩	૨૮ ♏	૧૮	૨૨	૭	૧૮	૮
આગષ્ટ	૬	૧૩	૨૭	૧૮	૨૫	૮	૩ ♏	૧૪
સપટેમ્બર	૭	૧૩	૨૮	૧૮	૨૪	૮	૨૨	૨૦
અકટોબર	૮	૧૪	૦ ♐	૧૮	૨૨	૭	૧૨ ♐	૨૪
નવેમ્બર	૧૦	૧૪	૩	૧૯	૧૭	૫	૫ ♑	૨૫
દીસેમ્બર	૧૨	૧૫	૭	૨૦	૧૫	૫	૨૮	૨૨

૧૮૧૦.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૧૩° ♏	૧૫° S	૧૦° ♐	૨૦° S	૧૬° ♈	૫° N	૨૨° ♒	૧૫° S
ફેબ્રુઆરી	૧૪	૧૬	૧૩	૨૧	૧૯	૭	૧૬ ♓	૬
માર્ચ	૧૪	૧૬	૧૫	૨૧	૨૫	૯	૮ ♈	૩ N
એપ્રીલ	૧૪	૧૬	૧૫	૨૧	૧ ♉	૧૧	૧ ♉	૧૨
મેહે	૧૨	૧૫	૧૪	૨૧	૯	૧૩	૨૨	૧૯
જુન	૧૧	૧૫	૧૨	૨૦	૧૬	૧૬	૧૪ ♊	૨૩
જુલાઈ	૧૦	૧૫	૧૦	૨૦	૨૨	૧૭	૪ ♋	૨૪
આગષ્ટ	૧૦	૧૫	૯	૨૦	૨૮	૧૯	૨૫	૨૨
સપટેમ્બર	૧૧	૧૫	૯	૨૦	૧ ♊	૧૯	૧૫ ♌	૧૮
અકટોબર	૧૨	૧૫	૧૧	૨૧	૧	૧૯	૪ ♍	૧૧
નવેમ્બર	૧૪	૧૬	૧૩	૨૧	૨૯ ♉	૧૯	૨૩	૪
દીસેમ્બર	૧૬	૧૬	૧૭	૨૧	૨૫	૧૮	૧૧ ♎	૩ S

૧૮૧૧.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૧૮° ♏	૧૭° S	૨૦° ♐	૨૨° S	૨૨° ♉	૧૭° N	૨૯° ♎	૧૦° S
ફેબ્રુઆરી	૧૯	૧૭	૨૪	૨૨	૨૨	૧૭	૧૫ ♏	૧૫
માર્ચ	૧૯	૧૭	૨૬	૨૨	૨૪	૧૮	૨૮	૧૮
એપ્રીલ	૧૮	૧૭	૨૭	૨૨	૦ ♊	૧૯	૮ ♐	૨૧
મેહે	૧૭	૧૭	૨૬	૨૨	૬	૨૧	૯	૨૨
જુન	૧૬	૧૬	૨૪	૨૨	૧૩	૨૨	૦	૨૨
જુલાઈ	૧૫	૧૬	૨૨	૨૨	૨૦	૨૩	૨૪ ♏	૨૨
આગષ્ટ	૧૫	૧૬	૨૧	૨૨	૨૬	૨૩	૦ ♐	૨૩
સપટેમ્બર	૧૫	૧૬	૨૦	૨૨	૨ ♋	૨૩	૧૪	૨૫
અકટોબર	૧૭	૧૭	૨૧	૨૨	૫	૨૩	૩ ♑	૨૬
નવેમ્બર	૧૮	૧૭	૨૪	૨૨	૬	૨૩	૨૪	૨૩
દીસેમ્બર	૨૦	૧૮	૨૭	૨૩	૪	૨૩	૧૭ ♒	૧૭

૧૮૧૨.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૨° ♏	૧૮° S	૦° ♑	૨૩° S	૦° ♋	૨૩° N	૧૦° ♓	૯° S
ફેબ્રુઆરી	૨૩	૧૮	૪	૨૩	૨૭ ♊	૨૩	૩ ♈	૧ N
માર્ચ	૨૩	૧૮	૬	૨૨	૨૬	૨૩	૨૪	૯
એપ્રીલ	૨૩	૧૮	૮	૨૨	૨૯	૨૩	૧૬ ♉	૧૭
મેહે	૨૨	૧૮	૮	૨૨	૩ ♋	૨૩	૭ ♊	૨૨
જુન	૨૧	૧૮	૬	૨૨	૯	૨૩	૨૮	૨૪
જુલાઈ	૨૦	૧૭	૪	૨૩	૧૬	૨૩	૧૭ ♋	૨૩
આગષ્ટ	૧૯	૧૭	૨	૨૩	૨૩	૨૨	૭ ♌	૨૦
સપટેમ્બર	૨૦	૧૭	૧	૨૩	૨૯	૨૧	૨૭	૧૪
અકટોબર	૨૧	૧૮	૨	૨૩	૫ ♌	૧૯	૧૬ ♍	૭
નવેમ્બર	૨૩	૧૮	૪	૨૩	૮	૧૯	૬ ♎	૧ S
દીસેમ્બર	૨૫	૧૯	૭	૨૩	૯	૧૯	૨૫	૯

૧૮૧૩.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૬° ♏	૧૯° S	૧૦° ♑	૨૩° S	૭° ♌	૧૯ N	૧૪° ♏	૧૫° S
ફેબ્રુઆરી	૨૮	૧૯	૧૪	૨૨	૩	૨૦	૪ ♐	૨૦
માર્ચ	૨૮	૧૯	૧૭	૨૨	૦	૨૧	૨૧	૨૩
એપ્રીલ	૨૮	૧૯	૧૯	૨૨	૨૯ ♋	૨૧	૯ ♑	૨૪
મેહે	૨૭	૧૯	૧૯	૨૨	૧ ♌	૨૧	૨૫	૨૩
જુન	૨૫	૧૯	૧૮	૨૨	૫	૨૨	૮ ♒	૨૧
જુલાઈ	૨૪	૧૯	૧૭	૨૨	૧૧	૧૮	૧૩	૨૨
આગષ્ટ	૨૪	૧૯	૧૪	૨૨	૧૭	૧૬	૭	૨૬
સપટેમ્બર	૨૪	૧૯	૧૩	૨૩	૨૪	૧૪	૨	૨૫
અકટોબર	૨૫	૧૯	૧૩	૨૩	૦ ♍	૧૨	૮	૨૨
નવેમ્બર	૨૭	૧૯	૧૪	૨૩	૬	૧૦	૨૩	૧૬
દીસેમ્બર	૨૯	૨૦	૧૭	૨૨	૯	૯	૧૧ ♓	૮

૧૮૧૪.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૧° ♐	૨૦° S	૨૦° ♑	૨૨° S	૧૦° ♍	૯° N	૧° ♈	૦° N
ફેબ્રુઆરી	૨	૨૦	૨૪	૨૧	૮	૧૦	૨૨	૯
માર્ચ	૨	૨૦	૨૭	૨૧	૫	૧૧	૧૦ ♉	૧૬
એપ્રીલ	૨	૨૦	૦ ♒	૨૦	૧	૧૨	૧ ♊	૨૧
મેહે	૧	૨૦	૧	૨૦	૦	૧૩	૨૦	૨૪
જુન	૦	૨૦	૦	૨૦	૨	૧૨	૧૦ ♋	૨૪
જુલાઈ	૨૯ ♏	૨૦	૨૯ ♑	૨૧	૬	૧૦	૨૯	૨૧
આગષ્ટ	૨૮	૨૦	૨૭	૨૧	૧૧	૮	૧૯ ♌	૧૬
સપટેમ્બર	૨૯	૨૦	૨૫	૨૧	૧૮	૬	૯ ♍	૯
અકટોબર	૦ ♐	૨૦	૨૪	૨૧	૨૪	૩	૨૮	૨
નવેમ્બર	૧	૨૦	૨૫	૨૧	૧ ♎	૧	૧૮ ♎	૬ S
દીસેમ્બર	૩	૨૧	૨૭	૨૧	૬	૧ S	૮ ♏	૧૪

૧૮૧૫.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૫° ♐	૨૧° S	૧° ♒	૨૦° S	૯° ♎	૨° S	૨૯° ♏	૨૦° S
ફેબ્રુઆરી	૬	૨૧	૪	૨૦	૧૦	૩	૨૦ ♐	૨૩
માર્ચ	૭	૨૧	૭	૧૯	૮	૨	૯ ♑	૨૪
એપ્રીલ	૭	૨૧	૧૦	૧૮	૫	૦	૧ ♒	૨૧
મેહે	૬	૨૧	૧૨	૧૮	૧	૧ N	૨૨	૧૬
જુન	૫	૨૧	૧૨	૧૮	૦	૧	૧૩ ♓	૯
જુલાઈ	૪	૨૧	૧૧	૧૮	૨	૦	૩ ♈	૨
આગષ્ટ	૩	૨૧	૯	૧૯	૬	૧ S	૨૦	૪ N
સપટેમ્બર	૩	૨૧	૭	૧૯	૧૧	૩	૦ ♉	૮
અકટોબર	૪	૨૧	૬	૨૦	૧૮	૬	૨૮ ♈	૮
નવેમ્બર	૫	૨૧	૬	૨૦	૨૪	૮	૧૯	૬
દીસેમ્બર	૭	૨૧	૮	૧૯	૧ ♏	૧૧	૧૮	૭

૧૮૧૬.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૯° ♐	૨૨° S	૧૧° ♒	૧૮° S	૬° ♏	૧૨° S	૨૮° ♈	૧૨° N
ફેબ્રુઆરી	૧૧	૨૨	૧૪	૧૭	૯	૧૩	૧૩ ♉	૧૭
માર્ચ	૧૧	૨૨	૧૮	૧૬	૧૦	૧૪	૨૮	૨૧
એપ્રીલ	૧૧	૨૨	૨૧	૧૫	૮	૧૩	૧૭ ♊	૨૪
મેહે	૧૧	૨૨	૨૩	૧૫	૫	૧૨	૫ ♋	૨૫
જુન	૯	૨૨	૨૪	૧૫	૧	૧૧	૨૩	૨૩
જુલાઈ	૮	૨૨	૨૩	૧૫	૦	૧૦	૧૨ ♌	૧૮
આગષ્ટ	૭	૨૨	૨૨	૧૬	૨	૧૧	૧ ♍	૧૨
સપટેમ્બર	૭	૨૨	૧૯	૧૬	૬	૧૩	૨૧	૪
અકટોબર	૮	૨૨	૧૮	૧૭	૧૨	૧૪	૧૦ ♎	૩ S
નવેમ્બર	૧૦	૨૨	૧૮	૧૭	૧૮	૧૬	૧ ♏	૧૧
દીસેમ્બર	૧૧	૨૨	૧૯	૧૬	૨૫	૧૮	૨૨	૧૮

૧૮૧૭.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૧૩° ♐	૨૨° S	૨૧° ♒	૧૬° S	૧° ♐	૨૦° S	૧૪° ♐	૨૩° S
ફેબ્રુઆરી	૧૫	૨૩	૨૫	૧૪	૭	૨૧	૬ ♑	૨૪
માર્ચ	૧૬	૨૩	૨૮	૧૩	૧૦	૨૧	૨૭	૨૨
એપ્રીલ	૧૬	૨૩	૨ ♓	૧૨	૧૧	૨૧	૨૦ ♒	૧૬
મેહે	૧૫	૨૩	૪	૧૧	૯	૨૧	૧૩ ♓	૮
જુન	૧૪	૨૨	૬	૧૧	૫	૨૦	૬ ♈	૧ N
જુલાઈ	૧૩	૨૨	૬	૧૧	૨	૨૦	૨૮	૯
આગષ્ટ	૧૨	૨૨	૪	૧૨	૧	૨૦	૧૯ ♉	૧૬
સપટેમ્બર	૧૨	૨૨	૨	૧૨	૩	૨૦	૭ ♊	૨૧
અકટોબર	૧૨	૨૨	૦	૧૩	૭	૨૧	૨૧	૨૩
નવેમ્બર	૧૪	૨૩	૨૯ ♒	૧૩	૧૨	૨૨	૨૬	૨૪
દીસેમ્બર	૧૬	૨૩	૦ ♓	૧૩	૧૯	૨૩	૧૯	૨૫

૧૮૧૮.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી અંશ	દેકલીન.
જાનેવારી	૧૭° ♐	૨૩° S	૨° ♓	૧૨° S	૨૬° ♐	૨૩° S	૯° ♊	૨૫° N
ફેબ્રુઆરી	૧૯	૨૩	૫	૧૧	૩ ♑	૨૩	૧૦	૨૫
માર્ચ	૨૦	૨૩	૯	૧૦	૮	૨૩	૧૯	૨૫
એપ્રીલ	૨૦	૨૩	૧૨	૮	૧૨	૨૩	૩ ♋	૨૫
મેહે	૨૦	૨૩	૧૬	૭	૧૩	૨૩	૧૯	૨૪
જુન	૧૮	૨૩	૧૮	૭	૧૧	૨૩	૬ ♌	૨૦
જુલાઈ	૧૭	૨૩	૧૮	૬	૮	૨૩	૨૪	૧૫
આગષ્ટ	૧૬	૨૩	૧૭	૭	૪	૨૩	૧૩ ♍	૭
સપટેમ્બર	૧૬	૨૩.	૧૫	૮	૩	૨૪	૩ ♎	૧ S
અકટોબર	૧૭	૨૩	૧૩	૯	૫	૨૪	૨૩	૮
નવેમ્બર	૧૮	૨૩	૧૨	૯	૯	૨૩	૧૪ ♏	૧૬
દીસેમ્બર	૨૦	૨૩	૧૨	૯	૧૫	૨૩	૫ ♐	૨૧

૧૮૧૯.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૨° ♐	૨૩° S	૧૩° ♓	૮° S	૨૧° ♑	૨૨° S	૨૮° ♐	૨૪° S
ફેબ્રુઆરી	૨૩	૨૩	૧૬	૭	૨૯	૨૧	૨૧ ♑	૨૩
માર્ચ	૨૪	૨૩	૨૦	૬	૫ ♒	૧૯	૧૩ ♒	૧૮
એપ્રીલ	૨૪	૨૩	૨૩	૪	૧૧	૧૮	૭ ♓	૧૦
મેહે	૨૪	૨૩	૨૭	૩	૧૫	૧૭	૦ ♈	૧
જુન	૨૩	૨૩	૨૯	૨	૧૭	૧૬	૨૪	૮ N
જુલાઈ	૨૨	૨૩	૧ ♈	૨	૧૬	૧૭	૧૬ ♉	૧૬
આગષ્ટ	૨૧	૨૩	૦	૨	૧૩	૧૮	૭ ♊	૨૧
સપટેમ્બર	૨૦	૨૩	૨૯ ♓	૩	૯	૧૯	૨૭	૨૩
અકટોબર	૨૧	૨૩	૨૭	૪	૭	૧૯	૧૪ ♋	૨૩
નવેમ્બર	૨૨	૨૩	૨૫	૪	૯	૧૯	૨૮	૨૨
દીસેમ્બર	૨૪	૨૩	૨૪	૫	૧૩	૧૮	૫ ♌	૨૧

૧૮૨૦.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલાન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૬° ♐	૨૪° S	૨૫° ♓	૫° S	૧૮° ♒	૧૭° S	૨° ♌	૨૪° N
ફેબ્રુઆરી	૨૭	૨૪	૨૮	૩	૨૫	૧૪	૨૦ ♋	૨૬
માર્ચ	૨૮	૨૪	૧ ♈	૨	૨ ♓	૧૧	૧૭	૨૬
એપ્રીલ	૨૯	૨૪	૫	૦	૧૦	૯	૨૩	૨૪
મેહે	૨૮	૨૪	૮	૧ N	૧૬	૭	૫ ♌	૨૧
જુન	૨૭	૨૪	૧૧	૨	૨૧	૫	૨૧	૧૬
જુલાઈ	૨૬	૨૪	૧૩	૩	૨૩	૪	૮ ♍	૧૦
આગષ્ટ	૨૫	૨૪	૧૪	૩	૨૩	૪	૨૬	૨
સપટેમ્બર	૨૫	૨૪	૧૨	૨	૨૦	૬	૧૬ ♎	૬ S
અકટોબર	૨૫	૨૪	૧૦	૨	૧૬	૭	૬ ♏	૧૪
નવેમ્બર	૨૬	૨૪	૮	૧	૧૩	૮	૨૮	૨૦
દીસેમ્બર	૨૮	૨૪	૭	૦	૧૪	૭	૨૦ ♐	૨૪

૧૮૨૧.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકવીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૦° ♑	૨૪° S	૭° ♈	૧° N	૧૮° ♓	૬° S	૧૩° ♑	૨૪° S
ફેબ્રુઆરી	૧	૨૪	૯	૧	૨૪	૪	૮ ♒	૧૯
માર્ચ	૩	૨૪	૧૨	૩	૦ ♈	૧	૦ ♓	૧૩
એપ્રીલ	૩	૨૪	૧૬	૪	૮	૨ N	૨૪	૩
મેહે	૩	૨૪	૨૦	૬	૧૫	૫	૧૭ ♈	૬ N
જુન	૨	૨૪	૨૩	૭	૨૧	૭	૧૦ ♉	૧૪
જુલાઈ	૧	૨૪	૨૫	૮	૨૬	૯	૨ ♊	૨૦
આગષ્ટ	૦	૨૪	૨૭	૮	૦ ♉	૧૦	૨૩	૨૩
સપટેમ્બર	૨૯ ♐	૨૪	૨૬	૮	૦	૧૦	૧૩ ♋	૨૩
અકટોબર	૨૯	૨૪	૨૪	૭	૨૭ ♈	૯	૨ ♌	૨૧
નવેમ્બર	૦ ♑	૨૪	૨૨	૬	૨૩	૮	૧૮	૧૭
દીસેમ્બર	૨	૨૪	૨૦	૫	૨૧	૭	૨ ♍	૧૩

૧૮૨૨.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૪° ♐	૨૪° S	૨૦° ♈	૫° N	૨૧° ♈	૭° N	૯° ♍	૧૧° N
ફેબ્રુઆરી	૫	૨૪	૨૧	૬	૨૪	૮	૬	૧૩
માર્ચ	૭	૨૪	૨૪	૭	૨૯	૧૦	૨૬ ♌	૧૭
એપ્રીલ	૭	૨૪	૨૭	૮	૫ ♉	૧૨	૨૦	૧૮
મેહે	૭	૨૪	૧ ♉	૧૦	૧૨	૧૫	૨૫	૧૫
જુન	૬	૨૪	૫	૧૧	૨૦	૧૭	૭ ♍	૧૦
જુલાઈ	૫	૨૪	૮	૧૨	૨૬	૧૮	૨૨	૪
આગષ્ટ	૪	૨૪	૧૦	૧૨	૨ ♊	૨૦	૧૦ ♎	૪ S
સપટેમ્બર	૩	૨૪	૧૦	૧૨	૬	૨૦	૨૯	૧૨
અકટોબર	૪	૨૪	૯	૧૨	૬	૨૦	૨૦ ♏	૧૮
નવેમ્બર	૪	૨૪	૭	૧૧	૪	૨૦	૧૨ ♐	૨૩
દીસેમ્બર	૬	૨૪	૪	૧૦	૦	૧૯	૫ ♑	૨૪

૧૮૨૩.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૮° ♑	૨૪° S	૩° ♉	૧૦° N	૨૭° ♉	૧૯° N	૨૯° ♑	૨૨° S
ફેબ્રુઆરી	૯	૨૩	૪	૧૧	૨૭	૧૯	૨૩ ♒	૧૫
માર્ચ	૧૧	૨૩	૬	૧૧	૨૯	૧૯	૧૫ ♓	૭
એપ્રીલ	૧૧	૨૩	૯	૧૩	૪ ♊	૨૦	૯ ♈	૩ N
મેહે	૧૧	૨૩	૧૩	૧૪	૧૦	૨૧	૨ ♉	૧૨
જુન	૧૧	૨૩	૧૭	૧૫	૧૭	૨૨	૨૫	૧૯
જુલાઈ	૧૦	૨૩	૨૦	૧૬	૨૪	૨૩	૧૬ ♊	૨૩
આગષ્ટ	૮	૨૪	૨૩	૧૬	૦ ♋	૨૩	૭ ♋	૨૪
સપટેમ્બર	૮	૨૪	૨૪	૧૬	૬	૨૩	૨૭	૨૨
અકટોબર	૮	૨૪	૨૩	૧૬	૧૦	૨૩	૧૬ ♌	૧૭
નવેમ્બર	૮	૨૪	૨૧	૧૬	૧૧	૨૩	૪ ♍	૧૨
દીસેમ્બર	૧૦	૨૩	૧૯	૧૫	૯	૨૩	૨૦	૬

૧૮૨૪.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.
જાનેવારી	૧૨° ♑	૨૩° S	૧૭° ♉	૧૫° N	૫° ♋	૨૩° N	૪° ♎	૧° N
ફેબ્રુઆરી	૧૫	૨૩	૧૭	૧૫	૨	૨૩	૧૨	૨ S
માર્ચ	૧૫	૨૩	૧૯	૧૫	૧	૨૪	૧૨	૨
એપ્રીલ	૧૬	૨૩	૨૧	૧૬	૩	૨૪	૨	૨ N
મેહે	૧૬	૨૩	૨૫	૧૭	૭	૨૩	૨૫ ♍	૪
જુન	૧૫	૨૩	૨૯	૧૮	૧૩	૨૩	૨૯	૧
જુલાઇ	૧૪	૨૩	૩ ♊	૧૯	૨૦	૨૨	૧૦ ♎	૪ S
આગષ્ટ	૧૩	૨૩	૬	૧૯	૨૬	૨૧	૨૬	૧૧
સપટેમ્બર	૧૨	૨૩	૮	૨૦	૩ ♌	૨૦	૧૫ ♏	૧૭
અકટોબર	૧૨	૨૩	૮	૨૦	૮	૧૯	૬ ♐	૨૩
નવેમ્બર	૧૩	૨૩	૬	૧૯	૧૨	૧૮	૨૯	૨૫
દીસેમ્બર	૧૪	૨૩	૪	૧૯	૧૪	૧૭	૨૧ ♑	૨૩

૧૮૨૫.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.
જાનેવારી	૧૬° ♑	૨૩° S	૨° ♊	૧૯° N	૧૨° ♌	૧૮° N	૧૬° ♒	૧૭° S
ફેબ્રુઆરી	૧૭	૨૩	૧	૧૯	૮	૧૯	૧૦ ♓	૯
માર્ચ	૧૯	૨૩	૨	૧૯	૫	૨૦	૨ ♈	૦ N
એપ્રીલ	૨૦	૨૩	૪	૧૯	૪	૨૦	૨૫	૧૦
મેહે	૨૦	૨૩	૭	૨૦	૫	૨૦	૧૭ ♉	૧૭
જુન	૧૯	૨૩	૧૧	૨૧	૯	૧૯	૯ ♊	૨૨
જુલાઇ	૧૮	૨૩	૧૫	૨૧	૧૪	૧૭	૦ ♋	૨૪
આગષ્ટ	૧૭	૨૩	૧૯	૨૨	૨૧	૧૫	૨૦	૨૩
સપટેમ્બર	૧૬	૨૩	૨૧	૨૨	૨૮	૧૩	૧૦ ♌	૧૯
અકટોબર	૧૬	૨૩	૨૨	૨૨	૪ ♍	૧૧	૨૯	૧૩
નવેમ્બર	૧૭	૨૩	૨૧	૨૨	૯	૯	૧૮ ♍	૬
દીસેમ્બર	૧૮	૨૩	૧૯	૨૧	૧૩	૮	૫ ♎	૧ S

૧૮૨૬.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.	રાશી-અંશ	દેકલીન.
જાનેવારી	૧૯° ♑	૨૨° S	૧૭ ♊	૨૧° N	૧૪° ♍	૭° N	૨૨° ♎	૭° S
ફેબ્રુઆરી	૨૧	૨૨	૧૫	૨૧	૧૩	૮	૭ ♏	૧૨
માર્ચ	૨૩	૨૨	૧૫	૨૧	૯	૯	૧૭	૧૫
એપ્રીલ	૨૪	૨૨	૧૭	૨૨	૬	૧૧	૨૨	૧૭
મેહે	૨૪	૨૨	૨૦	૨૨	૪	૧૧	૧૬	૧૬
જુન	૨૪	૨૨	૨૩	૨૨	૬	૧૦	૬	૧૪
જુલાઈ	૨૩	૨૨	૨૭	૨૨	૧૦	૯	૭	૧૫
આગષ્ટ	૨૧	૨૨	૧ ♋	૨૨	૧૫	૭	૧૮	૧૯
સપટેમ્બર	૨૦	૨૨	૪	૨૨	૨૧	૪	૫ ♐	૨૩
અકટોબર	૨૦	૨૨	૬	૨૨	૨૮	૨	૨૪	૨૫
નવેમ્બર	૨૧	૨૨	૬	૨૨	૪ ♎	૧ S	૧૬ ♑	૨૪
દીસેમ્બર	૨૨	૨૨	૪	૨૨	૯	૩	૧૦ ♒	૧૯

૧૮૨૭.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૩° ♑	૨૨° S	૨° ♋	૨૩° N	૧૩° ♎	૪° S	૩° ♓	૧૧° S
ફેબ્રુઆરી	૨૫	૨૨	૦	૨૩	૧૪	૪	૨૬	૨
માર્ચ	૨૭	૨૧	૨૯ ♊	૨૩	૧૩	૪	૧૭ ♈	૭ N
એપ્રીલ	૨૭	૨૧	૦ ♋	૨૩	૯	૨	૧૦ ♉	૧૫
મેહે	૨૮	૨૧	૨	૨૩	૬	૧	૧ ♊	૨૧
જુન	૨૮	૨૧	૬	૨૩	૪	૦	૨૨	૨૪
જુલાઈ	૨૭	૨૧	૧૦	૨૩	૬	૧	૧૨ ♋	૨૪
આગષ્ટ	૨૬	૨૨	૧૪	૨૨	૯	૩	૨ ♌	૨૧
સપટેમ્બર	૨૫	૨૨	૧૭	૨૨	૧૫	૫	૨૨	૧૫
અકટોબર	૨૪	૨૨	૧૯	૨૨	૨૧	૭	૧૧ ♍	૯
નવેમ્બર	૨૫	૨૨	૨૦	૨૨	૨૮	૧૦	૦ ♎	૧
દીસેમ્બર	૨૬	૨૨	૨૦	૨૨	૪ ♏	૧૨	૧૯	૬ S

૧૮૨૮.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૨૭° ♑	૨૧° S	૧૭° ♋	૨૨° N	૯° ♏	૧૪° S	૮° ♏	૧૩° S
ફેબ્રુઆરી	૨૯	૨૧	૧૫	૨૨	૧૩	૧૫	૨૬	૧૯
માર્ચ	૧ ♒	૨૧	૧૩	૨૩	૧૪	૧૫	૧૩ ♐	૨૨
એપ્રીલ	૨	૨૦	૧૪	૨૩	૧૩	૧૪	૨૮	૨૪
મેહે	૨	૨૦	૧૫	૨૩	૯	૧૩	૧૦ ♑	૨૪
જુન	૨	૨૦	૧૮	૨૨	૬	૧૨	૧૫	૨૬
જુલાઈ	૧	૨૦	૨૨	૨૨	૪	૧૨	૯	૨૮
આગષ્ટ	૦	૨૧	૨૬	૨૧	૬	૧૨	૩	૨૯
સપટેમ્બર	૨૯ ♑	૨૧	૦ ♌	૨૦	૧૦	૧૪	૮	૨૮
અકટોબર	૨૮	૨૧	૩	૨૦	૧૫	૧૬	૨૨	૨૫
નવેમ્બર	૨૯	૨૧	૪	૧૯	૨૨	૧૭	૧૧ ♒	૨૦
દીસેમ્બર	૦ ♒	૨૧	૪	૨૦	૨૮	૧૯	૧ ♓	૧૨

૧૮૨૯.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૧° ♒	૨૦° S	૨ ♌	૨૦° N	૫° ♐	૨૦° S	૨૩° ♓	૩° S
ફેબ્રુઆરી	૩	૨૦	૦	૨૧	૧૦	૨૧	૧૫ ♈	૬ N
માર્ચ	૪	૨૦	૨૮ ♋	૨૧	૧૪	૨૨	૪ ♉	૧૩
એપ્રીલ	૬	૧૯	૨૭	૨૧	૧૫	૨૨	૨૫	૨૦
મેહે	૬	૧૯	૨૮	૨૧	૧૪	૨૨	૧૫ ♊	૨૪
જુન	૬	૧૯	૧ ♌	૨૧	૧૦	૨૧	૬ ♋	૨૪
જુલાઈ	૫	૨૦	૪	૨૦	૭	૨૧	૨૫	૨૨
આગષ્ટ	૪	૨૦	૮	૧૯	૫	૨૧	૧૫ ♌	૧૮
સપટેમ્બર	૩	૨૦	૧૨	૧૮	૭	૨૧	૪ ♍	૧૧
અકટોબર	૨	૨૦	૧૫	૧૭	૧૦	૨૨	૨૩	૪
નવેમ્બર	૩	૨૦	૧૭	૧૬	૧૬	૨૨	૧૩ ♎	૪ S
દીસેમ્બર	૩	૨૦	૧૮	૧૬	૨૩	૨૩	૩ ♏	૧૨

૧૮૩૦.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૫° ♒	૨૦° S	૧૭° ♌	૧૭° N	૦° ♑	૨૩° S	૨૩° ♏	૧૮° S
ફેબ્રુઆરી	૭	૧૯	૧૫	૧૭	૬	૨૩	૧૪ ♐	૨૨
માર્ચ	૮	૧૯	૧૩	૧૮	૧૨	૨૩	૩ ♑	૨૪
એપ્રીલ	૧૦	૧૮	૧૧	૧૮	૧૬	૨૨	૨૩	૨૨
મેહે	૧૧	૧૮	૧૨	૧૮	૧૮	૨૨	૧૩ ♒	૧૮
જુન	૧૦	૧૮	૧૩	૧૮	૧૭	૨૨	૨ ♓	૧૩
જુલાઈ	૧૦	૧૮	૧૬	૧૭	૧૩	૨૩	૧૬	૮
આગષ્ટ	૯	૧૯	૨૦	૧૬	૧૦	૨૩	૦ ♈	૫
સપટેમ્બર	૭	૧૯	૨૪	૧૫	૮	૨૩	૧	૫
અકટોબર	૭	૧૯	૨૭	૧૩	૯	૨૩	૨૩ ♓	૭
નવેમ્બર	૭	૧૯	૦ ♍	૧૩	૧૩	૨૩	૨૨	૫
દીસેમ્બર	૭	૧૯	૨	૧૨	૧૮	૨૩	૧ ♈	૦ N

૧૮૩૧.

મહીનો.	હરસચલ.		શની		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૯° ♒	૧૯° S	૧° ♍	૧૨° N	૨૫° ♑	૨૧° S	૧૬° ♈	૭° N
ફેબ્રુઆરી	૧૦	૧૮	૦	૧૩	૩ ♒	૨૦	૪ ♉	૧૪
માર્ચ	૧૨	૧૮	૨૭ ♌	૧૪	૯	૧૮	૨૧	૧૯
એપ્રીલ	૧૪	૧૭	૨૫	૧૫	૧૫	૧૭	૧૦ ♊	૨૩
મેહે	૧૪	૧૭	૨૫	૧૫	૨૦	૧૫	૨૯	૨૫
જુન	૧૪	૧૭	૨૬	૧૪	૨૨	૧૫	૧૮ ♋	૨૪
જુલાઈ	૧૪	૧૭	૨૮	૧૩	૨૨	૧૫	૭ ♌	૨૦
આગષ્ટ	૧૨	૧૮	૨ ♍	૧૨	૧૯	૧૬	૨૬	૧૪
સપટેમ્બર	૧૧	૧૮	૬	૧૧	૧૫	૧૭	૧૬ ♍	૬
અકટોબર	૧૧	૧૮	૯	૧૦	૧૩	૧૮	૫ ♎	૧ S
નવેમ્બર	૧૧	૧૮	૧૩	૮	૧૩	૧૮	૨૬	૯
દીસેમ્બર	૧૧	૧૮	૧૫	૮	૧૭	૧૭	૧૬ ♏	૧૬

૧૮૩૨.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.	રાષી-અંશ	દેકલીન.
જાનેવારી	૧૩° ♒	૧૮° S	૧૫ ♍	૮° N	૨૩° ♒	૧૫° S	૭° ♐	૨૨° S
ફેબ્રુઆરી	૧૪	૧૭	૧૪	૮	૦ ♓	૧૨	૦ ♑	૨૪
માર્ચ	૧૬	૧૭	૧૨	૯	૬	૧૦	૨૧	૨૩
એપ્રીલ	૧૭	૧૬	૯	૧૦	૧૪	૭	૧૩ ♒	૧૮
મેહે	૧૮	૧૬	૮	૧૦	૨૦	૫	૬ ♓	૧૧
જુન	૧૮	૧૬	૯	૧૦	૨૫	૩	૨૯	૨
જુલાઈ	૧૮	૧૬	૧૦	૯	૨૮	૨	૨૦ ♈	૬ N
આગષ્ટ	૧૭	૧૭	૧૩	૮	૨૮	૨	૧૦ ♉	૧૩
સપટેમ્બર	૧૬	૧૭	૧૭	૭	૨૬	૩	૨૭	૧૮
અકટોબર	૧૫	૧૭	૨૧	૫	૨૨	૫	૬ ♊	૨૦
નવેમ્બર	૧૫	૧૭	૨૪	૪	૧૯	૬	૫	૨૧
દીસેમ્બર	૧૫	૧૭	૨૭	૩	૧૯	૫	૨૫ ♉	૨૦

૧૮૩૩.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૧૭° ♒	૧૭° S	૨૮° ♍	૩° N	૨૩° ♓	૪° S	૨૧° ♉	૨૦° N
ફેબ્રુઆરી	૧૮	૧૬	૨૮	૩	૨૮	૨	૨૯	૨૨
માર્ચ	૨૦	૧૬	૨૬	૪	૪ ♈	૧ N	૧૧ ♊	૨૪
એપ્રીલ	૨૧	૧૫	૨૩	૫	૧૨	૪	૨૭	૨૫
મેહે	૨૨	૧૫	૨૨	૬	૧૯	૬	૧૩ ♋	૨૪
જુન	૨૩	૧૫	૨૧	૬	૨૬	૯	૧ ♌	૨૧
જુલાઈ	૨૨	૧૫	૨૨	૫	૧ ♉	૧૧	૧૯	૧૬
આગષ્ટ	૨૧	૧૫	૨૫	૪	૫	૧૨	૯ ♍	૯
સપટેમ્બર	૨૦	૧૬	૨૮	૩	૬	૧૨	૨૮	૧
અકટોબર	૧૯	૧૬	૨ ♎	૧	૩	૧૧	૧૮ ♎	૭ S
નવેમ્બર	૧૯	૧૬	૬	૦ S	૨૯ ♈	૧૦	૯ ♏	૧૪
ડીસેમ્બર	૧૯	૧૬	૯	૧	૨૬	૯	૦ ♐	૨૦

૧૮૩૪.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૨૦° ♒	૧૫° S	૧૦° ♎	૨° S	૨૬° ♈	૯° N	૨૨° ♐	૨૪° S
ફેબ્રુઆરી	૨૨	૧૫	૧૧	૨	૨૯	૧૦	૧૬ ♑	૨૩
માર્ચ	૨૪	૧૪	૯	૧	૩ ♉	૧૨	૭ ♒	૨૦
એપ્રીલ	૨૫	૧૪	૭	૦	૧૦	૧૪	૧ ♓	૧૨
મેહે	૨૬	૧૩	૫	૦ N	૧૭	૧૬	૨૪	૪
જુન	૨૭	૧૩	૪	૧	૨૪	૧૮	૧૭ ♈	૬ N
જુલાઈ	૨૬	૧૩	૪	૦	૦ ♊	૧૯	૯ ♉	૧૪
આગષ્ટ	૨૫	૧૪	૬	૦ S	૬	૨૧	૧ ♊	૨૦
સપટેમ્બર	૨૪	૧૪	૯	૨	૧૦	૨૧	૨૦	૨૩
અકટોબર	૨૩	૧૫	૧૩	૩	૧૨	૨૧	૭ ♋	૨૪
નવેમ્બર	૨૩	૧૫	૧૭	૫	૧૦	૨૧	૧૮	૨૩
ડીસેમ્બર	૨૩	૧૫	૨૦	૬	૬	૨૧	૨૧	૨૪

૧૮૩૫.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.	રાશી-અંશ	ડેકલીન.
જાનેવારી	૨૪° ♒	૧૪° S	૨૨ ♎	૬° N	૩° ♊	૨૦° N	૧૨° ♋	૨૭° N
ફેબ્રુઆરી	૨૬	૧૪	૨૩	૭	૨	૨૦	૩	૨૭
માર્ચ	૨૭	૧૩	૨૨	૬	૩	૨૦	૫	૨૬
એપ્રીલ	૨૯	૧૩	૨૧	૫	૮	૨૧	૧૫	૨૫
મેહે	૦ ♓	૧૨	૧૮	૫	૧૪	૨૨	૨૮	૨૨
જુન	૧	૧૨	૧૭	૪	૨૧	૨૩	૧૫ ♌	૧૮
જુલાઈ	૦	૧૨	૧૭	૪	૨૭	૨૩	૨ ♍	૧૨
આગષ્ટ	૨૯ ♒	૧૨	૧૮	૫	૪ ♋	૨૩	૨૧	૪
સપટેમ્બર	૨૮	૧૩	૨૦	૬	૧૦	૨૩	૧૧ ♎	૪ S
અકટોબર	૨૭	૧૩	૨૪	૭	૧૪	૨૩	૦ ♏	૧૨
નવેમ્બર	૨૭	૧૩	૨૮	૮	૧૬	૨૨	૨૨	૧૯
ડીસેમ્બર	૨૭	૧૩	૧ ♏	૧૦	૧૫	૨૩	૧૪ ♐	૨૩

૧૮૩૬.

મહીનો.	હરસચલ.		શની.		ગુરૂ.		મંગળ.	
	રાષી-અંશ	ડેકલીન.	રાષી-અંશ	ડેકલીન.	રાષી-અંશ	ડેકલીન.	રાષી-અંશ	ડેકલીન.
જાનેવારી	૨૮° ♒	૧૩° S	૪° ♏	૧૧° S	૧૧° ♋	૨૩° N	૭° ♑	૨૪° S
ફેબ્રુઆરી	૨૯	૧૨	૫	૧૧	૭	૨૩	૧ ♒	૨૧
માર્ચ	૧ ♓	૧૨	૫	૧૧	૬	૨૪	૨૪	૧૫
એપ્રીલ	૩	૧૧	૩	૧૦	૭	૨૩	૧૫ ♓	૬
